Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

दृ

[illegible]

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

## (ભાગ-૬)

## (ગાથા-૭૬ થી ૯૨, શ્લોક-૪૯ થી ૫૬, પ્રવચન-૧૫૪ થી ૧૮૦)

**પ્રકાશક**

સ્વ. શાહ વ્રૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વ્રૃજલાલભાઈ શાહ

સુધીરભાઈ વ્રૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિક્રમ સંવંત
૨૦૭૩

વીર સંવંત
૨૫૪૩

ઈ. સન
૨૦૧૭

**પ્રકાશન**
**તા. ૭-૯-૨૦૧૭**
**ઉત્તમ ક્ષમાવણી દિન**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૭ ઉત્તમ ક્ષમાવણી દિને પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ. સં. |
|---|---|---|---|
| ૧૫૪ | ૧૧-૧૦-૧૯૬૬ | ગાથા-૭૬, શ્લોક-૪૯ | ૦૦૧ |
| ૧૫૫ | ૧૨-૧૦-૧૯૬૬ | ગાથા-૭૬ | ૦૧૭ |
| ૧૫૬ | ૧૩-૧૦-૧૯૬૬ | ગાથા-૭૬-૭૭ | ૦૩૨ |
| ૧૫૭ | ૧૪-૧૦-૧૯૬૬ | ગાથા-૭૭ | ૦૪૬ |
| ૧૫૮ | ૧૫-૧૦-૧૯૬૬ | ગાથા-૭૭ | ૦૬૧ |
| ૧૫૯ | ૧૬-૧૦-૧૯૬૬ | ગાથા-૭૭-૭૮ | ૦૭૫ |
| ૧૬૦ | ૧૭-૧૦-૧૯૬૬ | ગાથા-૭૮ | ૦૯૦ |
| ૧૬૧ | ૧૮-૧૦-૧૯૬૬ | ગાથા-૭૮-૭૯ | ૧૦૬ |
| ૧૬૨ | ૧૯-૧૦-૧૯૬૬ | ગાથા-૭૯ | ૧૨૧ |
| ૧૬૩ | ૨૦-૧૦-૧૯૬૬ | શ્લોક-૫૦, ગાથા-૮૦ થી ૮૨ | ૧૩૮ |
| ૧૬૪ | ૨૧-૧૦-૧૯૬૬ | ગાથા-૮૦ થી ૮૨ | ૧૫૩ |
| ૧૬૫ | ૨૨-૧૦-૧૯૬૬ | ગાથા-૮૦ થી ૮૨ | ૧૭૦ |
| ૧૬૬ | ૨૩-૧૦-૧૯૬૬ | ગાથા-૮૩ | ૧૮૭ |
| ૧૬૭ | ૨૪-૧૦-૧૯૬૬ | ગાથા-૮૩ | ૨૦૩ |
| ૧૫૮ | ૨૫-૧૦-૧૯૬૬ | ગાથા-૮૩ | ૨૨૦ |
| ૧૬૯ | ૨૭-૧૦-૧૯૬૬ | ગાથા-૮૪ | ૨૩૭ |
| ૧૭૦ | ૨૮-૧૦-૧૯૬૬ | ગાથા-૮૪-૮૫ | ૨૫૪ |
| ૧૭૧ | ૨૯-૧૦-૧૯૬૬ | ગાથા-૮૫ | ૨૬૯ |
| ૧૭૨ | ૩૦-૧૦-૧૯૬૬ | ગાથા-૮૫-૮૬ | ૨૮૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૩ | ૩૧-૧૦-૧૯૬૬ | ગાથા-૮૬ | ૩૦૧ |
| ૧૭૪ | ૦૧-૧૧-૧૯૬૬ | શ્લોક-૫૧ થી ૫૩ | ૩૧૭ |
| ૧૭૫ | ૦૨-૧૧-૧૯૬૬ | શ્લોક-૫૩ થી ૫૫ | ૩૩૪ |
| ૧૭૬ | ૦૩-૧૧-૧૯૬૬ | શ્લોક-૫૫-૫૬, ગાથા-૮૭ | ૩૫૧ |
| ૧૭૭ | ૦૪-૧૧-૧૯૬૬ | ગાથા-૮૭ થી ૮૯ | ૩૬૮ |
| ૧૭૮ | ૦૫-૧૧-૧૯૬૬ | ગાથા-૮૯-૯૦ | ૩૮૪ |
| ૧૭૯ | ૦૬-૧૧-૧૯૬૬ | ગાથા-૯૧ | ૪૦૧ |
| ૧૮૦ | ૦૭-૧૧-૧૯૬૬ | ગાથા-૯૧-૯૨ | ૪૧૯ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# સમયસાર વૈભવ

(ભાગ-૬)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના શબ્દશઃ પ્રવચનો)

**ભાદરવા વદ ૧૨, મંગળવાર તા. ૧૧-૧૦-૧૯૬૬**
**શ્લોક-૪૯, ગાથા-૭૬, પ્રવચન-૧૫૪**

જુઓ! આ સમયસાર કર્તાકર્મ અધિકાર ચાલે છે. કર્તા નામ કરનાર અને કર્મ નામ એનું કાર્ય. તો કરનાર કોણ અને કાર્ય કોણ? ઈ કહે છે, જુઓ!

‘**ભાવાર્થ :- જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે તે તો વ્યાપક છે...**’ સૂક્ષ્મ વાત છે. જે પદાર્થ છે ને-દ્રવ્ય. દ્રવ્ય કહો, પદાર્થ કહો, વસ્તુ કહો. આત્મા, પરમાણુ આદિ. અહીંયાં આત્માની મુખ્ય વાત છે. આત્મા છે... ભાવાર્થ. ૭૫ ગાથાનો ભાવાર્થ. આ આત્મા છે ને આત્મા, એને વ્યાપક કહે છે. વ્યાપક નામ કાયમ રહેનારી ચીજ. દ્રવ્ય-દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. ‘**સર્વ અવસ્થાઓમાં...**’ સર્વ હાલતોમાં-દરેક પર્યાયમાં જે વ્યાપે છે એને વ્યાપક કહે છે. દરેક અવસ્થામાં પર્યાયરૂપ થાય છે. એ દરેક અવસ્થામાં અવસ્થારૂપ થાય છે એનું નામ દ્રવ્ય નામ વ્યાપક કહે છે. ભાષા ય કોઈ દિ’ વ્યાપ્ય-વ્યાપક આવતી ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવતી પણ નથી હજી તમારા પુસ્તકમાં-ચોપડામાં.

જુઓ! પહેલા દૃષ્ટાંત. આ દ્રવ્ય છે-આ રજકણ. આ મૂળ અવસ્થા છે. પણ મૂળ પરમાણુ છે ને? પરમાણુ એ દ્રવ્ય છે. તો દ્રવ્યને વ્યાપક કહે છે. કાયમ પ્રત્યેક અવસ્થામાં રહે તેને દ્રવ્ય કહે છે. ‘**અને કોઈ એક અવસ્થાવિશેષ...**’ આ એની અવસ્થા છે હોં! પરમાણુની. એ અવસ્થાવિશેષ, કોઈ એક અવસ્થા, બસ! કોઈ એક અવસ્થા. કારણ કે એક સમયમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બધી અવસ્થા હોતી નથી. તો '**કોઈ એક અવસ્થાવિશેષ...**' અવસ્થાવિશેષ. દ્રવ્ય એ સામાન્ય ત્રિકાળી છે અને અવસ્થા એક સમયની વિશેષ '**તે, (તે વ્યાપકનું) વ્યાપ્ય છે.**' વ્યાપ્ય નામ પદાર્થની અવસ્થા છે. સમજાણું કાંઈ?

આ લાકડી છે. મૂળ રજકણ અત્યારે ન લેવા. આખો પિંડ લેવો. એ આખો પિંડ ચીજ છે એ દ્રવ્ય-વસ્તુ છે. એ દ્રવ્ય સર્વ દશાઓમાં-હાલતમાં રહેનારી ચીજ છે તો એને દ્રવ્ય કહેવામાં આવે છે, એને પદાર્થ કહેવામાં આવે છે. અને એની અવસ્થા જે થાય છે, આમ આમ અવસ્થા થાય એ એની વ્યાપ્ય, વ્યાપ્ય નામ એક અવસ્થાને વ્યાપ્ય કહે છે અને સર્વ અવસ્થામાં રહેનારી ચીજને વ્યાપક કહો કે દ્રવ્ય કહો.

'**આમ હોવાથી દ્રવ્ય તો વ્યાપક છે...**' વસ્તુ તો વ્યાપક પ્રત્યેક અવસ્થામાં રહેનારી ચીજ છે '**અને પર્યાય વ્યાપ્ય છે.**' એની દશા એની અવસ્થા છે. વ્યાપ્ય એટલે અવસ્થા. શેઠી! વ્યાપ્ય એટલે અવસ્થા. '**દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે.**' એ વસ્તુ અને એની અવસ્થા એ અભેદ છે, ભિન્ન નથી. એક અભેદ. '**જે દ્રવ્યનો આત્મા,...**' ભાષા જ કોઈ જુદી. જે વસ્તુનું સ્વરૂપ-દ્રવ્યનો આત્મા. જે દ્રવ્યનું દ્રવ્યપણું, વસ્તુનું વસ્તુપણું, એ વસ્તુનું સ્વરૂપ એ વસ્તુનું સત્ત્વ '**તે જ પર્યાયનો આત્મા,...**' એ જ પર્યાયનું સ્વરૂપ. સમજાણું કાંઈ? અને દ્રવ્ય પર્યાય વસ્તુ, '**સ્વરૂપ અથવા સત્ત્વ. એમ હોઈને દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે.**' એ કારણે દ્રવ્ય નામ વસ્તુ પોતાની અવસ્થામાં વ્યાપે છે '**અને પર્યાય દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' અને અવસ્થા દ્રવ્ય વડે અવસ્થા થઈ જાય છે. '**દ્રવ્ય વડે વ્યપાઈ જાય છે.**' ભાષા જુઓ!

આ રજકણ છે એમાં જે આ અવસ્થા થાય છે એ દ્રવ્ય વડે થાય છે. આ આંગળી વડે નહિ, ઈચ્છા વડે નહિ. સમજાણું કાંઈ? આ શરીર આમ થાય છે. જુઓ! આ શરીરના રજકણો છે ને. પરમાણુ છે માટી. તો કાયમ રહેનારને દ્રવ્ય કહે છે અને આવી પર્યાય થઈ, જુઓ! આ પર્યાય છે ને અવસ્થા પર્યાય? તો દ્રવ્ય કાયમ રહેનારની એ અવસ્થા (છે). એ દ્રવ્ય અને પર્યાયનું સ્વરૂપ અભેદ છે. તો એ દ્રવ્ય પોતે પર્યાયરૂપ થાય છે. બીજા દ્રવ્યને કારણે પર્યાયરૂપ થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

'**આવું વ્યાપ્યવ્યાપકપણું તત્સ્વરૂપમાં જ હોય;...**' આવી વ્યાપ્ય નામ અવસ્થા અને વ્યાપક નામ દ્રવ્યપણું '**તત્સ્વરૂપમાં (અર્થાત્ અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય;...**' સમજાણું કાંઈ? '**અતત્સ્વરૂપમાં (અર્થાત્ જેમની સત્તા-સત્ત્વ ભિન્ન ભિન્ન છે એવા પદાર્થોમાં) ન જ હોય. જ્યાં વ્યાપ્યવ્યાપકભાવ હોય ત્યાં જ કર્તાકર્મભાવ હોય;...**' આહાહા..! બહુ સાદી ભાષામાં લખ્યું છે. સંસ્કૃત ટીકા તો ગૂઢ છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'વ્યાપ્યવ્યાપકભાવ વિના કર્તાકર્મભાવ ન હોય.'** વ્યાપ્ય અવસ્થા અને વ્યાપક વસ્તુ, એ વિના વ્યાપક કર્તા અને વ્યાપ્ય કર્મ, એ વ્યાપ્યવ્યાપક વિના બીજી ચીજ સાથે કર્તાકર્મ હોતું નથી. સમજાણું કાંઈ?

**'આવું જે જાણે તે...'** હવે આપણે સિદ્ધાંત આવે છે. **'તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.'** શું કહ્યું જુઓ! જે એમ જાણે કે પ્રત્યેક પદાર્થ વસ્તુ છે અને એની વર્તમાન અવસ્થા એનું કર્મ નામ અવસ્થા છે. એ વસ્તુ જે છે એ કરનારી છે અને વર્તમાન અવસ્થા એનું કર્મ છે. કેમ કે વ્યાપ્ય અને વ્યાપક વિના, અવસ્થા અને અવસ્થાયી વિના કર્તાકર્મ કોઈ રીતે બીજામાં અતત્સ્વરૂપમાં સંભવતું નથી. સમજાણું કાંઈ?

**'આમ જાણતાં તે...'** હવે ઝીણી વાત આવે છે થોડી. **'તે પુદ્ગલ...'** એટલે કે આ શરીરની અવસ્થા આમ થાય છે, આ વાણી નીકળે છે એ જડની અવસ્થા છે. એ જડની અવસ્થા વ્યાપ્ય છે જડની અને એના પરમાણુ એના વ્યાપક છે. જડ કર્તા છે અને એની પર્યાય એનું કર્મ છે. આત્મા કર્તા અને આ શરીરની અવસ્થા કાર્ય એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

હવે અંદર. આ તો હવે અંદર (લઈએ). પુદ્ગલ નામ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભરાગ એ પણ ખરેખર પુદ્ગલના પરિણામ છે. કેમ કે ચૈતન્યના જ્ઞાનપ્રકાશનો એમાં અભાવ છે તે અજ્ઞાન છે. રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, શુભરાગ, અશુભરાગ એ અજ્ઞાન છે. અ-જ્ઞાન નામ જ્ઞાન નહિ. જ્ઞાન નથી તો એને પુદ્ગલ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? અરે..! જૈનદર્શન શું છે એ સાંભળ્યું નથી. અને માની બેસે કે અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ?

**'આવું જે જાણે...'** છે. કેવું? કે પ્રત્યેક પદાર્થ કાયમ રહીને જે વ્યાપક નામ પ્રસરનાર છે, દરેક અવસ્થામાં પ્રસરનાર છે તે દ્રવ્ય. અને એની અવસ્થા એક સમયની થાય તે એનું વ્યાપ્ય છે. વ્યાપ્ય નામ કર્મ, કર્મ નામ કાર્ય. સમજાણું કાંઈ? **'આવું જે જાણે તે પુદ્ગલને...'** અર્થાત્ પુણ્ય-પાપના વિકારીભાવ, આ શરીરની અવસ્થા એ બધા પુદ્ગલ છે. કેમ કે આ શરીર આદિ જેમ કર્મ આદિ વાણી અજીવ છે, તેમ પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યનો અભાવ છે. એ જડ છે. જડનો અર્થ રજકણ એમ નહિ. પણ એ રાગ શુભ-અશુભ છે એ પોતાને જાણતા નથી. એ જ્ઞાનસ્વરૂપી ભગવાનને જાણતા નથી. એ કારણે રાગને અચેતન જડમાં નાખી દીધો છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ પુદ્ગલ-પુણ્ય-પાપના ભાવ, અશુભ, શુભરાગ, જે શુભરાગને અજ્ઞાની ધર્મ માને છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ રાગ. અહીંયાં પરમેશ્વર એમ કહે છે કે રાગમાં જ્ઞાન-ચૈતન્યના નૂરનો અભાવ છે. જેમ શરીર અને કર્મ માટીમાં ચૈતન્યનો અભાવ છે એમ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ, અશુભભાવ એમાં ચૈતન્ય દ્રવ્ય, ચૈતન્ય ગુણ, ચૈતન્યની નિર્વિકારી પર્યાય આવતી નથી. સમજાણું કાંઈ?

જે કોઈ આત્મા વસ્તુ કાયમ રહેનારીને કર્તા કહે છે અર્થાત્ વ્યાપક કહે છે અને એક સમયની અવસ્થાને વ્યાપ્ય નામ કર્મ નામ દશા કહે છે. એવું જેના જ્ઞાનમાં જણાયું એ ધર્મી જીવ '**પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.**' સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પુદ્ગલ. શરીર, વાણીની અવસ્થા પુદ્ગલ. તો એ મારું કાર્ય અને હું એનો કરનાર એમ ધર્મી જાણતો નથી. પ્રેમચંદજી! કહો, જ્ઞાનચંદજી! ભારે આકરી વાત, ભાઈ! તો શું રાગ-દ્વેષ કાંઈ જડમાં થાય છે? સાંભળ તો ખરો. એ અચેતન, જેમ આ રજકણ ધૂળ અચેતન માટી છે, એમ તે પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનના પ્રકાશનો અભાવ એટલે અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાન નહિ. જ્ઞાન નહિ એટલે જડ છે. ભીખાભાઈ! ભારે વાત, ભાઈ! શું બરાબર-બરાબર. આ તે કાંઈ .. બીજા ગામમાં ચાલતા હશે? આવા ગપ્પ મારે. અરે..! તને ગપ્પની સાચું શું છે, ખોટાની શું છે તેં સાંભળી નથી, સાંભળને! આહાહા..!

'**આવું જે જાણે...**' એમ કહ્યું ને? કે કોઈપણ વસ્તુ આત્મા હો કે રજકણ-માટી. ભગવાને અનંત દ્રવ્ય જોયા છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે ત્રિલોકનાથે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્ય. જાતિએ છ અને સંખ્યાએ અનંત. એ દરેક દ્રવ્ય સ્વતંત્ર થઈને પ્રત્યેક અવસ્થામાં વ્યાપીને કર્તા થાય છે અને પ્રત્યેક દ્રવ્યની એની વર્તમાન અવસ્થા તે દ્રવ્યનું વ્યાપ્ય થઈને એનું કર્મ નામ કાર્ય થાય છે. આહાહા..! કહો, સમજાણું કે નહિ શોભાલાલજી?

'**આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને...**' આત્મા કોને કહેવો અહીંયાં? આત્મા શુદ્ધ ચૈતન્ય, એના શુદ્ધ ગુણ અને એની શુદ્ધ પરિણતિને આત્મા કહે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સચ્ચિદાનંદ સ્વરૂપ, એના ગુણ શુદ્ધ અને એના દ્રવ્ય-ગુણની પર્યાય જે છે એ પણ શુદ્ધ. વસ્તુના અવલંબનથી નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ જે પ્રગટ થઈ એ પર્યાય છે એને અહીં આત્મા કહે છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને આત્મા કહે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ આત્મા નથી. કેમ કે જો આત્મા હોય તો આત્માથી જુદો પડે નહિ. સિદ્ધમાં જુદા પડી જાય છે, સિદ્ધમાં નથી. ભારે ઝીણી વાત, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! જ્ઞાનચંદજી!

સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રિકાળ ત્રણ લોક જેણે જાણ્યા એમણે પહેલી વ્યાખ્યા આ કરી. હવે એ અંતરમાં ઉતારે છે. આવું જે જાણે કે પ્રત્યેક પદાર્થ પોતામાં વ્યાપીને, કર્તા થઈને વર્તમાન અવસ્થાનું વ્યાપ્યરૂપી કાર્ય નામ કર્મ કરે છે. બીજા કોઈ દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય વ્યાપક કર્તા થઈને કરે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બનતું નથી. હવે અહીંયાં એને અંતરમાં લેવું કે વાસ્તવિક આત્મા... હવે લેવો છે. તો વાસ્તવિક આત્મા એટલે શુદ્ધ દ્રવ્ય. શુદ્ધ દ્રવ્યના ગુણ પણ શુદ્ધ અને શુદ્ધ ગુણની પર્યાય પણ શુદ્ધ. એને અહીં આત્મા કહે છે. શેઠી! ભારે વાત, ભાઈ!

આત્મા... વાસ્તવિક દ્રવ્ય જ એને કહે છે કે જે આત્મા જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યના નૂરના પુરથી ભરપુર આત્મા છે. આહાહા..! એવો ભગવાન આત્મા એ દ્રવ્ય કાયમ રહેનારું, એની શક્તિ ગુણ સ્વભાવ કાયમ રહેનારી, એ દ્રવ્યની વર્તમાન પર્યાય-અવસ્થા વ્યાપ્ય-વ્યાપ્ય, એ દ્રવ્ય વ્યાપક. એની નિર્મળ દશા, પુણ્ય-પાપના રાગથી રહિત શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને આનંદની દશા એ આત્મદ્રવ્યની વ્યાપ્ય અને આત્મદ્રવ્ય વ્યાપક નામ કર્તા.

**'આવું જે જાણે તે પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.'** હું આત્મા છું, શુદ્ધ ચૈતન્ય વસ્તુ, જ્ઞાયક આત્મા. ચૈતન્યનું પુર (છું) તો એમાં પ્રવાહ પણ ચૈતન્યની દશાનો પ્રવાહ હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા આમ ચૈતન્યનું પુર વસ્તુ સ્વભાવ, એ પુરમાંથી ચૈતન્યની અવસ્થા નિર્મળ (થાય). દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી ભિન્ન, પોતાના સ્વભાવના આશ્રયે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી દશા થઈ એ વીતરાગી દશા આત્માનું વ્યાપ્ય. વ્યાપ્ય નામ અવસ્થા. અવસ્થા નામ કર્મ અને આત્મા કર્તા. કર્તા નામ વ્યાપક. એમ જાણે છે એ પુદ્ગલ-રાગ, દયા, દાનના પરિણામ અને શરીરની અવસ્થા એ મારું વ્યાપ્ય અને હું એનો કર્તા વ્યાપક એમ ધર્મી માનતો નથી, જાણતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વીતરાગ માર્ગ બાપુ! કોઈ અલૌકિક છે. જગતને ખ્યાલમાં, સાંભળવા મળ્યું નથી. સમજાણું કાંઈ?

'હું કર્તા પરભાવનો એમ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની પડે નિજ કર્મને ઘાણે.' ઘાણા સમજો છો? તેલનું નથી હોતું? ઘાણા કહે છે ને તેલનું? પુણ્ય-પાપના ભાવ એ પરભાવ વિકાર છે. 'હું કર્તા પરભાવનો એમ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની પડે નિજ કર્મને ઘાણે.' એ વિકારની એકતામાં પિલાઈ જાય છે. આહાહા..! પિલાઈ જાય એમ કહે ને? પીસાઈ જાય છે. ભગવાન જાણે શું હશે આ? આહાહા..! કહે છે કે, પ્રભુ! સાંભળ તો ખરો. તારી ચીજ શું છે અને તારી ચીજમાંથી નીકળતી દશા શું છે? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પુણ્ય-પાપ તો પર્યાયમાં પરના લક્ષે ઉત્પન્ન થયેલો વિકાર અચેતનભાવ છે. એક કોર ભગવાન જ્ઞાન અને એક કોર બધા અચેતન. સમજાણું કાંઈ? તો પુણ્ય-પાપથી માંડીને બધા અચેતન અને એક કોર ભગવાન સચેતન જ્ઞાન-દર્શન-આનંદ સહિતની એની પર્યાય. સમજાણું કાંઈ?

કહો, આ વાણી છે ને વાણી? એ વાણીની પર્યાય એનું કર્મ છે. કોનું? એ પરમાણુનું. આત્માનું નહિ, ઈ આત્માનું કાર્ય નથી. અને ત્યાં સામે જે જ્ઞાન થાય છે, સમજણનું જ્ઞાન, જ્ઞાન પર્યાય થાય છે ને? એ વાણીની પર્યાય વ્યાપક અને જ્ઞાન વ્યાપ્ય એમ નથી. વાણી કર્તા અને એની જ્ઞાન અવસ્થા જે પ્રગટ થાય છે એ કર્તાનું કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? લ્યો, કઠણ છે (કહે છે). ત્યારે કેટલા વર્ષ ગાળ્યા? ૬૮ તો બેઠું તમને. ૬૦ ને ૮. ૬૦ ને ૮ થયા ને? શેઠ કહેવાય મોટા ત્યાં તો. બુંદેલખંડના બાદશાહ એમ કો'ક કહે છે, લ્યો. એય..! અમે સાંભળ્યું છે. અમે ક્યાં સાંભળવા ગયા હતા તમારા ઘરે. મેડીમાં ઉતર્યા હતા ઓલી મેડીમાં. મેડી છે ને મેડી. મેડીને શું કહે છે? મંજલા. મેડીમાં ઉતર્યા હતા ને. હવે એને ખબર નથી કે આ કરવાનું. શું કર્યું ત્યારે અત્યાર સુધી?

અહીં તો ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા અનંત દ્રવ્ય પૃથક્ ભગવાને જોયા એમ અનંત પૃથક્ રહે છે. અનંત અનંત જોયા એવા અનંત પૃથક્ રહે છે. તો અનંત પૃથક્ રહે છે તો પૃથક્ જે અનંત દ્રવ્ય છે, એ પ્રત્યેક પોતાનો વ્યાપક થઈને વિસ્તરીને પોતાની અવસ્થાને કરે છે. તો એ અવસ્થા એનું કાર્ય અને દ્રવ્ય એનો કર્તા. આમ ભગવાને જોયું છે અને એમ છે. અજ્ઞાની એમ માને કે દેહની અવસ્થા મારું કાર્ય છે અને હું કર્તા, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનદર્શનની ખબર નથી. જ્ઞાનચંદજી! એ તો હજી સ્થુળ વાત રહી. આહાહા..! હું પરની દયા પાળી શકું છું, ભગવાનની પ્રતિમા મેં પધરાવી, એ કામ મેં કર્યું. મૂઢ છો. એ તો પરમાણુ છે. પરમાણુનું દ્રવ્ય વ્યાપક થઈને ત્યાં પર્યાય ઉત્પન્ન થઈ છે. તારાથી ઉત્પન્ન થઈ નથી. આહાહા..! ભારે કામ પણ. જ્ઞાનચંદજી!

અહીંયાં તો એથી વિશેષ કહેવું છે. એ વાત તો પરદ્રવ્ય, સ્વતંત્ર પોતાનો પદાર્થ કર્તા થઈને રચનાર થઈને, ઈશ્વર-ફિશ્વર તો કોઈ કર્તા છે નહિ. જગતનું અને દ્રવ્યનું. જગતમાં અનંત પદાર્થ સ્વતંત્ર છે. પણ પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયમાં જે સમયે જે દશા થાય એ એનું વ્યાપ્ય નામ કર્મ છે, એ વસ્તુ એનું વ્યાપક નામ દ્રવ્ય છે. કર્તા છે. એટલી મર્યાદા. હવે અહીંયાં તો આત્મામાં વાસ્તવિકતા... આત્મામાં જે વાસ્તવિક દ્રવ્ય છે, વાસ્તવિક દ્રવ્ય છે. તો વાસ્તવિક દ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. અને વાસ્તવિક શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે તો એનો દૃષ્ટિવાન દ્રવ્યની શુદ્ધ પર્યાય, વાસ્તવિક દ્રવ્યની પર્યાય શુદ્ધ છે. તો જેને દ્રવ્યની દૃષ્ટિ થઈ એની પણ શુદ્ધ પર્યાય છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ છે એને અહીંયાં આત્મા કહે છે.

આહાહા..! કહો, રામસ્વરૂપજી! આ તે કઈ જાતની કોના ઘરની (વાત ચાલે છે)? ઓલા કહે કે ભાઈ! ભગવાનના ઘરની (વાત તો) છ કાયની દયા પાળવી, ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કાઢવી લ્યો. આવો ભગવાનનો ધર્મ. અહીં કહે કે ઈ નથી ધર્મ, સાંભળને હવે. મરી જાય એવી ક્રિયાકાંડ (કરીને). એ તો જડની પર્યાય છે. અને તારામાં રાગ થયો એ તો પુણ્યબંધનું કારણ છે, એ ચૈતન્યના સ્વભાવની પર્યાયનું કારણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**આવું જે જાણે તે...**' પોતાનું દ્રવ્ય નામ આત્મા, શુદ્ધ ચૈતન્ય મૂર્તિ (છે). એ ચૈતન્યમૂર્તિની જેને દૃષ્ટિ થઈ કે દ્રવ્ય વ્યાપક અને વ્યાપ્ય અવસ્થા કરનારું અને દ્રવ્ય કર્તા, તો દ્રવ્યદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિ પોતાનું દ્રવ્ય કર્તા અને પોતાની નિર્મળ પર્યાયનું વ્યાપ્ય અવસ્થાને કરનારો. રાગાદિને કરનાર હું અને રાગ મારું કાર્ય એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! '**પુદ્ગલને અને આત્માને કર્તાકર્મભાવ નથી એમ જાણે છે.**' એટલા શબ્દમાં આટલું ભર્યું છે.

મુમુક્ષુ :- આત્મા રાગમાં..

ઉત્તર :- વ્યાપક નથી. રાગમાં વ્યાપક હોય તો ત્રિકાળ રહે. ખરેખર તો વ્યાપક આત્મા, એની પર્યાય નિર્મળમાં વ્યાપ્ય છે. આહાહા..! ભારે વાત પણ, ભાઈ! સમજાણું કાંઈ? કેમ ઝોલા ખાય છે? કહો, સમજાણું કાંઈ આમાં?

જુઓ! પહેલા વસ્તુસ્થિતિનો ખુલાસો કર્યો. સાદી ભાષા છે ને, આ તો ચાલતી ભાષામાં છે ને. ઓલી સંસ્કૃત ટીકા હતી. પુદ્ગલ-પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ પરસન્મુખનો, જેમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. તો એ પુદ્ગલ છે એ ન્યાયે. તો રાગના, પુણ્યના પરિણામ એ મારી વ્યાપ્ય અવસ્થા અને કાર્ય મારું અને હું કર્તા એમ જ્ઞાની માનતો નથી. કેમ કે દ્રવ્યનો સ્વભાવ એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**એમ જાણતાં તે જ્ઞાની થાય છે,...**' જુઓ! એમ જાણતાં તે જ્ઞાની થાય છે. એમ જાણતાં હું તો ચૈતન્ય શુદ્ધ નિર્મળ જ્ઞાનાનંદ છું અને મારી જ્ઞાન અવસ્થા રાગનું કાર્ય કરે અને જ્ઞાન અવસ્થા કર્તા થાય એમ છે નહિ. મારા દ્રવ્ય-ગુણ તો રાગના કર્તા નથી પણ એ મારી પર્યાય રાગમાં વ્યાપક-વિસ્તરીને વ્યાપક પર્યાય થઈને રાગ કરે એવો પર્યાયમાં ધર્મ નથી. સમજાણું કાંઈ?

'**આમ જાણતાં તે જ્ઞાની થાય છે, કર્તાકર્મભાવથી રહિત થાય છે...**' લ્યો! એ વિકારીભાવ શુભ-અશુભભાવ, શરીર આદિની ક્રિયા, વાણીની ક્રિયા અને કર્મબંધન પર્યાયરૂપ જડમાં થાય ઈ, તે બધાનું કાર્ય મારું અને હું એનો કર્તા એમ (જ્ઞાની) માનતો નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**કર્તાકર્મભાવથી રહિત થાય છે...**' વિકારીભાવ મારું કાર્ય છે, હું એનો કર્તા છું એનાથી રહિત ધર્મી છે. જ્ઞાતા-દૃષ્ટા જગતના સાક્ષીભૂત હોય છે,. આહાહા.! ભારે વાત ભાઈ! આ તો જાણે મોટી એવી લાગે. આ તે કેવળજ્ઞાનીની વાત હશે. આ તે કાંઈ કેવળજ્ઞાનીની આ વાત હશે. આ તો હજી સમ્યગ્દૃષ્ટિની ભેદજ્ઞાનીની વાત છે. અહીં તો શ્રુતજ્ઞાનની તો વાત ચાલે છે. સમજાણું કાંઈ? કહો, એ અધિકાર પૂરો થયો.

'**હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા...**' હવે જાણનાર લીધો ને? જાણવાવાળો છે ને એમ સિદ્ધ કર્યું. શું કહે છે? '**હવે પૂછે છે કે...**' પુદ્‌ગલ કર્મ નામ પુણ્ય-પાપના ભાવ અને શરીરની અવસ્થા, એનો જાણનાર. જાણનાર થયો ને? એટલો તો સંબંધ થયો ને. એમ કહે છે. આ ગાથા એમ લીધી છે. ભગવાન આત્મા પોતાને જાણે છે એની સાથે રાગાદિ આવ્યા, પુણ્ય-પાપ થયા, ક્રિયાની અવસ્થા થઈ એને જાણે છે એટલો તો સંબંધ છે ને? '**જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' જાણનાર એટલો સંબંધ છે તો કર્તાકર્મભાવ છે કે નહિ? એમ પ્રશ્ન છે. સમજાણું કાંઈ? '**તેનો ઉત્તર કહે છે :-**' એવી જેને અંતર જિજ્ઞાસા છે તેને ઉત્તર કહેવામાં આવે છે.

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**
**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

એની ટીકા. ભારે વ્યાખ્યા! આહાહા..! ૭૬ ગાથાની ટીકા. અર્થ લેવા છે ને. અન્વયાર્થ થોડો લઈ લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે ઓલું સમજાશે? ઠીક.

'**અન્વયાર્થ :- જ્ઞાની...**' નામ ધર્મી. જ્ઞાની નામ રાગ અને શરીરની અવસ્થાથી ભિન્ન થયેલો એવો ધર્મી-સમ્યગ્દૃષ્ટિ '**અનેક પ્રકારના પુદ્‌ગલકર્મને જાણતો હોવા છતાં...**' અહીં વજન છે. '**जानन् अपि**' એમ કે જાણે છે એટલો સંબંધ છે ને? એ સંબંધ કરવો છે. એ રાગાદિ પુણ્ય-પાપના ભાવ, શુભાદિ થયા અને દેહની અવસ્થા તે સમયે થાય છે.. સમજાય છે કાંઈ? જેમ દયાનો ભાવ થયો રાગ અને એ સમયે સામે અવસ્થા પણ જીવનું ન મરવું અને શરીરનો સંયોગ રહેવો એમ બને છે, તો એને આત્મા જાણે છે. સમજાણું કાંઈ? '**જાણતો હોવા છતાં...**' '**अपि**' છે ને? '**નિશ્ચયથી પરદ્રવ્યના પર્યાયમાં...**' પરદ્રવ્ય શબ્દે પુણ્ય-પાપના પરિણામ પરદ્રવ્ય પર્યાય છે અહીંયાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**પરદ્રવ્યના પર્યાયમાં પરિણમતો નથી,...**' સમજાણું કાંઈ? '**તેને ગ્રહણ કરતો નથી અને તે-રૂપે ઊપજતો નથી.**' એ ત્રણમાંથી કાઢે છે હવે. પરિણમતો નથી એ ત્રીજો બોલ છે, ભાઈ! સમજ્યા ને? ગ્રહણ કરતો નથી એ પહેલો બોલ છે. સમજાણું કાંઈ? અને ઊપજતો નથી એ ત્રીજો બોલ છે. પરિણમતો નથી એ બીજો બોલ છે. સમજાણું કાંઈ? પાઠમાં બીજો બોલ છે. '**અને તે-રૂપે ઊપજતો નથી.**' તો અહીંયાં '**गृह्णाति**' પહેલા લીધું છે. પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય લેવું છે ને? એ તો પદ્ય છે. તો પદ્યની સંધિ (કરી છે). પણ એમાં અર્થ તો એવો છે કે પહેલા પ્રાપ્ય-વિકાર્ય અને નિર્વર્ત્ય. પ્રાપ્ય એ જ્ઞેયમાં જાય છે. સમજાય છે? વિકાર્ય પરિણત થતો નથી એમાં જાય છે. અને નિર્વર્ત્ય ઉત્પન્ન નથી થતો એમાં જાય છે.

ગાથામાં ત્રણ શબ્દો પડ્યો છે. પણ એની સંધિ તો ટીકામાં યથાર્થ થાય છે. પદમાં તો જેમ પદ આવે છે એમ બને. સમજાણું કાંઈ? પણ જેવી એની પદ્ધતિની રીત છે એ ટીકામાં યથાર્થ મૂકી છે. જરી સૂક્ષ્મ વાત છે હોં! ૭૫ કરતાં પણ. આહાહા..! પ્રાપ્ય...

એક ગામ હોય ને? ગામને શું કહે છે? ગામ. તો ગામ બનાવવું નથી, ઉત્પન્ન નથી કરવું. ત્યાં જઈને રહેવું એનું નામ પ્રાપ્ય. છે ત્યાં પહોંચવું એનું નામ પ્રાપ્ય. સમજાણું કાંઈ? તત્વાર્થ રાજવાર્તિકમાં ત્રણેની વ્યાખ્યા છે. ત્રણેની. વિકાર્ય. સમજાણું કાંઈ? જેમ લોટની રોટલી બને છે. લોટની રોટલી. તેને વિકાર્ય કહેવામાં આવે છે. નિર્વર્ત્ય એટલે ઊપજવું. રોટલીનું ઊપજવું. ઊપજવાને નિર્વર્ત્ય કહે છે. સમજાણું કાંઈ? છે એને પ્રાપ્ત કરવું, પલટવું અને છે વર્તમાન અવસ્થા ઉત્પન્ન થઈ એને પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય ત્રણ બોલ. એક પર્યાયનું કર્મ કહીને ત્રણ અવસ્થા લેવી. ત્રણથી સમજાવવું છે. કર્મ અવસ્થા તો એક જ છે. કર્મ નામ અવસ્થા તો એક, પણ એક અવસ્થામાં પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય ત્રણ પ્રકારથી સમજાવવું છે. શું કહે છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પર્યાય ત્રણ પ્રકારે (સમજાવવી છે). એ પર્યાય થનારી છે તેને આત્મા પ્રાપ્ત કરે છે એનું નામ પ્રાપ્ય. પલટીને થઈ એનું નામ વિકાર્ય. એ વર્તમાન છે એને નિર્વર્ત્ય કહે છે. પર્યાય એક જ છે, પણ એના ત્રણ પ્રકાર છે. ઝીણી વાત છે. ૭૬, ૭૭, ૭૮, ૭૯ ચારેયમાં આમ આવશે. ધીમેથી સમજો ધીમેથી.

'**પ્રાપ્ય...**' એનો અર્થ કરશે, હોં! '**વિકાર્ય...**' પ્રાપ્ય નામ પ્રાપ્ત થવું, વિકાર્ય નામ પલટવું અને '**નિર્વર્ત્ય...**' નામ ઊપજવું. એવું વ્યાપ્ય લક્ષણ. વ્યાપ્ય નામ કર્મ, કર્મ નામ અવસ્થા. સમજાણું કાંઈ? '**વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય નામ અવસ્થા. વ્યાપ્ય નામ દશા. એવા લક્ષણવાળું. એવું પણ ત્રણ, હોં! ત્રણ બોલથી '**વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ...**' પુદ્ગલનું કાર્ય પર્યાયસ્વરૂપ '**જે કર્મ (કર્તાનું કાર્ય),...**' એ '**પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' હજી અર્થ આવશે ત્યારે સમજાશે. પહેલા તો અહીંયાં ત્રણ વ્યાપ્ય લક્ષણવાળું. પ્રાપ્ય પણ વ્યાપ્યલક્ષણવાળું છે, વિકાર્ય પણ વ્યાપ્યલક્ષણવાળું છે, નિર્વર્ત્ય પણ વ્યાપ્ય લક્ષણવાળું છે. વ્યાપ્ય નામ અવસ્થા, વ્યાપ્ય નામ કર્મ, કર્મ નામ કાર્ય. એ કર્મ વ્યાપ્યરૂપ લક્ષણવાળું, એ કર્મની અવસ્થારૂપ લક્ષણવાળું. ત્રણ બોલ સાથે છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. આરે..! આવી વાત કેટલી ઝીણી!

મુમુક્ષુ :- એક પર્યાયના ત્રણ નામ?

ઉત્તર :- એક પર્યાયની ત્રણ અપેક્ષા. પર્યાય તો એક જ છે. એની ત્રણ અપેક્ષા.

જે દ્રવ્યમાં પર્યાય થનારી છે એને પ્રાપ્ત કરે છે એનું નામ પ્રાપ્ય. અને એ પર્યાય પૂર્વથી પલટીને થઈ તો તેને વિકાર્ય (કહે છે). એને ને એને. અને ઊપજી વર્તમાનની અપેક્ષાએ નિર્વર્ત્ય.

અમે તો એના ત્રણ બોલ એમ લઈએ છીએ-ઉત્પાદ-વ્યય-ધ્રુવ. જરી સાંભળો. એ જ સમયની પર્યાયનું ધ્રુવ, જે આવવાવાળી છે તે ધ્રુવ. ધ્રુવ ત્રિકાળની વાત અહીં નથી. એક સમયની એ જ પર્યાય, એ જ સત્.. એ જ સત્... એ જ સત્ આવનારી છે તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે તો એનું નામ પ્રાપ્ય. અને એ પર્યાય પૂર્વની પર્યાય પલટીને થઈ એનું નામ વિકાર્ય. એ જ પર્યાય ઊપજવાની અપેક્ષાએ નિર્વર્ત્ય. ભારે ઝીણું, ભાઈ! વીતરાગમાર્ગ એટલો ઝીણો. સમજાણું કાંઈ?

આ લાકડી આમ છે એ આમ થઈ. તો આમ થઈ એ પર્યાય થઈ ને પર્યાય? એ પર્યાય એમ જ થવાની હતી. એને દ્રવ્ય પ્રાપ્ય નામ એને ગ્રહે છે. છે એને પ્રાપ્ત કરે છે. અને પૂર્વે આમ અવસ્થા હતી તેમાંથી આમ થઈ એને વિકાર્ય (કહે છે). પર્યાય તો એની એ છે. પૂર્વની અવસ્થાની અપેક્ષાએ વિકાર્ય, છે એ અપેક્ષાએ પ્રાપ્ય, ઊપજી એ અપેક્ષાએ નિર્વર્ત્ય. બહુ સૂક્ષ્મ છે. આ તો ધ્યાન રાખે તો સમજાય એવું છે. આ તો પંડિતજી એક ફેરી અર્થ કરતા હતા, નહિ? ઓલા કો'ક કેવા રામ? રામલક્ષ્મણાભ્યામ. ભ્યામ એટલે સીતા. એની સાથે સીતા હોય કે નહિ? .. જોઈએને? રામલક્ષ્મણાભ્યામ. રામ.. સાથે રહે? એમ નથી. સાંભળો. દરેકનું સ્પષ્ટીકરણ થાય છે, હોં!

ફરીને. જુઓ! આ આંગળી છે ને આંગળી? જુઓ! આંગળી છે એ આમ થઈ. વાંકી થઈ. વાંકી અવસ્થાને એ જ સમયે એમ જ થવાની હતી તેને રજકણ પ્રાપ્ત કરે છે તો એને પ્રાપ્ય કહે છે. અને આમ હતી એ આમ થઈ એ અપેક્ષાએ એ જ અવસ્થાને વિકાર્ય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે અને એ સમયે ઊપજી, છે તો ઈ ની ઈ, પણ નહોતી અને ઊપજી એને નિર્વર્ત્ય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન વસ્તુ-પદાર્થ અને એની પર્યાય. અહીં તો શુદ્ધ દ્રવ્ય અને એની પર્યાય સાથે મેળવવું છે. સમજાણું કાંઈ? પહેલા સિદ્ધાંત સિદ્ધ કરે છે કે પ્રાપ્ય. જેમ ગામ. ગામ છે .. લોટની રોટલી થઈ એ વિકાર્ય. આ તો ભિન્ન-ભિન્ન દૃષ્ટાંત આપવા છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય ત્રણેના દૃષ્ટાંત છે. ત્રણેના ત્રણ દૃષ્ટાંત છે. સમજાણું કાંઈ? અને તંતુ. તંતુ. તાણાવાણાથી કપડું થયું એ નિર્વર્ત્ય. સમજાણું કાંઈ? એમ પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન અવસ્થા જે સમયની છે. તે સમયનું ધ્રુવ (અર્થાત્) તે જ થનારી છે તેને દ્રવ્ય પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે એ અપેક્ષા પ્રાપ્ય. એ પર્યાય પૂર્વની અપેક્ષાએ પલટી છે એ અપેક્ષાએ વિકાર્ય. એ જ અવસ્થા પહેલા નહોતી અને થઈ એ અપેક્ષાએ નિર્વર્ત્ય. સમજાણું કાંઈ? પ્રાપ્ય એટલે પ્રાપ્ત થવું. વાત તો એમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુંચવણ નીકળી જાય છે એમ કહે છે. ગુંચવણને હિન્દીમાં શું કહે છે?

મુમુક્ષુ :- ઉલઝન.

ઉત્તર :- ઉલઝન નીકળી જવાની વાત છે. સમજાણું કાંઈ?

પ્રત્યેક પદાર્થ... ભગવાન સર્વજ્ઞે એક એક પદાર્થ ભિન્ન ભિન્ન જોયા છે. હવે એક પરમાણુ પોઈન્ટ એમાંથી લો. એક પરમાણુ રજકણ. પોઈન્ટ ભિન્ન છે ને? આ તો એક સંયોગી પદાર્થ છે, મૂળ પદાર્થ નથી. એક એક પોઈન્ટ રજકણ. તો એક રજકણ પોતાની પહેલી દાળ-ભાતની અવસ્થારૂપ રજકણની અવસ્થા હતી. જેમ સ્કંધની અવસ્થા છે એવી પરમાણુની અવસ્થા છે. તો એક પરમાણુની દાળની અવસ્થા હતી. બીજા સમયે લોહીની અવસ્થા થઈ. લોહી સમજ્યાને? ખુન. એ રજકણમાં લોહીની અવસ્થા થઈ, છે એને પ્રાપ્ત કરવું એનું નામ પ્રાપ્ય. અને દાળની પર્યાય પલટીને, વિકાર્ય એટલે પલટીને થઈ એનું નામ વિકાર્ય. છે તો એની એ. અને ઊપજી એ અપેક્ષાએ નિર્વર્ત્ય. એક સમયની એક પર્યાયમાં ત્રણ અપેક્ષાએ કર્મ (કાર્ય) જણાય છે. ઓહોહો..! ભારે!

મુમુક્ષુ :- ઉત્પાદ-વ્યય-ધ્રુવ...

ઉત્તર :- આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઈ નહિ, હોં! આ જુદી જાતના છે. આ તો છે એને પ્રાપ્ત કરવું એનો અર્થ, એ સમયની પર્યાય નિશ્ચયથી તે જ થનારી છે. એ જ એ સમયનું સત્ છે એક ન્યાયથી. સમજાણું કાંઈ? ઓહોહો..! પરમાણુની અને આત્માની જે અવસ્થા.. અહીંયાં તો શુદ્ધતા લેવાની હોં પછી. એ જ સમયનું એ સત્ છે. જેમ દ્રવ્ય-ગુણ સત્

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એમ પર્યાય એ સમયનું સત્ છે. સત્ છે. સત્ છે એને પ્રાપ્ત કરે છે એનું નામ પ્રાપ્ય. પૂર્વની અવસ્થા પલટીને થઈ એનું નામ વિકાર્ય. થઈ એ અપેક્ષાએ નિર્વર્ત્ય. વસ્તુ તો એકની એક અવસ્થા એક જ કર્મની. કર્મ શબ્દે કાર્ય. ત્રણ અપેક્ષા લાગુ પડે છે. ત્રણ કાર્ય નહિ. સમજાણું કાંઈ? ઓહોહો..! ભારે ઝીણું, ભાઈ!

અહીં તો સ્વયંસિદ્ધ વસ્તુ સિદ્ધ કરવી છે. ભગવાન અનંત દ્રવ્યને દેખે છે. ભગવાનના જ્ઞાનમાં અનંત પદાર્થ ભાસ્યા છે. તો પ્રત્યેક પદાર્થમાં સમયે સમયે થનારી પર્યાય એ જ સમયનું સત્ છે એને પ્રાપ્ત કરે છે. વસ્તુ. તો પ્રાપ્ય એ સમયે પૂર્વથી વિકાર્ય અને તે જ સમયે ઉત્પાદ. એક સમયની વ્યાપ્ય નામ કર્મ અવસ્થામાં ત્રણ અપેક્ષા લાગુ પડે છે. પણ એ પોતાના દ્રવ્યમાં લાગુ પડે છે. બીજા દ્રવ્યથી એમાં લાગુ પડે છે એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રાપ્ત કરવું, બદલવું અને નીપજવું-ત્રણનો પર્યાય એક જ.

મુમુક્ષુ :- ભાવ તો...

ઉત્તર :- પર્યાય કહો કે ભાવ કહો, એમાં ફેર શું પડ્યો? ભાવ ક્યાંથી કાઢ્યો? અહીં તો પર્યાયની અપેક્ષા (કહી). પર્યાય કહો કે ભાવ કહો કે અવસ્થા કહો કે દશા કહો. સમજાણું કાંઈ? આ તો પંદરમી વાર વંચાય છે વ્યાખ્યાન સભામાં. ચૌદ વાર તો થઈ ગયું આખું સમયસાર.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વાંચ્યું હતું હમણાં. રાજકોટ પહેલાં, નહિ? ઓલો મહિનો હતો ત્યારે. સમજાણું કાંઈ?

પ્રાપ્ય નામ પ્રાપ્ત થવું. વિકાર્ય નામ પલટવું, નિર્વર્ત્ય નામ નીપજવું. એવું વ્યાપ્ય નામ પર્યાય, વ્યાપ્ય નામ અવસ્થા એ લક્ષણવાળું, એવા વ્યાપ્યલક્ષણવાળું. '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ...**' એ જડની પર્યાય. અહીંયાં તો ભગવાન એમ કહે છે કે જે સમયે... ભાઈ! અહીં તો વિકારને પુદ્ગલ પરિણામ કહેવા છે ને? ધ્યાન રાખજો, બાપુ! હોં. એ દયા, દાનનો જે વિકલ્પ થયો જે સમયે એ ખરેખર તો પુદ્ગલનું પ્રાપ્ય છે. એ પુદ્ગલની પર્યાય અચેતન છે. ચૈતન્યની પર્યાય નથી. તો પુદ્ગલ એ સમયનો રાગ, વ્યવહાર-વિકલ્પનો જે ભાવ છે એને પુદ્ગલ જ પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે. પુદ્ગલ પલટીને પહેલા રાગ મંદ હતો કે પહેલા તીવ્ર હતો અને પછી મંદ થયો એ પુદ્ગલ જ પોતાનું વ્યાપ્ય છે. અને ઊપજે છે, નિપજે છે એ પુદ્ગલ જ નિપજે છે. એ પુદ્ગલનું વ્યાપ્ય લક્ષણવાળું કર્મ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આહાહા..!

ફરીથી. આ તો... પ્રાપ્ય-પ્રાપ્ત થનાર. જે સમયે જે રાગ, જે દ્વેષ, જે કષાયનો અંશ શુભ થવાનો છે એ પ્રાપ્ય. એને પુદ્ગલ ગ્રહણ કરે છે. આત્મા ગ્રહણ કરતો નથી. આત્મા તો રાગથી ભિન્ન છે. કેમ કે રાગ આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ છે, કર્મ અજીવ તત્ત્વ છે, ચૈતન્ય જ્ઞાનતત્ત્વ છે. જ્ઞાનતત્ત્વ ચૈતન્યસૂર્ય જ્ઞાનતત્ત્વ છે. હવે એ શરીર, વાણી, કર્મ એ અજીવતત્ત્વ છે. અને આસ્રવમાં જ્ઞાનનો અભાવ છે. ચૈતન્યના સ્વપરપ્રકાશની પર્યાયનો એમાં અભાવ છે. તો એ અપેક્ષાએ એ પ્રાપ્ય રાગ, પુદ્ગલનું પ્રાપ્ય છે. આત્મા તો એને જાણનાર છે. જાણતો એવો આત્મા કર્તા અને એ પર્યાય કર્મ એમ છે? એવો પ્રશ્ન આ ગાથામાં છે. જાણવા છતાં તે આત્મા કર્તા અને એ રાગ કર્મ એમ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, જ્ઞાનચંદજી! લ્યો, આવ્યા છે બરાબર. બરાબર આવી ગયા છે. આહાહા..!

ભગવાન! તારી લીલા તો જો! તારી લીલા તો જ્ઞાનની લીલા છે. એ તો ચૈતન્ય ભગવાન આત્મા છે. એ ચૈતન્ય ભગવાન રાગને કેમ પ્રાપ્ત થાય? સમજાણું કાંઈ? રાગપણે કેમ પલટે અને રાગપણે કેમ ઊપજે ભગવાન આત્મા? આહાહા..! ભારે વાત, ભાઈ!

એ '**વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલના પરિણામ...**' દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, કામ, ક્રોધના ભાવ એ પુદ્ગલના પરિણામ. અને શરીર અવસ્થા, એ વખતે કર્મની અવસ્થા (હોય) એ બધા પુદ્ગલના પરિણામ. એક સાથે. એ '**પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' પુદ્ગલના પરિણામસ્વરૂપ કાર્ય. '**તેનામાં પુદ્ગલદ્રવ્ય...**' તેનામાં પુદ્ગલદ્રવ્ય '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' ભાષા જુઓ! એ '**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' અંતર્વ્યાપક થઈને, પેસી જઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ પુદ્ગલ જડ કર્મ પુણ્ય-પાપના ભાવમાં પોતે અંતર્વ્યાપક થઈને '**આદિ-...**' શરૂઆતમાં. શું કહે છે? કે રાગાદિમાં શરૂઆત આત્માની છે કે નહિ? ઓહોહો..! ભગવાન! તારો ચૈતન્યપુંજ, ચૈતન્યપુંજ પ્રભુ ચૈતન્યપુંજી તારી છે. સમજાણું કાંઈ? તો પુણ્ય-પાપ, દયા-દાનનો જે વ્યવહારરત્નત્રયના રાગમાં આત્માની પર્યાય દ્રવ્ય-ગુણ આદ્ય છે. આદ્ય-થોડી શરૂઆત ત્યાંથી છે કે નહિ? કે નહિ. એ તો પુદ્ગલની આદ્યમાં ઉત્પન્ન થયો છે. એની આદ્યમાં તો પુદ્ગલ છે. આહાહા..!

'**પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' શબ્દ તો એક સમયમાં છે. કાંઈ સમયમાં ત્રણ સમય નથી. પણ કોઈ એવી સ્પષ્ટતા કરે છે આચાર્ય કે રાગાદિ વ્યવહાર વિકલ્પ જે ઉત્પન્ન થયો એની આદ્યમાં પુદ્ગલ છે, મધ્યમાં પુદ્ગલ છે, અંતમાં પુદ્ગલ (છે). બધામાં પુદ્ગલ છે. ભગવાન આત્મા એની આદિ-મધ્ય-અંતમાં છે એમ છે નહિ. આહાહા..! ભારે. કેવું હશે આ તો જૈનનું તત્ત્વ! આ જૈનદર્શન કેવું? લોકોને જૈનદર્શન સાંભળવા મળે નહિ

અત્યારે. કહો, સમજાય છે કે નહિ? પુસ્તક-બુસ્તક રાખ્યું છે ને ભાઈ? મથુરભાઈ! પુસ્તક છે ને?

મુમુક્ષુ :- દેવી પ્રસન્ન થઈ.

ઉત્તર :- દેવી ક્યાં પ્રસન્ન થઈ? ધૂળમાં? લે! એ ક્યાં દેવી માને છે? એ માનતા નથી કાંઈ. થોડું હશે. છે? નથી.

અહીં તો દેવ પ્રસન્ન થાય તો શું થાય અને પુદ્ગલ પ્રસન્ન થાય તો શું થાય એની વાત છે. આહાહા..! અરે..! ભગવાન! કહે છે કે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એકવાર તું સાંભળ તો ખરો. અરે..! તેં પરથી વિભક્ત અને સ્વથી એકત્વ એવી વાત સાંભળી નથી, હોં! આહાહા..! આહા..હા..! પુણ્ય-પાપના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભરાગ. કહે છે કે પ્રભુ એમ ફરમાવે છે. સાંભળ તો ખરો. એ શુભરાગની આદિમાં આત્મા નથી. એ શુભરાગની આદ્યમાં કર્મ, મધ્યમાં કર્મ અને અંતમાં કર્મ છે. આહાહા..! રાડ નાખી જાય એવું છે ને. કોઈ દિ' સાંભળ્યું ન હોય. હાય.. હાય..! આવું કેવું? સમજાણું કાંઈ?

ભગવાનની ખાણમાં શું રાગ ભર્યો છે આત્મામાં? એની ખાણમાં રાગ છે? એની ખાણમાં પુણ્ય-પાપના ભાવ ભર્યા છે અંદરમાં? એ તો આનંદકંદ જ્ઞાયકમૂર્તિ સિદ્ધ સમાન વસ્તુ છે. તો એ રાગની આદ્યમાં ભગવાન આત્મા, મધ્યમાં આત્મા, અંતમાં આત્મા? આત્મા છે જ નહિ. આહાહા..! પહેલા પરથી ભિન્ન કરવામાં વિકાર પોતાની પર્યાયમાં છે (એમ કહ્યું) એ તો પરથી ભિન્ન કર્યો. હવે તો અહીંયાં વિકલ્પથી ભિન્ન સ્વભાવ વસ્તુને ભિન્ન કરવી છે. તો વસ્તુ જેમ રાગથી ભિન્ન છે એવી દૃષ્ટિ થઈ અને એવો દ્રવ્યનો સ્વભાવ છે કે જે દ્રવ્યસ્વભાવ વસ્તુ ભગવાન આત્મા વ્યવહાર વિકલ્પમાં, શરૂઆતમાં આત્મામાં થોડી મદદ હતી, થોડો અંશ હતો તો રાગ ઉત્પન્ન થયો. તીર્થંકરગોત્ર જે ભાવથી બંધાય એ ભાવની આદિમાં ભગવાન આત્મા હતો, દ્રવ્ય-ગુણ-પર્યાયનો અંશ હતો, એમ છે જ નહિ. આહાહા..! એય..! શેઠી! આ જયપુરમાં શું તમે સંભળાવવા માગો છો ત્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. આજ આવ્યા હતા અંદર. માખણ ચોપડવા આવે છે. ત્યાં જુઓ બધું તૈયાર થાય છે, ઓલું આમ છે-આમ છે. થોડા દિવસ પડશે, આમ છે તેમ છે. એમ કહેવા આવે હળવે-હળવે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ તો પંડિતોના પાણી ઉતરી જાય એવું છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! તારી મુડી-પુંજી શું છે? આહાહા..! પાછું આદિમાં કર્મ છે તો કોઈ એમ લઈ લે કે વિકાર કર્મથી થયો છે એમ અહીંયાં વાત નથી.

મુમુક્ષુ :- એ તો પહેલામાં નકાર..

ઉત્તર :- હા, એ તો પહેલેથી નકાર કર્યો કે પોતાની પર્યાયમાં સ્વચતુષ્ટયમાં, પરચતુષ્ટયનો અભાવ છે. એ તો પહેલા (છે). પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાની અવસ્થા અને પોતાનો ભાવ, એમાં પરનો અભાવ છે, નિમિત્તનો એમાં અભાવ છે. તો કર્મથી થયું એમ નથી. નિમિત્ત છે. નિમિત્ત એને કહે છે કે એનાથી થતું નથી.

હવે અહીંયાં તો સ્વભાવમાં વિકાર નથી. વિકાર અને સ્વભાવ વચ્ચે અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? વિકાર, પુણ્ય-પાપના ભાવ, જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ, એનો સ્વભાવમાં અત્યંત અભાવ છે. તો કહે છે કે વિકારના પરિણામ, મહાવ્રતના પરિણામ, અણુવ્રતના ભાવ, પૂજા-ભક્તિના ભાવ એ '**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક...**' અંતર્વ્યાપક ભાષા છે પાછી. એમાં પેઠું છે, પ્રસર્યું છે. કર્મ વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' ગ્રહણ નામ પ્રાપ્ય. તે જ સમયની કર્મની તે જ પર્યાય ઉત્પન્ન થવાની હતી એ પર્યાયને ગ્રહણ કરી છે-પ્રાપ્ત કરી છે. આત્માએ તેને પ્રાપ્ત નથી કરી.

અહીં તો પૂછે છે કે એ સમયનું જ્ઞાન છે ને? એ પ્રકારનું જ્ઞાન. એ પ્રકારનું જ્ઞાન. તો એટલું જાણતાં આત્માને પરની સાથે કર્તાકર્મ છે કે નહિ? કે નહિ. સમજાણું કાંઈ? આત્મા વિના હાથ હલે? આત્મા વિના ભાષા કોણ બોલે? જીભ બોલે છે? એટલી ખબર નથી? તારો બાપ બોલે છે? એમ કહે એક જણો. એક જણે પૂછ્યું અહીંથી. અહીંથી આવ્યું ને, આ ભાષા આત્માની નહિ. એક સાધુને પૂછ્યું કે મહારાજ! આ ભાષા કોણ બોલે છે? તારો બાપ બોલે છે? તું બોલે છે. કોણ બોલે? અરે..! ભગવાન! તને ખબર નથી. મફતમાં મરી ગયો છે. એમ કહ્યું હોં. અહીંથી સાંભળીને ગયા કે ભાષા જડની અવસ્થા છે. એ જડના પરમાણુ એનો કર્તા છે, આત્મા નહિ. તો એણે સાધુને પૂછ્યું, મહારાજ! આ ભાષા કોણ બોલે? કહે, કોણ કરે છે? તારો બાપ કરે છે અહીં? તું જ કરે છો આ ભાષા. આહાહા..!

હમણા એકે પૂછ્યું હતું કો'કને ભાઈ હમણાં. ત્યારે કોણ કરે છે? આ જીભ કરે છે ખબર નથી? આ જીભથી ભાષા થાય. જીભ વિના ભાષા થાય? હવે સાંભળને જીભથી ભાષા નથી. આત્માની તો નથી, આ જીભ તો આહારક વર્ગણાની છે. ભાષાવર્ગણા ભિન્ન, આ વર્ગણા ભિન્ન છે. આહાહા..! આ જીભથી ભાષા નથી નિકળતી એમ કહે છે. ભાષાની પર્યાયમાં ભાષાની વર્ગણા રજકણ એની આદિમાં છે. જીવ આદિમાં નથી. અને ઇચ્છા થઈ તો ભાષાની પર્યાય થઈ, ઇચ્છા આદિમાં છે અથવા એ પ્રકારનું જ્ઞાન આદિમાં છે તો ભાષા થઈ એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

પુદ્ગલ જ પ્રત્યેક પર્યાય જે સમયે થવાની છે એને ગ્રહે છે. એમ અંતરમાં રાગાદિ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો એ અચેતન પુદ્‌ગલ એને ગ્રહણ કરનાર પ્રાપ્ય છે. એક બોલ થયો. એનો આત્મા જાણનાર છે. જાણનાર છે તો જાણનાર એનો કર્તા અને એ કર્મ એમ છે નહિ. અથવા રાગ જાણ્યો તો રાગ કર્તા અને જણાયેલો પરિણામ કર્મ છે એમ છે નહિ. એ વાત વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧૩, બુધવાર તા. ૧૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૬, પ્રવચન-૧૫૫**

કર્તા-કર્મ ચાલે છે. સૂક્ષ્મ તત્ત્વ છે. જરી સૂક્ષ્મ દૃષ્ટિમાં બરાબર લક્ષ વિના સમજાય નહિ એવી વસ્તુ છે. પહેલા શું કહે છે? જુઓ ટીકા. ભાષા .. ક્યાંય ન આવી હોય એવી ભાષા. '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય,...**' પહેલા શબ્દ છે ને? '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' એવા ત્રણ. વ્યાપ્ય નામ અવસ્થા. વ્યાપ્ય નામ પર્યાય, પર્યાય નામ દશા અથવા વ્યાપ્ય નામ કર્મ, કર્મ નામ કાર્ય. કર્મ એટલે આ જડકર્મ એમ નહિ. સમજાણું કાંઈ?

કોઈપણ પદાર્થમાં એક સમયમાં જે અવસ્થા થાય છે, અવસ્થા, એનું નામ વ્યાપ્ય છે. એ વ્યાપ્ય પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્ય લક્ષણવાળું એનું કર્મ છે. સમજાણું કાંઈ? પરમાણુ હો કે આત્મા હો. પ્રત્યેક પદાર્થ વર્તમાન અવસ્થારૂપ ધારણ કરે છે એ અવસ્થાને ત્રણ પ્રકારે જોવામાં આવે છે. એ અવસ્થા, એનું પ્રાપ્ય નામ વર્તમાન છે એને દ્રવ્ય પ્રાપ્ત કરે છે માટે એ અપેક્ષાએ પ્રાપ્ય. એ અવસ્થા પૂર્વની પલટીને થઈ છે એ અપેક્ષાએ એને વિકાર્ય કહે છે. અને એ અવસ્થા ઊપજી છે એ અપેક્ષાએ એને નિર્વર્ત્ય કહે છે. તો એ તો સર્વ પદાર્થનો સિદ્ધાંત સિદ્ધ કર્યો. સમજાણું કાંઈ?

જે પદાર્થમાં જે સમયે જે અવસ્થા થવાની છે એ જ એ પદાર્થનું પ્રાપ્ય-ગ્રહણ કરવા લાયક અને એ અવસ્થામાં જ એ પરિણમે છે અને એ અવસ્થારૂપ ઊપજે છે. એ વ્યાપ્ય ત્રણ થઈને એક જ છે. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણસ્વરૂપ પરિણામ. હવે અહીંયાં તો આત્માના લેવા છે. પહેલા બતાવે છે પુદ્‌ગલનું. આત્મા એનો જાણનાર છે. કોનો એ બતાવે છે.

આત્મા.. જ્યાં સુધી રાગ વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે... સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણ ચૈતન્યમય એવી જેની દૃષ્ટિ નથી એવો અનાદિ અજ્ઞાની, જે રાગ-વિકલ્પ છે એ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ જ્ઞાનસ્વરૂપનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ? શરીર, કર્મ, વાણી એ તો અજ્ઞાન (છે જ). અજ્ઞાન શબ્દે એમાં જ્ઞાન નથી. પણ અંદરમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ ઉત્પન્ન થાય છે એ પણ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ ચૈતન્યજ્યોત સ્વરૂપનો, એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય જ્ઞાયકનો, ચૈતન્યના કિરણના પ્રકાશનો જેમાં અભાવ છે. એવા જે પુણ્ય અને પાપ જે અજ્ઞાન છે. એમાં જે આત્મા, પોતાના જ્ઞાનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાય એમાં તન્મય થઈને આ હું છું એમ માને છે, એવા અજ્ઞાનીના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય અજ્ઞાનરૂપી રાગ કામ એનું લક્ષણ છે. ઈ કર્તાનું કર્મ છે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હજી આવશે. બીજું પાછું લાવવું છે ને. અહીં તો બીજું લાવવું છે. આ તો પહેલા બીજી વાત કરી. સમજાણું કાંઈ?

આમ ચૈતન્ય ભગવાન પ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશનો પુંજ આત્મા છે. સમજાણું કાંઈ? એ એને દેખે છે પણ દેખનારો કોણ છે એને જોતો નથી. અનાદિકાળથી એની દશામાં રાગ, પુણ્ય, પાપ અને શરીરાદિ અવસ્થા જોવામાં આવે છે. કેમ કે એની વર્તમાન દશા અંતર્મુખ નથી. વર્તમાન દશા બહિર્મુખ છે. વસ્તુ તો વસ્તુ છે, ચૈતન્યજ્યોત. પણ એની વર્તમાન દશા-હાલત-પર્યાય-અંશ, એનું વલણ અહીંયાં રાગ, વિકલ્પ, દયા, દાન, પુણ્ય, પાપ, શરીરની અવસ્થા, એ તરફ લક્ષ છે. એ તરફના લક્ષથી એ જ હું છું, એવી તન્મય વિકલ્પ નામ રાગથી તન્મય વર્તે છે. તન્મય નામ તે રૂપ વર્તે છે. તો એ અજ્ઞાનભાવ એનું પાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એનું કાર્ય છે. સમજાણું કાંઈ? આમાં શું કહે છે એ યાદ રાખવું. કેટલી વાત યાદ રાખે આમાં? અહીં તો હજી બીજી કહેવી છે, હોં અંદર.

ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ પ્રભુ, જે આત્મા જ્ઞાયક જ્ઞાનસ્વભાવથી તન્મય, એકરૂપ છે. એવું અંતરમાં જેને જ્ઞાન થયું નથી એવો અજ્ઞાની પોતાની જ્ઞાન વર્તમાન દશામાં, રાગ, વિકલ્પ, એમાં એકરૂપ, જે જ્ઞાનસ્વભાવ પર્યાય, અજ્ઞાનરૂપ રાગમાં તન્મય છે, એકરૂપ છે. તો એવા અજ્ઞાનીનું રાગ અને વિકાર જ વ્યાપ્ય લક્ષણ (છે). પ્રાપ્ય, વિકાર્ય અને (નિર્વર્ત્ય છે). એ જ સમયે તે જ રાગ ઉત્પન્ન થનારો એ પ્રાપ્ય, એ જ પૂર્વનો પલટીને વિકાર્ય અને એ જ ઊપજ્યો. એ અજ્ઞાનીનું કર્મ-વ્યાપ્ય તો વિકાર છે. સમજાણું કાંઈ? આહાહા..! ચાહે તો દિગંબર જૈન સાધુ હોય, અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય. અંતિમ ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો. પણ એનો રાગ અને વિકલ્પ છે-શુભ કે અશુભ, એ જ એનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એનું કામ છે. એ જ દુઃખરૂપ એનું કામ છે. સમજાણું કાંઈ? ..ચંદજી!

હવે અહીંયાં એમ કહે છે કે જે આત્મા ચૈતન્ય પ્રકાશબિંબ છે, એની વર્તમાન દશા જ્ઞાયક સ્વભાવ સાથે તન્મય થઈ. સમજાણું કાંઈ? જે વિકલ્પમાં તન્મય હતી એ અજ્ઞાનદશા, એ સંસારદશા, એ મિથ્યાત્વદશા, એ અનાદિથી નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ગયો તો એ જ દશા એણે કરી, એ દશાને પોતાની માનીને રખડે છે. રખડે સમજ્યાને? રુલતા હૈ. એ આત્મા વસ્તુ અખંડ આનંદ જ્ઞાયક ચૈતન્ય પોતાની વર્તમાન દશા, દશાવાનમાં એકાકાર થઈને, સ્વસન્મુખ થઈને તન્મય (થઈ), દશાને જ્ઞાયક સ્વભાવ સાથે તન્મય કરી, એનું નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને ધર્મ છે. સમજાણું કાંઈ? એ ધર્મ ધર્મીનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપી વ્યાપ્યલક્ષણવાળું કર્મ છે.

મુમુક્ષુ :- વ્યાપ્ય...

ઉત્તર :- વ્યાપ્ય એકને ત્રણ પ્રકારે જાણવું. ત્રણ નહિ. કર્મ ત્રણ નહિ, કાર્ય ત્રણ નહિ, અવસ્થા ત્રણ નહિ. અવસ્થા એક. એકને ત્રણ અપેક્ષાએ જોવી. છે એને પ્રાપ્ત કરે એ અપેક્ષા, પૂર્વથી પલટી, ઉત્પન્ન થઈ એ અપેક્ષાએ જોવી. સમજાણું કાંઈ? ભારે ભાઈ તત્ત્વ ઝીણું. આ માણસને બિચારાને .. અંતર વિચાર મનન શું ચીજ છે એ કરતા નથી. અને આ બહારમાં ગોથા ખાય અને એમાંથી ધર્મ થઈ જાય. પરથી ધર્મ ધૂળમાંય થતો નથી. સાંભળ તો ખરો.

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન સ્વરૂપ, એની વર્તમાન દશા, વર્તમાન દશા અંતરમાં વાળવાથી, અંતર્મુખ થવાથી જે દશા જ્ઞાયક સાથે તન્મય થઈ એ જ્ઞાન, એ દર્શન, એ શાંતિના પરિણામ એ આત્માનું ખરેખર તે જ સમયે, તે જ પર્યાયને પ્રાપ્ત થવાની પ્રાપ્ય હતું. તે જ સમયે પૂર્વની પલટીને વિકાર્ય છે, તે જ પર્યાય નવી ઊપજી... સમજાણું કાંઈ? (તે) નિર્વર્ત્ય છે. આવા ધર્મીને પોતાના ધર્મકાળની દશામાં પુદ્ગલના પરિણામને જાણે છે, તો જાણે છે... સવારે પ્રશ્ન કર્યો હતો કે આ જાણે છે. પહેલા તો એટલું કહ્યું હતું ૭૫ ગાથામાં કે

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

'**जाणदि**' એટલું કહ્યું હતું. ત્યારે પ્રશ્ન ઉઠ્યો કે જાણે છે એટલો સંબંધ રાગ સાથે, પુણ્ય સાથે અને પુદ્ગલની દશાને જાણે છે, એટલું '**जाणदि**' આવ્યું ને? '**जाणदि**' આવ્યું ને? તો જાણે છે, એ જાણવું કાર્ય આત્માનું. જાણવું, શ્રદ્ધવું એ સ્વભાવ સન્મુખ થયો એ કાર્ય પોતાનું. તો એને જાણે છે એમ આવ્યું ને? એને જાણે છે એમ આવ્યું તો એમાં આત્માનું જ્ઞાન કર્તા અને વિકારી પરિણામ કાર્ય એમ નથી. આહાહા..! અથવા એ વિકારી પરિણામ કર્તા અને પોતાના સ્વભાવનું જ્ઞાન થયું એ એનું કાર્ય એમ છે નહિ. નહિ, એમ નથી. સમજાણું કાંઈ? પાછળ છે ને?

'**પુદ્ગલકર્મને જાણતો હોવા છતાં...**' પ્રશ્ન થયો હતો ને ઉપર? '**जाणदि**' શબ્દ પડ્યો છે ને? તો '**जाणदि**' એટલું તો થયું કે નહિ? ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં તન્મય થઈને પોતામાં રહીને પોતાનું જ્ઞાન કરીને રાગાદિ પુદ્ગલના પરિણામનું જે જ્ઞાન કરે છે એટલું જાણવાનું કાર્ય થયું તો એ જાણવાના કાર્યમાં રાગ સાથે કર્મ સાથે કર્તાકર્મનો સંબંધ છે કે નહિ? નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનવામાં નહિ, છે જ નહિ અહીં તો. માનવામાં જ નથી. અહીં તો જ્ઞાનીની વાત કરી છે ને. પહેલા અજ્ઞાનીની વાત કરી.

અહીં તો હવે જ્ઞાન પોતાના સ્વરૂપનો, દૃષ્ટિમાં ચૈતન્યનો સ્વીકાર થયો કે હું તો જ્ઞાયક ચૈતન્ય છું. એવો પર્યાયમાં દ્રવ્યનો સ્વીકાર થયો તો એ તો ધર્મી થયો. ધર્મી થયો તો ધર્મની દૃષ્ટિવાનનું જ્ઞાન રાગાદિ જે થાય છે એને જાણે છે. જાણે છે તો જાણવામાં જાણવું એ કર્તા અને રાગ કર્મ એમ છે નહિ. અથવા વ્યવહાર વિકલ્પ કર્તા અને જ્ઞાન અવસ્થા ઉત્પન્ન થઈ એમાં એ રાગ નિમિત્ત થાય છે, રાગ નિમિત્ત થાય છે તો જ્ઞાતાના પરિણામનો રાગ કર્તા છે? કે નહિ. આહાહા..! ભારે ઝીણું, ભાઈ! નેમિદાસભાઈ! સમજાય છે કે નહિ આ? આવો ધર્મ વીતરાગનો ભારે ભાઈ. આહાહા..!

આમાં તો ઘણી વાત સિદ્ધ થાય છે. ખરેખર તો આમાંથી ક્રમબદ્ધ પણ સિદ્ધ થાય છે. પોતાનું જ્ઞાન પોતાની પર્યાય પોતા સ્વરૂપ તરફ ઢળી ગઈ તો જ્ઞાન તન્મય થયું. તો એ જ સમયમાં જ્ઞાનની પર્યાય પોતાને અને પરને જાણનારી પર્યાય થઈ તે જ પ્રાપ્ય, એ જ વિકાર્ય અને એ જ નિર્વર્ત્ય છે. અને તે સમયે સામે રાગાદિ (થાય) તે જ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે તેને જાણે છે. જ્ઞેય-જ્ઞાયક સ્વભાવ. આવ્યું છે ને ઓલામાં? જ્ઞેય-જ્ઞાયક... શું કહેવાય? પુસ્તક આવ્યું છે ને? જ્ઞાનસ્વભાવ-જ્ઞેયસ્વભાવ. એમાં આવી વાત છે. આહાહા..!

હવે અહીંયાં કહે છે કે ભગવાન આત્મા પરલક્ષે ઉત્પન્ન થયેલો જે રાગ, એ રાગથી ખસીને પોતાની જ્ઞાનપર્યાયને અંતર્મુખ વાળી. અંતર્મુખ થઈ તો રાગથી ખસી ગયો. અથવા એ રાગના ભાવનું, અહીંયાં જ્ઞાનમાં અંતર્મુખ થયો તો રાગના ભાવનું પરિણમન રહ્યું નહિ. સમજાણું કાંઈ? વસ્તુ આખી હતી એની એક સમયની દશા રાગને (અહઃપણે) જોતી હતી. વિકલ્પને, દયાને, દાનને, ભક્તિ અને પૂજાને, પુણ્ય-પાપને, વિષયના ભોગની વાસનાને. એમાં જે જ્ઞાનદશા તલ્લીન હતી એ તો મિથ્યાત્વ દશા છે, અધર્મદશા છે, દુઃખદશા છે, પરિભ્રમણના કાળની દશા છે. સમજાણું કાંઈ?

હવે એ ચૈતન્ય સ્વભાવ વસ્તુ આમ જે એની વર્તમાન દશા, શક્તિ સ્વતઃ ત્રિકાળ, પણ એની દશા જો સામે રાગાદિ પર બાહ્ય પદાર્થ, એમાં લીન અને એકત્વ હતી, તે જ જ્ઞાનપર્યાય અભ્યંતર પદાર્થ પોતાનો શુદ્ધ ચૈતન્ય એમાં દૃષ્ટિ લીન થઈ, એવો જ્ઞાની, એવા જ્ઞાનીનું જ્ઞાન ... રાગાદિને જાણે છે. જાણે છે તો એ બેમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ તમે કહ્યો, પણ કર્તાકર્મ સંબંધ છે કે નહિ? **'जाणदि'** એમ કહ્યું તો જાણનારી નૈમિત્તિક દશા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગાદિ થયો એ નિમિત્ત. એ તો તમે કહ્યું. એમ છે તો એમાં કર્તાકર્મ છે કે નહિ? ઈ બીજી વાત કહે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ બીજી ચીજ છે અને કર્તાકર્મ સંબંધ બીજી ચીજ છે. સમજાણું કાંઈ?

અરે..! એ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ ભગવાન આત્મા, એના સ્વરૂપમાં પોતાની દશા, પોતાની વર્તમાન હાલત-દશા ગુમ કરી એકત્વ અંતર્મુખ થયો તો કહે છે કે એ આત્મા ધર્મી થયો, જ્ઞાની થયો. ધર્મની પ્રગટ વ્યક્ત અવસ્થામાં શાંતિ, શ્રદ્ધા આદિ પ્રગટ થયા. તો એવો ધર્મી જીવ ધર્મની પર્યાય, જ્ઞાનની પર્યાયકાળમાં, તે જ કાળે રાગાદિ આવે છે, વિકલ્પ દયા-દાનને એ જાણે છે. એમ જ જાણે છે. જો એમ જાણે છે તો એમાં કોઈ કર્તાકર્મ છે કે નહિ? સમજાણું કાંઈ? મલૂકચંદભાઈ! આ બહુ ઝીણું છે. બરાબર હળવે હળવે આવ્યું. પાછું પૂછે તો? હજી ઓલો ત્યાં રસ છે ને પૈસામાં. આહાહા..!

આમ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. કહે છે કે, ભગવાન આત્મા પોતાની નિજ પુંજી સર્વજ્ઞ સ્વભાવ, એનો જ્યાં અંતર દશા પર્યાયમાં સ્વીકાર થયો. એ સ્વભાવનો સ્વીકાર કહો કે દ્રવ્યનો અંતર્મુખમાં એની રુચિનો અનુભવ થયો. સમજાણું કાંઈ? તો એનું નામ ધર્મદશા થઈ. તો ધર્મદશામાં જ્ઞાનપ્રધાનથી અહીંયા કથન છે. તો એ જાણનાર આત્મા પોતાને તો જાણે છે. એ તો તન્મય થઈને જાણે છે. અને રાગાદિ થયા એને જાણે છે પણ તન્મય થઈને નથી જાણતો. પણ જાણે છે. જાણે છે તો એમાં કોઈ એવો સંબંધ આવે કે રાગ છે તો જ્ઞાન થયું જ્ઞાન છે રાગ થયો, એવું કાંઈ છે? આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' ભાષા દેખો. કર્તા કોણ? પુદ્ગલ. પરમાણુ જડ, અજીવ એ પ્રાપ્ય. એ સમયે થનારી અવસ્થા એને પુદ્ગલ ગ્રહણ કરે છે, પહોંચી વળે છે. તે જ પર્યાય પૂર્વની અવસ્થા બદલીને એ પર્યાય થાય છે તો વિકાર્ય. અને એ પર્યાય પૂર્વમાં નહોતી અને નવી થઈ એ અપેક્ષાએ નિર્વર્ત્ય.

'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' પુદ્ગલ જડ, એના વિકારી પરિણામ એનું કાર્ય, તે જ સમયે એ જ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એની અવસ્થા લક્ષણવાળું એનું કાર્ય છે. એ કર્તા કોણ? પુદ્ગલ. એનું કાર્ય. વ્યાપક કોણ? પુદ્ગલ. એનું એ વ્યાપ્ય. અવસ્થાવાન કોણ? પુદ્ગલ. એની અવસ્થા. પરિણામી કોણ? પદાર્થ. એના એ પરિણામ. આહાહા..! સમજાણું કાંઈ? '**પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ...**' કર્મ નામ ખુલાસો કર્યોને કૌંસમાં? '**(કર્તાનું કાર્ય),...**' કરનારનું કર્તવ્ય, કર્તવ્ય નામ કામ. સમજાણું કાંઈ? શરીર, વાણી આ તો જડ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એની અવસ્થા થાય છે. જુઓ! તો એનું પ્રાપ્ય લક્ષણવાળું કાર્ય છે. જડનું કાર્ય. આત્માનું કાર્ય નથી. આત્મા છે માટે આમ થાય છે એમ ત્રણ કાળમાં નથી. અહીંયાં તો સત્ સત્ પોતાની પર્યાયપણે પ્રાપ્ત. એ પર્યાય જે થવાની છે તે સમયે, એને પરમાણુ પ્રાપ્ય નામ ગ્રહે છે. છે એને ગ્રહણ કરે છે તો એ સમયનું એ જ સત્ પ્રાપ્ય છે. વ્યાપક પરમાણુનું એ જ સ્વયં પર્યાય વ્યાપ્ય છે. તો એ સમયમાં ખરેખર પુદ્ગલ વ્યાપક છે તો રાગ-દ્વેષ-પરિણામ દયા-દાન વિકલ્પ (થયા) એનું એ ખરેખર વ્યાપ્ય છે. કેમ કે અજ્ઞાન (છે), જેમ જડ અજ્ઞાન છે, એમ વિકારી પર્યાય અજ્ઞાન છે. એમાં જ્ઞાન છે નહિ. તો અજ્ઞાની પરિણામ, અજ્ઞાની પદાર્થ વ્યાપક થઈને અજ્ઞાનરૂપ અવસ્થા એનું વ્યાપ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય તત્ સ્વરૂપ.

અત્યારે અહીંયાં તત્સ્વરૂપ. ભગવાન સાથે તત્સ્વરૂપ નહિ. આહાહા..! એક કોર પ્રભુ આત્મા રામ અને એક કોર ગામ. ભગવાન ચૈતન્યપુંજ આત્મા, ચૈતન્યનો પુંજ, સમૂહ અને એક બાજુ પુણ્ય-પાપ, વિકલ્પ, શરીર, વાણી, કર્મ બધું. એ બધામાં અજ્ઞાન છે. એમાં જ્ઞાનની દશા નથી. માટે પુણ્ય-પાપ, દયા-દાનને અને શરીરની અવસ્થા અને કર્મને એ બધામાં અજ્ઞાનભાવથી પરિણમતા પુદ્ગલો અને એના પરિણામ અજ્ઞાનભાવ એનું કાર્ય. એ કર્તાનું કાર્ય. નેમિચંદજી! સમજાણું કાંઈ?

'**તેનામાં...**' તેનામાં એટલે શું? પુણ્ય-પાપના ભાવમાં અથવા પુદ્ગલના પરિણામમાં અથવા જડની વર્તમાન થનારી દશામાં, જે દશા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લક્ષણવાળી વ્યાપ્ય દશા છે, એ વ્યાપ્ય નામ પર્યાયમાં-કર્મમાં-કર્તાના કાર્યમાં કર્તા જે પુદ્ગલ દ્રવ્ય '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' એ પુદ્ગલ જડ પોતે અંતર્વ્યાપક થઈને. એ સ્વયં અજ્ઞાનપદાર્થ છે એ અજ્ઞાનમાં અંતર્વ્યાપક પર્યાયમાં થઈને '**આદિ-મધ્ય-અંતમાં...**' આ શરીરની જે અવસ્થા થઈને અહીંયાં જુઓ આ. એ અવસ્થાની આદિમાં રજકણ છે. એની આદિમાં જરીયે ઈચ્છા અને જ્ઞાનની પર્યાયનું પ્રેરક છે એમ છે નહિ. અહીં તો ઈચ્છા-બિચ્છાને પણ પરમાં નાખી દીધી છે. સમજાણું કાંઈ? શરીરની આવી અવસ્થા થાય છે, એ પ્રાપ્ય. તે જ સમયમાં તે પર્યાય થવાની હતી, રાગ પણ એ જ સમયમાં થવાનો હતો. તો બેય જડ છે. તો જડનું પ્રાપ્ય એ પર્યાય એ જ સમયે છે. અને વિકાર પૂર્વનો પલટીને થયો અને નિર્વર્ત્ય પણ થયું. એ પુદ્ગલ દ્રવ્ય પોતે એમાં અંતર-અંતરમાં જઈને વ્યાપીને આદિ-મધ્ય-અંત. પુણ્ય-પાપના ભાવ અને દેહની અવસ્થાની આદિમાં જડ છે. એની આદિમાં જ્ઞાનની પર્યાય છે તો આ પુદ્ગલની પર્યાય થઈ એમ આદિમાં છે જ નહિ. સમજાણું કાંઈ? પુદ્ગલ જ વ્યાપક છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાન અજ્ઞાનમાં વ્યાપક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ અજ્ઞાન પુદ્ગલ છે તો રાગાદિ અજ્ઞાનમાં એ વ્યાપક છે.

આત્મા ભગવાન રાગથી ભિન્ન થઈને પોતાની પર્યાયને આત્મામાં તન્મય કરી. એ રાગથી તન્મય નથી, તો રાગથી તન્મય તો પુદ્ગલ છે. આહાહા..! ભારે ઝીણું! સમજાણું કાંઈ? કેમ કે આત્મા વસ્તુ ચૈતન્યમૂર્તિ એની દશાને દશાવાનમાં ઝુકાવી તો રાગના અભાવરૂપ પરિણમન થયું. એમાં તો રાગના-પુણ્યના વિકલ્પની અભાવરૂપ દશા થઈ. (એ) અભાવરૂપ દશા (છે તો) સદ્ભાવ કોણ? એની અભાવરૂપ (દશા થઈ) તો સદ્ભાવ કોનો? કે આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા, આત્માની શાંતિ અને એ રાગાદિનું જ્ઞાન પોતાની પર્યાય, એ તેનું કાર્ય છે, એમાં એ પરિણમન કરે છે. રાગાદિમાં નહિ. ત્યારે રાગાદિનું તો જ્ઞાન કરે છે. તો એ રાગાદિ છે કોણ? કે પુદ્ગલ અંદર વ્યાપક થઈને પેસીને શરૂઆતમાં એ, મધ્યમાં એ અને અંતમાં એ (પરિણમે છે). આહાહા..! બહુ સૂક્ષ્મ વાત છે, રામસ્વરૂપજી! ..માં કઠણ પડે મોટા માંધાતાને પણ.

અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી પહેલી પર્યાય તો અજ્ઞાનમાં, રાગમાં વ્યાપક અને વ્યાપ્ય (થતી હતી) એ તો અજ્ઞાનપણે છે. સમજાણું કાંઈ? તારો ચૈતન્ય ભગવાન, એને જ્યાં (સુધી) જોયો નહિ, જાણ્યો નહિ, દૃષ્ટિમાં લીધો નહિ અને પોતાની દશાને દશાવાનમાં વાળી નહિ ત્યાં સુધી તો તારું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય તો વિકારી પરિણામ હતા. ઉદયભાવ, વિકાર એ તારું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય હતું. તે જ સમયે એ જ ધ્રુવ, એ જ વિકાર્ય અને એ જ નિર્વર્ત્ય. ઈ તારું હતું. હવે અહીંયાં વસ્તુ આત્મા છે એ વિકારરૂપ છે? વિકાર તો એક સમયના અંશમાં અજ્ઞાનભાવમાં ગયો. સમજાણું કાંઈ?

પોતાનો ભગવાન પર્યાયમાં, અવસ્થામાં રાગ સાથે તન્મય હતો ત્યાં સુધી તો એનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તો વિકારી કાર્ય હતું. એ તો સંસાર હતો. એ જડ અજ્ઞાનભાવ સંસાર છે. અજ્ઞાન નામ આત્માનું જ્ઞાન અને આનંદ એમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! હવે જ્યારે એ જ્ઞાનદશા પોતાની નિજ ચીજમાં અંતર્મુખ થઈ તો એવો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પુદ્ગલના પરિણામને જાણે છે. તો એ પુદ્ગલ પરિણામ કેવા છે એની પહેલી વ્યાખ્યા કરે છે. શેઠી! જયપુરમાં કોઈ દિ' સાંભળી નહિ હોય આટલા વર્ષમાં. મોટા અગ્રેસર ત્યાં શેઠિયા કહેવાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસ્તિથી બોલનારા છે. નાસ્તિથી બોલે એવા નથી. મીઠાલાલ છે ને મીઠાલાલ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નાસ્તિથી નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન! તું ભુલ્યો તો તારી દશામાં વિકારનું કામ તારું થયું. અને તારી ભૂલ ભાંગી તો તારી દશામાં સ્વપરપ્રકાશનું જ્ઞાનનું કાર્ય તારું થયું. એમાં પર ચીજને જાણે છે, એ પરચીજ કેવી છે એની પહેલી વ્યાખ્યા કરે છે. એને જાણે છે. જાણવા છતાં કર્તાકર્મ નથી. એ પહેલા સિદ્ધ કરે છે. તો કઈ ચીજને જાણે છે? કેવી ચીજને જાણે? એ ચીજમાં આદિ-મધ્ય-અંતમાં કોણ છે? જાણનાર આત્માએ રાગને જાણ્યો તો રાગની આદિમાં-મધ્યમાં-અંતમાં આત્મા છે? આત્માની કોઈ જ્ઞાનપર્યાય છે? ના. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...પર્યાયને પુદ્ગલ કહ્યું?

ઉત્તર :- પુદ્ગલની કહી અહીંયાં. પુદ્ગલ જ્ઞાન ચૈતન્ય જ્યોતમાં છે ક્યાં? ચૈતન્ય સૂર્યમાં... સૂર્યમાં અંધારું હોય? સૂર્યમાં અંધારું હોય? સૂર્ય પોતાના પ્રકાશરૂપે પરિણમે કે અંધારારૂપે પરિણમે? રાજારામજી! અહીં તો ભગવાન તારી ચીજ શું છે એ કહે છે. આહાહા..! સૂર્ય અને અંધારાને કેટલો મેળ છે? જ્યાં સૂર્ય ત્યાં અંધારું નહિ, જ્યાં અંધારું ત્યાં સૂર્ય નહિ. એમ ભગવાન ચૈતન્યસૂર્ય પ્રકાશનું બિંબ એવું ભાન થયું એ સૂર્યના કિરણમાં શું આવ્યું? કે પોતાના જ્ઞાતાપણાના પરિણામ અને જે રાગાદિ છે એને (જાણવાના) પરિણામ એ ચૈતન્યના સૂર્યના પ્રકાશના પરિણામ છે. એ પરિણામ અંધકાર નામ રાગને જાણે છે એટલા સંબંધમાં ત્યાં કર્તાકર્મ સંબંધ છે કે નહિ, નિમિત્ત સંબંધ થયો તો? ઈ વાત કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આમાં તો સાદી વાતથી સમજવું. ઝીણું તો છે, ભાઈ! ઝીણું કહીને ટાળી દે એ તો અનંતકાળથી એમ ટાળ્યું છે. અનંત કાળથી નવમી ગ્રવૈયક ગયો, અનંત વાર નવમી ગ્રૈવેયક (ગયો ત્યારે) અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો અને શરીરને જીર્ણ-ખંડ ખંડ કરે તો ક્રોધ ન કરે, એટલી તો ક્ષમા શુક્લલેશ્યામાં કરી. શુક્લલેશ્યા એટલી શુક્લલેશ્યા આમ ક્ષમા. કોઈ મારે, કટકા (કરે), ભાઈ! ... આ મારા કર્મનો ઉદય છે. એ તો નિમિત્ત છે. સ્થૂળ દૃષ્ટિ રાગ ઉપર એકત્વ છે. સમજાણું કાંઈ? રાગના અંધકારમાં ચૈતન્યપ્રકાશ અટવાઈ ગયો છે, રોકાઈ ગયો છે. અટવાઈ ગયો કહે છે ને? રૂક ગયા, રૂક ગયા. સમજાણું કાંઈ?

આ ગાથાઓ તો આખા જૈનદર્શન અને વસ્તુ દર્શનની કાતળી છે. આ ૭૫, ૭૬, ૭૭, ૭૮ અને ૭૯ વસ્તુના પરમાર્થ દર્શનના મર્મનો ગર્ભ છે. આહાહા..! કહો, ભીખાભાઈ! કહે છે, ભગવાન! તું કેવો છો? તું શું છો? તું કોણ છો? તું રાગ છો? શું તું કર્મ છો? શું તું શરીર છો? શું તું દયા-દાનનું પરિણામ તારું રૂપ છે? તારું રૂપ હોય તો એમાંથી નીકળે નહિ. તારું રૂપ હોય એ નિકળે નહિ. તારું રૂપ તો જાણવું-દેખવું એ તારું રૂપ છે. આહાહા..!

તારું રૂપ સ્વરૂપ.. તારું રૂપ સ્વરૂપ જાણવું-દેખવું છે. તો જાણવા-દેખવાના પરિણામ પોતાને જાણે, બીજી ચીજને જાણે. તો બીજી ચીજને જાણે એમાં રાગાદિ દયા, દાન, વ્રતના પરિણામને જાણે. તો જાણવામાં એ રાગની આદિમાં આત્મા છે? જ્ઞાનની પર્યાય છે કે નહિ? કે ના. કહો, હવે આવ્યું કે નહિ બરાબર? જ્ઞાનચંદજી! જ્ઞાનચંદજી સવારમાં પ્રશ્ન કરતા હતા. કીધું, આવા ડાહ્યા માણસ હોશિયાર ઈ પ્રશ્ન કરે? કે આમાં ૭૬માં શું આવ્યું? કીધું કહ્યું નહોતું? કહ્યું નહોતું?

આત્મા રાગાદિને જાણતો રાગની સાથે કારણ-કાર્ય રચનાર અને રચે એવો સંબંધ છે કે નહિ? એ વાત તો કાલે કહી હતી. રસ્તામાં પહેલા જતી વખતે કહી હતી. વળતા વળી પાછો પ્રશ્ન પૂછ્યો. ત્યારે તમે નહોતા, જયકુમારજી. પૂછ્યું હતું. કહો, સમજાણું કાંઈ? આહાહા..! તારા પગલા, તારું સોપાન શું? રાગ-પુણ્ય-પાપ એ તારું સોપાન છે? એ તારું પહેલું પગથિયું છે? પહેલું પગથિયું પહેલું શું સમજ્યા? શરૂઆતનું પહેલું પગથિયું છે તારું? રાગની શરૂઆતનું પહેલું પગથિયું. એને તો પુદ્ગલ છે એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ?

કહે છે કે એ પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ અર્થાત્ પુદ્ગલ કર્તાનું કાર્ય, એમાં પુદ્ગલ જડ પોતે (વ્યાપક છે). આત્માના જ્ઞાન-દર્શન-આનંદની અવસ્થાની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? અહીંયાં ચારિત્ર હીણું છે, અહીંયાં ચારિત્ર હીણું છે તો રાગ થયો એવી કોઈ અપેક્ષા છે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ? આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ, એનું જ્ઞાન, એની પ્રતીત અનુભવમાં અને આચરણ. તો આચરણમાં કમી છે તો રાગ થયો એટલી અપેક્ષા અહીંયાં ચારિત્રની ઓછપની અપેક્ષા રાગને છે કે નહિ? ના. એમ કહે છે અહીં તો. વાત ઈ કહેવી છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો જ્ઞાન અને જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ બતાવવો છે. અહીં એ કહેવું નથી કે રાગ છે તો ઝેર છે અને નુકસાનકારક છે, એ તો ચારિત્રની સ્થિરતા બતાવવી હોય એ વખતે (કહેવાય). સમજાણું કાંઈ? અહીંયાં તો રાગ આવે છે તો પોતાના ચારિત્રની ખામી છે. ચોથે, પાંચમે. તો ખામીની એટલી અપેક્ષા રાખીને આ રાગ થયો છે એમ છે કે નહિ? બિલકુલ અપેક્ષા નથી. આહાહા..! એ રાગ વ્યવહાર વિકલ્પ જે પંચ મહાવ્રતાદિનો આવ્યો, સમજાણું કાંઈ? અને શાસ્ત્ર સંબંધીનો વિકલ્પ જ્ઞાનનો આવ્યો અને નવ તત્ત્વની ભેદની શ્રદ્ધાનો રાગ, એ રાગને ભગવાન આત્મા પોતાની પર્યાયથી તન્મય છે આત્મામાં, તો એમાં જ્ઞાનની અને સ્થિરતાની નબળાઈ છે એટલી અપેક્ષા રાખીને રાગ થયો છે કે નહિ? કહે છે, નહિ. એટલી અપેક્ષા નથી. એ તો સ્વયં રાગના પરિણામ વર્તમાનમાં વિકારીભાવ (થાય) એની આદિમાં કર્મ જ શરૂઆતમાં હતા અને કર્મ જ મધ્યમાં અને અંતમાં છે. સમય તો એક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ છે, હોં! પાછા ત્રણ સમય નથી. જેમ પેલા પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યનો સમય એક છે. સમજાણું કાંઈ? એમ આદિ-મધ્ય અને અંતમાં સમય એક છે. આહાહા..! ગજબ કામ કરે છે ને પણ. આચાર્યે કાંઈ ટીકા કરી છે ને! વસ્તુની સ્થિતિને કઈ રીતે ખડી કરી છે.

ભાઈ! તેં ભગવાન આત્મા કોણ છે એનો તને કદી ખ્યાલ નથી આવ્યો. અને એ જ્ઞાન થયા વિના મરી જાય બીજી ક્રિયાકાંડ કરીને મરી જાય, તો તારું કલ્યાણ કદી થતું નથી. કેમ કે રાગાદિ ક્રિયા એ અજ્ઞાનભાવ છે એ તારી જ્ઞાનની ક્રિયા નથી. સમજાણું કાંઈ? કહે છે, ભારે આ તો. આવું ક્યાં? એક જણો કહેતો હતો સમયસાર જોયું છે ને. સમયસાર વાંચ્યું. એક પંડિતે કહ્યું. ત્રણ વાર વાંચ્યું. તો નક્કી થયું કે વિકાર તો કર્મથી થાય છે, ચાલો. એક કોર ગોમ્મટસારમાં એમ આવે કે મોહકર્મના ઉદયથી મિથ્યા ચારિત્રમોહથી રાગ (થાય). અહીંયાં કહે કે પુદ્‌ગલના પરિણામ (છે). દૃઢ થઈ ગયું, જાવ. વિકાર અમારું કાર્ય નથી. પણ કઈ અપેક્ષાએ અહીંયાં વાત છે? સાંભળ તો ખરો. ગોમ્મટસારમાં તો, તારી પર્યાય તારાથી થાય તો એમાં નિમિત્ત કોણ એનું જ્ઞાન કરાવ્યું. અને અહીંયાં છે ઈ તો તારી સ્વરૂપ દૃષ્ટિ થઈ, જ્ઞાતાની દૃષ્ટિ (થઈ), તો સ્વભાવ દ્રવ્ય-ગુણમાં તો વિકાર થવાની શક્તિ છે જ નહિ. દ્રવ્ય-ગુણમાં શક્તિ નથી. પોતાના દ્રવ્ય-ગુણ શુદ્ધ છે એમાં આત્મા તન્મય થયો તો રાગ ઉત્પન્ન દ્રવ્ય-ગુણથી થાય એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અને દ્રવ્યદૃષ્ટિ થઈ, પર્યાય જ્ઞાયકમાં વળી તો રાગનો અભાવ થઈને વળી છે. રાગનો અભાવ થઈને વળી છે તો જ્ઞાનની પર્યાયથી રાગ થયો, સ્થિરતાની પર્યાય થોડી છે તો રાગ થયો એવો એને સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોને? અહીં વાત શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત નહિ. હજી સમજ્યા નથી કાંઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી સમજ્યા. જરીયે નથી સમજ્યા. કર્મ-ફર્મનો ઉદય નહિ. કર્મ જ રાગ છે અહીંયાં તો. આત્મા છે જ નહિ એ. આ શું કહે છે? નથી સમજ્યા કહ્યું ને. ઘણું ધ્યાન રાખો. બે-ત્રણ ન્યાય આપ્યા પણ પકડી શકતા નથી. સમજાણું કાંઈ? અહીં તો ઠપકો મળે. શોભાલાલજી! તમારા દીકરા તો થોડો ઠપકો આપે, અહીં તો ઘણો મળે. અરે..! ભગવાન તું સાંભળ તો ખરો, પ્રભુ! કઈ રીતે કહે છે એ પણ ખ્યાલમાં ન આવે તો ખ્યાલ અંતરમાં પલટીને કેમ જાશે? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો ભગવાન આત્મા પ્રકાશ, ચૈતન્ય પ્રકાશનો પુંજ છે. એવી અંતર્મુખમાં પ્રતીત-અનુભવ થઈને થઈ તો એના આત્મામાં દ્રવ્ય-ગુણમાં અને પર્યાયમાં રાગનું અસ્તિત્વ છે એ છે જ નહિ. અહીં અસ્તિત્વ જીવ-અજીવમાં આવે છે. પણ અહીંયાં તો અસ્તિત્વ નથી તો એનું કાર્ય આત્માનું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો કહ્યું. (રાગ-આત્માનું) કાર્ય નહિ કહ્યું ને. તેથી કહ્યું કાર્ય નહિ. એમાં (આત્મામાં રાગનું) અસ્તિત્વ નથી. જીવ-અજીવ અધિકારમાં (આત્મામાં-રાગનું) અસ્તિત્વ નથી. અહીં કહે છે, અસ્તિત્વ નથી તો એનું કાર્ય નહિ. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. એય..! મલૂકચંદભાઈ! ત્યાં રૂપિયા ઉઘરાવીને મંદિર-બંદિર કરવું સહેલું છે એવું નથી. આ તો બહુ ઝીણી વાત છે. આહાહા..! અરે..! પ્રભુ! ભાઈ! તને સત્યની રીત પણ સમજાય નહિ, સત્યની રીત પણ સમજાય નહિ તો સત્યનો પંથ કઈ રીતે લે? આહાહા..! સમજાણું કાંઈ? એ યથાર્થ સત્... સત્... સત્... સત્... એ સત્‌ની શું રીત છે? શું કળા છે? શું માર્ગ છે? એનો ખ્યાલ પણ સમજાય નહિ તો સત્‌નું શરણ કેમ લે? કઈ રીતે લઈ શકે? આહાહા..! અને એ લીધા વિના તને ક્યાંય સુખ અને શાંતિ નથી. આહાહા..!

અહીં તો કહે છે કે કે પુદ્‌ગલથી જે પુણ્ય પરિણામ થયા, એમાં અંતર્વ્યાપક પુદ્‌ગલ છે. કેમ કે એ તો દુઃખદશા છે. ભગવાન આત્મા દુઃખસ્વરૂપ નથી. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે. તો આનંદસ્વરૂપનું જ્યાં ભાન થયું ત્યાં દુઃખરૂપ પરિણામ એમાં છે અને દુઃખ પરિણામનું કાર્ય એનું છે, એ આવ્યું ક્યાંથી? એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બહુ ધ્યાન રાખે તો પકડાય. સમજાય છે? આ તો વાર્તા નથી કે એક વાત યાદ કરી લે, જાવ.

ભગવાન આત્મા ચૈતન્યનું નૂર, પુર, ભરપુર ભરેલો છે પ્રભુ. એવું અંતરમાં તન્મય જ્ઞાન થયું તો શું રહ્યું? રહ્યો ભગવાન આત્મા. થયું શું? એ જાણવાની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય થઈ. તો અહીંયાં જ્ઞાનની પ્રધાનતાથી કથન કરવું છે કે, તો આ રાગાદિ છે તો એમાં જ્ઞાનની પર્યાય થઈ એની શરૂઆતમાં કોઈ મંદ છે ત્યાં તો તેને કારણે રાગ છે કે નહિ? સમજાણું કાંઈ? નહિ, ઈ છે જ નહિ. પોતાના અસ્તિત્વમાં નથી. અસ્તિત્વમાં તો પરિપૂર્ણ શુદ્ધતા જ ભરી છે. તો પરિપૂર્ણ શુદ્ધતાની દૃષ્ટિમાં અશુદ્ધતાની શરૂઆત પોતાની પર્યાયથી થઈ છે એમ છે નહિ. ભગવાન આત્મામાં શુદ્ધ પર્યાય જે થાય છે એની આદિમાં આત્મા છે. એ રાગ, વ્યવહારરત્નત્રયના રાગનું જ્ઞાન જે પોતામાં થઈને સ્વપરને જાણે છે

એ જ્ઞાનપર્યાયની આદિમાં આત્મા છે, એ જ્ઞાનપર્યાયની મધ્યમાં આત્મા છે, જ્ઞાનપર્યાયના અંતમાં આત્મા છે અને એ એનું વ્યાપ્યલક્ષણરૂપ કર્મ છે. સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ ટીકા તે ટીકા પણ! મુનિએ જંગલમાં રહીને... કહો, સમજાણું કાંઈ?

એ પુદ્‌ગલદ્રવ્ય. ઓલા પરિણામમાં હોં! કર્તાના કાર્યમાં. કર્તા કોણ? કે પુદ્‌ગલ. એ નિમિત્ત નહિ. શેઠી! પૂર્વનું પકડી રાખ્યું હોય કર્મ નિમિત્ત અને વિકાર. એમ નહિ, ભાઈ! અહીં તો અશુદ્ધ ઉપાદાનની પર્યાય શુદ્ધ ઉપાદાનનું કાર્ય નથી એમ સિદ્ધ કરવું છે. એ બધું પુદ્‌ગલ છે. આહાહા..!

'**પુદ્‌ગલદ્રવ્ય પોતે...**' પોતે. અહીંયાં આત્માનું જ્ઞાન થયું એ તરફનું અને પોતાનું જ્ઞાન, શ્રદ્ધા થઈ, શાંતિ થઈ એવો જ્ઞાયક, એના પરિણામની અપેક્ષા રાખ્યા વિના વિકારના પરિણામ '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' વિકારના પરિણામ પુદ્‌ગલ ગ્રહે છે. વિકારના પરિણામને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. એ જ વિકારના પરિણામ એ ધ્રુવરૂપ, એ સમયના નિશ્ચયરૂપ એને પુદ્‌ગલ ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ?

'**તે-રૂપે પરિણમતું...**' ગાથામાં ફેર હતો ને. મૂળ વસ્તુ આમ લેવી છે. ગ્રહણ કરે છે એમ પહેલા લેવું જોઈએ. પણ પદમાં એમ ન લઈ શકે. પદમાં તો પહેલા પરિણમન લીધું છે. '**ण वि परिणमदि ण गिह्णदि**' એ '**गिह्णदि**' વસ્તુમાં પહેલી સ્થિતિ છે કે રાગાદિને ભગવાન આત્મા ગ્રહતો નથી. પુદ્‌ગલ ગ્રહતું થકું. સમજાણું કાંઈ? એ પુદ્‌ગલનું કાર્ય છે. અજ્ઞાન છે ને? તો પુદ્‌ગલ અજ્ઞાની છે તો એનું અજ્ઞાન કાર્ય છે. ભગવાન જ્ઞાન છે તો જ્ઞાનના કાર્યમાં જ્ઞાન થવું જોઈએ. સમજાણું કાંઈ? સૂર્યના પ્રકાશના કિરણમાં અંધારું આવે? અંધારાને સૂર્યનો પ્રકાશ પ્રકાશે છે કે આ અંધારું છે અને હું પ્રકાશ છું. બરાબર છે? એમ ચૈતન્યસૂર્ય ભગવાન આત્મા દીપક મહા ચૈતન્ય ઝળહળતો સૂર્ય પ્રભુ આત્મા છે. ખબર ક્યાં ભાન ન મળે એને. એમ ને એમ આંધળા મૂઢ થઈને બહારમાં ભટક્યા કરે. એય..! શેઠ! હું વસ્તુ કોણ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અચેતન છે. રાગ પણ અચેતન છે. રાગ પણ અચેતન છે, એમાં જ્ઞાન નથી. એવી સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ભગવાન જ્ઞાનની પર્યાયમાં, ગુણમાં, દ્રવ્યમાં, પર્યાયમાં ચૈતન્યના અંશમાં રાગ છે? રાગ તો આસ્રવતત્ત્વ છે. જેમ કર્મ, શરીર અજીવતત્ત્વ છે એમ પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ છે, તો અજ્ઞાન તત્ત્વ છે, જ્ઞાનનો અંશ એમાં નથી. બેયને એકમાં નાખીને અજીવનું કાર્ય છે એમ કહ્યું છે. સૂક્ષ્મ વાત છે. કોઈ દિ' સાંભળી નથી એવી વાત છે. બે જ ભાગ. એક કોર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા અને એક બાજુ રામ અને એક બાજુ ગામ. સમજાણું કાંઈ?

કહે છે કે વિકારી જે ભાવ અને પુદ્‌ગલ એ બધું પુદ્‌ગલનું વ્યાપ્ય છે. એ પુદ્‌ગલે ગ્રહણ કર્યું છે. એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે. તે જ સમયે એ જ ધ્રુવ પુદ્‌ગલની પર્યાયનો અંશ એ જ સમયે છે. એ જ સમયે વિકાર્ય થયો પૂર્વની પર્યાય પલટીને. એ જ સમયે ઉત્પન્ન થયો. **'તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્‌ગલપરિણામને કરે છે;....'** કોણ? **'આમ પુદ્‌ગલદ્રવ્ય...'** બીજી લીટી. પહેલી લીટી-પુદ્‌ગલપરિણામરૂપ કાર્યમાં એ પુદ્‌ગલ દ્રવ્ય અંતર્વ્યાપક થઈને પુદ્‌ગલપરિણામને રચે છે, કરે છે, થાય છે. ભગવાન ચૈતન્યમૂર્તિ ભગવાનમાં છે નહિ. આહાહા..! અધ્યાત્મ ચીજ એવી સૂક્ષ્મ ચીજ છે. કહો, સમજાય છે કે નહિ? વાંચ્યું હતું કે નહિ એ પ્રકારે?

**'તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું,...'** એ રૂપે ઊપજતું થકું. હજી તો અહીંયાં શરીરની પર્યાય આત્મા કરે એવું લાગે. બહુ સ્થુળ તીવ્ર વજ્ર મિથ્યાત્વ. શરીરની પર્યાયનો.. આત્મા છે એ બોલે છે કે તારો બાપ બોલે છે? બાપ પણ નથી બોલતો અને આત્મા પણ નથી બોલતો. જડની પર્યાય બોલે છે. સાંભળ તો ખરો. તારા આત્માની અંદરમાં રજકણ પેઠા છે? અંદર છે તો અંદર ખાણમાંથી નીકળે? આ તો જેને શરીરની પર્યાયનું કાર્ય મારું, આ વાણીની પર્યાયનું કાર્ય (મારું, એમ માનનારને) વજ્ર મિથ્યાદૃષ્ટિ છે. વજ્ર.

મુમુક્ષુ :- ... વજ્ર...

ઉત્તર :- નહિ, છે. શાસ્ત્રમાં છે. શાસ્ત્રમાં સમ્યગ્જ્ઞાન દીપિકામાં છે. સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે છે વજ્ર મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રમાં બધા શબ્દો પડ્યા છે. આહાહા..! ભાઈ! એટલું છે .. સમજાણું કાંઈ?

કહે છે કે **'તે પુદ્‌ગલપરિણામને કરે છે;...'** કોણ? તે રૂપે ઊપજતું થકું કરે છે. પુણ્ય-પાપપણે ગ્રહે છે, પરિણમે છે અને ઉત્પન્ન થતો થકો તે રૂપે પુદ્‌ગલ પરિણામ એ કરે છે. કહો, સમજાણું કાંઈ? **'આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...'** આમ પુદ્‌ગલ દ્રવ્ય વડે કરવામાં આવતા **'પુદ્‌ગલપરિણામને...'** એ રાગ, વિકાર, પરિણામ, શરીરની અવસ્થાને, શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, રાગની અવસ્થા બધા પુદ્‌ગલ પરિણામ. **'આમ પુદ્‌ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...'** જુઓ! કાર્ય. પુદ્‌ગલ દ્રવ્ય કર્તા, કરવામાં આવતા પુદ્‌ગલ પરિણામ એ કાર્ય. એ કાર્યને **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** આવ્યું હવે.

**'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** એ વ્યવહારથી જાણે છે પરને. તન્મય થઈને નહિ. સમજાણું કાંઈ? ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની, રાગ અને પુદ્‌ગલની પર્યાયને એકરૂપ થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણતો નથી. એકરૂપ થઈને જાણે તો એક થઈ જાય. ઈ તો પૃથક્ થઈ ગયો છે. રાગ અને શરીરની અવસ્થાથી ભગવાન આત્મા દૃષ્ટિમાં પૃથક્ થઈ ગયો છે. તો પૃથક્ થઈ ગયો છે તો પૃથક્ ચીજને પોતામાં રહીને એ સંબંધીને જ્ઞાની જાણતો થકો. એ રાગને, વ્યવહારને... ઓહો..! ગજબ સ્થિતિ! ૧૧માં કહ્યું ને. ૧૨માં કહ્યું તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એ સિદ્ધાંતને વિશેષ સ્પષ્ટ કરે છે. મૂળ તો બીજડાં બાર ગાથામાં આવી ગયું છે બધું. સમજાણું કાંઈ? આખા સમયસારનું મૂળ બીજ ૧૨ ગાથામાં છે. પછી એનો વિસ્તાર છે. ભલે જીવ અધિકાર હોય. સમજાણું કાંઈ? પણ જીવના અસ્તિત્વમાં જે છે એનો એનો એ કર્તા થયો. અસ્તિત્વમાં નથી એનો કર્તા ક્યાંથી થાય? એનો વિસ્તાર છે આ. સમજાણું કાંઈ?

'**જ્ઞાની...**' અર્થાત્ ધર્મી અર્થાત્ આત્માની વર્તમાન દશાને દશાવાનમાં એકત્વ કરી છે એવો ધર્મી જીવ, ધર્મની ક્રિયાને કરનારો, ધર્મક્રિયા કોણ? કે જાણવું-દેખવું-શ્રદ્ધવું એ ધર્મક્રિયા. સમજાણું કાંઈ? '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' દેખો! હોવા છતાં કેમ લીધું? જુઓ! એ લીધું. એમ કે જાણે છે એટલો સંબંધ છે કે નહિ? તેથી 'હોવા છતાં' એમ લીધું છે. જ્ઞાની-ધર્મી જે પ્રકારના પુદ્ગલના પરિણામ થાય તેને સ્વતંત્ર કર્તા થઈને, પુદ્ગલ સ્વતંત્ર થઈને, કર્તા થઈને અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમા એ રાગમાં પ્રસરનાર છે, એ કર્તાનું કાર્ય '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' જાણતો હોવા છતાં, એટલાનું હવે દૃષ્ટાંત આપે છે.

'**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી છે ને? માટી, એ પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને. ઘડાને કરનારી માટી છે, ઘડાને કરનાર કુંભાર નથી. કુંભારની એ પર્યાય નથી. એ માટીની પર્યાય ઘડાની છે. આહાહા..! એય..! '**જેમ માટી પોતે ઘડામાં...**' ઘડાની વર્તમાન દશામાં, ઘડાની અવસ્થા થાય છે ને? '**અંતર્વ્યાપક થઈને,...**' અંતર્વ્યાપક થઈને માટી ઘડામાં પ્રસરીને પર્યાયરૂપ થાય છે.

'**આદિ-મધ્ય-અંતમાં...**' ઘડાની પર્યાયમાં માટી આદિમાં છે, કુંભાર આદિમાં નથી. કુંભારે આમ આમ હાથ કર્યો તો માટીની ઘડાની પર્યાય થઈ એમ નથી. આહાહા..! રાડ નાખે ને માણસ. સમજાણું કાંઈ? ઘડાનો આકાર થાય છે ને? આકાર થાય છે એમાં કુંભારની આંગળી શરૂઆતમાં આદિમાં છે કે નહિ? નહિતર આવી આકૃતિ ક્યાંથી થાય? ભલે રૂપાંતર માટીથી થાય. પણ એની આકૃતિની પર્યાયમાં તો કુંભારનો હાથ આમ લાગે.. આમ.. આમ.. (થાય) તો આદિમાં છે કે નહિ? કુંભારની આંગળી આદિમાં છે કે નહિ? છે ને? બસ. ઝોલા ખાતા ખાતા બોલે છે. આદિમાં નથી. ઝોલા ખાય છે. શું કીધું? સમજાણું કાંઈ? આંખ જરી ઘેરાઈ ગઈ હતી અને સમજવામાં એકાગ્રતા નહોતી તો હા પાડી દીધી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો કહે છે કે માટી પોતે ઘડામાં (અંતર્વ્યાપક છે). કુંભારનો હાથથી આમ શરૂઆત થઈ એટલે ઘડાની પર્યાય થઈ છે એમ નથી. લીધું ને આમાં? '**ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' ઘડાની પર્યાયમાં માટી આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. આહાહા..! '**ઘડાને ગ્રહે છે,...**' માટી પ્રાપ્ય. પ્રાપ્ય નામ એ સમયે ઘડાની પર્યાય સ્વયં વ્યાપીને વ્યાપકનું વ્યાપ્ય થાય છે. એવી ભાષા આવી હતીને પહેલા? પોતે. સ્વયં વ્યાપ્ય. આવ્યું ને? '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી કર્મ છે.**' એ ૭૫માં આવ્યું હતું. એમાં સ્વતંત્રતા બતાવી. સ્વયં પર્યાય વ્યાપ્ય છે. સ્વયં પર્યાય તે સમયની અવસ્થા વ્યાપ્ય છે. સમજાણું કાંઈ? માટી ઘડાની આદિમાં, મધ્યમાં. ૭૫માં છે. એ આવી ગયું. આદિ-મધ્ય-અંતમાં ઘડાની પર્યાયની શરૂઆતામાં માટી, મધ્યમાં માટી, અંતમાં માટી. (કુંભાર) શરૂઆતમાં છે એમ છે નહિ. કુંભાર આદિમાં છે એમ નહિ. કુંભાર ભિન્ન દ્રવ્ય છે. એની વિશેષ વ્યાખ્યા છે એ હવે આવશે. સમય થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભાદરવા વદ ૧૪, ગુરુવાર તા. ૧૩-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૬-૭૭, પ્રવચન-૧૫૬**

આ સમયસાર કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૬ ગાથા. ક્યાં સુધી આવ્યું છે? ખબર નથી. ઘડાનું દૃષ્ટાંત છે ને ઘડાનું? જુઓ! અહીંયાં શું કહે છે? કે ધર્મીજીવ આત્મા ધર્મરૂપ થયો અર્થાત્ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી, પુણ્ય-પાપના રાગથી ભિન્ન દૃષ્ટિનો અનુભવ થયો. ધર્મી એને કહે છે કે જેને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુભ-અશુભ રાગ અને કર્મથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપનું અંતરમાં જ્ઞાન થયું હોય અને શ્રદ્ધા થઈ હોય અને શાંતિ અંતરમાં થઈ હોય એને ધર્મી અથવા એ ધર્મીનો ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્ઞાની કહો કે ધર્મી કહો. ધર્મ એ પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની, અંતરમાં રાગમાં જે અનાદિકાળથી એકત્વબુદ્ધિ છે એ અધર્મ છે, અજ્ઞાની છે, અધર્મી છે, એ રાગથી એકત્વબુદ્ધિ પર્યાયબુદ્ધિ અંશબુદ્ધિને છોડીને ત્રિકાળ ચૈતન્ય આનંદ સ્વભાવ તરફ પોતાના આત્મામાં સ્વભાવની એક્તા, રાગથી પૃથક્તા અને સ્વભાવની એક્તા એવો અંતર અનુભવ થાય એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે અંશ અનુભવમાં આવે છે. એને જ્ઞાની કહે છે-એને ધર્મી કહે છે.

એ ધર્મી, પુદ્ગલ કર્મ જે સ્વતંત્ર જડ પુદ્ગલ છે એ સ્વતંત્ર કર્તા થઈને એના વર્તમાન વિકારના પરિણામ કે દેહની અવસ્થા કે કર્મની અવસ્થા, એ બધી અવસ્થાને પુદ્ગલ પ્રાપ્ય નામ તે સમયે ગ્રહે છે, એ સમયે તે રૂપે પરિણમે છે અને તે સમયે તે રૂપે ઊપજે છે. કોણ? પુદ્ગલ. (એવા) '**પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' રાગ, પુણ્ય-પાપના ભાવ કે શરીરાદિ અવસ્થા એ પુદ્ગલના પરિણામ છે. એને '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**' ધર્મી એને જાણે. મારા સ્વરૂપમાં રાગાદિનો અભાવ છે. અને મારા સ્વરૂપમાં આનંદ અને શાંતિનો ત્રિકાળ સદ્ભાવ છે. એમ પોતાને જાણતો, પુદ્ગલ પરિણામ જે સાથે એ સમયે થયા, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, એ બધા પુદ્ગલના છે અહીં તો, આત્માના નહિ. (તેને) '**જ્ઞાની જાણતો હોવા છતાં,...**'

'**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી જેમ ઘડાના કાર્યમાં અંતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં...**' માટી ઘડાના આદિ-મધ્ય-અંતમાં છે. '**ઘડાને ગ્રહે છે,...**' એટલે પ્રાપ્ય. ઘડાની અવસ્થા તે જ સમયે માટીમાં થવાની હતી એને પ્રાપ્ત કરી, પ્રાપ્ત કરી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે ઘડા રૂપે પરિણમી. માટી ઘડા રૂપે થઈ. '**અને ઘડારૂપે ઊપજે છે...**' એ નિર્વર્ત્ય. ગ્રહે છે એ પ્રાપ્ય, પરિણમે છે એ વિકાર્ય, '**ઘડારૂપે ઊપજે છે...**' એ નિર્વર્ત્ય.

'**તેમ, જ્ઞાની...**' ધર્મી જીવ પોતાના અસ્તિત્વમાં શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય પોતાના અસ્તિત્વમાં છે એમ જાણનાર, માનનાર, અનુભવનાર ધર્મી જીવ. બહુ ઝીણું. રામસ્વરૂપજી! જેમ માટી ઘડાને ગ્રહે છે, તે જ સમયે પર્યાય એને પ્રાપ્ત કરે છે, પરિણમે છે અને ઊપજે છે. '**તેમ જ્ઞાની પોતે બાહ્ય સ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' જે રાગાદિ થયા, પુણ્ય-પાપ ભાવ થયા, દયા-દાન, વ્રત-ભક્તિ આદિના ભાવ, આત્માથી પોતે બાહ્યસ્થિત છે. અથવા આત્મા પોતે એ બાહ્યસ્થિત રાગાદિને ગ્રહતો નથી. આહાહા..!

જેમ માટી ઘડાને ગ્રહે છે અર્થાત્ એ જ સમયની પર્યાયને માટી પ્રાપ્ત કરે છે, એમ ધર્મી '**પોતે બાહ્યસ્થિત...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો શુભભાવ અને શરીરની અવસ્થા, વાણીની અવસ્થા બધું બાહ્યસ્થિત. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નહિ પણ બાહ્યસ્થિત. સમજાણું કાંઈ? '**બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ પરદ્રવ્યના ભાવમાં. શુભ-અશુભરાગ, દેહની અવસ્થા, કર્મની અવસ્થા, વાણીની અવસ્થા, બધા આત્માથી-ધર્મી આત્માથી એ બાહ્યસ્થિત છે. અજ્ઞાનીને પણ છે તો બાહ્યસ્થિત, પણ માને છે કે પોતામાં છે. સમજાણું કાંઈ? વૈદરાજજી! ધર્મ સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- હા જી, બહુ બારીક છે.

સમાધાન :- બારીક છે? લ્યો! એય..! કહો, એટલા વૃદ્ધ માણસને હજી ઝીણું લાગે છે.

મુમુક્ષુ :- પૂજન-પાઠ વગેરે...

ઉત્તર :- એ પૂજન-પાઠના ભાવ બધા પુદ્ગલના પરિણામ ધર્મીથી, આત્માથી બાહ્ય છે એમ કહે છે.

મુમુક્ષુ :- .. જબરદસ્ત શક્તિ છે.

ઉત્તર :- એમ નહિ. પણ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં રાગાદિના અભાવરૂપ પરિણમન કરે છે, એ અપેક્ષાએ રાગાદિ થયા એ પુદ્ગલના પરિણામ કરીને એ રૂપે ધર્મી પરિણમતો નથી. એ અપેક્ષાથી વાત છે. ત્યાં ઓલું લીધું, ભાઈ! જોર પુદ્ગલનું. ક્યાંય વાત સાંભળી જ નથી. સાચી વાત છે? લ્યો, આ તમારા શેઠ કહે છે, સાંભળ્યું પણ નથી.

મુમુક્ષુ :- આપની જેવું કોઈએ સંભળાવ્યું નથી.

ઉત્તર :- પણ વસ્તુ છે કે નહિ આ? એમાં છે. વાત એક ન્યાયે બરાબર છે. પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તમે દરકાર કરી નથી એ વાત પણ બરાબર છે. સમજાણું કાંઈ? બહુ પણ વાત...

ઓહોહો..! સંતોએ પણ વસ્તુની સ્થિતિ સ્પષ્ટ કરી દીધી. આત્મખ્યાતિ. આ ટીકાનું નામ શું છે? આત્મખ્યાતિ. ખ્યાતિનો અર્થ શું? પ્રસિદ્ધિ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ, એમાં જેની અંતર દૃષ્ટિ થઈ અને પુણ્ય-પાપનો રાગ અને દેહાદિની અવસ્થાથી અભાવરૂપ પરિણમન થયું. પુદ્‌ગલના જોરની વાત અહીંયાં નથી. અહીંયાં આત્માના જોરની વાત છે. શોભાલાલજી! આવું ને આવું સાંભળ્યું હોય. એટલું પુદ્‌ગલનું જોર! પણ આત્માનું એટલું જોર છે કે પુદ્‌ગલના નિમિત્તથી થયેલો રાગ એ રૂપે નથી થતો અને પોતાના શુદ્ધરૂપે થાય છે એવું આત્માનું જોર છે, બળ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદકંદ જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, એવી એમાં શક્તિની તાકાત છે કે રાગ ને વિકલ્પ ને મન ને વાણી ને દેહની અવસ્થાથી ભિન્ન પોતાના સ્વરૂપની મોજૂદગી અનુભવમાં લીધી એ પોતાનું જોર છે. જ્ઞાનચંદજી! આહાહા..! ધર્મ કોઈ એવી મામુલી ચીજ લોકો માને છે એવી ચીજ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ તમારા વેવાઈ દાંત કાઢે છે. શોભાલાલજી દાંત કાઢે છે. કોઈ દિ' વાત જ સાંભળી નથી. એ શું કરે? આહાહા..!

અહીં તો પ્રભુ, એક વાર સાંભળ. આ ચૈતન્ય અનંત ગુણનો પ્રભુ આત્મા છે. એમાં પુણ્ય-પાપનો વિકાર તો આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર તો અજીવતત્ત્વ છે. તો જે જેમ છે, અજીવ અને આસ્રવથી ભિન્ન ભગવાન આત્મા છે. એવું પોતાના આત્મામાં આસ્રવથી અને કર્મથી ભેદજ્ઞાન થયું, પરથી ભિન્ન થયો તો પોતાના સ્વભાવથી અભિન્ન થયો. સમજાણું કાંઈ? આહાહા..! આમ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકસ્વરૂપ નિર્મળાનંદ પ્રભુ, પોતાના સ્વભાવ સન્મુખ, વિભાવથી વિમુખ પોતાનું પરિણમન કરનાર ભગવાન આત્મા અનંત પુરુષાર્થથી જાગૃત થયો તો પોતાના શુદ્ધ સ્વભાવમાં પુણ્ય-પાપના પરિણામ પોતારૂપ નથી, તે રૂપે થતો નથી એ અપેક્ષાએ પુણ્ય-પાપના પરિણામને પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**જેમ માટી...**' ઘડાની વર્તમાન.. આમાં તો ભાઈ ઘણું ભર્યું છે. રાતે તો ઘણા વિચાર (આવતા હતા). આમાં તો કેટલી વાત (ભરી દીધી છે). એક સમયનો અજ્ઞાનીનો સત્‌નો અંશ અને જ્ઞાનીનો એ જ સમયનો એ જ સત્ નિર્મળ શાંતિ, શ્રદ્ધા આદિ એ જ સમયે થનારો સત્ અંશ. તે જ પ્રાપ્ય અને એ જ વિકાર્ય અને એ જ નિર્વર્ત્ય. એક એક સમય હોં સ્વયં. એવો ભગવાન આત્મા પોતાની દૃષ્ટિમાં આવ્યો તો એ આત્મા તે જ સમયે રાગાદિ પરિણામ, એ જ રાગાદિ પરિણામ પણ એ જ સમયમાં એમ જ થનારો અંશ હતો. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ક્રમબદ્ધ વસ્તુ છે, સાંભળો! આહાહા..! વાત ઘણી ઝીણી. એક ગાથામાં એટલી વાત મૂકી છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા આમ જ્યારે પોતે પોતાના સ્વરૂપમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ક્રમવર્તનરૂપ અને અક્રમવર્તનરૂપ એવો પોતામાં ગુણ છે. આત્મામાં. તો એ ગુણને ધરનાર ભગવાન આત્મા ઉપર રાગથી ખસીને રુચિ થઈ તો ક્રમમાં એ ગુણના ક્રમમાં નિર્મળ પર્યાય પ્રાપ્ય, નિર્મળ પર્યાય શ્રદ્ધા-જ્ઞાન-શાંતિને આત્મા પ્રાપ્ત કરે છે, એ રૂપે પરિણમે છે, એ રૂપે ઊપજે છે. એ જ સમયમાં કર્મ જે છે, એ જ સમયમાં કર્મના જે રાગાદિ પરિણામ, કર્મના પરિણામ એ જ સમયમાં એ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. તેને આત્મા પોતામાં નથી એમ જાણતા એની સાથે કર્તાકર્મ સંબંધ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે એક વાર સત્‌નું શરણ તો જો. સત્‌ની સત્યતા તો જો. સત્ સ્વરૂપ સત્ય સ્વરૂપ, સત્‌નું સત્ત્વ, સત્ય ભગવાન સત્‌નું સત્યપણું એવો ભગવાન આત્મા એ વિકારપણાથી તો અસત્ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પથી આત્મા અસત્ છે. પોતાના શુદ્ધ આનંદ જ્ઞાયક સ્વભાવથી સત્ છે. એ જ સત્ય છે. આહાહા..! એવું સત્ય સત્ય સત્‌નું આખું સત્યપણું, સત્ય, એવું અંતર્મુખ દૃષ્ટિમાં લીધું તો તે જ સમયે એમાં ક્રમબદ્ધ થનારી નિર્વિકારી પર્યાય જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ, એ જ સમયના અંશને દ્રવ્યે પ્રાપ્ત કર્યો. પ્રાપ્ય નામ દ્રવ્ય પહોંચી વળ્યું. સમજાણું કાંઈ? અને એ પૂર્વની પર્યાયથી વિકારરૂપ પરિણમન થયું એ અપેક્ષાએ તે જ સમયમાં એને પરિણમન કહે છે. અને એ સમયમાં તે પણે ઊપજ્યું એને નિર્વર્ત્ય કહે છે. એ જ સમયે કર્મના પરિણામ પુદ્‌ગલાદિના જે રાગાદિ થનારા દયા, દાન, વ્રતના વિકલ્પ એ બધા પોતાના પરિણમનમાં નથી તો પુદ્‌ગલના પરિણમનમાં છે એમ કહીને એનાથી ભેદજ્ઞાન કર્યું છે. આહાહા..! એમાં કર્મનું જોર છે એમ નથી. આહાહા..! અહીં તો ચૈતન્યનું જોર છે. પુરુષાર્થનું જોર છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

આમ દ્રવ્ય, શક્તિવાન અને એ દ્રવ્યની દૃષ્ટિ થઈ તો દ્રવ્યનું ક્રમસર જે પરિણમન છે- શુદ્ધતા, અહીંયાં શુદ્ધતાનું પરિણમન લેવું છે. સમજાણું કાંઈ? રાગમાં એકત્વબુદ્ધિ હતી ત્યારે તો એ પણ ક્રમસર થતું હતું. પણ પર્યાયબુદ્ધિમાં ક્રમસરનું જ્ઞાન, અક્રમ ગુણને ધરનાર દ્રવ્યનું જ્ઞાન નહોતું. સમજાણું કાંઈ? અહીંયાં તો ભગવાન આત્મા એક સમયમાં ક્રમસર પર્યાય અને અક્રમ ગુણને ધરનારો પ્રભુ, એનો રાગ જે ક્રમસર અંદરમાં થાય છે, શરીરની અવસ્થા પણ એ જ પર્યાય એની થાય એને પ્રાપ્ય-ગ્રહણ-પરિણમન-ઊપજવું એ પુદ્‌ગલ કરે છે. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનું પ્રાપ્ય-કામ કરે છે, એ રૂપે પરિણમે છે અને એ રૂપે ઊપજે છે. એમ પોતાની પર્યાયમાં પ્રાપ્ય અને વિકાર્ય અને ઊપજવા છતાં અને પરની પર્યાયના પરના ભાવને જાણવા છતાં આત્મા પરને ગ્રહતો નથી. સમજાણું કાંઈ?

‘**જ્ઞાની પોતે બાહ્યસ્થિત (બહાર રહેલા)...**’ ભાષા જુઓ! એ પુણ્ય અને પાપ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દયા અને વ્યવહાર રત્નત્રયના પરિણામ પણ આત્માની પર્યાયથી બાહ્યસ્થિત છે. જેમ કુંભાર, માટીથી ગ્રહાઈને ઘડો થયો એમાં કુંભારની પર્યાય બાહ્યસ્થિત છે. ઘડાની પર્યાયમાં કુંભારની પર્યાય અંતઃસ્થિત છે જ નહિ. આહાહા..! માટી પોતે.. એ તો ૭૫માં બહુ સરસ આવી ગયું હતું. સમજાણું કાંઈ? આવ્યું ને સ્વયં વ્યાપ્ય? ઓહો..! જુઓ! ૭૫-૭૫ આવ્યું હતું ને?

'**જ્ઞાન તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**' ઓહોહો..! શું કહે છે? તે સમયની અવસ્થા સત્ સ્વતંત્ર છે. વ્યાપક ભગવાન આત્મા તે જ સમયનું શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનું જે પરિણમન છે, એ સ્વભાવથી અભિન્ન અને વિભાવથી ભિન્ન એવું ભાન થયું, એવી દૃષ્ટિમાં શું થાય છે? એ શું બને છે? પોતાનો સ્વભાવ શુદ્ધતાના પરિણમનમાં શુદ્ધને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ થાય છે. તે જ સમયે કર્મ જે છે, જેમ માટી ઘડાને ગ્રહીને ઉત્પન્ન થાય છે, એમ પુદ્‌ગલ પોતાના પરિણામને પ્રાપ્ત થાય છે, તે રૂપે પરિણમે છે. એવા પરિણામને પોતાના આત્માથી બાહ્યસ્થિત જોઈને એને જાણે છે. એને જાણે છે. પણ રાગાદિને ગ્રહતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યસ્થિત...**' છે? '**બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ પરદ્રવ્યની પર્યાય છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પર્યાય નથી. સમજાણું કાંઈ? ભાઈ! ભેદજ્ઞાન ચીજ શું છે અને એની મહત્તા શું છે? એનું સમ્યગ્જ્ઞાન શું છે એની મહત્તા જગતે જાણી નથી. એમ ને એમ માની લીધું લ્યો, અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. ક્યાં ધર્મ છે? સમજાણું કાંઈ? વૈદ્યરાજજી! આ જાત્રા-બાત્રા કરી, પૂજા-ભક્તિ કરી તો ધર્મ (થઈ ગયો). ધૂળમાંય ધર્મ નથી, એમ કહે છે. શેઠ! તમારા વેવાઈએ તો પહેલું સાંભળ્યું હશે માંડ માંડ. ચાલો ભાઈ જોઈએ ત્યાં. આહાહા..!

કહે છે કે સાંભળ તો ખરો, સત્‌નું સત્ય. તારો સત્ પ્રભુ, એમાં સત્ય સ્વભાવ શુદ્ધ જ્ઞાન અને આનંદ એવા સ્વભાવનું અસત્ય એવા પોતામાં નહિ એવા વિકાર અને શરીરાદિનો અભાવ થઈને પોતાના સ્વભાવમાં સ્વભાવની પર્યાયને સ્વયં વ્યાપીને પરિણમે છે, તે જ સમયે રાગાદિ વિકાર વિકલ્પ આવ્યો એ વિકલ્પને આત્મા માટી જેમ ઘડાને ગ્રહે છે તેમ આત્મા એને ગ્રહતો નથી. એને જાણતો થકો ગ્રહતો નથી. આહાહા..! છે કે નહિ અંદર? છે?

મુમુક્ષુ :- બાહ્ય રહ્યા.

ઉત્તર :- બાહ્ય રહ્યા. અંતરમાં ન આવ્યા.

ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય સ્વરૂપ પોતાના સ્વભાવમાં દૃષ્ટિ કરીને વિકારના અભાવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવરૂપ દ્રવ્યના આશ્રયે પરિણમન થયું તો રાગાદિ વ્યવહારરત્નત્રય આદિ, દેહની સ્થિતિ આદિ, ભગવાનની આમ આમ પૂજા કરવાથી આમ થાય, એ બધું આત્માની પર્યાયથી બાહ્યસ્થિત છે. આહાહા..! એય..! શેઠ!

'**બાહ્યસ્થિત (બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' શું કહે છે? રાગાદિ પરિણામ થયા, શરીરની અવસ્થા થઈ, આત્મા આદ્ય છે તો શરીરની અવસ્થા આમ થઈ એમ છે જ નહિ. જરી અંદર પ્રેરણા થાય તો શરીર અવસ્થા આમ થાય એમ છે જ નહિ. અને આત્મા જરી નબળો છે તો રાગ થયો એમ છે જ નહિ. સમજાણું કાંઈ? નબળાઈ એ દૃષ્ટિનો વિષય જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી રાગથી ભેદ કરવાથી, કહે છે કે એ રાગાદિ જે ભાવ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો અને દેહની અવસ્થા બધી પુદ્‌ગલની પર્યાય છે.

'**પરદ્રવ્યના પરિણામમાં...**' પરદ્રવ્યની દશામાં '**અંતર્વ્યાપક...**' રાગમાં અંતર પેસીને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠ્યો શુભયોગનો, તો એમાં આત્માની કોઈ પર્યાયની શરૂઆત છે, આદિ છે તો થયો છે, આત્માની અપેક્ષા રાખીને એ થયો છે એમ છે નહિ. આહાહા..! જ્ઞાનચંદજી! છે? ગજબની વાત છે! નહિતર કરો નિર્ણય. આપણે તો સામે ટીકા પડી છે કે નહિ? અંતરમાં નિર્ણય થવો જોઈએ. આ તો વાચક છે. પોતાની સાથે મેળવવું જોઈએ.

કહે છે... ઓહોહો..! શું દાખલા અને દૃષ્ટાંત! પાઠ એટલો છે કે આ ટીકા આવી ન હોય તો એનું સ્પષ્ટીકરણ વિશેષપણે શું છે એ સમજાય નહિ. સમજાણું? લ્યો, અહીં તો પાઠ

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

એમ છે ને? આહાહા..! સમજે નહિ, સાંભળ્યું નહિ, ખ્યાલમાં લીધું નહિ અને અમે ધર્મ કરીએ છીએ. કોણ ના પાડે છે કોઈ? સમજાણું કાંઈ?

કહે છે કે ધર્મી જીવ પોતાનો ધર્મ ધર્મીને દૃષ્ટિમાં ધારણ કર્યો છે. ધર્મી જીવે પોતાની દૃષ્ટિમાં ધર્મી ભગવાન અનંત ગુણના પિંડને ધારણ કર્યો છે અને તેણે પોતાના ગુણ અને નિર્મળ પર્યાયને ધારણ કરી છે. આહાહા..! એ જ્ઞાની. એ પુણ્ય-પાપના ભાવ.. આહાહા..! લડાઈમાં હોય સમકિતી. સમજાણું કાંઈ? તોપણ લડાઈમાં જે દ્વેષના પરિણામ છે એ આત્માના પરિણામથી બાહ્યસ્થિત છે. આત્મા એને અડતો નથી. સમજાણું કાંઈ?

ચૈતન્યસ્વરૂપ પૂર્ણ બ્રહ્મ પ્રભુ, એવું પર્યાયમાં જ્યાં અંતરદૃષ્ટિમાં આવ્યું એ પર્યાયમાં જાણવું જે સ્વપર (થાય છે)... અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે. શ્રદ્ધા-શાંતિની સાથે જે જ્ઞાન થયું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જ્ઞાન રાગાદિને અડતું નથી, સ્પર્શતું નથી, કરતો નથી. એ રાગનો કર્તા જ્ઞાનની પર્યાય નહિ. રાગાદિનું જ્ઞાન કરે છે તેથી રાગ એનું કાર્ય થાય અને જ્ઞાનની પર્યાય કારણ થાય એમ બનતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કહે, આ તો મોટી વીતરાગપણાની વાત છે. વીતરાગી કેવળીની, વીતરાગી આઠમા ગુણસ્થાનની. અરે..! અહીં તો હજી જ્ઞાનીની વાત છે. અરે..! ભાઈ! તને ખબર નથી. ધર્મ તે શું છે. આહાહા..!

'**આદિ-મધ્ય-અંતમાં...**' શેમાં? એ પરદ્રવ્ય વિકારી ભાવ શુભ-અશુભ રાગ. એને પરદ્રવ્યની અવસ્થામાં ધર્મી જીવ પોતાની દ્રવ્યદૃષ્ટિની નિર્મળ પર્યાયમાં રહેનાર, એ પરદ્રવ્ય પર્યાયમાં '**આદિ-મધ્ય-અંતરમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' પકડતો નથી. રાગ મારામાં છે એમ પકડતો નથી. આહાહા..! અને પ્રાપ્ત કર્યું. ધર્મીજીવનું રાગ પ્રાપ્ય નથી. એ રાગનું જ્ઞાન જે થયું પોતામાં, પોતાના કારણે તે તેનું પ્રાપ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- પોતાનું...

ઉત્તર :- હા, એ પ્રાપ્ય થયું. પ્રાપ્ત કરવા લાયક થયું. રાગ ગ્રહણ કરવા લાયક છે નહિ. આહાહા..! અંતર્મુખ દૃષ્ટિ અને બહિર્મુખ દૃષ્ટિમાં આટલો આંતરો છે, એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

આદિ-મધ્ય-અંતમાં. જેમ માટી ઘડાની શરૂઆતમાં, મધ્યમાં, અંતમાં એ જ સમયે એ જ માટીનું કાર્ય છે. કુંભારની પર્યાય બિલકુલ ઘડાનું કાર્ય નથી. કોણ આવ્યો છે? શું આવ્યું? કુંભાર કુંભારમાં રહ્યો, ઘડો ઘડામાં ઉત્પન્ન થયો. આવ્યું શું અને ગયું શું? આહાહા..! આ તો સર્વજ્ઞના મર્મનું રહસ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારની વાતો શાસ્ત્રમાં હોય. ઘણી વાતો આવે છે. એ તો જાણવાલાયક છે. વસ્તુ આ યથાર્થ દૃષ્ટિથી કથન છે. સમજાણું કાંઈ?

કહે છે કે જે પરદ્રવ્યના પરિણામ, જે ભગવાન આત્મા, પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં સ્થિત ધર્મી જીવ, એ બાહ્યસ્થિત જે પરદ્રવ્યના પરિણામ રાગાદિ-પુણ્યના પરિણામ વ્યવહાર રત્નત્રય આદિ, એની આદિમાં આત્મા છે, મધ્યમાં છે કે અંતમાં છે એમ જાણીને ગ્રહતો નથી. આદિમાં છે જ નહિ. સ્વતંત્ર રાગની પર્યાય, આત્માની પર્યાયથી નિરપેક્ષ વિકારની પર્યાય ઉત્પન્ન થાય છે. તેને જાણતો થકો તેને ગ્રહતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! સાંભળ્યું જાય નહિ, હોં. માણસ કહે એય.. એકાંત થઈ ગયું, એકાંત થઈ ગયું. હવે સાંભળને. એકાંત અને અનેકાંતની તને શું ખબર પડે? વસ્તુસ્વરૂપ એવું છે. એવું શુદ્ધનું પરિણમન પોતાના અસ્તિત્વમાં છે. અશુદ્ધતા નથી એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? આસ્રવનું પણ પરિણમન અને આત્માની શુદ્ધતાનું પણ પરિણમન, બે ક્યાંથી આવ્યા? આહાહા..! આસ્રવ તો અચેતન છે. વ્યવહારરત્નત્રય તો રાગ છે, અજ્ઞાન છે, મૂઢતા છે, જડ છે, વિપરીત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, અચેતન છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ અચેતન છે. આહાહા..! જ્ઞાયક ચૈતન્યનો અંશ એમાં નથી, એ અપેક્ષાથી હોં! રજકણ એમ નહિ. રાગ શુભભાવ રજકણ છે, રંગ, ગંધસ્વરૂપ એમ નહિ. પણ ભગવાન ચૈતન્યનો પુંજ પ્રભુ, એનું જ્યાં ભાન થયું તો એ રાગ થયો, જેમ સૂર્ય સામે અંધકાર છે, એમ ચૈતન્યના પ્રકાશમાં રાગ એક અંધકાર ભિન્ન ચીજ છે. આહાહા..! વ્યવહાર આંધળો છે. એ આંધળો આત્માની જ્ઞાનપર્યાયથી બાહ્યસ્થિત છે. જાગૃત ચૈતન્યના નેત્રથી આંધળો બાહ્ય છે એમ કહે છે. આહાહા..! આ તે કોઈ વાત છે! અમૃતચંદ્રાચાર્યની ટીકા, આ કળશ અને આ વસ્તુ, ભરતક્ષેત્રમાં આવી વાત છે નહિ. વસ્તુની સ્થિતિ આત્મ પ્રસિદ્ધિ, ડંકાની ચોટ ઉપર મારીને કહે છે કે આ વસ્તુ છે. સમજાણું કાંઈ? સમાજને સમતોલ રાખવો, ઠીક પડે. નહિતર ટૂકડા (થઈ જશે). સમાજ સમતોલ રહે કે ન રહે એ એને ઘરે રહ્યો. માર્ગ તો આવો છે. સમજાણું કાંઈ?

'**તેને ગ્રહતો નથી,...**' કોણ? ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપનો આદર હોવાથી પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ હોવાથી તે અશુદ્ધતાના ભાવને પ્રાપ્ત નથી કરતો, અશુદ્ધપણે પરિણમતો નથી. ઓહોહો..! ભાષા. એક સમયની બે પર્યાય, શુદ્ધ પર્યાય અને તે જ કાળે અશુદ્ધ પર્યાય. તો એ અશુદ્ધપણે પરિણમતો જ નથી. આહાહા..! ગજબ વાત છે ને. રાડ નાખે. વેદાંત-ફેદાંતવાળાને તો આ (આકરુ લાગે). એક તો હજી પર્યાય અને પર્યાયના બે ભાગ. એક શુદ્ધપણે પરિણમન આત્મા કરે છે, એ જ પર્યાયનો અશુદ્ધભાવ આત્મા તે રૂપે પરિણમન કરતો જ નથી. આહાહા..! અંતર્મુખ પરિણમન થયું એટલું એનું છે. બહિર્મુખ થયો એ પોતાનું નથી. બાહ્યસ્થિત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ કાળે..

ઉત્તર :- આ કાળની વાત. શેની વાત ચાલે છે? આ કાળે આવું સમ્યગ્દર્શન થાય છે, હોય છે અને છે. એમ કહે છે. શરૂઆત અહીંથી છે. નેમિચંદજી! રાડ નાખે. એય..! એકાંત છે. વ્યવહાર માનતા નથી. હવે સાંભળ તો ખરો. તારો વ્યવહાર મોક્ષમાર્ગ પણ અચેતન છે. તારે કેવો? નિશ્ચય વિના વ્યવહાર કોને કહેવો? સમજાણું કાંઈ? રાડ નાખે છે. અરે..! સોનગઢવાળાએ લોપ કરી નાખ્યો અને આમ કરી નાખ્યું. ભગવાન! તને ખબર નથી, પ્રભુ! એ તને જ્યારે ખબર પડશે ત્યારે તને ઓરતા થશે. ગજબ કર્યું કામ. અરરર..! આ માર્ગ આવો. પણ ખબર નથી, શું કરે? માર્ગ જ કોઈ આખો જુદો છે અને બીજા માર્ગે માની લીધું છે.

કહે છે, એ રૂપે પરિણમતો નથી. જેમ માટી ઘડારૂપ પરિણમે છે. એમ ભગવાન આત્મા, આત્મા જેને કહીએ એવી જ્યાં દૃષ્ટિ થઈ તો એવા ધર્મી વ્યવહાર વિકલ્પરૂપે પરિણમતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**અને તે-રૂપે ઊપજતો નથી;...**' એ પર્યાયમાં ઊપજતો નથી. પોતાની શુદ્ધ પર્યાયમાં ઊપજે એ ધર્મી છે. રાગમાં ઊપજતો નથી, વ્યવહારમાં ઊપજતો નથી. એ ઉત્પાદ એનો નહિ. આહાહા..! ભારે કઠણ જગતને.

'**માટે, જોકે...**' જુઓ! આવ્યું ને? લેવું છે ને? '**णाणी जाणंतो**' '**જોકે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે...**' વજન અહીંયાં છે હોં! પાઠમાં '**णाणी जाणंतो वि**' ધર્મી જીવ રાગ અને વ્યવહારરત્નત્રય અને દેહની અવસ્થા આમ થાય છે, એ સંબંધી પોતાનું જ્ઞાન અને પોતાના જ્ઞાનમાં એ સંબંધી જાણે છે તોપણ. સમજ્યા? '**જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય,..**' પુણ્ય પરિણામ અને દેહની અવસ્થા જે જડનું પ્રાપ્ય છે, જડનું પરિણમન છે, જડનું નિર્વર્ત્ય છે. '**એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ...**' એવું પર્યાયલક્ષણવાળું, એવું વ્યાપ્યલક્ષણવાળું, કાર્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ છે. '**તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા... સમજાણું કાંઈ? ચૈતન્ય સ્વરૂપ રાગરૂપ નથી, શરીર, કર્મરૂપ નથી એવા આત્માનું રાગ ને શરીર ને કર્મની પર્યાયથી ભિન્ન થયો આત્મા, તો ભેદજ્ઞાની થયો. તો ભેદજ્ઞાનીને જ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહે છે. એ જ ભેદજ્ઞાન કર્તાનો અર્થ શું થયો? કે પોતાથી એ રાગ પર છે એમ થયું. સમજાણું કાંઈ? એવા જ્ઞાનમાં પોતાની પર્યાયને પ્રાપ્ય, વિકાર્ય કરતો થકો એ જ સમયે જે આવે એને જાણવા છતાં એને ગ્રહતો નથી, વ્યવહારરૂપે પરિણમતો નથી, વ્યવહારપણે ઊપજતો નથી આત્મા. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? આરે..! આવી વાત! ભગવાનનું આવું કથન હશે? જૈન પરમેશ્વર આમ કહેતા હશે? હવે જ્યાં ગોમ્મટસારમાં પાઠના પાઠ (આવે), દર્શનમોહથી મિથ્યાત્વ થાય, ચારિત્રમોહથી રાગ થાય એ આત્મા કરે, એ આત્માને કરાવે વિકાર. હવે એ વિકાર કહે છે કે અહીં તો ધર્મીજીવની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપર પડી તો રાગ પોતાથી થયો નથી પણ પરથી થયો એનો જ્ઞાતા છે, ગ્રહણ કરનારો નહિ. આહાહા..! પરથી થયાનો અર્થ, પોતાની નબળાઈને કારણે થયો એ દૃષ્ટિના વિષયમાં રહ્યો નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે નિર્મળ છે. એના અસ્તિત્વમાં નબળાઈથી રાગ થયો એ આત્મામાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે, જોકે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે...**' રાગાદિ, પુણ્યાદિ, શરીરની અવસ્થા થાય છે, થાઓ, તેને જાણે છે. '**તોપણ,...**' એ પુદ્ગલના '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' એટલે કર્મરૂપી લક્ષણ, કર્મ નામ કાર્ય રૂપી લક્ષણ એવા '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા...**' રાગને નહિ કરનાર, દેહની અવસ્થા

નહિ કરનાર. આહાહા..! આ તો કહે કે દેહની અવસ્થા પરદ્રવ્યને ન કરે એ દિગંબર જૈન નહિ. એવો અવાજ હમણાં આવ્યો. આહાહા..! લોકો શું કરે છે? સમજાણું કાંઈ? સોનગઢવાળા દિગંબર જૈન નહિ. કાઢી નાખવા માટે ઈ ધ્વનિ ઊઠે છે. અરે..! તારા કાઢવાથી ન નીકળે સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? દિગંબર જૈન. જૈન એમ નહિ. દિગંબર જૈન (નહિ).

'**તેને નહિ કરતા...**' કોને? એ ધર્મી જીવ રાગ અને વ્યવહારરત્નત્રયને નહિ કરનારો '**જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' રાગ એનું કાર્ય અને જ્ઞાન પર્યાય કર્તા એમ છે નહિ. કહો, રામસ્વરૂપજી! છે કે નહિ? જુઓ! એમાં છે. હવે ભાવાર્થ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ છે. સત્ય જ આમ છે. આવા સત્‌નો નકાર કરે એ અસત્‌નો આદર કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્વભાવ વસ્તુની મહિમા એવી છે. વસ્તુની દૃષ્ટિ થઈ, સ્વભાવની દૃષ્ટિ થઈ, ત્યાં તો દૃષ્ટિના વિષયમાં દ્રવ્ય આવ્યું તો પરિણમન શુદ્ધ જ થયું. શુદ્ધ પરિણમન જ પોતાના અસ્તિત્વમાં છે. અશુદ્ધ પરિણમન અને દ્રવ્યની અવસ્થા જડની એ તો પોતામાં છે નહિ અને કરનાર છે નહિ. આહાહા..! શુભરાગને કરનારો ધર્મી નહિ, એને દેહની અવસ્થા કરનારો માનવો (મૂઢતા છે). સમજાણું કાંઈ? એ આત્મા છે તો બોલે છે, આત્મા છે તો ચાલે છે. મૂઢ છો? આહાહા..! આત્મા છે તો બોલે છે. આત્મા છે તો બોલે કે જડ હોય તો બોલે? એમ કહે છે. જડ છે તો બોલવાની પર્યાયને જડ પ્રાપ્ત કરે છે, આત્મા પ્રાપ્ત કરતો નથી. આહાહા..! નેમિચંદજી! બહુ જવાબદારીની વાત છે, હોં! દિલ્હીમાં પાછું ઝીણું પડશે. એઈ..!

'**જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ...**' વજન તો દેવું છે ને? '**તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.**' હવે સાધારણ વ્યાખ્યા કરે છે, હોં! '**સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે-**' તત્વાર્થ રાજવાર્તિકમાં... પંડિતજી! મન-વચન અને કાયા કર્મયોગ નથી આવતું? આસ્રવ. કર્મયોગ સંસ્કૃતમાં છે. એના સંસ્કૃતમાં. ત્રણ શબ્દ છે. ત્યાં પ્રાપ્ય પહેલા નથી લીધું. આ પ્રમાણે લીધું છે. '**નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય.**' આ પ્રમાણે લીધું છે. આ તો અધ્યાત્મ છે ને. અહીંયાં પહેલા પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય લીધું. ત્યાં નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય એમ લીધું છે. સંસ્કૃત ટીકામાં છે. કર્મ છે. કર્મ કેટલા પ્રકારના? ઘણી વાત છે. ઘણાં વર્ષોથી જોયું છે. આ તો ઉમાશંકર ભાઈ ઉમાશંકરનું વ્યાકરણ. બહુ જૂનું વ્યાકરણ છે. મેં તો જોયું હતું ઘણાં વર્ષ પહેલા. ત્યારે એ પણ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અર્થ બહુ સરસ કરે છે. આ કમળાશંકર. કમળાશંકર છે ને? આખું વ્યાકરણ એમાં ભરી દીધું છે. એમાં પણ આ છે. જુઓ! એ આવ્યું.

ઈચ્છિત કર્મના પ્રકાર. ઈચ્છિત કર્મના ત્રણ પ્રકાર. નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. એ વ્યાકરણમાં આવે છે. અને આપણે અહીંયાં લીધું છે ને. એમાં લીધું છે. સંસ્કૃત છે ને? સંસ્કૃતમાં છઠ્ઠા અધ્યાયમાં પહેલું સૂત્ર. જુઓ! ... પછી એમાં લીધું છે. .... એમાં લીધું છે. ... કર્તુંમ્ .. સંસ્કૃતમાં છે. પછી એનો અર્થ એમાં લખ્યો છે. હિન્દી કર્યું ને હિન્દી? એમાં થોડો અર્થ લખ્યો છે કે પ્રાપ્ય એટલે નવું રચવું. એ કહે છે, જુઓ! એમાંથી લીધું છે જયચંદ્ર પંડિતે. સામાન્યતયા કર્તાના કરનારનું કામ, કાર્ય નામ કર્મ, કર્મ નામ દશા. ત્રણ પ્રકારે કહેવામાં આવે છે. '**નિર્વર્ત્ય,...**' ત્યાંથી લીધું છે.

અહીંયાં તો અધ્યાત્મ છે ને તો આમ ધ્રુવ, એ જ સમયનું પ્રાપ્ય, એ જ સમયે આમ પલટીને નિર્વર્ત્ય થયું એમ લીધું છે. વસ્તુ યથાર્થ આ વાત છે. નિશ્ચયની. આ તો અધ્યાત્મની વસ્તુ છે ને. અહીંયાં '**સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે-નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. કર્તા વડે, જે પ્રથમ ન હોય એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે.**' કહો, સમજાણું કાંઈ? નવું ઉત્પન્ન થયું. નિર્વર્ત્ય લીધું ને? તંતુમાંથી જેમ તાણાવાણાથી કપડુ બને. એમ લીધું છે. અને '**કર્તા વડે, પદાર્થમાં વિકાર્ય-ફેરફાર કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે.**' જેમ લોટની રોટલી. એમ દૃષ્ટાંત આપ્યું છે, તત્વાર્થરાજવાર્તિકમાં. અર્થકારે હોં! એમાં પણ છે. સાદડીનો દાખલો નાખ્યો છે આ કમળાશંકરે. એ તો પહેલેથી સિદ્ધાંત ચાલ્યો આવે છે. વ્યાકરણનો સિદ્ધાંત.

'**કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તેમ જ વિકાર કરીને પણ કરતો નથી, માત્ર જેને પ્રાપ્ત કરે છે તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.**' એ ગામનું દૃષ્ટાંત, બહારનું દૃષ્ટાંત લીધું છે ને? ગામમાં જાવું છે તો ગામરૂપી કર્મમાં જાય છે તો નવું ઉત્પન્ન નથી કરતો, ફેરફાર નથી કરતો. એમ આત્મામાં અને પરદ્રવ્યમાં બધામાં જે પર્યાય નવી ઉત્પન્ન નથી કરવી. સમજ્યા? અને ફેરફાર નથી કરવો. છે પર્યાય એને પહોંચી વળવું છે. આહાહા..! ગજબ વાત કરી છે ને! જે સમયની સ્વયં પર્યાય, સ્વયં પર્યાય વ્યાપક સ્વયં પર્યાયમાં સ્વયં વ્યાપી જાય છે. સ્વયં પ્રાપ્ય. પલટીને થઈ એ અપેક્ષાએ. એની ને એની વિકાર્ય (કહે છે), હોં! પણ ત્રણ કર્મ નહિ. કર્મ તો એક જ પ્રકારનું છે. એને ત્રણ પ્રકારની અપેક્ષા લાગુ પડે છે. ઓહોહો..! આચાર્યોએ પણ સંસ્કૃતમાં આવું નાખ્યું છે. એમાંથી એટલું નવું કાઢ્યું. સમજાણું કાંઈ? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એ ચાર ગાથામાં છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'જીવ પુદ્ગલકર્મને નવીન ઉપજાવી શકતો નથી. કારણ કે ચેતન જડને કેમ ઉપજાવી શકે?'** સાધારણ વાત કરી છે. એનો અર્થ કે જીવ ભગવાન આત્મા વિકાર ને કર્મ ને શરીરની અવસ્થાને ઉત્પન્ન કરતો નથી. કેમ કે ચેતન જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા એ રાગના અંધકારને કઈ રીતે ઉત્પન્ન કરે? એ તો ૭૨માં આવ્યું કે રાગ પોતાને નથી જાણતો, રાગ ચૈતન્ય ભિન્ન ત્યાં સમીપમાં રહ્યો છે એને નથી જાણતો. એ તો આંધળો છે. આહાહા..! તેથી ચૈતન્ય સ્વભાવથી રાગ વિપરીત છે. આહાહા..! કહે છે, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી પ્રભુ, એ પુદ્ગલ કર્મ, શરીર કર્મ અવસ્થા રાગ ચેતન જડને કેમ કરી શકે? એ પરને કેવી રીતે બનાવે-રચે? સૂર્ય અંધકારને કઈ રીતે રચે? આહાહા..! સમજાણું કાંઈ?

**'માટે પુદ્ગલકર્મ જીવનું નિર્વર્ત્ય કર્મ નથી.'** એ કારણે ભગવાન આત્માનું રાગાદિ અને શરીરાદિ અવસ્થા ઉપજાવે એવું નિર્વર્ત્ય કર્મ નથી. **'જીવ પુદ્ગલમાં વિકાર કરીને તેને પુદ્ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી કારણ કે ચેતન જડને કેમ પરિણમાવી શકે?'** જ્ઞાયક ભગવાન ચૈતન્ય જ્યોત સૂર્ય સ્વભાવ એ રાગને કેમ ફેરવી શકે? આહા..! સમજાણું કાંઈ? **'જીવ પુદ્ગલમાં વિકાર કરીને...'** પલટીને **'પુદ્ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી...'** પુદ્ગલની પર્યાયરૂપ, રાગરૂપ પરિણમાવી નથી શકતો. **'કારણ કે ચેતન...'** જ્ઞાયક ચૈતન્ય જ્યોત ભગવાન આત્મા, **'જડને કેમ પરિણમાવી શકે?'** એ અંધકારરૂપી રાગને કઈ રીતે પરિણમાવે આત્મા? સમજાણું કાંઈ?

**'માટે પુદ્ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી.'** એ કારણે પુદ્ગલ કર્માદિ, રાગાદિ જીવમાં ફેરફાર કરી શકે, પલટાવી શકે એવું કર્મ નથી. **'પરમાર્થે જીવ પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી...'** પ્રાપ્ય આવ્યું. ખરેખર ભગવાન આત્મા રાગને ગ્રહણ કરી શકતો જ નથી. ચૈતન્યપ્રકાશમાં અંધકારની પક્કડ કેમ હોય? આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન દીપિકામાં તો ભાઈ, બે જ વાત કરી કે એક ભગવાન આત્મા જ્ઞાન અને એ સિવાય રાગાદિ બધું અજ્ઞાન. એવા ઘણાં ટૂંકા શબ્દો નાખ્યા છે. સમ્યગ્જ્ઞાન દીપિકા. એ વાત યથાર્થ છે. બહુ ટૂંકી કહે છે. અહીંયાં વિપરીત કહ્યું એને ત્યાં અજ્ઞાન કહી દીધું. એમાં જ્ઞાન નથી. બધું અજ્ઞાન છે. રાગ, પુણ્ય, વ્યવહારરત્નત્રય, દેહ, વાણી બધું અંધકારમય અજ્ઞાન છે. આહાહા..! એમાં જ્ઞાનનો અભાવ છે. ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય રાગાદિ, શરીરાદિ અંધકારરૂપને કેમ પકડે? એને કેમ પહોંચે? પ્રકાશ અંધકારને કેમ પહોંચે? આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો કહે છે કે કોની વાત કરે છે? આ બધા શાસ્ત્ર આટલા આટલા બીજા છે ને? એ એને આ જ સમજાવવું છે. વાત તો આ જ સમજાવવી છે. ક્યાંક નિમિત્તથી કથન કર્યું છે, ક્યાંક વ્યવહારથી કથન કર્યું છે. સમજાણું કાંઈ? પણ વસ્તુસ્થિતિ તો આ સમજાવવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**પરમાર્થે જીવ પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી. કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે?**’ લ્યો! ભગવાન ચૈનત્ય સ્વરૂપ અને રાગ તો રૂપી પુદ્ગલ છે. રાગને રૂપી કહ્યો છે, પુદ્ગલ કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? સંક્લેશ અને વિશુદ્ધ પરિણામને પુદ્ગલ કહ્યું છે. એ પુદ્ગલને કેમ બનાવે? ‘**મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે? માટે પુદ્ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી.**’ પાઠમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય ટીકામાં છે. ઓલામાં બીજું લીધું છે-પરિણમન, ગ્રહણ, ઉપજવું એમ પાઠમાં હતું. અને આ બીજી ઢબથી લીધું છે. નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય એમ સમજાવ્યું. સમજાવ્યું છે.

‘**આ રીતે પુદ્ગલકર્મ જીવનું કર્મ નથી.**’ આ પ્રકારે ભગવાન આત્માનું રાગાદિ કાર્ય નથી. દેહની અવસ્થાનું કાર્ય નથી. બોલવાની અવસ્થાનું જીવનું કામ નથી. ઓલા કહે, તારો બાપ બોલે છે? આત્મા વિના બોલાય? અરે..! ભગવાન સાંભળ તો ખરો, પ્રભુ! જે રાગને આત્મા સ્પર્શ્યો જ નથી. રજકણને આત્મા કદી સ્પર્શ્યો જ નથી. અજ્ઞાનદશામાં પણ નહિ. રાગને સ્પર્શ્યો છે એમ અજ્ઞાનમાં માને છે. પણ પરને તો અજ્ઞાનપણે પણ સ્પર્શ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાન જ્ઞાનપણે તો રાગને આત્મા અડતો પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ખોટી હોય તો ખોટી રહે, સાચી હોય એ સાચી રહે. કાંઈ ખોટી સાચી થઈ જશે? આહાહા..!

‘**પુદ્ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા હોવાથી...**’ જુઓ! આવ્યું. એનો તો જ્ઞાતા જાણન-દેખન સ્વભાવ ભગવાન આત્માનો તો છે. સમજાણું કાંઈ? ‘**જ્ઞાતા હોવાથી જ્ઞાનરૂપે પરિણમતો પોતે...**’ જુઓ! ભાષા લીધી પાછી. ત્યાં ભલે પુદ્ગલ લીધું. અહીં તો જ્ઞાનરૂપ પરિણમન લીધું. રાગરૂપ પરિણમન નહિ. જ્ઞાનરૂપ, ચૈતન્યરૂપ, શાંતિરૂપ, શ્રદ્ધારૂપ, નિર્વિકારી પર્યાયરૂપ પરિણમતો પોતે પુદ્ગલ કર્મને જાણે છે; પોતે પોતાથી જાણે છે. ‘**માટે પુદ્ગલકર્મને જાણતા એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે?**’ ભગવાન આત્મા રચનાર અને વ્યવહાર વિકલ્પ શરીરાદિની અવસ્થા રચી, એમ કેમ હોઈ શકે? આહાહા..! એ પરઘર છે, નિજઘર નહિ. આવે છે ને? ભજનમાં આવે છે. ‘અબ હમ કબહુ નિજ ઘર ન આયે.’ આવે છે. ઈ ભજનમાં આવે છે. આહાહા..!

‘**હવે પૂછે છે...**’ ૭૭ ગાથા. ‘**પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**’ પ્રશ્ન બીજો થયો. ૭૬માં એને જાણતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવા પરની સાથે કર્તાકર્મભાવ છે કે નથી? (એમ હતું). અહીંયાં આવ્યું કે પોતાના પરિણામ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને જાણનરો આત્મા. તો એવો આત્માને પોતે જાણનારો. પ્રશ્ન કરે છે કે **'પોતાના પરિણામને...'** પોતાના પરિણામ શબ્દે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ. જ્ઞાનના પરિણામ શુદ્ધ, એને જાણનાર. એને જાણનાર આત્મા. એવા જીવને. પોતાના પરિણામને જાણે છે ને? એટલું કાર્ય તો કરે છે ને? એમ કહે છે. **'એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ છે કે નથી?'** શેઠી! શું પ્રશ્ન છે? ૭૬માં શું પ્રશ્ન હતો અને ૭૭માં શું ફેર આવ્યો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઠીક છે. એ બીજાને જાણતો કર્તાકર્મ (સંબંધ) છે કે નહિ? આ પોતાને જાણતો. એટલું કામ તો કરે છે જાણવાનું. જાણે એવો બીજા સાથે કર્તાકર્મ (સંબંધ) હોય કે નહિ? કેમ કે પોતાને જાણે એવું તો કામ કરે છે. એમ કહે છે. આત્મા કર્તા અને પોતાને જાણે છે એ કાર્ય. એવું તો કર્તાકર્મ છે. તો એની સાથે જરી રાગાદિના કર્તાકર્મ છે કે નહિ? સમજાણું કાંઈ? એમ પ્રશ્નમાં ફેર છે. **'તેનો ઉત્તર કહે છે.'** આવી જેને જિજ્ઞાસા છે કે આ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને શુદ્ધ પર્યાય શ્રદ્ધા, જ્ઞાન, શાંતિની ઉત્પન્ન થઈ એ પરિણામ છે, પર્યાય છે. તેને જાણવું એનો કર્તા છે અને એ જાણવું એ એનું કર્મ છે. તો એવા કર્તાકર્મ તો છે. એવા જીવને રાગ અને વ્યવહાર શરીરની અવસ્થાની સાથે કોઈ કર્તાકર્મ સંબંધ છે કે નહિ?

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं।।७७।।**

**'वि'** શબ્દ મૂક્યો છે ને? આમ હોવા છતાં.

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

જુઓ! કામ તો કરે છે. કામ તો એ કરે છે. બીજું પણ થોડું ભેગું કામ કરે કે નહિ? અમારે કાઠિયાવાડમાં દૃષ્ટાંત આપે છે. એક ગાયનો ગોવાળ તો સો ગાયનો ગોવાળ. તમારામાં હશે કોઈ દૃષ્ટાંત. ગાય હોય છે ન ગાય? ગાયને ચરાવા જાય છે ને ભરવાડ. તો એકને ચરાવે અને સાથે પાંચને ચરાવે. એમ આત્મા પોતાનું કાર્ય કરે અને પરનું પણ કાર્ય કરે એમાં શું છે? કાર્ય કર્યા વિના જો રહે તો તો એની સાથે સંબંધ નથી. એમ કહે છે.

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

સમજાણું કાંઈ? એની ટીકા આવશે. લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભાદરવા વદ ૦)), શુક્રવાર તા. ૧૪-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૭, પ્રવચન-૧૫૭**

... ચાલે છે. ૭૭મી ગાથા. એની ટીકા. પ્રશ્ન શું છે? કે આ આત્મા એના ધર્મરૂપ પરિણામ. પ્રશ્ન છે ને ૭૭ ઉપર. '**પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી?**' એવો પ્રશ્ન છે. ઝીણું છે થોડું. આ ભગવાન આત્મા જ્યારે ધર્મ પામે છે અને ધર્મ થાય છે ત્યારે શું થાય છે? કે આત્મા આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદ ત્રિકાળ નિત્યાનંદ ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં અતીન્દ્રિય આનંદનો આશ્રય કરીને પોતાની વર્તમાન દશામાં, પરિણામમાં, પર્યાયમાં, હાલતમાં જે કહો તે એક જ પર્યાય છે, અતીન્દ્રિય આનંદનો ધર્મ જે પર્યાયમાં પ્રગટ થયો તેને અહીંયાં આત્માના પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ધર્મ.

આત્મા ત્રિકાળ અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન થઈને, દેહક્રિયાથી ભિન્ન થઈને પોતાના શુદ્ધ આનંદસ્વરૂપમાં આશ્રય કરીને જ્યારે આત્મા પોતાના પરિણામમાં, પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પ્રગટ દશા કરે છે એ આત્માના પરિણામ છે, એ આત્માનો ધર્મ છે. સમજાણું કાંઈ? વૈદરાજજી! ભગવાન આત્મા આ દેહાદિ જે અવસ્થા છે માટી, વાણી, કર્મ એ તો જડ પદાર્થ છે, અજીવ છે. તો અજીવની વર્તમાન આ દશા હાલત છે એ તો માટી જડની છે. આ વાણીની અવસ્થા પણ જડની છે. એક વાત. અંદરમાં કર્મ છે રજકણ, આઠ કર્મની જડ દશા એ પણ જડના પરિણામ જે ઉદય આવે છે એ પણ જડની અવસ્થા છે. જડના પરિણામ છે. અને આત્મામાં જે પુણ્ય-પાપના વિકલ્પ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય છે એ પણ ખરેખર ચૈતન્યની અંતરની જાતનો ભાવ નથી. અંતર ચીજનો એ ભાવ નથી. સમજાણું કાંઈ? તો એ પુણ્ય-દયા-દાન, વ્રત-ભક્તિના જે ભાવ છે એ ખરેખર અંતર જાતિની ચીજ નથી, એ વિજાતીય ચીજ છે તો એ ખરેખર આત્માના પરિણામ નથી. આહાહા..! નેમિચંદજી! જગતને ધર્મ શું છે એની ખબર નથી. સાચું બોલવું, ખોટું નહિ બોલવું એ ધર્મ. રાત્રે કહેતા હતા ને? ચાર રતન ને ફલાણું. ચાર રતન છે. ધૂળમાંય નથી. અહીં બીજી વાત છે. એય..! શોભાલાલજી! અરે ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તું કોણ છો તને ખબર નથી. આ શરીર, વાણી, આ તો માટી, ધૂળ છે, અજીવ છે. આ ક્યાં આત્મા છે? આ તો માટી-ધૂળ છે, અજીવ તત્ત્વ છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એને વૈદ સાજા રાખે.

ઉત્તર :- ધૂળેય વૈદનો બાપ પણ મરી જાય, વૈદ પોતે મરી જાય. વૈદ શું રાખે? વૈદનું શરીર જુઓને આ જીર્ણ થઈ ગયું, ધોળા લાવ્યા. કરી દે ને. શું કરે? ધૂળ કરે?

અહીં તો કહે છે કે સાંભળ તો ખરો. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમાત્મા કેવળજ્ઞાનીએ ત્રણ કાળ ત્રણ લોક જોયા. એ પરમેશ્વરની વાણીમાં એમ આવ્યું કે એક વાર સાંભળ! તારા ધર્મ પરિણામ અમે કોને કહીએ છીએ? ધર્મ એ પરિણામ છે, ધર્મ એક અવસ્થા છે, ધર્મ એક દશા છે. ધર્મ કોઈ કાયમની ચીજ નથી. સમજાણું કાંઈ? કાયમની ચીજ જે આત્મા છે નિત્યાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ. જેવા સિદ્ધ પરમાત્મા છે એવું જ આત્માનું અંદર સ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રય શાંતિ, અતીન્દ્રિય સ્વચ્છતા, અતીન્દ્રિય પરમેશ્વરતા, એવી અનંત શક્તિનો ભંડાર આત્મા છે. એની શક્તિમાં એવી કોઈ શક્તિ નથી કે પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ થાય. એવી કોઈ શક્તિ નથી, ગુણ નથી. ગુણવાનમાં નથી અને ગુણ નથી. પુણ્ય અને પાપના ભાવ છે એ અદ્ધર વિકૃતદશા છે તો અંતરની ચૈતન્યની જાતની ખાણની એ નિધિ નથી. તો એ શુભ-અશુભભાવને તો પુદ્ગલના પરિણામમાં નાખી દીધા છે. આહાહા..! નેમિચંદજી!

અરે..! એણે મૂળ ધર્મ શું છે અને આત્માને સ્વતંત્રતા, શાંતિ કેમ મળે એ સમજ્યો નથી, સાંભળ્યું નથી, આશ્રય કર્યો નથી. એમ ને એમ જિંદગી અંધપણે કાઢી નાખી. સમજાણું કાંઈ? અહીં પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જોયા. એમની વાણીમાં આવ્યો એ ધર્મ અહીંયાં સંતો કહે છે. ભાઈ! પ્રભુ! તું કોણ છો? કે તું તો આત્મા છો. તો આત્મામાં ધર્મના પરિણામ કેવા હોય? એ પરિણામને આત્મા જાણતો થકો કર્મની અને પુદ્ગલની સાથે કોઈ કર્તાકર્મ સંબંધ છે નહિ. એ વાત અહીં સિદ્ધ કરવી છે. રતિભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મની સાથે કાંઈ જૈનશાસનને સંબંધ ન મળે. રાગ સાથે સંબંધ ન મળે ત્યાં વળી કર્મ સાથે ક્યાં સંબંધ રહ્યો? આહાહા..!

ભાઈ! એમ કહે છે. સૂક્ષ્મ વાત છે. એણે અનંત કાળમાં સત્ય વાત લીધી જ નથી. ખોટે ખોટા ધર્મ, ખોટું શ્રવણ, ખોટું જ્ઞાન, ખોટી શ્રદ્ધા. વૈદરાજજી! આહાહા..! આ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવ, એમણે જે આત્મા જોયો તો એમણે તો આત્માને પૂર્ણાનંદ સ્વરૂપ જોયો છે. પોતાનો આત્મા, હોં! પરનો નહિ. એમની દશામાં તો પરમાનંદ થઈ ગયો. દરેકનો આત્મા શરીર, કર્મ, વાણી, માટીથી ભિન્ન જોયો છે ભગવાને. અને અંદર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પુણ્ય-પાપનો રાગ શુભાશુભભાવ થાય છે એ તો આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ છે. એનાથી ભગવાન ભિન્ન આત્મા છે. એવા આસ્રવથી દયા, દાન, વ્રતના પરિણામ આસ્રવતત્ત્વ છે. એ ધર્મ નહિ. આહાહા..! એ પરિણામ પુદ્ગલના ગણીને ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અતીન્દ્રિય આનંદ ઉપર ઝુકવાથી, અંતર દશા વાળવાથી જે આત્મામાંથી સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સત્ય સ્વરૂપની સમ્યક્શ્રદ્ધા, સત્ય સ્વરૂપનું સમ્યક્જ્ઞાન, સત્યસ્વરૂપમાં સત્‌રૂપ આનંદ જે પડ્યો છે એની દશામાં આનંદ પ્રગટવો, એનું નામ ભગવાને આત્માનો ધર્મ અને આત્માના પરિણામ કહ્યા છે. આહાહા..! આ પરિણામની વ્યાખ્યા કરી. આત્માના પરિણામની આ વ્યાખ્યા થઈ એટલી તો. આહાહા..! એ..! શેઠ! એ તો સાંભળે છે ને. ૨૭ દિવસથી તો પડ્યા છે અહીંયાં. હવે જાશે રૂપિયા સંભાળવા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો સંભાળી શકાતા નથી.

ઉત્તર :- પણ મમતા તો કરશે ને ત્યાં? એય..! શોભાલાલજી! દિવાળી આવી. તો શું કરે? બાર મહિનામાં પાંચ-સાત લાખ ભેગા થયા? કેટલા થયા? ૭૦ લાખ, ૮૦ લાખમાં કેટલા ભેગા થયા એવી ગણતરી કરે કે નહિ? મમતાવાળા. ધૂળમાંય એમાં નથી.

અહીં તો કહે છે કે ભગવાન! ક્યા પરિણામ તારા? કઈ પર્યાય તારી? કઈ દશા તારી? અને તારી કઈ દશાને અમે આત્માના પરિણામ કહીએ છીએ? આહાહા..! કહે છે કે આત્મા ભગવાન સત્ જ્ઞાનાનંદ પ્રભુ એ.. જુઓ! ટીકા. ટીકામાં પહેલો શબ્દ છે ને? '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...**' ત્રણ શબ્દ છે. '**એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' પહેલી લીટી છે. ૭૭માં. ક્યાં જોવે છે? હિન્દી છે એના હાથમાં? એના હાથમાં હિન્દી છે. જોવે છે ક્યાંક ને છે ક્યાંક. પાનું રાખે શું કામ આવે? ખબર પડી કે ઓલા પાને દેખે છે, છે આ પાને. સમજાણું કાંઈ? એ ટીકા છે, ટીકા. ટીકા શબ્દથી સીધું.

'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...**' તમારા વૈદમાં પણ કોઈ દિ' આ શબ્દ આવ્યા ન હોય. અહીં કહે છે કે ભાઈ! પ્રાપ્ય એટલે શું? કે આત્મા જે આનંદ અને શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એ પોતાના વર્તમાન શાંતિ અને આનંદ પરિણામને પ્રાપ્ત થાય તેને પ્રાપ્ય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રાપ્ય. ગ્રહણ કરવું, પ્રાપ્ત થવું. કોને? કે આત્મા જે છે શુદ્ધ ચૈતન્ય આનંદકંદ, એ આનંદકંદ ઉપર દૃષ્ટિ થવાથી, એની વર્તમાન દશામાં સમ્યક્શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન, આનંદના પરિણામ, શાંતિના પરિણામ એ થવાના હતા એને આત્મા પ્રાપ્ત નામ પકડી લે છે-ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ? શેઠી! આવો તે ધર્મ કેવો? આ કરતા બે કરોડમાંથી દસ લાખ ખર્ચી નાખીએ પચ્ચીસ લાખ. લ્યો. જો ધર્મ થતો હોય તો. નહિ? ધૂળમાંય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મ નથી. તારા બે કરોડ આપી દે તો. એ ક્યાં તારી ચીજ છે? એ તો જડ છે. જડમાંથી ક્યાંથી ધર્મ આવ્યો તારો? સમજાણું કાંઈ? આહાહા..! અહીં તો તારી ચીજમાં અંદર સત્... સત્... સત્... સત્... સત્નું સત્ત્વ સત્. સત્નું સત્ત્વ સત્. જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા જે સત્યપણું છે એનો અંતર આશ્રય કરવાથી જે પર્યાયમાં એ જ સમયે સમ્યક્ શાંતિ, સમ્યક્ આનંદ, સમ્યક્ દર્શન-જ્ઞાનાદિ જે પરિણામ, ધર્મ પરિણામ (થાય) એ પરિણામને આત્મા પ્રાપ્ત કરે છે, તે જ પરિણામ એ સમયે થવાના હતા. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તે જ થવાના હતા?

ઉત્તર :- તે જ થવાના હતા. એ કાઢ્યું પ્રાપ્યમાંથી. તે જ સમયનો સત્ અંશ... એ તો પહેલા ૭૫માં આવી ગયું તમારે. આવ્યું હતું ને? સ્વયં...

મુમુક્ષુ :- સ્વતંત્રપણે વ્યાપક...

ઉત્તર :- હા, સ્વતંત્રપણે વ્યાપક થઈને. સ્વયં વ્યાપ્ય હોવાથી કર્મ છે. આ તો મહા શાસ્ત્ર છે. અધ્યાત્મના પેટ ખોલી દીધા છે અંદર. અરે..! કદી આત્મા શું એની કિંમત નથી. એને કિંમત પર ધૂળની છે. અને બહુ કિંમત કરવા જાય તો પાપના પરિણામ અને બહુ કરવા જાય તો પુણ્યના પરિણામ. દયા, દાન, ભક્તિના પરિણામની કિંમત. જેને વિકારની કિંમત છે એને આત્માની કિંમત નથી.

જેના હૃદયમાં શુભ પરિણામની મહત્તા અને માહાત્મ્ય છે, એના હૃદયમાં ભગવાન અખંડાનંદ શુદ્ધ છે એનું માહાત્મ્ય, મહિમા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસથી પરિપૂર્ણ સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... શાંતિની ખાણ, અતીન્દ્રિય આનંદનું નિધાન, એની જેને મહિમા નથી, તેને આ પુણ્ય-પાપના પરિણામની મહિમા આવે છે. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એ અધર્મી છે, અધર્મ પરિણામ પ્રગટ કરે છે. અને જેને ભગવાન આત્મા પરિપૂર્ણ શાંત અને આનંદસ્વભાવથી ભરેલો પરિપૂર્ણ છે, એવું અંતર્મુખ થઈને માહાત્મ્ય આવ્યું અર્થાત્ એકાગ્ર થયો તો આત્મામાં શાંતિ અને આનંદ છે (તે) એ જ સમયે એ પરિણામ પ્રાપ્ય નામ એ સત્નો અંશ છે પર્યાયનો. શાંતિ, આનંદ, સમ્યગ્દર્શન, જ્ઞાન, વીતરાગી પર્યાય એ જ આત્માના પરિણામ, એ ધર્મ, એ પ્રાપ્ય નામ તે સમયમાં તે જ અંશ હતો એને આત્મા ગ્રહે છે. ભારે ઝીણું, ભાઈ! સમજાણું કાંઈ?

**'પ્રાપ્ય, વિકાર્ય...'** તે જ સમયે આત્મા જે આનંદ અને અનાકુળ શાંતસ્વરૂપ પ્રભુ છે એના જે ભાવ, એના પરિણામ શુદ્ધ શાંતિ, આનંદ અને શ્રદ્ધા આદિ થયા, એ પૂર્વની અવસ્થા પલટીને થયા એ અપેક્ષાએ એને વિકાર્ય કહે છે. તે જ પરિણામને. અને એ જ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામને નિર્વર્ત્ય કહે છે. નવા નિપજ્યા. સમજાણું કાંઈ? ભગવાનના ઘરમાં પાક કેવો થાય છે એમ કહે છે. ચોખા વાવે ત્યાં પાકમાં ચોખા થાય કે કળથી? કળથી સમજો છો, કળથી?

મુમુક્ષુ :- દાલ બને છે.

ઉત્તર :- દાળ બને છે. કળથી-કુલથી. ચોખા વાવ્યા હોય એ ખેતરમાં કળથી પાકે?

એમ ભગવાન આત્માનું ક્ષેત્ર એવું છે કે જેમાં આનંદનો જ પાક થાય છે. પુણ્ય-પાપનો પાક પાકે એવું એ ક્ષેત્ર નથી, એવો એ ભાવ નથી, એવું એ દ્રવ્ય નથી. ત્રણે નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મનની અવસ્થા થાય એ આત્મામાંથી થાય એ તો ત્રણ કાળમાં નથી. એ તો એની જડની પર્યાય છે. પણ આત્મામાંથી પુણ્ય-પાપ (થાય) એ આત્મા નથી. જેમાંથી પુણ્ય અને પાપનો પાક થાય, પર્યાયમાં પાક પુણ્ય-પાપનો થાય એ આત્મા નહિ. આહાહા..! એય..! મલૂકચંદજી! કેમ હશે આ? આત્મામાં પાક શું (થાય)? અહીં તો આત્માના પરિણામની વ્યાખ્યા છે ને. ભગવાન આત્મા એને કહે છે, શુદ્ધ ચૈતન્ય અનાકુળ આનંદરસ. એ આત્મા દ્રવ્ય ઉપર લક્ષ, રુચિ દ્રવ્ય ઉપર થઈ તો તે સમયે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, આનંદના પરિણામ થયા એને ધર્મ પરિણામ કહેવામાં આવે છે. એને ધર્મ પરિણામ (કહે છે). એ પરિણામને પ્રાપ્ય. પહોંચે માટે પ્રાપ્ય કહે છે, એ જ પરિણામને પલટીને થયા માટે તેને વિકાર્ય કહે છે. એ જ પરિણામને ઊપજે છે માટે નિર્વર્ત્ય કહે છે.

'**એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' એવું વ્યાપ્ય નામ અવસ્થા લક્ષણવાળું. એવી વ્યાપ્ય એક સમયમાં અવસ્થા-દશા થઈ એવા લક્ષણવાળું, '**એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ...**' આત્માનો શુદ્ધ શ્રદ્ધા, શાંતિ, આનંદ અને સ્વચ્છતાનો જે ભાવ પ્રગટ થયો એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવા પરિણામને પ્રાપ્ત થયો-પ્રગટ્યા, નિપજ્યા એવું વ્યાપ્ય, એવી અવસ્થા લક્ષણવાળું '**આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' આત્મા કર્તાનું એ કાર્ય. રતિભાઈ! આપણે આ વંચાઈ ગયું હતું ત્યાં એક ફેરી. પોર નહિ? પોર. આ આવ્યું હતું કે નહિ ત્યાં? પોર નહિ? મહિનો. પોર પંચકલ્યાણક વખતે. એ પોર જ થયું ને. આ તો હજી ૨૨મી ચાલે છે ને. હજી ૨૩મી આવશે એ હિસાબે વખત થઈ ગયો. એમ કહે છે. આ તો હજી ૨૨મી ચાલે છે. તમારે આવવાની ૨૩મી છે. કહો, સમજાણું આમાં? પંદર દિવસ રહી ગયા ને આ ફેરી. પોર રહી ગયા મહીનો. તમારે તો હરવખતે આવે છે.

કહો, અહીંયાં શું કહે છે? આમાં તો શબ્દો વાંચે તો સમજાય નહિ. આવું તો આ લખ્યું પંડિતજીએ. પાઠમાં છે કે નહિ? '**यतो यं प्राप्यं विकार्यं निर्वर्त्यं च**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**व्याप्यलक्षणात्मपरिणामं कर्म**' આહાહા..! અરે.. ભગવાન! સાંભળ તો ખરો. અરે..! તેં કદી ધર્મ શું છે એ સાંભળ્યું જ નથી. અનંત કાળ અનંત કાળ મરી ગયો સાધુ થઈને ક્રિયાકાંડ કરીને. વ્રત ને દયા ને દાન ને ભક્તિ મરી ગયો કરી કરીને. એ ધર્મ નહિ. આહાહા..! વૈદરાજ! રાત્રે તો ધર્મ ધર્મ કરતા હતા તમે.

ભાઈ! પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી. એ મહાન પ્રભુ આત્મા અખંડાનંદ સિદ્ધસ્વરૂપ અંદરમાં છે. એવા સિદ્ધસ્વરૂપ પરમાત્માશક્તિ સત્ત્વ સત્ય, એનું અંતર ભાન થઈને જે પરિણામ દશા વ્યાપ્ય એટલે અવસ્થા સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિના જે પરિણામ થયા એ જ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવા વ્યાપ્યલક્ષણવાળું, એવી અવસ્થા લક્ષણવાળું, એવી દશારૂપ લક્ષણવાળા એવા આત્માના પરિણામ. એ આત્માની દશા, એવા સ્વરૂપ જે કર્મ, એ આત્માનું કાર્ય, આત્માની દશા એ કર્તાનું કાર્ય છે. એ આત્મા કરનાર અને સમ્યક્ આનંદની પર્યાયનું કાર્ય કરનાર છે. ઓહોહો..!

શુભ અને અશુભભાવ એ દુઃખરૂપ છે. દુઃખને કરનાર આત્મા હોઈ શકે નહિ કદી. દુઃખને કરવું અને દુઃખ એનું કાર્ય એ અનાત્મા છે. આહાહા..! રામસ્વરૂપજી! શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ મારું કાર્ય અને હું કર્તા. શુભભાવ દુઃખરૂપ છે, ઝેરરૂપ છે, આત્માની શાંતિને લૂંટનારો છે. એવા શુભભાવનું કર્તવ્ય મારું અને હું એનો કરનારો, એને અહીંયાં ભગવાન આત્મા કહેતા નથી. એ તો અણાત્મા જડ છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માને તો...

ઉત્તર :- ઈ આત્માના પરિણામ છે જ નહિ. એ દુઃખરૂપ થયા. દુઃખદશા સ્વભાવની હોય નહિ. એય..! નેમિચંદજી!

અહીંયાં તો '**વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ...**' આત્મા વસ્તુ અને પરિણામ એની દશા. એ સમ્યક્ શ્રદ્ધા આત્મા શુદ્ધ ચૈતન્યની, શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ આદિના પરિણામ જે નિશ્ચય મોક્ષમાર્ગના પરિણામ એને અહીં વ્યાપ્યલક્ષણ પરિણામ કહે છે. એય..! આહાહા..! વ્યવહાર-ફ્યવહાર, વ્યવહાર શ્રદ્ધા-બદ્ધા એ આત્માના પરિણામ નહિ. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના વિકલ્પનો રાગ એ આત્માના પરિણામ જ નથી. સાંભળ્યું નથી કોઈ દિ' આટલા ૭૪ વર્ષમાં. દિકરીએ ભલામણ કરી, એની દિકરીએ. પિતાજી! જાત્રા-બાત્રા બહુ કરી હવે અહીં સાંભળો. ભટક્યા હશે, જ્યાં ત્યાં જાત્રા ને ફાત્રા ને... દિકરીએ કહ્યું કે નહિ તમને? પિતાજી! અહીં રહો, થોડું સાંભળો. એની દિકરીની ફરજ છે કે નહિ પિતાજી શું સમજ્યા? આહાહા..! અરે..રે..! આખી જિંદગી એમ ને એમ અનંત કાળમાં ગઈ. બહારમાં ધૂળધાણી, બહાર નિવૃત્ત થઈને કાંઈક દયા, દાન, ભક્તિ, વ્રત ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૂજા કરી તો થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો. એ તો શુભરાગ છે. શુભરાગને કરનારો આત્મા અને શુભરાગ આત્માનું કાર્ય એ આત્મા નહિ, એ અણાત્મા છે. ઓહોહો..!

અહીં તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરની વાણીમાં સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં, સમવસરણ ધર્મસભામાં ભગવાનની વાણી નીકળતી હતી, એ વાત સંતો કહે છે. મહાવિદેહક્ષેત્રમાં પરમેશ્વર બિરાજે છે અત્યારે. સીમંધર પરમાત્મા કેવળજ્ઞાની સાક્ષાત્ ત્રિલોકનાથ. ઉપરના ઈન્દ્રો શક્રેન્દ્ર અને ઈશાન ઈન્દ્ર અર્ધલોકના સ્વામી, એ સાંભળવા આવે છે. ત્યાં આ વાણી ભગવાન કહેતા હતા. ૐ ધ્વનિની અંદર જે વાણી કહે છે એ અહીં કુંદકુંદાચાર્ય કહે છે. આહાહા..! કુંદકુંદાચાર્ય ત્યાં આઠ દિ' ગયા હતા ભગવાન પાસે. સમજાણું કાંઈ? ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે.

કહે છે કે સાંભળ એકવાર. તું કોણ છે અને તારા પરિણામ કોને કહીએ છીએ અમે? તારી પર્યાય-પરિણામ. ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાંથી, શક્તિમાંથી, નિધાનમાંથી કાઢીને એ જ સમયના પરિણામ શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થઈ, અવિકારી પરિણામ થયા, વીતરાગી પર્યાય થઈ એ વીતરાગી પર્યાય વ્યાપ્ય લક્ષણવાળા આત્માનું કર્તાનું કાર્ય છે. આહાહા..! એય..! રતિભાઈ!

જૈનમાં જન્મ્યા (પણ) જૈનમાં જૈન શું કહે છે એની ખબર ન મળે. તુંબડીમાં કાંકરા. કાંકરા હશે? તુંબડીનો ઓલો દાણો હશે. શું કહેવાય? બિયાં. બિયાં સુકાઈ ગયા હોય ને તુંબડીમાં? ખખડે. કાંકરો હશે કે આ બીયું છે કે રૂપિયો, ભાન ન મળે. પણ ત્યાં રૂપિયો ક્યાંથી ગરી ગયો અંદરમાં? બિયાં છે ત્યાં તો એના. તુંબડી હોય છે ને તુંબડી? તુંબી નથી હોતી દૂધીની? એ સુકાઈ જાય છે ને સુકાઈ? તો એના દાણા બીજ હોય છે ને? છૂટા પડીને ખખડે. લાગે જાણે અંદર રૂપિયા હોય અંદરમાં. રૂપિયા ક્યાં ગરી ગયા છે? ત્યાં તો અંદર બિયાં છૂટા પડીને ખખડે છે. સમજાણું કાંઈ?

એમ પુણ્ય અને પાપ અને દેહની ક્રિયામાં ધર્મ ક્યાં ઘુસી ગયો છે? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતર ચૈતન્ય જ્યોત ચૈતન્ય રત્નાકર પ્રભુ, એની અંતર સમ્યગ્દર્શનના કાળમાં, સમ્યગ્દર્શનના કાળમાં પોતાના શુદ્ધ સ્વભાવની અનુભવમાં પ્રતીતિ થઈ, એ અનુભવમાં આનંદ આવ્યો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું અને શાંતિનો અંશ થયો એ આત્માના પરિણામ, એ આત્માની પર્યાય. રાગાદિ આવ્યા એ આત્માના પરિણામ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એ આત્માનું કાર્ય નહિ?

ઉત્તર :- આ આત્માનું કાર્ય છે. કરનારો ભગવાન આત્મા જ્ઞાનાનંદની જ્યોત ચૈતન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સૂર્ય પ્રભુ, ચૈતન્ય સૂર્ય આત્મા. આ રજકણનો, માટીનો સૂર્ય છે. આ ચૈતન્ય સૂર્ય. અંતર પ્રકાશની મૂર્તિ ચૈતન્યની, એની અંતર દૃષ્ટિ સમ્યક્ થઈ-સમ્યગ્દૃષ્ટિ, તો સમ્યગ્દર્શનના જે પરિણામ છે એ શુદ્ધ આત્માની શ્રદ્ધાના પરિણામ થયા, એ આત્માનું સ્વસંવેદન જ્ઞાનના થયા, આત્મામાં લીનતારૂપ સ્વરૂપાચરણ થયું, આનંદના પરિણામ થયા, એનું નામ અહીંયાં આત્માનું કાર્ય અને કર્મ કહેવામાં આવે છે. આહાહા..! શેઠી! ભાષા કોણ જાણે (કેવી), ચોપડામાં મળે નહિ. શેઠીયા વાંચે તો એમાં ન હોય. ઘરે ન હોય. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ક્યાંની વાતું!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ હતું જ કે દિ' ત્યાં? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એક અકલંકદેવ સ્વામી છે. ટીકામાં, સંસ્કૃતમાં... કહ્યું હતું ને પંડિતજી! રાજવાર્તિકમાં. ત્યાં કર્મ શબ્દ આવ્યો ને? એટલે ત્યાં મૂક્યો છે. કર્મના અર્થ ત્રણ. ત્યાં પહેલા લીધું છે. નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય એમ લીધું છે. અહીંયાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એમ લીધું છે. અહીંયાં અધ્યાત્મની વાત છે. ત્યાં વ્યાકરણની રીતે લીધું છે. સમજાણું કાંઈ? ઓલું ઉપજ્યું ખરું ને. અહીં તો ગ્રહણ કરે છે.

ભગવાન આત્મા પોતાનો આત્મા થઈને આત્મા રહ્યો. અનાદિથી તો પુણ્ય-પાપ થઈને રહ્યો એ આત્મા નહિ. અને આ શરીર, વાણીની ક્રિયા હું કરી શકું છું, એમ માનનારો આત્મા નથી. એ તો મૂઢ અણાત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને પરમેશ્વર કહે છે અને એવો પ્રભુ આત્મા છે. જ્ઞાનજ્યોતિ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા, એની અંતરમાં દૃષ્ટિ કરીને જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની દશા, પરિણામ એ જ સમયમાં (થયા), તે જ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવી અવસ્થાવાળું કર્મ, વ્યાપ્યલક્ષણસ્વરૂપ કાર્ય, એનો કર્તા આત્મા અને પોતાના પરિણામ પોતાનું કાર્ય. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયા કાનજીભાઈ? આ સંભળાય છે આ ઝીણું? ત્યાં તમારે લાઠીમાં ક્યાં બધા સમજવા જેવા છે બધા ભેગા થઈને. નવરાશ નહિ. રળવું... રળવું... રળવું... ક્યાં ગયા ધીરૂભાઈ? આ બેઠા. બીજી વાર તેડવા આવ્યા. કીધું, પણ તમે કાંઈક અભ્યાસ કર્યો? ધીરૂભાઈ! એય..! છોટાભાઈ! શું હશે? આ ને આ આખો દિ' કપડાના પાટ ફેરવ્યા ફેરવ અને શીંગુના દાણા. આહાહા..!

અહીં તો કહે છે કે સાંભળ તો ખરો. આત્મા કોને કહે છે પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ? એ આત્મા કોને કહે છે એ તારો આત્મા તને અંદર સમજાયો નથી. ભગવાન આત્મા એને કહે છે કે જે આત્મા અંદર આનંદમૂર્તિ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એની અંતર દૃષ્ટિ કરીને જે પરિણામ, પર્યાય હાલતમાં શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ નિર્વિકલ્પ વીતરાગી પર્યાય થઈ એ આત્માના

પરિણામ અને આત્મા એનો કર્તા અને એ આત્માનું કાર્ય. કહો, કાનજીભાઈ! કપડા-બપડાના ફેરવવા ક્યાં ગયા ભગવાનભાઈ? આ ફેરવ્યા, .. કરી ધૂળ કરી. કાંઈ કર્યું નથી. મફતનો અભિમાન કરે છે.

કહે છે કે '**(કર્તાનું કાર્ય),...**' જુઓ! કૌંસમાં. કર્મનો અર્થ ઓલા જડ કર્મ અહીં નહિ. પુણ્ય પરિણામ એ નહિ. આ આત્માનો શુદ્ધભાવ, શુદ્ધભાવ. શુભાશુભભાવ એ અશુદ્ધભાવ છે. એ આત્માનું કાર્ય નહિ. સમજાણું કાંઈ? ખોટું ન બોલવું, દયાનો ભાવ એ આત્માના નહિ એમ કહે છે. ચાર રતન કહેતા હતા ને રાત્રે? એ પથરા છે એમ કહે છે અહીંયાં. એય..! શોભાલાલજી! રાત્રે બહુ બોલતા હતા. જૂના માણસ છે. અહીં આ કહ્યું, આ અહીં કહ્યું. હવે સાંભળો કીધું નિરાંતે. આહાહા..!

અહીં તો પરમેશ્વર આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે જે આત્મા જોયો એ આત્મા અખંડ જ્ઞાનાનંદની મૂર્તિ જોઈ છે. એવી જેની અંતર દૃષ્ટિ થઈ, પુણ્ય-પાપના શુભ-અશુભભાવથી રહિત થઈને, મારી પર્યાયમાં શુભાશુભભાવનો અભાવ છે. દ્રવ્ય-ગુણમાં તો અભાવ છે જ, દ્રવ્ય નામ શક્તિવાન આત્મા, ગુણ નામ ત્રિકાળ શક્તિ અને વર્તમાન દશારૂપી પર્યાય, એમાં શુભ-અશુભભાવ, દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને પર્યાયમાં નથી. કેમ કે દ્રવ્ય-ગુણમાં શુદ્ધતા છે, ત્યાં અશુદ્ધતા છે નહિ. આહાહા..! તો એ શુદ્ધતાનો જે ભાવ થયો પુણ્ય-પાપરહિત સ્વભાવનું ભાન થઈને, એને અહીંયાં આત્માનું કર્તવ્ય, આત્માનું કાર્ય, આત્માનો ધર્મ, આત્માના પરિણામ, એના પરિણામ કરનારો આત્મા (કહે છે). આહાહા..! કહો, રતિભાઈ! આ લોઢાના કામ કોણ કરતું હશે ત્યારે આ બધું? સંચા હલવે છે ત્યાં મોટા મોટા. આ સંચા અને ધૂળ સંચા. ધૂળેય હલતો નથી અહીં તો કહે છે. છોકરો પણ નથી હલતો અને છોકરાનો બાપ પણ નથી કરતો. દાદો .. બેઠો છે ઈ. આહાહા..!

ભાઈ! તને તારી ખબર નથી, હોં! તું કેવડો ક્યાં કેમ તેની તને ખબર નથી. સમજાય છે કાંઈ? તું નહિ શરીરનો, તું નહિ પૈસાનો, તું નહિ બાયડીનો, તું નહિ છોકરાનો, તું નહિ સ્થાનનો, તું નહિ સંચાનો. તું નહિ કર્મનો અને તું નહિ પુણ્ય અને પાપના ભાવનો. આહાહા..! એય..! શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હતુ કે દિ' એમાં? કેમ, જ્ઞાનચંદજી!

ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી ભિન્ન સ્વરૂપ ભગવાન આત્માનું છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ અનંત કાળમાં નથી થઈ, એવી સમ્યગ્દૃષ્ટિ અંતરમાં થઈ તો સમ્યગ્દર્શનના જે પરિણામ શાંતિના, સ્થિરતાના, આનંદના એનું નામ ધર્મ અને એ પરિણામને

આત્માનું કાર્ય કહેવામાં આવે છે. અને એ કાર્યનો કરનારો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કર્તાનું કાર્ય (છે). એટલી એક લીટીનો અર્થ થયો.

'**તેનામાં...**' તેનામાં એટલે જે આત્મા ત્રિકાળી આનંદસ્વરૂપ પ્રભુ, એની અંતરમાં સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના પરિણામ અવિકારી દશા ઉત્પન્ન થઈ, તે પરિણામમાં, તે પરિણામમાં... આહાહા..! '**આત્મા પોતે અંતર્વ્યાપક થઈને,...**' શું કહે છે? એ રાગાદિ કષાય મંદ હતો તો આત્માના શુદ્ધ પરિણામમાં આત્મા પ્રાપ્ત કરે છે એમ છે નહિ. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત પ્રભુ ચૈતન્યની ગાંગડી આત્મા, આનંદનું પુર, ચૈતન્યનું પુર આત્મા. આ વાત પણ ક્યાં હશે. સમજ્યા? પાણીના પુર આવે છે કે નહિ? એ તો ધૂળના પુર. આ તો ચૈતન્યના પુર અંદર છે. જ્ઞાયક જ્યોતના પુર, આનંદથી ભરપુર એવો ભગવાન આત્મા પોતાની પર્યાયમાં, પરિણામમાં જે શુદ્ધતા પ્રગટ કરી, એ પરિણામ પોતાનું કાર્ય છે અને પોતાનો આત્મા કરનારો. તો કરનારો આત્મા, શુદ્ધ પરિણામ જે ધર્મની વીતરાગી પર્યાય થઈ એમાં સ્વયં અંતર્વ્યાપક. આત્મા અંતર્વ્યાપક થઈને એ પરિણામને ગ્રહે છે. આહાહા..! સૂક્ષ્મ છે. અહીંયાં જયપુરની વાત નથી. રાડ નાખે ઓલા કે આહાહા..! આવું ક્યાંથી કાઢ્યું? જયપુરમાં સાંભળવું કઠણ પડે. એ તો ત્યાં દાખલા અને દલીલ કાંઈક થાય ત્યારે માંડ માંડ પકડે. આહાહા..! બહાર નીકળવાનું થાય એનું શું કરવું? આ બધા મંડયા છે, નિકળો નિકળો. આ વાત સાંભળી જાય નહિ ત્યાં હોં! રાડ નાખે ઓલી સભા. એય.. આવું ન હોય.. એય.. આવું ન હોય. ભગવાને આમ કહ્યું છે વ્યવહાર. હવે સાંભળને હવે. તને ભગવાનની શી ખબર પડે? સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! તું કેવડો મોટો તેની તને ખબર નથી. તારામાં તો અનંતા સિદ્ધની પર્યાય પડી છે, બાપુ! તું એવડો છો, ભાઈ! તને ખબર નથી, ભાઈ! તું કોણ છો, કેવડો છો, ક્યાં છો તેની તને ખબર નથી. સમજાણું કાંઈ? અને જ્યાં ખબરું પડી તે ખબરના પરિણામ તે શ્રદ્ધા અને શાંતિના પરિણામ. એમાં આત્મા અંતર્વ્યાપક, સ્વયં અંતર્વ્યાપક થઈને, કોઈની મદદ વિના, નિમિત્તની, રાગની સહાય વિના. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

ભગવાન આત્મા '**પોતે અંતર્વ્યાપક...**' એ નિર્મળ ભાવ જે શુદ્ધ ધર્મરૂપ થયા એમાં અંતર્વ્યાપક આત્મા થાય છે. '**અંતર્વ્યાપક થઈને,...**' પોતે હોં! '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' ભાષા પણ કાંઈક જુદી જાતની ત્રણેય. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. વળી એ અંતર્વ્યાપક થઈને. ક્યાંય સાંભળ્યું પણ ન હોય એના બાપ-દાદાએ. અંતર્વ્યાપક થઈને. આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના આ માર્ગની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે '**તેનામાં...**' તેનામાં એટલે કોણ? આત્માના પરિણામમાં. આત્માના પરિણામ કોણ? કે કર્તાનું કાર્ય. એમાં '**પોતે અંતર્વ્યાપક...**' ધર્મ પરિણામ વીતરાગી દશા થઈ આત્મામાં. નીચે ચોથે ગુણસ્થાને, હોં! ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં. આહાહા..! '**પોતે અંતર્વ્યાપક થઈને,..**' ભગવાન આત્મા પોતાના શુદ્ધ પરિણામ, શુદ્ધ ભાવ ધર્મરૂપી દશાના કાર્યમાં '**પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન વીતરાગી દશા પ્રગટ કરી, સમ્યગ્દર્શન પ્રગટ થયું, એ સમ્યગ્દર્શનના પરિણામમાં આદિ-મધ્ય અને અંતમાં આત્મા છે. એ સમ્યગ્દર્શનના પરિણામ થયા એની શરૂઆતમાં દર્શનમોહનો નાશ થયો તો અહીંયાં પરિણામ થયા એમ ત્રણ કાળમાં નથી. ઓલા રાડ નાખે છે, અરે..! આમ કરો.. આમ કરો.. આમ કરો. દર્શનમોહનો નાશ થાય તો સમ્યગ્દર્શન થાય. અહીં તો કહે છે કે સમ્યગ્દર્શનના પરિણામ થયા એ પરની અપેક્ષા વિના પોતાના પરિણામમાં આદિમાં આત્મા છે તો થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેનામાં...**' એટલે પુણ્ય-પાપ વિનાનો આત્માનો શુદ્ધ સ્વભાવ. ધર્મરૂપ વીતરાગી પર્યાય પ્રગટ થઈ. સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપાચરણની રમણતા. એટલા જે ચોથા ગુણસ્થાનમાં આનંદ આદિ પરિણામ સમકિતીને ઉત્પન્ન થયા, એ પરિણામમાં સ્વયં આત્મા અંતર્વ્યાપક થઈને અથવા અંતરમાં પેસીને પરિણામ પ્રગટ કરે છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? એય..! વિજયકુમારજી! બરાબર સમજાય છે? આ તો લોજિક છે. તમારા લોજિક કરતા આ બીજું લોજિક છે. એમ.એસ.સી. ૨૧ વર્ષની ઉંમરે એમ.એસ.સી. કર્યું. હવે ઘરે ભણે છે. આ તો આત્માનું આ આમ થયું એની ખબર છે. પૂંછડા વળગાડ્યા એમ.એસ.ના. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકાનાથ કેવળજ્ઞાનીએ જેમ કહ્યું એમ છે, એવું જોયું, એવું કહ્યું. એવા આત્માની જે અંતરદૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિના પરિણામ પ્રગટ કર્યા તો એ પરિણામ આત્માનું કાર્ય અને આત્મા એનો કરનારો. એ સિવાય કોઈ આત્માનું કાર્ય જગતમાં છે નહિ. સમજાણું કાંઈ? એ પરિણામની આદિમાં... કોઈ કહે કે સમ્યગ્દર્શન આત્માની દૃષ્ટિ અનુભવ થયો. તો એ પરિણામની શરૂઆતમાં કોણ હતું? કોઈ રાગની મંદતા (હતી)? પણ (એ તો) એના પરિણામ જ નથી ને. તો ગુરુની વાણી આદિમાં (હતી)? પણ વાણી આત્મામાં છે જ નહિ ને. ભગવાનની દિવ્યધ્વનિ ત્રિલોકનાથ સર્વજ્ઞની દિવ્યધ્વનિ ૐ ધ્વનિ નીકળે છે. સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં. મોટા લોકના સ્વામી ઇન્દ્રો સાંભળે છે. જેને નીચે ૨૮-૨૮ લાખ વિમાન, ૩૨-૩૨ લાખ વિમાન. એક એક વિમાનમાં કેટલાકને અસંખ્ય-અસંખ્ય દેવ. એનો લાડો ઇન્દ્ર ભગવાન પાસે સાંભળે છે. મહારાજ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે કે, અરે આત્મા! તારા પરિણામ, અમને સાંભળીને પછી તારો આશ્રય કરીને જે પરિણામ થયા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ થયા, ભગવાન આત્માની અંતર્મુખ થઈને જે પરિણામ થયા, એ પરિણામની આદિમાં તારો આત્મા છે. અમે નહિ. અમારી વાણી આદિમાં હતી માટે એ પરિણામ તને થયા, (એની) ભગવાન ના પાડે છે. આહાહા..! એય..! આહાહા..! ભાઈ! અહીં કર્તા છે કે નહિ? તો કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. અને કર્મ નામ કાર્યની વ્યાખ્યા શું? કર્તાનું ઈષ્ટ તે કર્મ. તો ધર્મી આત્મા કર્તા અને ધર્મીનું ઈષ્ટ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ ધર્મીનું ઈષ્ટ છે. ધર્મીને રાગ ઈષ્ટ નથી, પુણ્ય ઈષ્ટ નથી, દેહ-વાણી ઈષ્ટ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ સમ્યગ્દર્શનના પરિણામ સ્વભાવનો આશ્રય થઈને થયા, સમ્યગ્જ્ઞાન થયું, સમ્યક્ ચારિત્ર થયું. તો કહે છે કે એની આદિ-મધ્ય-અંતમાં આત્મા વ્યાપીને આત્મા પ્રસરે છે. કોઈ રાગ ને નિમિત્ત ને બહુ ભગવાનની વાણી સાંભળી તેથી સમ્યગ્દર્શનના પરિણામ થયા એમ ત્રણ કાળમાં નથી. ધર્મચંદજી! નહિ પૂછીએ, બહુ મુંઝાશો નહિ. એ મુંઝાઈ જાય છે કે પૂછશે તો? હાય હાય! કાંઈક બીજું નીકળશે. દરકાર જ કરી નથી, ઈંજેક્શન ખોસવાના કામમાં. આહાહા..! પૂછીએ તો કાંઈક હશે એમ એને થઈ જાય અંદર.

અહીં પરમેશ્વર કહે છે, ભાઈ! કહે છે કે તું કોણ છો? નાથ! તું તો અનંત આનંદ અને શાંતિનો નાથ છો. આહાહા..! પુણ્ય-પાપ તારી ચીજ નથી કે તું એનો નાથ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં એવો એક ગુણ છે કે સ્વસ્વામિસંબંધશક્તિ. ભગવાન આત્મામાં એક શક્તિ છે, શક્તિ અનાદિઅનંત. જે શક્તિ અને શક્તિવાન ભગવાન આત્માની દૃષ્ટિ અને અનુભવ કર્યો, ધર્મ થયો તો ધર્મી તો પોતાના શુદ્ધ દ્રવ્ય સ્વભાવ અને ગુણ અને પર્યાય સ્વભાવને પોતાનું સ્વ જાણે છે. એનો હું સ્વામી છું. દયા, દાનનો વિકલ્પ ઉઠ્યો એનો હું સ્વામી છું એમ ધર્મી માનતા નથી. આહાહા..! હવે ક્યાં રહી ગયા તમારા સંચા અને ધૂળ. ઓહોહો..! હું સ્વામી છું, હું માલિક છું. આના કોણ માલિક? હું માલિક છું. લખો. ભગવાન કહે છે કે અજ્ઞાની પુણ્ય-પાપનો માલિક થાય છે. પરનો માલિક તો થઈ શકતો નથી. એકનો બે માલિક ન હોય. એ આવે છે ને આમાં? શેઠિયામાં આવે છે, નહિ? માલિકનો માલિક આવે છે કે નહિ? ક્યાં ગયું? છે ને એમાં? શેઠિયાએ બનાવ્યું છે. આમાં છે? માલિકનો માલિક ક્યાંક લખ્યું છે ખરું, હોં. ૨૨ પાને છે. લખ્યું છે. ઝીણા અક્ષર છે ને ખ્યાલ ન આવ્યો. શેઠિયાએ બનાવ્યું છે. શું? જુઓ.

સ્વતઃ પરણિમતી વસ્તુકે ક્યોં કર્તા બનતે જાતે હો?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કુછ સમજ નહિ આતી તુમકો નિઃસત્વ બને હી જાતે હો.

નિઃસત્વ થતો જાય છે.

અરે કૌન નિક્કમા જગમેં હૈ જો પર કા કરને જાતે હો?

શું કોઈ પરદ્રવ્ય પોતાની પર્યાય કર્તા વિના ખાલી રહે છે કે તું પરનું કરે છે?

'સબ અપને અંદર રમતે હૈ તબ કિસ વિધ કરણ રચાતે હો?

વસ્તુ કી માલિક વસ્તુ હૈ જો માલિક હૈ વહ કર્તા હૈ.'

લ્યો, ભાઈ કર્તા આવ્યું.

વસ્તુ કી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહ કર્તા હૈ.

ફિર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?

શેઠિયા. દિપચંદ શેઠિયાએ બનાવ્યું છે. સમજાણું કાંઈ? ઈ તમને આપ્યું હતું ને? આ તમને આપ્યું હતું. એમાં છે. વાંચ્યું છે? વાંચવાની નવરાશ ક્યાં છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો હિન્દી છે. શું કહે છે? આ હિન્દી છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કહે છે? એ ઠીક છે. આ તો ભજન-ભજન છે. તમને આપ્યું નથી? શેઠિયા છે સરદાર શહેરના હમણાં. એમણે આ બનાવ્યું છે. નિવૃત્તિ જીવન હૈ, .. જીવન છે. ઘણાં વર્ષ પહેલા ૬૦ લાખ એના મામા પાસે હતા. ૬૦ લાખ. ૪૦ વર્ષ પહેલા એને આપતા હતા ૬૦ લાખ. ન લીધા. ધૂળ તારા ૬૦ લાખ શું કરવા છે? શેઠિયા છે સરદાર શહેરમાં. દિપચંદ શેઠિયા. એણે બનાવ્યું છે.

વસ્તુ કી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહ કર્તા હૈ.

ફિર માલિક કે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?

સમજાણું કાંઈ? એ વસ્તુની પર્યાય, દ્રવ્યની પર્યાયનો માલિક તો વસ્તુ છે. તું માલિક ક્યાંથી થયો? રતિભાઈ! દીધું છે ને તમને? ઝીણું છે પણ બહુ ઝીણું. આ તો બહુ ભણેલા અને અભ્યાસી હોય...

જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસીસે ટલતા હૈ.

યહ માને બિન કલ્યાણ નહિ, કોઈ કૈસે હી કુછ કરતા હો?

એવા ૨૦ ગાયન છે. સમજાણું કાંઈ? હમણા આવવાના છે. દિવાળી ઉપર આવશે. સમજાણું કાંઈ? ઓહોહો..! શું કહે છે?

ભગવાન! તું તો તારા શુદ્ધ પરિણામની આદિમાં તું આત્મા છો. એ આદિમાં માલિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ તું અને રાગાદિ માલિક અને વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન પર્યાય થઈ એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આદિ. ભગવાન આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ. એ આનંદની મૂર્તિનું ભાન થઈને ધર્મદશા થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ તો કહે છે કે એ પરિણામ-ભાવ થયા એ આદિમાં-શરૂઆતમાં આત્મા જ આદિમાં હતો. કોઈ કર્મની મંદતા (થઈ) અને ક્રિયાકાંડ કર્યા, કષાય મંદ (હતો) તેથી સમ્યગ્દર્શન થયું એમ છે નહિ. આહાહા..! પહેલા શુભયોગ હતો, શુભયોગ હતો, કષાય મંદ, દયા-દાન હતા તો આ સમ્યગ્દર્શન ધર્મના પરિણામ થયા એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

‘**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો,...**’ જુઓ! ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવી વસ્તુ, એની દૃષ્ટિ જ્યાં સમ્યક્ થઈ તો સમ્યગ્દર્શન-જ્ઞાનના શુદ્ધ પરિણામ-ભાવ થયા એ ધર્મ, તેને આત્મા ગ્રહે છે, એ પ્રાપ્ય છે. એ જ ગ્રહણ કરે છે. એમાં એકાકાર થાય છે. સમજાણું કાંઈ? ‘**તે-રૂપે પરિણમતો...**’ એ શુદ્ધ પરિણામ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિના થયા એ શુદ્ધ આત્મા પરિણમન કરે છે. પુણ્ય-પાપરૂપે પરિણમન કરે એ આત્મા નહિ. ઓહોહો..! વૈદરાજજી! ૭૪ વર્ષમાં કદી સાંભળ્યું નથી. એ શું ચીજ છે એની ખબર નથી. મિથ્યાત્વ જેવું પાપ નહિ અને સમ્યગ્દર્શન જેવો ધર્મ નહિ. ખબર નથી શું ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે પણ ટીકા તે પણ ગજબની ટીકા! આ તે કાંઈ ટીકા! અમૃત રેડ્યા છે એકલા.

કહે છે કે ભગવાન આત્મા પોતાની મહિમામાં ગયો અને પોતાની પર્યાયમાં મહિમાવંત શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ થયા, એમાં આત્મા ગ્રહણ કરે છે. એને આત્મા ગ્રહે છે. તે એનું પ્રાપ્ય છે. પ્રાપ્ય કરે છે-એને ગ્રહણ કરે છે એમ કહ્યું. ‘**તે-રૂપે પરિણમતો...**’ થકો. એ પરિણામમાં પરિણમન કરતો થકો, શુદ્ધભાવમાં પરિણમન કરતો થકો આત્મા. દયા, દાન, વ્યવહારમાં પરિણમન કરે એ આત્મા નહિ. આહાહા..! આ ચોથા ગુણસ્થાનની વાત છે હોં! સમ્યગ્દર્શનથી. શ્રાવક તો હજી ક્યાંય રહી ગયા. સાચા શ્રાવક, હોં! આ વાડાના શ્રાવક ઈ શ્રાવક છે જ નહિ. સમજાણું કાંઈ? થેલીમાં ભર્યું હોય કરિયાતું. કરિયાતું સમજ્યા? કેરાતા. ઉપર લખે સાકર. કરિયાતામાં મીઠાશ આવી જાય? નામ તો મોટા લખે અમે જૈન છીએ. નામ લખે તો શું થયું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંખ્યા ગણે એમાં કામ ન આવે. મરી જાય. ખોટો રૂપિયો ન ચાલવા દે. ખોટો રૂપિયો ન ચાલવા દે શાહુકાર. જડી દે ત્યાં. શું કહેવાય એને? ઉંબરો. પહેલા ત્યાં જડી દેતા. જડી દે સમજ્યા? બહાર નહિ જવા દે. ભાઈ! મારો છે, મને પાછો દે. નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમારી દુકાને તો ન લઈએ, પણ બહાર ચાલવા ન દ્યે.

ભગવાન એમ કહે છે કે અમારી દુકાનમાં જે શુદ્ધતાના પરિણામનો ધર્મ છે, એમાં કોઈ અશુદ્ધતા મનાવે તો છોડી દે. નહિ ચાલે. ખીલી મારી દે ત્યાં. સમજાણું કાંઈ?

'**તે-રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે;...**' લ્યો! ભગવાન આત્મા પોતાનો શુદ્ધભાવ, પુણ્ય-પાપરહિત ભાવ, સ્વભાવમાંથી પ્રગટેલો ભાવ, એને ગ્રહે છે, એ રૂપે થાય છે અને એને ઉપજાવે છે. તે પરિણામનો આત્મા કર્તા છે. લ્યો! બીજાનો કર્તા છે નહિ. વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૨, શનિવાર તા. ૧૫-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૭, પ્રવચન-૧૫૮**

સમજાય છે? ધર્મી એને કહીએ કે આત્મા શુદ્ધ સ્વરૂપ, પરમાત્મસ્વરૂપ (છે) એનું અંતર જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિનું પરિણામ જેને આવ્યું છે, એવા જે પરિણામ ધર્મીના પરિણામ જે વીતરાગીભાવ, સમ્યગ્દૃષ્ટિના પરિણામ તે વીતરાગીભાવ છે. એ સત્ પરિણામ છે, એ પોતાના પરિણામ છે. સમજાય છે કાંઈ આમાં? એમાં ત્રણ ઉતાર્યા. કારણ કે દરેકમાં સ્વતંત્રતા સિદ્ધ કરવી છે ને? તો કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું આત્માના પરિણામસ્વરૂપ જે કર્મ...**' એ તો સત્ પરિણામની વ્યાખ્યા ચાલે છે. એ આત્માના સ્વપરિણામ અનેક પ્રકારના. એટલે શું? કહો, સમજાણું આમાં?

ધર્મના પરિણામને અહીંયાં આત્માના પરિણામ કહ્યા છે. એ આત્માના પરિણામ એટલે કે આ આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે એને પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પાડીને પોતાના સ્વભાવની શુદ્ધતાની શ્રદ્ધા, શુદ્ધતાનું સ્વસંવેદનજ્ઞાન, શુદ્ધતામાં સ્વરૂપની સ્થિરતા (થાય) એને અહીંયાં આત્માના પરિણામ કહેવામાં આવ્યા છે. કહો, સમજાય છે કાંઈ? એ આત્માના પરિણામમાં ત્રણ ઉતાર્યું.

'**પ્રાપ્ય,...**' તે સમયે એ જ પરિણામને પ્રાપ્ત આત્મા પહોંચી વળે છે-પ્રાપ્ત કરે છે. શુદ્ધ સ્વભાવ, વસ્તુ ત્રિકાળ પણ એની દૃષ્ટિ ત્યાં છે એથી તે પરિણામ તે જ કાળે શુદ્ધ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના ધર્મરૂપ વીતરાગી પરિણામ (થયા) તે પ્રાપ્ય. તે સત્ અંશ, સત્ પરિણામ પોતાનું પરિણામ. અનેક અનેકવિધ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ. સમજાણું કાંઈ? પાઠમાં અનેકવિધ છે ને ભાઈ એમાં? આમાં નથી. આમાં સમુચ્ચય પરિણામ લીધું છે. સમુચ્ચય લીધું છે પણ પાઠમાં '**अणेयविहं**' શબ્દ પડ્યો છે. '**अणेयविहं**'. એ અનેક કેમ લીધું? કે આત્મા પોતે શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ, એની અંતરની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ એવા પરિણામ અનેક છે પર્યાયમાં. પર્યાયમાં. ભલે સમય એક છે પણ પરિણામ અનેક છે. માટે '**सगपरिणामं अणेयविहं णाणी जाणंतो वि हु**'. ધર્મી પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના પરિણામ અનેક પ્રકારના છે એને જાણે છે. હવે જાણે છે એ પરિણામ આ શુદ્ધ પરિણામ એના ત્રણ પ્રકાર ઉતાર્યા. તે સમયે ધર્માત્માને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનના (પરિણામ) સમયે સમયે પલટે છે ને? તો એ સમયે શુદ્ધ સ્વભાવના પર્યાય-પરિણામ જે થવાના છે, એને પ્રાપ્ય ગણીને એને પહોંચી વળે છે, પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! કહો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? એને પહોંચી વળે. વસ્તુ શુદ્ધ જ્ઞાયકમૂર્તિ (છે) એવું અંતરના જ્ઞાયકનું ભાન, વેદન થયું, શુદ્ધ શ્રદ્ધા-સમ્યગ્દર્શન થયું અને સમ્યક્ચારિત્ર અંશ સ્થિરતા અને આનંદ (થયા) એ આત્માના સગ અનેક પ્રકારના પરિણામ ગણવામાં આવ્યા છે. એ દયા, દાન, વ્રત, વિકલ્પ એ આત્માના પરિણામ ગણવામાં આવ્યા નથી. એ પરદ્રવ્યની પર્યાય ગણવામાં આવી છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**પ્રાપ્ય,...**' અર્થાત્ સ્વ પરિણામ અનેકવિધ એ સમયમાં... અહીં તો જરી સૂક્ષ્મતા શું છે? કે જે સમ્યગ્દર્શનની પર્યાય શુદ્ધ એ અંશનો તે સમયનો પરિણામ તેને તે પ્રાપ્ત કરે છે. એ સમયનો સમ્યગ્જ્ઞાનનો અંશ તેને પ્રાપ્ત કરે છે અને તે સમયનો સમ્યક્ શાંતિ, ચારિત્ર, આનંદનો અંશ તેને એ ગ્રહણ કરે છે. સમજાય છે કાંઈ? '**પ્રાપ્ય, વિકાર્ય...**' તે જ સમયે પૂર્વની અવસ્થા પલટીને થયેલી અવસ્થા એને વિકાર્ય (કહે છે). એ પોતાના નિજ પરિણામ, ત્રણનું વ્યાપ્ય લક્ષણ તો એક જ છે. ત્રણ પ્રકારના ત્રણ સમય નથી. ત્રણ પ્રકાર નથી. પ્રકાર તો એક છે. '**सगपरिणामं अणेयविहं**' એક પ્રકાર એક સમયમાં, હોં. એક સમયમાં ત્રણેય. અનેકવિધ પરિણામ પણ એક સમયમાં અને આ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પણ એક જ સમયની વાત છે અહીં. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પ્રાપ્ય,...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની અંતર દૃષ્ટિ કરી. એ દૃષ્ટિનો પર્યાય સમયે સમયે જે પ્રાપ્ત થવાનો છે તેને તે આત્મા જ્ઞાની ધર્માત્મા પ્રાપ્ત, ગ્રહણ કરે છે. એ સમયના રાગને ગ્રહણ કરતો નથી, શરીરની ક્રિયાને ગ્રહણ કરતો નથી. તેના શ્રદ્ધાના પરિણામ જે નિર્મળ થયા, તે સમયના સમ્યગ્જ્ઞાનના પરિણામ તે સમયના નિર્મળ છે, એ સમયના શાંતિના પરિણામ છે, એક સમયમાં ત્રણ પ્રકારના પરિણામ છે. અનેકવિધ પછી આનંદ આદિ (લઈ લેવા). એ પરિણામમાં ત્રણ પ્રકાર. છે એને પ્રાપ્ય કહીને તેને આત્મા પહોંચી વળે, ગ્રહણ કરે છે. છે એ પૂર્વની અપેક્ષાએ ... થઈને, પલટીને થયું એ વિકાર્ય થયું. અને ઊપજ્યું એ સમયે નવું. પલટવાની અપેક્ષા નહિ, ધ્રુવની અપેક્ષા નહિ. ઊપજ્યું એ અપેક્ષાએ નવી પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદની તે સમયે ઊપજી. એને ને એને પ્રાપ્ય, એ જ અંશ થવાનો માટે પ્રાપ્ય. પૂર્વથી બદલીને થયું વિકાર્ય અને થયું એ અપેક્ષાએ નિર્વર્ત્ય.

'**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' અવસ્થાના લક્ષણવાળું, કર્મ-કાર્યના લક્ષણવાળું. '**આત્માના પરિણામ સ્વરૂપ...**' આત્માના પરિણામસ્વરૂપ. આત્માના પરિણામ એને કહ્યાં કે જે આત્માની નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના વીતરાગી પરિણામ તે આત્માના પરિણામ. વૈદરાજજી! આહાહા..! જૂઠું ન બોલવું અને સત્ય બોલવું એ વિકલ્પ એ આત્માના પરિણામ નહિ, એમ કહે છે અહીંયાં. આહાહા..! એમ છે. ૭૪ વર્ષ થયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કદી આવી વાત સાંભળી નથી. કહે છે કે પ્રભુ! તારી તૈયારી તારામાં હોય અને સંભળાવનાર મળે નહિ એમ બને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે કાંઈ?

અહીંયાં તો ફરીને લીધું કેમ? કે પાઠમાં તો '**णाणी जाणंतो वि हु**'. ત્યાં પ્રાપ્ય, વિકાર, નિર્વર્ત્ય નથી ને. પણ એમાં છે. જેવા રાગના, પુદ્‌ગલના પરિણામમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય ઉતાર્યું, એમ પોતાના પરિણામમાં પણ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય ઉતાર્યું છે. 'અમૃતચંદ્રાચાર્યે'. આહાહા..! સમજાણું કાંઈ? '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' એટલે વર્તમાન અવસ્થાના લક્ષણસ્વરૂપવાળું '**આત્માના પરિણામસ્વરૂપ...**' એટલે નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન સ્વસંવેદન અને શાંતિ એ જ આત્માના પરિણામ અને એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જૂઠું ન બોલવું એ વાણીની ક્રિયા આત્માની નહિ. સત્ય બોલવું એ વાણીની ક્રિયા આત્માની નહિ. અને સત્ય બોલવા વખતે જે વિકલ્પ થયો કે મારે જૂઠું ન બોલવું, એ વિકલ્પ પણ આત્માના પરિણામ નહિ એમ કહે છે અહીંયાં. આહાહા..! એ રાગ છે એને જાણવાના તે કાળના તે જ્ઞાનના પરિણામ તેને આત્મા પ્રાપ્તને પહોંચી વળે છે. આહાહા..! સમજાણું આમાં?

'**પરિણામસ્વરૂપ...**' એવી પર્યાયસ્વરૂપ. પર્યાયવાન ભગવાન આત્મા, પર્યાયનો ધરનાર, કરનાર એ આત્મા કર્તા. અને એ પરિણામરૂપી પર્યાય એ એનું કાર્ય, એ એનું કર્મ, એ એની દશા, એ એના પરિણામ. એ '**જે કર્મ (કર્તાનું કાર્ય),...**' છે. આત્માનું કાર્ય છે. એ વ્યવહાર વિકલ્પ, દયા, દાનના પરિણામ એ કર્તા અને આ પર્યાય કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? '**તેનામાં...**' તેનામાં એટલે? આત્માના પરિણામરૂપી કાર્યમાં. ભગવાન આત્મા પોતાના ચૈતન્ય સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપી પર્યાયમાં-એ પરિણામરૂપી કામમાં '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' આત્મા તેમાં પેસે છે. અંતર્વ્યાપક પ્રસરે છે. એમાં પૂર્વના રાગની મંદતાનો કોઈ આશ્રય લઈને આ પરિણામ થાય છે એમ છે નહિ.

બીજી રીતે લઈએ તો પૂર્વની નિર્મળ જે પર્યાય હતી ને? પૂર્વની નિર્મળ પર્યાય, એને લઈને વર્તમાન પર્યાય પ્રાપ્ત થઈ છે એમ નથી. સમજાણું? રાગની મંદતાને લઈને તો નહિ, પણ પૂર્વની જે નિર્મળ પર્યાય પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને પહોંચી વળતો તે સમયે આત્મા, તે બીજે સમયે બીજા પરિણામ જે થયા તે આ પરિણામને કારણે નહિ. પૂર્વના પરિણામ તે કર્તા અને વર્તમાન નિર્મળ પરિણામ તે કાર્ય (એમ નથી). રાગ કર્તા અને નિર્મળ પરિણામ કાર્ય એમ તો નહિ, પણ પૂર્વની વીતરાગી પર્યાય કર્તા થઈ માટે નવી વીતરાગી પર્યાય થઈ એમ પણ નહિ. સમજાય છે કાંઈ?

એ '**આત્મા પોતે...**' ભાષા એમ છે, જુઓ! રાગાદિ નહિ, પૂર્વની પર્યાય વીતરાગી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતી આમ એક સમયમાં ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ ચૈતન્ય, એના નિર્મળ વીતરાગી ધર્મના પરિણામ, પોતે જાતે કર્તા થઈ વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં...**' એની આદિમાં આત્મા. રાગ આદિમાં નહિ, પૂર્વના નિર્મળ પરિણામ હતા માટે આ પરિણામની આદિમાં થયા એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ આમાં? લ્યો, એટલું નવું આવ્યું આજ જરી.

આત્મા વસ્તુ આમ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને અંદર રાગથી ભિન્ન જાણીને આત્માની શ્રદ્ધા, અનુભવ અને જ્ઞાન થયું એ સમયના પરિણામ એના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય હતા તેને આત્મા પહોંચી વળે છે. એ આત્માના પરિણામ. બીજે સમયે બીજા સમયના પણ જે પરિણામ છે તેને આત્મા પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય પહોંચી વળે છે. એ આત્મા સ્વતંત્ર તેને કરીને પહોંચી વળે છે. એની આદ્યમાં આત્મા હતો. નિર્મળ બીજા પરિણામ, ત્રીજા સમયના થયા એની આદ્યમાં પૂર્વ નિર્મળ પર્યાય હતી તો નિર્મળ પરિણામ બીજા સમયના થયા એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં ક્યાં નથી? એ તો વ્યય થઈ ગઈ? અહીં ક્યાં હતી? એમ કહે છે કે પૂર્વની પર્યાય તો પાછળ-પાછળ છે ને. છે જ નહિ. વ્યય થઈ ગઈ. વાંહે-વાંહેને શું કહે છે? પીછે-પીછે. સાથ-સાથ. એમ છે જ નહિ.

અહીં તો આમ સ્વતંત્ર આત્મા કરનાર કર્તા અને એના વર્તમાન નિર્મળ પર્યાય તેનું કર્મ, બસ! એ સિદ્ધ કરવું છે. પૂર્વના પરિણામ હતા માટે આ કામ (થયું) એમ પણ નહિ. રાગ હતા માટે થયા એમ તો નહિ, નહિ ને નહિ. આહાહા..! અહીં તો પ્રભુ આત્મા ચૈતન્યજ્યોત જ્ઞાયકની મૂર્તિ એને જ્યાં રાગથી, વિકલ્પથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન થયું, એ ભેદજ્ઞાનના નિર્મળ તે સમયના પરિણામ તે જ તેનું ખરેખર ધ્રુવ અને પ્રાપ્ય જ છે. એ જ સમયનું એ પરિણામ તેને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેનામાં આત્મા પોતે...**' ભાષા જુઓને. સ્વયં એમ છે ને? '**स्वयमन्तर्व्यापकेन**' એમ શબ્દ છે સંસ્કૃત. આ વસ્તુ એવી છે કે એમ ને એમ કોઈ વાંચી જાય અને સમજી જાય એમ નથી. આ તો અંતરની ચીજ છે. એને જે રીતે છે એમ એના ભાવમાં ખ્યાલમાં આવવું જોઈએ. આ આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક છે. એના ભાનના કાળમાં, શ્રદ્ધાના કાળમાં, શાંતિના કાળમાં જે પરિણામ છે તેને ત્રણ લક્ષણે ઓળખાવ્યા. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. છે તો એક. એ સમયની દશા, એ સમયના પરિણામ. તેને આત્મા વર્તમાન પોતે સીધો પ્રાપ્ય, વિકાર, નિર્વર્ત્ય થઈને ગ્રહણ કરે છે, એ રૂપે પરિણમે છે અને એ રૂપે ઊપજે છે. એની આદ્યમાં એ આત્મા જ આદ્યમાં છે. '**આત્મા પોતે અંતર્વ્યાક થઈને આદિ,**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**મધ્ય, અંતમાં વ્યાપીને.**' આહાહા..! કેટલું પણ સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ? કારણ કે પર્યાયની મીટ-દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય જ્ઞાયક ચૈતન્ય એની અંતર દૃષ્ટિ અને રુચિ થઈ છે. પરિણમન થયું છે. એ પરિણમનનો જે એક સમયનો પર્યાય એમાં આત્મા પોતે ગ્રહીને આત્મા જ એની આદ્યમાં થઈને એ પરિણામને પહોંચી વળે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દરેક પર્યાયની. એકની વાત નથી. અહીં તો દરેક પર્યાય.

દરેક વર્તમાન પર્યાયનો જે શુદ્ધ અંશ છે, એને આત્મા સીધો પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાન કાળે પણ કેવળજ્ઞાનનો પર્યાય તે સ્વતંત્ર વ્યાપ્ય લક્ષણવાળી ચીજ. એને આત્મા સ્વયં વ્યાપક થઈને પ્રાપ્ત કરે છે. એને પૂર્વે ચાર જ્ઞાન હતા અને મોક્ષમાર્ગની પર્યાય હતી માટે આ કેવળજ્ઞાનના કાર્યને પ્રાપ્ત કરે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ભાઈ આમાં તો. શીખવાનું ઘણું અને પાછું અંદર અનુભવવાનું ઘણું. હજી પાઠના ઉકેલની ખબર ન હોય એ અંદર ઉકેલ કરવા જાય. અહીં તો સ્વતંત્રતાના ઢંઢેરા પીટે છે. સમજાય છે?

પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જેની ખાણમાં અનંતી શાંતિ અને અનંતો આનંદ (ભર્યો છે). એને જ્યાં દૃષ્ટિના ધ્યેયમાં એને લીધો, દૃષ્ટિમાં એને ધ્યેયમાં લીધો. જ્ઞાનમાં એને જ્ઞેયમાં લીધો, સ્થિરતામાં એનામાં સ્થિરતા કરી. એવા જે ધર્મના પરિણામ સમય સમયના, સમય સમયના. સમય સમયના પરિણામને પ્રાપ્ય કહ્યું, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું. પ્રાપ્ય કહીને એ જ સમયનો એ જ પરિણામ એનો ધ્રુવપણે એટલે તે જ કાળમાં તે જ સત્‌નો અંશ છે. એને આત્મા પ્રાપ્ત કરે છે. આહાહા..!

મુમુક્ષુ :- આ વળી ધ્રુવનું નવું આવ્યું.

ઉત્તર :- ધ્રુવ તો કીધો હતો ને પહેલો. ધ્રુવ કીધો હતો.

અહીં તો વસ્તુની પર્યાય સ્વતંત્ર તે કાળે એ અંશ જે શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિનો અંશ જે છે પર્યાય, આત્મા એને પ્રાપ્ત કરે છે સીધો. બસ. ત્રિકાળી દ્રવ્ય વર્તમાન પર્યાયને પ્રાપ્ત કરે છે. બસ, એટલો સંબંધ. પૂર્વની પર્યાય સાથે કાંઈ સંબંધ નહિ. એ બધો વ્યવહાર. વ્યવહાર એ અભૂતાર્થ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્યોત પ્રભુ, એવો આત્મા જ એના નવા વીતરાગી ધર્મના પરિણામમાં ચોથા ગુણસ્થાનને યોગ્ય વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ, પાંચમા ગુણસ્થાનને યોગ્ય વીતરાગી દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ, મુનિને યોગ્ય વીતરાગી દૃષ્ટિ જ્ઞાન ને શાંતિ. તે તે પરિણામને, આત્માના પરિણામને તે તે સમયનાને પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા લક્ષણવાળી પર્યાય એને આત્મા પોતે સ્વતંત્ર થઈને જોડાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગ્રહે છે, પરિણમે છે અને ઊપજે છે. પૂર્વની પર્યાયની અપેક્ષા નહિ, રાગની નહિ, સંઘયણ ને હાડકાની કાંઈ નહિ. બધા રાડું પાડે. અરે..! કેવળજ્ઞાન કાંઈ સંહનન વિના થાય? શાસ્ત્રમાં કહે છે, આત્મ મિમાંસામાં જુઓ. પુણ્ય અને ચારિત્ર બે જોઈએ. એ હોય છે. એ વાત અહીં જ્ઞાન કરવાની વાત છે. આહાહા..! ભાઈ! તને વાસ્તવિક સત્યની ખબર વિના ઓલા પુણ્યને પૂર્વનું નિમિત્ત કહે છે, સંહનન નિમિત્ત એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેનામાં...**' એટલે આત્માના પરિણામ નિર્મળ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનના પરિણામમાં આત્મા પોતે સ્વયંસિદ્ધ દ્રવ્ય અંતર્વ્યાપક થઈને આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. આદ્ય-મધ્ય-અંતમાં વળી કોઈ કહે આદ્યમાં બીજું, મધ્યમાં ત્રીજું અને અંતમાં ચોથું. આહાહા..! સીધો ભગવાન આત્મા જ્યાં અંતર દૃષ્ટિના અનુભવમાં લીધો એટલે તે તે સમયના પરિણામનો અંશ છે તેને તે આત્મા જ પોતે કર્તા વ્યાપક થઈને કાર્ય કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેને ગ્રહતો...**' જુઓ! તેને ગ્રહતો એટલે? પોતાની જે શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિના રાગરહિત પરિણામ તેને પ્રાપ્ય શબ્દે અહીંયાં કહ્યું હતું એને ગ્રહતો કીધો. '**તે-રૂપે પરિણમતો...**' આત્મા શુદ્ધસ્વરૂપ એવો પ્રભુ, એના વીતરાગી પરિણામપણે પરિણમે છે. ધર્મના શુદ્ધ પરિણામપણે આત્મા પરિણમે છે. એને આત્મા કહીએ. આહાહા..! વૈદરાજજી! બડી બાત હૈ. ઉંમર કેટલી થઈ? ૭૪ વર્ષ થયા. જૂના વૃદ્ધ માણસ છે. જન્મ દિગંબર. એય.. શેઠી! શેઠી તો એનાથી મોટી ઉંમરના. ૭૮ વર્ષના. તમારા ઈ કહે છે પંડિતજી! એ ઈન્દ્રલાલજી છે ને ઈન્દ્રલાલજી. એ કહે છે કે જેટલા દિગંબરમાં જન્મ્યા એ બધા ભેદજ્ઞાની છે. અરે..! ભગવાન! છાપામાં આવ્યું છે, હોં! જેટલા દિગંબરમાં જન્મ્યા એ ભેદજ્ઞાની છે. શરીરને આત્મા માનતા જ નથી. હવે એને ચારિત્ર કરવું. બસ જાવ. હજી અહીંયાં તો ૭૪ વર્ષ થયા તો સાંભળ્યું નથી કહે છે અને આ જન્મે દિગંબર. ભાઈ! દિગંબર એટલે વસ્તુનું સ્વરૂપ છે. કોઈ દિગંબર સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ (છે). જેમાં રાગરૂપી લાગણીનું કપડુ નથી એવો આત્મા. આહાહા..! એવા વીતરાગી આત્માની પ્રતીત, જ્ઞાન, રમણતા કરવી એનું નામ દિગંબર ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા આમ ચિદાનંદ સ્વરૂપ જ્યાં દૃષ્ટિના દોરે લીધો. જ્ઞાયક, જ્ઞાયકને જ્ઞાનમાં લીધો એટલે એના સ્વરૂપનું પરિણમન જે શુદ્ધ થયું, એ શુદ્ધતાના પરિણામને પોતે ગ્રહે છે, તે રૂપે પરિણમે અને તે રૂપે ઊપજે છે. '**તે આત્મપરિણામને કરે છે;...**' '**તે રૂપે ઊપજતો થકો, તે આત્મપરિણામને...**' એમ ભાષા છે. તેને ગ્રહતો, પરિણમતો, '**ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે;...**' આહાહા..! કેટલી સ્વતંત્રતા મૂકી જુઓ

તો! સમજાણું કાંઈ? આત્મ પરિણામ એટલે શુદ્ધ સ્વભાવના શુદ્ધ પરિણામ તેને આત્મ પરિણામ કહીએ. વ્યવહાર રત્નત્રય શુભરાગ એને પણ આત્મ પરિણામ કહીએ નહિ. એ રાગ પુદ્‌ગલના પરિણામ. આહાહા..! કહો, વૈદરાજજી! રાતે તો બહુ બોલતા હતા. ચાર રતન ને કેટલા રતન કહેતા હતા પરમ દિ'. કીધું, આ બધા પથરાને રતન કહે છે. પહેલું જાણ્યું હોય ને. મોઢે કર્યું હોય ઈ (કહે). આહાહા..!

અહીં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ રતન. એ સિવાય કોઈ રતન નહિ. સત્ય બોલવું ને જૂઠું ન બોલવું એ વિકલ્પો રતન નહિ, ચારિત્ર રત્ન નહિ. આહાહા..! એ તો રાગ વિકલ્પ છે. ચારિત્ર રત્ન અને દર્શન-જ્ઞાન રતન એ તો આત્મા અખંડ શુદ્ધના પ્રતીત, અનુભવ, જ્ઞાન અને સ્થિરતા (થાય) એને ભગવાન ત્રણ રતન કહે છે. એ ત્રણ રતન નિર્વિકલ્પ વીતરાગી દશા છે. એમાં રાગના અંશનો ભેળસેળ હોતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ડાબલો-ફાબલો કાંઈ નથી. ડાબલો આત્મા. રાગ ડાબલી અને એમાં ઓલું રતન રહે એમ (કહે છે). ડાબલી કહે છે ને. ડબ્બી-ડબ્બી. એમ કે ડબ્બીમાં રહે. એમાં રહે નહિ. આત્મા ડબ્બીમાં પર્યાય રહે છે. પર્યાય વિજુત્તં દ્રવ્ય ન હોય. એ ડબ્બી આત્મા અને એની એ પર્યાય. આહાહા..! આ તો વીતરાગ માર્ગ, બાપુ! એ વીતરાગ એટલે સ્વરૂપ જ એવું છે ત્યાં. સ્વરૂપ જ એવું છે ત્યાં ક્યાં.. સમજાય છે કાંઈ?

**'તે આત્મપરિણામને કરે છે....'** **'ઊપજતો થકો, તે આત્મપરિણામને કરે છે;...'** તેને ગ્રહતો થકો, પરિણમતો થકો, ઊપજતો થકો તે આત્મપરિણામને કરે છે. ભાષા આવી છે, જુઓ! શું કીધું સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના પરિણામને ગ્રહતો, પરિણમતો, તે રૂપે ગ્રહતો, હોં! જેમ છે તેને. તે રૂપે પરિણમતો અને તે રૂપે ઊપજતો થકો તે આત્મપરિણામને કરે છે. આહા..! સમજાણું કાંઈ? એ તો થોડી ગુજરાતી-હિન્દીમાં થોડો થોડો ફેર. છે ને હૈ, એમાં કોક કોક શબ્દો આકરા છે. બાકી આકરું નથી. થોડું જરી આવી જાય ઝીણી વાત. ભાષા ગુજરાતી હોય ને. થોડું સમજી લેવું. વળી હજી કો'ક આવશે હિન્દીવાળા તો આવશે હિન્દી. હિન્દી કો'ક આવી જાય વધારે તો (હિન્દી ચાલશે).

**'આમ આત્મા વડે કરવામાં આવતું...'** ભાષા જુઓ! **'આમ...'** આમ એટલે આ રીતે. કહ્યું એ રીતે. **'આત્મા વડે...'** આત્મા દ્વારા **'કરવામાં આવતું...'** એ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, ધર્મના પરિણામ **'આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ...'** લ્યો! સમજાણું કાંઈ? બધી ટીકા છે, હોં! આ ટીકાના શબ્દો છે એ. **'આમ આત્મા વડે કરવામાં આવતું...'** આવતું શું? કે આત્મપરિણામ. **'તેને જ્ઞાની...'** તેને ધર્મી **'જાણતો**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**હોવા છતાં,...**' કહે છે કે જાણવાનું કાર્ય તો કરે છે. પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિને જાણવાનું કામ તો કરે છે. જાણવાનું કામ કરે એટલે કરનારો આત્મા અને જાણવું એ ક્રિયા એ એનું કાર્ય. એ તો છે. છતાં '**જાણતો હોવા છતાં,...**' હવે આવ્યું. '**णाणी जाणंतो वि हु**' એમ. '**सगपरिणामं अणेयविहं**'ની પહેલી વ્યાખ્યા થઈ ગઈ. સમજાણું કાંઈ?

હવે આવે છે. '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' હવે દાખલો હજી તો. એ માટી ઘડાના કાર્યમાં અંતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' તે ઘડાની શરૂઆતની પર્યાયમાં પણ માટી, મધ્યમાં પણ માટી, અંતમાં પણ માટી. સમય તો એક જ છે, હોં! કુંભાર હતો તો ઘડાની પર્યાય થઈ એ વાત છે નહિ. દ્રવ્ય છે કે નહિ માટી? તો પરિણમે છે કે નહિ? પરિણમન પર્યાય વિના દ્રવ્ય રહે છે? એ માટીનું એ જ પરિણમનનો એ જ સ્વકાળ, એ જ સ્વકાળ એમાં પરકાળની નાસ્તિ છે. સ્વચતુષ્ટયની અસ્તિ, પરચતુષ્ટયની નાસ્તિ.

'**માટી પોતે ઘડામાં...**' ઘડાની અવસ્થામાં '**અંતર્વ્યાપક થઈને,...**' માટી પોતે અતંર્વ્યાપક થઈને ઘડાપણે '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' માટી જ ઘડાની આદ્યમાં, માટી જ ઘડાની મધ્યમાં, માટી જ ઘડાના અંતમાં '**વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' માટીનું એ પ્રાપ્ય છે. ઘડો માટીનું પ્રાપ્ય છે. માટી તે ઘડાની પર્યાયને પકડે છે, ગ્રહે છે. આહાહા..! અહીં તો કહે કે કુંભારે માટીનો પિંડલો પકડ્યો અને (ઘડો બનાવ્યો). આખી વાત જ જૂઠી છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ માટી પોતે ઘડાને ગ્રહે છે. માટી ઘડાને ગ્રહે છે. માટી એટલે આત્મા કે માટી એટલે ધૂળ? માટી.. માટી.. માટીવાળો આત્મા હશે? માટીવાળો નથી આવતો? માટીયા. જોરદાર. એ આત્મા ઘડાને ગ્રહતો હશે? અહીં તો માટીના ધૂળના રજકણોને સ્કંધરૂપે દ્રવ્ય ગણીને એનું ઘડાની પર્યાયનું વ્યાપ્ય એ કરે છે. એ જ ઘડાની પર્યાય પ્રાપ્ય છે એ વખતે. એ જ સમયનો એ પર્યાય પ્રાપ્ય જ છે માટીને માટે. એને ગ્રહે છે.

મુમુક્ષુ :- નિયતિ થઈ જાય છે.

ઉત્તર :- નિયતિ થઈ ગયું છે. એને ખબર વિના. સમજાણું કાંઈ? આચાર્ય તો કહે છે ઘણા પાઠમાં. આગળ આવશે. કુંભારે ઘડો કર્યો એમ અમે દેખતા નથી, અમને ભાસતું નથી. અમને તો માટીએ ઘડો કર્યો એમ અમને ભાસે છે.

મુમુક્ષુ :- ઉપાદાન...

ઉત્તર :- બસ, એ નિમિત્ત રૂપે બીજું છે. નિમિત્ત કાંઈ કર્તા નથી. એનું કાર્ય એ હોય તો થાય એમ નથી. એ ચીજ એનામાં, આ ચીજ એનામાં. આહાહા..! વ્યવહાર કર્તા એનો અર્થ છે નહિ. ફક્ત કાર્ય વખતે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવવાની વાતું છે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવશે હોં ૮૬માં.

આમ માટી **'ઘડાને ગ્રહે છે,...'** ઘડાને ગ્રહે છે. આ તે કંઈ વાત! ગ્રહેનો અર્થ કે માટીને તે સમયે ઘડાની પર્યાયનો કાળ છે પ્રાપ્યનો તેને એ પકડે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રોટલીને એનો લોટ છે તે ગ્રહે છે. રોટલી કહે છે ને રોટલી. આટા. રોટલીને લોટ ગ્રહે છે, રોટલીને સ્ત્રી ગ્રહે છે એ વાત સાચી નથી, એમ કહે છે. લોટ સ્વતંત્ર થઈને રોટલીની પર્યાયને પ્રાપ્ય ગ્રહે નામ પકડે છે. રોટલીની પર્યાયપણે એ લોટ પરિણમે છે. રોટલીની પર્યાયપણે એ ઊપજે છે. નીચેની તાવડી... શું કહે છે? તવો, અગ્નિ એનાથી એ પર્યાયનું કાર્ય થયું નથી. એય..! વૈદરાજજી! તમારી દવાથી કાંઈ થાય નહિ એમ કહે છે. ગોળી તમારી ગોળીમાં રહી ગઈ, એમ કહે છે. અહીં તો ભગવાન કહે છે કે એ ગોળી છે ને ઝીણી. એ ગોળીની વર્તમાન જે પર્યાય આવી થઈ એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને એ પરમાણુ પહોંચે છે. તમારો હાથ આમ આમ થયો એટલે એ એમ થયું એમ છે નહિ, એમ કહે છે. આહાહા..! ગળો હોય છે ને ગળો? આ લીમડાનો ગળો હોય છે ને. ગેલવે કહે છે? એને ઘન કરીને ગોળી બનાવે છે ને ગોળી? રસની. ઘન. વૈદ હોંશિયાર હોય તો બરાબર આમ સરખી-સરખી મગના દાણા જેવી સરખી નીકળી.

અહીં ભગવાન કહે છે કે એ ગોળીની એવું ગોળપણું, ગોળપણું, ચોરસપણું એટલું કદ એવી જે પર્યાય (થઈ) એનું પ્રાપ્ય, એના પરમાણુ એને ગ્રહણ કરે છે. આહાહા..! વૈદ એમ માને કે મેં કર્યું તો કહે છે કે મૂઢ છે એમ કહે છે. વૈદરાજજી! એમ ભગવાન કહે છે હોં. આહાહા..! દ્રવ્ય સ્વતંત્ર છે ને પદાર્થ? વસ્તુ છે કે નહિ? વસ્તુ છે તો એના પરિણામ પણ સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ? ગાંડા જ કહે હોં! આ. ભગવાનને ગાંડા ઠરાવે. 'પરમાત્મપ્રકાશ'માં 'યોગીન્દ્રદેવે' કહ્યું છે કે લોકો અમને પાગલ કહે છે. અમે લોકોને પાગલ જોઈએ છીએ. શેઠી! આહાહા..!

પહેલા એમ કહેતા કે આ સોગનઢવાળા કહે છે કે કાંઈ કોઈનું થાય નહિ. એને મોકલી દો હોસ્પીટલમાં. પાગલ થઈ ગયા છે કહે. અરે..! ભગવાનને પાગલ કહે, ભાઈ! અમને રહેવા દે. આ સંતો મુનિઓ, કુંદકુંદાચાર્ય એ ભગવાનના કહેલા તત્ત્વને કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો! અમારી મોટર... એમ કહે કેટલાક, અમારી મોટર પેટ્રોલ વિના ન ચાલે. સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે. એમ કરીને મશ્કરી કરે. અરે..! ભગવાન! રહેવા દે, ભાઈ! આ મશ્કરી ન કરાય. સમજાય છે? દરેકની મોટરના રજકણ સમય સમયમાં એના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યને તે પરમાણુ પહોંચી વળે છે. બીજા પરમાણુને લઈને (નહિ). એ વસ્તુનું સ્વરૂપ ત્રિકાળ છે. આજ માન, કાલ માન, પછી માન માન. માને સત્યનો સ્વીકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. આહાહા..! સમજાય છે? મશ્કરી કરે. એક જણો વળી બ્રહ્મચારી બેઠો હતો મોટરમાં. ચાલતી મોટરમાં. સોનગઢવાળા કહે છે કે મોટર એને લઈને ચાલે છે. પેટ્રોલથી નહિ. એમ કરીને મશ્કરી કરે અંદર. અરે..! ભગવાન! ન હોય એ મશ્કરી, ભાઈ! જણેતાની મશ્કરી ન હોય. માતા ૫૦ વર્ષની હોય અને સંથિયા પાડીને બેઠી હોય તો ૨૦ વર્ષનો છોકરો મશ્કરી કરતો હશે? મા આમ કેમ કર્યું? હવે મા છે. ન કહેવાય એમ.

એમ સર્વજ્ઞના કથનોની પ્રવચન માતા જે પોકાર કરે એની મશ્કરી ન થાય. સમજાય છે કાંઈ? એમ ન થાય, ભાઈ! ન થાય. હણાઈ જઈશ, ભાઈ! તારા ..., તારા હિર હણાઈ જશે. આહાહા..! હિર સમજ્યા? તેજ ચૈતન્યનું છે એ હણાઈ જશે. સ્વતંત્રતાનો સ્વીકાર ભગવાન કરાવે છે એ ના પાડીશ તો તારા હિર-ચૈતન્યના પ્રકાશ હણાઈ જશે. એ હિર નહિ જાગે. આહાહા..! કહો, ભીખાભાઈ! આહાહા..! ભારે પણ ટીકા તે કાંઈ. 'અમૃતચંદ્રાચાર્ય' તે કોઈ સાક્ષાત્ કેવળજ્ઞાની કામ કરે એવું કામ કર્યું છે એક એક ગાથાએ. વસ્તુની સ્થિતિ એવી છે. સંતોએ જે હતું તે રીતે વિકલ્પ આવ્યો એના એ કર્તા નથી. વાણી કાળે વાણી નીકળી ગઈ છે. વસ્તુ એવી છે સમજાય છે?

'**અને ઘડારૂપે ઊપજે છે તેમ,...**' આ દૃષ્ટાંત આપ્યો. '**જ્ઞાની પોતે...**' જેમ ઘડાને માટી વ્યાપક થઈને ગ્રહે, વ્યાપે અને પરિણમે છે. તેમ જ્ઞાની ધર્મી સમકિતી જીવ '**બાહ્યસ્થિત...**' બાહ્યસ્થિત. એ દયા, દાન, ભક્તિના પરિણામ એ આત્માના સમકિતીના પરિણામથી બાહ્ય છે. કેમ કે વસ્તુ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયક સ્વરૂપ, એનું જ્યાં રાગ અને પુણ્યથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું તો ભેદજ્ઞાનમાં રાગમાં ભેદ પડ્યો, રાગથી ભિન્ન પડ્યો, પણ રાગનું એકત્વ કરીને સમ્યક્ ન થયું. સમજાય છે કાંઈ? એ વિકલ્પ જે પુણ્ય-પાપનો, દયા, દાનનો, ચાહે કષાય મંદનો એ આસ્રવતત્ત્વથી ભિન્ન પડીને જ્ઞાયકતત્ત્વનું પરિણમન રાગના આસ્રવતત્ત્વથી જુદું પડીને પરિણમન થયું. એ પરિણામને પહોંચી વળતો આત્મા, બાહ્યસ્થિત જે રાગ છે તેને તે ગ્રહતો નથી. રાગ વ્યવહાર રત્નત્રયનો રાગ તેને આત્મા સમકિતી ગ્રહતો નથી. આહાહા..! અને તે પણ તે સમયનો રાગ, હોં! એ જાતનો જ હોય એને. સમજાય છે? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્રના જ્ઞાનનો વિકલ્પ, છ કાય જીવની દયાનો વિકલ્પ, ન મારવો એ. એવો જ વિકલ્પ ત્યાં પ્રાપ્યમાં હોય. એને આત્મા પહોંચી વળે અને પ્રાપ્ત કરે એવું વસ્તુના જ્ઞાનધર્મમાં નથી. સમજાણું કાંઈ? અજ્ઞાની સ્વીકારે તો એને દ્રવ્યની આત્માની ખબર નથી. એ સ્વીકારે કે રાગનું મારું કાર્ય છે તો એને વસ્તુની ખબર નથી. સમજાય છે કાંઈ? સમકિતીને જ્ઞાનીને રાગ પછી હોય પણ એ રાગ એની પર્યાયમાં છે એમ નિશ્ચયથી નથી. પણ જ્યારે જ્ઞાન કરવું હોય, જ્યારે દૃષ્ટિના વિષયની અપેક્ષા આમાં આવે. પણ જ્યારે જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરવું હોય તો કહે રાગનું કર્તૃત્વ પરિણમન મારી પર્યાયમાં પરિણમે છે એટલી દશા જાણે છે એ. સમજાય છે? એ પરિણમન કાંઈ જડનું છે એમ નહિ. અહીં તો દૃષ્ટિના વિષયમાં તો એ પરિણમે છે રાગરૂપે એને કાઢી નાખ્યું. એ પુદ્‌ગલના પરિણામ છે એમ કરીને નિકાલ કરી દીધો છે અહીંયાં.

'પ્રવચનસાર'ની શૈલીમાં જ્યારે જ્ઞાનનો અધિકાર આવે ત્યારે એમ કહે, પરથી ભિન્ન પડેલું જ્ઞેય, આત્માનું ભાન થયું છતાં, શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ થઈ છતાં તે કાળે જે રાગનો ભાગ છે એનો પરિણમન અંશ છે તેને એક નયે-કર્તૃત્વનયે જાણે છે. છે. અને એ જ સમયે અકર્તૃત્વનય તેને જાણે છે કે આ મારું છે નહિ. એક સમયે બે નયનું જ્ઞાન કરે છે. આહાહા..! ત્યાં વળી કર્તૃત્વનયે ગણધર પણ જાણે. એ કઈ અપેક્ષા? એ તો પરજ્ઞેયથી ભિન્ન પડેલું જ્ઞેય, એના પોતાના જરી નજીકના રાગનો અંશ છે એટલો અંશ કર્તૃત્વ વિકૃત રૂપે છે એમ કર્તૃત્વનયે ૪૭ નયમાં જ્ઞાની જાણે એમ કહ્યું. ગણધર જેવું જાણે.

અહીં દૃષ્ટિના વિષયમાં તો વસ્તુની દૃષ્ટિ થતાં વસ્તુના પરિણામ તો નિર્મળ તે તેના પરિણામ, અને ઓલા રાગ પરિણામ તે પુદ્‌ગલના પરિણામ તેનું જ્ઞાન કરે તે આત્મા. આહાહા..! કેટલી અપેક્ષાઓ આવે. એ અપેક્ષા સમજે નહિ ને તો સત્યનો વાસ્તવિક એને ખ્યાલ આવે નહિ. સમજાણું કાંઈ?

ધર્મી પોતે સ્વયં '**બાહ્ય સ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' બાહ્યસ્થિત કોણ? વ્યવહાર રત્નત્રય દયા, દાન એ બાહ્યસ્થિત છે. આત્માની પર્યાયથી બાહ્યસ્થિત છે. આત્માના અંતર સ્થિતમાં શુદ્ધ પરિણામ તે અંતરસ્થિત છે અને અશુદ્ધ પરિણામ તે બાહ્યસ્થિત છે. એક સમયની એક પર્યાયના બે ભાગ. એક શુદ્ધ પરિણામ તે અંતરસ્થિત છે, અશુદ્ધ તે બાહ્યસ્થિત છે. સમજાણું કાંઈ? આમ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એની અંદર શ્રદ્ધા-જ્ઞાન અને જેટલી સ્થિરતા ઉત્પન્ન થઈ એટલો અંતરસ્થિત છે. અને એ જ પર્યાયમાં હજી કમજોરીને લઈને અશુદ્ધતાનો રાગ છે. એક પર્યાયના બે ભાગ. એમાં અંતરસ્થિત શુદ્ધ તે અંતરસ્થિત છે. અશુદ્ધ તે બાહ્યસ્થિત છે. આહાહા..! કેમકે બહિર્લક્ષે એટલું ઉત્પન્ન થયેલું અને આ અંતર આશ્રયે એટલું ઉત્પન્ન થયેલું. બેના ભાગ પાડી દીધા. આહાહા..! સમજાણું કાંઈ આમાં? આહાહા..!

આ તો ઓલા વેદાંતવાળા (જેવું લાગે). ઓલા કહે, આ વેદાંતના (ઢાળામાં ઢાળ્યું છે). ત્યાં વેદાંતમાં આવો હતો કે દિ'? એક સમયની પર્યાયના બે ભાગ, અનંતા ગુણની અનંતી પર્યાય. એની વાત કરે તો લ્યો, એ તો વેદાંત જેવી વાત છે. ભાઈ! સાંભળને. વેદાંતને અને આને કાંઈ મેળ નથી. આ તો એક એક આત્મા અનંતા ગુણોનો અખંડ પિંડ પરમેશ્વર. એની દૃષ્ટિ થતાં અનંતી પર્યાય શુદ્ધ થઈ અને એ સમયે ચારિત્રગુણની શુદ્ધપર્યાય એને પોતામાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગણી અને એ સમયે ચારિત્રગુણનો જરી અશુદ્ધ રાગ એને બાહ્યસ્થિત ગણી. ક્યાં આવી વાત હોય ત્રણકાળમાં બીજે. સર્વજ્ઞ સિવાય, વસ્તુના સ્વભાવના ભાન સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. પણ નિશ્ચયની વાતું કરે ને એટલે.. આહાહા..! આ તો નિશ્ચય વેદાંત થયું હોં! અરે..! ભગવાન! બાપુ! વેદાંતમાં પર્યાય કેવી, અનંતા ગુણ કેવા, અનંતા આત્મા કેવા, અનંતા પરમાણુ કેવા, એક સમયની શુદ્ધ-અશુદ્ધ પર્યાયના એક સમયના બે ભાગ કેવા? આહાહા..! ભાઈ! આ તો વસ્તુસ્થિતિ એવી છે. એય..! અરે..! પ્રભુ! શું કહે?

ઓલાને કહ્યું કે સોનગઢવાળા પુણ્યને વિષ્ટા કહે છે એનું શું? હુકમચંદજીને પૂછયું ઈન્દોરમાં. હુકમચંદજી હમણાં આવ્યા હતા. એક પંડિત. અશોકનગરના બે ભાઈ છે. રતનચંદજી અને હુકમચંદજી. ઠીક છે. રતનચંદજી એનો ભાઈ. તો એને કોઈએ પૂછયું કે સોનગઢવાળા.. ત્યારે એણે જવાબ આપ્યો. ભાઈ! પુણ્યને વિષ્ટા કહે છે એ તો ઓછી વાત છે. પણ ભગવાને અને 'કુંદકુંદાચાર્યે' તો શુભભાવને ઝેર કહ્યું છે. કારણ કે વિષ્ટા ખાતા મરે નહિ અને ઝેર ખાતા મરી જાય. તો 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્રમાં પુણ્યને ઝેર કહ્યું છે. ત્યારે કેટલાક કહે, આ સોનગઢવાળાએ કાંઈક આને આપ્યું લાગે છે, પૈસા. અરે..! ભગવાન શું તું કહે છે? અરે..! પ્રભુ! કોઈકને સાચી વાત બેસે અને સાચી કહે ત્યારે એને કહે એને કાંઈક આપતા લાગે છે. અરર..! શું કરે છે આ? સમજાણું કાંઈ? એણે તો ન્યાયથી અહીં વાત થયેલી (એ કહી). ભગવાન તો પુણ્યભાવને... મોક્ષ છે ને છેલ્લો અધિકાર? એમાં ચારિત્ર અધિકારમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પડિકમણું એ બધાને ઝેર કહે છે. શુભભાવને ભગવાન ઝેર કહે છે. કેમ કે શુભભાવ આત્માના અમૃત સ્વરૂપને લુંટીને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ત્યાં બીજી વાત ઓલી સ્થિરતા વિશેષ કરાવવી છે એટલે ઝેર કહ્યું. અહીં તો કહે છે, જ્ઞેય છે. સમજાણું કાંઈ? આહાહા..! કથનની શૈલીનો અર્થ પણ સમજે નહિ. ત્યારે ઓલા બિચારાએ જવાબ આપ્યો કે આ સોનગઢનું.. સોનગઢવાળા વિષ્ટા કહે છે એને હલકું પડાવવું હતું એને ઠેકાણે હું ઉલટો... ભાઈ! વિષ્ટા કહે છે એ તો ઓછી વાત છે. શુભભાવને સોનગઢવાળા વિષ્ટા કહે એ તો ઓછી વાત છે. પણ શાસ્ત્રકાર આગમ, સર્વજ્ઞ, મુનિઓ તો એને ઝેર કહે છે. નેમિચંદજી! છે ને? મોક્ષ અધિકારમાં. વિષ ઘડો-વિષકુંભ. આહાહા..! અરે..! ભગવાન સાંભળ તો ખરો પ્રભુ! તારા સ્વભાવથી વિરૂદ્ધ ભાવને ઝેર કહેતાં તને ઉકળાટો શેનો આવી જાય? હાય.. હાય..! આહાહા..! સમજાણું?

આ ભગવાનની પૂજા, ભક્તિ, પંચ મહાવ્રત પરિણામ એ બધા ઝેર છે. એ વૈદરાજજી! આ તમારા ઓલા આવા વેવાઈ ગોત્યા. એને ત્યાં દિકરી ભલામણ કરે બાપુને. પિતાજી હવે આ સાંભળો. એ શોભાલાલજી કહેતા હતા હોં! દિકરીએ એમ કહ્યું, બાપુજી! પિતાજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હવે તમે આ સાંભળો. બહુ જાત્રા ને બાત્રા કરી પણ સમજવા જેવું આ છે. ઈ ભગવાનલાલને માટે અહીં મકાન કરાવ્યા છે, સાંભળવા માટે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સાચી વાત. એ કહ્યું હતું. શોભાલાલજી કહેતા હતા કે અમારા વેવાઈને એની દિકરીએ કહ્યું, પિતાજી! હવે બહુ ફર્યા, બહુ કર્યું હોં! આ સમજો, આ સમજો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ તો જેને સંસારનો અંત નિકટ છે ને એને આ રુચે એવી છે વાત.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મશ્કરી કરે. સાચી વાત હોં! તમારી વાત સાચે સાચી. મશ્કરી કરે. મશ્કરી કરે છે. ભગવાન! મશ્કરી ન થાય હોં, પ્રભુ! એ વાત સત્ય નીકળશે અને તારે માનવી પડશે હોં જ્યારે. આહાહા..! જ્યારે સ્વતંત્રતાના ઢંઢેરા તને રુચશેને ત્યારે તને એમ થાશે અરરર..! અત્યાર સુધી શું કર્યું? અમે કોની નિંદા કરી? બાપુ! પણ શું થાય? અત્યારે કાળ એવો, સમાજમાં સાધારણ જનતા, એને ખબર ન મળે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન, એને વસ્તુની પરિણતિ શું કહેવાય ધર્મીની અને અધર્મીની, ખબર ન મળે એટલે શું થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. શાંતિથી સાંભળે. આહાહા..! બરાબર છે. સમજાણું કાંઈ? આ તો વસ્તુ ભાઈ સત્ય છે, પ્રભુ! શું કહે? એને આવવું પડશે જો સત્ય જોઈતું હોય તો. આ કોઈ પક્ષની વાત નથી, કોઈ વાડાની વાત નથી. આ તો સર્વજ્ઞે કહેલા તત્ત્વોના સ્વભાવની સ્થિતિ જ એવી છે. એમાં શું થાય બીજું? સત્‌ને શું થાય? જ્યાં બીજી રીત જ ન હોય ત્યાં કહેવું શું અને કરવું શું? આહાહા..! કહો, જ્ઞાનચંદજી!

કહે છે.. આહાહા..! જુઓ તો ખરા! '**જ્ઞાની પોતે...**' સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે '**બાહ્યસ્થિત...**' એ પુણ્ય પરિણામ દયા, દાન, વ્રતને એ બાહ્યસ્થિત માને છે. એ અંતરમાં પરિણમેલું માનતો નથી. આહાહા..! એના પરિણમનપણે હું પરિણમું એમ નથી. અહીં તો ગજબ કરી છે ને વાત. ત્યાં તો પરિણમનનો અંશ લઈને કર્તૃત્વનયે જાણવાનું કહ્યું. ૪૭ નયમાં. એ તો એક જાણવાનો અંશ સ્વજ્ઞેયમાં છે એટલું જણાવ્યું. જ્ઞાનપ્રધાન અધિકાર છે ને. અહીં તો કહે છે, નહિ. જેટલા પ્રભુના પરિણામ પવિત્રતાના આત્માના ધર્મરૂપ પરિણમ્યા એ અંતરસ્થિત પરિણામ કહેવાય. અંતર આત્મા, અંતર આત્મા. અને બાહ્ય પ્રકારના જે પરિણામ છે તે બાહ્ય છે. એને પોતાના માને તો બહિરાત્મા છે. સમજાય છે કાંઈ?

અંતરાત્મા જીવ '**પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' પરદ્રવ્ય એટલે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, દેહના પરિણામ, દેહની અવસ્થા, વાણીની અવસ્થા, એમાં '**અંતર્વ્યાપ્ક થઈને,...**' એ બાહ્ય પરિણામમાં અંતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ પુણ્ય પરિણામમાં આદ્યમાં આત્મા હતો તો શુભરાગ થયો કે આ દેહની આ ભાષા નીકળી એની શરૂઆતમાં આત્માની કાંઈક પ્રેરણા હતી તો ભાષા થઈ, એમ છે જ નહિ. સમજાણું કાંઈ? કહો, આ શરીર આમ ચાલે, બોલે. એની આદ્યમાં અંદર ચૈતન્યની જાગૃતિ છે એ કાંઈ એની આદ્યમાં ન હોય તો થાય શી રીતે? આત્મા આદ્યમાં છે જ નહિ વાણીની આદ્યમાં. વાણીની આદ્યમાં એના રજકણો છે તેને જ્ઞાની જાણે છે. એની આદ્યમાં-મધ્યમાં-અંતમાં આત્મા બિલકુલ નહિ. આહાહા..!

ઓલા તો કહે, એક સમયે કેવળી.. છઠ્ઠી સાલમાં બહુ વાત ચાલી હતી. રામવિજય હતા. માણસો આઠસો સાથે હતું. આઠસો-બારસો માણસ અને બીજે ત્યાં બસ્સો-ત્રણસો માણસ જાતું હશે. અહીં તો સાથે જાત્રા હતી ને. પછી કહે, નહિ. ભગવાનની ભક્તિ, પૂજા પણ શુભભાવ છે. સિદ્ધગિરીની ભક્તિ. હાય-હાય. આ તો અહીં આવ્યા અને હજી કહે ભક્તિ શુભભાવ છે. અરે..! પણ એ શુભભાવ, શુભભાવ અને શુભભાવ છે. લે. એ લાખ વાર કહે કે આને સિદ્ધગિરીની લાખ જાત્રા કર ને ફર ને મુક્તિ થઈ જાય એમ ત્રણ કાળમાં નથી લે. સિદ્ધગિરી તો આત્મા છે આ. અનંતા સિદ્ધોનો સાગર પરમાત્મા બિરાજે છે. એ ગિરી ઉપર જા. એ તીર્થ છે, એ રતન છે, એ જાત્રા છે અને એ બધું આ ભગવાન છે. લે. સમજાણું કાંઈ? ત્યારે ઓલા કહે, અરે..! કેવળી પણ પહેલા સમયે વચન ગ્રહે અને બીજે સમયે છોડે. આ લોકો હજી આવું કહે છે.

મુમુક્ષુ :- પહેલે સમયે ગ્રહે, બીજે સમયે રાખે, ત્રીજે સમયે છોડે.

ઉત્તર :- એ તો વળી બંધનની વાત છે. એ તો આસ્રવની ઓલી. એક સમયે બાંધે, છોડે એ ઈર્યા .. વાત છે. પહેલે સમયે બાંધે, બીજે ઉદય આવે અને ત્રીજે સમયે વેદાય જાય. એવું હોય જ નહિ. ઈર્યા.. એક જ સમયે આવે અને તે જ સમયે છૂટી જાય છે. એ તો વળી ઈર્યા.. વાત નથી. પણ આ તો આમ કહે છે. સમજ્યાને? એ બીજી વાત. એ તો અમારે ઘણા વર્ષ પહેલા વાત થઈ ગયેલી. ઈર્યા.. છે ને? પંડિતજી! એક સમયના રજકણ આવે છે ને? એ તો એક સમયના રજકણ આવે એ ખલાસ થઈ જાય. બીજે સમયે રહે ક્યાં ત્યાં? અને આ તો વાણી પહેલા ગ્રહે. એની પાસે, ભગવાન પાસે નથી. ભાષા પર્યાપ્તિથી વાણી ગ્રહે. બીજે સમયે. અરે..! ગ્રહે-મૂકે એ ભગવાન આત્મામાં રાગ ગ્રહે એ આત્મામાં નથી. વાણી ગ્રહે અને મૂકે એ આત્મામાં છે નહિ. એને માને એ આત્માને માનતો નથી. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૩, રવિવાર તા. ૧૬-૧૦-૧૯૬૬**
**ગાથા -૭૭-૭૮, પ્રવચન-૧૫૯**

શું ચાલે છે ૭૭માં? કે આત્મા પોતાના પરિણામને. પોતાના સમજ્યાને? એ તમારી ભાષામાં અપના. એમ સમજી લેવું થોડું થોડું. આત્મા પોતાના પરિણામને જાણતો છતાં એને કર્મના પરિણામ સાથે કર્તાકર્મ સંબંધ નથી. એ અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ? આત્મા પોતાના પરિણામ એટલે કે આત્માના પોતાના પરિણામ એટલે કે પુણ્ય અને પાપના પરિણામ એ પોતાના પરિણામ નથી. એ પુદ્‌ગલના પરિણામ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ, ક્રોધના ભાવ એ આત્માના પરિણામ નથી. કેમ? કે એ વિકલ્પનો ભાવ છે એ અંતર્મુખમાં વળતા એ પરિણામનો એમાં અભાવ થાય છે. સમજાય છે? પુણ્ય-પાપના વિકલ્પો, એનો અંતર્મુખ પરિણમન થતાં એ વિકલ્પના પરિણમનનો એમાં અભાવ થાય છે. ત્યારે સદ્‌ભાવ કોનો થાય છે? કે શુદ્ધ જ્ઞાન આનંદસ્વરૂપ એના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના પરિણામનો એમાં સદ્‌ભાવ થાય છે. સમજાય છે કાંઈ?

ધર્મદૃષ્ટિ થતાં,.. ધર્મદૃષ્ટિ એટલે કે આત્મા શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ, એવો અંતરમાં પુણ્ય-પાપના રાગ અને અજીવના લક્ષથી છૂટી પોતાના સ્વરૂપના અંતર્લક્ષમાં દૃષ્ટિ થઈ ત્યારે તેની વર્તમાન દશામાં ધર્મ દશા થઈ. ધર્મ દશા એટલે એ પુણ્ય-પાપના પરિણામના અભાવસ્વભાવરૂપ અને ચૈતન્યના શુદ્ધ આનંદના સદ્‌ભાવરૂપ પરિણામ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના થયા એને અહીંયાં આત્માના પરિણામ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

કહે છે કે એ આત્માના પરિણામ જીવ જાણે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ આત્મા આત્મારૂપે થયેલ... સમજાણું કાંઈ? થયેલ કેમ કહ્યું? કે આત્માના પરિણામ કહેવા છે ને અહીં. આત્મા અનાદિથી પુણ્ય અને પાપના રાગ ઉપર રુચિના પરિણમનમાં પોતાનું હોવાપણું માનીને એ પરિણામ વિકારી પરિણામ મારું કાર્ય અને વિકારી પરિણામ એનો હું રચનાર, કરનાર એ સ્વરૂપના અજ્ઞાનની ભૂમિકામાં હતું. સમજાય છે કાંઈ? પણ સ્વરૂપ ચૈતન્ય જ્ઞાયક, એની અંતર દૃષ્ટિ થતાં બહિર્મુખથી ઉત્પન્ન થયેલા પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ કે શાસ્ત્ર સંબંધીનું બહિર્લક્ષી જ્ઞાન અને વિકલ્પ, એ બધો ભાવ ધર્મીની દૃષ્ટિમાંથી એ ધર્મીની દૃષ્ટિ ધર્મી એવા આત્મા ઉપર આવતા તેના પરિણામમાંથી તે વિકારી પરિણામ ખસી જાય છે. એના અભાવરૂપ પરિણમન જીવનું થાય છે. એથી જીવના પરિણામ એ પુણ્ય-પાપના ભાવ અને પોતાનો ત્રિકાળી સ્વભાવ, બેયને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણવારૂપે પરિણામ થાય તેને અહીંયાં આત્માના પરિણામ ગણવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

એ આત્માના પરિણામ તેનામાં આત્મા પોતે અંતર વ્યાપીને કરે છે, ગ્રહે છે, પરિણમે છે, ઊપજે છે. જેમ માટી ઘડામાં ઊપજે છે, ગ્રહે છે. સમજાય છે? અને પરિણમે છે. તેમ ધર્મી પોતાના રાગ અને વિકલ્પ વ્યવહારરત્નત્રયના રાગરહિત (પરિણમે છે). કેમ કે વ્યવહારરત્નત્રયનો શુભજોગ એ બહિર્મુખના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ (છે). એ અંતર્મુખના લક્ષના પરિણમનમાં એ ભાવ આવતો નથી. તેથી અંતર્મુખના સ્વભાવના પરિણામે પરિણમેલો આત્મા તે પોતાના સમ્યક્ શ્રદ્ધા જ્ઞાન શાંતિ નિર્વિકારી પરિણામને, માટી જેમ ઘડાને ગ્રહે, પરિણમે, ઊપજે, એમ ધર્મી આત્મા પોતાના વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન અને નિર્મળ આનંદના પરિણામને ગ્રહે, પરિણમે, ઊપજે. ભગવાનજીભાઈ!

અહીં તો કહે છે કે ધર્મીનો આત્મા મંદિરને ઊપજાવે, દેહને ઊપજાવે, વાણીની અવસ્થાને ઊપજાવે એવું ત્રણ કાળમાં છે નહિ. જોકે અજ્ઞાની પણ પરની પર્યાયને ઊપજાવી શકતો નથી. પણ અજ્ઞાનપણામાં ચૈતન્યની જાતની વસ્તુના ભાન વિના પોતાના અસ્તિત્વની ભૂમિકામાં આખું પૂર્ણ અસ્તિત્વ કોણ છે તેના સ્વલક્ષ વિના પુણ્ય અને પાપના વિકલ્પોને ગ્રહતો, પરિણમતો અને ઊપજતો. એવું જે અજ્ઞાનીનું અજ્ઞાનરૂપી કર્મ એ અધર્મ છે. સમજાય છે કાંઈ? ચાહે તો એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ હોય, પંચ મહાવ્રતના પરિણામ હોય તોપણ એ અધર્મ છે. વૈદરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે એમ કરીને ઓલું.. પણ એ સમ્યક્ ન થયું એનું કારણ શું? કે એની દૃષ્ટિ રાગ અને પુણ્ય-પાપના પ્રેમમાં પડ્યો (છે) માટે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન કેમ ન થયું? એટલે કે સમ્યગ્દર્શન થાય ત્યાં સુધી. પણ કેમ ન થયું? કેમ ન કર્યું? કેમ ન થયું પરિણમ્યું? કે જ્યાં સુધી એને એ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના શુભાશુભ પરિણામની રુચિનો ભાવ છે ત્યાં સુધી તેના રુચિના પરિણામને કરે અને એનો કર્તા તે મિથ્યાદૃષ્ટિનું કર્તવ્ય છે. ભગવાનજીભાઈ! આહાહા..! જ્યારે હવે પોતે સમ્યગ્દર્શન થાય છે, પોતે સત્યરૂપે આત્મા આત્મારૂપે થાય છે. એ આત્મા રાગ ને વિકારરૂપે થતો એ આત્મા નહિ. એ તો મિથ્યાશ્રદ્ધામાં પુણ્ય અને પાપના ભાવરૂપે હું થાઉં છું, ગ્રહું છું, પરિણમું છું, ઊપજું છું, એવી જે મિથ્યા દૃષ્ટિ સ્વભાવ સન્મુખના અભાવને લઈને હતી, ત્યાં સુધી એના એ પરિણામ બધા અધર્મરૂપ હતા. સમજાણું કાંઈ?

એ પરિણામ પુણ્ય અને પાપના વિકલ્પની અસ્તિત્વતા સ્વભાવમાં નથી. સ્વભાવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શુદ્ધ અને ચૈતન્ય આનંદ આદિ પડેલો પદાર્થ છે. એમ જ્યાં વિકારના પરિણામની રુચિનું અવલંબન આશ્રય છૂટી અંતર્મુખની દૃષ્ટિના પરિણામ કર્યા ત્યારે તેને સમ્યગ્દર્શન-જ્ઞાનના પરિણામ થયા. એણે કર્યા તો થયા. એની મેળાએ એમ ને એમ થઈ ગયા, સમ્યગ્દર્શન નથી માટે એમ નહિ.

મુમુક્ષુ :- તો સમ્યગ્દર્શન થાય ત્યારે થાય?

ઉત્તર :- પણ થાય કઈ રીતે? કરે તો થાય કે ન કરે તો થાય? સમજાય છે કાંઈ? મિથ્યાદર્શન એ કરે છે તો કરે તો થાય છે. કરે તો થાય છે એટલે શું? કે શુદ્ધ ચૈતન્યના આનંદના સાગરને ભગવાનને ભૂલી અને એકલો પુણ્ય અને પાપના વિકલ્પની વર્તમાન ક્ષણિક વિકૃતિ ઉપર પોતાનું અસ્તિત્વ સ્વીકારી અને એનો કર્તા થઈને વિકાર કરે એ મિથ્યાદૃષ્ટિ, મિથ્યા-અસત્યદૃષ્ટિવંત એ મિથ્યા વિકારનું કાર્ય પોતાનું સ્વીકારે છે. એ કર્તા થઈને કરે છે. કોઈ કરાવે છે એમ નહિ. આહાહા..! ભીખાભાઈ! એમ કે જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યાં સુધી આ (થાય). પણ થાય તે કઈ રીતે થાય? કરે તો થાય કે એમ ને એમ થઈ જાય? સમજાણું આમાં?

વાત એવી છે કે વસ્તુ આમ પરમાત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ, એને ભૂલીને એક સમયની કૃત્રિમ, જેના ગુણમાં કોઈ વિકાર કરવાની શક્તિ નથી, એવો એક સમયમાં અજ્ઞાનપણે વિકારને ઉત્પન્ન કરી અને એ વિકાર ઉપર પોતાનું હોવાપણું સ્વીકારી એ જ વિકાર મારું કાર્ય અને (હું) કર્તા, ચાહે તો શુભભાવ હો, પણ એ મારું કાર્ય અને હું એનો કર્તા, એ મૂઢ મિથ્યાદૃષ્ટિનું કર્તવ્ય છે. આહાહા..! આ તો વસ્તુસ્થિતિ એમ છે. લ્યો, આ તો એની મેળાએ ન થાય ત્યાં સુધી આમ (રહે). પણ ન થાય તો કેમ નથી થતું? પણ નથી થતું એનું કારણ શું? કે એ શુભભાવના રાગને પોતાનું કર્તવ્ય સ્વીકારીને એની રુચિ ત્યાં પડી છે. સમજાય છે કાંઈ? આહાહા..! કરે છે. કર્યા વિના રહેતો નથી. પણ શું કરે છે? એ રાગનો વિકલ્પ જે ઉઠ્યો કષાયની મંદતા, એની અંતરમાં આડમાં ભગવાન ચૈતન્ય સૂર્ય બિરાજે છે. એની નજરું કર્યા વિના એ વિકારના અસ્તિત્વને જ બાહ્યમાં સ્વીકારીને એ મારું કર્તવ્ય અને હું એનો કર્તા એમ માનીને પુરુષાર્થની ઊલટી ગતિમાં મિથ્યાદૃષ્ટિ, વિકાર મારું કાર્ય, એમ માની રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે પરના કામ તો કોણ કરે અને મૂકે? કેમ હશે? વજુભાઈ! આ સંચા-બંચા કેમ ચાલતા હશે?

મુમુક્ષુ :- વરસાદના પાણી આવ્યા હતા...

ઉત્તર :- પાણી ગરી ગયું હતું નહિ? તમારે ભિમડીમાં. અહીં સુધી ગરી ગયું હતું. ઊંચે બેઠા હતા. એમ સાંભળ્યું હતું. માણસો ઊંચે બેસે. પછી શું કરે? આહાહા..! કોણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે? ભાઈ! અરે..! ખરેખર તો આને અટકાવે કોણ? ભાઈ! એવી વાતું છે જરી, હોં! કરો ચાલુ હવે, કરો બંધ હવે. કોણ ચાલુ કરે? કોણ બંધ કરે? ભાઈ! આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ? છગનભાઈ! તમે તો બધા બહુ બધા દેશના કામ કરતા. અભિમાન (કરતા હતા).

અહીં તો કહે છે કે ભાઈ! ભગવાન પડ્યો છો ને મોટો. જેની મહિમા વાણીએ પૂરું પડે નહિ. સર્વજ્ઞની વાણીએ. એવો ચૈતન્ય ભગવાન આખો ચમત્કાર પિંડ પ્રભુ, એના ઉપર તારો આશ્રય નહિ, દૃષ્ટિ નહિ, આરાધન નહિ, એકાગ્રતા નહિ. અને રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પનું આરાધન, આશ્રય અને એકાગ્રતા. એ તારા જ ઊલટા પુરુષાર્થનું કર્તવ્ય વિકારને કર્તા થઈને માને છો એ જ તારી મિથ્યાદૃષ્ટિનો અધર્મભાવ છે. આહાહા..! ક્યાં ગયા ચંદુભાઈ? કહો, સમજાણું આમાં? એ વ્યવહાર રત્નત્રયનો રાગ એ આત્માના પરિણામ નહિ, એમ કહે છે. આહાહા..! કેમ? કે એ આસ્રવનો વિકલ્પ જે વિકાર જે આસ્રવ જે વસ્તુમાં નથી અને ઉત્પન્ન કર્યો, એ વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ કે હું તો આત્મા જ્ઞાયક શુદ્ધ, એમ જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે એ આસ્રવના પરિણામ અંતરમાં પરિણમ્યા નહિ. અંતરમાં તો શુદ્ધ પરિણમન થઈને પરિણમ્યો. સમજાણું કાંઈ? એથી એ વ્યવહારરત્નત્રયના પરિણામને અહીંયાં પુદ્ગલના પરિણામ કહીને (એમ કહ્યું કે) એ પુદ્ગલના અજીવના પરિણામ છે, જીવના નહિ. આહાહા..! ભગવાનજીભાઈ! ત્યારે જીવના પરિણામ એટલે શું? જીવ કહો કે આત્મા કહો.

જીવના પરિણામ, પરિણમન ધ્રુવ શુદ્ધ છે તેથી શુદ્ધને લક્ષે પરિણમ્યો તેથી તો વીતરાગી શ્રદ્ધા, સમ્યગ્દર્શન, વીતરાગી સ્વસંવેદન જ્ઞાન, વીતરાગી સ્વરૂપની સ્થિરતા એવો જે પરિણામનો ભાવ તે જીવનો કર્તા જીવ અને એ જીવનું કાર્ય. સમજાણું કાંઈ? ઓહોહો..! ચીમનભાઈ! સમજાય છે આ? હવે આવી વાતું ક્યાં માણસને.. કલ્યાણજીભાઈ! આહાહા..! હજી તો અમે મંદિર કરીએ ને અમે આ કરીએ અને આણે આ કર્યું, ઓલાએ થાળી ચડાવી અને સૂર્ય બતાવ્યો. મૂઢ છે બધા. એ મૂઢમાં મૂઢ એ પર ક્રિયાના કર્તા માને તેને મિથ્યાદૃષ્ટિ અધર્મી કહ્યા છે.

મુમુક્ષુ :- એ તો મુનિએ ચડાવ્યો.

ઉત્તર :- મુનિ ચડાવે નહિ કોઈ દિ'. મુનિ કરે નહિ કોઈ દિ' ત્રણ કાળમાં. સમજાય છે કાંઈ? આહાહા..!

મુનિ તો એને કહીએ કે જે અંતરના આનંદના પરિણામ અતીન્દ્રિયના પરિણામને રચે, કરે એનો કર્તા આત્મા થાય. અંદર વિકલ્પ ઉઠ્યો જરી એનો પણ કર્તા થાય અને બહારની ક્રિયાનો કર્તા થાય કે મેં આ કર્યું, એ મૂઢ મિથ્યાદૃષ્ટિ અધર્મી છે. વૈદરાજજી! એવી વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, ભાઈ! નામ શું છે? વ્રજલાલજી. ઠીક. સમજાય છે? મેં આ કર્યું, મેં આ બનાવ્યું. મૂઢ છો. પર ચીજની દશાને તું કર? પરચીજ પોતાની દશા વિના એ વસ્તુ રહે છે કે તે દશાના કાર્યની પર્યાયને તું કર? સમજાય છે કાંઈ?

અહીં તો એથી આગળ વધીને શુભનો વિકલ્પ ઉઠ્યો કે જગત કાંઈ ધર્મ પામે, સમજે. એવો શુભરાગ, એ રાગના કર્તૃત્વને સ્વીકારનાર રાગરહિત ચૈતન્યનો એ સ્વીકાર કરતો નથી. સમજાણું કાંઈ? કહે છે કે એ આત્મા પોતાના પરિણામને કરે છે. '**આત્મા વડે કરવામાં આવતું જે આત્મપરિણામ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' એ અહીં પાછું આવ્યું. '**જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ,...**' એમ. સમજાણું કાંઈ? પહેલા આવ્યું છે એને અહીંયાં મેળવે છે હવે. આત્મા, વસ્તુ જે આત્મા છે એ આત્મા આત્મારૂપે થાય છે હવે. અનંતકાળથી આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગરૂપે થતો અને આત્મા છું એમ માનતો, એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની અધર્મદષ્ટિ છે. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે, હોં! ગુજરાતીમાં એવી કોઈ છે નહિ. બહુ સરળ છે. કઠણ નથી. થોડું થોડું ધ્યાન રાખે. આ ન સમજાય એમ કરીને ન કરવું જોઈએ. સમજાય એવી ભાષા છે.

ભગવાન આત્મા, આત્મા અનનિ ગચ્છતિ. પ્રભુ આત્મા પોતાના શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિરૂપે જાય, પરિણમે, થાય એને આત્માના પરિણામ કહેવામાં આવે છે. આહાહા..! કહે છે કે એવા જે આત્માના પરિણામ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ અને આનંદના પરિણામ એને આત્મા, માટી જેમ ઘડારૂપે થાય, ગ્રહે, ઊપજે, એમ ભગવાન આત્મા એ નિર્મળ વીતરાગી પરિણામને ગ્રહે, એ અંશને ગ્રહે, એ રૂપે થાય, એ રૂપે ઊપજે. સમજાય છે?

'**તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' બાહ્યસ્થિત. એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના શુભાશુભભાવ એ આત્માના પરિણામથી બાહ્યસ્થિત છે. આત્મા દ્રવ્યગુણમાં તો નથી પણ ધર્મીના પરિણામમાં એ પુણ્ય અને વ્યવહાર ભાવ આત્માના પરિણામમાં નથી. આહાહા..! ભારે ઝીણું. આ માણસને.. પછી કહે છે સોનગઢ. સોનગઢનું નામ ન લે, ભાઈ! આ તો સંતો મુનિઓ અનાદિનો માર્ગ છે એ કહે છે. અરે..! ભાઈ! એમ ન રહે. સમજાય છે? અહીં તો એ કહે છે એનું ફોડ અને સ્પષ્ટીકરણ થાય છે. સમજાય છે? એ સોગનઢ તરફથી આ શાસ્ત્ર છે. એ સોનગઢના શાસ્ત્ર નથી. શાસ્ત્ર તો ભગવાનના છે. સમજાય છે? એમના સંતોએ દિગંબર મુનિઓએ 'કુંદકુંદાચાર્ય' આદિ મહા ધર્મ ધુરંધર ધોરી, એમણે કહ્યું એનું કથન ચાલે છે. એના ભાવો કેમ છે એમ કહેવાય છે. કહેવાય છે. એમાં કોઈ આત્માના ઘરની-કલ્પનાની વાત નથી. શું થાય? આગમને જોવું નહિ, આગમને સંભાળવું નહિ, આગમને જાણવું નહિ. ગુરુ શું કહે છે તેનો મહિમા નહિ, પોતાના સ્વચ્છંદે જાણવું. સર્વજ્ઞો શું કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એને જાણવું નહિ. સર્વજ્ઞ, સંતો અને શાસ્ત્ર એમ પોકારે છે કે આત્માના પરિણામ અમે એને કહીએ છીએ કે જે પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડી ચૈતન્યની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના વીતરાગી પરિણામ (થાય) તેને અમે આત્મા કહીએ છીએ. એને આત્માના પરિણામ સર્વજ્ઞ કહે છે, ગુરુ કહે છે, શાસ્ત્ર કહે છે. હવે એ પરિણામ આત્માના છે એમ ન માનતા શુભરાગ પરિણામ આત્માના, એનાથી લાભ માને એ સર્વજ્ઞને માનતો નથી, ગુરુને માનતો નથી, શાસ્ત્રને માનતો નથી. કહો, ચંદુભાઈ! આકરું પડે કે નહિ માણસને? એય..! કલ્યાણજીભાઈ! ત્યારે અત્યાર સુધી આ બધાએ મુંડાવ્યું તે ખોટા હતા? એક જણો કહેતો હતો, બહુ ચર્ચા ચાલી વાતને. ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે. કાંઈક નહિ કલ્યાણ થાય? અરે..! ભગવાન! ઓલા વિદ્યા.. કેવા? ધર્મવિજયના.. વિદ્યા. ધર્મવિજય નહોતો ધર્મવિજય? એનો શિષ્ય વિદ્યાવિજય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. આ તો વિદ્યાવિજય એક ધર્મવિજયનો સાધુ થઈ ગયો. એ એક ફેરી આવ્યો હતો. ઓલા તો દર્શન,.. એ બીજા. અહીં બધી વાત કરતા કરતા કહે, ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે તો કાંઈક (કલ્યાણ નહિ થાય?) મેં કીધું, પણ મુંડાવ્યું કોને કહેવું? આ મુંડાવ્યું સમજો છો? આ લોચ-લોચ. લોચ કરે છે ને? તો ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે એમ કહે છે. પણ મુંડાવે કોણ? કાંઈક નહિ કલ્યાણ થાય? ધૂળેય નહિ થાય કીધું. મુંડાવે એટલે કોણ મુંડાવે? હું વાળ ખેંચું છું એમ માનનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ અધર્મી દૃષ્ટિ છે. કેમ કે વાળની પર્યાય જડની છે અને જડનું કેમ નીકળવું અને પરિણમવું એ આત્માના વિકલ્પ ને જ્ઞાનને આધીન છે નહિ. રામસ્વરૂપજી! ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે, અમે સાધુ થયા છીએ.

મુમુક્ષુ :- કેશ લોચ.

ઉત્તર :- કેશ લોચ કરે છે, ઊના પાણી પીએ છીએ, રાત્રે ચોવિહાર કરીએ છીએ. ચોવિહાર એટલે આહાર-પાણી નથી લેતા. ઉઘાડે પગે ચાલીએ છીએ તો કાંઈ નહિ? ધૂળેય નથી, સાંભળને હવે. તારા ઉઘાડા પગ શું? મિથ્યાત્વથી ભરેલો આત્મા છે અંદર. સમજાણું કાંઈ? પહેલો તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચ બંધના કારણ. એમાં પહેલો મિથ્યાત્વના બંધનો ત્યાગ નથી એમાં ત્યાગ આવ્યો ક્યાંથી તારી પાસે? આહાહા..! મુડાવ્યું અને અમે ત્યાગી. થયો ક્યાંથી તું? મિથ્યાત્વનો ત્યાગ તો છે નહિ. સમજાણું કાંઈ? તો મિથ્યાત્વનું એ સ્વરૂપ છે અંતરમાં સૂક્ષ્મ કે પુણ્યના વિકલ્પના રાગ ઉપર રચીને એનું કર્તવ્ય મારું (માનવું) એ મિથ્યાત્વનું સ્વરૂપ છે. એનો તો ત્યાગ નથી અને અમે ત્યાગ કર્યો બીજો. ધર્મચંદજી!

મુમુક્ષુ :- ત્યાગી થઈ ગયા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ત્યાગી થઈ ગયા ધર્મના. આહાહા..!

કહે છે કે જેમ માટી ઘડાને ગ્રહે છે, પરિણમે છે, ઊપજે છે. એમ ભગવાન આત્મા પોતાના વીતરાગી પરિણામને એ અંશને ગ્રહે છે, તેને પરિણમે છે, તેમાં ઊપજે છે. પણ તે માટી તેને ગ્રહતા છતાં જેમ '**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' એ દયા-દાનના ભાવ આવ્યા, વ્યવહાર વ્રતના ભાવ આવ્યા એને ધર્મી બાહ્ય સ્થિત પદાર્થ જાણીને તેમાં એકાકાર થતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ચંદુભાઈ!

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એટલે કે તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ પરદ્રવ્યના પરિણામ છે. '**એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' જે ભાવે તીર્થંકર પરિણામ થયા એ ભાવમાં આત્મા આદિમાં નથી, ભાઈ! રાડ નાખે. તીર્થંકરગોત્ર બાંધે તો મોક્ષ થાય. સાંભળને હવે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ધર્મીને જે પરિણામ સોળ કારણ ભાવનાના ભાવ (આવે) એ ભાવમાં આદ્યમાં આત્મા નથી. એની આદ્યમાં પુદ્ગલ છે. આહાહા..! એય..!

ભગવાન આત્મા ધર્મી સમ્યગ્દૃષ્ટિને એ પરિણામ આવે એમ કહો. તો એ પરિણામ બાહ્યસ્થિત છે. ધર્મી જીવના દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાય પરિણમનમાં એ પરિણામ છે જ નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિના ષોડ્ષકારણ ભાવનાના પરિણામ છે જ નહિ. એ.. કલ્યાણચંદજી! શું છે આ? શું કહ્યું? જ્ઞાની ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ '**બાહ્ય સ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એટલે કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પરદ્રવ્યના પરિણામ, પુદ્ગલના પરિણામ છે. કેમ કે અંતર્મુખના પરિણમનમાં તેનું અડવું થતું નથી. વિકારના પરિણામ અને સ્વભાવની વચમાં અત્યંત અભાવ છે. જ્ઞાનચંદજી! રાડ પાડેને ઓલા બધા. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ આત્માની ભાતમાંથી, જાતમાંથી આત્મા ઊગે. કાંઈ આત્મામાંથી વિકાર ઊગે? સમજાણું કાંઈ? આહાહા..! એય..! ચંદુભાઈ!

કહે છે, ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો, પાંચમાવાળો કે છઠ્ઠાવાળો '**બાહ્યસ્થિત એવા...**' જે તીર્થંકરપણે જે પ્રકૃતિ બંધાય અને જેના ફળમાં સમવસરણ રચાય એવા પરિણામને ધર્મી પોતાના પર્યાયથી બાહ્ય દેખે છે. એને અંતરના પરિણામમાં મેળવતો, ખતવતો નથી. આહાહા..! એને પુદ્ગલના પરિણામ તરીકે ધર્માત્મા જાણતો (હોવા) છતાં તે પરિણામ જીવનું કાર્ય અને આત્મા એનો કર્તા એ આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ તીર્થંકરપણાનું જે ભાવે ગોત્ર બંધાય એ ભાવમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. આત્મા એની આદ્યમાં નથી. એની આદ્ય-શરૂઆત પુદ્‌ગલથી થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય પુંજ પ્રભુ એના આદ્યમાં તો એના પરિણામ નિર્મળ એની આદ્યમાં આત્મા. સમ્યગ્દર્શનની સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌શાંતિના પરિણામની શરૂઆતમાં ભગવાન આત્મા, આદિ-મધ્ય-અંતમાં આત્મા (છે). બાહ્યસ્થિત પરિણામમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા નહિ. એની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ છે. કહો, કલ્યાણજીભાઈ! હાલો.. હાલો.. પણ આ .. પડશે કીધું ત્યાં સભાને. એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- ત્યાં તો .. ચાલે નહિ. આવું બધું ચાલે તો રાડ નાખે ને પાછા. એય..! ન ચાલે લ્યો. ન ચાલે. આ મોઢા આગળના માણસ કહે છે, ન ચાલે. ત્યારે શું ત્યાં લઈ જાવું? આવું સાંભળવું છે કે ત્યાં બીજું સાંભળવું છે? આહાહા..! એય..! ચંદુભાઈ!

કહે છે, ત્રણ લોકના નાથ અને સંતો જેવી વસ્તુની સ્થિતિ છે તેમ કહે છે. જેવી વસ્તુની મર્યાદામાં જેમ છે તેમ તે કહે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું જ્યાં જ્ઞાન અને સમ્યગ્દર્શન થયું, એની મર્યાદામાં તો શુદ્ધ પરિણામ તેની હદના, તેના અંતર કાંઠે આવેલા પરિણામ વીતરાગી પરિણામ તે આત્માનું કર્તવ્ય છે. આહાહા..! એ રાગ જે ભાવે સર્વાર્થસિદ્ધિ બંધાય, સર્વાર્થસિદ્ધિનું આયુષ્ય બંધાય, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે આહારક શરીર બંધાય, આહારક અંગોપાંગ બંધાય, આ ૧૪૮ પ્રકૃતિ જે ભાવે બંધાય એમાં એકેય ભાવ આત્માની પર્યાયમાં નથી એમ માને છે સમકિતી. આહાહા..! અબંધ સ્વભાવી ભગવાન આત્મા, અબંધ સ્વરૂપી પ્રભુ આત્મા દૃષ્ટિ ને જ્ઞાનમાં લેવાથી, એને બંધના પરિણામ બાહ્યસ્થિત રહ્યું દેખીને એને જાણવા-દેખવાનું જ્ઞાની કામ કરે. પણ એ બાહ્યસ્થિત પરિણામ મારા છે અને હું કર્તા છું એમ જ્ઞાની જાણતો અને માનતો નથી. કહો, ભીખાભાઈ! ઓલા તો રાડ નાખે. અરેરે..! પણ વ્યવહાર કરતા કરતા થાશે, શુભ કરતા કરતા થાશે. પણ સાંભળને હવે. ઝેર પીતા પીતા અમૃતનો ઓડકાર આવશે. એમ કંઈક આ પૂજા, ભક્તિ, વ્રત, દાન, દયા, કષાય રાગ મંદ એ કરતા કરતા (થાય), પાધરું જવાતું હશે? એમ મૂઢ લોકો અજ્ઞાની જગતને માને અને મનાવે છે એ બધા અધર્મદૃષ્ટિ છે. એય..! ધીરૂભાઈ! પણ અહીં તો સોનગઢમાં કાંઈ કોઈ પક્ષ નહિ, વાડો નહિ. કે ભાઈ ન આવવું હોય તો ન આવો. ન્યાલભાઈ! અમને નથી બેસતું. ન બેસે તો તમારી મરજી. અહીં કોઈ માથે છે ધણી? આમ કરવો ને આમ નહિ ચાલે સંપ્રદાય? સંપ્રદાય તારો તારે ઘરે રહ્યો. લે. એય..! શેઠી!

ત્રણ લોકના નાથ સંતો, વીતરાગો કેવળજ્ઞાનીઓના માર્ગ આ છે. આ સિવાય બીજી કોઈ રીતે વિપરીત વાત કરે તો એ વીતરાગના માર્ગનો વેરી છે. કહો, નેમિચંદજી! સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ ચંદુભાઈ? સાંભળો તો ખરા કીધું. બપોરે બહુ તાણ કરો છો અહીં આવો ને અહીં આવો. ઠીક હવે બધા. શિવગંજમાં આવો. શિવગંજ એક દિ' જોયું હતું તે દિ'. ભાઈસાહેબ આપણે ફરીવાર ન આવવું કીધું. એય..! તમારા .. કરવા આવ્યા હતા. ક્યાં ગયા? ત્યાં આવવું. એક વ્યાખ્યાન ચાલ્યું. કેટલા અંદર ચર્ચા. અને તે દિ' તો હજી સ્થૂળ વાતું કરતા. આવી વાત કરે તો ભાગે જ. ભાગે શું બધું થાય. એક સાધુ બેઠો હતો એક ફેરી નીકળ્યા હતા. નહિ રસ્તામાં? સમજાવતો હતો. કહે આમ ન હોય, આમ હોય, આમ હોય. સાંજે આહાર કરવા નીકળ્યાને. સાતસો ઘર શ્વેતાંબરના. એમાં આ વાત સાંભળી જાય નહિ. પ્રશ્ન ઉપર પ્રશ્ન. આમ હોય? વ્યવહાર વિના? કષાયની મંદતા વિના? સાંભળ્યા વિના થતા હશે? હવે સાંભળને. અને રાતે તો પાછું કહેવાય નહિ, કે ભાઈ! રાતે આવજો ત્યારે ખુલાસા થાય. રાતે આવવાનો ક્યાં પ્રશ્ન કરે. અરે..! કોની સાથે માથા... અરે..! ભગવાન. ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ શુભભાવ જેને પૂજા, દયા, દાન, ભક્તિના ભાવ કહે તેને પકડતો નથી. '**તે-રૂપે પરિણતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; માટે, જોકે જ્ઞાની...**' ત્રીજી લીટી. સમ્યગ્દૃષ્ટિ ધર્મી '**પોતાના પરિણામને જાણે છે...**' પોતાના પરિણામ એટલે વીતરાગી, અરાગી, શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન અને શાંતિના પરિણામ એ આત્માના પરિણામ, એને ધર્મી જાણે છે. સમજાણું કાંઈ? કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ૭૪ વર્ષમાં એમ ને એમ... વૈદરાજજી! આવું સાંભળ્યું નથી કોઈ દિ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવું અત્યાર સુધી સાંભળ્યું નથી. એ સાંભળ્યું છે.

મુમુક્ષુ :- ઐસા કરતે કરતે..

ઉત્તર :- હોગા. હો જાયેગા. એમ છે, જુઓ.

વિદેહક્ષેત્રમાં અનંત વાર જન્મ્યો. અનંત વાર જન્મ્યો. કેમ ન થયું? કેમ કે વિદેહક્ષેત્રથી આત્માનું જ્ઞાન થાય છે એમ છે નહિ. એનાથી તો નહિ પણ ભગવાનના દર્શન કરવાથી શુભભાવ થયો એનાથી પણ સમ્યગ્દર્શન થાય છે, એમ છે નહિ. આહાહા..! એય..! કલ્યાણજીભાઈ! અહીં તો કહે છે, ભાઈ! શાંત થા, બાપા! પ્રભુ! આ તો સત્ય એવું છે. એ રાગાદિ તો ખરેખર ચૈતન્યના સત્ત્વમાં સત્‌માં છે નહિ. એ ચૈતન્ય હીરો એકલા પ્રકાશનો પુંજ અને આનંદનો કંદ છે. એમાં રાગની ગંધ નથી. ભાઈ! રાગની ગંધ હોય તો રાગ કોઈ દિ' છૂટે નહિ. સમજાણું કાંઈ? કહો, રમણિકભાઈ! શું છે આમાં? લેવું શું તમારે ત્યાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**જોકે જ્ઞાની...**' છે ને ત્રીજી લીટી. ભાવાર્થ ઉપર. હજી ભાવાર્થ ઉપર ચાલે છે. શેઠી કહે ભાવાર્થ વાંચો. શેઠી! બહુ ધ્યાન રાખતા નથી. ધ્યાન ઓલું બહુ રાખેલું ને એટલે આમાં ધૂંચવાઈ જાય છે. શેઠી! છે? ત્રીજી લીટી છે ને માથે? ભાવાર્થની ઉપર. '**માટે,...**' એટલે આ કારણે, આ કારણે એટલે? કે આત્મા પોતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના વીતરાગી પરિણામને કરતો, ગ્રહતો, પરિણમતો હોવાથી માટી જેમ ઘડાને ગ્રહે, પરિણમે છે એમ પોતાના પરિણામને ગ્રહે અને પરિણમે છે. પણ આ જ્ઞાની બાહ્યસ્થિત એવા વિકારી પરિણામ, દયા, દાન, વ્યવહાર રત્નત્રયના શુભ રાગાદિને બાહ્યસ્થિતને પકડતો નથી, પરિણમતો નથી અને તે રૂપે ઊપજતો નથી. માટે આ કારણે '**જ્ઞાની...**' હવે એનો સરવાળો આવે છે આ તો. લ્યો! આહાહા..!

'**જોકે જ્ઞાની...**' સમ્યગ્દષ્ટિ, ધર્મી '**પોતાના પરિણામને જાણે છે...**' પોતાના પરિણામ એટલે શ્રદ્ધા જ્ઞાન અને અરાગી પરિણામ થયા એને એ જાણે છે. '**તોપણ,...**' એ સામાને જાણે છે એ વાત ૭૬માં ગઈ હતી. રાગને વ્યવહારને જાણે છે કે બાહ્યસ્થિત છે. એને જાણતા છતાં એની સાથે કર્તાકર્મ નથી. એ રાગ કાર્ય છે અને આત્મા એનો કર્તા છે અથવા શુભરાગ કરનાર છે અને આત્માના જ્ઞાન પરિણામ કાર્ય છે એમ નથી. એમ ૭૬માં કહ્યું હતું. પરના પરિણામને જાણતો જ્ઞાની પરપરિણામ સાથે કર્તા-કર્મ નથી. અહીં પોતાના પરિણામને જાણતો જ્ઞાની બાહ્યસ્થિત સાથે કર્તા-કર્મ સંબંધ છે નહિ. આહાહા..! એ તીર્થંકરપણાના જે ભાવ આવે એનો જ્ઞાની કર્તા અને જ્ઞાનીનું કર્મ વસ્તુમાં નથી એમ કહે છે. ઓલો તો રાજી રાજી થઈ જાય કે આહાહા..! તારે તો હોય જ નહિ. સાંભળ.

જેને પરિણામ સમ્યગ્દષ્ટિને હોય તે તે પરિણામનો આદર કરનારો નથી. એને પોતામાં મેળવતો નથી. એ તો પુદ્‌ગલના પરિણામ જાણતો છતાં, એ પુદ્‌ગલના પરિણામનો કર્તા અને એ મારું કાર્ય એમ ધર્મી માનતો નથી. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! આ તો ઉગમણો-આથમણો ફેર જેવું છે.

'**માટે, જોકે જ્ઞાની પોતાના પરિણામને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિવર્ત્ય...**' જુઓ! શું કહે છે? એ સમયે થયેલો શુભભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ. એ પ્રાપ્ય એટલે તે વખતે તે જ અંશ આવવાનો હતો પુદ્‌ગલમાંથી. ઈ ચૈતન્યમાંથી નથી આવ્યો. પ્રાપ્ય તેને પુદ્‌ગલ ગ્રહે છે, વિકાર્ય પુદ્‌ગલ પલટે છે અને નિર્વર્ત્ય પુદ્‌ગલ એમાં ઊપજે છે. '**એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય નામ અવસ્થાના લક્ષણવાળું, એવી દશાના લક્ષણસ્વરૂપ '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' એ ભાવ જે તીર્થંકરગોત્રનો બાંધે એ ભાવ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય, પરદ્રવ્યનું કાર્ય, પરદ્રવ્યની અવસ્થા, પરદ્રવ્યની પર્યાય, પરદ્રવ્યના પરિણામ. '**તેને નહિ કરતા...**' છે? કલ્યાણજીભાઈ! એય..! ચંદુભાઈ! પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ જોઈ લેજો બધા તમે. આ ત્રણ ત્રીજા.

'**તેને નહિ કરતા...**' તેને નહિ કરતા એટલે શું? તેને નહિ કરતા એટલે શું?

મુમુક્ષુ :- કર્તા કર્મ નથી.

ઉત્તર :- કોનો?

મુમુક્ષુ :- પુદ્‌ગલદ્રવ્યનો.

ઉત્તર :- ક્યા પુદ્‌ગલના રજકણનો?

મુમુક્ષુ :- નહિ, રાગાદિનો.

એ શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્‌ગલ છે. આત્માના નહિ. ત્યારે કહે, પુદ્‌ગલનું બહુ જોર. એમ વૈદરાજજી કહેતા હતા. આત્માનું જોર છે કે જે રાગના પરિણામનો સ્વીકાર નહિ કરીને, શુદ્ધનો સ્વીકાર કરે છે. જોર એનું છે. પણ જ્યાં હોય ત્યાં .. ગોતે. રાગમાં પુદ્‌ગલનું ભારે જોર. એમ નથી. એ રાગ પુદ્‌ગલના પરિણામ કેમ ગણ્યા ગણનારે? કે પોતાના સ્વભાવના સામર્થ્યના જોરે ઉત્પન્ન થયેલા પરિણામને પોતાના ગણી, રાગના પરિણામ ગણતો નથી. એમ સ્વભાવનું જોર છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો બાહ્યસ્થિત ગણ્યા.

ઉત્તર :- હા. પોતાના સ્વભાવસ્થિત નથી. આ મારું સ્વરૂપ છે, આ નહિ એમ પુરુષાર્થની જાગૃતિનું જોર આત્માનું છે, રાગનું નહિ. આહાહા..! ભારે ભાઈ! સમજાણું કાંઈ? પુદ્‌ગલના પરિણામ હજી ક્યાં સુધી? ભારે કર્મ જોર કરે. પણ તું સમજતો નથી. એ પુદ્‌ગલના પરિણામ જેણે ગણ્યા નથી આત્મામાં. એને આત્માના શુદ્ધ સ્વભાવનો સત્કાર વર્તે છે. ઈ એનું જોર છે, રાગનું જોર છે નહિ. જાણે છે રાગને. આહાહા..! કર્મ તો ક્યાંય રહી ગયા પણ રાગ.. સમજાણું કાંઈ?

અહીં તો શું છે? કે જાણે છે પોતાના પરિણામ એટલું તો કામ કરે છે ને. તો ભેગું આ રાગનું પણ કામ કરે તો એક ગાયનો ગોવાળ એવો પાંચ ગાયનો ગોવાળ. એક ગાયને ચારે તો પાંચ ગાયને ભેગો ચારે. એમાં શું? ભેગો ચાર ને. એમ આત્મા પોતાના પરિણામને જાણે અને કર્તા થાય એમ રાગનો કર્તા થાય તો? નહિ. સમજાણું કાંઈ? એમ રાગના પરિણામને જાણે એટલું કામ કરે છે કે નહિ? તો રાગનું કર્તાપણાનું કામ કરે એમાં વાંધો શું છે? કહે છે. નહિ. તેને નહિ કરતા. સમજાણું કાંઈ આમાં? કહો, સમજાય છે કે નહિ? ગુજરાતી ભાષા. કાલે ભાઈ આવ્યા હતા. થોડું થોડું (હિન્દી લ્યો). હવે ચાલવા દયોને ગુજરાતી. થોડું થોડું સમજવું. અહીં આવે એને ગુજરાતી શીખી લેવું થોડું. શું નેમિચંદજી! તમારા ગામમાં ગુજરાતી ન ચાલે.

'**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા...**' એટલે આત્મા શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાનના પરિણામને કરનારો અને જાણનારો. તે પરદ્રવ્યના પરિણામ રાગાદિ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એવા રાગને પણ નહિ કરતો '**એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' જે ભાવ તીર્થંકરગોત્રનો આવ્યો એ ભાવ આત્માનું કાર્ય, આત્મા એનો કર્તા (એમ) છે નહિ. આહાહા..! અહીં તો હજી મોટા મોટા કામ બહારના કરવા છે. વૈદરાજજી! દિકરી કહી ગઈ છે, બાપા! બાપુજી! સાંભળો આ. બાપુજી! પિતાજી! સાંભળો અહીંની વાત. અત્યાર સુધી થોથા કર્યા બધા. વાત એવી પહેલી સમજણ કરે ને? પહેલી સાચી સમજણ કરવી કે કેમ થાય છે? કેમ છે? કોણ કરે છે અને કોણ નથી કરતું? સમજાણું કાંઈ? આહાહા..!

'**જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' પુદ્ગલ એટલે સમજાણું? એ રાગ પરિણામ, હોં! અહીં તો હવે દેહની ક્રિયા તો ક્યાંય રહી ગઈ. કે દેહની ક્રિયા હું કરું છું, આ મેં આમ કર્યું સ્વાહા. પૂજા વખતે હોય ને? સ્વાહા. આ કામ મારું છે એમ ધર્મી માનતો નથી.

મુમુક્ષુ :- તો એ કરે છે શું કરવા?

ઉત્તર :- કોણ કરે છે? કરતો જ નથી ને. હોય છે. પેલું ગાયન નહોતા બોલતા ત્યાં? સવારમાં બોલતા હતા. .. ઊંડો ઉતરતો હોય એવી ભાષા લાગતી હતી. વીતરાગ પ્રભુ આવા છો ને પ્રભુ! તને... પરમ દિ' સવારમાં નહિ? એ નહોતું કાલે..? હે નાથ! હે પ્રભુ! હે વીતરાગ! તમે આમ છો, તમે આમ છો. આમ ઉતરી ગયા છો ને અંદર વીતરાગપણે. સમજાણું? એ સમજણ સહિતની સ્થિતિનો વિકલ્પ છે ને તો એ આત્માનું કર્તવ્ય અને કાર્ય એમ નથી, એમ કહે છે અહીં. આહાહા..! એય..! ભારે કરી. હજી તો તમારે મોટું મંદિર કરવું છે. સાડા ત્રણ વર્ષ થયા તોપણ હજી થયું નથી. એમ કીધું છે. એ એમ જ કહેવાય. ભાષામાં શું આવે? આહાહા..! ગજબની વાતું છે.

ધર્મી જીવ. ધર્મી એવો આત્મા પૂર્ણ શુદ્ધની ખાણ, એણે ખાણમાંથી ખોદીને શુદ્ધ પરિણામ કાઢ્યા છે એકાગ્ર થઈને. એ પરિણામ સિવાય બીજા પરિણામનો એ કર્તા કર્મનો એને સંબંધ છે નહિ. આહાહા..! તો વળી આ કામ મેં કર્યા, પુસ્તકો મેં બાધ્યા, આ બિલ્ડિંગ મેં બાંધ્યું, ઢીકણું મેં કર્યું, મેં ઉપદેશ આપ્યો બે કલાક. એક ધારાવાહી ઉપદેશ આપ્યો. ધૂળમાંય નથી તેં આપ્યો, સાંભળને હવે. જડ થઈ ગયો તું? ઉપદેશ તો જડની પર્યાય છે. આહાહા..! મેં એક કલાક આપ્યો અને પાછી એની કદર કરજો. પાછી કદર કરજો. અમારી કદર કરજો. કદર સમજો છો? શું કહે છે? કિંમત. કદર-કદર અમારી ભાષા છે. કદર એટલે અમને પિછાણજો. અમે તમને કેટલો ઉપકાર કરીએ છીએ એ કદર કરજો, પિછાણજો. પાછો માન લેવા માગે એની પાસે. ક્યાં ભ્રમણામાં રહી ગયો છો પણ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- વળતર...

ઉત્તર :- વળતર, વળતર, વળતર એટલે સામું. પણ દીધું છે ક્યાં તે વળતર લે? એ તો જડની પર્યાય છે. આહાહા..! ભાષાની પર્યાય આત્મા કરે અને એ કાર્ય મારું એમ માનનાર મૂઢ છે. એમ કહે છે. ભગવાનના જ્ઞાનથી વિરૂદ્ધ માનનાર છે, ગુરુના જ્ઞાનથી વિરૂદ્ધ માનનાર છે, શાસ્ત્રના ભાવથી વિરૂદ્ધ માનનાર છે. એના ચૈતન્યની મર્યાદાથી વિરૂદ્ધ માનનારો છે. આહાહા..! ભારે કામ ભાઈ! વીતરાગ માર્ગ બાપુ ખાંડાની ધાર જેવો અને સરળ સીધો. સત્ સરળ.. સરળ.. સત્‌પણું એને સત્‌ને પ્રાપ્ત કરવું જોઈએ ને.

'**ભાવાર્થ :- ૭૬મી ગાથામાં કહ્યું હતું તે અનુસાર અહીં પણ જાણવું.** ત્યાં પુદ્‌ગલ કર્મને **જાણતો જ્ઞાની એમ હતું. અને તેને બદલે અહીં પોતાના પરિણામને જાણતો જ્ઞાની એમ કહ્યું છે-એટલો ફેર છે.**' બે ગાથામાં. સમજાણું? હવે ત્રીજી ગાથા. ૭૮.

'**હવે પૂછે છે...**' શિષ્ય પૂછે છે. મહારાજ! એ તો ઠીક પણ '**પુદ્‌ગલકર્મના ફળને જાણતા...**' ધર્મી હરખ-શોકના ભાવને જાણે તો ખરો ને? હરખ-શોક. સમજાણું? સુખ-દુઃખની કલ્પના. એવા ફળને જાણતા એવા જીવને...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંયોગ-ફંયોગ નહિ. મૂળ તો અંદરની વાત છે. બહારની તો ક્યાંય ધૂળ રહી ગઈ. બહારમાં શું? આ પુણ્યને લઈને પૈસા મળ્યા, હજીરા મળ્યા, મકાન મળ્યા, બાયડી-છોકરા મળ્યા એ બધું પુદ્‌ગલની પર્યાય છે. એ પુદ્‌ગલનું ફળ છે. એને જ્ઞાની જાણે પણ એને ભોગવતો નથી. એને પોતાના માનતો નથી. આહાહા..! ચક્રવર્તીના રાજ, છ ખંડના રાજ, ઈન્દ્ર અને ઈન્દ્રાસન અને ઈન્દ્રાણીઓ કરોડો, એ બધા પુદ્‌ગલના ફળ છે. એને ધર્મી, જ્ઞાની પોતાને પોતે તેને જાણે કે આ પુદ્‌ગલના ફળ છતાં તે મારું કાર્ય છે અને મેં કર્યું, મેં પુણ્ય કર્યું હતું તો મને આ બધા ફળ્યા છે એમ ધર્મી માનતો નથી. આહાહા..! સમજાણું? મેં પૂર્વે બાપા, પુણ્ય કર્યા હતા તો આ અમને મળ્યા. મૂઢ છો? પુણ્યનો પરિણામનો કર્તા પણ મૂઢ ને એને વળી બંધન થયા અને એના ફળ એ વળી તારામાં ક્યાં આવ્યા છે? સમજાણું કાંઈ? એય.! જેઠાભાઈ! આ પૈસા મળે, લ્યો! લાખ-લાખ પેદા થાય, બબ્બે લાખ પેદા થાય વર્ષના. ઘણું મેળવ્યું બાપુ! ઓહોહો! ને અમારા બાપ પાસે થોડું હતું પણ અમે બધું મેળવ્યું છે. પૈસા, મકાન...

મુમુક્ષુ :- આપબળથી મેળવ્યું.

ઉત્તર :- આપબળથી એમ કહે. અમે આપબળથી મેળવ્યું. પૈસા.. અમે બધા છોકરાઓ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરણાવ્યા, પહટાવ્યા. ઘરમાં દસ-દસ છોકરાઓ, બબ્બે દિકરીયું. પરણાવ્યા સમજાવ્યાને? લગન કર્યા. પહટાવ્યા એટલે મલાવ્યા. ધૂળમાંય કર્યા નથી. સાંભળને હવે. એય..! ધીરૂભાઈ! મૂઢ છો? બહારની પર્યાયને કરે કોણ અને મૂકે કોણ? ભોગવે કોણ અને છોડે કોણ? આહાહા..! એથી હવે અહીં તો બીજી વાત છે. એ બધી વાત એમાં ભેગી આવી જાય છે, હોં!

'**પુદ્ગલકર્મના ફળને...**' એટલે કે જે તીર્થંકરગોત્ર બાંધ્યું એનું ફળ આવ્યું સમવસરણ આદિ કે સર્વાર્થસિદ્ધિ આવી. સર્વાર્થસિદ્ધિની ગતિ મળી. એવા ફળને કે અંદર રાગ હરખ-શોક થયો. એ હરખ-શોક પુદ્ગલ કર્મનું ફળ, આત્માનું છે નહિ. આહાહા..! કહો, સમજ્યા? બાબુભાઈ! આવી છે આ વાત. ભારે વીતરાગમાર્ગ, ભાઈ! '**પુદ્ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી? તેનો ઉત્તર કહે છે :-**'

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं।।७८।।**

એ ૭૮ ગાથા. નીચે હરિગીત. નીચે હરિગીત.

**પુદ્ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

શક્તિરૂપ છે ને અનંત? પરદ્રવ્ય પર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. એની ટીકા.

'**ટીકા :- પ્રાપ્ય,...**' એટલે? એની ટીકા. પ્રાપ્ય એટલે જે પુદ્ગલની વર્તમાન અવસ્થા, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ અને તેની સાથે થયેલો હરખ અને એમાં થયેલો શોક. એ સમયનું એ પ્રાપ્ય છે-પુદ્ગલનું એ કાર્ય છે. કલ્યાણજીભાઈ! કહ્યું હતું ત્યાં. કીધું, સાંભળજો તો ખરા તમે બધા બપોરે. એય..! ચંદુભાઈ! અંદરમાં આવ્યા હતા વિનંતી કરવા. વળી પાછા બીજા કોક લઈ જાય તો તો.. તમારે ત્યાં... પાછું વળી મલૂકચંદભાઈના ઓલા બે મકાન બંગલા કર્યા છે ને. કહો, સમજાણું આમાં?

'**પ્રાપ્ય,...**' કોને કરે? અહીં કહે છે. શું કહે છે? પ્રાપ્ય એટલે શું? કે પુદ્ગલ જે વસ્તુ છે પદાર્થ, એની વર્તમાન અવસ્થા થાય કે હરખ-શોક થાય કે કર્મનો જે ઉદય છે તેના ફળરૂપે આત્મામાં રાગ-દ્વેષ, હરખ-શોક થાય, એ ફળરૂપે સામગ્રી મળે, બાહ્યની શાતા આદિની કે શરીરમાં નિરોગતા આદિ, એ બધા એ સમયની તે અવસ્થા પુદ્ગલનું પ્રાપ્ય છે. એટલે તે સમયનો અંશ જે છે એ પુદ્ગલનું પ્રાપ્ય એટલે પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. આત્મા તેને ગ્રહણ કરતો નથી. આહાહા..! એય..! સમજાય છે? આ પૈસા-બૈસા, બાયડી-છોકરાની પર્યાય છે એ તો પુદ્ગલની છે, એ કાંઈ આત્માની નહિ. એમાં હરખ-વિકલ્પ ઉઠે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને હરખ? એ પુદ્‌ગલ. એના એ હરખના અંશને પુદ્‌ગલનું પ્રાપ્ય છે. એનો અંશ છે. એ વખતનો તે જ અંશ પુદ્‌ગલનો તેને પુદ્‌ગલ ગ્રહે છે. સમજાણું કાંઈ? આત્મા નહિ. અને એને પોતાનું માને તે આત્મા નહિ. આ મને કર્મના ફળ મળ્યા, સુખ-દુઃખના સંયોગ મને મળ્યા. એ આત્મા નહિ. આહાહા..! ચંદુભાઈ! વિકાર્ય. એ પલટીને કાર્ય આવ્યું ને કાંઈક આમ? હરખ આવ્યો, શોક આવ્યો, કાંઈક દેહની અવસ્થા નિરોગ થઈ, કાં સરોગ થઈ, કાં પૈસા આવ્યા, પૈસા ગયા, મકાન સુંદર થયું વગેરે. એ બધું પૂર્વની અવસ્થા પલટીને પુદ્‌ગલનું એ વિકાર્ય છે. પુદ્‌ગલનું એ વ્યાપ્ય લક્ષણ કામ છે. પુદ્‌ગલની એ વ્યાપ્ય અવસ્થા છે. આત્માની નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- હરખ ..

ઉત્તર :- હરખ, વિષાદ એ આત્માને નહિ. કહો, શેઠી! કરો નક્કી.

'**નિર્વર્ત્ય...**' ઊપજ્યું, નિપજ્યું. એવું વ્યાપ્ય નામ પર્યાય-અવસ્થા '**લક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ...**' લ્યો! એ પુદ્‌ગલના કર્મનું ફળ છે. આત્માનું ફળ એ નહિ. આત્મા તો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એના ફળમાં તો અતીન્દ્રિય આનંદ આવે. એ આત્માનું ફળ છે. આ તો પુદ્‌ગલના ફળ છે. સમજાણું? એ કર્તાનું કાર્ય. કર્તા કોણ? પુદ્‌ગલ. આ હરખ-શોક એ પુદ્‌ગલના કર્તાનું કાર્ય છે. આત્મા કર્તા અને એનું કાર્ય નથી. આહાહા..! બહુ જોર કર્મનું! એમ ક્યાં કહ્યું કર્મનું જોર? કહે છે કે જેને હરખ-શોક આદિ પરિણામ થયા છતાં જેનું અંતર્મુખનું પરિણમન છે એ પોતાના શુદ્ધ પરિણામનો કર્તા થાય પણ બાહ્યના પરિણામનો, પૂર્વ ફળનો કર્તા થતો નથી. ત્યાં આત્માનું જોર છે. આહાહા..! એમાં શું કરે છે એ વિશેષ વાત લેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૪, સોમવાર તા. ૧૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૮, પ્રવચન-૧૬૦**

આ કર્તાકર્મ અધિકાર. ગાથા-૭૮ ચાલે છે. ટીકા પહેલેથી. આ ગાથામાં શું છે? કે પુદ્‌ગલ કર્મના ફળને આત્મા-ધર્માત્મા જાણે છે. એ પણ પુદ્‌ગલ કર્મના ફળ સાથે જ્ઞાની ધર્માત્માને કર્તા-કર્મ સંબંધ નથી. સમજાણું કાંઈ? એ ૭૮મી ગાથા છે. પહેલી ગાથામાં એમ હતું કે આત્મા કર્મના પરિણામને જાણતો છતાં,.. કર્મના પરિણામ શબ્દે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના અને શરીરાદિ અવસ્થાની, જે કર્મની પર્યાય-પરિણામ છે એને જાણતો આત્મા, (તેને) પરની સાથે નામ રાગ-દ્વેષની સાથે કર્તા-કર્મ સંબંધ નથી. સમજાણું કાંઈ? આત્મા કર્તા અને વિકારી પરિણામ આત્માનું કાર્ય, એ આત્મદષ્ટિવંતમાં ધર્મદષ્ટિમાં હોતું નથી. સમજાણું કાંઈ?

બીજા બોલમાં-૭૭માં એ આવ્યું કે પહેલા કર્મને જાણે છે એમ કહ્યું. અહીં આત્મા પોતાના શુદ્ધ ધર્મરૂપી પરિણામ, રાગ અને પુણ્ય-પાપથી ભિન્ન પોતાના આત્માના શુદ્ધ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ આદિ વીતરાગી પરિણામને આત્મા જાણતો હોવા છતાં પરની સાથે કર્તાકર્મ નથી. સમજાણું કાંઈ? અહીંયાં પુદ્‌ગલ કર્મના ફળને ધર્મી જીવ, ધર્મ કરનાર એને કહે છે કે પોતાના શુદ્ધ સ્વભાવના ધર્મના ભાનમાં પુદ્‌ગલ કર્મના ફળ રાગ-દ્વેષ, હરખ-શોક કે સંયોગ દેહની અનુકુળ-પ્રતિકુળતા મળે છે એને જાણતો હોવા છતાં પરનું કાર્ય મારું અને હું કર્તા એમ છે નહિ. સમજાણું કાંઈ? જુઓ!

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્‌ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' શું કહ્યું? જે સમયે સુખ-દુઃખના સંયોગ મળો કે સુખ-દુઃખની કલ્પના હોય... સમજાણું કાંઈ? આ તો સુખ-દુઃખ કલ્પના છે, પણ સુખ-દુઃખના અનુકૂળ-પ્રતિકુળ સંયોગ હોય કે અહીંયાં કલ્પના સુખ-દુઃખની હોય, તે જ સમયે એ જ પુદ્‌ગલ કર્મનું ફળ પ્રાપ્યરૂપ એ જ છે. સમજાણું કાંઈ? એ પ્રાપ્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સમજાણું નહિ? શ્રીપાલજી! ઝીણી વાત છે થોડી. પહેલું વહેલું સાંભળો છો ને. સવારમાં આવ્યા.

અહીં કહે છે. ઝીણી વાત બહુ છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) એવું અંતરમાં દષ્ટિ અને જ્ઞાન થયું એવા ધર્મી જીવને અહીં જ્ઞાની કહેવામાં આવે છે. એ જ્ઞાની પોતાના શુદ્ધ પરિણામમાં પરિણમે છે. એ સમયે, એ સમયે જે પુદ્‌ગલ કર્મનું ફળ, હરખ-શોક પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે તો પણ ખરેખર તો એ અંશ પ્રાપ્ય (છે). એ અંશી કર્મ એને પ્રાપ્ત કરે એવું એનું નામ પ્રાપ્ય નામ ધ્રુવ એ જ પરિણામ મેળવનારની યોગ્યતા છે. એથી વિશેષ સૂક્ષ્મ થઈ ગયું. એક સમયની વાત છે અહીં તો. સમજાણું કાંઈ?

સુખ-દુઃખની કલ્પના એ ખરેખર કર્મનું પ્રાપ્ય છે. કર્મ-પુદ્‌ગલ કાર્ય પ્રાપ્ય નામ એ જ સમયના અંશમાં પુદ્‌ગલ જ તેને પહોંચી વળે છે, પુદ્‌ગલ જ એને ગ્રહણ કરે છે, આત્મા નહિ. સમજાણું કાંઈ? અને એ જ વિકાર્ય. પુદ્‌ગલ એ જ પૂર્વપર્યાયથી પલટીને એ જ સ્વરૂપરૂપે વિકારરૂપે પરિણમે છે. અને નિર્વર્ત્ય એ જ પુદ્‌ગલ પોતાની પર્યાયમાં સુખ-દુઃખની કલ્પનારૂપ કે સુખ-દુઃખના સંયોગરૂપ નિરોગ-સરોગ શરીરની અવસ્થા, તે સમયે તેમાં પુદ્‌ગલ ઊપજે છે. કહો, શેઠ! વૈદરાજજી! શું કહ્યું? નિરોગતામાં પુદ્‌ગલ પહોંચે છે એમ કહે છે. વૈદની દવા નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- એની પણ ક્યાં ના પાડે છે.

ઉત્તર :- કોઈની ના નહિ. ખોટી હોય તો હા અને સાચી હોય તો હા. પંડિતજી કહે છે ને. આહાહા..! અહીં તો એમ કહે છે કે આ શરીરમાં નિરોગતાની પર્યાય (થાય), એ પર્યાયમાં પુદ્‌ગલ જ તેને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? પુદ્‌ગલ જ નિરોગતાની પર્યાયને પ્રાપ્ત કરીને પહોંચી વળે છે. દવા નહિ, વૈદ નહિ. જીવની તો વાત જ નથી. આહાહા..! શેઠી!

મુમુક્ષુ :- દવા પણ પુદ્‌ગલ છે.

ઉત્તર :- એ પુદ્‌ગલ એની પર્યાયને પ્રાપ્ત કરે છે. દવાની ગોળી જે છે એની જે તે સમયની પર્યાય છે એને પરમાણુ પ્રાપ્ત કરે છે અને પલટીને એ જ વિકાર પરિણમે છે અને ઊપજે છે. એનો ખંડ એમાં ઊપજે છે, આ ખંડ બીજો છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો ધર્મી જીવ ધર્મરૂપ થયો,... ધર્મરૂપનો અર્થ? કે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર, એનાથી ભિન્ન, આસ્રવથી ભિન્ન અને અજીવથી ભિન્ન, કર્મ-શરીર અજીવ છે એનાથી આત્મા ભિન્ન અને પુણ્ય-પાપ આસ્રવ તત્ત્વ છે એનાથી ભિન્ન, એવા પોતાના સમ્યક્ સ્વરૂપની પ્રતીત, ભાન અનુભવ થયો, એવી દશામાં પુણ્ય-પાપના ભાવ અને સુખ-દુઃખની કલ્પના અને શરીરની અવસ્થા એ આત્માની પર્યાયમાં અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અભાવમાં સદ્‌ભાવ ક્યાંથી આવ્યો? એમ કહે છે.

ધર્મીની પર્યાયમાં સદ્‌ભાવ તો એનો છે. ધર્મી જીવની પર્યાયમાં સદ્‌ભાવ, સત્‌ભાવ, મોજૂદગી તો એની છે કે પોતાના શુદ્ધ આત્માની અનુભવની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય... સમજાણું કાંઈ? એ ધર્મીની પોતાની પર્યાયમાં મોજૂદગી-સદ્‌ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પોતાના શુદ્ધ પરિણામની છે. નેમિચંદજી! બહુ સૂક્ષ્મ. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિના પરિણામમાં મોજૂદગી, હયાતી, વિદ્યમાનતા પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીત અને અનુભવ થયો છે, રાગથી પૃથક્ અજીવથી પૃથક્ અને જીવના ભાવથી અપૃથક્, એવો જીવ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ સ્વભાવ, પોતાના પ્રભુને પોતાની પર્યાયથી પ્રાપ્ત કરી લીધો. પોતાની પર્યાયથી પ્રભુ પ્રાપ્ત કરી લીધો. તો એમાં પામરતા પુણ્ય-પાપ અને શરીરની અવસ્થા આવતી નથી. એ ભિન્ન રહી ગઈ. સમજાણું કાંઈ? વજુભાઈ! બહુ ઝીણું. આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા નિજ ચૈતન્યપ્રભુ પોતાને જ વર્તમાન પર્યાયમાં હું પ્રભુતા છું એવી અંતર દૃષ્ટિ થઈ. હું પામર નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ. એનાથી હું પૃથક્ છું. એવી અંતર ધર્મદૃષ્ટિ સમ્યગ્દર્શન થયું એનું નામ ધર્મ. તો ધર્મીની પર્યાયમાં મોજૂદગી શુદ્ધતાની છે. દ્રવ્ય શુદ્ધ છે, ગુણ શુદ્ધ છે અને એની વર્તમાન પર્યાયમાં મોજૂદગી શુદ્ધતાની છે. સમજાણું કાંઈ? અશુદ્ધતાની મોજૂદગી એની પર્યાયમાં નથી. એ અશુદ્ધતા એ પુદ્ગલની પર્યાયમાં નાખીને તેને જાણનારો આત્મા છે, એનો કર્તા અને ભોક્તા આત્મા નથી એવી વસ્તુના સદ્ભાવની મર્યાદા છે. આહાહા..! સમજાણું કાંઈ?

રાત્રે કહ્યું હતું કે નહિ? પાપને તો પાપ આખો સંસાર કહે છે. પણ પુણ્યને વિરલજન પાપ કહે છે. અહીં એ કહે છે કે ધર્મદૃષ્ટિ જ્યાં થઈ તો પુણ્ય અને પાપ બેયને પાપમાં નાખી દીધા. કેમ કે બેય પોતાના અમૃતસ્વરૂપથી વિરૂદ્ધ ઝેર છે. પોતાના સ્વરૂપમાં અમૃતની વિદ્યમાનતા છે, અતીન્દ્રિય આનંદની વિદ્યમાનતા છે. તો અતીન્દ્રિય આનંદની વિદ્યમાનતા દ્રવ્ય-ગુણમાં છે એવી પર્યાયમાં પ્રાપ્ત કરી. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી!

અતીન્દ્રિય ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, અતીન્દ્રિય શક્તિ સ્વરૂપ એને પર્યાયમાં વ્યક્તરૂપે પ્રાપ્ત કર્યો.. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિયનું જ્ઞાન, અતીન્દ્રિય આત્માની શ્રદ્ધા, અતીન્દ્રિય સ્વચ્છતા, પ્રકાશતા, પ્રત્યક્ષ વેદનતા... સમજાણું કાંઈ? એવી પર્યાયની ધર્મી જીવને વિદ્યમાનતા છે. એ પર્યાયમાં રાગ-દ્વેષની અને સુખ-દુઃખની કલ્પનાની પર્યાયમાં વિદ્યમાનતા નથી. એ વિદ્યમાનતા છે જડમાં. એમ અહીંયાં કહ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું સુખદુઃખાદિરૂપ પુદ્ગલ કર્મફળસ્વરૂપ...'** સુખ-દુઃખની કલ્પના, હરખ-શોકનો ભાવ અને નિરોગ સરોગની અવસ્થા એ અનુકૂળ-પ્રતિકુળ બાહ્યમાં સંયોગ,.. સમજાણું કાંઈ? સર્વને પુદ્ગલ કર્મ પોતે પ્રાપ્ત છે. એ જ સમયની અવસ્થા પુદ્ગલ ગ્રહણ કરે છે કર્મફળ. પુદ્ગલ એમાં પરિણમે છે અને પુદ્ગલ એને ઊપજાવે છે. સમજાણું કાંઈ? અરે..! રાડ નાખે માણસ. પહેલા એક તો જાણે કર્મકાંડમાં આવે, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. અહીં આ આવે-પરદ્રવ્ય. અહીં બીજી વાત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતાની દૃષ્ટિ દ્રવ્યદૃષ્ટિ થઈ, ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયકમૂર્તિ એવો સમ્યક્ અનુભવ થયો તો એમાં દ્રવ્યમાં અને ગુણમાં તો શુદ્ધતા જ છે. તો જેટલી શુદ્ધતા પ્રગટ થઈ એ પોતાની વિદ્યમાનતામાં છે. અશુદ્ધતા છે. એક જ પર્યાયના બે ભાગ. આ અશુદ્ધતાનો પ્રશ્ન ચાલ્યો હતો ને? ૪૭ શક્તિમાં કેટલીક અશુદ્ધતા કાઢી. નિકળી. ૪૯ જેટલી તો કાઢી છે બપોરે. તે દિ' એક ફેરી કાઢી હતી ને. ૪૯ જેટલી આજે આવી છે. ઘણી ભાઈ, પાર છે શાસ્ત્રનો? ૪૭માં આ જીવતરશક્તિ એ અશુદ્ધશક્તિ થાય છે ને પર્યાયમાં. પછી સ્વચ્છત્વ, પ્રકાશત્વ, સર્વજ્ઞ, સર્વદર્શી, અભાવ, અભાવભાવ એ બધી અશુદ્ધતામાં છે. પર્યાયદૃષ્ટિમાં છે ત્યાં સુધી. એ ૪૯ કાલે કાઢી છે. કહો, સમજાય છે કાંઈ? એવી તો ઘણી હશે આપણને કાંઈ... આગમમાં થોડી વાત હોય. સમજાણું કાંઈ? આગમમાં એટલે સામાન્ય ગુણ છ કહ્યા. મુદ્દાની વાત આવે. એટલી વાત કરવા જાય અનંત અનંત ગુણની તો કેવળી પણ એક સમયે એક ગુણ કહે તો અનંતો કાળ થાય તો પૂરું ન પડે એટલા એક દ્રવ્યના ગુણ છે. આગમ પણ બાર અંગમાં બહુ સ્થૂળ વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? બાર અંગમાં પણ સ્થુળ વાત છે. પંચાધ્યાયીમાં લીધું છે. પંચાધ્યાયીમાં પાઠ લીધો છે. બાર અંગમાં સ્થુળતા છે. સૂક્ષ્મતા તો અનંત રહી ગઈ છે. એ તો વસ્તુનું સ્વરૂપ કેવું! મહાન સ્વભાવ!

કહે છે કે ભગવાન આત્મા,... લ્યો! સામાન્યના છ ગુણ કહ્યા આગમમાં. બીજે ઠેકાણે એમ કહ્યું આત્મામાં સામાન્ય ગુણ અનંત છે. પરમાત્મ પ્રકાશમાં કહ્યું કે સામાન્ય ગુણ અનંત છે. ટીકામાં. આમ લીધું તો અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ. છ લીધા. કેટલું કહે. સમજાણું કાંઈ? વિશેષ (ગુણ કેટલા)? કે આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ વગેરે. પરમાત્મપ્રકાશ કહે, આત્મામાં વિશેષ અનંત ગુણ છે. સમજાણું કાંઈ? તો એવી એવી વાત શાસ્ત્રમાં પણ વાણી દ્વારા આવવા યોગ્ય હોય એટલી આવે. બાકી અનુભવગમ્યમાં અપાર વાત રહી જાય છે.

અહીં કહે છે કે જ્યાં ધર્મી જીવ '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' વ્યાપ્ય એટલે કર્મ, કર્મ નામ અવસ્થા, અવસ્થા નામ દશા. જે પ્રાપ્ય. ખુબી તો આ ચાર ગાથામાં લીધી છે ને. કે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહીને એ જ સમયે એ જ અંશ એ જ સમયના અંશને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? સુખ-દુઃખની કલ્પના. અહીં જ્ઞાન થાય છે કે નહિ પોતામાં? તો જ્ઞાન થાય છે એ જેવું છે એવું પોતામાં તે સંબંધી પોતામાં પોતાનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? તો એવા જ્ઞાનનું હોવું પણ પ્રાપ્ય પોતાથી છે અને રાગ વિકલ્પ સુખ-દુઃખની કલ્પના એ પુદ્ગલથી છે. ભિન્ન પાડી દીધું છે. અહીં તો ભેદજ્ઞાન કરવું છે ને? સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય અર્થાત્ અવસ્થાનો વર્તમાન અંશ જે ધ્રુવ નિશ્ચળ થવાનો છે એને પ્રાપ્ય કહે છે. એ પૂર્વથી પલટીને થયો તો વિકાર્ય કહે છે, વર્તમાનમાં ઊપજે છે એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહે છે. એવા વ્યાપ્ય લક્ષણવાળું, એવી વર્તમાન અવસ્થારૂપી વ્યાપ્યલક્ષણ જેનું છે એવા સુખદુઃખાદિરૂપ પુદ્દગલકર્મફળસ્વરૂપ. એવા લક્ષણવાળું છે, એ સુખદુઃખની કલ્પના થઈ કે સુખદુઃખનો સંયોગ થયો એ વર્તમાન પ્રાપ્ય, વિકાર્ય પુદ્દગલકર્મનું ફળ છે. એનું કર્તાનું કાર્ય છે. એ પુદ્દગલ કર્મનું કાર્ય છે. પુદ્દગલ કર્મ સ્વતંત્ર થઈને કરે છે અને એ વ્યાપ્ય એનું કામ ઈષ્ટ સ્વતંત્ર થઈને થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સ્વતંત્ર આવ્યું વળી.

આત્માએ કલ્પના કરી એથી સુખ-દુઃખની કલ્પના થઈ એમ નથી, એમ અહીંયાં તો કહે છે. આહાહા..! આત્મામાં સુખદુઃખની કલ્પનાનું સ્વરૂપ જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હરખશોકની કલ્પના, એની આદિમાં આત્મા છે તો થઈ એમ નથી. આત્મા તો શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના કર્મમાં આત્માની આદિ છે. આહાહા..! કહો, સમજાય છે કે નહિ? જેઠાભાઈ! આમાં ક્યાં દિલ્હીમાં ધંધા આડે ક્યાં સૂઝ પડે છે, લ્યો! પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લક્ષણવાળું. શું હશે આ તે જાણે પ્રાપ્ય? વ્યાપ્યલક્ષણવાળું. હવે એમાં લાખો રૂપિયામાં વ્યાપ્ય આવતું હશે ક્યાંય? શેઠી! એમાં પણ આવે. રૂપિયો જે આવે છે પૈસો અહીંયાં એનો જે પર્યાય તે સમયનો છે તે પ્રાપ્ય છે તેને પરમાણુ પ્રાપ્ત કરે છે. આ કહે કે મેં વિકલ્પ કર્યો અને રાગ કર્યો માટે મેં પૈસા પ્રાપ્ત કર્યા એ વાતમાં માલ જરીએ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- શેઠિયાઓ કામ કરે છે ને.

ઉત્તર :- ધૂળેય કરતો નથી શેઠિયો. શેઠ કોને કહેવો? એય..!

દ્રવ્ય છે કે નહિ એ? પૈસો એ પદાર્થ છે કે નહિ? તો પદાર્થ છે તો એમાં અનંત ગુણ છે કે નહિ? અનંત ગુણ છે તો પર્યાય વિનાનું દ્રવ્ય રહે છે? એ પર્યાયને પહોંચી વળનાર એ પરમાણુ છે. સમજાણું કાંઈ? અહીંયાં રાગ કર્યો તો પૈસો અહીં આવ્યો એમ ના પાડે છે. એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ નિશ્ચય નામ સત્ય. વ્યવહાર નામ નિમિત્તનું જ્ઞાન કરાવનારી વસ્તુ. અરે..! ભગવાન! ભારે વ્યવહાર અને નિશ્ચયના ગોટા રહ્યા ને. નિશ્ચય એટલે સત્, સત્ એટલે સત્ય. કહો, ચંદુભાઈ! શું હશે આ? આ રંગના જે પરમાણુ આવતા હશે એનું કાર્ય કોનું? એમ કહે છે લ્યો! આહાહા..!

ભાઈ! એક એક રજકણ, એક પોઈન્ટ એ જ સમયની જે અવસ્થા એનું નામ પ્રાપ્ય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને પરમાણુ ગ્રહે છે. એ જ સમયની અવસ્થા પૂર્વની પલ્ટીને થઈ માટે એને વિકાર્ય કહે છે. એ જ સમયની અવસ્થા ઊપજી, પહેલા નહોતી એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહે છે. પણ એ રજકણ પરમાણુ એ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણરૂપી કર્મને કર્તા થઈને પ્રાપ્ત કરે છે. કહો, વજુભાઈ! આ સંચા આખા હલવે. આ કહે, હલવતું નથી. ગાંડા છે આ? પાગલ છે? સોનગઢવાળા પાગલ છે. ઈસ્પિતાલમાં મોકલો. બાપુ! ભાઈ! રહેવા દે, ભાઈ! અરે.. પ્રભુ! એ મશ્કરી ન થાય. એ કહ્યું જુઓ. કોઈનું કાંઈ કરે નહિ. આ મોટા ડુંગરા તોડી નાખે, રેલું મોટી કાઢે રેલ રેલ. ઉપરથી ખોદીને કાઢીને અંદર? રેલ નીકળે ત્યાં કોઈ ઠેકાણે. ઘણે ઠેકાણે રસ્તામાં બહુ અમારે આવતી. રેલ નીકળે અંદરમાંથી. હવે આ સોનગઢવાળા કહે છે કે આત્માથી એ કાંઈ થાય નહિ. સોનગઢવાળા નહિ, ત્રણ લોકના નાથ કહે છે. તને ખબર નથી. એ સર્વજ્ઞ આગમવાણીમાં કુંદકુંદાચાર્ય આગમવાણીમાં એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞની વાણી આગમ અને સંતોની વાણી એ આગમ. એ સંતો આગમમાં, કેવળીઓ આગમમાં એમ કહે છે કે પ્રત્યેક દ્રવ્યની વર્તમાન પર્યાય પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યને એ દ્રવ્ય પ્રાપ્ત કરે છે, પરિણમે છે અને ઊપજે છે. આહાહા..! નેમિચંદજી! મશ્કરી કરે. પ્રભુ! એમ ન થાય. ભાઈ! તારી લુંટ પડે છે એમાં. તને નુકસાન થાય છે, ભાઈ! તને નુકસાનની ખબર નથી, ખબર નથી. એ નુકસાનનું ફળ કેટલું છે, ભાઈ! દયા ખાવા જેવી વાત છે. શું થાય? અરે..રે..! આવું સત્ય મહા સર્વજ્ઞથી પોકારેલું સત્ય. સમજાય છે? સત્ય જાહેર થયેલું સત્ય. પ્રસિદ્ધ-સિદ્ધ આવતું નથી સિદ્ધમાં? પ્રસિદ્ધ સિદ્ધ આવે છે. વિશુદ્ધ સિદ્ધ. સિદ્ધ તો પ્રસિદ્ધ છે ને. એમ પ્રત્યેક પદાર્થ પ્રસિદ્ધ છે ને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે... અહીંયાં તો આપણે સુખદુઃખની વાત છે. સુખદુઃખ એ ત્રણ પ્રકારની પર્યાય લીધી. કર્મનો ઉદય, અંદરની કલ્પના અને બાહ્યનો સંયોગ ત્રણે પુદ્ગલ કર્મનું ફળ છે. સમજાણું કાંઈ? અહીંયાં આત્માને ભિન્ન સ્વભાવનું ભાન બતાવ્યું ને? ભગવાન આત્મા તો પોતાના શુદ્ધ સ્વરૂપના જ્ઞાનમાં પડ્યો છે. હોય, રાગ હો, સુખદુઃખ હો. પોતાની પર્યાયમાં એના અત્યંત અભાવસ્વરૂપ છે. ઓહોહો..! એક સમયની પર્યાય પોતાની શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ થઈ તો એ સમયની શુદ્ધ પર્યાય પોતાની. અને એ જ પર્યાયમાં અશુદ્ધતા રહી ગઈ એ પુદ્ગલની પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એક સમયમાં તત્ત્વજ્ઞાનમાં એક જ ભાવ ગણવામાં આવે છે. એનાથી બીજો ભાવ પરમાં ગણવામાં આવે છે. આસ્રવતત્ત્વ છે ને? એક પર્યાયમાં અંતર્મુખ જેટલી શુદ્ધતા થઈ એટલી સંવર-નિર્જરા અને એ પર્યાયમાં જેટલી પરલક્ષથી ઉત્પન્ન થયા એનું નામ આસ્રવ અને બંધ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! એ વસ્તુ એવી છે. ભગવાને કહી છે માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આમ નહિ, પણ વસ્તુ જ એવી છે. પણ તને સાંભળવા નથી મળી એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય? આહાહા..!

કહે છે કે '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' જેની અવસ્થા એવી છે. એવા '**સુખદુઃખાદિરૂપ...**' આદિમાં હરખ-શોક, રતિ-અરતિ (લઈ લેવા). સમજ્યા? આહાહા..! છરી વાગે. જુઓ! છરી કહે છે ને? એ છરી વાગવી એ પુદ્‌ગલ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. એ કર્મનું ફળ છે. એને બીજો આત્મા કરી શકે એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો આદિ શબ્દ પડ્યો છે ને? સુખદુઃખ કલ્પના અને સુખદુઃખનો સંયોગ અને સુખદુઃખ ઉદયનો ભાવ-ઉદય, એ બધા '**પુદ્‌ગલકર્મફળસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય),...**' કર્તા પુદ્‌ગલ. '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય...**' જુઓ! એમાં પુદ્‌ગલદ્રવ્ય. શેમાં? શરીરની નિરોગ અવસ્થામાં, શરીરની સરોગ અવસ્થામાં, શરીરની અનુકૂળ-પ્રતિકુળ દવા અને ઝેરમાં, એ બધી પર્યાયમાં અને સુખદુઃખ કલ્પનાની પર્યાયમાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે...**' આત્માની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? બાપુ! આ તો સર્વજ્ઞનો માર્ગ છે, સર્વજ્ઞ પંથ છે. આ કાંઈ કોઈ સાધારણ કલ્પનાથી બનાવ્યો હોય એવો પંથ નથી. શું કહ્યું? ઓહોહો..!

ભગવાન આત્મા તો પરમાત્મા છે ને. એ તો પરમેશ્વરનું રૂપ જ આત્મા છે. પરમેશ્વર 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી અંતરમાં દૃષ્ટિ અને અનુભવ ને ભાન થયું તો કહે છે કે પોતાની વિદ્યમાનતામાં તો એ રાગ-દ્વેષ થયા એના જ્ઞાનની વિદ્યમાનતા પોતામાં છે અને સુખદુઃખની કલ્પના અને શરીરની નિરોગ-સરોગ અવસ્થા એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં વિદ્યમાન છે. પણ એ કલ્પના અને નિરોગ અવસ્થા અને સરોગ અવસ્થા તો પુદ્‌ગલ કર્મનું ફળ, પુદ્‌ગલ કર્તા અને એનું ફળ ને એનું કાર્ય છે. કહો, સમજાય છે આમાં કાંઈ? મગનભાઈ! માથુ ફરી જાય એવું છે આમાં તો. શું કહે છે આ?

ઘડીકમાં કહે છે કે આત્મા સ્વતંત્ર થઈને વિકાર કરે, વળી અહીં કહે, પુદ્‌ગલ સ્વતંત્ર થઈને સુખદુઃખની કલ્પના કરે. આ તે ક્યાંય મેળ (ખરો)? વિરોધ દેખાય છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? એક બાજુ કોઈ કહે કે કર્મથી વિકાર થાય છે. નહિ. રાગની પર્યાય મોજૂદગી પોતામાં છે, કાંઈ જડમાં છે? અને જડથી છે? વળી બીજી બાજુ કહે કે વિકારની મોજૂદગી પુદ્‌ગલમાં, પુદ્‌ગલનું કાર્ય છે, આત્મામાં નહિ. આહાહા..! બેયનો મેળ? પરથી ભિન્ન પોતામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મોજૂદગી છે તેને બતાવવા પરથી ભિન્ન કહ્યું. પણ એ તો અજીવથી અને પરજીવથી ભિન્ન બતાવ્યું. પણ પોતાના આસ્રવથી ભિન્ન બતાવવું એ બીજી ચીજ છે. સમજાણું કાંઈ? કેમ કે આસ્રવથી સ્વભાવ અનંતગુણ અધિક ભિન્ન પડ્યો છે. આસ્રવ તો એક સમયની કૃત્રિમ અવસ્થા. આ તો અનંત ગુણનો પિંડ અનંત આનંદકંદ પ્રભુ છે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવમાં આસ્રવનો નિશ્ચયથી અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? આવી સ્વભાવ દૃષ્ટિવંતમાં પ્રાપ્ય, વિકાર્ય લક્ષણરૂપ જે પર્યાય, એ પુદ્‌ગલ કર્મ કર્તા અને પુદ્‌ગલના ફળનું કાર્ય પુદ્‌ગલ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કહે કે મેં બરાબર ધ્યાન રાખ્યું માટે શરીરની નિરોગતા રહી. પથ્ય.. પથ્ય. આ ડોક્ટર બહુ સમજાવે આ. પથ્ય રાખો તો નિરોગતા રહેશે, અપથ્ય રાખશો તો (રોગ થાશે). ધૂળમાંય નહિ રહે, એમ કહે છે. એય..! શેઠી! ભાઈ! જ્યોતિષ જોઈને નિકળવું તો વિઘ્ન વિના રહે. શેઠી! એ તો વારાફરતી બધું આવે. અહીંયાં ટાઈમસર કોર્ટે જાવું હોય તો જોઈને જાવું. અહીંથી ડગલું ભરવું તો જોઈને જાવું. નહિતર વિઘ્ન આવે. અહીં કહે છે કે મૂઢ છો? શેઠી! ભારે ભગવાન તો કરે, હોં!

એ દ્રવ્યની પર્યાય જે પર્યાયમાં થવાનો એનો કાળ છે, શરીરમાં, વાણીમાં, સુખ-દુઃખની કલ્પનામાં તું ભિન્ન છો. જે કાળે (આવવાની) છે એ આવશે. તારા જ્યોતિષ જોવાથી નહિ આવે? એક હતા, ઓલા મુનાલાલજી હતા ને? પંડિતજી! તમારા ઈન્દોરમાં નહિ? પંડિતજી. ગુજરી ગયા બિચારા. એ અમારે ત્યાં આવ્યા હતા ૨૦૦૬ની સાલમાં. નહિતર નાથુલાલજી આવે છે દરવખતે. નાથુલાલ છે ને? .. પણ એ વખતે નાથુલાલના ઘરમાં .. તો એ આવી નહોતા શક્યા. સુવાવડ હતી ને. તો મુનાલાલજી આવ્યા. એટલા વહેમી, એટલા વહેમી. પાંચ-છ હજાર માણસમાં .. જુઓ! થોડું ફરી ગયું તો મારો દિકરો મરી ગયો હતો. જુઓ! આ વિધિમાં ફેરફાર થાય તો દિકરી મરી જાશે. મારી બીજી મરી જશે. એ તો થવાનું હોય તે થાય. મુનાલાલ હતા ને. અરે..! ભગવાન! એ તો એક વાત સાધારણ માટે શાસ્ત્રમાં આવે છે. આવે છે. એ ખબર નથી? પણ એ તો સાધારણ વાત એની વિધિમાં રાગાદિ બીજો ન થાય એ અપેક્ષાએ વાત છે. બાકી બહારની ક્રિયામાં આને કારણે ત્યાં ફેરફાર થાય છે? સમજાણું કાંઈ? ગજબ વાત છે. ભાઈ! જૈનદર્શનના સત્‌ના સત્ત્વ તત્ત્વો, એની વાસ્તવિક મોજૂદગી એને કારણે છે. વસ્તુ એવી છે. સમજાણું કાંઈ? કહે છે, એ શરીરમાં રોગ, વિઘ્ન (આવ્યું). કાંઈક અવિધિ થઈ માટે શરીરમાં રોગ થયો. જ્યોતિષમાં બરાબર જોયું નહિ. બરાબર કઈ મિનિટે નીકળવું એ નહોતું જોયું તો વિઘ્ન આવ્યું. સાચી વાત છે? એક મિંદડી નિકળે. બિલાડી. બિલાડી નીકળે તો અપશુકન થયા, પાછા ફરો. એક રાંડીરાંડ બાઈ નીકળે. રાંડીરાંડને શું કહે છે? વિધવા. સામે આવે લાલ કપડાવાળી. હવે એમાં તને શું છે? એય.. અપશુકન થયા. મૂઢ છે? આ તે કેટલી તારી મૂઢતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જરી વ્યવહારનું... એના કાળે શું છે... એ વ્યવહાર છે. કાળી .. આવ્યું એટલે નુક્સાન થઈ ગયું એમ છે? શેઠી! એ બધા વ્યવહારના વિકલ્પ આવે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ થવાનું હોય તો તેમ થાય. એ અમારાથી થાય છે એવી વાત છે નહિ. ઘણી વાત બાપુ! સત્યની વાત એવી સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

કહે છે, એવા શરીરની નિરોગતા અને સરોગતામાં અને કલ્પનામાં પુદ્‌ગલદ્રવ્ય સ્વયં. અહીં શબ્દ પડ્યો છે સ્વયં. આત્માની અપેક્ષા વિના, સુખ-દુઃખની કલ્પના સ્વયં કર્મથી થાય છે. કેમ કે અહીંયાં રાગથી ભિન્ન જ્યાં આત્માનો ભાસ થયો, અનુભવ થયો પછી આત્મામાં વિકાર છે જ નહિ. વિકાર છે નહિ તો વિકારને પહોંચી વળનાર દ્રવ્ય પહોંચી વળે (એમ નથી). દ્રવ્યમાં ક્યાં વિકાર છે તો પહોંચે? એટલી તાકાત ઉત્પન્ન થઈ કે જે સુખ-દુઃખની કલ્પના છે એને પોતામાં રહીને એનું અને પોતા સંબંધી જ્ઞાન કરવાની તાકાત ઉત્પન્ન થઈ. એને પોતામાં એકત્વ કરવાની તાકાત છૂટી ગઈ. આહાહા..! એ પુરુષાર્થ છે. અહીં કર્મના જોરની વાત નથી. કર્મથી થયું એમ નથી. આહાહા..! જે પુણ્ય-પાપના વિકલ્પ અને હરખ-શોકનો ભાવ હતો, એમાં જે એકત્વ કરીને મૂઢ થઈને પડ્યો હતો... સમજાણું કાંઈ? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' આચાર્ય કહે છે, એકત્વ અને વિભક્તની વાત ભગવાને કહી તેમ હું કહીશ. આહાહા..! '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं...**' પ્રમાણ કરજે, ના પાડીશ નહિ. આહાહા..! અનુભવપ્રમાણ એ કહેવાય. સમજ્યા વિના અંદર પ્રમાણ ક્યાંથી આવતું હતું? સમજાણું કાંઈ?

કહે છે કે '**તેનામાં...**' તેનામાં એટલે શું? પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય અવસ્થા હરખ-શોકની થઈ, દેહની નિરોગતા-સરોગતા થઈ, સંયોગ અનુકૂળ-પ્રતિકુળ બહારમાં થયા એમાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' એ પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને '**આદિ-**'માં. એ પુદ્‌ગલદ્રવ્ય એની સુખ-દુઃખની કલ્પના અને સંયોગો અને... સમજ્યા? કર્મનો ઉદય, એમાં પુદ્‌ગલ પોતે અંતર્વ્યાપક થઈને આદિમાં પુદ્‌ગલ છે. ભગવાન આત્મા એની પર્યાયમાં આદિ છે નહિ. શ્રીપાલજી! બહુ સૂક્ષ્મ વાત છે.

અરે..! જૈનદર્શન સર્વજ્ઞએ કહેલું, પરમેશ્વરે કહેલું. જૈન પરમેશ્વર. જેની એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી પર્યાય પ્રગટ થઈ છે. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર આમ ફરમાવે છે એમ મુનિ કહે છે. પ્રભુ! તું તો પ્રભુ છો ને. તું તો તારી દૃષ્ટિમાં પ્રભુ છો એવો નિશ્ચય કર. અને હું પામર રાગ નહિ, શરીર નહિ એવો અનુભવ કર. સમજાણું કાંઈ? હું રાગ નથી, હરખ-શોક નથી, શરીર નથી, કર્મ નથી એવો અનુભવ કર. એવા અનુભવની દૃષ્ટિમાં આત્મા હરખ-શોકને પ્રાપ્ત કરે એમ રહ્યું નહિ. એ હરખ-શોકના વિકલ્પનું જ્ઞાન, જ્ઞાતા થઈને શ્રદ્ધા-જ્ઞાન એનું કરીને પોતાની પર્યાયમાં એ સંબંધી વિદ્યમાન જ્ઞાન પ્રગટ કરે છે. પણ હરખ-શોકની કલ્પના પ્રગટવી એ આત્માની પર્યાયમાં ધર્મીને છે નહિ. કેમ કે એકત્વથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છૂટી ગયો. પરથી એકત્વ હતું એ છૂટી ગયું. પરથી વિભક્ત થઈ ગયો. આહાહા..! કહો, રાજારામજી! શું છે આ?

મુમુક્ષુ :- પરથી એકત્વ...

ઉત્તર :- છૂટી ગયું. રહી ગયા પૃથક્. પૃથક્નું રહ્યું જ્ઞાન. પૃથક્નું એકત્વ ન રહ્યું. આહાહા..!

એ કર્તાનું કાર્ય. કર્મ પુદ્ગલ, શરીર, નોકર્મ બધા પુદ્ગલમાં નાખી દીધા. કર્મ પુદ્ગલાદિ બધા. એ કર્તાનું કાર્ય છે. એમાં પુદ્ગલ દ્રવ્ય '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' અર્થાત્ આત્મા શુદ્ધ આત્મા એ સમયે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનરૂપ પરિણમેલો આત્મા નજીકમાં એક ક્ષેત્રમાં રહ્યો છે. સમજાણું કાંઈ? પણ એની અપેક્ષા રાખ્યા વિના '**પુદ્ગલ પોતે અંતર્વ્યાપક થઈને, આદિ...**'માં. આત્મા નબળાઈથી અસહનશીલતાની કલ્પના ઉત્પન્ન થઈ. જેમ સાતમી નરકમાં નારકી. સાતમી નરકમાં છે ને? રવરવ નરકમાં નારકી. સમ્યગ્દૃષ્ટિ છે ત્યાં. અથવા આ પહેલી નરકે શ્રેણીકરાજા લ્યો. ક્ષાયિક સમકિતી. પહેલી નરકમાં છે શ્રેણિકરાજા. સાંભળ્યું છે શેઠ? શ્રેણિકરાજા ક્યાં છે?

મુમુક્ષુ :- પહેલી નરકમાં.

ઉત્તર :- પહેલી નરકમાં. અહીંયા કહે છે, ત્યાં અંગારા અને બહુ ઠંડી પડે છે ને? ત્યાં તો ઉષ્ણતા છે. ઠંડી હેઠે. ગરમી બહુ છે, બહુ ગરમી. શરીરને ગરમી અડતી પણ નથી અને શરીરમાં વ્યાધિ છે એ આત્માને અડતી પણ નથી. અને એમાં જરી અસહનશીલતાનો વિકલ્પ થયો એને જ્ઞાન અડતું જ નથી. જ્ઞાન એનું જ્ઞાન કરે છે પણ જ્ઞાનમાં એકત્વ થતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- બીજા નારકીઓ મારે તો છે.

ઉત્તર :- મારતું-ફારતું કોઈ નથી. આહાહા..! આ તે વીતરાગની વાત, બાપા! લડતા-બડતા નથી. અહીં તો ના પાડે છે. દરેકની પર્યાય દરેકમાં થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાંઈ નથી. એમ તો મિથ્યાત્વમાં પણ નથી થતું. માનતો હતો. મિથ્યાત્વમાં માનતો હતો કે મને અડી, અગ્નિ અડે છે એ તો માનતો હતો. અગ્નિ-બગ્નિ આત્માને ત્રણ કાળમાં કદી અડી જ નથી. અડતું હતું શું? રાગ અને દ્વેષ. કેમ કે માન્યતા હતી કે હું એ છું. એટલા પુરતો અડતો હતો. માન્યતા છૂટી ગઈ કે હું એ નહિ, હું તો આનંદકંદ જ્ઞાનનંદ છું. એવા પોતાના જ્ઞાનસ્વરૂપમાં રાગને અડ્યો જ નથી. સુખ-દુઃખની કલ્પનાને આત્મા અડ્યો જ નથી. નેમિચંદજી! આહાહા..!

'**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' ભાષા તે કાંઈ ટીકા તે કાંઈ ટીકા! ઓહોહો..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુનિઓએ તો કામ કર્યા છે ને! ગણધર જેવા કામ કર્યા છે. આહાહા..! અમૃતચંદ્રાચાર્ય કોઈ પાક્યા. છઠ્ઠા ગુણસ્થાનમાં બિરાજમાન છે. લખવાનો વિકલ્પ ઉઠ્યો છે. તો કહે છે કે વિકલ્પનું કાર્ય તો જડનું છે, મારું નહિ, હોં! અને આ શાસ્ત્ર રચવાનું કાર્ય જડનું છે. મારું નહિ હોં! આહાહા..! આ અક્ષરની રચના થાય છે એનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય પર્યાયના લક્ષણવાળું પુદ્ગલ એ પુદ્ગલ પ્રાપ્ત કરે છે. મેં નથી કર્યું, હોં! આહાહા..! ત્યારે (કોઈ) કહે, એ તો નિર્ભય વાણી કરે છે. પણ કરી શકતો નથી. ... ભાઈ! કોણ કરે ભાઈ? જે વસ્તુ છે એ સત્ છે, તે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે. તો એના ઉત્પાદને કરનાર તો ધ્રુવ છે, દ્રવ્ય છે.

કહે છે કે વાણી નિકળી અને તાડપત્રમાં શબ્દો લખાય એને '**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' કરે છે. મેં કર્યું નથી. મેં પુસ્તક બનાવ્યું નથી. આહાહા..! લ્યો! એમ નિમિત્ત વિના થઈ જાય? ક્ષયોપશમજ્ઞાન એટલું હતું તો આવી વાણી નીકળે. એવું ક્ષયોપશમ સાધારણ ક્ષયોપશમમાં આવી વાણી નીકળે નહિ. ખોટી વાત છે. વાણી તો ક્ષયોપશમ થોડો હોય તો નિકળવાની હોય તો એની પર્યાયથી નિકળે છે. આહાહા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ?

'**પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ...**'માં. કહે છે કે સુખ-દુઃખની કલ્પનાની શરૂઆતમાં કર્મ છે. શરીરની નિરોગ અવસ્થાની આદિમાં એના પુદ્ગલ છે. બહારના સંયોગ મળવાની હાલતમાં એ પુદ્ગલ છે. સમજાણું કાંઈ? વળી કર્મ પુદ્ગલ એને લાવ્યા એમ નથી, હોં! એ સંયોગની અવસ્થાના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તો જે પદાર્થ છે ઈ એને પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? ઓલું આવે છે ને? વાંધા ઉઠાવે છે ને? જુઓ! બીજાનું જીવતર-મરણ તમે નથી કરી શકતા. એના કર્મથી થાય છે. જુઓ ત્યાં પરદ્રવ્યથી થયું કે નહિ જીવન-મરણ? જુઓ! લખ્યું. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. આહાહા..! એ તો તારા દ્રવ્યનું કાર્ય નથી, નોકર્મનું કાર્ય નથી એટલું બતાવવા માટે એના જીવન-મરણ સુખ-દુઃખની દશામાં એનું કર્મ નિમિત્ત છે, એનો તું નિમિત્ત નથી એ છોડાવવા વાત કરી છે. બાકી એની સુખદુઃખની કલ્પનામાં અનુકૂળ-પ્રતિકૂળ મળવામાં કર્મ અનુકૂળતા લાવ્યા છે અને એ કારણે જીવતર રહ્યું એમ છે નહિ. સમજાણું કાંઈ? ઘણા અર્થમાં ફેર. આમાં ક્યાં...

આ જીવતર-મરણ રહે છે ને? જીવની આયુષ્યસ્થિતિ અને દેહનું છૂટવું એ કર્મથી થાય છે એમ કહ્યું. તારાથી નથી થયું એમ કહ્યું. બીજા જીવ ... એને જીવાડી દઉં, એને મારી નાખું. ખોટું છે. તારાથી જીવે-મરે છે? એ તો એના કર્મથી જીવે-મરે છે. એમ કહ્યું એ પણ પરથી ભિન્ન બતાવવા માટે. પણ ત્યાંથી ભિન્ન બતાવવું હોય તો કર્મથી ત્યાં આત્મા જીવે છે, મરે છે એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિકલ્પ આદિ આવ્યો, દેહ છૂટી ગયો તો એ પુદ્ગલદ્રવ્યનું પ્રાપ્ય છે. આત્મા એને પ્રાપ્ત કરતો નથી. આત્મા એ સમયે જાણે છે કે આમ થયું, દેહ છૂટી ગયો, દેહ રહ્યો, રોગ થયો, સરોગ થયો, દેહ છૂટવાનો કાળ આવ્યો એવું જ્ઞાન પોતામાં કરે છે. પણ એનાથી જ્ઞાન કરે છે એમ પણ નથી. એ તો આત્મા જ્ઞાતા છે માટે જ્ઞાન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

હું મરી જાઉં છું, એમ સમકિતીને છે? ક્ષાયિક સમકિતી હો, સમકિતી હો. શ્રેણિક (રાજાએ) ઝેર પીધું. શું પીધું? પીધું જ નથી કહે છે. એ સમયે એ પર્યાયને પુદ્ગલે પ્રાપ્ત કરી છે અને જરીક શોક થયો એ પણ પુદ્ગલ (પ્રાપ્ત કરે) છે. એ તો શોક અને એ પર્યાયનું જ્ઞાન પોતામાં વિદ્યમાન (છે). કેમ કે પોતામાં જ્ઞાયક વિદ્યમાનતા છે. તો એનાથી જ્ઞાન સ્વપરપ્રકાશકની વિદ્યમાનતામાં ઈ છે. રાગની વિદ્યમાનતામાં એ આત્મા નથી. જ્ઞાનીની વ્યાયામશાળા જુદી જાતની છે. આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- વીતરાગનું જોર છે.

ઉત્તર :- વીતરાગનું જોર છે. એ વાત કહે છે. રાગનું જોર છે માટે ઉત્પન્ન થયો એમ નથી. એ રાગ સુખ-દુઃખની કલ્પનાનું અસ્તિત્વ છે તો એનું જ્ઞાન થયું એમ નથી. અને આત્મા છે, પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ છે અને એ પ્રકારનું જ્ઞાન થયું, એ પ્રકારનું જ્ઞાન થયું તો એની આદિમાં આત્માની પર્યાય છે અને હરખ-શોક થયો એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હરખ-શોકના પરિણામ છે તો આત્મામાં એનું જ્ઞાન થાય છે. તો એનું જ્ઞાન થયું એ સંબંધીનું એની આદિમાં આ જ્ઞાનપર્યાય છે? કે નહિ. જ્ઞાનની પર્યાયની આદિમાં આત્મા છે. એ હરખ-શોકના પરિણામ છે તો જ્ઞાન થયું એમ નથી. અને હરખ-શોકની આદિમાં જ્ઞાન થવાનું છે એ થાય છે તો પોતાથી સ્વલક્ષે. અહીં છે તો હરખ-શોક થયો? નહિ. હરખ-શોકની આદિમાં કર્મ છે, આત્મા નહિ. એય..! ચંદુભાઈ! ભારે આકરી વાતું, ભાઈ! કેટલાકને તો જિંદગીમાં પહેલી વાર કાને પડતી હશે. આ વળી કેવી વાત!

એ 'હરિનો માર્ગ છે શુરાનો.' બાપા! એ જ્ઞાનમૂર્તિ પ્રભુ એનું જ્યાં ભાન થયું તો કહે છે કે ભગવાન ભાનમાં પરિણમે? કે ભગવાન રાગમાં અને સુખ-દુઃખમાં પરિણમે? આહાહા..! સમજાણું કાંઈ? હજી તો બીજી લીટી ચાલે છે. પોણી કલાક થઈ. આ તો મહાન ચીજ છે. ભલે થોડો થોડો પણ એનો ખ્યાલ આવવો જોઈએ ને. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ... ઓહોહો..! કહે છે કે સુખદુઃખની કલ્પના અને શરીરની નિરોગતા-સરોગતા એને કર્મ પ્રાપ્ત કરે છે. એની આદિમાં કર્મ છે, પુદ્ગલ છે. એની આદિમાં એ સંબંધી જે જ્ઞાન થયું, એ જ સમયે હોં! એ જ સમયે. સમય બીજો નથી, પણ જ્ઞાન તો જ્ઞાતાના લક્ષે થયું છે. આદિમાં આત્મા

છે. એની આદિમાં હરખ-શોક નથી. હરખ-શોકની આદિમાં આ જ્ઞાન થયું માટે આદિમાં પર્યાય પણ નથી. સમજાણું કાંઈ? હરખ-શોકની અને દેહની નિરોગ-સરોગતાની અવસ્થાની શરૂઆતમાં-આદિમાં, મધ્યમાં, અંતમાં તો પુદ્‌ગલ છે. આત્મા ક્યાં છે? પ્રભુ આત્મા તો જ્ઞાતા-દૃષ્ટાના પરિણામની આદિમાં છે. સમજાણું કાંઈ? જ્ઞાતા-દૃષ્ટાના પરિણામની આદિમાં આત્મા અને હરખ-શોકના પરિણામની આદિમાં પર્યાય? એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આમાં કાંઈ? એય..! જેઠાભાઈ! જુઓ! એ પણ આમ ... પૂછશે તો શું થાશે. ત્યાં ઓલા લાખોના વેપારમાં ઝડપ-ઝડપ દે જવાબ આમ.

ભાઈ! આ તો સત્‌નું વસ્તુ સ્વરૂપ છે. તારે સત્ય જોવું છે, સત્ માનવું છે, સત્ આદરવું છે, સત્‌નું આચરણ કરવું છે? શું કરવું છે તારે? સમજાણું કાંઈ? ભગવાન! તારી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર, સ્વભાવ ઉપર શુદ્ધતાની વિદ્યમાનતા ઉપર હોવી જોઈએ. અને શુદ્ધતાની વિદ્યમાનતામાં શુદ્ધતાની પર્યાય જ એમાં વિદ્યમાન છે અને એ રાગાદિ હરખ-શોક થયો એ સંબંધી, તે જ સંબંધી એટલું જ એ પ્રકારનું પોતાના સ્વપરપ્રકાશમાં પરપ્રકાશનું એવું જ જ્ઞાન વિદ્યમાન ઉત્પન્ન થાય છે. પણ એ જ્ઞાન ઉત્પન્ન થયું એની આદિમાં આત્મા છે. એની આદિમાં એ રાગ અને સુખ દુઃખ આવા આવ્યા અને એ સંબંધી થયું તો એની આદિમાં સુખદુઃખ છે એમ નથી. અને સુખદુઃખ ઉત્પન્ન થયા એની આદિમાં આત્મા છે એમ પણ નથી. આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે નથી. સમજાણું કાંઈ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...**' એ પુદ્‌ગલ દ્રવ્ય. સુખ-દુઃખની કલ્પના, શરીરની નિરોગ આદિ અવસ્થા, પૈસા આવવા-જવા એમાં પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપીને '**તેને ગ્રહતું,...**' એ પર્યાયને પુદ્‌ગલ ગ્રહણ કરે છે. એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે. પ્રાપ્તને અહીં ગ્રહણ કરે છે એમ કહ્યું. '**એ-રૂપે પરિણમતું...**' વિકાર્યને. વિકાર્યને તે રૂપે પરિણમન પુદ્‌ગલ કરે છે '**અને તે-રૂપે ઊપજતું થકું,...**' હરખ-શોકભાવ હતા એ અજ્ઞાનભાવ છે. શું કહ્યું? અજ્ઞાનનો અર્થ શું? મિથ્યાત્વ એમ નહિ. એમાં જ્ઞાનના ચૈતન્યના કિરણનો અભાવ છે. સમજાણું કાંઈ? હરખ-શોકની કલ્પના અચેતન છે. કેમ કે એમાં ચૈતન્યના પ્રકાશનો અંશ નથી. ચૈતન્યના પ્રકાશનો અંશ નથી તો અચેતનમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય તો અચેતનનું છે. ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ એની આદિમાં, અંતમાં ક્યાંથી આવ્યો. સમજાણું કાંઈ? અને જેની આદિ-અંતમાં, હરખ-શોકમાં હું છું એમ માનનાર આત્મા અને વિકાર ભિન્ન છે એમ માનતો નથી. એ તો એકત્વબુદ્ધિમાં પડ્યો છે તો એને તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ?

'**તેને ગ્રહતું,...**' કોણ? અહીં પુદ્‌ગલ, હોં! બીજી લીટીમાં છે ને? '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય...**' તેનામાં નામ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં '**પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' તેને એટલે સુખદુઃખની કલ્પના, કર્મનો ઉદય અને બહાર સુખદુઃખનો સંયોગ અને નિરોગ-સરોગ અવસ્થા. તે બધાને પુદ્ગલ ગ્રહતો થકો, પુદ્ગલરૂપે પરિણમતો થકો અને તે રૂપે ઉત્પન્ન થયું. '**તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળને કરે છે;...**' કોણ? બીજી લીટીમાં કહ્યું એ. '**તેનામાં પુદ્ગલદ્રવ્ય...**' એમ કહ્યું ને બીજી લીટીમાં? પુદ્ગલદ્રવ્ય '**તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલદ્રવ્યકર્મફળને કરે છે;...**' જીવની પર્યાય નહિ, જીવ પણ નહિ અને ગુણ પણ નહિ અને પર્યાય પણ નહિ. સમજાણું કાંઈ? જીવદ્રવ્ય તો નહિ પણ પર્યાય પણ નહિ એમ કહે છે અહીં. આહાહા..! સમજાય છે કાંઈ? '**તે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળને;...**' પુદ્ગલદ્રવ્ય કરે છે. એ બીજી લીટીનો શબ્દ લઈ લેવો.

'**આમ...**' આ કારણે '**પુદ્ગલદ્રવ્ય વડે...**' જુઓ! '**પુદ્ગલદ્રવ્ય વડે...**' કહે છે ને કોઈ કારણ જોઈએ ને? કરણ જોઈએને? કે કરણ એ, તારો આત્મા કરણ નહિ. આત્માનું કરણ તો શુદ્ધની પર્યાય પ્રાપ્ત કરે એ આત્માનું કરણ છે. આહાહા..! આત્મામાં કરણ નામનો ગુણ છે. એ કરણ ગુણ, ગુણને ધરનાર દ્રવ્ય એની જ્યાં દૃષ્ટિ થઈ, તો એની શુદ્ધ પર્યાયની પ્રાપ્તિમાં કરણગુણ સાધન છે. રાગ-બાગ સાધન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું...**' કરવામાં આવતું. કર્મ બતાવવું છે ને? કર્મ. '**પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું...**' થનારું. '**સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને...**' એ સુખદુઃખાદિ કલ્પના, નિરોગ-સરોગતા, સંયોગ અનુકૂળ-પ્રતિકૂળ. એ '**કર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' લ્યો, અહીં આવ્યું હવે. જ્ઞાની તેને જાણતો હોવા છતાં, જાણતો હોવા છતાં પણ. આવો સંબંધ છે ને? હો, જ્ઞેયજ્ઞાયક સંબંધ હો. તે પણ ઉપચારથી છે. છતાં કર્તા-કર્મ સંબંધ નથી. સમજાણું કાંઈ?

અરે..! હિન્દુસ્તાનની આત્મવિદ્યા અને જૈનદર્શનનું આત્મજ્ઞાન એ તો જગતની મૂળ ચીજ છે, ભાઈ! આહાહા..! એની વિશેષતા છે આ. આ લોકની વિદ્યા, શાસ્ત્ર બીજા ભણેલા મોટા વ્યાકરણ ને દવાખાના ને ડોક્ટરના ને ઈંજેક્શનના ને આ ને આ. આ છોકરાઓ ભણે છે ને જુઓને કોલેજમાં. .. જેવું શરીર પાતળું હોય તો મોટા ઓલા ઉપાડવા પડે. ..કોલેજમાં શીખવું પડે એમાં. શીખવું પડે. ક્યાં ગયા નાગરભાઈ? શીખવું પડે એ કહે. .. આમ વાળે, આમ કરે. વળી દસ દિવસ બીજે જાવું પડશે. બંદુક. ત્યાં દસ દિવસનો...

કહે છે, '**પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતું જે સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની...**' એ પુદ્ગલ કર્મફળને કહ્યું ને? એટલો જ્ઞેય સંબંધ બતાવ્યો. પણ એ જ્ઞેય વ્યવહાર જ્ઞેય થયું, નિશ્ચય જ્ઞેય નહિ. આહાહા..! એ જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ ખરેખર તો ઉપચાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને વ્યવહાર છે. આહાહા..! એ '**પુદ્ગલકર્મફળ તેને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' સમજાણું કાંઈ? કેમ કે ધર્મીના લક્ષમાં વજન-જોર સ્વભાવ ઉપર છે. અને અજ્ઞાનીનું જોર રાગ અને સુખ-દુઃખની કલ્પના ઉપર છે. તો ખરેખર સુખદુઃખની કલ્પના અને રાગ-દ્વેષને પ્રાપ્ત કરે છે એવો અજ્ઞાની, એને અહીંયાં અણાત્મા કહ્યો છે. વ્યવહાર આત્મા રહ્યો, નિશ્ચયથી તો જડ છે.

ભગવાન આત્મા પોતાની ચૈતન્ય નિધિથી પોતાને જાણતો હોવા છતાં જેવું જ્ઞેય આવ્યું, સુખદુઃખની કલ્પના, સંયોગ એને એ પ્રકારથી પોતામાં જાણે છે. છતાં '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી પોતે ઘડામાં. દેખો! માટી પોતે ઘડામાં. કુંભારની આદિ-શરૂઆત વિના. કુંભારની શરૂઆત વિના, ઘડાની આદિમાં કુંભારની શરૂઆત નથી. ઘડાની આદિમાં માટી છે. સમજાણું કાંઈ? કુંભાર આવ્યો માટે ઘડો થયો એમ છે જ નહિ ત્રણ કાળમાં. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નયાભાસ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. અકિંચિત્કર નથી એમ આવે છે ને? અષ્ટ સહસ્રીમાં. એ તો નિમિત્ત છે, છે એનું જ્ઞાન કરાવ્યું. અહીં કર્તા છે તો નિમિત્ત કર્તાનો એમાં આરોપ કરવામાં આવે છે. આરોપ. એ અપેક્ષાએ અકિંચિત્કર નથી એમ કહેવામાં આવ્યું છે. પણ અહીંયાં કાર્ય કરે છે એને કારણે, એમ છે નહિ. વ્યવહાર શાસ્ત્ર બે પર્યાયના કારણ બે બતાવે. સમજાય છે? અહીં તો એક પર્યાયનું કારણ એક, બીજી પર્યાય રાગાદિનું કારણ આત્મા નહિ. અને એનું જ્ઞાન થયું એ પણ યથાર્થમાં એનું નથી. જ્ઞાન તો પોતાનું છે.

મુમુક્ષુ :- એક પર્યાયમાં બે ભાગ.

ઉત્તર :- બે ભાગમાં એક ભાગ જડનો, એક ભાગ ચૈતન્યનો. ભેદ છે ને. આહાહા..! જીવમાં ક્યાં વિકાર છે? જીવસ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં વિકાર ક્યાં છે તો વિકારને પ્રાપ્ત કરે જીવ? સમજાણું કાંઈ?

'**માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે...**' માટી ઘડાને ગ્રહે છે. એ જ સમયની પર્યાય ઘડાની. એ જ સમયની ઘડાની પર્યાય સત્ એને પ્રાપ્ત કરે છે, ગ્રહે છે. '**ઘડારૂપે પરિણમે છે...**' ઘડારૂપે માટી જ પરિણમે છે. માટી પરિણત (ઘડામાં) કુંભાર આદિમાં છે તો આમ થાય છે એમ નહિ. માટીમાં ઘડો આમ થયો તો આંગળી આમ આમ થઈ ઘડાની આકૃતિમાં તો અહીંયાં આમ આદિ થઈ તો અહીંયા (આકાર) થયો એમ નથી. એ વ્યંજનપર્યાય પરમાણુની, આકૃતિની પર્યાયમાં કુંભારની રૂપાંતર, ઘડાની રૂપાંતર પર્યાય અને આકૃતિની પર્યાય, એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આદિમાં માટી છે. સમજાણું કાંઈ? ભારે! રૂપાંતર થાય પણ કુંભારનો હાથ અડ્યા વિના આમ ગોળ થાય? અરે..! ભગવાન! સાંભળ તો ખરો, બાપુ! એ રજકણોમાં સ્વતંત્ર એ સમયની એ જ આકૃતિ પર્યાય પરિણમવાનું પ્રાપ્ય કાર્ય છે. આહાહા..! આ વીતરાગ માર્ગ સિવાય ત્રણ કાળ ત્રણ લોકમાં આવું સત્ય ક્યાંય બીજે હોઈ શકે નહિ. અનંતને અનંતપણે રાખવા છે ને? અનંત દ્રવ્ય છે કે નહિ? તો અનંતને અનંતપણે રાખીને સમજવું છે કે અનંતને ભેગા કરીને ગોટાળો કરીને સમજવું છે?

કહે છે કે '**ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે તેમ,...**' તેમ. એ વાત આવશે હવે. બાહ્યસ્થિતમાં જ્ઞાની જાણે પણ પરિણમતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૫, મંગળવાર તા. ૧૮-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૮-૭૯, પ્રવચન-૧૬૧**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૭૮-ગાથા. ક્યાં સુધી આવ્યું છે એ ખબર નહિ હોય. શબ્દ શું છે શબ્દ? નથી ખબર. જુઓ! ૭૮ ગાથા છે ને? '**તેમ, જ્ઞાની...**' ત્યાં સુધી આવ્યું છે. છેલ્લે જુઓ. '**તેમ, જ્ઞાની...**' ત્યાં આવ્યું છે. હવે એની પહેલા સમજાવે છે. નહિતર મેળ નહિ બેસેને. '**તેમ, જ્ઞાની...**' ત્યાંથી લેવાનું છે. પણ એ પહેલા એની સંધિ કરે છે. પહેલા દૃષ્ટાંત શું આપ્યું? માટી હોય ને માટી? એ માટી પોતાના ઘડાની પર્યાયને ગ્રહે છે. અર્થાત્ એ ઘડારૂપી પર્યાયને માટી પ્રાપ્ત કરે છે. તો એને ગ્રહણ કરે છે એમ કહેવામાં આવે છે. અને ઘડારૂપે માટી પરિણમે છે. ઘડારૂપે માટી પરિણમિત-તે અવસ્થારૂપ થાય છે. અને માટી એ ઘડારૂપે ઊપજે છે. પહેલું દૃષ્ટાંત બરાબર છે? એ દૃષ્ટાંત છે પહેલું.

મુમુક્ષુ :- કુંભાર હોય ત્યારે ને?

ઉત્તર :- કુંભારની વાત જ અહીંયાં જ નથી. ક્યાં ગયા રાજારામજી? નથી આવ્યા? ગયા લાગે છે. સમજાણું કાંઈ?

શું કહ્યું? પહેલા દૃષ્ટાંત સમજો. માટી છે એ પોતાની ઘડારૂપી પર્યાયને પ્રાપ્ત નામ ગ્રહણ કરે છે. કુંભારથી નહિ. એ કુંભારનું કાર્ય નથી. કેમ કે કુંભાર પરવસ્તુ સ્વતંત્ર દ્રવ્ય છે. તો કુંભાર પોતાના પરિણામને પ્રાપ્ત કરે, પણ કાંઈ માટીના પરિણામ-ઘડાને કુંભાર પ્રાપ્ત ન કરે. સમજાણું કાંઈ? અને માટી ઘડારૂપે પરિણમે છે. એ માટી ઘડાના રૂપરૂપે-સ્વરૂપરૂપે પરિણમે છે. અને ઘડાના રૂપમાં ઉત્પન્ન થાય છે. કહો, છે? ત્યાં સુધી તો બરાબર છે ને?

'**તેમ,...**' તેમ. માટી જેમ ઘડાને ગ્રહે છે, તે રૂપે પરિણમે છે, તે રૂપે ઊપજે છે. '**તેમ, જ્ઞાની...**' નામ ધર્મી. ધર્મી એને કહીએ... જ્ઞાની શબ્દ છે ને? ચોથા ગુણસ્થાનવાળા સમકિતી ગૃહસ્થાશ્રમમાં હોય, પંચમ ગુણસ્થાનવાળા ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય કે સાચા સંત-મુનિ હોય, અહીંયાં કહે છે કે એ જ્ઞાની છે. કેમ કે મુનિ હોય યથાર્થમાં... હોં! રાગ, પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર અને શરીર કર્મથી પોતાના આત્માને ભિન્ન જાણીને અનુભવ્યો છે (અને) અનુભવે છે. સમજાણું કાંઈ?

ધર્મી એને કહીએ અને જ્ઞાની એને કહીએ. ધર્મી કહો કે જ્ઞાની કહો એક જ વાત છે. કોઈ કહે કે જ્ઞાની તો બીજા કોઈ હશે, ધર્મી તો અમે છીએ. ધર્મી કહો કે જ્ઞાની કહો. તો ધર્મી એને કહીએ કે જે પોતાનું ચિદાનંદ શુદ્ધ આનંદસ્વરૂપ, એની અંતર દૃષ્ટિને કરીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંતરમાંથી શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન અને આનંદની પર્યાયની પ્રાપ્તિ કરી છે એનું નામ ધર્મ છે, એ ધર્મ કરનારને અહીંયા જ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાની-ધર્મી એ નથી કરતા શરીરનું કામ, નથી કરતા વાણીનું કામ, નથી કરતા દુકાનના ધંધાનું કામ. જ્ઞાનચંદજી! એ જ્ઞાની તો જંગલમાં ચાલ્યા જાય છે. એમ નથી? કોઈ કહે કે એ કરતા નથી, કરતા નથી. તો જંગલમાં ચાલ્યા જાય. કરતા નથીનો અર્થ શું? સાંભળ તો ખરો. આ શરીર, વાણી તો જડ માટી છે. અને દુકાનનો ધંધો એ તો પરપદાર્થની અવસ્થા છે. એને ધર્મી કરતો નથી. અજ્ઞાની પણ કરતો નથી. અજ્ઞાની માને છે કે હું કરું છું. કહો, વૈદરાજજી! એ ધોળા પડીકા દે છે, પુડિયા દે છે, અમે કરીએ છીએ, એ તો અજ્ઞાની માને છે. પડિકા-બડિકા કોણ વાળે અને કોણ કરે? એમ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જડ. જડની અવસ્થા જડ કરે. આત્મામાં ક્યાંથી એ કર્તા આવ્યું? એ પડિકા-બડિકા જડથી વળે છે એમ કહે છે અહીંયાં તો. ગોળી-બોળી જડથી થાય છે. એ પુદ્ગલ છે, પરમાણુ પદાર્થ છે. તો પદાર્થ પોતાના વર્તમાન પરિણામરૂપે પરિણમે છે. એને આત્મા પરિણમાવે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો કહે છે કે ધર્મી જેની દૃષ્ટિમાં પોતાથી પરદ્રવ્યને જુદો જ દેખે છે પણ ધર્મી પોતાથી શુભ-અશુભભાવ પણ ભિન્ન દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ? હમણાં યાદ કર્યા હતા. હવે આવ્યા. કીધું, ક્યાં ગયા રાજારામજી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વ્યાખ્યા કઈ જાતની? ધર્મી, પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ આત્મા, એનો શુદ્ધભાવ, પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાના શુદ્ધભાવનો કર્તા અને પોતાના શાંતિ, આનંદ, જ્ઞાતા પરિણામ એ એનું કાર્ય. ધર્મચંદજી! શું? ઇંજેક્શન-બીંજેક્શન બરાબર આમ નસ પકડીને (આપે). કોણ કરે? કહે છે.

અહીં તો પ્રભુ સર્વજ્ઞ કહે છે કે એ જગતની ચીજ છે, એ જગતની (ચીજમાં) પોતાના કારણે રૂપાંતર થઈને કાર્ય થાય છે. બીજો આત્મા કહે કે હું કરું છું, એ મિથ્યાદૃષ્ટિ અધર્મદૃષ્ટિનું સેવન કરે છે. સમજાણું કાંઈ? એ ઉપરાંત અહીંયાં તો શુભ અને અશુભ જે રાગ અજ્ઞાનમાં થતા હતા, એ તો તીવ્ર રાગ અને તીવ્ર મિથ્યાદૃષ્ટિ એ રાગ મારું કાર્ય અને હું કર્તા, એ તો તીવ્ર રાગમાં, તીવ્ર મિથ્યાત્વમાં માનતો હતો. પણ જ્યારે પુણ્ય-પાપના રાગથી મારું સ્વરૂપ ભિન્ન છે એવું ભાન થયું તો પછી રાગાદિની મંદતાનો ભાવ, મંદતાનો ભાવ ચાહે તો અશુભ હોય તોપણ મંદ રાગ છે. સમજાણું કાંઈ? ધર્મીને આખું ચૈતન્યસ્વરૂપ અકષાય સ્વભાવ, એની દૃષ્ટિ થઈ છે. દૃષ્ટિમાં આખો આત્મા ધારણ કર્યો છે. તો એ કારણે એને રાગાદિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે (તે) એને થાય છે એમ નથી. એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આખો શુદ્ધાત્મા ધારણ કર્યો છે. ચૈતન્યમૂર્તિ જ્ઞાયકજ્યોત હું છું એવી દૃષ્ટિ અને જ્ઞાનમાં ધારણ અંદર કર્યો છે. તો એના સ્વભાવમાંથી તો શુદ્ધતા, શાંતિ, આનંદ અને શ્રદ્ધા આદિના પરિણામ થાય છે. એ ધર્મીનું કર્મ એટલે કાર્ય (અને) એ કર્તા. હવે એને જે રાગાદિ જે મિથ્યાદૃષ્ટિપણામાં રાગ ઉત્પન્ન થતો હતો એ તો એકત્વબુદ્ધિનો તીવ્ર રાગ હતો. સમજાણું કાંઈ? હવે અહીં ત્રણ કષાયનો કે બે કષાયનો થોડો રાગ રહ્યો છે, એ રાગ છે, એ રાગ પોતાના સ્વરૂપમાં છે એમ નથી માનતો. પોતાના સ્વરૂપમાં તો શુદ્ધતા છે એવી દૃષ્ટિ થઈ એ કારણે જ્ઞાની, માટી ઘડારૂપે પરિણમે છે, એમ જ્ઞાની બાહ્યસ્થિત... છે?

**'પોતે બાહ્યસ્થિત...'** **'જ્ઞાની પોતે બાહ્યસ્થિત...'** બહાર રહેનારા. બહાર કોણ? દયા, દાન, ભક્તિ, વ્રતના જે ભાવ ધર્મીની દશાથી બહાર રહે છે. આહાહા..! બહુ ઝીણું છે, કામાણી! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં કલકત્તામાં. વીતરાગનો ધર્મ ઝીણો છે બહુ. અહીં તો કહે છે.. આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, એનું અંતરમાં ભાન થયું તો ધર્મ થયો. ભાન થયું તો ધર્મ થયો. આહાહા..! ભાન થયું તો શાંતિ થઈ, ભાન થયું તો વીતરાગી દશા પ્રગટ થઈ. તો ધર્મી જ્ઞાની, ગૃહસ્થાશ્રમમાં હોય, આઠ વર્ષની બાળકી હોય કે દેડકો હોય. દેડકો સમજો છો? મેંઢક. મેંઢક ધર્મી હોય છે. શું?

મુમુક્ષુ :- એને પણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ઉત્તર :- હા. દેડકો પણ આત્મા છે ને અંદર? તો આત્માને અંદર ભાન થાય છે કે હું શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ અને શુભ-અશુભરાગ થાય છે એ પણ હું નહિ. એ મલિન ભાવ છે. હું તો અંદર નિર્મળાનંદ પ્રભુ છું. એવા પ્રભુપણાની પ્રભુતા દેડકામાં પણ સમ્યગ્દર્શનમાં પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે જેમ માટી ઘડામાં ઘડાને, ઘડાની પર્યાયને, ઘડાના કાર્યને પ્રાપ્ત કરે છે માટી, કુંભાર નહિ. ઘડાના રૂપમાં રૂપાંતર થઈને ઘડામાં માટી પરિણમે છે અને માટી જ ઘડાની અવસ્થારૂપે ઊપજે છે. એમ **'જ્ઞાની પોતે...'** પોતાના સ્વભાવથી **'બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...'** શરીરની અવસ્થા, વાણીની અવસ્થા, ચાહે તો ચક્રવર્તી રાજા હોય. સમજ્યા? ૯૬ લાખ હાથી અને કેટલા કરોડ ઘોડા અને છન્નું હજાર સ્ત્રી. તો કહે છે કે ધર્મીની દૃષ્ટિ ત્યાં નથી. ધર્મીની દૃષ્ટિમાં આત્મા છે. તો આત્માની દૃષ્ટિ થઈ ત્યાં તો શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ પોતામાં થઈ. એ શાંતિથી બાહ્ય સ્ત્રી, કુટુંબ આદિ દરેક અને એ તરફના લક્ષે જરી રાગાદિ થયા, શુભ-અશુભભાવ, એ પણ આત્માની વર્તમાન શુદ્ધ દશાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાહ્ય છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાની...**' એ પ્રકારે માટીના દૃષ્ટાંતે '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં...**' શરીર, વાણીની ક્રિયા આમ થાય છે એ પરદ્રવ્યની અવસ્થા છે, આત્માની નહિ. અને આત્મામાં હરખ-શોક થાય છે, હરખ-શોક થાય છે (એ) આત્મામાં નહિ એમ કહે છે. આત્મા જ્યાં સુધી રાગ અને હરખ-શોકમાં એકત્વ માન્યતા હતી, ત્યાં સુધી અજ્ઞાનમાં રાગ-દ્વેષ મારામાં હતા અને હરખ-શોક મારામાં છે એમ મિથ્યાદૃષ્ટિ માનતો હતો. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? પણ જ્યારે ભગવાન આત્માના ભેટા દર્શનમાં થયા, સમ્યગ્દર્શનમાં-સમ્યગ્જ્ઞાનમાં આ આત્મા શુદ્ધ ચૈતન્યનો ભેટો-મેળાપ-સાક્ષાત્કાર થયો તો ધર્મીને પોતાની દશામાં શુદ્ધતા, પવિત્રતા, આનંદતા એનું કાર્ય છે અને એનો કર્તા ધર્મી છે. પણ પોતાના શુદ્ધ પરિણામથી બાહ્યસ્થિત દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિના ભાવ એ બાહ્યસ્થિત છે. બાહ્યસ્થિત પરદ્રવ્યના પરિણામ છે. પોતાના પરિણામ-પર્યાય નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! એય..! ન્યાલભાઈ! આવું બધું ક્યાં હશે?

કહે છે, વિકલ્પ ઉઠ્યો ત્યાગનો, રસ ન ખાવો એનો. લીલોતરી ન ખાવી. એવો જે વિકલ્પ ઉઠ્યો શુભરાગ, ધર્મી તો એમ માને છે કે એ શુભરાગ મારામાં છે જ નહિ. અરે..! ભારે વાત, ભાઈ! અહીં તો કહે, શુભરાગથી મને ધર્મ થાય છે. લ્યો, મેં શુભરાગ કર્યો કે નહિ? આટલી ક્રિયા કરીએ છીએ કે નહિ? એ ક્રિયાથી ધર્મ થાય કે નહિ? ધૂળમાંય નથી, સાંભળ તો ખરો હવે. સમજાણું કાંઈ? આ તો ક્રિયાકાંડને તો ઉડાડી દીધું પણ આત્માથી બાહ્ય છે. જે બાહ્ય ચીજ છે એ પોતાને લાભકર્તા કઈ રીતે થાય? ઓહોહો..!

'**એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,..**' એ શુભરાગ છે એમાં આત્મા, જેમ માટી ઘડામાં વ્યાપીને ઉત્પન્ન થાય છે, તેમ ધર્મી જીવ રાગમાં અંતર્વ્યાપક થઈને રાગની આદિમાં આત્મા નથી, '**મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' હરખ-શોકના પરિણામમાં આત્મા આદિમાં-શરૂઆત છે તો હરખ-શોક થયો એમ છે નહિ. કેમ કે આનંદ અને શાંતિની આદિમાં આત્મા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે આત્માના અવલંબને ઉત્પન્ન થયા, એવું સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્વિકલ્પ જે પરિણામ, એની આદિમાં આત્મા છે, એના મધ્ય અને અંતમાં આત્મા છે. પણ હરખ-શોકના ભાવ થયા એની આદિ-મધ્યમાં આત્મા નથી, એની આદિ-મધ્યમાં કર્મ પુદ્ગલ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, ચંદુભાઈ! આવો તે માર્ગ વીતરાગનો? પણ આ શરીર તો એનું ખરું કે નહિ? બાહ્યસ્થિત છે? જ્યાં આત્મા છે ત્યાં શરીર છે, લ્યો! રાગ થાય છે એ આત્મામાં થાય છે કે જડમાં થાય છે? એય..! નેમિદાસભાઈ! આત્મામાં થાય છે, લ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં કહે છે કે આત્મા જેને કહીએ એમાં થાતો નથી. એમ કહે છે. આહાહા..! એય..! સમજ્યા? આત્મા જેને કહીએ એ તો જ્ઞાન અને આનંદની મૂર્તિ તેને આત્મા કહીએ. પુણ્ય-પાપ, શુભાશુભભાવ આત્મા છે? એ તો આસ્રવતત્ત્વ છે. કહો, સમજાય છે કે નહિ? વિજયકુમારજી! આ તમારા લોજીકથી બીજી ચીજ છે અહીંયાં. એણે એમ.એસ. કર્યું છે. એમ.એસ.સી. અહીં કહે છે, એમ.એસ.સી. આ. આત્મા મહંત પ્રભુ છે ઈ એમ. અને એસ. આ. એવી વસ્તુ છે. અહીં પાસ થાય તો એમ.એસ.સી. થાય. નહિતર નાપાસ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, ભીખાભાઈ!

અહીં તો કહે છે કે ધર્મી જીવ ગણધર છે. ભગવાનની વાણી સાંભળે છે. સમજાણું કાંઈ? સાંભળે છે ચાર જ્ઞાનના (ધણી). તો કહે છે કે ધર્મી જીવ પોતાની પર્યાયમાં શુદ્ધતા અને શ્રદ્ધા-જ્ઞાનની શાંતિ એની પર્યાયમાં છે. એની પર્યાયમાં જે સાંભળવાનો વિકલ્પ ઉઠ્યો એ એની પર્યાયમાં નથી અને વાણી એની પર્યાયમાં નથી. આહાહા..! સમજાય છે? આ તો બીજી વાત છે. આહાહા..! આમ સમવસરણમાં ભગવાન બિરાજમાન (હોય). સમંતભદ્રાચાર્ય તો (કહે છે), એવી સ્તુતિનું.... પ્રભુ! મને તો સ્તુતિનું વ્યસન થયું છે. વ્યસન થયું છે. છતાં કહે છે કે વાણી અને વાણીની અંદર જે સ્તુતિનો વિકલ્પ રાગ છે એ તો પોતાના જ્ઞાનપર્યાયથી બાહ્ય છે. એને વ્યવહાર તરીકે જાણે છે પણ મારી દશામાં છે એમ માનતા નથી. આહાહા..! એ વાત લીધી છે ને. નિશ્ચયમાં લીન વ્યવહારથી મુક્ત છે. ગજબ વાત કરી છે ને. વસ્તુ જ એ છે. છે. પણ છે ઈ અહીં તો છે એ આત્મામાં નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? વ્યવહાર તો છે કે નહિ? જ્ઞાનીને વ્યવહાર છે કે નહિ? સાંભળ તો ખરો. વ્યવહાર છે એ જ્ઞાનીમાં નથી. બાહ્યસ્થિતમાં વ્યવહાર છે. સમજાણું કાંઈ? બધા રાડ નાખે અરર..! માંડ માંડ વ્યવહાર કરીએ, આવું કરીએ એને ઠેકાણે કહે કે જ્ઞાનીને વ્યવહાર છે જ નહિ. બસ, જ્ઞાનીને વ્યવહાર નથી? અહીં શું કહે છે? ધર્મી જીવમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહાર પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલમાં છે. આત્મામાં નથી. આહાહા..! રાડ નાખે ને. એય..! ચંદુભાઈ! પોકાર કરે કે અરર..! આવો માર્ગ વીતરાગનો! અરે..! સાંભળ તો ખરો.

ચૈતન્ય પ્રભુ બિરાજમાન છે. જ્ઞાનાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા સર્વજ્ઞ પરમેશ્વર થયા એ આત્મામાંથી થયા. એવો ભગવાન આત્મા જ્યાં એની દૃષ્ટિમાં આવ્યો, જ્ઞાનમાં જ્ઞેય થયો, સ્થિરતા તેમાં થઈ, એવા શુદ્ધ પરિણામ થયા તે આત્મામાં છે અને એ એનું વ્યાપ્ય નામ કર્મ છે, આત્મા તેનો કર્તા છે. સમજાણું? અને રાગાદિ વ્યવહાર એ આત્માની દશા પર્યાયથી બાહ્ય છે, હોં! દ્રવ્ય-ગુણથી તો બાહ્ય છે જ. ઓહોહો..!

અંતર્મુખના પરિણામ થયા એ આત્મા. બહિર્મુખના થયા એ આત્મામાં નથી. એટલી વાત છે. આહાહા..! બહિર્મુખ જે શુભ-અશુભભાવ થયા એમાં હું છું એ બહિરૂઆત્મા છે. સમજાણું કાંઈ? અને શુભાશુભભાવથી ભિન્ન હું અંતરાત્મા જ્ઞાનાનંદ છું એ અંતરાત્મા છે. એ સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા છે. તો અંતરાત્મામાં પુણ્ય-પાપના ભાવ બાહ્યસ્થિત છે. અંતરમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' અંદર ઘુસીને '**આદિ-મધ્ય-અંતમાં...**' એ હરખ-શોકના ભાવ, એની આદિમાં, મધ્યમાં, અંતમાં '**વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' ધર્મી એ હરખ-શોકના ભાવ, દયા-દાનના ભાવ અને ભક્તિમાં હરખ આવ્યો એ હરખને ગ્રહતો નથી. આહાહા..! જેમ માટી.. આવ્યું હતું ને? '**પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' એમ આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિમાં રહેનારો, રાગને, હરખને ગ્રહતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**તે-રૂપે પરિણમતો નથી...**' ભગવાન! પણ એક સમયની પર્યાયના બે ભાગ? એક શુદ્ધ પર્યાયરૂપ પરિણમે છે અને એનો એક અંશ અશુદ્ધમાં પરિણમતો નથી. ચંદુભાઈ! આહાહા..! અંતર્મુખ ભગવાન ચૈતન્યજ્યોત એ રૂપે જ્યાં પરિણમન-ભાન થયું તો એની જે પર્યાય નિર્મળ થઈ એ પોતાનું વ્યાપ્ય નામ કાર્ય છે. પણ જેટલી મલિન પર્યાય ઉત્પન્ન થઈ એ આત્માની પર્યાય જ નથી.

એક ફેરી કહેતો હતો ને? એક પર્યાયના બે ભાગ? એમ પૂછતા હતા. સુરેન્દ્રનાથજી, ઈસરીના. લ્યો, એક પર્યાયના બે ભાગ. એમ પ્રશ્ન આવ્યો હતો. (સંવત) ૨૦૧૩ની સાલ પહેલા આવ્યો હતો. ત્યાં ગયા તો પ્રશ્ન ઉઠ્યો. એક પર્યાયના બે ભાગ? તો દાંત કાઢે. એક પર્યાયના બે ભાગ તમે કહો છો. એક પર્યાયના બે ભાગ હોય કોઈ દિ'? એમ આવ્યું હતું. સમજ્યા? અમે તો ૧૩મી સાલમાં ગયા હતા ને. એ પહેલા પ્રશ્ન આવ્યો હતો પત્રમાં. એક પર્યાયના બે ભાગ કઈ રીતે થાય? એક સમયની એક પર્યાયમાં બે ભાગ કેમ થાય? કીધું, એક પ્રશ્ન આવ્યો હતો એક પર્યાયના બે ભાગ એ તમે? તો કહે, હા. અરે..! ભગવાન!

અહીં તો સ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપ તરફ વળવાથી જેટલી શુદ્ધ પર્યાય થઈ એટલો તો આત્મા. અને જેટલા પરલક્ષી વિકલ્પ હરખ-શોક, દયા-દાન, વ્રતાદિ ને હરખ-શોક થયા એ અણાત્મા અથવા એ પુદ્ગલના પરિણામ. એ પુદ્ગલ પરિણામને આત્મા, ધર્મી ગ્રહતો નથી. એ વ્યવહારને કર્મ નથી માનતા. વ્યવહારનું કાર્ય પોતાનું નથી માનતો. એય..! વજુભાઈ! જુદી વાતો. ક્યાં સંચાની વાતું અને ક્યાં આ! હોશિયાર હોય એ કામ કરે. કામ શું ધૂળમાં કામ કરે પરમાં? હોશિયાર હોય તો એની પર્યાયમાં રહી. પરમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કરે? અને હુશિયારી પરમાં કામ કરે? વિકલ્પ ઉઠાવે. ખરેખર આત્મા આત્મારૂપે થયો એનું કાર્ય નથી.

આત્મા રાગાદિ પુણ્ય-પાપ આદિ મારા છે એમ થયું, વિકારી ભેખરૂપે થયો તો એ ભેખ મારો અને હું એનો કર્તા, અજ્ઞાની એનું કર્તાકર્મ માને છે. પણ ભેખ જ નથી. પુણ્ય-પાપનો ભેખ મારો છે જ નહિ. મારો ભેખ તો શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ એ મારો વેશ અને ભેખ છે. આહાહા..! સાંભળ્યું નથી, સાંભળ્યું કોઈ દિ'. શું કરવાનું અને શું છે. .. થઈ જાય, લ્યો. આ તો જૂના માણસ છે. વૃદ્ધ-વૃદ્ધ. સમજાણું કાંઈ? વાંચન કર્યું છે. શબ્દો ઘણાં યાદ કર્યા. ભાઈ! પ્રભુ આત્મામાં શબ્દ પણ નથી અને શબ્દની યાદગીરી એ ભાવ પણ, પરની યાદગીરી એ પોતાનો ભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને સ્પર્શીને, શુદ્ધ સ્વરૂપને સ્પર્શીને જેટલા જ્ઞાન, આનંદ અને શાંતિ પ્રગટ થયા એને આત્મા કહેવામાં આવે છે. આહાહા..! ઓહો..! અને જેટલા એ બાહ્યસ્થિતનો વિકલ્પ ઉઠે છે... જ્ઞાનીને વ્યવહાર આવે છે કે નહિ? તો ઓલો કહે, તમે તો આમ કહો છો કે આવે છે, વ્યવહાર આવે છે, હોય. પણ કરે છે એમ કહો ને. આવે-ફાવે શું કહો છો? ભાઈ! કરે છે એમ કહે. તારે કરવું હોય તો લે ને વ્યવહારનયથી. પણ છે નહિ એની પર્યાયમાં. આહાહા..! એમ ચર્ચા ચાલી હતી ભાઈ અંદર. પત્રમાં આવી હતી. એ તો કહે કે વચ્ચે શુભ આવે, હોય છે પણ કરે છે એમ કહો ને. શાસ્ત્ર તો કરે છે એમ કહે છે, વ્યવહારનય શાસ્ત્રમાં ઘણે ઠેકાણે (કહે છે). શ્રાવક પંચમ ગુણસ્થાનવાળા ષટ્ કર્મ હમેશા કરે છે એમ આવે છે કે નહિ? દેવ પૂજા, ગુરુ સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ છ બોલ આવે છે કે નહિ? એ વ્યવહારનયનું કથન છે, અસદ્ભુતનયનું કથન છે. આહાહા..! યથાર્થમાં ધર્મી એ કરે એમ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

'**બાહ્યસ્થિત એવા પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,..**' રાગમાં આદિમાં નથી. આહાહા..! હરખ અને દુઃખની પર્યાય ઉત્પન્ન થઈ, દુઃખની પર્યાય હોં! એની આદિમાં આત્મા નથી. આનંદની પર્યાય ઉત્પન્ન થઈ એમાં આદિમાં આત્મા, આમાં (રાગમાં આદિમાં આત્મા) નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદસ્વરૂપ (છે). તો એની પર્યાય અનાકુળ આનંદરૂપ ઉત્પન્ન થઈ, શાંતિરૂપ ધર્મ અકષાય પરિણામ થયા. એ અકષાય પરિણામની શરૂઆત, મધ્ય અને અંતમાં આત્મા ખરો. પણ જે સકષાયભાવ થોડો બાકી રહ્યો એની આદિ-મધ્ય-અંતમાં આત્મા નથી. એની આદિ-મધ્ય-અંતમાં કર્મ પુદ્ગલ છે. આહાહા..!

'**તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી...**' શું છે આમાં કાંઈ? એ તો તમારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દલાલને કહું છું. આહાહા..! કહે છે કે પ્રભુ! તારી પ્રભુતામાં વિકાર ક્યાંથી આવ્યો? એ તો પર્યાયદષ્ટિવંત અંશદષ્ટિવંત, બાહ્યદષ્ટિવંત વિકારને જોનારો, વિકારના અસ્તિત્વને સ્વીકારનારો એને વિકાર ભાસે છે અને વિકારનો કર્તા અને વિકાર કાર્ય, એ અજ્ઞાનીને ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં દષ્ટિ ગુલાંટ ખાય છે, પલટી જાય છે કે વિકાર જેટલો હું નહિ, એ તો નહિ પણ હું અલ્પજ્ઞ પર્યાય જેટલો નહિ. શરીર, વાણીમાં તો નહિ, પુણ્ય-પાપમાં તો નહિ, વર્તમાન, અલ્પજ્ઞ અલ્પદર્શી પર્યાય જેટલો પણ હું નહિ. આહાહા..! હું તો પૂર્ણ શુદ્ધ આનંદ છું એવી દષ્ટિ થઈ, ત્યારે પોતાની પર્યાયમાં જે શુદ્ધતા પ્રગટ થઈ એ મારી પર્યાયમાં છે, પર્યાયમાં છે. એ મારું વ્યાપ્ય નામ કાર્ય છે અને હું કર્તા છું. એનાથી બાહ્યસ્થિત જેટલા વિકલ્પ ઊઠે છે.. ઓલા તો કહે છે કે પાંચ મહાવ્રત ચારિત્ર છે. અહીં તો કહે છે, પાંચ મહાવ્રત રાગ છે, બાહ્યસ્થિત છે. ઓલો કહે, પંચ મહાવ્રત ચારિત્ર છે, ચારિત્રથી કલ્યાણ થાય. ધૂળમાંય નથી, સાંભળ તો ખરા. એને ખબર નથી મહાવ્રત શું છે. એ તો વિકલ્પ-આસ્રવ છે. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ બે હજાર વર્ષ પહેલા થયા. એ શાસ્ત્રમાં આ કહે છે. એનું આ શાસ્ત્ર છે. આગમ આ છે. હૃદય આ છે. સમજાણું કાંઈ? આહાહા..! અને વસ્તુ એવી છે. સમજાણું કાંઈ? પણ એને ચૈતન્યની મહત્તા નથી આવતી. રાગ છે ને.. આહા..! મેં રાગ કર્યો. મેં પરથી અધિક કર્યો. જુઓ! મેં પુણ્ય કર્યું, મેં આમ કર્યું, એની મહત્તા વધારે ભાસે છે. મહત્તા પુણ્યની અધિક ભાસે એ આત્માને માનતો નથી. મહત્તા ત્યાં આપી છે એણે. દષ્ટિમાં જ્યાં ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદની પ્રતીત અને મહત્તા થઈ તો એ મહત્તામાં રાગાદિની મહત્તા નથી. એ તો પરમાં છે, એ બાહ્યસ્થિતને જાણે છે. સમજાણું કાંઈ? '**તેને ગ્રહતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી;...**' તે-રૂપે પરિણમતો નથી, હરખ-શોકને ગ્રહતો નથી, તે-રૂપે ઊપજતો નથી. એ રૂપે ઊપજે છે પુદ્ગલ. આહાહા..! વાત તે પણ વાત! સમજાણું કાંઈ?

'**માટે, જોકે જ્ઞાની સુખદુઃખાદિરૂપ પુદ્ગલકર્મના ફળને જાણે છે...**' પુદ્ગલકર્મના હરખ-શોકના ભાવને જાણે છે, છે. એ તો જગતમાં જગત જડ છે એમ એ છે એમ જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**જોકે જ્ઞાની...**' ધર્મી '**સુખદુઃખાદિરૂપ...**' હરખ-શોક આદિરૂપ શરીરાદિની અવસ્થા, કર્મ આદિનો ઉદય. એ બધા '**પુદ્ગલકર્મના ફળને જાણે છે...**' જાણે. '**તોપણ, પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ,...**' એ તો કર્મ પુદ્ગલના પરિણામ. મારી ચીજમાંથી આવ્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ નથી. મારામાંથી આવ્યું નથી એ પરમાંથી આવ્યું એમ માને છે. સમજાણું કાંઈ? પ્રાપ્ય નામ એ જ સમયમાં હરખનો, શોકનો ભાવ પ્રાપ્ય છે પુદ્‌ગલનું, વિકાર્ય છે પુદ્‌ગલનો, ઊપજ્યું છે પુદ્‌ગલ. એવા '**વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા...**' તેને નહિ કરતો. એ વ્યવહારને, હરખ-શોકનો આત્મા નહિ કરનારો '**એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કારણસહિત તો કહ્યું. રાગ કે હરખ થયો. એ હરખ છે તો અહીં જ્ઞાન થયું એમ નથી. અને જ્ઞાન થયું તો જ્ઞાન કર્તા અને હરખ કર્મ એમ પણ નથી. જ્ઞાન કર્તા. જાણ્યું કે નહિ? જાણ્યું કે નહિ? જાણ્યું તો શું છે? જાણવું તો કર્મ છે. કોનું? આત્માનું. આત્મા કર્તા છે. એ જ્ઞાન થયું એનો કર્તા હરખ એમ નથી અને હરખ કાર્ય અને જ્ઞાનપર્યાય કર્તા એમ પણ નથી. ભારે ઝીણું. ચૈતન્યગોળો (છે). તો ચૈતન્યરૂપે પરિણમન થયું જ્ઞાનરૂપે. જ્ઞાનમાં એ પ્રકારનું જ્ઞાન થયું. તો એ પ્રકારનું જ્ઞાન થયું તો નિમિત્ત-નૈમિત્તિક જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તો કર્તાકર્મ થઈ ગયું? નહિ. સમજાણું કાંઈ? લોકો કહે, વ્યવહાર છે, વ્યવહાર.

અહીં તો હજી જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ પણ વ્યવહાર છે. સમજાણું કાંઈ? હરખ-શોકને જાણવું એ જ્ઞેય અને આ જ્ઞાન, એ સંબંધ પણ ઉપચાર છે. તો હરખ-શોક, દયા-દાનનું કાર્ય, આત્મા કર્તા એ તો ઉપચાર પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તા-કર્મ નિશ્ચયથી નથી અને વ્યવહારથી પણ નથી. વ્યવહારથી જ્ઞેયજ્ઞાયક સંબંધ જણાયો એટલો સંબંધ છે. લ્યો! ભાઈ! વ્યવહાર સંબંધ આવ્યો, ભાઈ! વ્યવહારથી કર્તાકર્મ પણ નથી. વ્યવહારથી જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે. એ થયું એટલું જાણ્યું. જાણ્યું કે આ છે. બસ. એટલો સંબંધ ઉપચારથી છે. કર્તાકર્મ સંબંધ તો ઉપચારથી પણ નથી. આહાહા..! આ તો પોતાના પરિણામને આત્મા જાણે છે અને પોતાના પરિણામ કાર્ય અને આત્મા કર્તા એ પણ વ્યવહાર ઉપચાર થયો. એકમાં બે ભેદ પડી ગયા. આ ભેદ તો ક્યાંય રહી ગયો. સમજાણું કાંઈ? ઈ આવ્યું છે ને? એમાં આવ્યું છે. કળશટીકામાં લીધું છે. કળશટીકામાં. પરની સાથે કર્તાકર્મ તો છે જ નહિ, પણ પોતામાં કર્તાકર્મ શુદ્ધમાં, હોં! શુદ્ધ આત્મા કર્તા અને કર્મ એ બે થઈ ગયા, એ પણ વ્યવહાર થયો. આહાહા..! ભારે વાત, ભાઈ! ક્યાં ખેંચીને લઈ જાય છે. લ્યો! ૭૮ ગાથા પૂરી થઈ. એક રહી છે.

'**ભાવાર્થ :- ૭૬મી ગાથામાં કહ્યું હતું...**' શું કહ્યું હતું ૭૬માં? કે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો એ રાગ-દ્વેષ, દયા-દાનનો કર્તા અને આત્મા કર્મ અથવા એ કર્મ અને આત્મા કર્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ છે નહિ. ફક્ત રાગ-દ્વેષને આત્મા જાણે છે. એ ૭૬માં કહ્યું હતું. '**તે અનુસાર અહીં પણ જાણવું. ત્યાં પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની...**' સમજાણું કાંઈ? ૭૬માં. '**પુદ્‌ગલકર્મને જાણતો જ્ઞાની...**' ત્યાં એમ કહ્યું હતું. ૭૭માં પોતાને જાણતો જ્ઞાની એમ કહ્યું હતું. અહીં '**તેને બદલે અહીં પુદ્‌ગલકર્મના ફળને જાણતો જ્ઞાની...**' બસ, એટલો ફેર છે. શું કહ્યું? ૭૬ ગાથામાં... ૭૭ની વાત અહીં નથી કરી. અહીં પુદ્‌ગલ સાથે વાત કરી ને? કે ૭૬ ગાથામાં એમ કહ્યું હતું કે ધર્મી જીવ પોતાનો સ્વભાવ શુદ્ધરૂપે પરિણમ્યો. તો એને રાગાદિના કર્તા-કર્મ એને છે નહિ. રાગ કર્મ અને આત્મા કર્તા એમ છે નહિ.

'**અહીં પુદ્‌ગલકર્મના ફળને...**' પુદ્‌ગલકર્મફળ કર્મ અને આત્મા કર્તા એમ છે નહિ. ૭૮મી ગાથા બીજી ચીજ છે. સમજાણું કાંઈ? ૭૭મી. પોતાના પરિણામને જાણતો થકો પરની સાથે કર્તા કર્મ નથી. એટલે એ વાતને કહી અહીં તો ૭૬ની સાથે મેળવ્યું. ૭૬માં પુદ્‌ગલકર્મનું કર્મ છે એ કરતો નથી. એમ અહીં પુદ્‌ગલકર્મના ફળને કરતો નથી. એમ સિદ્ધ કર્યું.

'**હવે પૂછે છે...**' ચોથો. '**જીવના પરિણામને,...**' હવે આવી જરી ઝીણી વાત ઓલાથી પણ. '**જીવના પરિણામને,...**' અર્થાત્ આત્માનું શુદ્ધ વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિના પરિણામને. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ, એની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ વીતરાગ પર્યાય પ્રગટ થઈ. તેને અહીંયાં જીવના પરિણામ કહેવામાં આવ્યા છે. '**પોતાના પરિણામને...**' કર્મનો ઉદય આદિ જે રાગાદિ એ પોતાના પરિણામ '**અને પોતાના પરિણામના ફળને...**' હરખ-શોક આદિ થયા એ. સંયોગ મળ્યા આદિ.

એ ત્રણેને '**નહિ જાણતા એવા...**' કોણ? પુદ્‌ગલ. ત્રણેને જાણતું નથી. તો જાણતું નથી એની સાથે કાંઈ સંબંધ છે કે નહિ? પહેલા તો જીવનું લીધું. આત્મા જ્ઞાનસ્વરૂપી (છે એમ) ભાન થયું તો રાગ-દ્વેષ-દયા કર્મ અને આત્મા કર્તા એમ છે નહિ. પછી લીધું કે આત્મા પોતાના પરિણામને જાણવા છતાં પરની સાથે કર્તાકર્મ સંબંધ નથી. પછી એ લીધું કે કર્મફળને જાણતો થકો પરની સાથે કર્તાકર્મ નથી. એ તો જીવના ત્રણ બોલ લીધા. તો આ પુદ્‌ગલ જડ છે, રાગને ભાન નથી તો રાગાદિ કર્તા અને આત્મામાં કોઈ જ્ઞાનાદિ કાર્ય થાય એવો તો સંબંધ છે કે નહિ? આહાહા..! સમજાણું કાંઈ? આ કર્મ નાશ થાય તો એટલો કર્તા અને આત્મામાં ક્ષાયિક આદિ પર્યાય પ્રગટ થાય એ કર્મ, એવો સંબંધ છે કે નહિ? શું જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ વિના સમ્યગ્જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે?

મુમુક્ષુ :- વિના થાય છે.

ઉત્તર :- વિના થાય છે. એય..! ચંદુલાલજી! આહાહા..! ભારે વાત.

અહીં કહે છે. એ નાખવું છે, હોં, કહેવું છે. જીવના પરિણામને પુદ્‌ગલ કર્મનો ઉદય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને ક્ષયોપશમ આદિ થાય એ જીવના પરિણામને નથી જાણતા. એ પુદ્‌ગલ પરિણામ પોતાના પરિણામને નથી જાણતો અને પુદ્‌ગલ એનું ફળ હરખ-શોકને પણ નથી જાણતું. એ ત્રણેને નહિ જાણનાર કર્મને આત્માની સાથે કર્તાકર્મ છે કે નહિ? સમજાણું કાંઈ? '**તેનો ઉત્તર કહે છે :-**' ૭૯.

**ण वि परिणमदि ण गिह्लदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं।।७९।।**
**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

એ આત્માનું કહ્યું ને એટલે પણ કહ્યું. '**पोग्गलदव्वं पि**' છે ને ત્રીજા પદમાં.

ઓલામાં પરદ્રવ્ય પરની હતી. આ જડની અપેક્ષાએ આત્માના વિકારી પરિણામ પરપરિણામ છે. પરદ્રવ્યના પરિણામ છે. સમજાણું કાંઈ? આત્માના શુદ્ધ શ્રદ્ધા જ્ઞાનના પરિણામની અપેક્ષાએ રાગાદિ હરખ-શોક પુદ્‌ગલના પરિણામ, પરદ્રવ્ય પરિણામ હતા. એને ગ્રહતો નથી, પરિણમતો નથી અને ઊપજતો નથી. હવે અહીંયાં આત્મામાં આત્માના જે વીતરાગી શ્રદ્ધા-જ્ઞાનાદિ ધર્મ પરિણામ થયા એ પુદ્‌ગલની અપેક્ષાએ, રાગની અપેક્ષાએ, હરખ-શોકની અપેક્ષાએ એ પરદ્રવ્ય પરિણામ થયા. ભાઈ! શું કહ્યું? એ વ્યવહારરત્નત્રયના પરિણામની અપેક્ષાએ નિશ્ચયરત્નત્રયના પરિણામ પરદ્રવ્ય પરિણામ થયા. આહાહા..! સમજાણું કાંઈ? હવે એક રહી છે આ, એમ કહે છે. નાખવું હોય એટલું નાખો. સમજાણું આમાં? જુઓ!

'**ટીકા :- જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...**' જુઓ! કુંભાર નહિ. '**પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...**' ઘડો. આહાહા..! ઓલા દાખલામાં આવ્યું હતું. ભાઈ! સારો ઘડો કરવો હોય તો સારા કુંભારને બોલાવવો પડે. પ્રશ્ન મૂક્યો હતો એમાં. હોંશિયાર કુંભારને કેમ બોલાવવો પડે? દિવાળીનો ઘડો કરવાનો છે. દિવાળી સમજ્યા? ઘડો હોય છે કે નહિ? કાણાવાળા અને રંગ-રંગ. કરોડપતિ ખુશી થઈ જાય. સમજાણું કાંઈ? મુંબઈ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઘણાં મોટા છે. કપડા પણ કેવા! પણ સારા કારીગર હોય એની પાસે કપડું સારું કરવા જાય છે કે નહિ? હોશિયાર પાસે કપડું કરાવવા જાય કે બડથોલ પાસે જાય? સમજાણું કાંઈ? જામનગર ભાઈ જામનગર. દિવાળીમાં. ઘડાને ... ચોમાસું હતું જ્યારે જામનગરનું. પેલી કોર દિશાએ જતા હતા ત્યાં ઘડા રંગેલા પડ્યા હતા. જામનગરમાં. ઓલી કોર જતા હતા. મોટા ઘડાને કુંભાર રંગ કરીને મૂકે તો લોકો લઈ જાય. અને આ નોરતામાં તો લઈ જાય છે ને ગરબા? ગરબા સમજો છો ને? આટલો ઘડામાં કાણા હોય. એમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘીનો દીવો રાખે. ગરબો કહે છે. નવ દિ' રાખે. પછી આપી દે. એ ગરબા-બરબા સારા બનાવવા હોય, કાણા પાડીને સરસ બનાવે તો કુંભાર સારો જોઈએ કે નહિ? કે સારા કારીગર વિના વસ્ત્ર બની જાય છે? આમ કોટ બનાવવો હોય, આમ.. આમ.. કહો, કપડાનો કોટ હોય કે નહિ કોટ? તો કોટનું પાતળું અહીં રહી જાય, જાડું અહીં રહી જાય, અહીં ખાલી રહે. એવી આવડત જેને હોય એ બનાવી શકે કે મૂઢ બનાવી શકે? કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- કોણ બનાવે છે? સાહેબ!

ઉત્તર :- એ કપડાનું વણતર કપડાથી થાય છે. કારીગરથી નહિ. એમ કહે છે અહીંયાં.

મુમુક્ષુ :- આ તો .. થી વિરૂદ્ધ થયું.

ઉત્તર :- શું વિરૂદ્ધ આવ્યું? એની પરિણતિ એમાં થાય છે એમ દેખાય છે અને આ પરિણતિ પોતામાં કરે છે એમ દેખાય છે. ભિન્ન ભિન્ન. દ્રવ્ય અનંત છે તો અનંતપણે જોવાથી દ્રવ્ય અનંત છે તો અનંતપણે જોવાથી, એની પરિણતિ એનામાં, એની પરિણતિ એનામાં. અજીવ પરમાણુ અનંત છે કે નહિ? તો જેને અનંત અજીવની શ્રદ્ધા થઈ કે અનંત અજીવ છે તો પ્રત્યક્ષ જોવામાં શું આવ્યું? અનંત રહીને અનંત પરિણમન કરે છે. તો પૃથક્ દેખાય છે કે એ પોતાથી પરિણમન કરે છે અને આ પોતાથી પરિણમે છે. હાથ હાથની પર્યાયથી પરિણમે છે, ઘડો ઘડાની પર્યાયથી પરિણમે છે. નહિતર અનંતપણું કેવી રીતે રહે? શ્રદ્ધામાં, જ્ઞાનમાં અનંત જીવ-અજીવ છે એમ આવ્યું છે કે નહિ? તો પ્રત્યક્ષ જ્ઞાનમાં કઈ રીતે આવે છે? કે જેમ અનંત પૃથક્-પૃથક્ છે તો પૃથક્-પૃથક્ કાર્ય કરે છે તો અજીવ અનંત ખ્યાલમાં આવ્યા. એકબીજાનું કાર્ય તો અનંત રહ્યું ક્યાં? દષ્ટ ઈષ્ટ એમ કહે છે ને? દેખાય શું પણ તને? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**જેમ માટી...**' પરમાણુ છે કે નહિ એ પિંડ? સ્વયં-સ્વયં '**પોતે અંતર્વ્યાપક થઈને,...**' ઘડાની પર્યાયમાં અંતર્વ્યાપક અંતઃવ્યાપક પેસીને માટી '**આદિ-મધ્ય-અંતમાં...**' એ ઘડાની આદિ-મધ્ય-અંતમાં માટી છે. આદિ-મધ્ય-અંતમાં કુંભારનો હાથ ને કંઈ નથી. '**વ્યાપીને ઘડાને ગ્રહે છે,...**' એ માટી ઘડાને ગ્રહણ કરે છે. '**ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે...**' ઘડાના રૂપપણે ઊપજે છે. સમજાણું કાંઈ?

.. આ દષ્ટાંત. લાંબુ છે ને. પણ લાબું તો હું તો રૂપ જોતો હતો, રૂપ. એ તો સામાન્ય શબ્દ પડ્યો છે. '**मृतिकाकलश**' બસ એટલું છે. '**मृतिकाकलशमिवादिमध्यान्तेषु**'. એમાંથી જે કાઢવું હોય એ કાઢે ને. સમજાણું કાંઈ? માટી પોતાથી ઘડાની પર્યાયસ્વરૂપ માટી '**અંતર્વ્યાપક થઈને,...**' એ જ સમયે ઘડો બને. એ જ સમયનું પ્રાપ્ય. ઘડો થવાની એની પર્યાય છે. ઓલા કહે કે અનેક યોગ્યતા છે. જેવું નિમિત્ત મળે એવું કાર્ય થાય. લ્યો! આજે જ વાંચવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યું છે આમાં. યોગ્યતા તો અનેક છે. જેવું નિમિત્ત મળે એમ ઉત્પન્ન થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. પર્યાયમાં યોગ્યતા અનંત છે. પર્યાયમાં તો એક સમયની જે પર્યાય થવાની એટલી જ યોગ્યતા છે. આહાહા..! અરે..! બહુ પણ ગડબડ. લોકો બિચારા મુંઝાય, હોં! મુંઝાય. આ આમ કહે, આ આમ કહે. અમારે માનવું કોનું? અને રૂઢિગતનું સાંભળેલું હોય. એને એ વાત બેસી ગઈ હોય. લ્યો, અમે આમ કરીએ તો થાય. કર્યા વિના થાતા હશે? આ મંદિર કર્યા વિના થયા? એની મેળે ઊભા થઈ ગયા પુદ્ગલ?

મુમુક્ષુ :- પુદ્ગલે કર્યા.

ઉત્તર :- કર્યા પુદ્ગલે. જડને ખબર પડતી હશે કે અહીં મંદિર બનવું? એય..! ચંદુભાઈ! ભાઈ! ખબર પડે એટલું દ્રવ્ય માનો તો એક આત્માને જ માનવો પડશે. પાંચ દ્રવ્ય છે નહિ એમ થશે. એમ થશે. એમ છે જ નહિ. ખબર ન પડે એવી ચીજ પણ પરિણમન કરે છે કે નહિ? બદલે છે કે નહિ? રૂપાંતર થાય છે કે નહિ? એનો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સ્વભાવ છે કે નહિ? સ્વતઃ સ્વભાવ ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે કે નહિ? કે ચૈતન્યમાં એકલું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છે? સમજાણું કાંઈ? ઉત્પાદ ઉત્પન્ન થાય છે. જ્ઞાન વિના કેમ થાય? પણ ઉત્પન્ન થાય એવો જડનો સ્વભાવ છે કે નહિ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં એક જ આત્મા છે? સમજાણું કાંઈ? ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. સત્દ્રવ્ય લક્ષણં. ગુણપર્યાયવત્ દ્રવ્યં. લ્યો! ગુણ પર્યાયરૂપ પરિણમે છે? પરિણમે છે? પરિણમે એવો જડનો સ્વભાવ છે કે નહિ? કે જાણવાનો સ્વભાવ એ જ દ્રવ્ય જગતમાં છે? આહાહા..! જાણતો નથી એવો પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળા પદાર્થ છે જગતમાં. અને એ જ પદાર્થ પોતાના સમયમાં નવી નવી પર્યાય ઉત્પન્ન કરે છે. એમાં દ્રવ્ય જ પ્રાપ્ત થાય છે. દ્રવ્ય જ ઉત્પાદને ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**તેમ જીવના પરિણામને,...**' જેમ માટી ઘડાના રૂપને ગ્રહે છે, પરિણમે છે, ઊપજે છે '**તેમ જીવના પરિણામને,...**' આત્માના વીતરાગી ધર્મરૂપી પરિણામને '**પોતાના પરિણામને...**' કર્મને, રાગાદિ, પુણ્યાદિ, દેહાદિ અવસ્થા આદિ પરિણામને '**અને પોતાના પરિણામના ફળને...**' હરખ-શોકને, અનુકૂળ-પ્રતિકૂળ સંયોગને '**નહિ જાણતું...**' કોણ? પુદ્ગલ. પુદ્ગલ કંઈ જાણતું નથી. નથી જાણતું પણ ઉત્પાદ-વ્યય છે કે નહિ? '**નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' દેખો!

'**નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય...**' જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય આદિ અને શરીર-વાણી આદિ, બધા પુદ્ગલદ્રવ્ય '**પોતે પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...**' પરદ્રવ્ય શબ્દે વીતરાગી પરિણામ. આહાહા..! રાગ દયા-દાનના પરિણામ એ પુદ્ગલના પરિણામ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ પુદ્‌ગલના પરિણામને પુદ્‌ગલ જાણે નહિ, એના ફળને પુદ્‌ગલ જાણે નહિ. અને અહીંયાં વીતરાગી દશા થઈ આત્માની એને પુદ્‌ગલ જાણે નહિ. '**નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...**' પરદ્રવ્યના પરિણામનો અર્થ અહીં બદલાઈ ગયો. બધામાં પરદ્રવ્ય-પરદ્રવ્ય આવ્યું હતું ને? એ અહીં '**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए**' આત્માની અપેક્ષાએ રાગ-દ્વેષ, હરખ-શોક અને પરવસ્તુને પરદ્રવ્ય કહ્યું. અહીંયાં રાગ, દયા, દાન, હરખ, શોક અને કર્મના ઉદયની અપેક્ષાએ આત્માની વીતરાગી પર્યાય પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :- પરદ્રવ્ય...

ઉત્તર :- એ પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે! માથું અવળું પડી જાય એવું છે. આગ્રહ એવા ગર્યા હોય છે ને.

કર્મ માર્ગ આપે તો અહીંયાં પરિણામ થાય. ઉદય આવે અને ખરી જાય તો અહીંયાં આત્મામાં જ્ઞાન થાય છે. કહે છે કે ખોટી વાત છે. એમ કહે છે અહીંયાં, ભાઈ! કર્તાકર્મ એમ નથી. પુદ્‌ગલનો ક્ષયોપશમ થાય એ કર્તા, ત્યારે અહીંયાં સમ્યગ્જ્ઞાનના પરિણામ (થાય એ) કર્મ, એમ છે નહિ. સમજાણું કાંઈ? મોહનીય કર્મનો ઉદય, પરિણમન મંદ થઈ ગયું તો અહીંયાં શ્રદ્ધાનું પરિણમન થયું એમ છે નહિ. એમ કહે છે. ચાહે તો એના પરિણામને એ ન જાણે. વીતરાગી પરિણામને ન જાણે, એમાં હરખ-શોક કે અનુકૂળ સંયોગ આવ્યો, પ્રતિકૂળતા આવી, નિરોગ-રોગ શરીરમાં થયો એ ન જાણે. ભલે ન જાણે. પણ એ પુદ્‌ગલ આત્માનું પરિણામ કાર્ય અને એ પુદ્‌ગલના પરિણામ કરનાર એમ છે નહિ. આહાહા..!

જ્ઞાનાવરણીયનો ક્ષય એ પર્યાય પુદ્‌ગલની કર્તા અને કેવળજ્ઞાન પર્યાય કાર્ય એમ છે નહિ. એમ કહે છે. આહાહા..! રાડ નાખે. તમે એમ રહેવા દો. તત્ત્વાર્થ સૂત્રમાં લખ્યું છે... પંડિતજી! એ આવે છે ને. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય ક્ષયાત્. ભાઈ! એ તો નિમિત્તથી કથન છે. પણ ક્ષયાત અહીં કેવળજ્ઞાન છે એમ કહો. તમે એમ કહો છો કે કેવળજ્ઞાન.. અહીં કેવળજ્ઞાન થાય તો કર્મ પોતાની અપેક્ષાએ ક્ષય થઈ જાય છે એ સમયે. એમ ન કહો, ઊલટી રીત છે તમારી. એમ કહે છે. અરે..! ભગવાન! એય..! ચંદુભાઈ! એવું છાપામાં આવે છે, હોં! સોનગઢવાળા એમ કહે છે. મોહ ક્ષયાત્ એમ નથી કહેતા. મોક્ષ ક્ષય હોય તો અહીંયાં સમકિત-દર્શન-ચારિત્ર થાય છે. જ્ઞાનાવરણીય ક્ષય હોય તો કેવળજ્ઞાન થાય એમ નથી કહેતા. ત્યારે (શું કહે છે)? કે પોતાની પર્યાયમાં ક્ષયોપશમ થયો તો એની પર્યાયમાં પોતાને કારણે થાય એમ કહે છે. આહાહા..! આ એનો જવાબ છે આ ૭૯ ગાથામાં. સમજાણું કાંઈ? ચોપડીમાં છપાઈ ગયું છે. ઈસરીથી. કાનજીસ્વામી એમ કહે છે કે.. હજી તો બહારની વાત,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોં! ધર્મની વાત તો જુદી. બધું ફરી ગયું. એમ કહે છે કે મહારાજ! કાનજીસ્વામી એમ કહે છે કે જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય પોતાથી થાય છે. જ્ઞાનાવરણીયથી બિલકુલ નહિ. શું આ સાચું છે? નહિ. સાચું નથી. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાનનું પરિણામ થાય. એય..! ટેપ રેકોર્ડિંગ છપાઈ ગયું છે. ભાઈ! ઘણું વિપરીત છે. અરે..! ખબર નથી તને.

અહીં કહે છે કે પુદ્ગલ પરિણામનો એ ક્ષયોપશમનો ઉદય થવો એ તો એના પરિણામનું કાર્ય છે. એ કાર્યથી કાંઈ આત્મામાં કાર્ય આવે છે? સમજાણું કાંઈ? એમ છે નહિ. વિશેષ વાત કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો સુદ ૬, બુધવાર તા. ૧૯-૧૦-૧૯૬૬**
**ગાથા-૭૯, પ્રવચન-૧૬૨**

૭૯મી ગાથા ચાલે છે. શું ૭૯મી ગાથામાં પૂછ્યું છે? ગુજરાતી ચાલે છે આ. ૭૯માં શું પૂછયું? કર્તા-કર્મ અધિકાર ચાલે છે કે આ જીવ જાણતો સ્વને, પરને અને ફળને. પરના રાગ-દ્વેષ પરિણામને, એના હરખ-શોક ભાવને વગેરે કર્મના ફળ અને પોતાના પરિણામને જાણે. એટલું કાર્ય કરે છતાં પુદ્ગલ સાથે એને કર્તા કર્મ કાંઈ નથી. હવે પુદ્ગલ છે જડ, એ તો કાંઈ જાણતું નથી. જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના ફળને. એવા પુદ્ગલને આત્મા સાથે કર્તા-કર્મ સંબંધ છે કે નહિ? પુદ્ગલ કર્તા અને આત્માના વીતરાગી પરિણામ કાર્ય. પુદ્ગલ રાગ, રાગ કર્તા અને આત્માના વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કાર્ય એમ છે કે નહિ? એમ પ્રશ્ન પૂછ્યો છે. એના ઉત્તરમાં જવાબ છે આ.

‘**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**’ માટી ઘડામાં અંતર્વ્યાપક થઈને અવસ્થામાં. ‘**આદિ-મધ્ય-અંતમાં...**’ ઘડાની શરૂઆતમાં પણ માટી, ઘડાના મધ્યમાં પણ માટી. મધ્યમાં એટલે? અંદરમાં ઓલા માટીના અંદર નાખે એમ? એમ નહિ. અહીં તો આદિ-મધ્ય-અંત કાળને વર્ણવવો છે. સમજાણું કાંઈ? ઘડો છે એની શરૂઆતમાં માટી, મધ્યમાં એમ નહિ. ઘડો થવાના કાળમાં માટી આદ્યમાં, મધ્ય અને અંતમાં માટી જ છે. કાળ એક જ છે. શરૂઆતમાં એ, મધ્યમાં એ અને અંતમાં પણ એ.

મુમુક્ષુ :- એક સમયમાં?

ઉત્તર :- એક સમયની વાત છે. અહીં તો જોર દેવું છે ને કે આદ્ય-મધ્ય-અંત એ જ માટી છે. ઘડાના કાર્યમાં આદિ-મધ્ય-અંતમાં એ પોતે જ માટી છે. એમાં કોઈ બીજી ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

‘**ઘડાને ગ્રહે છે,...**’ માટી જ ઘડાના પ્રાપ્યરૂપી ઘડારૂપી પ્રાપ્ય કર્મને તે જ પ્રકારનો અંશ, આકૃતિ અને રૂપાંતર જે થયો એને ગ્રહે છે. માટી તે અંશને પકડે છે. ‘**ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે...**’ કહો, આ તો ઘડાનું દૃષ્ટાંત. સવારે પણ ઘડાનો દાખલો આવ્યો હતો. જીવનો અધિકાર હતો ને સવારમાં. એ ઘડાનો દાખલો. અહીંયાં ઘડાનો. ત્યાં અસ્તિત્વનો હતો. અહીંયાં કર્તા-કર્મનો છે. જેમ માટી ઘડાની આકૃતિ અને રૂપાંતરરૂપ દશા (થઈ) એમાં આદિ-મધ્ય અને અંતમાં માટી જ છે એમ કહેવું છે.

‘**તેમ જીવના પરિણામને,...**’ આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, વીતરાગી દશાના

ભાવરૂપ પરિણામને '**પોતાના પરિણામને...**' કર્મનું પરિણામ જે ઉદય આવે તેના પરિણામને '**અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્‌ગલદ્રવ્ય...**' સમજાણું કાંઈ? '**પોતે પરદ્રવ્યના પરિણામમાં...**' જેમ ઘડાના પરિણમનમાં માટી આદિ-મધ્ય-અંતમાં છે. તેમ પુદ્‌ગલ જે જડ છે, કર્મ છે એ નથી જાણતા આત્માના વીતરાગી પરિણામને. અહીં વીતરાગી પરિણામ ધર્મના લેવા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન જે વીતરાગી પરિણામ જેની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. આત્માના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે આત્માને આશ્રયે થયેલા, આત્માના સેવનથી થયેલા, આત્માને આરાધનથી કરેલા એવા જે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના પરિણામ એને અહીંયાં જીવના પરિણામ કહ્યા છે. એ જીવના પરિણામમાં આદિ-મધ્ય અને અંત આત્મા (છે) એ કહી દીધું છે. સમજાણું કાંઈ? તો એવા પરિણામમાં આત્મા ભલે હો, પણ એવા પરિણામને નહિ જાણતું પુદ્‌ગલ, પોતે પરદ્રવ્યના પરિણામમાં.. આ પરદ્રવ્ય પરિણામ એટલે વીતરાગી પરિણામ. કર્મના પરિણામ અને કર્મના ફળના પરિણામની અપેક્ષાએ આત્માના વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ એ પરદ્રવ્ય પરિણામ થયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુદ્‌ગલદ્રવ્યથી પર છે.

ઉત્તર :- પુદ્‌ગલથી પર છે. રાગ એ પુદ્‌ગલ છે, આ પર છે.

ખરેખર તો જ્યાં આગળ મતિજ્ઞાનના જ્ઞાનાવરણીયનો ઉદય આવે એ જ્ઞાનાવરણીયના પુદ્‌ગલો એ ઉદયપણે નહિ પણ એના સૂક્ષ્મપણે પરિણમે,.. સમજાય છે કાંઈ? તો આત્મામાં સમ્યગ્જ્ઞાનના પરિણામમાં એની આદ્ય હતી તો આ પરિણામ થયા (એમ નથી). અહીં તો સુખ-દુઃખ આદિ લીધું છે. બધું લીધું છે. એ બધું એમાં આવી જાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય કર્મ એ પોતાના સ્વકાળે એના ક્ષયોપશમનો કાળના પ્રાપ્ય પર્યાયને કર્મ પ્રાપ્ત થતું, તેના વિકાર્યપણે પર્યાયપણે પરિણમતું અને ઊપજતું એવું જે પુદ્‌ગલ. એ આત્માના સમ્યગ્જ્ઞાનના કાળમાં, સમ્યગ્જ્ઞાન જે દશા થઈ સ્વસંવેદન, એના આદિ અંતમાં આત્મા છે. તો એના આદિ અંતમાં કર્મના ક્ષયોપશમનું જે પર્યાયરૂપ પરિણમન એ ત્યાં થયું, તો એ કર્તા અને અહીંયાં સમ્યગ્જ્ઞાનરૂપી પરિણામ જીવના પરિણામ એ કાર્ય, એમ છે નહિ. એમ નથી.

મુમુક્ષુ :- આમાં વળી કર્મ પાછું ક્યાંથી આવ્યું?

ઉત્તર :- એ કર્મ શાસ્ત્ર. આખું કર્મ શાસ્ત્ર છે આખું. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક બધું આવી જાય એમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીયનો અભાવ ...

ઉત્તર :- કોણે કીધું? કાલે કહ્યું હતું નહિ? મોહક્ષયાત્‌. પંડિતજી! તત્ત્વાર્થસૂત્રમાં આવે

છે ને. એ શબ્દ મૂક્યો. એ તો નિમિત્તનું કથન છે. મોહક્ષયાત્. મોહ ક્ષય થયો માટે આત્મામાં કેવળજ્ઞાનના પરિણામ થયા, એ ક્ષય થયો તે કરનાર અને કેવળજ્ઞાન તે કર્મ નામ કાર્ય એમ છે નહિ.

મુમુક્ષુ :- આ ગાથામાં ના પાડે છે.

ઉત્તર :- આ ગાથામાં ના પાડે એ જ સાચું છે. વળી બીજે ઠેકાણે હા પાડે એમ નથી. બીજે ઠેકાણે તો ત્યાં જ્ઞાનાવરણીયના નિમિત્તથી કથન છે. અહીંયાં ક્ષયોપશમ પોતાનો થયો ત્યારે ત્યાં આગળ પણ કર્મના રજકણોમાં એ જાતની ક્ષયોપશમની અવસ્થાના પરિણમનનો એનો કાળ છે. એ એને કારણે થયું છે. અહીં ક્ષયોપશમ થયું માટે ત્યાં ક્ષયોપશમ પરિણામ થયા છે જડમાં, એમ નથી.

મુમુક્ષુ :- ... ક્ષયોપશમ છે ને.

ઉત્તર :- નામ છે. અનેક જાતના રજકણની પર્યાયમાં એવી યોગ્યતા છે કે નહિ? કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચાર પર્યાય છે કર્મની. કર્મમાં કર્મની અવસ્થા, કર્મના પરિણામ, કર્મની દશા. આહાહા..! એ જ મોટો ઝઘડો કરે છે ને. કર્મના ક્ષયોપશમ વિના અહીં જ્ઞાનનો ક્ષયોપશમ થાય નહિ. કહે છે કે આત્માના અંતર સ્વસંવેદનજ્ઞાનમાં, આત્માના આશ્રય વિના એ થાય નહિ. સમજાણું કાંઈ? ઘણાં ઝઘડા. ઓહોહો..! (સંવત) ૧૯૮૧માં ગઢડા. ઓલા આવ્યા હતા ને? હંસરાજભાઈ. આ રામજીભાઈના.. હંસરાજભાઈ આવ્યા હતા. એ કહે, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો આમ થાય. કીધું, લાખ વાતની વાત ખોટી છે લ્યો. ગઢડા, ગઢડા ચોમાસુ હતું ને. ૧૯૮૧નું. બહુ કર્મ શીખેલા, બહુ ગોખેલા કાશીમાં જઈને. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો થાય. પણ ક્ષયોપશમ અહીંયાં પુરુષાર્થ કર્યો ત્યારે થયો પોતામાં? કે ત્યાં ક્ષયોપશમ ... એને કારણે થયો? અહીં થયો એટલે એને કારણે ત્યાં થયો. શેઠી! કર્મના ઝઘડા ઘણાં છે. આહાહા..!

કહે છે કે પરદ્રવ્યના પરિણામ જે આત્માના, એ કર્મના પરિણામને કારણે અહીં કાંઈ કાર્ય થયું એમ છે નહિ. આહાહા..! કર્મનો ભારે ઝઘડો.

મુમુક્ષુ :- અજ્ઞાનમાં ઝઘડો છે.

ઉત્તર :- અજ્ઞાનમાં ઝઘડો છે. ઝઘડો વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે ખ્યાલમાં આવે.. જેને ખબર નથી પડતી. એને ખબર નથી એ ઝઘડા શું કરે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો સ્વતંત્ર સ્વ-સ્વસમયના પરિણામ, સ્વસમય એટલે આત્મા, એના જે સમ્યગ્દર્શન,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના પરિણામ એની આદિ, મધ્ય, અંતમાં આત્મા છે. સ્વના લક્ષે થયેલા સમ્યગ્દર્શન, સ્વના લક્ષે થયેલું સમ્યગ્જ્ઞાન, સ્વના આશ્રયે થયેલું સમ્યક્ચારિત્ર. એ વખતે કર્મમાં ભલે એને કારણે ક્ષયોપશમ આદિ વર્તતો હોય, ક્ષાયિક આદિ વર્તતા હોય. તો એના પ્રાપ્ય કર્મને એ પહોંચી વળે છે. એના પ્રાપ્ય રૂપી વ્યાપ્ય લક્ષણ '**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**' કર્મ એને પહોંચી વળે છે. એને કારણે એ પહોંચતા આત્માના વીતરાગી પરિણામને પહોંચી વળે છે એમ છે નહિ. આહાહા..! એક સમયમાં... સમજાય છે કાંઈ?

'**જીવના પરિણામને, પોતાના પરિણામને...**' કર્મને ભાન કે દિ' છે કે આ જીવના પરિણામ શું છે? અને એને ખબર છે કે આ ઉદય છે? એ તો અજીવ છે. જડને કે દિ' ખબર છે કે આ મારો ઉદય કહેવાય ને આને ક્ષયોપશમ કહેવાય ને આને ઉપશમ કહેવાય? જડને ખબર છે? આ જગતમાં આવું તત્ત્વ છે કે નહિ એની એને ખબર છે કે આ જ્ઞાનવાળું તત્ત્વ છે? એ તો જડ છે. છતાં જડ પોતાના સમયના તે પ્રકારની પર્યાયને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લક્ષણવાળું વ્યાપ્ય નામ કાર્ય તેને તે કરે છે. કાંઈ જ્ઞાન હોય તે જ કરે એવું કાંઈ નથી. તો તો એક જ દ્રવ્ય સિદ્ધ થાય, જડ દ્રવ્ય સિદ્ધ થાય જ નહિ. સમજાય છે કાંઈ? તો જડમાં ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય નહિ. ઉત્પાદ-વ્યય સમયે સમયે પરમાણુ પુદ્ગલ પોતાની પર્યાયમાં ઉત્પાદને પહોંચે છે. પૂર્વની અવસ્થારૂપ બદલીને વિકાર્યરૂપ થયું છે. એ ઊપજ્યું છે ઉત્પાદરૂપે. પુદ્ગલ પોતે ઊપજે. એને આત્માના પરિણામ સાથે કાંઈ સંબંધ છે કર્તા-કર્મનો? ના. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભિન્ન છે અને કર્તા-કર્મ સંબંધ ભિન્ન છે. અહીંયાં ક્ષયોપશમ થાય અને ત્યાં ક્ષયોપશમ હોય, એ નિમિત્ત-નૈમિત્તિક કહેવાણું. પણ ત્યાં ક્ષયોપશમ છે, તો આ ક્ષયોપશમ થયો અને આ ક્ષયોપશમ થયો તો ત્યાં ક્ષયોપશમ થવું પડ્યું એમ નથી. બહુ ફેર છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? વજુભાઈ! આ ઝીણું આવ્યું ઝીણું. કર્મનું આવ્યું... બરાબર ન આવ્યું સરખું. આ અભ્યાસ કરવો જોઈએ. જગતના અભ્યાસ અને થોથા એવા કરી કરીને મરી ગયો અનંત વાર. આ વસ્તુ શું છે.

ચૈતન્ય પ્રભુ પોતાના સ્વભાવની દૃષ્ટિ કરતાં જે પરિણામ થાય તેમાં કાંઈ કર્મનો કાંઈ અંશે અધિકાર છે? એમ કહે છે, લ્યો! જીવ-અજીવમાં ભેળવવો નહિ. છે ને? એકેય અંશ નહિ. પહેલા જીવ-અજીવ અધિકારમાં છે ને? પર્યાય કર્મમાં, આ શરીરની અવસ્થા થાય એમાં જીવનું નિમિત્તપણું કહ્યું. પણ નિમિત્તપણું (છે) માટે અંશ ન ભેળવવો. એ જીવ છે માટે આ શરીરની પર્યાય થાય છે. એ તો અંશ ભેળવ્યો એમાં તેં. સમજાય છે કાંઈ? એમ નથી. એમ કર્મનો અંશ અહીં ન ભેળવવો કે કર્મનો અંશ અહીં છે તો રાગ થયો એમ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી, અને રાગ ત્યાં થયો માટે અહીંયાં સ્વભાવનું કાર્ય થયું એમ પણ નથી. આહા..! સમય તો એક જ છે. સમય એક છતાં સૌના કાર્ય ભિન્ન ભિન્ન છે. કોઈથી કોઈનું કાર્ય છે નહિ. કહો, સમજાણું? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરેમાં લેવું. કહો, સમજાણું?

શ્રદ્ધા-સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કાર્ય છે. તો સમ્યગ્દર્શનમાં જેમ સ્વના આશ્રયથી થયું, એમ સમ્યગ્જ્ઞાન પણ સ્વના આશ્રયથી થયું છે. એ કાંઈ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી થયું છે એમ છે નહિ. એમ સમ્યક્ચારિત્ર. વીતરાગ શાંતિ એ પણ સ્વને આશ્રયે, સ્વના પરિણામની આદિમાં પોતે હતો માટે થયું છે. એ કાંઈ ચારિત્રમોહનો ક્ષયોપશમ થયો માટે અહીં ચારિત્રના પરિણામ થયા, એ ક્ષયોપશમ કાંઈક કાર્ય કરે છે તો આ કાર્ય અહીં થયું એમ નથી. સમજાણું કાંઈ? મોટી.. કર્મના વાંધા મોટા. ચર્ચામાં ખૂબ આવ્યું છે આજે. આ તો .. ચર્ચામાં. નહિ. કર્મ... કર્મ... કર્મ... જાવ. કેવળજ્ઞાનીએ સ્વકાળ દેખ્યો એ પ્રમાણે થાય. પછી શ્રુતજ્ઞાની? કે શ્રુતજ્ઞાની શ્રદ્ધે તો એમ, પણ જાણવામાં કર્તવ્યમાં બીજું માને, અનિયત છે એમ માને. પણ સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય? કારણ સાચું અને કાર્ય ખોટું એમ કેમ બને? મૂળ તો આખો ફેરવવો છે ક્રમ.

કેવળજ્ઞાન એક સમયમાં પોતાને જ કારણે જાણે છે. સામી અવસ્થા ષટ્ દ્રવ્યની લોકાલોકની પોતાને કારણે ત્યાં એ પર્યાય થઈ છે. કેવળજ્ઞાનને કારણે ત્યાં થઈ છે એમ નથી. તેમ એક થઈ છે માટે કેવળજ્ઞાન અહીં થયું છે એમ પણ નથી. સમજાણું? અને એ કેવળજ્ઞાનમાં તો જે રીતે ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં વ્યવસ્થિત સ્થિતિ પ્રમાણે જ્યાં જે સમય... સમજાણું? નિશ્ચય છે. જે સમયનો કાળ એ દ્રવ્યમાં નિશ્ચય છે. એ સમય નિમિત્ત પણ કેવું છે તે નિશ્ચય છે. એક સમયમાં ત્રણ કાળનો પિંડલો એક સમયમાં જણાઈ જાય છે આખો. એને કંઈ પછી જાણવું રહેતું નથી. ત્યાં આવશે થશે (ત્યારે જાણશે એમ નથી). એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. એવી શ્રદ્ધા શ્રુતજ્ઞાની કરે છે. શ્રુતજ્ઞાનીને કાંઈક કરવું છે માટે એ શ્રદ્ધા કરે અને જ્ઞાનમાં બીજું કરે. કર્તવ્ય કરવું છે. કર્તવ્ય કરવું છે ને. એને ઘણા કામ આવી પડે માટે કર્યા વિના કેમ ચાલે? નિયત થાશે એમ માનીને બેસી રહેવું? પણ બેસે શેનો? આહાહા..!

શ્રુતજ્ઞાનીને લક્ષ તો સ્વભાવ તરફ જ છે. સ્વભાવ તરફ છે અને એના નિર્ણયમાં સર્વજ્ઞ ભગવાને જોયું એ પ્રમાણે કહ્યું, એ પ્રમાણે શાસ્ત્ર રચ્યા. તો આગમમાં પણ સર્વજ્ઞે જોયું એ પ્રમાણે રચના આવી છે અને આગમ અનુસાર શ્રુતજ્ઞાનીએ શ્રદ્ધા કરી છે. આત્માના આશ્રયે પણ આગમ અનુસાર કરી છે. આગમમાં જે પ્રમાણે સર્વજ્ઞે જોયું એવું વાણીમાં આવ્યું એવું આગમમાં રચાણું. કેવળજ્ઞાનનો સ્વીકાર કર્યો છે કે એક સમયમાં કેવળજ્ઞાન તો ત્રિકાળને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણે એ બરાબર પણ .. વાંધો. પણ શ્રુતજ્ઞાની શ્રદ્ધા એ રાખે. પણ જ્ઞાનમાં કર્તવ્ય કરવું છે ને. હજી તો દયા ને વ્રત ને પાળવા છે. એટલે એને તો એમ થવા કાળે થશે, થવા કાળે થશે તો ભ્રષ્ટ થશે શ્રદ્ધાથી. એલા..! સર્વજ્ઞની શ્રદ્ધા હોય એ તો સમ્યગ્દર્શનમાં આગળ ચાલીને સ્થિર થશે. સમજાણું કાંઈ? સર્વજ્ઞની શ્રદ્ધા એટલે મોક્ષની શ્રદ્ધા. મોક્ષની શ્રદ્ધા એટલે આત્માની પર્યાય જે મોક્ષ એક સમયની એના કરતા અનંત ગુણનો પિંડ આત્મા, એનું જ્યાં સર્વજ્ઞ સ્વભાવમાં પિંડની શ્રદ્ધા થઈ એ પંથથી ભ્રષ્ટ થાય અને પુરુષાર્થ ન કરે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝઘડા ઉઠ્યા છે.

કહે છે, **'જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પોતે પરદ્રવ્યના પરિણામમાં...'** પરદ્રવ્ય એટલે આત્મા. કોને હિસાબે પરદ્રવ્ય? પુદ્ગલને હિસાબે. પુદ્ગલને હિસાબે આત્માના વીતરાગી પરિણામ પરદ્રવ્ય. એ પરદ્રવ્યના પરિણામ. વજુભાઈ!

મુમુક્ષુ :- એકલા વીતરાગી લેવા કે બેય લેવા?

ઉત્તર :- વીતરાગી એકલા અહીં લેવા. બીજા અહીં ન લેવા. પહેલેથી ચાલ્યું આવે છે ને ૭૫થી. એ ૮૦થી ફરશે. ૮૦થી ફરશે. જીવના પરિણામ વિકારી-અવિકારી જીવના લેશે. અહીં તો ૭૫થી આવે છે કે નહિ? જ્ઞાનીનું લક્ષણ ત્યાંથી આવે છે. જ્ઞાનીનું કર્તવ્ય શું અને લક્ષણ શું? તો કહે છે, જ્ઞાની પોતે પોતાના શુદ્ધ સ્વભાવમાં પરિણમે છે. સમજાય છે? અને રાગાદિ આવે તેનો જ્ઞાની જ્ઞાતા છે. રાગાદિનું કર્તવ્ય સ્વીકારતો નથી અને તેનો કર્તા થતો નથી. એ તો ૭૫થી ઉપાડ્યું છે. જેમ ઘડામાં માટી વ્યાપક છે, એમ કર્મ જ રાગમાં વ્યાપે છે. આત્મા નહિ. અહીં એ અધિકાર છે અત્યારે. સમજાણું કાંઈ? ૮૦માંથી ફરશે, હોં! એ ત્યાં જીવના પરિણામ કહેશે ત્યાં વિકારી કહેશે. અહીંયાં .. અવિકારી ચાલે છે. જે ઠેકાણે શું અધિકાર ચાલે એ લેવો જોઈએ કે નહિ? ૭૫થી અહીં પૂરું કરે છે ૭૯માં.

ભગવાન આત્મા.. જીવના જ પરિણામ એને કહીએ. પુણ્ય-પાપ જેટલા થાય... એક સમયમાં બે ભાગ. એમાં શુદ્ધતાના પરિણામ તે જીવના અને અશુદ્ધતાના પરિણામનો અંશ તે પુદ્ગલના. એક પર્યાયના બે ભાગ. એક આત્મા પોતાને આશ્રયે આનંદને પ્રગટ કરે તેટલા પરિણામ આત્માના, એ વખતે જેટલા દુઃખના પરિણામ થાય તે પરિણામ પુદ્ગલના. સમજાણું કાંઈ? અહીં તો આસ્રવથી ભેદ થયો છે. ભેદ થયો ત્યાં આસ્રવ અને આત્મા એકપણે કેમ પરિણમે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એક પર્યાયમાંથી બે વ્યાપ્ય થયા. એક આત્મા વ્યાપ્ત શુદ્ધમાં અને અશુદ્ધમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્મ વ્યાપ્ય. ઝીણું છે, ભાઈ! ભારે માર્ગ. આમ છે ને.

ચૈતન્ય સ્વરૂપ જ્યાં નિમિત્ત અને રાગના લક્ષથી છૂટી અને પોતાના લક્ષે જ્યાં પર્યાયમાં પરિણમન થયું ત્યારે તો રાગ અને પરથી ભેદ થયો. ભેદ થયો તે ચીજ જુદી રહી, એ રૂપે કેમ પરિણમે? જુદી રૂપે પરિણમે તો જુદો થયો ક્યાં? સમજાણું કાંઈ? તીવ્ર ભેદજ્ઞાન. ભગવાન આત્મા જે અંતર્મુખના લક્ષ વિનાનો હતો, બહિર્લક્ષી અંતર સ્વભાવથી બહિર્લક્ષી થયેલા વિકલ્પો અને સંયોગો એના લક્ષવાળો, એના ધ્યેયવાળો, એની શ્રદ્ધાવાળો હતો ત્યાં સુધી તો તેને વિકારી પરિણામનું કાર્ય અને કર્તા એમ અજ્ઞાનમાં સ્વીકારતો. પણ અંતર્મુખ જ્યાં ભેદ થયો. સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ અંતર્મુખ.. અંતર્મુખ અંતરઆત્મા થયો, અંતર્મુખ દૃષ્ટિ કરીને અંતરઆત્મા થયો તો અંતર આત્મામાં બહિર્આત્માના વિકલ્પને પોતાના માનતો એ દૃષ્ટિ તો ગઈ. સમજાય છે? તો એ રૂપે પરિણમે છે એમ એક સમયમાં અહીં કહેવામાં આવતું નથી. શુદ્ધ પરિણમન તે તેનું અને અશુદ્ધ પરિણમન તે પુદ્ગલનું. એ પરદ્રવ્યના પરિણામ એટલે શુદ્ધ જીવના. અને પુદ્ગલના પરિણામ એટલે રાગ, અને ઉદય અને જ્ઞાનાવરણીય એ વગેરે બધા. એ પર દ્રવ્યના પરિણામમાં પુદ્ગલ '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' વીતરાગી શ્રદ્ધામાં કર્મનો, ઉદયનો કે મંદતાનો કે ક્ષયોમશમનો કે ક્ષાયિકની આદ્ય છે તો આ કાર્ય થયું છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. તો એમાં અંતર પડી છે એમાં ઓળંગવી ક્યાં કઠણ છે? આખી ચીજ છે ત્યાં. દૃષ્ટિમાં દિશા પલટતા દશા પલટી જાય છે. પરલક્ષી-અંતર્મુખ નહિ અને બહિર્મુખ લક્ષ છે એને અંતર્મુખ કરવું એ વસ્તુ. અંતર્મુખ થતાં તેના પરિણામ વીતરાગી થયા. એને કર્મના પરિણામ કાંઈ પણ સંબંધ એની સાથે ધરાવતા નથી. કહો, સમજાણું આમાં?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**' જીવના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ જે આત્માના આદિ-મધ્ય-અંતમાં થઈને ઉત્પન્ન થયા તેને કર્મ પકડતું નથી. એ કર્મનું પ્રાપ્ય નથી, કર્મ તેને ગ્રહતું નથી, કર્મ તેને અડતું નથી. '**તે-રૂપે પરિણમતું નથી...**' કર્મ અહીંના ક્ષયોપશમ વીતરાગી પરિણામને, વીતરાગપણે પરિણમતું નથી. કર્મ અહીં વીતરાગીપણે પરિણમતું નથી, પોતાના પરિણામે પરિણમેલું છે એ તો. ઓહોહો..! એક એક સમયમાં .. પંડિતજી! શું કહે છે ઈ? કાળ .. દ્રવ્ય.. આવે છે ને? એક સમયમાં બે આમ. કાળની .. આ ભાવ થાય અને ત્યાં ભાવ થાય. કાળપ્રત્યા.. કહેવાય. એક કાળમાં છે ને બેય? બસ, એક કાળમાં (છે) એટલું બતાવવું છે. કાળ .. ભેગું છે, છતાં આત્માના પરિણામનું આ વ્યાપ્ય છે અને કર્મનું વ્યાપ્ય થયું માટે આત્મપરિણામ થયા એમ છે નહિ. સમય એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમય છે. આહાહા..! સમય તો અનંત દ્રવ્યને માટે એક સમય છે ને? અનંત દ્રવ્યને વર્તમાન પરિણામમાં પરિણમતું દ્રવ્ય પોતે પોતાના ઉત્પાદપણે પરિણમે છે. ભલે કાળ તો બધાનો એક જ સમયે છે ને અનંત દ્રવ્યનો? કે બે સમય છે? આ એક દ્રવ્ય આ સમયે પરિણમે અને બીજું બીજા સમયે એમ થાય છે? અનંતા જેટલા છે અનંતા, એ બધા એક સમયે કાળમાં, એક સમયે બધા એક સાથે પરિણમે છે. કાળ પ્રત્યા.. હોવા છતાં કાંઈ કોઈ કોઈના કાર્ય કર્તા છે એમ છે નહિ. નહિતર તો એક સમયમાં અનંત પદાર્થ ઉત્પાદપણે પરિણમે એ ક્યાં રહે? પોતાને ઉત્પાદપણે પરિણમે અને બીજાને ઉત્પાદપણે આ પરિણમે એટલે પોતાનું કાર્ય કરે કે અહીં વેપાર પોતાનો હોય કે ક્યાંનો હોય? સમજાણું કાંઈ? દ્રવ્યનો, જે જે દ્રવ્ય છે એનો તે તે કાળે પોતામાં વેપાર હોય કે પરમાં હોય? પર પણ દ્રવ્ય છે એ પોતે પોતાના વેપારમાં છે. આ પોતે દ્રવ્ય પોતાના વેપારમાં છે. ફક્ત એક સમયે થતું અનુકૂળ દેખીને એને નિમિત્ત કહેવામાં આવે છે. પણ કર્તા તો છે નહિ. સમજાણું કાંઈ?

'**તેને ગ્રહતું નથી.**' ઓહોહો..! જેને આનંદના.. ભગવાન આનંદમૂર્તિનો લાભ થયો એના લાભમાં કર્મની અપેક્ષા શું છે? કહે છે. એમાં કર્મની અપેક્ષા છે શું? આહાહા..! સમજાણું? એક વખત એમ પણ કહ્યું 'પંચાસ્તિકાય'માં. હીણા કર્મ. કર્મ વિના ચાર ભાવ ન હોય. જુઓ! એમ પણ કહ્યું છે ત્યાં. એ કઈ અપેક્ષા? કે તદ્દન પરિણામિકભાવ છે એને નિમિત્તની અપેક્ષા નથી. અને અહીંયાં ઉદય, ઉપશમ, ક્ષાયિક (થાય તેમાં) ઉદયમાં નિમિત્તના સદ્ભાવની અપેક્ષા (છે અને બાકીના) ત્રણમાં અભાવની અપેક્ષા (છે). એટલી અપેક્ષાએ કર્મ વિના ચાર ભાવ હોય નહિ (એમ કહ્યું). એ તો એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું. પણ કર્તા-કર્મ સંબંધ છે એમ નહિ. સમજાણું કાંઈ? એ ભલે કહ્યું કર્મ વિના ચાર ન હોય એ તો અપેક્ષાથી નિમિત્તનું બતાવ્યું જ્ઞાન. પણ એ નિમિત્ત કર્તાના કાર્ય છે એમ તો છે જ નહિ ક્યાંય. એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ? આ તો નિમિત્તને કર્તા બનાવે છે. નિમિત્ત કર્તા, વ્યવહાર કર્તા તરીકે આરોપ આવે બીજી વાત છે. એટલે વ્યવહાર કર્તા નામ જેવું નિમિત્ત છે વ્યવહાર એવો એને કર્તા કહેવો વ્યવહાર. ખરેખર એને કાંઈ આની સાથે કર્તા કર્મ છે નહિ. સમજાણું કાંઈ? વ્યવહાર કર્તાનો અર્થ જ કે કર્તા છે નહિ. આહાહા..!

કહે છે, પરદ્રવ્યના પરિણામમાં પુદ્ગલ પોતે કોઈ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, રાગ કે અંતરાય, હોં! એ આઠેય કર્મ, લ્યોને. '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું નથી,...**' આહાહા..! કહો, આત્મા સિદ્ધ પર્યાયને પ્રાપ્ત થાય, પ્રતિજીવી ગુણની નિર્મળ પર્યાયને પ્રાપ્ત થાય તે સમયે અઘાતિ કર્મનો નાશ છે. એ અઘાતિનો કર્મનો નાશ છે માટે અહીં પ્રતિજીવી ગુણની નિર્મળ પર્યાય પરિણમી, માટે અઘાતિ કર્મનો નાશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે કર્તા અને નિર્મળ પર્યાય સિદ્ધની થઈ એ કર્મ, એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરેકની. કર્તા .. છે ને. એક કર્તા છે, બીજો નિમિત્ત હો. જુઓ! આ કર્મ શીખવા પડશે. એય..! છોકરાઓને પૂછયું હતું કે આઠ કર્મ કોણ? એ પણ ન આવડે. હમણાં પૂછયું હતું ને અંદર? ક્યાં ગયો સુરેશ? પૂછયું હતું આઠ કર્મ કોને આવડે? તો કહે, નામ, ગોત્ર ત્યાંથી માંડ્યું. પણ જ્ઞાનાવરણીયથી કેમ માંડ્યું નહિ? છોકરાઓને પૂછ્યું, કર્મના નામ, આવડે છે નામ? ત્યારે કહ્યું, ઘાતિના નામ આવડે છે. ઘાતિકર્મ. તો સમ્મુચય કહો... નામ ગોત્ર. નામ, ગોત્ર ન હોય પહેલું. કારણ કે જાણનારને જાણનાર પહેલો હોય અને જાણનારનું નિમિત્ત કોણ એને પહેલું લેવું જોઈએ. સમજાણું કાંઈ?

‘**પરંતુ...**’ કર્મ પોતે અને રાગ પોતે પોતામાં પ્રાપ્ય છે. પણ જીવના વીતરાગી પરિણામનું કાર્ય તેને એ રાગ ગ્રહતો નથી, કર્મ ગ્રહતું નથી, તે પણે ઉપજતું નથી. ‘**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું...**’ વ્યાપ્ય એટલે અવસ્થા. પ્રાપ્ય નામ તે સમયે થવાવાળો પર્યાય એ પ્રાપ્ય. તેને પરિણમી નામ પૂર્વની અવસ્થા વ્યયથી થયું એ અપેક્ષાએ વિકાર્ય, નિર્વર્ત્ય. આ ત્રણ છે, હોં! આમાં ભાઈ! આ ટીકામાં છે સંસ્કૃત ટીકામાં. ત્યાં તો આપણે ઓલા રાજવાર્તિકનું (લીધું હતું). પણ આ ટીકામાં છે. આ છે ને? એ છે અંદર. જાણંતિ આવે છે ને? એના અર્થમાં નાખ્યું છે એ. પહેલો શ્લોક એ નાખ્યો.

આ .. છે ને આ? ... સંસ્કૃત ટીકા છે. ... પ્રાપ્યની વ્યાખ્યા કરી છે. ... ... વિકારની વ્યાખ્યા કરી. ઓલામાં સમ્મુચય કરી બહારની કરી છે. .. પહોંચી વળવું એ પરપદાર્થની. આ તો સ્વની લીધી. સમજ્યા? પાઠ જ છે. ... પછી ... ... ... એનો દાખલો આપ્યો છે. ત્રણ ખુલાસા કર્યા છે. સમજાણું કાંઈ? આ તો રાજવાર્તિકનું કહ્યું હતું, આ તો સંસ્કૃતના મૂળપાઠમાં છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સંયોગની વ્યાખ્યા થઈ. ફક્ત એમ બતાવ્યું છે. એ તો આ લોકો... વ્યાકરણમાં એ બતાવ્યું છે. સાદડી ને એવા બધા દાખલા આપ્યા છે. સાદડી.. સાદડી હોય ને? એનો દાખલો આપ્યો છે. વ્યાકરણવાળાએ. અહીં તો અંદરનો દાખલો આપવો છે. અહીં તો દાખલો માટીનો જ આપ્યો અંદર.

‘**પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પોતાના સ્વભાવરૂપ કર્મ...**’ દેખો ભાષા! પોતાના એટલે કર્મના સ્વભાવ, સ્વભાવ. સ્વ સ્થ ભવંતે સ્વભાવ. પોતાના થવા લાયક જે કર્મ. એ સ્વભાવરૂપ કર્મ, એ ‘**(કર્તાનું કાર્ય),...**’ પુદ્ગલનું. પુદ્ગલનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગ, જ્ઞાનની હિનતા વગેરે વગેરે પરિણમન જે છે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમમાં.. **'તેનામાં (તે પુદ્ગલદ્રવ્ય) પોતે અંતર્વ્યાપક થઈને,...'** પુદ્ગલ પોતાના પરિણામમાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં અંતર્વ્યાપક થઈને **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** અહીંયાં આત્માએ જ્ઞાનનો ક્ષયોપશમ કર્યો માટે ત્યાં ક્ષયોપશમ થવો પડ્યો એમ છે નહિ. સમજાણું કાંઈ? અહીં કેવળજ્ઞાન પ્રગટ્યું માટે કેવળજ્ઞાનાવરણીયને ક્ષય થવું પડ્યું જોરદારથી એમ નથી. એ કર્તા કર્મ થઈ ગયો. એમ સ્વરૂપ છે નહિ.

**'પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** પોતાના જ કર્મના પરિણામને, કર્મના ફળને અને જીવને ન જાણવાના ભાવને પોતે **'તેને જ ગ્રહે છે, તે-રૂપે જ પરિણમે અને તે-રૂપે જ ઊપજે છે; માટે જીવના પરિણામને,...'** વીતરાગી પરિણામ ક્ષયોપશમ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ **'પોતાના પરિણામને અને...'** કર્મના ઉદય રાગાદિ પરિણામ ઉદયને અને **'પોતાના પરિણામના ફળને નહિ જાણતું એવું પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ.'** વીતરાગી ભાવ. **'એવું પુદ્ગલદ્રવ્ય પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ...'** દેખો ભાષા લઈ લીધી પાછી. જીવના પરિણામ **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામ...'** આત્માના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ જીવનું પ્રાપ્ય, એ વિકાર્ય અને નિવર્ત્ય. એવું. છે? સમ્યગ્જ્ઞાન, સમ્યક્શ્રદ્ધા, સમ્યક્ શાંતિ, આનંદ. શાંતિ એટલે ચારિત્ર. આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવા વર્તમાન પરિણામ, એવા પ્રાપ્ય-તે જ પરિણામરૂપી પરિણામ અંશ તેને પ્રાપ્ય કહે છે, તેને વિકાર્ય, તેને નિર્વર્ત્ય **'એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્ય પરિણામસ્વરૂપ...'** કર્મની અપેક્ષાએ આત્માના પરિણામ પરદ્રવ્ય પરિણામસ્વરૂપ (છે). આહાહા..! સમજાણું કાંઈ? **'તેને નહિ કરતું હોવાથી,...'** તે પુદ્ગલ જીવના પરિણામને નહિ કરતું હોવાથી. સમજાય છે કાંઈ? **'તે પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ નથી.'** લ્યો! એ પુદ્ગલ દ્રવ્યને આત્મા સાથે એ કરનાર અને આત્માની વીતરાગી દશા કાર્ય એવું સ્વરૂપ સંબંધમાં છે નહિ. ચાર-પાંચ ગાથામાં ઘણું સ્પષ્ટ કર્યું... ઘણું સ્પષ્ટ કર્યું. કહો, સમજાણું આમાં? આ પ્રાપ્ય છેલ્લા શેમાં આવ્યા? આત્માના પરિણામ આવ્યા.

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ...'** કર્મની અપેક્ષાએ પરદ્રવ્ય, આમ આત્માની અપેક્ષાએ સ્વદ્રવ્ય. સ્વના જે પરિણામ જે પરની અપેક્ષાએ પરદ્રવ્ય, એ પોતે જીવે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યના પરિણામને પોતે પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્યથી પહોંચી વળ્યું છે. એવા કર્મની અપેક્ષાએ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય તેને પુદ્ગલ નહિ કરતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોવાથી, '**તે પુદ્ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મ ભાવ નથી.**' કહો, સમજાણું આમાં? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ કાંઈ.. સંબંધ એ તો પૃથકતા બતાવે છે. એ કંઈ આને લઈને આ અને આને લઈને આ. તો આ સત્‌ના અંશને આ સત્‌નો અંશ એમ હોઈ શકે નહિ. એમ ન હોય. સત્ આ. ઉત્પાદનું સત્ આ તો આ ઉત્પાદનું સત્ આને લઈને આ એ તો અસત્ થઈ ગયું, વસ્તુ હોઈ શકે નહિ. એ આ છે ત્યારે બીજી ચીજ હતી એને નિમિત્ત કહેવામાં આવ્યું. નિમિત્તનો અર્થ કે આ છે, માટે ત્યાં થયું એમ નહિ. અને ત્યાં આવું થયું તો અહીં થયું એમ નહિ. કારણ કે સત્‌નો અંશ જ ન રહ્યો તો તો. સમજાણું કાંઈ? આહાહા..! કેમ સમજાય છે? સુજાનમલજી!

મુમુક્ષુ :- હિન્દીમેં...

ઉત્તર :- ગુજરાતીમાં ચાલશે. ભાઈ! કાંઈ દરરોજ હિન્દી ચાલે? અહીં ગુજરાતી ચાલે. ઘણા ગુજરાતી બેઠા છે ને. હિન્દી તો સદાય ચાલે છે અહીં. હિન્દી જ્યારે ક્લાસ ચાલે ત્યારે હિન્દી ચાલે એ વખતે બધાએ આવવું જોઈએ. અહીં તો હિન્દી.. દરરોજ ચાલ્યા કરે. કહો, સમજાણું કાંઈ?

પરદ્રવ્યપરિણામસ્વરૂપ કાર્ય. જરી લક્ષ રાખે તો શબ્દમાં ફેર થોડો છે. પણ ખ્યાલમાં ન રાખે તો સમજે નહિ. અહીંયાં તો કહે છે કે પ્રાપ્ય નામ ભગવાન આત્મા, એનું જે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપી કાર્ય. આત્માનું કાર્ય, જે સ્વભાવરૂપી, વીતરાગીરૂપી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આનંદરૂપી પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું આત્માનું કાર્ય, તે કર્મના પરિણામની અપેક્ષાએ પરદ્રવ્યરૂપ પરિણામને તે ગ્રહતું નથી. તેથી તે પરદ્રવ્યના પરિણામ તે વીતરાગી પરિણામને કરતા નથી. કહો, સમજાણું આમાં? રાડું એ પાડે છે ને. ક્ષય અહીં થાય તો અહીં થાય. ક્ષયોપશમ અહીં થાય તો અહીં થાય. એમ નથી. સાંભળને હવે.

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં ક્ષયોપશમ થાય. અહીં ક્ષયોપશમ થાય તો એને ક્ષયોપશમ કરવો પડે એમ નથી. અહીં ક્ષયોપશમ થાય પુરુષાર્થથી સ્વને લક્ષે, તો જ્ઞાનાવરણીય મતિજ્ઞાનાદિમાં એવો ક્ષયોપશમ જ એની પર્યાયનો સ્વકાળ જ એવો હોય. એનો સ્વકાળ એવો જ હોય. સ્વકાળ એવો જ હોય. આના કાળને કારણે નહિ. આહાહા..! એ કીધું હતું ને? પૂછ્યો હતો ને પ્રશ્ન. જીવ રાગ કરે તો કર્મરૂપે પુદ્ગલને પરિણમવું પડે કે નહિ? અને રાગ ન કરે તો ન પરિણમે. એમ પ્રશ્ન થયો. બિલકુલ ખોટી વાત છે. રાગ જીવ કરે માટે પરમાણુને વિકારપણે પરિણમવું પડે એ તો પરાધીન દશા થઈ. એમ છે નહિ. છે જ નહિ. આહાહા..! એક સમયે થતા એમ નથી. એ ખૂબીની વાત છે ને અહીંયાં. એ વખતે પરમાણુ... પણ પરમાણુ તો જે જ્ઞાનાવરણીય રૂપે પરિણમવાને લાયક હતા એ આવ્યા છે. બીજા તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઘણા પડ્યા હતા. અનંત ગુણા પડ્યા હતા ઈ કેમ ન આવ્યા? એનું કારણ શું?

મુમુક્ષુ :- આની એના ઉપર છાપ મારી.

ઉત્તર :- છાપ-બાપ બિલકુલ ખોટી વાત છે. એની તે સમયની તે પર્યાય થવાને તે પ્રાપ્ય ને વિકાર્ય, નિર્વર્ત્યને યોગ્ય હતું તે પરમાણુ તેને પ્રાપ્ત થયા. બધા પરમાણુ કર્મપણે કેમ ન થયા?

મુમુક્ષુ :- યોગ્ય હોય એ થાય.

ઉત્તર :- થઈ રહ્યું. એ તો એની પોતાની પર્યાયની લાયકાતના સમયે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યપણે પરિણમ્યું એમ વસ્તુ છે. આડીઅવળી કરવા જશે તો વસ્તુ તત્ત્વ નહિ રહે. તો જ્ઞાન ખોટું પડશે, જ્ઞાન ખોટું પડશે તો સત્યને પકડી શકશે નહિ. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- જી સાહેબ! આપનું કહેવું બધું સત્ય જ છે.

ઉત્તર :- આમ વસ્તુ જાણવી જોઈએ ને. એને ન્યાયમાં, મગજમાં આવવી જોઈએને. અહીંયાં થાય માટે ત્યાં થાય, ત્યાં થાય માટે અહીં થાય એનો અર્થ શું? કે અંશ છે ને? પર્યાય પણ અંશ છે ને? તે અંશ છે ઉત્પાદ માટે અહીંયાં ઉત્પાદ થાય એનો અર્થ શું? ઉત્પાદનું કાર્ય એક સમય થયું માટે આને લઈને આ થયું? વાતમાં મોટો ફેર છે. સમજાણું કાંઈ? આહાહા..! જ્ઞાનમાં આવ્યું-જ્ઞાનપર્યાય થઈ કે આ રોટલી છે ને રોટલી? આ રીતે લેવી. એ જ્ઞાન થયું. એ વખતે આ પર્યાય એ જ્ઞાનની પર્યાયને લઈને થઈ? બિલકુલ નહિ.

મુમુક્ષુ :- ઈચ્છાની પર્યાયને કારણે.

ઉત્તર :- ઈચ્છાને લઈને નહિ. ઈચ્છા ભિન્ન પર્યાય છે. આ ભિન્ન પર્યાય છે. એ સમયે આમ રોટલી આમ કટકો (કરી). રોટલી સમજો છો ને? રોટી કહે છે ને? બરાબર રોટલી આમ કરે. રોટલીમાં દાળ ભેગી લેવી જોઈએને પાછી? એકલું નાખે તો આમ વાળે. શું થયું? શું થયું એમાં? એ પર્યાય ત્યાં થઈ? આ જ્ઞાન થયું ઈચ્છા થઈ માટે પર્યાય થઈ? એમ હોય તો ઈચ્છાનું સત્ અને આ સત્ બે એક થઈ જાય છે. આહાહા..! ભારે વાત ઝીણી. સમજાણું કાંઈ? એ પુદ્ગલ પોતે કર્તા. પોતાના તે સમયના પ્રાપ્યની પર્યાયને પહોંચી વળતું એનું પુદ્ગલનું કર્મ છે. આહાહા..! બહુ ભાઈ! એય..! વજુભાઈ!

મુમુક્ષુ :- ન્યાયસર છે.

ઉત્તર :- ન્યાયસર છે? હથોડો એક મોટો ઉપાડે. હથોડો મોટો ઉપાડે ત્યારે એની ક્રિયા.. માંદો હોય તો આમ ઉપાડી શકે નહિ. આમ બહુ .. હોય મોટો.. એટલું કાર્ય કરી શકે છે કે નહિ જીવ? પણ એ સમયે પદાર્થ એ છે કે નહિ? હથોડાના રજકણ છે કે નહિ? તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ રજકણનો તે સમયનો પર્યાયનો ઉત્પાદ છે કે નહિ? એ ઉત્પાદ છે અને બીજા હાથે શું કર્યું એને? હાથે ઉપાડ્યો નથી હથોડાને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય થતો નથી. એના પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :- નજરો નજર દેખાય છે.

ઉત્તર :- શું નજર દેખાય છે?

અનંત પદાર્થ અનંતપણે નજર રાખે તો નજરે-નજરે દેખાય કે દરેક પર્યાય પદાર્થની પોતાથી થઈ. અનંતને એક ખીચડો કરીને માને તો નજર તારી ખોટી છે. તત્ત્વ છે એવી તો તારી નજર છે નહિ. અનંત અનંતપણે છે એમ જ્ઞાન કરે તો જ્ઞાનમાં પ્રત્યેક ભિન્ન-ભિન્ન ભાસતા ભિન્ન આકારે ભિન્ન થાય. એ કહેતો હતો .. ત્યાં ગયા હતા ને? શું કહેવાય? મૂળી પાસે. મોલડી. મોલડી-મોલડી. મોલડીથી એક બીજું નાનું ગામ છે ત્યાં ગયા હતા. કે એક મહારાજ એવા આવ્યા છે કે હાથેથી હથોડી ઉપાડી શકે નહિ. ગામડાની વાતું ચાલે છે આ અમારી બધી. (સંવત) ૧૯૯૯ની સાલની વાત છે. એના પહેલાની. પછીની વાત છે. ૨૦૦૬ કે ૨૦૦૫. ઓલી પણે ઉતર્યા હતા. ૯૯માં અહીં ઉતર્યા હતા.

એક લુહાર હતો. લુહાર કહે, એક મહારાજ એવા આવ્યા છે. ચાલો ચાલો સાંભળવા જઈએ. પછી એક માણસ કહે, એક મહારાજ એવા આવ્યા છે કે હાથમાં હથોડી ઉપાડી શકાય નહિ અને એરણ ઉપર હથોડી મરાય નહિ. એરણ હોય ને એરણ? એરણ સમજો છો? લોઢાનું. હોય ને? સોની ઘડે છે ને સોની? શું કહે છે એને? એરણ. તો એરણ ઉપર હથોડા પડે છે, એ હથોડાને અડતો નથી. એય..! શેઠ! વૈદરાજજી! શું કહ્યું? હથોડી હોય કે નહિ હથોડી? એ એને (એરણને) અડી નથી. અડી નથી અને અવાજ થયો, એમ ભગવાન કહે છે.

મુમુક્ષુ :- એમ કેમ હોઈ શકે?

ઉત્તર :- આ શું મંડાણી છે ત્યારે આ? એ પરમાણુ પોતાની વર્તમાન અવસ્થાને પ્રાપ્ત કરે છે. અને આ છે એ પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. અને વચ્ચે અવાજ થયો એ ત્યાંના શબ્દ વર્ગણારૂપ પરમાણુ હતા એ પોતાના અવાજની પર્યાયરૂપે એ પરમાણુ પ્રાપ્ત થયા છે. એને કારણે નહિ. આહાહા..! એય..! ન્યાલભાઈ!

આમાં તો સીધી વાત છે. અનંત છે કે નહિ? જ્ઞાનીની જ્ઞાનની શ્રદ્ધામાં પરમાણુ અનંત છે કે સંખ્યાવાળા છે? તો અનંત અનંતપણે રહેનારા છે કે અનંતમાં કોઈ ભેળસેળ થઈ જાય છે? તો અનંત અનંતપણે રહીને અનંતપણામાં રહીને અનંતના કાર્ય અનંતમાં ભિન્ન-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભિન્ન થાય છે. એમ નજરે જોવું જોઈએ. આહાહા..!

મુમુક્ષુ :- તો સાચી નજર કહેવાય?

ઉત્તર :- તો સાચી નજર કહેવાય. આ તો કહે છે, આ કેમ બને? લ્યો, આ હજી આ જૂના માણસ. ૭૪ (વર્ષ થયા). કેટલા શબ્દો ગોખી રાખ્યા છે. શેઠ! કેટલા શબ્દ ગોખ્યા છે તમે? શબ્દ સમજો છો? શબ્દ સમજ્યા? આ શું કહેવાય? સ્તુતિ ને ભક્તિ. બહુ પદ શિખ્યા છે પણ આ શિખ્યા નહિ. થોડું ઘણું.

અહીં ઈ કહે છે. આ ચાર ગાથામાં એ આવ્યું. સમજાણું કાંઈ? એક એક રજકણ વર્તમાન પોતાના વર્તમાન પર્યાય તે સમયનો તે અંશને તે પરમાણુ પહોંચી વળે છે. બીજું દ્રવ્ય એને પ્રાપ્ત કરે છે એવું વસ્તુના સ્વરૂપમાં ત્રણ કાળમાં વ્યવસ્થિત પદાર્થમાં નથી. સમજાણું કાંઈ? આ તો બહુ ઝીણું ઉપડ્યું આજ તો. રાગ નહિ, રાગ પુદ્ગલ.

'**ભાવાર્થ :- કોઈ એમ જાણે કે પુદ્ગલ કે જે જડ છે અને કોઈને જાણતું નથી તેને જીવની સાથે કર્તાકર્મપણું હશે.**' જાણતું નથી એને હોય કે નહિ? બિચારા ભાળાને ભાન ન હોય. એ કદાચ હશે કે નહિ સંબંધ?

મુમુક્ષુ :- એ તો કરી નાખે ભૂલથી.

ઉત્તર :- કરી નાખે કાંઈક. જ્ઞાન નથી ને એને.

'**પરંતુ એમ પણ નથી. પુદ્ગલદ્રવ્ય જીવને ઉત્પન્ન કરી શકતું નથી,...**' એટલે જીવના વીતરાગી પરિણામ લેવા. જીવના વીતરાગી સમ્યક્ ધર્મના પરિણામને કર્મ ઉત્પન્ન કરી શકતું નથી, પરિણમાવી શકતું નથી. જીવને વીતરાગી ધર્મપણે કર્મ '**પરિણમાવી શકતું નથી તેમજ ગ્રહી શકતું નથી...**'

મુમુક્ષુ :- કર્મનો ક્ષય થાય એટલે થાય.

ઉત્તર :- ક્યાં? આવ્યું ને પહેલું. એ તો ક્ષય થયો એનામાં. .. ક્ષાયિક દશા થઈ અહીં. કોઈ કોઈને કાંઈ કરતું નથી. ઉપશમમાં એમ લેવું. કર્મનો ઉપશમ કર્મમાં થાય, તેને પરમાણુ પ્રાપ્ત કરે છે ત્યારે ઉપશમ સમકિત પોતામાં થાય એ આત્મા તેને પ્રાપ્ત કરે છે. કર્મનો ઉપશમ થયો માટે સમ્યક્ ઉપશમ થયું એમ છે જ નહિ. એ બધા કથનો શાસ્ત્રમાં નિમિત્તના આવ્યા છે. નિમિત્ત શું હતું ત્યાં એનું જ્ઞાન કરાવવા.

મુમુક્ષુ :- ગોમ્મટસાર રહેતું નથી.

ઉત્તર :- ગોમ્મટસાર જ એમાં રહે છે, નહિતર ગોમ્મટસાર રહેતું નથી. આમ સમજ્યા વિના ગોમ્મટસાર રહેતું નથી. પણ કર્મની અવસ્થા કર્મપણે થાય, જીવની અવસ્થા જીવપણે થાય, એમાં નિમિત્ત કોણ હતું એમ ગોમ્મટસાર બતાવે છે. એને લઈને આ થાય એમ છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. સમજાણું કાંઈ?

'**તેથી તેને જીવ સાથે કર્તાકર્મપણું નથી. પરમાર્થે કોઈ પણ દ્રવ્યને...**' લ્યો! આ છેલ્લો સરવાળો આવ્યો. છે? '**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**' લ્યો! વ્યવહારે બોલવામાં આવે છે. પરમાર્થે છે નહિ. કહો, દવાએ રોગ મટાડ્યો એમ વાત છે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- તો દવા શું કામ કરે?

ઉત્તર :- કોણ કરે છે? આવવાની હોય તો આવે, મટવાનું હોય તો મટે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. દવાથી રોગ મટતો નથી. આહાહા..! ભારે વાત!

મુમુક્ષુ :- બધાની કિંમત ઉડાડી દો છો.

ઉત્તર :- એમાં સૌની પોતાની સ્વતંત્રતાની કિંમત રહે છે. નહિતર સ્વતંત્રતા લૂંટાઈ જાય છે. સ્વતંત્ર,.. એ પરમાણુ સ્વતંત્ર છે પોતે. ઓલો કહે, આયુર્વેદ ઉડી જાય છે. હવે એમ લખ્યું છે.

મુમુક્ષુ :- પણ આયુર્વેદ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ કરે છે ને.

ઉત્તર :- સંબંધ કરે છે. આયુર્વેદ અને દવાથી રોગ મટી જાય છે? તો મરે શું કરવા? ડોક્ટર મરી જાય છે. મરી ગયા ક્યાંય ચાલ્યા ગયા.

મુમુક્ષુ :- જીવીએ ત્યાં સુધી...

ઉત્તર :- જીવવા સુધી જીવે છે પોતાની પર્યાયમાં. પરથી જીવતો પણ નથી. કોણ જીવે? જીવે કોણ?

'**પરમાર્થે...**' ખરેખર. પરમાર્થ એટલે. '**કોઈપણ દ્રવ્યને...**' જુઓ! અહીં તો સરવાળો લીધો. '**કોઈપણ દ્રવ્યને...**' એ રોટલીને અગ્નિ કરતી નથી. રોટલીને સ્ત્રી કરતી નથી. સ્ત્રીનો હાથ ઊંચો આત્મા કરતો નથી. અગ્નિ શેકતી નથી. અગ્નિ ભિન્ન દ્રવ્ય છે, રોટલી ભિન્ન દ્રવ્ય છે. કોઈ દ્રવ્ય પરદ્રવ્યને કરે એ ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- ચૂલે ચડાવવી કે ન ચડાવવી?

ઉત્તર :- કોણ ચડાવે? કોનો હક છે કે ચડાવે? આહાહા..! સમજાય છે કાંઈ? આ તો સાંભળ્યું નહિ હોય કોઈ દિ'. વૈદરાજજી! લખ્યું છે એમાં?

'**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને...**' કોઈપણ હવે લીધું. કોઈપણ રજકણ, કોઈપણ આત્મા. શાસ્ત્રમાં એમ આવે કે એક પરમાણુ બે ગુણ ચિકાશવાળો હોય અને બીજો ચાર ગુણવાળો હોય તો ચાર ગુણવાળો એને ચારગુણપણે પરિણમાવે. એવો પાઠ છે. એનો અર્થ શું? સમજાય છે? બે ગુણ અધિક. એમ નહિ. એ તો એક નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. બે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગુણવાળો પરમાણુ, ચાર ગુણવાળા પરમાણુના સંબંધમાં ચાર ગુણ થાય, એના સ્વકાળે પોતે પ્રાપ્ય કર્મને કહ્યું છે. એના ચાર ગુણની પર્યાય પરિણમાવવામાં પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય એ પરમાણુનું છે. ચાર ગુણવાળાનું એ પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઝાઝું લખાણ જ ગૂંચવણને તોડવાવાળું છે.

'**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મ ભાવ નથી.**' આખા અનંતા દ્રવ્ય લઈ લીધા. આહાહા..! સ્વયં જીવ ગતિ કરે ત્યારે ધર્માસ્તિની પર્યાય નિમિત્ત કહેવાય, પણ ધર્માસ્તિની પર્યાય કર્તા અને ગતિ કાર્ય જીવનું એમ છે નહિ. એમ કહે છે. નિમિત્ત બીજી ચીજ છે, કર્તાકર્મ બીજી ચીજ છે. એ હોય તો સ્વયં ગતિ થઈ એમ નહિ. સ્વયં ગતિપણે પરિણમનારને પોતાના પરિણામ સ્વયં ગતિના પ્રાપ્ય-વિકાર્ય-નિર્વર્ત્યને આત્મા પહોંચી વળે છે. ત્યારે (-ધર્માસ્તિકાય) તેને નિમિત્ત કહેવાય છે. ધર્માસ્તિને નિમિત્ત કહેવાય છે. કહો, સમજાય છે કાંઈ? અહીં તો જ્ઞાનીની અપેક્ષાએ વાત લીધી.

શ્રેણિક રાજા નરકમાં જાય છે મરીને. .. નરકમાં. અહીં તો ત્યાં સુધી કહ્યું કે જ્ઞાની ક્ષાયિક સમકિતી જ્ઞાની છે. જરી ઝેર લેવાનો વિકલ્પ આવ્યો, એને તો જાણે છે, પરિણમતો નથી. આહાહા..! આ રસ્તામાં પણ ગતિ થાય છે. ગતિ થાય છે ને જવાની? એને એ કરતો નથી. જાણે છે. મિથ્યાદૃષ્ટિ છે એ નરકમાં જાય છે ત્યારે પણ પોતાની પર્યાયના પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્યને લઈને આમ ગતિ કરે છે. ત્યારે કર્મ તો નિમિત્ત છે. કર્મને કારણે અહીંયાં ગતિમાં જાવું એમ છે નહિ. પણ સમ્યગ્દૃષ્ટિની જ્યાં આમ ગતિ થાય વિકારી પર્યાય, એનો એ જ્ઞાતા છે. કર્તા નથી. આહાહા..!

માતાના પેટમાં ભગવાન ત્રણ જ્ઞાન લઈને આવ્યા, તીર્થંકર ત્રણ જ્ઞાન લઈને આવ્યા. તો દેહની અવસ્થા અને જે દેહમાં થાય ખોરાક આદિ એ પર્યાયને જ્ઞાની જાણે છે. આહાહા..! આહાર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એમ કહે છે ને? .. બાંધે ચાર. શું બાંધે? આહાર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન બાંધે. અહીં ના પાડે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ છે અજ્ઞાની એ પરને તો બાંધતો નથી. પોતાની યોગ્યતામાં પરિણમી રહ્યો છે અને જ્ઞાની ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી માતાના પેટમાં આવ્યા એમ જે કહેતાં એ વખતે પણ જે રાગ જરી છે, દેહની ક્રિયા જે થઈ તેને તે જાણે છે. એ રાગ તેનું કર્મ અને આત્મા એનો કર્તા એમ છે નહિ. આહાહા..! માતાના પેટમાં હોય તો પણ નથી અને રસ્તામાં એક સમયમાં હોય તો પણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- માતાના પેટમાં હોય..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પેટમાં એ તો નિમિત્તનું કથન છે. છે પોતાના આત્મામાં. રાગમાં નથી જ્ઞાની વળી પેટમાં ક્યાંથી આવ્યો? આહાહા..! વજુભાઈ! ક્ષાયિક સમકિતી શું ક્ષયોપશમ સમકિતી હોય અને નરકમાં જાતો હોય. ત્રીજી સુધી જાય છે ને. એ પોતાની પર્યાયમાં વ્યાપ્ત છે. આહાહા..! નરકગતિનો ઉદય આવ્યો અને ગતિની યોગ્યતાપણે પરિણમ્યો એ પરિણામ એના નથી. આહાહા..! એથી એ કર્મે કરાવ્યા એમ અહીંયાં નથી કહેવું. અહીંયાં તો રાગ અને ઉદયકર્મના નિમિત્તથી ભિન્ન પડેલું પરિણમન પરનો કર્તા નથી એટલું ભેદજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? અને પહેલું ભેદજ્ઞાન તો જ્યારે ગતિમાં જાય આમ, તો પણ કર્મ એને ખેંચી જાય છે એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- આનુપૂર્વી ..

ઉત્તર :- આનુપુર્વી એને ઘરે રહી. કર્મમાં ઉદય આવી. અહીં ગતિ કરવાની પોતાની યોગ્યતાથી પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આનુપુર્વી કર્મને લઈને નરકમાં જાય એ કહેવું પણ નિમિત્તનું કથન છે.

મુમુક્ષુ :- આનુપૂર્વીને લઈને તો આકાર રહ્યો છે.

ઉત્તર :- આકાર પોતાને કારણે રહ્યો છે. છતાં આકાર પણ પોતાને કારણે, આનુપૂર્વીને કારણે નહિ. આ તો જૈનદર્શન છે, બાપુ! છ દ્રવ્યને સિદ્ધ કરે છે. છ દ્રવ્યનું એક સમયનું જ્ઞાન આત્માની તાકાતવાળું છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું જ સ્વરૂપ છે.

‘**પરમાર્થે કોઈ પણ દ્રવ્યને કોઈ અન્ય દ્રવ્યની સાથે કર્તાકર્મભાવ નથી.**’ આહાહા..! ત્યારે ઓલા કહે, તમે એમ માનતા હો નિયત થાય તો તાળા કેમ દો છો? વિષ કેમ ખાતા નથી? અરે..! ભગવાન પણ શું કહે છે તું? ભાઈ! આવા તર્ક કરે, લ્યો. ત્યાં પર્યાય એવી થવાની છે તો પછી ખાવને ઝેર. અરે..! કોણ ઝેર ખાય? ઝેરની પર્યાય ઉપાડે કોણ, લે કોણ? ભાઈ! તને ખબર નથી. આવું અભિમાન નિકળ્યા વિના સખ નહિ આવે. એ અર્થના કળશનું કાવ્ય કહેશે, લ્યો... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૭, ગુરુવાર તા. ૨૦-૧૦-૧૯૬૬**
**શ્લોક-૫૦, ગાથા-૮૦ થી ૮૨, પ્રવચન-૧૬૩**

૫૦મો કળશ છે. કળશ. ૭૯ ગાથા થઈ રહી ને? એટલે ૫૦મો કળશ છે. બોલો.

**ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्‌गलश्चाप्यजानन्**
**व्याप्तव्याप्यत्वमन्तःकलयितुमसहौ नित्यमत्यन्तभेदात्।**
**अज्ञानात्कर्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत्**
**विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः।।५०।।**

આ ચારેય ગાથાનો શ્લોક છે. સમજાણું? ૭૬, ૭૭, ૭૮ અને ૭૯. ચારેય ગાથા. ૭૫માં આવી ગયો છે. આવી ગયો છે. વ્યાપ્ય-વ્યાપક. ચારેય ગાથા ચાલી. ઘણા દિવસથી ચાલતી હતી. હતું જરી ઝીણું. એ તત્ત્વની દૃષ્ટિની વાત છે ને.

'**શ્લોકાર્થ :- જ્ઞાની તો...**' જુઓ! એ શબ્દ છે. ધર્મી એને કહીએ, ધર્મી-સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની એને કહીએ કે શું એ કરે અને શું ન કરે? કે જ્ઞાની નામ ધર્મી '**તો પોતાની અને પરની પરિણતિને...**' પોતાની દશા. એ દશા લીધી છે ભલે. પણ એ દશા (કહેતા) દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણેય લેવા. ત્રણેય લેવા. સમજાણું કાંઈ? અહીં તો ઓલી પરિણતી-પર્યાયનો પ્રશ્ન છે ને એટલે પરિણતિ શબ્દ વાપર્યો. પણ ખરેખર ધર્મી જીવ પોતાના શુદ્ધ દ્રવ્યને, શુદ્ધ ગુણને અને શુદ્ધ પર્યાયની પરિણતિને જાણે છે. અને પરપરિણતિને. અહીં તો વિકારની પ્રધાનતા બતાવવી છે ને? રાગાદિ, પુણ્યાદિના ભાવ થાય, દેહની અવસ્થા થાય તેને જાણતો પ્રવર્તે છે, કરતો પ્રવર્તતો નથી પરને. પરને, હોં! સમજાણું કાંઈ?

ધર્મ એને કહીએ અથવા સુખી જીવ એને કહીએ, સુખી જીવ એને કહીએ કે જે આત્માનો સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે, એનો ગુણ શુદ્ધ છે, એની પર્યાય વર્તમાનમાં શુદ્ધ થઈ છે. શુદ્ધ થઈ છે. રાગરહિત શ્રદ્ધા, રાગરહિત જ્ઞાન અને રાગરહિત સ્થિરતા, એવા આત્માના આચરણની પરિણતિ પ્રગટ કરી છે. એને જ્ઞાની કહીએ, એને ધર્મી કહીએ, એને સુખી કહીએ. કહો, વજુભાઈ!

મુમુક્ષુ :- બીજા કરતા આની પાસે..

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી. છોકરો હમણાં ના પાડતો હતો. મેં કહ્યું, તારા બાપને પૈસા-બૈસા મળ્યા. ના, એ શરીરનું સુખ. હમણાં તુરખિયો કહેતો હતો. એનો બાપ રહે છે ને એડનમાં? તારે ક્યાં, તારે તો બાપ રળે છે અને પૈસા છે. ત્યાં ક્યાં ઓલાને પૈસા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. બધા રળે છે. ..ભાઈ આવ્યા છે કે નહિ? નથી આવતા. કીધું, છોકરાવને પૈસા છે. ગરીબ માણસને તો રોટલા પણ મળતા નથી. એ વાત થઈ હતી. છાપામાં કાંઈક આવતું હતું કે કોઈ ગરીબ માણસને અનાજ મળતું નથી, ઘાસને પીસીને ખાય છે. પંડિતજી! એવું લખાણ આવ્યું હતું. ભાઈ કહેતા હતા. શેમાં આવ્યું હતું? કહો, દુકાળમાં સાંભળ્યું હતું. છપ્પનિયામાં સાંભળ્યું હતું. ખડધાન-ખડધાન. ઘાસ હોય ને એમાં ધાન હોય છે, ઝીણા... ઝીણા... ઝીણા. એના તો રોટલા કરતા એવું તો સાંભળ્યું હતું, છપ્પનમાં. ખડધાન. સાંભળ્યું છે? ખડ થાય ને ખડ? ખડ એટલે ઘાસ. ઘાસ થાય ને બહુ, એમાં ઉપર દાણા થાય ઝીણા-ઝીણા. બહુ ઝીણા બી. એના રોટલા કરતા એવું સાંભળ્યું હતું. છપ્પનમાં બહુ દુકાળ પડ્યોને. અને .. સમજ્યાને? એક આવડી આવડી ભોરંગડી થાય. એના રોટલા કરતા. સાંભળ્યું હતું. છપ્પનની વાત છે. બહુ .. પડેલી. હતું તો સોંઘુ, પૈસા ન મળે. આમ તો પૈસા કેટલાક આગળ જોયેલા, મરી ગયેલા. સો-સો રૂપિયા નીકળ્યા કડેથી. રોટલા ન ખાધા. ત્રાસ થઈ ગયો. હાય-હાય શું થશે? એમ થઈ ગયું. ગરીબને બિચારાને એમ થાય કે ભાઈ, પૈસાવાળાને તો ઢગલા પૈસા મળે. અત્યારે ગરીબ માણસને રોટલા પણ મળતા નથી. ન્યાલભાઈ! એ તમારે છોકરાની વાત યાદ રાખી હતી. ઈ ઉપરથી વાત કહી. ઓલાને છોકરાને તો પાંચ પાંચ લાખ મળે છે કોટા ત્યાં. ઓલાને રોટલા મળતા નથી. એ વાત થઈ હતી તે દિ' અંદર. આહાહા..! એ તો ત્યારે પછી મેં કીધું, તમારે તો રોટલા છે. છોકરાને કીધું. તમારા તો (છે). ... તો પૈસા છે. એ શરીરનું છે, ઈ સુખ ન કહેવાય. વાત સાચી છે કે નહિ? એ પૈસામાં શું ધૂળમાં હતું? શરીરમાં ક્યાં હતું? સુખ તો આત્મામાં છે. એ બધા દુઃખિયા છે. સમજાય છે? આ રાગને પોતાનો માનીને રહે એ દુઃખીયા પ્રાણી છે. તો પછી આ પરને પોતાના માનીને રહે એ તો મોટા દુઃખીયામાં મુખિયા છે. એય..! ન્યાલભાઈ! આહાહા..! ભગવાન! તું તો આનંદથી ખાલી નથી, ભાઈ! આહાહા..! એને ખબરું નથી. એ આત્મા આનંદથી ખાલી નથી. શું સમજાણું? શેઠ! આનંદથી ખાલી નથી એમાં શું સમજ્યા?

મુમુક્ષુ :- આત્મા આનંદથી ખાલી બિલકુલ નથી.

ઉત્તર :- આનંદથી ભરેલો છે. આ તો આત્મા જે અંદર આત્મા જેને કહીએ, એમાં તો અતીન્દ્રિય આનંદ ભરચક ભર્યો છે. એ આનંદથી ખાલી નથી, ખાલી નથી, અપૂર્ણ નથી, વિકૃત નથી. એવો એનો અતીન્દ્રિય આનંદનો ત્રિકાળ... ત્રિકાળ.. ત્રિકાળ... સ્વભાવ છે. એ આનંદનો આશ્રય લઈ અને જેને અંતર આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા જ્યાં પ્રગટી છે એને અહીંયાં ધર્મી કહેવામાં આવે છે. અહીં જ્ઞાની શબ્દનો અર્થ ચાલે છે. સમજાય છે કાંઈ? બાકી ચાહે સો પૈસા કરોડપતિ અને અબજોપતિ (હોય), શરીર ને બાયડી, છોકરા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઢગલા અને અંદર પુણ્યના પરિણામ પણ કરતા હોય છતાં એ બધા દુઃખી છે. પુણ્યના ફળ ભલે ભોગવતા હોય, રાગ હરખ-શોક, પણ આ તો નવા પુણ્ય કરતા હોય શુભભાવ, તોપણ એ પ્રાણી જ્ઞાની ને ધર્મી ને સુખી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ .. કહીએ છીએ ને. ધર્મી એના અંતરમાં આનંદ છે. એ પરથી પૃથક્ અને પોતાના આનંદ સ્વભાવથી આત્મા અભિન્ન છે. પુણ્ય-પાપના વિકલ્પ જે થાય રાગ એનાથી આત્મા જુદો છે. અને પોતાના આનંદ અને જ્ઞાન સ્વભાવથી કોઈ દિ' જુદો નથી. એવું જ્યાં અંતર ભાન થાય, એને સુખી અને ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સુખીની તો વ્યાખ્યા પહેલી કરી. આહાહા..! સમજાય છે કાંઈ?

જ્ઞાની એટલે કે ધર્મનો ભાવ જેને આનંદનો, શાંતિનો, શ્રદ્ધાનો, જ્ઞાનનો અંતર સ્વભાવમાંથી પ્રગટેલી દશાવંત છે તે ધર્મી છે. ચાહે સો ચક્રવર્તીના રાજમાં દેખાય એ, પણ તે તેનો સ્વામી નથી. આહાહા..! ચક્રવર્તીના રાજનો એ સમકિતી-જ્ઞાની સ્વામી નથી. એ સ્વામી તો રાગનું જ્ઞાન અને પરનું જ્ઞાન અને સ્વનું જ્ઞાન, એવા જ્ઞાન શુદ્ધ પરિણામનો એ સ્વામી છે. એનો એ ધણી છે. કહો, શેઠી!

એ ધર્મી જીવ '**પોતાની અને પરની પરિણતિ...**' શબ્દે ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય. તાકાત તો આત્માના શુદ્ધ જ્ઞાન પરિણામમાં, શુદ્ધ જ્ઞાન પરિણામમાં પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની તાકાત છે અને પરના પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવાની તાકાત છે. અહીં તો પરિણતિ પર્યાય ઉપરથી વાત લીધી. પરદ્રવ્ય પર્યાયે ન પરિણમે એમ લેવું હતું ને કર્તાકર્મ? સમજાણું કાંઈ? ઓહોહો..!

ધર્મી જીવ. ધર્મીના લૂગડા બહાર હોય કે કપડા બહાર હોય કે બાયડી હોય એની સાથે કાંઈ સંબંધ નથી. બાયડી-બાયડી આત્મા છે જ નહિ. ધર્મી પોતાને સ્ત્રી માનતો નથી, પુરુષ માનતો નથી. સ્ત્રીલિંગ અને વિકારના વિકલ્પો એ પોતામાં છે એમ એ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો ધર્મી તો પોતાની અને પરની.. આમાં શું કરવું એ ભેગું આવી જાય છે. રાગથી, પરથી, પોતાને પૃથક્ જાણવો, અનુભવવો એનું નામ ધર્મ. કહો, વજુભાઈ! આ ધર્મની વ્યાખ્યા.

એવો ધર્મી પોતાની એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય, પર્યાય પોતાની શુદ્ધ અહીં લેવી, પરની પરિણતિ, પરના દ્રવ્ય-ગુણ ને અશુદ્ધ પરિણતિ, શુદ્ધ પરિણતિ એમ બધું લેવું. સમજાણું કાંઈ? આહાહા..! એક કોર ભગવાન ચૈતન્ય સ્વરૂપ, અનાકુળ આનંદના રસથી ભરેલો પદાર્થ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઓલામાં આવ્યું હતું ને? કડી નહોતી આવી? 'મોહ કર્મ મમ નાહિ. કહે વિચિક્ષણ પુરુષ સદા હૂં એક હું..' ધર્મી જીવને અહીંયાં વિચિક્ષણ કહેવામાં આવ્યો છે. અને એ ડાહ્યો કહેવામાં આવ્યો છે. એને ધર્મી અને જ્ઞાની, એને સમજુ કહેવામાં આવ્યો છે. આહાહા..! શેઠી! આ દુનિયાના માપ જુદા અને આ જુદા. આત્મા અખંડ આનંદમય શુદ્ધ ચૈતન્ય, એની જેણે કિંમત કરી અને પુણ્ય અને પાપના ફળની કિંમત જેણે દષ્ટિમાંથી ઉડાડી દીધી છે. સમજાણું કાંઈ? પુણ્ય અને પાપના ભાવની કિંમત ઉડી ગઈ છે, તુચ્છ થઈ ગઈ છે, તુચ્છ. સમજાય છે? અને શરીર અને પુણ્ય-પાપના ફળો, એની જેને કિંમત ગઈ છે દષ્ટિમાંથી, એને થઈ છે કિંમત ચૈતન્યની. આહાહા..!

ચૈતન્ય રત્નાકર ભગવાન આત્મા આનંદની નિધિ, આનંદની ખાણ છે. જ્ઞાનનો સાગર છે. શ્રદ્ધાની મૂર્તિ છે, વીર્યનું આખું સ્વરૂપ-વીર્ય-બળનું સ્વરૂપ છે આખું. એવું જેણે પ્રથમ વિકાર અને સંયોગથી પૃથક્ કરીને આત્માને અનુભવ્યો, જાણ્યો, વેદ્યો એવો જ્ઞાની પોતાને જાણે છે કે હું કોણ છું, પરને જાણે છે કે પર કોણ છે. જાણતો પ્રવર્તે છે. જોયું! કુંભારનો કોઈ હોય જીવ જ્ઞાની, તો એ ઘડા કરવા ટાણે પણ એ જ્ઞાની એમ જાણે છે કે આ ઘડાની પર્યાય માટીથી થાય (છે) એમ એ જાણે છે. એમાં જરી રાગ જે આવ્યો છે, એને પણ ધર્મી રાગને જાણે છે. રાગને પોતાનો કરીને માનતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ ધર્મી જીવ સ્ત્રી હોય અને દાળ-ભાત, રોટલી ને શાક ખાતા હોય. રોટલી... શું કહેવાય? વેલણ. વેલણ શું કહેવાય? વેલણ-વેલણ કહે? એ ક્રિયાને અને તેના સંબંધીના વિકલ્પને ધર્મી પોતાને પોતાનું જાણતા એને જાણવામાં પ્રવર્તે છે. એ રાગ અને એ ક્રિયા મારી એમ એ પ્રવર્તતો નથી. આહાહા..! વૈદરાજજી!

સમકિતી વૈદ હોય. વૈદનું લઈએ. ધર્મી વૈદ હોય તો એ આત્માને શુદ્ધ દ્રવ્ય છે, શુદ્ધ ગુણ છે અને એની પર્યાયમાં શુદ્ધતા સ્વભાવના અવલંબે પ્રગટી તેનો સ્વામી છે અને તેને જરી રાગ આવ્યો અને ગોળીયું વળે અને આ થાય ને ભસ્મુ થાય ને ધૂળ થાય. ત્રાંબાની ને લોઢાની ને મોતીની. એ બધી ભસ્મની પર્યાય પરમાણુથી થાય છે. એનો અહીં વિકલ્પ જરી આવ્યો છે એને પણ વિકલ્પમાં જાણતો પ્રવર્તે છે પણ વિકલ્પમાં પોતાપણે માનીને પ્રવર્તતો નથી. આહાહા..! કહો, શેઠી! આ તો ચારે શ્લોકનો સાર મૂક્યો છે ને.

'**જાણતો પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્ય...**' કર્મ, શરીર અને રાગ. કર્મ, શરીર અને રાગ એ '**પોતાની અને પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...**' એ રાગ પોતે પોતાને જાણતો નથી અને રાગ જોડે રહેલા જ્ઞાની સ્વરૂપ ભગવાન આત્માને જાણતો નથી. આહાહા..! ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ, એનાથી અંધારું રાગ જે દયા, દાન, વ્રતના પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે શુભ-અશુભ આ રળવા આદિના ભાવ અંધારા છે, અચેતન છે. જ્ઞાનના નૂરથી પૂરો ભરેલો, પૂરો ભરેલો ભગવાન, ત્યારે એ રાગમાં જરીએ ચૈતન્યનો અંશ નથી. એ રાગ, દયા, દાન, વ્રત વ્યવહારત્નત્રયનો વિકલ્પ જે છે કે હિંસા-જૂઠાનો વિકલ્પ છે, એ પોતે પોતાને જાણતા નથી કે હું ક્યાં કેમ છું અને આત્માને પણ જાણતા નથી.

'**પોતાની અને પરની પરિણતિ...**' પરની એટલે આત્માની. સમજાણું કાંઈ? '**નહિ જાણતું પ્રવર્તે છે;...**' પ્રવર્તે તો છે પણ નહિ જાણતું પ્રવર્તે છે. આહાહા..! '**આમ તેમનામાં સદા અત્યંત ભેદ હોવાથી...**' આમ ભગવાન ચૈતન્ય સ્વરૂપનો જાણનાર અને રાગ નહિ જાણનાર, શરીરની ક્રિયા જડ નહિ જાણનાર. આહાહા..! ધર્મી જીવ એ મોસંબી અને દાળ-ભાત ખાવાના કાળમાં પણ એ ક્રિયા થાય છે તેને જાણે છે અને તેમાં જરી રાગ થયો તેને પૃથક્ કરીને જાણે છે. પૃથક્ રાખીને જાણે છે. એક રાખીને જાણે એ જાણવું અજ્ઞાનનું સ્વરૂપ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? વિજયકુમારજી! ભાષા સમજાય છે ગુજરાતી? ક્યાં મુંબઈ રહે છે? ભાષા થોડી થોડી ગુજરાતી શીખી લેવી. હુશિયારને માણસને તો .. આહાહા..! આવું ક્યાં પણ આવે. તમારે એમ.એસ.માં પણ નહિ આવતું હોય આવું. એમ.એ.એસ. થયા છે. એમ.એસ.સી. એમ ને? આ અમારે બી.એસ.સી. શું છે? બી.એસ.સી. એનાથી વધારે ભણ્યા છે. એ ભણતરનો ભાવ પણ ખરેખર ચૈતન્યનો નથી. આહાહા..! પૂર્વે એ જાતનો રાગ મંદ અને ક્ષયોપશમનો ભાવ હતો. એથી એને એ વર્તમાન ઉપયોગપણે તેનું કાર્ય થયું છે. એ આત્માનું કાર્ય નથી. આહાહા..! એય..! શેઠી!

ધર્મી જીવ પોતાના જ્ઞાન સ્વરૂપના આનંદની પરિણતિને પરિણમતો, જાણતો, એને એ જાતનો જ્ઞાનનો ક્ષયોપશમ સમકિતી મોટા બારિસ્ટર પણ હોય. સમજાય છે કાંઈ? ચક્રવર્તી હોય ચક્રવર્તી. પછી શું? જેને છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળનો,.. કેવા? જયકુમાર. જયકુમાર ને? સેનાપતિ. સેનાપતિ. એકાવતારી ગણધર તીર્થંકરના થવાના. ભરતના ચક્રવર્તીના સેનાપતિ જયકુમાર, સુલોચના આવે છે ને? આદિ પુરાણમાં. જાતિસ્મરણ થયા છે. પૂર્વ ભવમાં હતા ભેગા અને પછી ભાન થયા એકદમ. વૈરાગ્ય... એકદમ મુનિપણું લીધું. છન્નું કરોડ પાયદળ, એનો સેનાપતિ, ભરતનો સેના નાયક. આહાહા..! અમે તો આત્મા છીએ ને. અમે તો આનંદ અને શુદ્ધ છીએ ને. એ સેનાપતિની ક્રિયાઓ પરની થાય તેના અમે જાણનાર છીએ. જરી એ રાગ આવ્યો એના પણ અમે (જાણનાર છીએ). અમારી મોજૂદગીમાં રાગનો ભાવ નથી. રાગને પૃથક્ રાખીને તે કાળે જાણે છે. આહાહા..! અને અજ્ઞાની ક્ષણે ને પળે દયા પાળવાનો ભાવ (કરે છે), આ કર્યું અને આ કર્યું.. આ કર્યું.. મેં દયા પરની પાળી, આ ભાવ-રાગ થયો એ મારું કર્તવ્ય છે. એમ માનીને રાગને એકત્વ કરીને જાણતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાદષ્ટિ પ્રવર્તે છે. જાણતો પ્રવર્તતો આવે છે ને? બીજી ગાથામાં. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ત્યાં આવે છે. આમાં જ છે ને. બીજી ગાથામાં આવે છે. જાણતો પ્રવર્તતો, હોં! આ તો જાણતો કેમ પ્રવર્તે આવ્યું એટલે (લીધું). બીજી ગાથા છે ને બીજી. (પરને એકત્વરૂપ) જાણતો અને રાગાદિરૂપે પરિણમતો એવો પરસમય. છેલ્લી લીટી છે. '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।**' અજ્ઞાની પુદ્ગલ કર્મના કાર્મણસ્કંધ પ્રદેશમાં સ્થિત થવાથી, રાગમાં સ્થિત એ કાર્મણસ્કંધ(માં સ્થિત છે), પોતાની સાથે એકપણે એક કાળમાં જાણતો. રાગને. તેવા રાગાદિ (રૂપ) પરિણમતો. દેખો! આહાહા..! એક કાળમાં જાણતો અને રાગાદિરૂપ પરિણમતો. જાણતો એટલે કે એનો જ્ઞાનનો પર્યાયનો સ્વભાવ તો છે ને જાણવું એ. પણ જાણતા એકરૂપે પ્રવર્તીને માને છે. પરસમય એમ પ્રતીત કરવામાં આવે છે. સમજાણું કાંઈ? '**युगपज्ज्ञानन् गच्छंश्च परसमय इति प्रतीयते**'.

કહે છે કે આમ તેમનામાં સદા અત્યંત. તેમનામાં એટલે? આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિના પરિણામ શુદ્ધ અને રાગાદિ અને પરવસ્તુ અશુદ્ધ. અથવા રાગાદિ આદિ પરવસ્તુ એ બેનો અત્યંત ભેદ હોવાથી '**તે બન્ને પરસ્પર અંતરંગમાં...**' તે બંને પરસ્પર અંતરંગમાં '**વ્યાપ્યવ્યાપકભાવે પામવા અસમર્થ છે.**' આહાહા..! ભગવાન આત્મા પ્રસરનારો વ્યાપક અને પુણ્ય પરિણામ તે તેનું વ્યાપ્ય નામ અવસ્થા, એમ થવું અશક્ય છે. એમ બનતું નથી. આહાહા..! આ તો થઈ રહ્યું. બહારથી માંડી. આ મેં ધર્મ કર્યો.. ધર્મ કર્યો... ધર્મ કર્યો.. શું વૈદરાજજી! આ ભક્તિ ને પૂજા ને જાત્રા જ્યાં ત્યાં ગયા, બાહુબલીજી પાસે ગયા અને આ ગયા. ઓહોહો..! વાહ રે ભગવાન તારા દર્શનથી હવે અમારો મોક્ષ થાશે. એના ક્યાં થયા છે? એ તો હજી પત્થર છે. વળી એને નિક્ષેપથી ... સમજાય છે? અને એ ખરેખર તો નિક્ષેપ વ્યવહાર પણ કોને લાગુ પડે છે? જેને આત્મા શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન છે, ભાન છે અને નિશ્ચય ને વ્યવહાર નયો જેને પ્રમાણજ્ઞાન પ્રગટ્યું છે અને પ્રમાણના બે ભાગ નિશ્ચય અને વ્યવહાર છે. એને ઓલો વ્યવહાર નિક્ષેપ લાગુ પડે છે કે આ ભગવાન છે વ્યવહારે. એ વિષય નયનો વિષય છે. પણ જેને જ્ઞાન જ સમ્યક્ પ્રગટ્યું નથી એનો વિષય ક્યાંથી આવ્યો એ? ભાઈ! આહાહા..!

અમારે ચર્ચા થઈ હતી ઘણી. ઘણાં વર્ષ પહેલાં. (સંવત) ૧૯૭૬-૭૬ પહેલા. એક હતા અમારે અહીંયાં. (એ કહે), મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી પ્રતિમાને ભલે માને અને પૂજે. પણ સમ્યગ્દષ્ટિ પછી કેમ? મેં કીધું, પણ સમ્યગ્દષ્ટિ (થયા) પછી જ એને વ્યવહાર લાગુ પડે છે. મિથ્યાદષ્ટિને નય નથી તો નિક્ષેપ પણ નથી. નહિ. નહિ. મને મોઢે ન કહે. બહાર તો ન કહે. આ બધા મૂર્તિના નાટક કરે. ચર્ચા થઈ હતી દામનગર. સમજાય છે? એ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આ મૂર્તિ ને પૂજા ને આ બધું જ્યાં સુધી મિથ્યાદષ્ટિ છે ત્યાં સુધી પૂજા-ભક્તિ કરે. સમ્યગ્દર્શન પછી નહિ. કીધું, સમ્યગ્દર્શન પછી જ એને નિક્ષેપ લાગુ પડે છે. શેઠી! ભાઈ! નિશ્ચય પછી જ વ્યવહાર જેમ લાગુ પડે છે, એમ એનો વિષય પણ પછી લાગુ પડે છે. ખરેખર મિથ્યાદષ્ટિને પહેલા નિક્ષેપ લાગુ પડતો જ નથી. આહાહા..! આ તો ઘણાં વર્ષ પહેલા ચર્ચા (થઈ હતી). એકદમ ઓલા મૂર્તિને ઉથાપે. પણ શું ઉથાપશો? એ તો જ્ઞેયના ભાગ છે. એ નયો નિશ્ચય વ્યવહાર છે એને જાણે છે એ. આ ભગવાનની મૂર્તિ છે. ભગવાન નથી. એવો શુભભાવ અને વિષય સમ્યગ્દષ્ટિને જ હોય છે. અજ્ઞાનીને ખરેખર હોતો નથી. આહાહા..! શેઠી! ભારે ભગવાન! એકેય વાતને સમજવામાં દરકાર નહિ, એમ ને એમ ધોકા... શું કહે છે? કૂટવા. ધોકાપંચી. ધોકાપંચી. કોણે કહ્યું?

અહીં તો કહે છે કે ભાઈ! આ પરને ભાઈ જાણતો પ્રવર્તે છે એટલા ઉપરથી મગજમાં આવ્યું. આવ્યું ને આમાં? '**પરની પરિણતિને નહિ જાણતું પ્રવર્તે છે;...**' એમાં આમ છે ન્યાય. આત્મા ચૈતન્ય સ્વરૂપે શુદ્ધ છું એવું અંદર ભાન સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. ત્યારે તેને પોતાને જાણતો પ્રવર્તે અને પરને પણ જે સ્વરૂપે છે તેમ જાણતો પ્રવર્તે છે. આહાહા..! કહો, ભીખાભાઈ! સ્થાપના નિક્ષેપને સ્થાપના નિક્ષેપ તરીકે, નામને નામ તરીકે, યોગ્યતાને યોગ્યતા તરીકે અને વાસ્તવિક વર્તમાન પર્યાય પ્રગટેલી ભગવાનને, એ રીતે જાણતો પ્રવર્તે છે. આહાહા..! સમજાણું આમાં?

'**તે બન્ને પરસ્પર અંતરંગમાં...**' છતાં, એ જાણતો પ્રવર્તે છતાં ધર્મી જીવ પોતાને જાણે, રાગને જાણે, નિક્ષેપને જાણે, ભગવાનની મૂર્તિને જાણે, સાક્ષાત્ ભગવાન હોય એને જાણે. કહો. છતાં એ ભગવાન અને ભગવાન પ્રત્યેનો ભક્તિનો રાગ એ આત્માનું વ્યાપ્ય થઈ જાય અને આત્મા વ્યાપક થાય એમ વસ્તુમાં છે નહિ. આહાહા..! ગજબ વાત છે સંતોની. સમજાણું કાંઈ?

'**પરસ્પર અંતરંગમાં...**' પરસ્પર શબ્દ વાપર્યો છે, હોં! પરસ્પર છે ને એમાં શું છે? છે ને? પરપરિણતિ એમ કહ્યું છે એટલું જ? વ્યાપ્ય વ્યાપક. એનો અર્થ કર્યો. '**પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને...**' જે વસ્તુ સ્વભાવ આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવું જ એનું સ્વતઃ સ્વરૂપ છે એમ ભાનમાં આવ્યું. એથી ધર્મી પોતાના દ્રવ્ય નામ વસ્તુને, ગુણ નામ શક્તિને, પર્યાય નામ શુદ્ધ દશાને જાણે અને સામે રાગાદિ, નિક્ષેપ આદિ, ભગવાન આદિ જેમ છે તેમ હોં! નિક્ષેપ પણ નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ જે રીતે છે તે રીતે તેને જાણતો પ્રવર્તે. છતાં તે આત્માના જ્ઞાનનું એ વ્યાપ્ય થાય અને આત્મા વ્યાપક થાય એમ નથી. છતાં એ વ્યાપક થાય અને આત્માની પર્યાય વ્યાપ્ય થાય એમ પણ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! આ તો પરસ્પરનું જરી (સ્પષ્ટીકરણ કર્યું). સમજાય છે કાંઈ?

શું હશે આ વળી વ્યાપ્ય અને વ્યાપક? વ્યાપ્યવ્યાપક એટલે દ્રવ્ય અને પર્યાય. લ્યો, ટૂંકી ભાષા. વ્યાપ્યક એટલે દ્રવ્ય અને વ્યાપ્ય એટલે પર્યાય. એટલે કે આમ જાણતો પ્રવર્તે છતાં, પર વસ્તુની, રાગની, ભગવાનની પર્યાય, મૂર્તિની પર્યાય, એને જાણતો પ્રવર્તે ધર્મી પણ એ પર્યાય જીવની થઈ જાય એમ બનતું નથી. અને એ પર્યાય વ્યાપક થઈને આત્માના નિર્મળ પર્યાયનું વ્યાપ્ય થાય એને કારણે એમ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણું ભારે આ. એ (બાહ્ય) વસ્તુ પોતે વ્યાપક થઈ એટલે અહીં નિર્મળ પર્યાય પ્રગટી એમ પણ નથી અને એ નિર્મળ પર્યાયમાં જ્ઞાનથી એને જાણે એથી એ જાણવાની ચીજ રાગાદિ આત્માની વ્યાપ્ય નામ અવસ્થા થઈ જાય એમ પણ બનતું નથી. સમજાણું કાંઈ?

'**તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્યવ્યાપકભાવને...**' એટલે પર્યાય પર્યાયવાન. પર્યાય એટલે અવસ્થા, વ્યાપ્ય એટલે અવસ્થા. વ્યાપક એટલે દ્રવ્ય વસ્તુ. વસ્તુ અને એની અવસ્થા ધર્મી બીજાને જાણતો છતાં, એ પર રાગની અવસ્થા જીવની થઈ જાય, ભગવાનને જાણે માટે ભગવાનની અવસ્થા જીવની થઈ જાય એમ બનતું નથી. આ વાણીને જાણી માટે વાણીની અવસ્થા જીવની થઈ જાય એમ નથી. સમજાણું? અને એને જાણે છે માટે એ ચીજ થઈ જાય દ્રવ્ય અને જાણવાની પોતાની શુદ્ધ પર્યાય થઈ જાય એની પર્યાય એમ થતું નથી. આહાહા..! શેઠી! આ ફેરી તો ખરી ગાથામાં હાજર છો, હોં! નહિતર એટલી વાર અહીં હાજર ન હોય. ગુટકી મારી દીધી હોય. આ ફેરી તો આ ખરી ગાથા હતી. ૭૫, ૭૬ બરાબર. ટાઈમસર લડુ પિરસાણા છે. આહાહા..!

ભાઈ! એ આનંદમૂર્તિ આત્મા એની જેને અંતર કિંમત થઈ છે. એને બીજી ચીજ જાણવા માટે તો જ્ઞેય હો. પણ એની કિંમત થઈને, એની દશા આત્મામાં આવી જાય... સમજાય છે કાંઈ? અથવા એને કારણે આત્મામાં દશા ધર્મની થઈ જાય, એવું સ્વરૂપ વસ્તુમાં બે વચ્ચે હોતું નથી.

'**જીવ-પુદ્ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ...**' ભગવાન આત્મા એ પુદ્ગલને કરે, શરીરને રચે, વાણીને બોલે, રાગને કરે એવી કર્તા-કર્મની બુદ્ધિ '**અજ્ઞાનને લીધે...**' સમજાણું? '**ત્યાં સુધી ભાસે છે...**' આત્મા ચૈતન્ય જ્યોત પ્રભુ અને એનું કર્મ નામ કાર્ય, વ્યવસ્થિત રાગ, પુણ્ય પરિણામ, પાપ પરિણામ, દેહની ક્રિયા, આ ધંધાની ક્રિયા, વેપારની ક્રિયા એ બધાનો હું કર્તા છું અને એ મારા કાર્ય છે, એ જ્યાં સુધી ભ્રમ અને અજ્ઞાન છે ત્યાં સુધી એ માને છે. સમજાણું કાંઈ? '**ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી (ભેદજ્ઞાન કરનારી) વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે...**' ભાષા જુઓ! અનાદિથી રાગને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પને એકપણે માન્યા છે ને, એને નિર્દય રીતે, નિર્દય રીતે વિદારી નાખે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ છે. આત્મા આનંદ જ્ઞાયકમૂર્તિ છે, રાગાદિ વિકલ્પ તે પર છે. એવું બે વચ્ચે ભેદજ્ઞાન નિર્દય રીતે કરે છે. દયા ખાતો નથી એટલે? આ અનાદિકાળનું માન્યું દયા, રાગ મારો... રાગ મારો... રાગ મારો... શરીર મારું... શરીર મારું.. હવે એને વિદારી નાખવા..?

મુમુક્ષુ :- અનાદિના બંધુને..

ઉત્તર :- બંધુને મારવા. 'પરમાત્મપ્રકાશ'માં છે. સમજાણું કાંઈ? બિચારા સાથે આવે છે કર્મ અનાદિના એમ ને એમ સાથે ને સાથે. રાગ એવો ને એવો. હવે એને કચડી નાખવા. એ તું નહિ. તું હું નહિ. હું આનંદ અને જ્ઞાન.

એવી પરથી ભેદજ્ઞાનની જ્યોતિ, '**વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ...**' છે ને? '**क्रकचवद अदयं**' કરવત હોય ને કરવત? સમજો છો? આરા. એનાથી બે ટૂકડા કરે છે. એમ રાગ-વિકલ્પ દયા-દાનનો ભાવ અને ભગવાન, બે વચ્ચે ભેદજ્ઞાનની છીણી પડી. કરવત-કરવત. અંતર્મુખ દૃષ્ટિ થતાં રાગની બહિર્મુખતા બહિર્માં રહી ગઈ. સમજાય છે કાંઈ? ત્યારે એ રાગ મારું કર્તવ્ય અને હું કર્તા એ બુદ્ધિ રહેતી નથી. રાગ હોં! આ ગોળીઓ-બોળીઓ વાળવો એ તો ક્યાંય ગયું જડનું. આમ કરે. વૈદને પણ એવું થઈ જાય ને શરીર મોળું પડે ત્યારે. તો બીજા વૈદને બોલાવે. હવે શું? બરાબર કામ કરતું નથી. ગોળી-બોળી આપો. અમારે હતાને એક કૃપાશંકર વેદ. વૈદ હતા. એને દવા લેવી હોય તો છોકરાની લે. છોકરો છે ને રવિભાઈ આવે છે ને. છે કે નહિ? હમણાં રવિવારે આવે છે. રવિભાઈ આવે છે ને? ભાવનગરથી. એ કહે, હું દવા લઉં ત્યારે.. હું વૈદ ખરો. દવાની ઘણાની કરું. મારે રોગ થાય તો હું છોકરાને પૂછું. રવિભાઈ! શું મારે લેવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિકરા પાસે પૂછવું. એ કહેતા હતા, ભાઈ! કૃપાશંકરભાઈ અહીં રહ્યા હતા ને. ધોળાના ભાવનગર રહેતા. આવે છે, આપણે રવિવારે-રવિવારે આવે છે. રોગ જ્યારે મને થાય ત્યારે હું એને પૂછું. બીજાને રોગ થાય તો હું કહું. અમારે તો ઘણાં અનુભવ થયા હોય ને અહીંયાં. આહાહા..!

અહીં તો કહે છે, જ્યાં સુધી ભગવાન આત્મા જ્ઞાનાનંદ જ્યોતિ એ પુણ્ય-દયા-દાનના વિકલ્પથી પણ જુદો, દેહની ક્રિયાથી જુદો એમ ભેદજ્ઞાન જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી અજ્ઞાની રાગ મારું કર્તવ્ય છે, આ વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ પણ મારું કામ છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો કેટલા કામ કરે છે આખો દિ', વજુભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભરૂટિયા. ખડનું ભરોટું થાય ને મોટું. એટલું બધું કામ હોય. ખડના હોય ને ગાડા, મોટા મોટા ભરેલા. એ તો એને ઘરે રહ્યા. અહીં ક્યાં ગરી ગયા છે? આહાહા..!

અહીં તો એક રજકણ પણ આત્માને અડતો નથી. આ રાગ અડતો નથી. એમ કહે છે અહીં. આહાહા..! રાગને અડ્યો-એકત્વ માને ત્યાં સુધી, એ અભેદબુદ્ધિ પર સાથે (છે ત્યાં સુધી) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવ-પુદ્‌ગલને કર્તાકર્મપણું છે એવી ભ્રમબુદ્ધિ...**' મિથ્યાત્વબુદ્ધિ '**અજ્ઞાનને લીધે ત્યાં સુધી ભાસે છે કે જ્યાં સુધી વિજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દય રીતે (ઉગ્ર રીતે) જીવ-પુદ્‌ગલનો તત્કાળ ભેદ ઉપજાવીને...**' દેખો! ભગવાન જ્ઞાનજ્યોત છે. આ રાગાદિ બહિર્મુખની લાગણી છે, એમ અંતરમાં ભેદજ્ઞાન દ્વારા વિદારી '**તત્કાળ ભેદ ઉપજાવીને પ્રકાશિત થતી નથી.**' ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાની રાગ મારું કર્તવ્ય અને હું કર્તા એમ માની બેઠો છે. સમજાણું કાંઈ? '**भेदमुत्पाद्य सद्यः**' '**सद्यः**' છે ને? તત્કાળ. તત્કાળ-તત્કાળ. '**सद्यः**' '**सद्यः**'.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય અને રાગ વિકલ્પાદિ જે પુણ્ય-પાપના ભાવ તે અચેતન. બે વચ્ચે ભેદજ્ઞાનની જ્યોતિ તત્કાળ પ્રગટ થતાં પરનો કર્તા થતો નથી. પરનો જાણનાર રહે છે. એ બધું આવી ગયું, હોં! એમાં ચારેય ગાથાનો સાર. એ સુખ-દુઃખની કલ્પનાનો ભોગવટો જ્ઞાનીને નથી. એમ આવી ગયું એમાં. આહાહા..! સુખ-દુઃખની કલ્પના થાય એનાથી ચૈતન્ય ભિન્ન છે. એનાથી જુદો ભગવાન આત્મા છે. અને હરખ-શોકના પરિણામ થાય, કૃત્રિમ, અનિત્ય (અને) ભગવાન આત્માનો આનંદ ને જ્ઞાન આત્મા સાથે તાદાત્મ્ય સંબંધ છે. અને આ એક સમયનો અનિત્ય તાદાત્મ્ય સંબંધ, બેને જુદા પાડી ભગવાન આત્માનું જ્ઞાન કરે ત્યારથી રાગ સુખ-દુઃખ મારું ભોગવવા યોગ્ય અને હું ભોગવનાર, એ બુદ્ધિ રહેતી નથી. ઓહોહો..! ભાઈ! આ પૈસા મળ્યા, ધૂળ મળી તો કાંઈ મળ્યું તો ભોગવીએ તો ખરા કે નહિ? મળ્યું કે દિ' તને હતું? એ તો ધૂળ ત્યાં ને ત્યાં રહી છે. પૈસા પાંચ પચાસ લાખ મળ્યા અને ધૂળ મળી એ તો તને મમતા મળી છે. તારી પાસે મમતા આવી. આ મને આવ્યા. એ વસ્તુ તો ત્યાં રહી ગઈ છે. એ વસ્તુ આવે છે અહીં? મમતા આવે મમતા. દિકરા-દિકરી છે અહીંયાં તમારી પાસે? એ તો એની પાસે રહ્યા. આ મારા છે એવી મમતા છે તમારી પાસે. આહાહા..! કહે છે...

'**ભાવાર્થ :- ભેદજ્ઞાન થયા પછી જીવને અને પુદ્‌ગલને કર્તાકર્મભાવ છે એવી બુદ્ધિ રહેતી નથી;...**' અહીંથી ધર્મની શરૂઆત થાય છે. આહાહા..! '**કારણ કે જ્યાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**સુધી ભેદજ્ઞાન થતું નથી ત્યાં સુધી અજ્ઞાનથી...**' પોતાના ચૈતન્યના બેભાનથી જે વિકાર પોતાના સ્વરૂપમાં નથી, શરીર-વાણી સ્વરૂપમાં નથી એની '**કર્તાકર્મભાવની બુદ્ધિ થાય છે.**' આ મારાથી થાય છે, મારાથી આ થયું. પણ તું તો શુદ્ધ છો તો આ મારાથી થયું એમ ક્યાંથી આવ્યું? તું અશુદ્ધ છો આખો એમ માન્યું ત્યારે મારાથી થયું. એ તો ભ્રમબુદ્ધિ છે. સમજાણું કાંઈ? લ્યો. એ ચાર ગાથાનો શ્લોક.

હવે બીજી વાત કરે છે. અહીં અજ્ઞાનની વાત હવે આવે છે. આ તો જ્ઞાનીની વાત કરી. હવે અજ્ઞાનમાં પણ સ્વતંત્ર શું છે એ વાત કરે છે.

મુમુક્ષુ :- અજ્ઞાનમાં પણ સ્વતંત્ર?

ઉત્તર :- હા. આવે છે ને, જુઓ! ૮૦ ગાથા એ છે. ૮૦ થી ૮૨.

મુમુક્ષુ :- નિમિત્તનું બળ છે એમ?

ઉત્તર :- નિમિત્તનું બળ નથી એમ કહે છે. અજ્ઞાનપણે તું પરિણમ ત્યારે કર્મ નિમિત્ત છે. તું વિકારપણે પરિણમ ત્યારે કર્મ એની મેળાએ પરિણમે તેને તારો વિકાર નિમિત્ત છે. બે સ્વતંત્ર એક સમકાળે છે. કર્તા-કર્મ છે નહિ. એમ સિદ્ધ કરે છે હવે. અજ્ઞાનભાવમાં પણ તારો અજ્ઞાનભાવ એ તારું કાર્ય છે. પણ કર્મ બાંધવું એ તારું કાર્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અજ્ઞાનમાં પણ શું છે એ વાત કરે છે હવે.

'**જોકે જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને...**' અહીં જીવના પરિણામ એટલે વિકારી લેવા. અહીં જીવના પરિણામ એટલે વિકારી. અહીં જીવના પરિણામ એટલે નિર્વિકારી હતા (૭૬-૭૯) ચાર ગાથાઓમાં. અહીં તો હવે ફર્યું. કહેશે. ટીકામાં કહેશે. કદાચિત્ છે ને? પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે એમ ટીકા કરશે. કારણ કે કદાચિત્ છે એટલે અજ્ઞાની છે ત્યાં સુધી અજ્ઞાનભાવની વાત લેવા માગે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નિમિત્તમાત્ર છે. જીવના પરિણામ પુણ્ય-પાપના ભાવ અને પુદ્ગલના પરિણામ. કર્મની પર્યાય બંધરૂપ થાય તેને '**અન્યોન્ય (પરસ્પર) નિમિત્તમાત્રપણું છે...**' નિમિત્તમાત્રપણું છે. '**તોપણ તેમને (બન્નેને) કર્તાકર્મપણું નથી...**' ખરી ખુબી એ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેની વાત ચાલે છે આ? મૂળમાં છે અને ટીકામાં છે જુઓ!. શું છે? પાઠ છે ને '**पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं**' પાઠ છે કે નહિ પાઠ, જુઓને! છેલ્લો શબ્દ છે કે નહિ? એ તો અજ્ઞાનીની વાત છે. ટીકામાં આવશે.

**जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति।**
**पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि।।८०।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्म तहेव जीवगुणे।**
**अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोह्णं पि।।८१।।**
**एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।**
**पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।**

નીચે હરિગીત. જુઓને! જીવ હેતુ પામી ત્યાં અજ્ઞાનભાવ છે. ખરેખર જીવનો સ્વભાવ તો સમ્યગ્દૃષ્ટિ બંધમાં નિમિત્ત થાય એવો એનો સ્વભાવ નથી.

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**

**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણક કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**

**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

'**ટીકા :- જીવ પરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' એક લીટી. એનો અર્થ કે જીવે વિકારી પરિણામ કર્યા. શુભ-અશુભ રાગ, મિથ્યાભ્રમ આદિ ભાવ થયો. એ તો એક નિમિત્તમાત્ર. એ જ કાળે '**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' પુદ્‌ગલમાં તે કાળે ઉપાદાન પર્યાયને કર્મપણે પરિણમવાનો કાળ. સમય એક છે બેયનો. સમય એક છે. કર્મને ખબર નથી કે આ પુદ્‌ગલ પરિણામને નિમિત્ત કરીને હું પરિણમું. નિમિત્ત કરીને પરિણમવાનો અર્થ શું થયો? કે એ સમયે પરમાણુમાં કર્મપણે પરિણમવાની પ્રાપ્ય જે પર્યાય છે તેને કર્મ પુદ્‌ગલ પરિણમે છે. એ વખતે વિકારી પરિણામ તેને નિમિત્તમાત્ર છે. એ છે તો પરિણમે છે એમ નહિ. એ છે તો પરિણમે તો તો આ કર્તા અને એ કર્મ થઈ ગયું. આહાહા..!

એ પુદ્‌ગલ એને કારણે તેપણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયપણે પરિણમે છે. એ વખતે અજ્ઞાનીનો ભાવ, જ્ઞાનની અશાતના આદિ, દર્શનની અશાતના આદિ એના ભાવ. એ ભાવ ફક્ત પરદ્રવ્ય છે એટલે નિમિત્ત કહેવામાં આવે છે. પોતાના ઉપાદાનના પરિણામ છે અહીંયાં. જ્ઞાનની અશાતના, દર્શનની અશાતના, દર્શનમોહભાવ-મિથ્યાત્વભાવ કે રાગ-દ્વેષભાવ, વિષય વાસના એ જીવના પરિણામ જીવની દશામાં થાય છે. અજ્ઞાનભાવથી અહીંયાં વાત છે. એ ભાવ થાય તે વખતે તેને નિમિત્ત કીધું. કોને? કે નૈમિત્તિક જે પુદ્‌ગલ પોતાને કારણે પરિણમે તેને નિમિત્ત (કહ્યું). સમયભેદ છે નહિ. આ આવ્યું માટે થયું એમ નથી. એ તો એક સાથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે. અહીં વિકારી પરિણામ કર્યા એટલે પુદ્ગલને બીજે સમયે કર્મ રૂપે પરિણમવું પડ્યું એમ છે નહિ. સમજાણું કાંઈ?

એક સમયે બે આમ (પરિણમે છે). આત્મા પોતાના સ્વરૂપને ભૂલી, વીતરાગભાવને ભૂલી અને રાગ ને દ્વેષ ને વિકારી પરિણામપણે થાય એ સમય એનો. તે બીજાને માટે નિમિત્ત કહેવાય. કેમ? કે પોતે પોતા માટે ઉપાદાન છે. પણ બીજા તે જ સમયે પુદ્ગલ કર્મપણે પરિણમવાની સમયની પરિણતિએ પરિણમ્યા એ પોતાના ઉપાદાનથી થયા. એને આ વિકારી પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં પ્રશ્ન ઉઠ્યા હતા મોટા. પહેલેથી આ આવ્યું હતું બધું. ૮૦થી ૮૨. જુઓ! એનાથી આ થાય. એનાથી આ થાય એમ નથી કહેતા અહીંયાં. ન થાય એમ કહે છે. એનાથી થાય તો કર્તાકર્મ થઈ ગયું. આહાહા..!

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' એને (પુદ્ગલને) ખબર હશે કે અહીંયાં અત્યારે જીવના પરિણામ થાય છે માટે નિમિત્ત કરીને હું પરિણમું. એ તો સમજાવે છે કે બીજું દ્રવ્ય પુદ્ગલ જે છે, એને કર્મ થવાની લાયકાતવાળામાંથી એના જે પરમાણુમાં અત્યારે જ્ઞાનાવરણીયપણે પરિણમવાને, દર્શનાવરણીયપણે થવાને જે પરમાણુ લાયકાત (છે), એ પોતાના સમયના સ્વકાળે તે પર્યાયપણે પરિણમે છે. તેમાં જીવના વિકારને નિમિત્ત કહેવામાં આવે છે. આની હયાતી છે વિકારની માટે કર્મની પર્યાયની હયાતી થાય છે તો કર્તા કર્મ થઈ ગયું. આહાહા..! ભારે વાત! એમ છે નહિ. હયાતી તો બેયની પોતાથી છે. એટલે પોતાને માટે ઉપાદાન છે અને પરને માટે નિમિત્ત છે. બસ, આ વાત સિદ્ધ કરવી છે. આહાહા..!

સમયની ખબર છે? પુદ્ગલને કે આ જીવ અત્યારે રાગ કર્યો માટે (હું કર્મપણે પરિણમું)? પણ એવો જ કોઈ સ્વભાવ છે કે જે પ્રકારના વિકારી પરિણામ કરે, એ જ પ્રકારે પરમાણુમાં પોતાની સ્વતઃ યોગ્યતાથી કર્મપણે પરિણમવાને કાળે કર્મપણે પરિણમે છે. આહાહા..! કહો, વૈદરાજજી! શરીર-ફરીરની તો ક્યાંય રહી ગઈ વાત. ઈચ્છા થઈ તો મેં શરીર આવું બનાવ્યું. નહિ. એની પર્યાય કાળે એ પરિણમે છે ત્યારે રાગને નિમિત્ત કહેવામાં આવે છે. નોકર્મને. અહીં તો હજી કર્મની વાત છે. અહીં તો નોકર્મમાં (માને). ઈચ્છા થઈ ને (કાર્ય થયું). પણ ઈચ્છાને કાળે શરીર ચાલ્યું. સમય તો એક છે. સમયભેદ નથી. તો આ કર્તા અને આ કાર્ય ક્યાંથી આવ્યું? નિમિત્તનિમિત્ત જુદી વસ્તુ, કર્તાકર્મ જુદી વસ્તુ. નિમિત્તનિમિત્તને લોકો કર્તાકર્મમાં નાખી દે છે. એ માટે આ ગાથાનો ખુલાસો કરવામાં આવે છે. આચાર્ય ખુલાસો આ કરે છે. આહાહા..!

'**જીવપરિણામને...**' પરિણામ ત્યાં આગળ નિમિત્ત છે. જેમ જીવ સ્વયં ગતિ કરે એ ઉપાદાન છે. ધર્માસ્તિ નિમિત્ત છે. ધર્માસ્તિને ખબર છે કે હું આને નિમિત્ત થાઉં? એ સહજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાવ .. નિમિત્ત કહેવાય છે. એમ પરમાણુ જ્યારે પુદ્‌ગલ પોતે કર્મપણે પરિણવાને કાળે પરિણમે ત્યારે વિકારી પરિણામને નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? આ બીજું આવ્યું. પહેલું હતું ધર્મનું. આ તો હજી બે દ્રવ્યો સ્વતંત્ર પરિણમે છે એમ સિદ્ધ કરે છે. હજી એને સ્વતંત્રતાની ખબર નથી, એને રાગથી ભિન્ન પડવાના સ્વભાવની સ્વતંત્રતાની દશા પ્રગટ થાય નહિ. એમ આ સિદ્ધ કરવા માગે છે અહીં. હજી બે દ્રવ્યમાં સ્વતંત્રતાએ પરિણમે છે. કોઈ કોઈને કારણે નહિ. પોતે પોતાથી, પર પરથી. એવો એનો સ્વકાળે પુદ્‌ગલમાં પણ કર્મ થવાને લાયક એ પરમાણુ કર્મપણે તે જ કાળે આવે. એને ખબર નથી કે અહીં જીવ વિકાર કરે છે. પણ એવો જ કોઈ પુદ્‌ગલમાં સ્વભાવ (છે કે) જેટલા પ્રમાણમાં અહીં વિકાર કરે-દયાનો ભાવ હોય મંદ તો ત્યાં શાતાના અમુક જાતના જ પર્યાય પરિણવાને લાયક પરમાણુ હોય. તીવ્ર દયાનો ભાવ હોય તો એ પ્રમાણે ત્યાં બીજા પરમાણુ એને પરણમવાને લાયક પર્યાય હોય. વાત આમ છે જરી ઝીણી. દયાના પરિણામ સાધારણ (હોય અને) પુણ્ય બંધાઈ જાય ઝાઝું, એમ ન હોય. છતાં એ એને કારણે બંધાયેલું છે એમ કહે છે અહીં. આહાહા..! કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ત્યાં એ માને છે કે બાપુ! મેં રાગ કર્યા ને માટે કર્મ બંધાણું. એ વાત ખોટી છે એમ કહેવા માગે છે. એમ નથી. ભાઈ! એના પરમાણુના કર્મપણે થવાનો જે પર્યાય એ તેં રાગ કર્યો માટે એનો પર્યાય કર્મપણે થયો? તો આ અંશને લઈને આ અંશ થયો? એમ હોઈ શકે નહિ. ત્યાં એના અંશનો તે પ્રમાણે પરિણમવાને લાયકાત છે ત્યારે રાગ-દ્વેષના જે પ્રકારના પરિણામ તેને નિમિત્ત કહેવામાં આવે છે. આ મોટો ભ્રમ છે. ભ્રાંતિ કરે મિથ્યાત્વ ત્યારે રજકણોમાં તે સમયે દર્શનમોહના પર્યાયપણે પરિણમવાના રજકણો પરિણમે. એને ખબર નથી કે આ કોણ છે અહીં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જડને શું ખબર હોય? પણ એવો કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ અહીં ભગવાન આચાર્ય સિદ્ધ કરે છે. આહાહા..!

જેમ ઓલામાં સંબંધ સિદ્ધ કર્યો કે જે પ્રકારે આત્માને દયા-દાનના પરિણામ આવે તેને જ્ઞાની તે જ પ્રકારે ભિન્ન રહીને તેને તે પ્રકારે જાણે. છતાં એ રાગ કર્તા અને આત્માનું જ્ઞાન કાર્ય એમ છે નહિ. એમ સિદ્ધ કર્યું પહેલા. આહાહા..! સમજાણું આમાં? સમજાય છે કે નહિ? એય..! કોલેજ! ક્યાં ગયા? કોલેજના માણસને કોલેજ કહીએ. કાઠિયાવાડના માણસને કાઠિયાવાડી કહે ને? કાઠિયાવાડ. કહો, આ સમજાય છે કે નહિ? ત્યાં પ્રોફેસર ગપ્પા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મારતા હોય તોય હા પાડે. આ બીજી જાત છે.

અહીં તો કહે છે, પહેલું અમે એમ સિદ્ધ કરી ગયા કે ભગવાન આત્મા રાગ ને વિકલ્પ ને શરીર, કર્મથી ભિન્ન એમ જાણ્યું અને ભાન થયું તે કાળે પણ જે જે જ્ઞાનની પર્યાય સ્વને અને પરને જાણવાની છે, એ પ્રકારે તે જ્ઞાનનો પર્યાય એ પ્રકારનો ત્યાં ભાવ આવ્યો દયાનો, મંદનો-તીવ્રનો, જેવા પરિણામ થયા ત્યાં એવું અહીંયાં જ્ઞાન પોતાને કારણે થાય. એવા પરિણામ થયા માટે કર્તા અને આ જ્ઞાનપર્યાય કાર્ય એમ નહિ. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ આ જાતનો છે. ધર્મીને પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ આ જાતનો છે. તો અજ્ઞાનીને નિમિત્ત નિમિત્ત સંબંધ કેવો એ વાત સિદ્ધ કરે છે. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા જે સમયે, એક સમયની વાત છે. ઉપયોગ .. લાગુ પાડે. પણ જે જીવના પરિણામ જીવે કર્યા. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ-ક્રોધ વગેરે. જ્ઞાનાવરણીયના છ પ્રકાર છે ને? છ પ્રકાર સેવ્યા. જ્ઞાનાવરણીય બાંધવામાં નિમિત્તરૂપે ભાવ એ. તો એ ભાવનો કર્તા જીવ અજ્ઞાનભાવે છે. કેમ કે જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું (એવું) એને ભાન નથી. એટલે ઓલા વિકારી પરિણામનો એ કર્તા (થાય છે). એ વિકારી પરિણામને કાળે એ પરમાણુ એ પ્રકારે જ્ઞાનાવરણીય બંધાવાને લાયક રજકણો પોતાથી પરિણમીને કર્મરૂપે થાય છે. ત્યારે આ જ્ઞાનાવરણીય આદિ જે અશાતના આદિ છ બોલ છે ને? છ બોલે જ્ઞાનાવરણીય બંધાય. સાંભળ્યું છે? વૈદરાજજી! છ બોલે જ્ઞાનાવરણીય બંધાય, છ બોલે દર્શનાવરણીય (બંધાય) એ અહીં વાત કરે છે. તત્ત્વાર્થ સૂત્રમાં. આ ... અંતરાય સુધી. .. તીર્થંકર ગોત્ર બાંધે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જીવપરિણામને...**' ફક્ત હાજરી-ઉપસ્થિતિ છે. ત્યાં પરમાણુમાં કર્મ થવાની ઉપસ્થિતિ છે. '**અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને...**' એ વળી આમથી લીધું. જ્યારે ઉદયનો યોગ એનો કર્મના પર્યાયનો કર્મમાં. જીવ પણ પરિણમે. અહીં વિકારપણે પરિણમે પોતાના ઉપાદાનથી ત્યારે પૂર્વના કર્મના ઉદયને નિમિત્ત કહેવાય છે. એ ઉદય છે તે વિકારને પરિણમાવે છે અને રાગ થયો માટે કર્મરૂપે જીવ પરિણમાવે છે એમ નથી. એ વાત વધારે સ્પષ્ટ કરશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૮, શુક્રવાર તા. ૨૧-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૦ થી ૮૨, પ્રવચન-૧૬૪**

કર્તાકર્મ અધિકાર. ૮૦, ૮૧, ૮૨ ગાથા ચાલે છે. એની ટીકા. શું કહે છે? જુઓ!

'**ટીકા :- જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે...**' ગાથામાં આવ્યું છે એનાથી બીજી રીતે છે. પહેલા એમ આવ્યું હતું કે જેની દૃષ્ટિ આત્મા ઉપર છે, શુદ્ધ આનંદ જ્ઞાયકસ્વરૂપની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયા, ત્યાં તો રાગાદિ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આત્માની જ્યાં દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર દૃષ્ટિ છે અને સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયા ત્યાં તો દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી જે રાગાદિ, શરીરની અવસ્થા થાય એ પોતાના જ્ઞાનમાં પોતાથી જ્ઞાન થાય છે એમાં એ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે જેની દૃષ્ટિ રાગ ને વિકલ્પ ને વિકાર ઉપર છે એના પરિણામ કર્મબંધ જે થાય છે એમાં નિમિત્ત થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનનું નિમિત્ત ન થયું.

ઉત્તર :- નહિ. સમજાણું કાંઈ? શું કીધું સમજાણું?

જેની દૃષ્ટિ... બે વાત અહીં સિદ્ધ કરવી છે. એ વાતને ફરીથી લીધી એનું કારણ છે. આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમૂર્તિ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયક છે એવો અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું, ધર્મદશા થઈ તો એને સ્વના જ્ઞાનની સાથે રાગાદિ જે વ્યવહાર ઉત્પન્ન થાય છે, શરીરની અવસ્થા છે એનું જ્ઞાન પોતામાં નિમિત્ત કહેવામાં આવે છે. પોતાની ચીજથી ભિન્ન. સમજાણું કાંઈ? કેમ કે રાગથી ભિન્ન થઈને પોતાના જ્ઞાનસ્વરૂપનો અનુભવ અને સમ્યગ્દર્શન કર્યું છે તો જે ભિન્ન ચીજ છે એ પોતાના સ્વપર જ્ઞાનમાં એ ભિન્ન ચીજ નિમિત્ત કહેવામાં આવે છે. વજુભાઈ! શું કીધું અહીં? નહોતા ત્યાં? કાલે હતા કે નહિ પરમ દિ'? કાલે નહોતા? આવ્યા હતા? કહો, સમજાય છે કાંઈ? આ અમારે પંડિતજીના ભાઈ છે. મોટા ભાઈ. એના દિકરાની દિકરી છે ને? જાતિસ્મરણ (થયું છે).

શું કહ્યું? આ શું કરવા કહે છે? કયા કારણે કહે છે એ કારણ પહેલા સિદ્ધ કરતા એ કહ્યું. આ ગાથા કેમ આવી અહીંયાં? અત્યાર સુધી તો બીજી વાત ચાલતી હતી અને આ ગાથા કેમ આવી અહીંયાં? કહે છે કે જ્યાં આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદનો જ્યાં અનુભવ થયો ત્યારે તો સ્વપરપ્રકાશનું જ્ઞાન કરતો હતો. એમાં રાગાદિ વ્યવહાર ઉત્પન્ન થયો, શરીરની અવસ્થા થઈ એ પોતાના જ્ઞાનમાં ઉપાદાન પોતાનું, એમાં એ જાણવામાં નિમિત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થતા હતા. સમજાણું કાંઈ? એ ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯માં એ કહ્યું.

અહીંયાં કહે છે કે જેની દૃષ્ટિ.. સમજાણું કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે એવી જેની દૃષ્ટિ નથી, એની દૃષ્ટિ નિમિત્ત ઉપર, પર ઉપર હોવાથી એને પોતાની પર્યાયમાં વિકાર પરિણામ થાય છે એ વિકારનો કરનાર સ્વયં અજ્ઞાની આત્મા છે. તો એ પરિણામ નવા બંધનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગાદિ થાય છે તો ... આત્માના સમજી લીધા છે.

ઉત્તર :- સમજી લીધા છે. એ એમ સમજ્યો છે તો રાગ જ્ઞાનમાં નિમિત્ત પડતો હતો. અહીંયાં અજ્ઞાની આત્માને ખ્યાલ નથી કે હું વસ્તુ કોણ છું, એની દૃષ્ટિ પુણ્ય અને પાપ, વિકાર અને અંશ ઉપર છે. તેથી એને વિકાર નિમિત્તને આધીન થઈને ઉત્પન્ન થાય છે, ત્યારે એ વિકાર નવા બંધનમાં નિમિત્ત થાય છે. અને એ વિકારને પૂર્વનું કર્મ નિમિત્ત થાય છે. વિકારને પૂર્વનું કર્મ નિમિત્ત થાય છે અને નવા બંધનમાં વિકાર નિમિત્ત થાય છે. એ અહીંયાં સિદ્ધ કરવું છે. અહીંયાં હવે સ્વતંત્ર વાત સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- નિમિત્ત બગાડ તો કરે ને...

ઉત્તર :- બગાડ-ફગાડની વાત અહીંયાં છે નહિ. સમજાણું કાંઈ?

જેમ પહેલી ચાર ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય લીધું હતું, તો એ જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા પોતાનું પ્રાપ્ય તો નિર્મળ વીતરાગી પર્યાયને પ્રાપ્ત કરે છે. એ રૂપે પરિણમે છે અને નિર્વર્ત્ય છે. બસ, એ લીધું. હવે અજ્ઞાની છે એનું શું પ્રાપ્ય છે? કે એના જે રાગાદિ છે એને જ પ્રાપ્ય માને છે, એ જ મારું કર્મ છે, એ જ મારું કર્તવ્ય છે, એનાથી પલટીને (નવા) રાગમાં ઊપજું છું. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આહાહા..!

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' હવે આમ લીધું. ગુલાંટ ખાઈને વાત લીધી, જુઓ! ગુલાંટ સમજ્યા ને? પલટો ખાધો. ઘડીકમાં ૭૯માં આ અને વળી ૮૦માં આ? આ શું આવ્યું?

મુમુક્ષુ :- એમાં લીધું પુદ્ગલ પરિણામ અને અહીં લીધું જીવ પરિણામ.

ઉત્તર :- જીવ પરિણામ. આવી ગુલાંટ એકદમ! જેણે પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણ્યું એમાં રાગ પોતાના પરિણામ નહિ. એને જેણે પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણ્યું નથી તેના રાગાદિ પરિણામ એના છે. રાગ જ એના પરિણામ છે, એની અવસ્થા જ રાગની છે. રાગનું જ્ઞાન તો કર્યું નથી. શેઠી! આહાહા..!

કહે છે કે, ભાઈ! તારી ચીજને તેં તારી દૃષ્ટિમાં ન લીધી એ જ તારો અપરાધ છે. એમ કહે છે. તારો અપરાધ એ રાગ-દ્વેષને કરવો, ભ્રમણા કરવી એ જીવના પરિણામ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ જીવે પ્રાપ્ત કર્યા છે. પરે પ્રાપ્ત નથી કર્યા. સમજાણું કાંઈ? '**જીવપરિણામને નિમિત્ત કરીને...**' નિમિત્ત કરીને એટલે છે એટલું. એને કાંઈ ખબર નથી કે પુદ્ગલ કર્મ પરિણમે છે, અહીંયાં રાગ છે તો. એવો જ કોઈ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

દસ વર્ષના છોકરાઓને પ્રશ્ન કર્યો હતો, ભાઈ! અહીંયાં બધા હતા ને? કોઈ કોલેજમાં ભણેલા અને કોઈ કંઈક ભણ્યા. મેં કીધું, આ પ્રશ્નનો ઉત્તર આપો. તોલવાનો કાંટો. કાંટો કહે છે? તોલવાનો. ત્રાજવું. અહીં પડ્યો છે એક શેર, ત્યાં પડ્યો એ પોણો શેર ખજૂર. ખજૂર કે કોઈ ચીજ લ્યો. આ તો છોકરાઓને (પૂછ્યું). અહીં પડ્યો છે શેર, અહીં પડ્યો પોણો શેર ખજૂર. કાંટો કઈ તરફ વળશે? વળી કોઈ ભૂલાવા માટે કહે છે ખજૂર તરફ. ખજૂર તરફ ક્યાંથી આવે? અહીં વળશે. શેર અહીંયા છે અને પોણો શેર અહીંયાં છે. તો કાંટો આમ ઝુકશે. અને શેર જો ખજૂર નાખો તો વચ્ચે આવશે. સવાશેર નાખો તો આમ થશે. પરદ્રવ્યે એનો ફેરફાર કર્યો કે નહિ? કીધું. એય..! કોણ હતું? પ્રદિપ હતો કે નહિ? કોણ બીજા હતા ભાઈ? .. ને હતા બે-ચાર જણા હતા. એય..! તું હતો કે નહિ? ..! છોકરાઓ જરી ૭-૮ ભેગા થયા તો કર્યો. આ નક્કી કરો. કાંટો છે-ત્રાજવું. અમારે એક હતા ઈ એમ કહેતા હતા કે જીવ કરતાં જડમાં વધારે શક્તિ છે. એમ કહેતા હતા. .. નહિ. ખોટું છે. પુદ્ગલની શક્તિ એની એનામાં, આત્માથી નહિ. એ તો આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ કરે છે તો રાગ આવે છે તો પુદ્ગલનો રાગ કહેવાથી રાગનું જ્ઞાન કરનાર જાગૃત થયો એ આત્માની જાગૃતિની વાત છે. એ આવે છે ને? પુદ્ગલ રાગ કરાવે, પુદ્ગલનો રાગ, એ પુદ્ગલનો રાગ. પુદ્ગલનું જોર છે. એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કર્મનું જોર થયું ત્યાં.

ઉત્તર :- એ કર્મની વાત (જ નથી). અહીં તો આત્મા પોતાના નિજ સ્વરૂપની...

મુમુક્ષુ :- આત્માની બુદ્ધિ...

ઉત્તર :- પોતાની બુદ્ધિ પોતામાં ગઈ તો પોતાના આત્માનો-પરમાત્માનો સ્વીકાર થયો તો પછી જે રાગ રહ્યો એ પામર જેવી પર્યાય રહી એનો જ્ઞાતા-દૃષ્ટા આત્મા છે. ત્યાં આત્માના સ્વભાવના પુરુષાર્થની જાગૃતિનું જોર છે. રાગનું નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે, કર્મનો ઉદય આવે તો (રાગ થાય). રાગ કર્મ વિના (થાય)? કર્મ વ્યાપક અને (રાગ) વ્યાપ્ય.

મુમુક્ષુ :- ... છે માટે તો પુદ્ગલ પરિણામ કીધા.

ઉત્તર :- એ પુદ્ગલ પરિણામ તો આ કારણે કહ્યું છે. પોતાના શુદ્ધ સ્વરૂપના જોરમાં પોતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિની જે પર્યાય થઈ એ જ પોતાનું કર્તવ્ય છે.

અહીં કહે છે કે અજ્ઞાનીનું શું કર્તવ્ય છે એ બતાવે છે. આહા..! એમ કહે છે. ધર્મી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જીવનું કર્મ નામ કર્તવ્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એ ધર્મીનું કાર્ય છે. કેમ કે એની દૃષ્ટિ ધર્મી સ્વભાવ ઉપર પરિણમન થયું છે. એમાં જે રાગ આવ્યો તો કર્મનું જોર છે એમ નથી કહેવું. એ સમયે એવો રાગ આવ્યો એને પણ પોતાના સ્વભાવમાં તે જ સમયે સ્વપરપ્રકાશક જ્ઞાન કરે છે એટલી આત્માની તાકાત છે. વજુભાઈ! ભારે!

અહીં ગુલાંટ ખાય છે વાત. જે આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ નથી એ જ પોતાની પર્યાયમાં રાગ-દ્વેષના વિકારના પરિણામ (થાય છે તેને) પોતાના માને છે. કારણ કે માને તો છે ને? શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે એમ તો માનતો નથી. હું શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છું એવી માન્યતા નથી. તો પછી (ક્યાંક તો) એની માન્યતા હોવી જોઈએ ને? કેમ કે અનાદિથી પર્યાયદૃષ્ટિ છે, અંશ દૃષ્ટિ છે. વર્તમાન ત્રિકાળ અનંત આનંદનો કંદ અંતર્મુખ ચીજ છે એનું લક્ષ નથી. તો વર્તમાન પર્યાયમાં પ્રગટ થવાવાળા પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત એ મારા છે એવો વિકલ્પ છે એમ માને છે. તો અજ્ઞાનીને એ પરિણામ છે. અજ્ઞાનીનું એ જ પરિણામ છે. બીજા પરિણામ છે નહિ. શેઠી!

એ કહે છે. એક તો એ દૃષ્ટાંત કાંટાનું આપ્યું હતું. એ ભૂલી ગયા કેટલાક. નીચે જાય તો આમ થાય. આ દિનેશ તો હતો. હતો કે નહિ? .. નહોતા. નહિ? એક દાખલો આપતા. આ આત્માથી આમ નક્કી કરી શકાય કે આ કેટલા શેર છે? શેર છે? સવા શેર છે? .. કાંટે નક્કી કરી દો. અહીં શેર અને એક રૂપિયાભાર મૂકીએ તો શેર ને રૂપિયાભાર સાકર હોય. તો કહે બરાબર. જુઓ! કેટલું જોર જડમાં? અરે..! જડમાં જોર નથી. એ તો જ્ઞાનનું છે. એનું માપ કરનારો, જાણનારો કોણ છે? સમજાણું કાંઈ? એવું કહેતા, એવા દાખલા આપતા. કર્મનું જોર બહુ બતાવે. કર્મથી થાય છે. બિલકુલ કર્મથી થતું નથી. આ તો ૪૦ વર્ષ પહેલાની વાત છે. કર્મ-ફર્મ કેવા? કર્મ એમાં રહ્યા. પોતાના પરિણામ પોતાથી થાય છે એટલી સ્વતંત્રતાની જેને ખબર નથી. કૃત્રિમ, ક્ષણિક, વર્તમાન પ્રગટ પુણ્ય-પાપના ભાવ એ મારું કર્તવ્ય છે, અજ્ઞાનમાં મારાથી થયા છે એવી સ્વતંત્ર દૃષ્ટિ નથી, એને અવ્યક્ત ચિદાનંદ ભગવાન આત્મા પૂર્ણાનંદ છે એવી દૃષ્ટિ કરવાનો એને અવકાશ જ નથી. રામસ્વરૂપજી! સમજાણું કાંઈ? આ તો અમારે ઘણા વર્ષથી ચર્ચા ચાલે છે. ૭૧થી ચર્ચા ચાલે છે. વિકાર કર્મથી થાય છે. બિલકુલ નથી. પરદ્રવ્યથી પોતામાં થાય? પોતાની પર્યાય પોતાથી થાય. એમાં ભલે નિમિત્ત હોય. એમાં શું થયું? સમજાણું કાંઈ?

કહે છે, જુઓ! કુંદકુંદાચાર્ય મહારાજ (કહે છે), '**जीवपरिणामहेदुं**' એમ પાઠ છે ને? '**कम्मत्तं पोग्गला परिणमिंत**' ત્યાં લોકો એમ કહે, જુઓ! '**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે...**' પણ પુદ્ગલ કર્મની કર્મ અવસ્થાનું પરિણમન થયું એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમય અને રાગનો સમય ભિન્ન છે? સમય તો એક જ છે. તો કેમ થયું? એવો સ્વભાવ છે એનો. ખબર છે એને-રજકણને? પણ જેટલા પ્રમાણમાં એ જ્ઞાનની અશાતના કરશે, એટલા જ પ્રમાણે ત્યાં રજકણની જે યોગ્યતા જ્ઞાનાવરણીય થવાની છે એ જ પરમાણુ જ્ઞાનાવરણીયનું પ્રાપ્ત-કાર્ય કરશે. એ કર્મ પણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યના પરિણામ પોતે સ્વતંત્ર થઈને કરે છે. એણે રાગ કર્યો તો થયા એમ નથી. સમજાણું કાંઈ?

'**જીવપરિણામને નિમિત્ત કરીને...**' આ વિકારી પરિણામને. કારણ કે જીવ તો ભૂલી ગયો છે કે હું કોણ છું? એના પરિણામમાં વિકાર રહ્યો. પ્રતીતમાં તો ઈ રહ્યું. હું રાગી, હું દયા પાળું છું, હું ભક્તિ કરું છું, હું પૂજા કરું છું એ વિકારી ભાવ છે. વિકારના પરિણામને '**નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે...**' જેવા પરિણામ કર્યા. છ પ્રકાર જ્ઞાનાવરણીય, છ પ્રકાર દર્શનાવરણીય આવે છે ને? વેદની, શાતા આદિ વગેરે વગેરે આવે છે. અહીં તીર્થંકરગોત્રની વાત ન લેવી. ભાઈ! અહીં તીર્થંકરગોત્રની નથી લેવાની. અહીં તો અજ્ઞાનીની લેવાની છે.

મુમુક્ષુ :- ઈ ન આવે, આહારક શરીર ન આવે.

ઉત્તર :- આહારક શરીર આમાં ન આવે. આ ગાથામાં એ અધિકાર નથી. અહીં તો મિથ્યાદષ્ટિનો અધિકાર છે.

મુમુક્ષુ :- પહેલામાં જ્ઞાનીની વાત કરી, અહીંયાં અજ્ઞાનીની વાત છે.

ઉત્તર :- હા. એ આવશે ત્યાં. કદાચિત્ એમ કહેશે. પોતાના ભાવથી પોતાના ભાવનો કર્તા કદાચિત્. કદાચિત્ અજ્ઞાનભાવમાં. તો ત્યાં તીર્થંકર પ્રકૃતિ અને એના પરિણામની અહીં વાત નથી. અહીંયાં તો દષ્ટિ મિથ્યાત્વ છે એ પણ પોતાના પરિણામ સ્વતંત્ર કરે છે, કેમ કે કર્તા (થાય છે). કર્તાની વ્યાખ્યા-સ્વતંત્રપણે કરે તે કર્તા. આહાહા..! સમજાણું કાંઈ?

જીવ પણ અજ્ઞાનપણે સ્વતંત્રપણે વિકારને કરનારો જીવ અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. તો અજ્ઞાનીનું ઈષ્ટ વિકાર છે. જ્ઞાનીનું ઈષ્ટ આત્મા દ્રવ્ય છે. આહાહા..! ધર્મીનું ઈષ્ટ આત્મા છે અને પર્યાય શુદ્ધ (પ્રગટ થઈ) તે તેનું ઈષ્ટ છે. સમજાણું કાંઈ? એ પ્રવચનસારમાં આવે છે ને, પંડિતજી! ઈષ્ટ બધું પ્રાપ્ત થયું છે અને અનિષ્ટ નાશ થયું છે. કેવળીને. પંડિતજીને યાદ તો ઘણું બહું. ઘણું યાદ છે. ઘણો અભ્યાસ ને. ૬૦ વર્ષથી અભ્યાસ છે. ..

કેવળજ્ઞાની પરમાત્માને ઈષ્ટ (બધું પ્રાપ્ત થઈ ગયું છે). ત્યાં પર્યાયની વાત છે હોં! ત્યાં પર્યાયની વાત છે. ઈષ્ટ બધું પ્રાપ્ત થયું છે, અનિષ્ટ બધું નાશ થયું છે. સમજાણું કાંઈ? તો ઈષ્ટ સર્વજ્ઞ સાધકજીવને, ધર્મી જીવને ઈષ્ટ તો નિર્મળ પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય તો દષ્ટિમાં છે એ જુદી વાત છે. પણ કર્તાનું કર્મ બતાવવું છે ને? તો સમ્યગ્દષ્ટિ કર્તા એનું કર્મ, કર્તા સ્વતંત્ર થઈને પોતાના ઈષ્ટ કર્મને કરે, તો ઈષ્ટ તો નિર્મળ પર્યાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? ઈષ્ટ જ્યાં પૂર્ણ થઈ ગયું, ત્યાં અનિષ્ટનો સર્વથા નાશ થઈ ગયો. એ કેવળી. સાધક છે ત્યાં સુધી હજી સાધકનું ઈષ્ટ શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન આદિના પરિણામ છે, રાગાદિ છે પણ એનો એ જ્ઞાતા છે. એમ કહ્યું. સમજાણું કાંઈ? પણ પૂર્ણ થયો તો ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો નાશ (થઈ ગયો).

અહીંયાં કહે છે કે ભાઈ! '**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' એનો અર્થ-સમય એક. જેવી ભ્રાંતિ કરી કે રાગ હું છું, પુણ્ય હું છું એવી પર્યાય. એટલા પ્રમાણમાં રજકણમાં, પરમાણુમાં એ સમયે એવા જ પ્રકારની પર્યાય થવાની ઉત્પાદરૂપ પર્યાય, ગુણપર્યાય... ઉત્પાદવ્યય.. એ ૧૫મી ગાથા આપણે આવી ગઈ. (સંવત) ૨૦૧૩ની સાલ. ભાવનો નાશ અને અભાવની ઉત્પત્તિ. ગુણપર્જ્ઞે.. ભાવ એટલે દ્રવ્ય. પ્રત્યેક પદાર્થ પોતાની ગુણ પર્યાય અને ઉત્પાદવ્યય.. નામ કરે છે. તો પુદ્‌ગલ પરમાણુઓ પોતાની પર્યાયમાં કર્મરૂપ પર્યાયરૂપે ઉત્પાદ થાય છે અને પૂર્વની વર્ગણાથી વ્યય થાય છે. સમજાણું કાંઈ? આમાંય વાંધા. .. એમ કેમ થયું? એક જણો કહે. એમ કેમ કહો? જેટલો રાગ કરે એટલા કર્મને આવવું પડે કે નહિ? ના પાડે છે, એમ નહિ. આવવું પડે તો બળજોરી થઈ ગઈ. એમ નથી. એવું જ પરમાણુનું એ સમયે અનંતમાંથી.. વર્ગણા તો અનંત છે, પણ એમાં એવી જ વર્ગણાની પર્યાયની એ સમયે ઉત્પન્ન થવાની લાયકાત છે તો કોઈ જ્ઞાનાવરણીય થઈ જાય છે, કોઈ દર્શનાવરણીય થઈ જાય છે. અહીં બધાની વાત છે ને? આઠે (કર્મની) વાત છે કે નહિ? કોઈ જ્ઞાનાવરણીય અને કોઈ દર્શનાવરણીય થવાનું શું કારણ? વર્ગણા તો એક જાતની છે. પણ જે સમયે એને જ્ઞાનાવરણીયના ઉત્પાદનો કાળ હતો તો ત્યાં તે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? જીવે એનો ભાવ કર્યો. આયુષ્ય બંધાણું. કહે છે કે એ આયુષ્યના પરમાણુ વર્ગણા જે હતી એનો વ્યય થઈને એ આયુષ્યની પર્યાયપણે ઉત્પાદનું કાર્ય કરનાર પરમાણુ સ્વતઃ સ્વતંત્ર છે. નિમિત્તની અપેક્ષા કહેવી એ તો વ્યવહાર છે. પોતાથી એવા આયુષ્યરૂપી પરિણમન કરે છે એ એનો નિશ્ચય સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' એટલે આમાં આઠેય કર્મ લેવા. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય. ભગવાન આત્મા રાગાદિ અને કર્મ છે ને બંધરૂપ? એનો ખ્યાલ હોય ને તો એના કર્મ જેટલું બંધન થયું એનું પોતામાં જ્ઞાન કરે છે. બાંધતો નથી. ધર્મી કર્મને બાંધતો નથી અને કર્મમાં નિમિત્ત રહ્યું એ પણ એનું કામ નથી. એટલે એ તો જ્ઞાની તો પોતાના શુદ્ધ પર્યાયનો જ સ્વામી છે. સમજાણું કાંઈ? તો એ કર્મના બંધનમાં નિમિત્ત થાય છે એમ નહિ. પોતાના જ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે આ રાગ છે અને .. એનું જ્ઞાન કર્યું. આહાહા..! સમજાણું કાંઈ? ખ્યાલ આવે ને એને શાસ્ત્રથી. આટલું બાંધે, સાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બાંધે આયુષ્ય વિના, આયુષ્ય હોય તો આઠ બાંધે, દસમે હોય તો છ. તો એવા નિશ્ચયથી પોતાના જ્ઞાનમાં એવો ખ્યાલ થયો. જેટલા પ્રકારનો રાગ અને જેટલા પ્રકારનું બંધન એનું જ્ઞાન કરીને પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં છે. રાગ અને કર્મના અસ્તિત્વમાં જ્ઞાની છે નહિ. અજ્ઞાની રાગ અને વિકારના અસ્તિત્વમાં છે. પોતાના જ્ઞાયક સ્વભાવના અસ્તિત્વમાં એ છે નહિ. સમજાણું કાંઈ?

**'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...'** રજકણો કર્મરૂપે થાય છે એ સમયે પુદ્‌ગલની સ્વયંસિદ્ધ કર્તા થઈને એની એ પર્યાય થવી અને એનું ઈષ્ટ છે. ભાન નથી એની અહીં વાત નથી. **'અને પુદ્‌ગલ કર્મને નિમિત્ત કરીને...'** જુઓ! જેને આત્મા જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છું એનું ભાન નથી, તો એનું લક્ષ નિમિત્ત ઉપર છે. તો **'પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ...'** પણ કહે છે ને. ઓલામાં પહેલો શબ્દ આવી ગયોને એટલે. **'જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...'** તો **'જીવ પણ પરિણમે છે-'** ભગવાન આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને નિમિત્તનું લક્ષ કરીને પોતાના સ્વતંત્ર પરિણામ શુદ્ધને ભૂલીને અશુદ્ધ ઉપાદાનના વિકાર પરિણામ કરે છે. સમજાણું કાંઈ? એ શુદ્ધ ઉપાદાનની વાત ચાલી હતી પહેલા. પહેલી પાંચ (ગાથામાં) શુદ્ધ ઉપાદાનની વાત ચાલી હતી. અહીં અશુદ્ધ ઉપાદાનની વાત બતાવવી છે. આહા.. શૈલી! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને પણ. એમાં શુદ્ધ ઉપાદાનની વાત ચાલી હતી. શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ થઈ તો પર્યાય પણ શુદ્ધ ઉપાદાનપણે પરિણમી છે. અહીંયાં તો દ્રવ્યની ખબર નથી. પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનમાં વિકારી પરિણામ કર્મનું નિમિત્ત અને વિકારી પરિણામ અશુદ્ધ ઉપાદાનથી આત્મા કરે છે. સમજાણું કાંઈ? પરિણમે છે.

**'એમ જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...'** જુઓ! પર્યાય હોં! એક બીજાની. **'જીવના પરિણામ...'** વિકારી ભાવ અને **'પુદ્‌ગલના પરિણામને...'** કર્મની પર્યાયને **'અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં પણ...'** એમ હોવા છતાં પણ કે જીવના પરિણામ વિકાર પોતે કરે છે તો નવા કર્મમાં એ નિમિત્ત થાય છે. અને જૂના કર્મ નિમિત્ત છે એનું લક્ષ કરે છે તો પોતામાં વિકાર થાય છે. એટલું અશુદ્ધ ઉપાદાનમાં અજ્ઞાની સ્વતંત્રપણે કામ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે **'જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને અન્યોન્ય હેતુપણાનો ઉલ્લેખ હોવા છતાં...'** એવું કથન હોવા છતાં **'જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** ભગવાન આત્મા વ્યાપક અને કર્મ બંધાય એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યાપ્ય-પર્યાય એમ છે નહિ. અને કર્મ ઉદય છે એ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય એમ છે નહિ. સમજાય છે કાંઈ? પરસ્પર વ્યાપ્ય-વ્યાપક નથી. નિમિત્ત નિમિત્ત બીજી ચીજ છે, વ્યાપ્યવ્યાપક બીજી ચીજ છે. આ તો લોકો નિમિત્તને જોઈને વ્યાપ્ય-વ્યાપક કર્તા જ માની લે છે. એ મોટો ભ્રમ છે એમ અહીં વાત કરે છે.

કહે છે કે '**જીવ અને પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' જુઓ! વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ છે. શું કહ્યું? કે જીવનો વિકાર વ્યાપક અને નવી કર્મ અવસ્થા બંધાણી એમાં વ્યાપ્ય. અથવા પૂર્વ કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય, એમ છે નહિ. સમજાણું કાંઈ? આત્મા... વિકારી પર્યાય થઈ તો કર્મની પર્યાય એનું વ્યાપ્ય છે એમ નથી. અને કર્મનો ઉદય આવ્યો તો એ કર્મ વ્યાપક છે અને વિકારી પર્યાય જીવની એનો કરનાર કર્મ અને આત્માની પર્યાય (જડ)કર્મ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? જીવના વિકારી પરિણામ એ વ્યાપક થઈને એટલે કર્તા થઈને કર્મની પર્યાયને કરે એમ નથી. અને કર્મનો ઉદય કર્તા થઈને જીવના વિકારી પર્યાયરૂપી કાર્ય કરે એમ નથી. સમજાણું કાંઈ?

દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. એ પણ પ્રશ્ન ઉઠ્યો હતો. એ તો અજ્ઞાનીની વાત છે કે એનું પર ઉપર લક્ષ છે. દ્રવ્યકર્મ ઉપર લક્ષ કરીને વિકાર કરે છે. વિકાર કરે છે અને નવા કર્મ બંધાય છે. એ પરંપરા તો અનાદિથી ચાલુ છે. સમજાણું કાંઈ? બહુ અમારે તો ચર્ચા ચાલતી હતી. (સંવત) ૧૯૮૩ની સાલમાં ઘણી થઈ. ક્યાં? બ્યાવર. બ્યાવર છે ને? સ્થાનકવાસીનું એક છે. ત્યાંથી આવ્યા હતા છોકરાઓ. આ ધીરૂભાઈ તુરખિયા નહિ? ગુજરી ગયા હમણાં. એ લઈને આવ્યા હતા વીસેક છોકરા. ૮૩માં. કોઈ પૂછે એને. કેમ છોકરાઓ? દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય કે નહિ? ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય કે નહિ? ઓલા છોકરાઓ કહે હા. વીસ છોકરા હતા. હું તો બેઠો હતો. એને ખબર કે મહારાજ કાંઈ માનતા નથી. ૮૩માં. ૩૯ વર્ષ થયા.

દ્રવ્યકર્મ હોય તો ભાવકર્મ, ભાવકર્મ દ્રવ્યકર્મ છે કે નહિ? એમ નથી. દ્રવ્યકર્મ હોય તો ભાવકર્મ નથી. દ્રવ્યકર્મ છે, લક્ષ કરે તો ભાવકર્મ થાય છે. ભાવકર્મ છે તો દ્રવ્યકર્મ એના કારણે બંધાય છે. અરસપરસ આને કારણે આ અને આને કારણે આ (હોય) તો આ સત્‌ને કારણે આ સત્ અને આ સત્‌ને કારણે આ સત્. એમ છે નહિ. બ્યાવર.. બ્યાવર. આ સ્થાનકવાસીનું છે ને કાંઈક. શું કહેવાય? ગુરૂકુળ-ગુરૂકુળ. ગુરૂકુળ છે ત્યાં. એ તમારો ધીરુ લઈને આવ્યો હતો, ધીરુ તુરખિયો. માસ્તર હતો. ૨૦ છોકરા લઈને આવ્યો હતો. પછી આવા બધા પ્રશ્ન ઉઠે. એય..! ન્યાલભાઈ! અરે..! અરે ભગવાન! શું કરે છો? બાપા!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વિકાર કરે તો પૂર્વના કર્મને નિમિત્ત કહેવાય. અને વિકાર કર્યો તો કર્મ પરિણમન થયા વિના રહે નહિ. પણ કર્મ પોતાને કારણે સ્વયં બંધાય છે. નહિ કે આ (વિકાર) હતો તેથી એમાં (કર્મરૂપે) થવું પડ્યું. તો આ પર્યાયને કારણે ઉત્પાદની પર્યાય એમાં કર્મની થઈ. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. તો કર્મ પણ પોતાના ઉત્પાદથી પ્રગટ થાય છે-જન્મે છે. કર્મ પોતાની પર્યાયમાં જન્મે છે કર્મની અવસ્થારૂપે. આત્મા રાગરૂપે જન્મે છે. પોતપોતાના કારણે છે. સમજાણું કાંઈ? ઈ કહે છે, જુઓ!

'**જીવ...**' આમ હોવા છતાં. લ્યો. એ તો છે ને. હોવા છતાં. '**જીવ અને પુદ્‌ગલને પરસ્પર...**' પરસ્પર હોં. વ્યાપ્ય એટલે અવસ્થા અને વ્યાપક એટલે દ્રવ્ય. કર્તા-કર્મ. વ્યાપ્ય એટલે કર્મ અને વ્યાપક એટલે કર્તા, તેના '**અભાવને લીધે...**' ભારે વાત! આ વીતરાગની એવી વાત! ઓલા તો કહે પણ આ તો પ્રત્યક્ષ દેખાય છે ને. એય..! દિનેશ! શું કહેતો હતો? પહેલા હા પાડતા હતા. દેખાય છે ને. કીધું, શું દેખાય છે? દેખાય છે એટલે શું? અનંત પદાર્થ છે કે એક પદાર્થ છે? કેટલા પદાર્થ છે? અનંત છે કે નહિ? અનંત છે કે નહિ? એની આંખમાં દેખાણા અનંત છે કે નહિ? તો અનંત છે એ અનંતપણે પૃથક્ રહીને પોતાનું કાર્ય કરે છે.

મુમુક્ષુ :- પણ કંપની જોઈન્ટ હોય તો શું વાંધો?

ઉત્તર :- જોઈન્ટ હોય તો અનંત અનંતપણે રહેતા નથી. અનંત જીવ છે, અનંત અજીવ છે. તો અનંત અજીવ એક સમયમાં... ભૂત-ભવિષ્ય કાળ આવે છે? એક સમયમાં સામે પરિણમન છે. અનંત દ્રવ્ય છે એક સમયમાં પરિણમન છે. ઉત્પાદ-.. નિમિત્ત કહેવું બીજી વાત છે અને એનાથી થાય છે એ જુદી વાત છે. આહાહા..! નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ તો વસ્તુ છે. જ્ઞેયજ્ઞાયક સંબંધ નથી? ભગવાન કેવળજ્ઞાન જ્ઞાયક અને એ જ્ઞેય. તો જ્ઞેયને લઈને જ્ઞાન થયું? અને જ્ઞાયક છે માટે આ જગત અને લોકાલોક છે? એમ છે નહિ. સમજાણું કાંઈ? એક સૂક્ષ્મ વાતમાં બહુ ફેર પડી જાય છે. મોટી ચર્ચા ચાલી હતી. (સંવત) ૨૦૦૩ની સાલ પહેલા. જુઓ! આમ કહે છે શાસ્ત્રકાર. કર્મના નિમિત્તે વિકાર થાય છે અને વિકારના નિમિત્તથી કર્મ થાય છે. પણ નિમિત્તને કારણે એનો અર્થ શું? સમજાણું કાંઈ? નિમિત્ત નિમિત્તમાં છે. ઉપાદાન પોતાના ઉપાદાનમાં પરિણમે છે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. પોતાની પર્યાય એ સમયે કર્મ થવાની નહોતી અને આ રાગ આવ્યો તો થઈ. શું છે? તો વસ્તુસ્થિતિ નથી રહેતી. સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલને પરસ્પર વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે જીવને પુદ્‌ગલપરિણામો સાથે...**' લ્યો! જીવને પુદ્‌ગલ પરિણામની સાથે '**અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને,...**' કર્તાકર્મની સિદ્ધિ હોઈ શકે જ નહિ. જેનો-જેનો ઉત્પાદ અને જન્મ તે તેના પર્યાયમાં થાય. આના ઉત્પાદની સૃષ્ટિ તે તેનામાં (થાય). આત્મા પોતાના પર્યાયની સૃષ્ટિ કરે. કર્મ એની પર્યાયની સૃષ્ટિ કરે. સૃષ્ટિ એટલે ઉત્પન્ન કરે. આત્માની સૃષ્ટિ કરે? અને કર્મનો ઉદય આત્માના વિકારની સૃષ્ટિ કરે? તો આ સૃષ્ટિ જગત કરે અને આ કહે કે આ સૃષ્ટિ (કરે) તો બેમાં ફેર શું? એય..! નેમિદાસભાઈ! આ પ્રભા પડે છે કે નહિ તમારે ત્યાં? .. .... જોઈતું હોય કાંઈક એટલે કાકાની વિરૂદ્ધ ન કહેવું આપણે. ત્યાં જઈશું અને માગશું તો આપશે. એ બધા ..ને કારણે છે, હોં! કાંઈ તમારે કારણે નથી. એને કારણે છે. એનો મોહ એની પાસે રહ્યો. આહાહા..! અરે ભગવાન! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એમણે અનંત દ્રવ્ય અનંતપણે રહીને અનંત કાર્ય કરે એમ જોયું છે. આહાહા..! નહિતર અનંતપણું નથી રહેતું.

મુમુક્ષુ :- પ્રભાવ તો પાડે ને.

ઉત્તર :- પણ પ્રભાવ પડે એની વ્યાખ્યા શું? અનંતપણે જે પદાર્થ છે એ પોતાની પર્યાય પરમાં સંક્રમે છે? એમાં સંક્રમે છે? એ તો પોતપોતાની પર્યાયમાં બધા કામ કરે છે.

મુમુક્ષુ :- કર્મનું જોર તો આવે ને સાથે.

ઉત્તર :- કર્મનું જોર આવે એ તો અપેક્ષાથી છે. વિકારની દૃષ્ટિ ગઈ, સ્વભાવની દૃષ્ટિ થઈ તો કર્મ વિકાર કરવાનો ભાવ નથી, રુચિ નથી પણ અસ્થિરતા છે. તો અસ્થિરતાને કર્મના જોરમાં નાખી દીધી. એમ વાત છે. નહિ કે કર્મને કારણે .. એમ છે નહિ. એ તો અહીં આવી ગયું ને ૭૫માં વ્યાપ્યવ્યાપક. જેમ ઘડો વ્યાપ્ય અને માટી વ્યાપક. એમ કર્મ વ્યાપક અને રાગ-દ્વેષ વ્યાપ્ય. એમ કહ્યું છે. કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? અહીં ના પાડે છે પાછી. ત્યાં તો પહેલા હા પાડી હતી. એમાં આત્માની દૃષ્ટિ જ્ઞાયક ઉપર હતી તેથી જ્ઞાનની, શ્રદ્ધાની પર્યાય એનું વ્યાપ્ય છે. રાગ એનું વ્યાપ્ય નથી. તો થોડો રાગ રહી ગયો, કાઢવાની ચીજ રહી ગઈ, પોતાના સ્વભાવમાં રાગનું પરિણન છે નહિ તો રાગ વ્યાપ્યને કર્મ વ્યાપક અને રાગ વ્યાપ્ય એમ કહી દીધું. સમજાણું કાંઈ? .. છોડી દીધું. તો શું ખોટું છે? પહેલા વાત ખોટી હતી અને આ સાચી છે? આ ખોટી છે અને પેલી સાચી છે? એય..! વજુભાઈ!

હજી તો પહેલી ગાથામાં કહી ગયા ૭૫ થી ૭૯ સુધી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પોતાના સ્વભાવની સંભાળમાં આવ્યો, એવા ધર્મીને રાગ પોતાનું વ્યાપ્ય એક સમયમાં એક અવસ્થા વ્યાપ્ય થાય છે. નિર્મળ અવસ્થા પોતાનું વ્યાપ્ય છે એ જ સમયે રાગ વ્યાપ્ય થાય એમ છે નહિ. એમ કહીને રાગ કર્મનું વ્યાપ્ય છે. વ્યાપ્ય નામ કર્તવ્ય, કર્મ. કર્મ કરનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્તા અને રાગ કર્મ. એ જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિમાં રાગના અભાવરૂપ પરિણમનમાં એમ કહ્યું છે. પણ એકલું જ્યાં રાગ અને દ્વેષનું જ પરિણમન છે, ત્યાં રહ્યું શું? એ તો પોતે જ કર્મ અને કર્તા,.... સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોઈને, માત્ર નિમિત્તનૈમિત્તિકભાવનો નિષેધ નહિ હોવાથી,...**' એ તો વસ્તુ સ્વરૂપ... એ તો કેવળજ્ઞાન હોય તો જ્ઞાયક અને જ્ઞેય એવો ભાવ તો રહે છે. માત્ર... કેટલી ટીકા કરી! ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે શ્લોકને કેટલો સ્પષ્ટ કર્યો. કોઈપણ શ્લોક સમયસાર હો. ઓહોહો..! ગજબ ટીકા છે. શાંતિથી ધીમેથી એનો સ્વાધ્યાય કરે, મનન કરે, મેળવણી કરે તો એને ખબર પડે. માણસે સ્વાધ્યાયમાં પણ પોતાની દૃષ્ટિ રાખી હોય તે પ્રમાણે વાંચી લે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ નિમિત્ત આવ્યું.

ઉત્તર :- પણ શું કહ્યું એ? નિમિત્તનો અર્થ શું? નિમિત્ત નિમિત્તના વેપારમાં છે. ઉપાદાન-ઉપાદાનમાં. નિમિત્ત પણ પોતાનું તો ઉપાદાન છે કે નહિ? એ તો પરની અપેક્ષાએ નિમિત્ત કહ્યું. આ અપેક્ષાએ એ નિમિત્ત અને એની અપેક્ષાએ આ નિમિત્ત, અને પોતાની અપેક્ષાએ બેય ઉપાદાન. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :- બેય ઉપાદાન છે.

ઉત્તર :- બેય ઉપાદાન છે. એ તો પરની અપેક્ષાએ નિમિત્ત કહેવાય. એની અપેક્ષાએ આ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**માત્ર...**' માત્ર શબ્દ પડ્યો છે, હોં! ... એમ છે ને? નિમિત્ત નૈમિત્તિક ભાવ માત્ર. એમ છે ને? '**त्वादितरेतरनिमित्तमात्रीभवनेनैव द्वयोरपि परिणामः**' જુઓ! બેયમાં લખ્યું હોં! '**निमित्तमात्रीभवनेनैव**' સંસ્કૃત ટીકા છે. ...

મુમુક્ષુ :- મથાળામાં...

ઉત્તર :- એ તો હજી શરૂઆત કરી છે ને. બતાવવું છે. '**निमित्तमात्रत्वमस्ति तथापि न तयोः कर्तृकर्मभाव**' આહાહા..! એ વસ્તુની સ્થિતિ જેમ છે એમ કહે છે. સમજાણું કાંઈ? લોકો એમ કહે છે, જેવા વિકાર પરિણામ થાય, એટલો કર્મનો બંધ કરવો પડે ને. પણ એમ નથી. એ તો એને કારણે (બંધાય). તો એમ બરાબર છે? કે બરાબર. તો પછી અમે કહીએ કે જેવો કર્મ ઉદય આવે એવો જ બરાબર વિકાર કરવો પડે. એમ નથી. સમજાણું કાંઈ? આમાં આમ કહે છે, જેવા પરિણામ આત્માના હોય એવા કર્મના રજકણ બંધાય ને? એવા જ બંધાય ને. એક પરિણામ એવા છે કે જ્ઞાનાવરણીય નિમિત્ત પડે છે, એક પરિણામ એવા છે કે દર્શનાવરણીય નિમિત્ત પડે છે. કેમ? નિમિત્ત તો અમુક છે, પણ છતાં અમુક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્તમાં પણ અમુક અમુકમાં ઉપાદાન પોતાની પર્યાયમાં સ્વતંત્ર કામ કરે એમાં નિમિત્ત તો એક જ છે. લ્યો! જે પરિણામ કર્યા વિકારના એ નિમિત્ત. છતાં પરમાણુઓ જ્ઞાનાવરણીયપણે પરિણમ્યા. તો તો ઉપાદાનની સ્વતંત્રતા થઈ ગઈ. સમજાણું કાંઈ? એક દર્શનાવરણીયપણે પરિણમ્યા, એક વેદનીયપણે પરિણમે, એક મોહનીયપણે પરિણમે. એનો અર્થ શું? અહીં તો પરિણામ એક પ્રકારનું કર્યું. સમજાણું કાંઈ? જેમ કે મિથ્યાત્વ. ભ્રાંતિ કરી કે રાગ મારું સ્વરૂપ છે, રાગ. ત્યાં તો આઠ કર્મ બંધાય છે એક સમયે જ્યારે આયુષ્ય હોય ત્યારે. નહિતર સાત (બંધાય છે). તો શું? પરિણામ તો એક જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એવો જ એનો સ્વભાવ છે.

ઉત્તર :- એ નિમિત્તમાં એટલા નિમિત્તપણે થવાની (યોગ્યતા છે કે) કે જે જે પરમાણુ પોતાના ઉપાદાનપણે પરિણમે છે એમાં આ નિમિત્ત કહેવામાં આવે છે. એટલી વાત છે. આગળ-પાછળ કરે તો વસ્તુની સ્થિતિ .. થઈ જાય. સમજાણું કાંઈ? ઓહોહો..! વિચાર કરવાનો મોકો નથી. વૈદરાજજી! ચાલો ગોળીઓ કરો, આમ કરો, દવા કરો. શેઠિયા .. દવા કરે મટી જાય. એ તો નિમિત્તથી વાત છે. ... કોણ અને મટાડે કોણ? ભારે વાત, ભાઈ!

લ્યો! મેં તો લાકડીનો દાખલો આપ્યો હતો છોકરાવને. કીધું, આ લાકડી છે કે નહિ? આ લાકડી આપણે અહીં મુકીએ તો આમ જાય, આમ જાય તો ત્યાં જાય, આમ જાય તો ત્યાં જાય. આપણે આમ કરીએ તો આમ થાય, આમ કરીએ આમ થાય. છે કે નહિ? પોતાનો અધિકાર છે કે નહિ એની પર્યાયને પલટાવવાનો? શું છે? એ ...! ક્યાં ગયો જીતુ? શું છે આ લાકડી? આ લાકડી નથી હાથમાં લેતા? આમ મૂકે તો આમ મૂકે. કોઈ વખતે નજીક, કોઈ વખતે આઘો, કોઈ વખતે પાછળ. એનો હાથ એને આમ ગતિ કરાવે છે. હાથ આમ થાય... આમ થાય.. એમ લાકડીની પર્યાય થાય છે કે નહિ? નહિ. પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોવા છતાં હાથ ચલાવ્યો માટે કાર્ય થયું એવું એમાં કર્તાકર્મ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'અન્યોન્ય નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ (થાય) છે;...'** બસ. પોતાથી પોતાના પરિણામ (થાય) એમાં એ નિમિત્ત, કર્મના પરિણામ એમાં (થાય) એ વિકારમાં એ નિમિત્ત. બસ. ઓહોહો..! વિકાર પણ સ્પષ્ટ ભવનં સ્વભાવ, પોતાનો સ્વભાવ છે. સ્વભાવ શબ્દે શુદ્ધતાની વાત નથી. પોતાના પર્યાયની યોગ્યતા છે. પોતાની પર્યાયમાં વિકારની યોગ્યતાથી થયો પોતાથી તો પૂર્વકર્મને નિમિત્ત કહો. જાણવાની ચીજ છે. એ કરાવવાની વસ્તુ નથી કે કર્મ વિકારને કરાવી દે. તો કદી છૂટવાનો પ્રસંગ આવે જ નહિ. ભાઈ! વાત એવી છે. આહાહા..! નિગોદમાંથી નીકળે છે એ પણ પોતાના પરિણામથી નીકળે. સમજાણું કાંઈ? ભાવકલંક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુરા. આવે છે? નિગોદમાં. .. એમ કહ્યું છે ત્યાં. એમ નથી કહ્યું કે કર્મનું જોર છે તો નિગોદ... એ તો .. કથન તો છે. ભાવકલંક બહુરા. પણ એને ખબર નથી. નિગોદમાં તો અનાદિથી પડ્યો છે. ત્યાં તો એકેન્દ્રિય છે, મન નથી તો એને એટલું તો કહો કે કર્મના જોરથી ત્યાં રહ્યો છે. નહિ. પોતાના પ્રચુર ભાવકલંકને કારણે નિગોદવાસ .. આહાહા..! આટલી વાત સ્વતંત્ર! સમજાણું કાંઈ? કહો, ધર્મચંદજી! આ તમે પહેલા દિગંબરમાં જન્મ્યા પણ ક્યાં તમને કાંઈ ખબર છે? અહીં તો કહે છે કે ભાઈ! સંભળાવનાર ન મળ્યા પણ પરિણમનાર કોણ છે?

મુમુક્ષુ :- પોતે. બીજો કોણ પરિણમાવે?

ઉત્તર :- એ તો કહે છે. પરિણમનાર કોણ છે? ભૂલપણે પરિણમનાર કોણ છે? .. નિમિત્ત શું કરે? કહો, વૈદરાજજી! આહાહા..!

**'બન્નેના પરિણામ (થાય) છે; તે કારણે જેમ માટી વડે ઘડો કરાય છે...'** જુઓ ભાષા. જેમ માટી ઘડો કરે છે. એમ કહેવું તો એ છે. **'જેમ માટી વડે ઘડો કરાય છે...'** અર્થાત્ માટીથી જ ઘડો બને છે. માટીથી ઘડો બને છે. કાંઈ કુંભારથી ઘડો બનતો નથી. કુંભાર ઘડારૂપ થાય છે? માટી ઘડારૂપ થાય છે. લોટ રોટલીરૂપ થાય છે. પાણી પોતામાં શીતળપર્યાયને છોડીને ઉષ્ણરૂપ થાય છે. અગ્નિ શું કરે? આહાહા..! લ્યો, એ આવ્યા હતા, જુગલકિશોર. દિલ્હીથી.

એક પ્રશ્ન થયો હતો. અગ્નિ ઈષ્ટ.. દષ્ટ ઈષ્ટ છે. દષ્ટ ઈષ્ટ. દેખાય છે, અગ્નિથી પાણી ઉષ્ણ થાય છે. ભાઈ! પાણીની ઠંડી પર્યાય એ .. ગુણની વિકાર અવસ્થા. એ પાણી પોતાની પર્યાયમાં શીતરૂપે ઉત્પન્ન થાય છે. બીજે સમયે ઉષ્ણરૂપ ઉત્પન્ન થઈ. એ અગ્નિને કારણે ઉત્પન્ન થઈ છે? તો એમાં ઉષ્ણતાનું કામ કોણે કર્યું? ઉત્પાદ કોણે કર્યો? ગુણે કર્યો અથવા દ્રવ્યે કર્યો. સમજાણું કાંઈ? અગ્નિથી ઉષ્ણ પર્યાય થઈ તો કર્તાકર્મ થયો. એમ છે નહિ. નિમિત્તનૈમિત્તિક બીજી વાત છે. પરમાણુનો પોતાનો સ્પર્શગુણ શીતગુણનો વ્યય થઈને ઉષ્ણરૂપ પરિણમ્યો. અગ્નિ નિમિત્ત છે, અગ્નિ નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં અરસપરસમાં વ્યાપ્યવ્યાપક નથી. અગ્નિ વ્યાપક છે અને ઉષ્ણતા એની વ્યાપ્ય દશા થઈ, અગ્નિ કર્તા અને ઉષ્ણતા કર્મ છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી!

મુમુક્ષુ :- નિમિત્તનો પણ કાંઈક હિસ્સો તો હશે ને?

ઉત્તર :- હિસ્સો છે ને. પૂરો. સોએ સો ટકા એનામાં.

મુમુક્ષુ :- ઉપાદાનમાં કેટલો છે?

ઉત્તર :- ઉપાદાનમાં એક અંશ પણ નહિ. અરે.. ભગવાન! બાપુ! તારા ઘરમાં આવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કોણ? અને પરના ઘરમાં જાય કોણ? સમજાણું કાંઈ? પોતપોતાની સત્તામાં સૌ રહે છે. ઉત્પાદ-વ્યય પણ એની સત્તા છે. ધ્રુવ સત્તા છે. પોતપોતાની સત્તામાં મોજ કરે છે.

'**જેમ માટી વડે ઘડો કરાય છે...**' કર્તાકર્મ બતાવવું છે. માટી કર્તા છે, ઘડો એનું કર્મ છે. '**(અર્થાત્ તેથી),...**' તેથી શબ્દ લીધો કૌંસમાં. '**જેમ માટી વડે ઘડો કરાય છે...**' માટી વડે ઘડો કરાય છે. કુંભાર ઘડારૂપ થતો નથી. માટી ઘડારૂપ થાય છે. પાણી ઉષ્ણરૂપ થાય છે, ઠંડામાંથી. સમજાણું કાંઈ? ઓલો, કહે નહિ. અગ્નિથી થાય. અરે..! ભગવાન! રહેવા દે, ભાઈ! તારા સત્ત્વની તને ખબર નથી. સંયોગથી દેખનાર પોતાનો રાગથી ભિન્ન સ્વભાવને જોઈ નહિ શકે. પરપદાર્થનું પણ સંયોગથી કાર્ય થાય એમ જોનારો પોતાના આત્મામાં રાગરૂપી સંયોગથી ભિન્ન ચૈતન્ય છે એમ નહિ જોઈ શકે. સમજાણું કાંઈ? સ્વભાવ જો, સ્વભાવ જો. ભાઈ! પરમાણુ પર્યાય, ચૈતન્ય, એની વર્તમાન પર્યાય સ્વતંત્ર પોતાથી છે, એમ જો. તો તને જોવાનો અવસર રાગથી પણ ભિન્ન મારી ચીજ છે. પૃથક્પણે રાગ ભલે દેખાય, અલ્પજ્ઞાનપણે દેખાય પણ વસ્તુ એવી નથી. વસ્તુ સર્વજ્ઞસ્વભાવી પૂર્ણાનંદ છે. એવી દૃષ્ટિ કરવાનો, સ્વતંત્ર રાગ પોતાથી થાય છે એમ માનનારને આ અવકાશ રહે છે. પણ કર્મ રાગ કરાવે એને તો રાગ છૂટવાનો અવસર રહેતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**માટી વડે ઘડો કરાય છે...**' લોટ વડે રોટલી બને છે. લોટ જ રોટલીરૂપ થાય છે. કે સ્ત્રી રોટલીરૂપ થાય છે? કે તવો (થાય છે)? એય..! શેઠ! શું દવા-બવા કરો છો કે નહિ તમે? લાડુ બનાવે છે. આમ બનાવે. ટોપરા આવતા ને ટોપરા, નહિ? ટોપરા કહે છે ને? નાળિયેરનું ટોપરું. આમ કટકા કરીને આમ બનાવે. ઘી નાખે. ટોપરાપાક. ટોપરાપાક. એમાં વળી પાછા આવા વૈદ હોય તો નાખે થોડી ભસ્મ. થોડું થોડું લેવું. સવારે બે રૂપિયાભાર લેવું. લાવો સો રૂપિયા, બસો રૂપિયા લાવો. એમ કહે, પુષ્ટિ થઈ કે નહિ? પહેલા આટલું હતું. નિરોગ થયો કે નહિ? લાવો. .. પચાસ લાખ.. પાંચસો તો મૂકો. દસ હજાર પાંચ-સાત રકમ લઈ લે બાર મહિને પાંચ હજાર કે દસ હજાર. ધૂળમાંય નથી. એ તો પૈસા આવવાના હોય તો આવે. શું બીજાનો રોગ એ મટાડી શકે છે? આહાહા..! અરે.. ભગવાન! ત્યાં દવા વ્યાપક થઈને રોગની અવસ્થાનું વ્યાપ્ય કાર્ય એણે કર્યું છે? ભારે વાત ભાઈ! નિમિત્ત નૈમિત્તિક હોવા છતાં વ્યાપ્યવ્યાપક નથી. નિમિત્ત નૈમિત્તિકનો અર્થ એનાથી કાંઈ થતું નથી. એનું નામ એ. થાય છે પોતાથી ત્યારે બીજી ચીજની હયાતીનું જ્ઞાન કરાવવાની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

તેવી રીતે '**પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' જુઓ! ભાષા! અજ્ઞાનની વાત છે હોં અહીંયાં. '**જેમ માટી વડે ઘડો કરાય છે...**' સમજ્યા? એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા જ પોતાનો વિકારભાવ કરે છે. '**પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' જુઓ! કર્તા-કર્મ સિદ્ધ કરે છે પોતામાં ને પોતામાં. દરેક દ્રવ્ય પોતાની પર્યાયથી પોતાની પર્યાયને કરે છે. લ્યો! મહાસિદ્ધાંત છે. પર્યાય શબ્દે પર્યાય હોં અહીંયાં. '**પોતાના ભાવ વડે પોતાનો ભાવ કરાતો હોવાથી,...**' પર્યાય પોતાથી થાય છે. પર્યાય પરથી થતી નથી.

'**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' અહીં અજ્ઞાન લેવું છે ને. જીવ પોતાના વિકારી પરિણામનો, વિકારી પરિણામનો જે પોતાનું વ્યાપ્ય નામ કર્મ છે, એને સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી, ચૈતન્ય શુદ્ધ આનંદકંદનો અનુભવ નથી ત્યાં સુધી કર્તા થાય છે. કદાચિત્ કર્તા થાય છે. વસ્તુ ત્રિકાળ કર્તા પર્યાય અને દ્રવ્ય સ્વભાવ.. કર્તા એમ નથી. સમજાણું કાંઈ? '**જીવ પોતાના ભાવનો...**' ભાવ શબ્દે પર્યાય. '**કર્તા...**' અજ્ઞાન ભાવનો, વિકારભાવનો, અશુદ્ધ ભાવનો કદાચિત્ અજ્ઞાન રહે, પર ઉપર લક્ષ રહે, સ્વભાવનું ભાન ન હોય ત્યાં સુધી તો અજ્ઞાની વિકારનો કર્તા છે. સમજાણું કાંઈ? સિદ્ધ કેમ કર્મ નથી કરતા? સિદ્ધ કેમ વિકાર નથી કરતા? કર્મ નથી માટે. એમ નથી.

મુમુક્ષુ :- સીધી વાત છે.

ઉત્તર :- એ સીધી વાત નથી. ટોડરમલે તો બીજું કહ્યું. સંસાર કેમ નથી? કે શ્રદ્ધાનું જોર છે એમ કહ્યું છે. છે કે નહિ? ઓલા કહે કે ઓલાને લઈને. એ મોટું ઈડરમાં થયું હતું. ઓલો વિકાસ હતો ને? આમ થાય. અરે..! કીધું ભાઈ! આ શું માંડી? ઘણા દિવસથી રહે એટલે માણસને... આહાહા..! બિચારાને ખબર ન મળે. આઠમામાં છે ને? શેમાં છે? નવમામાં.

કહે છે કે કેવળી સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનું જ બળ જાણવું. સ્વભાવ ઉપર જોર છે, દૃષ્ટિ માટે રાગરૂપ ને સંસારનું પરિણમન થતું નથી. એવી ભાષા છે. સમજાણું કાંઈ? કર્મ નથી તો રાગ થતો નથી, એમ છે નહિ. ઉત્તર દેવાની બહુ ખુબી છે. સમજાણું કાંઈ? એ પદાર્થરૂપ... નથી. સમ્યક્ત્વ ગુણમાં સાચી શ્રદ્ધાનું ગ્રહણ કર્યું છે. કેવળી સિદ્ધ ભગવાન રાગ વિકારરૂપ પરિણમતા નથી, થતા નથી એ સંસાર અવસ્થાને ઈચ્છતા નથી. બે વાત. એ આ શ્રદ્ધાનું જ બળ છે. સમ્યક્દર્શન આત્મા પૂર્ણાનંદની પ્રતીતિ તો ...

મુમુક્ષુ :- મૂળ દ્રવ્ય તો એકાંત થઈ ગયું.

ઉત્તર :- શ્રદ્ધાનું જ બળ છે. એકાંત જ છે, સમ્યક્ એકાંત છે. આહાહા..! માણસને એ .. .. કે .. નીકળે નહિ.. કાચ હોય છે ને? એમાં નીચે હોય છે ને. ઘાસતેલ નાખો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને ઘાસતેલ. નિકળી જાય તોય ગંધ મારે. દાતા હોય છે ને? આ કાચ નહિ? ... આ કાચનો અરીસો હોય ને? અંદર નીચેથી ડટ્ટો હોય છે કે નહિ? અંદરમાં એટલું છે કે ઘાસતેલ કાઢી નાખે તોપણ અંદરમાં એ ગંધ ઘૂસી ગઈ છે ને. જ્યારે કોઈ અંદરમાં નાખે તેજાબ, કપડા ને કપડા નાખે ને ઘસે તો નિકળે.

એમ અનાદિની ગંધ એવી ગરી ગઈ છે. તો એને એમ લાગે કે કર્મથી થાય, કર્મથી થાય, આમ થાય.. આમ થાય. સમજાણું કાંઈ? વિરજીભાઈએ દાખલો આપ્યો કસ્તુરીનો. કસ્તુરીનો ડબ્બો હતો ને સવા શેર, શેર સવા શેર કસ્તુરી. વીરજીભાઈ ગુજરી ગયા ને, ૯૩ વર્ષે. એના ઘરે .... પથારીમાં પડી હતી કોઈની કસ્તુરી. ઘણાં મહિના રહી. પછી લેવા આવ્યો તો આપી દીધી. આપી દીધી પણ કસ્તુરી તો ડબ્બામાં હતી પણ બધા કપડામાં, પુસ્તકમાં, પાનામાં કસ્તુરીની ગંધ રહી ગઈ. કસ્તુરી તો એ લઈ ગયા. પણ અમુક મહિના પથારીમાં પડી રહી તો પુસ્તક મૂક્યું હતું. ગંધ રહી ગઈ ગંધ. ... એમ અનાદિની ગંધ (રહી જાય છે). શાસ્ત્રમાં છે હોં! એ અષ્ટપાહુડમાં છે. અષ્ટપાહુડમાં પાઠ છે હોં! શાસ્ત્રમાં તો ઘણા શબ્દો લીધા છે. અષ્ટપાહુડમાં મૂળ પાઠમાં લીધું છે કે ગંધ લોકોની નથી જાતી. ગંધ ઘૂસી જાય છે અંદર.

મુમુક્ષુ :- ઢોરમાં પણ ગંધ આવે.

ઉત્તર :- હા, આવે છે ને.

કહે છે કે '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' એનો અર્થ એવો નથી કે કર્તા કદાચિત્ હોય અને કોઈ વખતે કર્મ કર્તા હોય એમ નહિ. અહીં તો અજ્ઞાનભાવ જ્યાં સુધી છે ત્યાં સુધી વિકારનો કર્તા અજ્ઞાની છે. જ્ઞાનભાવ થયો તો કર્તા નથી, એ વાત સિદ્ધ કરવી છે. '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' અને કોઈ વખતે કર્મ વિકારનો કર્તા થાય છે. એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવાર્થમાં ચોખ્ખું કર્યું છે.

ઉત્તર :- છે ને, ભાવાર્થમાં ચોખ્ખું કર્યું છે ને. એનો આશય એ છે. પાઠમાં તો સાધારણ વાત લીધી છે તો ખુલાસો કર્યો છે. સમજાણું? પાઠમાં તો એ વાત છે નહિ.

મુમુક્ષુ :- કદાચિત્ છે નહિ.

ઉત્તર :- છે નહિ. એમ બતાવવું છે. જ્ઞાન બતાવ્યું ને પહેલા. અજ્ઞાનભાવ-જ્યાં સુધી સ્વરૂપનું ભાન નથી, ચૈતન્ય શુદ્ધ આનંદની અંતર દૃષ્ટિ નથી, ત્યાં સુધી અજ્ઞાનભાવમાં વિકાર મારું કર્તવ્ય અને કર્તા હું એવી બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

એ કહે છે, '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' અજ્ઞાનભાવમાં પડ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે (ત્યાં સુધી). જ્ઞાનભાવ થાય ત્યારે રહેતું નથી. '**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટી કાંઈ કપડારૂપ નથી થતી. સમજ્યા? '**તેમ પોતાના ભાવ વડે પરભાવનું કરાવું અશક્ય હોવાથી...**' પોતાના ભાવ વડે, વિકાર ભાવ વડે કર્મની પર્યાય થવી અને કર્મના ઉદયથી વિકારી પર્યાય થવી અશક્ય છે. સમજાણું કાંઈ?

'**પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટીથી કપડું નથી બનતું. '**તેમ પોતાના ભાવ વડે...**' પોતાના વિકારી ભાવથી '**પરભાવનું કરાવું...**' કર્મની પર્યાયને કરવી અને કર્મનો ઉદય પોતાના ભાવથી જીવના વિકારી ભાવનું કરાવું અશક્ય છે. બેય બાજુ અશક્ય છે. કર્મનો ઉદય જીવનો વિકારીભાવ કરવામાં અશક્ય છે અને જીવના પરિણામ કર્મની પર્યાય બાંધવામાં અશક્ય છે. નિમિત્ત હોવું જુદી વાત છે અને કર્તાકર્મ જુદી વાત છે. આહાહા..! લોકો તો નિમિત્તને જ બધું કર્તાકર્મ લગાવી દે છે, જાવ! જ્ઞાનાવરણીયના ઉદય વિના જ્ઞાન હિણું નથી થતું. એ તો કર્તા થયો. જ્ઞાનાવરણીયના ઉદય વિના અહીંયાં જ્ઞાન હિણું નથી થતું. એ તો કર્તા થયો. એમ નથી. જ્ઞાનાવરણીયનો ઉદય પોતાના ભાવમાં છે. એ ભાવ જ્ઞાનને હિન કરવામાં અશક્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? દર્શનમોહ પોતાની પર્યાયને કરનારું છે. જીવને મિથ્યાત્વ કરાવું અશક્ય છે. બરાબર છે? છે એમાં નીકળે છે? જુઓ! આપણે ધીરેથી વાંચવું છે કે નહિ.

'**તેમ પોતાના ભાવ વડે...**' કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાય વડે, પરભાવ પોતાની પર્યાયથી અન્ય પર્યાયમાં, કરાવું-પરપર્યાયને કરવી અશક્ય, અસમર્થ, નાલાયક છે. ૩૭૨માં આવે છે. આહાહા..! ભગવાન કેવળજ્ઞાની પણ ભાષાની પર્યાય કરવામાં અશક્ય છે. ઈ આવ્યું કે નહિ એમાં? ભગવાન કેવળજ્ઞાનની પર્યાય કરવામાં શક્ય છે, વાણી કરવામાં અશક્ય છે, પરની પર્યાય કરવામાં અશક્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(જીવ) પુદ્ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...**' અજ્ઞાનભાવે વિકારનો કર્તા છે. પણ પુદ્ગલનો કર્તા તો અજ્ઞાનભાવે પણ કદી નથી થતો. આહાહા..! સમજાણું કાંઈ? જીવ પોતાની અજ્ઞાનદશામાં વિકાર કર્તા ભાવ અજ્ઞાન રહે ત્યાં સુધી કર્તા થઈ શકે છે. પણ અજ્ઞાનભાવ કર્મની પર્યાયને કરે અને કર્મની પર્યાય રાગને કરે એમ તો બનતું નથી. '**પુદ્ગલભાવોનો કર્તા...**' એટલે આત્મા કર્મની પર્યાયને કરે, અહીં (જ્ઞાનની) અશાતનાનો ભાવ થયો તો જ્ઞાનાવરણીયની પર્યાય એણે કરી, એનાથી થઈ એમ છે નહિ. એની પર્યાય એમાં થઈ, આની પર્યાય આમાં થઈ. નિમિત્ત કહેવું બીજી વાત છે. '**કદી પણ નથી એ નિશ્ચય છે.**' એને અહીંયાં નિશ્ચય કહેવામાં આવે છે. એમ સમજે તો પોતાની વિકૃતપર્યાયને સ્વતંત્ર કરનારો લક્ષ છોડે તો સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૯, શનિવાર તા. ૨૨-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૦ થી ૮૨, ૮૩ પ્રવચન-૧૬૫**

૮૦ થી ૮૨ ગાથા. જુઓ! છેલ્લો અધિકાર આવી ગયો. ટીકાનો છે ને છેલ્લો? '**જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે,...**' છે? એ આવી ગયું છે કાલે. વિકારી ભાવની વાત છે હોં અત્યારે. જીવ પોતાના સ્વભાવને ભૂલીને વિકારી પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેયના પરિણામનો અજ્ઞાનભાવે કર્તા છે. સમજાણું કાંઈ? '**પોતાના ભાવનો કર્તા કદાચિત્ છે, પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી...**' માટી વડે કાપડ ન થઈ શકે.

'**તેમ...**' આ સિદ્ધાંત છે મોટો. '**તેમ પોતાના ભાવ વડે...**' એટલે કે દરેક પદાર્થ પોતાની પર્યાય વડે. સમજાણું કાંઈ? દરેક આત્મા કે દરેક પરમાણુ પોતાના ભાવ નામ પર્યાય. પોતાના પર્યાય વડે '**પરભાવનું...**' એટલે બીજા દ્રવ્યની પર્યાયનું '**કરાવું અશક્ય હોવાથી...**' આ સિદ્ધાંત મોટો છે. સમજાણું? કોઈપણ દ્રવ્ય પોતાની પર્યાય કરવા સમર્થ છે. અહીંયાં તો અજ્ઞાનીની પર્યાય વિકારી છે તે કરવા એ સમર્થ છે. જ્ઞાનીની વાત છે એ જ્ઞાનમાં સ્વભાવદૃષ્ટિ છે. એટલે સ્વભાવદૃષ્ટિમાં વિકારનું થવું એ સ્વભાવદૃષ્ટિમાં હોતું નથી. ચૈતન્ય સ્વભાવ જ્યાં (લક્ષમાં આવ્યો), દૃષ્ટિ જ્યાં બદલી ગઈ, જ્યાં વિકારની હયાતીમાં કાર્ય માન્યું હતું એ દૃષ્ટિ બદલાઈ ગઈ. હું તો જ્ઞાન ચૈતન્ય શુદ્ધ સ્વભાવ પરમમૂર્તિ આત્મા છું. એમ થયું એટલે કે એના કર્તાપણામાં કાર્ય તો સ્વભાવભાવનું થાય. એનો સ્વભાવભાવ એ પોતાનું કાર્ય છે. કહો, શેઠી! ખ્યાલમાં આવ્યું કે નહિ? કેમ .. આવ્યું? બહુ ન આવ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે.

અહીંયાં જે અધિકાર છે એ અજ્ઞાનીનો છે. કેમ કે જેણે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રતીતમાં, અનુભવમાં લીધો નથી, એથી એના અનુભવમાં તો વર્તમાન અનાદિ કાળથી જે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એની એક સમયમાં જે વિકારી પર્યાય છે એના ઉપર એનું કર્તાપણું છે. અહીં કર્તાપણું છે ને? એ મારું કાર્ય છે અને હું એનો કર્તા. કારણ કે ચીજ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ તો જોઈ નથી, જાણી નથી, સ્પર્શી નથી, અનુભવી નથી. સમજાણું કાંઈ? એથી એ વિકારી પર્યાયનો અજ્ઞાનભાવે, જ્યાં સુધી અજ્ઞાન છે એની દૃષ્ટિ વિકારના કાર્ય ઉપર છે ત્યાં સુધી તેનો એ કર્તા. પણ જ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવની ધર્મીની દૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુદ્ધ સ્વભાવ ઉપર હોવાથી એ શુદ્ધ સ્વભાવનો કર્તા, શુદ્ધ સ્વભાવ એનું કાર્ય. સમજાય છે કાંઈ? પોતાના ભાવ ને શુદ્ધ ઉપાદાન સ્વભાવની દૃષ્ટિ છે તે શુદ્ધ ઉપાદાન સ્વભાવનું કાર્ય કરે છે. અહીં અશુદ્ધ ઉપાદાન ઉપર દૃષ્ટિ છે... સમજાણું કાંઈ? એથી એ પોતાના ભાવનો કર્તા (થાય છે).

**'પરંતુ જેમ માટી વડે કપડું કરી શકાતું નથી તેમ...'** કોઈપણ પદાર્થની અવસ્થા વર્તમાન હાલત-દશા તે પરભાવનું કરવું અશક્ય હોવાથી. એ પર્યાય વડે પરની પર્યાય, પરની દશા, પરનું કાર્ય, પોતાના સિવાય પર અનંત પદાર્થ એની વર્તમાન અવસ્થારૂપી કાર્ય પરભાવનું કરવું અશક્ય છે. અહીં તો (કહે છે) અશક્ય છે. કરી શકાતું નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાન પણ વાણી કરવાને અશક્ય છે. ભગવાન પોતાનું કેવળજ્ઞાન અને આનંદની પર્યાયના કાર્યને અનુભવે. પણ વાણીની પર્યાય કરવા ભગવાન પણ અસમર્થ છે. કારણ કે વાણીની પર્યાય પરદ્રવ્યની અવસ્થા છે. આ આત્મા અજ્ઞાનમયપણે રાગમય વિકારની પર્યાય કરે, પણ એ કર્મની પર્યાય જે બંધાય છે એની પર્યાયને કરે એ અશક્ય છે. ઓહોહો..!

જે વિકારી પરિણામ કરે એના પ્રમાણમાં કર્મ બંધાય. છતાં એ કર્મની પર્યાયનું કાર્ય વિકારી પર્યાય કરી શકતું નથી. તો પછી ઈચ્છાથી આ જગતના શરીર ને વાણી ને બીજા નોકર્મના કાર્ય કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? અહીં એ સિદ્ધ કરે છે કે જેવા એના પરિણામ ભ્રાંતિના, રાગના, દ્વેષના જેવા હોય એ પ્રમાણે રજકણોમાં સ્વતંત્ર પોતાની લાયકાતથી તે પરિણમવાની પર્યાયની યોગ્યતાથી પરમાણુ પરિણમે છે. આ કારણે નહિ. સમજાય છે કાંઈ?

જેવા પરિણામ જીવ કરે એ જ પ્રમાણમાં ત્યાં દર્શનમોહનું, મિથ્યાત્વ પ્રમાણે દર્શનમોહનું, રાગ પ્રમાણે ચારિત્રમોહનું, યોગ પ્રમાણે રજકણો આવવાનું એ પ્રમાણે જ તેની સંખ્યા પરમાણુની સ્થિતિ આદિ એના પરમાણુને યોગ્યપણે તે પરિણમીને રહે. આને કારણે નહિ. સમજાણું કાંઈ? નહિતર જીવે કર્યા પરિણામ, બંધાણા કર્મ. હવે અમુક કર્મ તો અમુક કાળ સુધી ઉદયમાં આવશે નહિ. રજકણો એક સાથે બધા બંધાણા છે. પરિણામ તો એક જાતના અહીંયાં હતા. એ રજકણો અમુક બંધાણા એ અમુક કાળ સુધી તો એ રજકણો પાકમાં આવશે નહિ. એ એની પોતાની લાયકાત છે. અને પછીના સમયે જે ખરવાના રજકણ છે એ એટલા રજકણ એની યોગ્યતા પ્રમાણે સ્થિતિથી એટલા રહ્યા અને ખરવાને લાયક છે. સમજાણું કાંઈ?

અહીં પરિણામ (થયા) માટે એના પર્યાય કર્યા છે એમ નથી. કારણ કે એની પર્યાય તો જેવી એના સમયની યોગ્યતા જે રજકણમાં હતી; સંખ્યાનું આવવું, સ્થિતિનું પડવું, અનુભાગનું થવું, પ્રકૃતિ એટલે સ્વભાવનું બનવું, એ ચારેયમાં પરમાણુઓની વર્તમાન યોગ્યતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કારણે બને છે. સમજાણું કાંઈ? પ્રકૃતિ વિશેષ.. પ્રકૃતિ વિશેષ આવે છે ને ભાઈ? ધવલમાં એમ આવે છે કે આમ કેમ? સ્થિતિ આમ કેમ? જેમ કે દસમે ગુણસ્થાને લ્યો. એક લોભનો અંશ છે જરી. એ લોભનો અંશ એક હોવા છતાં સત્તર પ્રકૃતિ બંધાય. સમજાણું? પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય નવ આદિ બીજી છે, અંતરાય. સમજાણું? અને એક વેદનીય, ગોત્ર અને નામ. એક જશો કીર્તિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ સત્તર.

હવે એનું કારણ શું? કે અહીં તો લોભનો અંશ એક જ છે. અને સત્તર પ્રકૃતિમાં પણ એક નામ કર્મની વળી અમુક મુહૂર્તની બંધાય, બીજાની વળી અંતરમુહૂર્તની બંધાય એનું કારણ શું? કે પરમાણુના તે જ કાળના પર્યાયની યોગ્યતાનો સ્વભાવ એને કારણે થાય છે. આહાહા..! અહીં તો લોભનો અંશ એક જ છે અને લોભ અંશ મોહને તો બાંધતું નથી. નિમિત્ત થતો નથી. પોતે અંશ પોતાનું થતો નથી તો તો કોઈ દિ' છૂટે નહિ. નિમિત્ત પણ થતો નથી. એ છને નિમિત્ત થાય. એમાં એ કર્મમાં પણ સ્થિતિ અને રસની મુદ્દત આદિ એની પોતાની લાયકાત પ્રમાણે ત્યાં પડે છે. આને કારણે નહિ. આ તો એક પરિણામ નિમિત્તમાત્ર છે. ત્યાં ફેરફાર થયો એ સમય સમયના પરમાણુની ઉપાદાનની સ્થિતિ, પ્રકૃતિ, પ્રદેશ અને અનુભાગ જેની યોગ્યતા હોય તેટલા પરમાણુ ત્યાં પરિણમે છે. ગજબ વાત છે ભાઈ આ. કર્તા નથી અને એને કારણે એવા રજકણ સ્વતંત્ર ઉપાદાનપણે પરિણમે છે. એ ક્રમબદ્ધ છે એમાં પણ. આહાહા..! જરી ઝીણી વાત છે.

મુમુક્ષુ :- એ રજકણમાં જ કેમ લાયકાત છે?

ઉત્તર :- એ રજકણમાં જ એવા પર્યાયની લાયકાતનો તે એનો સમય છે. એનો પોતાનો સમય છે. આને કારણે નહિ.

મુમુક્ષુ :- એટલા બધા સમયમાં...

ઉત્તર :- એટલા બધામાંથી એટલા જ કેમ આવ્યા? એટલા બધામાંથી ઘણાં આવ્યા એમાં પાછા એક સમયે છૂટ્યા, કોઈ બીજે સમયે છૂટ્યા એમ કેમ થયું? શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પરિણામ તો એક હતું.

મુમુક્ષુ :- ... રસમાં

ઉત્તર :- એ રસમાં ફેર છે. એ ચારમાં ફેર છે. શેઠી! જરી ઝીણો વિષય છે.

મુમુક્ષુ :- એ ઉપાદાનની એ જાતની...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ ઉપાદાનની પરમાણુમાં એક સમયમાં એવી જ સ્વતંત્ર યોગ્યતા છે. આ વિષય આ તો અલૌકિક તત્ત્વ વીતરાગનું. તત્ત્વ દૃષ્ટિનો વિષય છે ઈ. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, '**પોતાના ભાવ વડે પરભાવનું કરાવું...**' એટલે કર્મના રજકણની સંખ્યા, પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ એનું આ પરિણામ જીવના થયા માટે ત્યાં થવું અશક્ય છે. '**(જીવ) પુદ્‌ગલભાવોનો કર્તા તો કદી પણ નથી...**' એ પુદ્‌ગલના પરમાણુ જેટલા એના પ્રમાણમાં, વિકારના પ્રમાણમાં ત્યાં હોય. એટલા બંધાય છતાં એની પર્યાયનો કર્તા આ નથી. નિમિત્ત જુદી ચીજ છે અને કર્તા જુદી ચીજ છે. એ અહીં છે માટે અહીં થાય છે તો કર્તાકર્મ થઈ ગયું. એમ નથી. અહીં છે પોતાની પર્યાય, ત્યાં એની પર્યાય એવી થવાને લાયકાત ત્યાં છે એથી આને નિમિત્ત કીધું અને આને નૈમિત્તિક કીધું. કર્તા-કર્મ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સ્વતંત્રતાનો ઢંઢેરો છે. જડમાં પણ એવા રજકણો અનંત છે. અનંત ગુણા વિસ્તા પડ્યા છે, લ્યો. એમાંથી એક અમુક જ રજકણો જ્ઞાનાવરણીયપણે પરિણમે, અમુક જ રજકણો અમુક મુદ્દતની સ્થિતિપણે રહે. અમુક જ રજકણોમાં અમુક જ રસ હોય અને અમુક રજકણમાં વેદનીયના ઘણા રજકણો આવે. લ્યો. કારણ કે એને ખરવું છે પણ ઘણું. હવે એનું કારણ શું? એ એનો પોતાનો સ્વભાવ છે. ગજબ વાત છે! વસ્તુનો સ્વભાવ,... વજુભાઈ!

મુમુક્ષુ :- એવો વસ્તુનો સ્વભાવ છે.

ઉત્તર :- એવો સ્વભાવ છે. સ્વભાવમાં તર્કને અવકાશ નથી. આહાહા..! પહેલે સમયે વર્ગણા અને બીજા સમયમાં એવી વિવિધતા, પ્રકૃતિ સ્થિતિ અનુભાગમાં વિવિધતા. ઉદયમાં આવવાની વિવિધતા, સ્થિતિની મુદ્દતમાં વિવિધતા એ પરમાણુનો સ્વતંત્ર પર્યાયનો ધર્મ છે. એ પર્યાયને જીવનો પર્યાય કરી શકતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પુદ્‌ગલભાવોનો...**' એટલે પર્યાયનો '**કર્તા...**' એટલે રચનારો તો '**કદી પણ નથી એ નિશ્ચય છે.**' નિશ્ચય યથાર્થ એમ જ છે. આ એને બેસે તો આ હું કર્મના રજકણોનો (કર્તા એ બુદ્ધિ ખલાસ થઈ જાય). એક એક સ્વતંત્ર જ્યાં એના વિકારના ભાવ હોવા છતાં, એના સ્વતંત્રપણે એની પર્યાય બંધાય તો આ કહે કે હું શરીરનું કરી દઉં, હલાવી દઉં, બોલી દઉં. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય... એ તો અહીં વાત કરે છે કે જેનો નિમિત્ત નૈમિત્તિક એવો મેળ છે કે જેવો વિકાર (થાય) એવું બંધાય. છતાં તેની વિવિધતા પોતાને કારણે છે તો પછી આ શરીરનું હાલવું, ઈચ્છાથી ચાલે, ઈચ્છાથી બોલે, લાડવો ભાંગે, દાળ ખાય, શાક રચે ત્રણ કાળમાં નથી એમ કહે છે. ભાઈ! તને અજીવના પદાર્થની અજીવની અનંત સંખ્યામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દરેક પરમાણુના તે તે સમયની પર્યાયની સ્વતંત્રતાની યોગ્યતાની તને ખબર પડતી નથી, ભાઈ! એમ હોય તો તો એનો જ્ઞાતા થઈ જાય કે અરે..! મારું કાર્ય નહિ આ. સમજાણું કાંઈ? હું આ બોલ્યો અને મેં આ લખ્યા અને મેં આ કર્યા. ભાઈ! એ તારી પર્યાય નહિ, બાપા! આહાહા..! વિજયકુમારજી! ત્યાં એમ.એસ.માં આવું નહિ આવતું હોય. આહાહા..!

આજે આવ્યું છે આમાં. ભાઈએ લખ્યું છે, ચેતનજીએ. ... આ કાળે યુગબાહ્યની વાતું ન કરવી. યુગબાહ્ય નામ અત્યારે મુક્તિ અને કેવળજ્ઞાનની વાતું અત્યારે ન કરવી. આહાહા..! અત્યારે ક્યાં કેવળજ્ઞાન મુક્તિ છે, મફતની કરવી. શું કરે છે આ? છે ને આ? શું કહેવાય? વીર વાણી. અરે..! ભાઈ! મુક્ત એટલે આત્માનું મોક્ષતત્ત્વ, મોક્ષતત્ત્વ એટલે કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એટલે પૂર્ણ શુદ્ધતાની દશા. હવે પૂર્ણ શુદ્ધતાની દશા કેવી એનું તારે નક્કી નથી કરવું તો પછી નક્કી કેનું કરીશ તું? સમજાય છે? એમ લખ્યું છે.

'ઈસકે અતિરિક્ત લૌકિકની અત્યારે વર્તમાન સાધારણ એક્તા થાય એમ કરો. ઈસકે અતિરિક્ત ઈસ પર ભી ધ્યાન દિયા જાના ચાહિયે જો પ્રયોગ આજ શાસ્ત્રકારોંને યુગબાહ્ય માન લિયા હૈ ઉનકી અગ્ર મુલક ચર્ચા અભી બંદ કર દે. મુક્તિ ઔર કેવલજ્ઞાનાદિકે વીસોં પ્રશ્ન આજ યુગબાહ્ય હૈ.' વીસોં પ્રશ્ન એટલે ઘણા. 'અતઃ ઈનકે વિષયમેં લંબે ચૌડે ઉહાપોહ ઔર ચર્ચાકી જરૂરત કતઈ નહીં હૈ.' આહાહા..!

અહીં તો કાલે વાત કરતા કે આ આત્મા જ્ઞ સ્વભાવ જ છે. આત્મા એટલે જ્ઞ સ્વભાવ. જ્ઞ સ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ. સર્વજ્ઞ સ્વભાવ અર્થાત્ એની પર્યાયમાં એ આશ્રય કરીને પર્યાય થાય એ સર્વજ્ઞપર્યાય જ થાય. આવું તો તત્ત્વ છે. મોક્ષતત્ત્વ, જીવતત્ત્વ. મોક્ષતત્ત્વ એ સર્વજ્ઞ પર્યાય, જીવતત્ત્વ સર્વજ્ઞ સ્વભાવ અને એનું સાધન એવા મહાતત્ત્વની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સાધન. એ સિવાય ચોથી કોઈ ચીજ નથી. એમાં સાતેય તત્ત્વ ભાઈ, આવી ગયા. આહાહા..! હવે આનો નિર્ણય નથી કરવો, બાપુ! યુગબાહ્ય નથી, ભાઈ! આ શું કરે છે? લોકના આ સુધારા અને આ કરવા ને આ કરવા. ભાઈ! બાપુ! એ જીભેય નહિ ચાલે આ.. આમ થઈ જશે. સમજાણું?

ભગવાન જ્ઞ સ્વરૂપી વસ્તુ, જ્ઞ સ્વભાવી પદાર્થ. બસ. જ્ઞ સ્વભાવ એટલે જ્ઞ સ્વભાવ એટલે કે આત્મજ્ઞ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ... પૂર્ણ સ્વભાવ. એ તો વસ્તુ છે આખી. એ પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિની પ્રાપ્તિ પર્યાયમાં થાય એ પૂર્ણ પ્રગટ દશા એ મોક્ષ. આ જીવ. હવે એ જીવને પૂર્ણની પ્રાપ્તિનો પૂર્ણ પ્રતીતિ, પૂર્ણનું જ્ઞાન અને પૂર્ણની રમણતામાં જે સાધન છે એને મોક્ષનો માર્ગ સંવર-નિર્જરા કહે છે. તેથી પહેલામાં લીધું ને? '**नमः समयसाराय स्वानुभूत्या चकासते**' મહા ગજબ વાત કરી છે! એમાં અજીવ, આસ્રવ,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બંધની વ્યાખ્યા કરી જ નથી. પંડિતજી! એ પહેલો શ્લોક છે ને?

**नमः समयसाराय स्वानुभूत्या चकासते।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।**

અસ્તિની વાત કરી છે. મહા શ્લોક છે. '**नमः समयसाराय**'. મહા સમયસાર દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત એવો પ્રભુ તેને નમસ્કાર કરું છું. કેવો છે? '**चित्स्वभावाय भावाय**'. '**भावाय**' પદાર્થ છે. '**चित्स्वभावाय**'. જ્ઞાન જેનો સ્વભાવ છે. '**सर्वभावान्तरच्छिदे**'. અહીં સ્વભાવ લીધું, એની '**सर्वभावान्तर**' એક પર્યાય મુક્ત થાય છે. કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. બસ, આટલી અસ્તિત્વની વાત કરી. આસ્રવ-બંધ એમાં નથી કે અજીવ નથી (એમ નથી લીધું). આ જ્ઞાન થતાં એમાં બધું જ્ઞાન આવી જાય છે. આવી વાત તો અલૌકિક વાત, બાપા! એને મૂકીને શું કરવું છે તારે? આહાહા..! સમજાણું કાંઈ?

એનો અર્થ કે આત્મા તદ્દન શરૂથી તે ઠેઠ સુધી એકલો જ્ઞાતાદૃષ્ટા છે. એ જ્ઞ સ્વભાવી ભગવાન છે. એની મહિમા અપાર છે. એની એને ખબર નથી. આ તે વાત! આત્મા એટલે જ્ઞ સ્વભાવ એની મહિમા અપાર છે. એ મહિમાની અંતર પ્રતીત, જ્ઞાન અને રમણતા થઈ એ સર્વજ્ઞપર્યાયનું સાધન છે અને સર્વજ્ઞ પૂર્ણ ને પ્રતીત ને રમણતા એનામાંથી નીકળી છે. આ જ સિદ્ધ કરવાનું અને કરવાનું જ આ છે જગતને. વજુભાઈ! એમાં તો એમ નથી લીધું કે અજીવ એમાં નથી, આસ્રવ, બંધ (નથી). એ તો અહીં અસ્તિની વાત થતાં અજીવનું જ્ઞાન એમાં આવી જાય છે. અજીવ નથી જ્ઞાન આવી ગયું, આસ્રવ-બંધ એમાં નથી જ્ઞાન આવી જાય છે. આહાહા..! ગજબ વાત કરી છે!

અમૃતચંદ્રાચાર્યે વસ્તુની સ્થિતિ એમાં અસ્તિ, અસ્તિ 'આ' છે ને, ભાઈ! '**भावाय**' છે ને. પ્રભુ તો ભાવસ્વરૂપ છે. એ કોઈ અભાવસ્વરૂપ નથી. પરના અભાવસ્વરૂપ એ બીજી ચીજ. પોતે તો ભાવસ્વરૂપ છે અને તે ભાવસ્વરૂપ છે એનો સ્વભાવ શું ત્યારે? કે '**चित्स्वभावाय**'. ભાઈ! એનો તો જ્ઞાનસ્વભાવ છે ને. અહીં તો મૂળ મહા ગુણ છે, મહા ગુણ છે. '**चित्स्वभावाय**'. ત્યારે હવે એની પ્રાપ્તિ કેમ થાય? '**स्वानुभूत्या चकासते**'. આહાહા..! એવી તો વાત ગજબ કરી છે ને!! બાપુ! એ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ એની અનુભૂતિ. એના અનુભૂતિના આચરણથી તે પ્રાપ્ત-પ્રસિદ્ધ થાય છે. આત્મખ્યાતિ છે ને ટીકા? પંડિતજી! આત્મખ્યાતિ ટીકાનું નામ છે. તો પહેલો શબ્દ આ નાખ્યો '**स्वानुभूत्या चकासते**'. એ પ્રકાશ-પ્રસિદ્ધ પોતાના આનંદ અને જ્ઞાનના અનુભૂતિ દ્વારા પ્રસિદ્ધપણાને પામે છે. અને એની કેટલી શક્તિ છે? '**सर्वभावान्तरिच्छदे**' પોતા સિવાયના અન્ય અનંત અંતર-ભાવાંતર -અનેરા છે. '**च्छिदे**'-જાણી શકે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હવે આ કરીને બીજું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને કરવું છે શું? અને બીજું કરી શકે છે શું? સમજાણું કાંઈ? અહીં તો ઓલો આસ્રવ અને બંધનું કરવાપણું જેનામાં નથી. તો અજીવનું અસ્તિત્વ આમાં નથી તેથી અજીવનું કાર્ય કરે એ એમાં છે નહિ. સમજાણું કાંઈ? કાળ એવા આવ્યા ને. લ્યો! આવા પંડિતો પણ આવું વર્તન કરે. અરે..! પ્રભુ! શું કરવા માગે છે આ? લોકસુધાર કરવો છે. દુનિયામાં શું સુધાર કોનો કરીશ? એ કોલસા.. આ સુધાર... લોક એટલે લોક માયલો જીવ એનો સુધાર આ રીતે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, આજે એ વાત કરી, લ્યો. કોઈનું કાંઈ કરી શકાય નહિ. કેમ? અનંત પદાર્થ છે. અનંત પદાર્થ છે. કાંઈ કરી શકાય નહિ, કોઈનું કાંઈ કરી શકાય નહિ તો પછી આ બધું શું થશે તો આ? થાશે શું? થવાનું હોય એ થાય છે એમાં કરી શકાતું નથી એમાં વાંધો શું તને આવ્યો? એ થવા કાળે એના કાર્ય થાય. તારાથી થતા નથી. આહાહા..! આનાથી થતા નથી પણ એનાથી થતાં નથી એમ કોણે કહ્યું? થાય છે ને, બાપુ! થાય છે ને. પણ એનાથી થાય છે. તું કહે, મારાથી થાય છે. આ મોટો ભ્રમ છે હોં! મોટું શલ્ય છે અંદર. એને અંતરમાં શલ્ય ચોટ્યું છે. ભાઈ! એમ નથી. એ માટે તો આ કર્તાકર્મ અધિકાર લીધો છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' અહીં તો કર્મના પરિણામ એકલા લેવા છે અત્યારે. પુદ્‌ગલના એટલે કર્મના. '**પરસ્પર માત્ર નિમિત્તનૈમિત્તિકપણું છે...**' માત્ર કહ્યું છે ને? માત્ર. નિમિત્ત અને નૈમિત્તિક છે. '**તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી.**' મહાસિદ્ધાંત છે. ભગવાન આત્મા ભૂલ્યો તો ભૂલ ભાવને કરે. પણ ભૂલ ભાવને કરતા કર્મને પણ બાંધે અને કર્મની અવસ્થાનો એને કરવાનો અધિકાર છે એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! બહુ હોશિયાર જ્ઞાનમાં થાય એથી ઝપટ વાણીની કાઢે, બાપુ! એમ એનામાં છે નહિ, હોં! તું ધીરો થા. નહિતર થઈ જઈશ પાગલ. આહાહા..! સમજાણું કાંઈ? તારું જ્ઞાન ખીલ્યું હોય વિશેષ ભલે. પણ એથી કરીને વાણીનો પ્રયોગ તું કર અને દેહના આમ હાલું, આમ હાલું, બહુ વિચિક્ષણ માટે આમ ગતિ કરવી આમ પગ લાંબો ભરાય તો ઝટ માર્ગ કપાય, એવી ક્રિયા તારા અધિકારની નથી. આહાહા..! બાપુ! શરીર અને વાણીથી એ જુદી ચીજ છે. એ આવા જુદી પર્યાયનો કર્તા ત્રણ કાળમાં નથી. આહાહા..! જ્ઞાનચંદજી! એ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ શું કરે? આંખ શું કરે? છેવટે કહેશે ને '**दिट्ठी जहेव णाणं**' ૩૨૦ ગાથા. સર્વવિશુદ્ધની '**दिट्ठी जहेव णाणं**' જેમ દૃષ્ટિ છે બધાને શું કરે? એ ... રોકે? અગ્નિ જળાવે? અગ્નિ ઓલવે? દૃષ્ટિ કરે શું? આવે છે ને પાછળ? ૩૨૦. ૩૨૦ ગાથા છે. આગળ તો ઘણી વાતું (આવે છે). ૩૨૦.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

આહાહા..! અહીં તો કહે છે કે પરની પર્યાય તો કરતો નથી પણ દૃષ્ટિ જેમ આ છાણાનો ગોર કરે ને. છાણાનો ભૂક્કો અને પછી અગ્નિ સળગાવે છે ને અગ્નિ? દૃષ્ટિ સળગાવે? અગ્નિ સળગવા માંડી એને દૃષ્ટિ આમ આમ કરે તો ઓલવી શકે? બુઝાવી શકે? એ તો જાણે કે આ થાય છે. આ અગ્નિ થાય છે. પહેલા નથી મૂકતા આ બૈરાઓ? છાણાનો ભૂક્કો કરે ને થોડો? ગોર કરીને પછી એમાં અગ્નિ મૂકે ને પછી થાય ને ભડકો. તમારે શું કહે છે? સંધુક્ષણ અમારે કહે છે. સંધુક્ષણ. એ આવે છે આમાં સંધુક્ષણ. એ ૩૨૦માં છે હોં. એમાં અંદરમાં છે જુઓ! '**સંધુક્ષણ કરનારની માફક...**' પાઠમાં છે. '**અગ્નિને દેખવાથી, સંધુક્ષણની કરનારની માફક,...**' એમ પાઠ છે અંદર. સંધુક્ષણ-સંધુક્ષણ કરનાર. '**સંધુક્ષણ = સંધુક્ષણ, અગ્નિ સળગાવનાર પદાર્થ**' ભૂકો પહેલો મૂકે ને. આમ લાકડું આવડું હોય તો અગ્નિ શી રીતે પકડે? ઓલો ગોર હોય ગોર. ગોર એટલે ભુક્કો. છાણાનો ભુક્કો હોય ને તો આમ અગ્નિ પકડે. એ સંધુક્ષણ કહેવાય. એ દૃષ્ટિ કરી શકે? દૃષ્ટિ તો જોવે છે કે આમ થાય છે. અને ન થયું બરાબર હોં. દીવો થયો નહિ. એમ દૃષ્ટિ જાણે છે. એમ કહે છે કે દૃષ્ટિ શું કરે? કે '**जाणइ य बंधमोक्खं**'. બંધની પર્યાયને જાણે, છૂટવાની પર્યાયને જાણે, કર્મના ઉદયને જાણે ને નિર્જરાને જાણે. આહાહા..! સમજાય છે? સર્વવિશુદ્ધ અધિકાર છે ને એટલે એકદમ ત્યાં લઈ ગયા. એકદમ જ્ઞાતાદૃષ્ટા જાણે-દેખે. બીજું કરે શું? પરની પર્યાય તો કરે નહિ પણ આ ઉદયને કરવું, નિર્જરાનું કરવું એ કરે નહિ. થાય છે તેને જાણે, હોય છે તેને જાણે. સમજાણું કાંઈ?

'**પરના નિમિત્તથી જે પોતાના ભાવ થયા...**' કર્મના સંગથી પોતાની પર્યાયમાં વિકારી ભાવ થયા '**તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય,..**' એટલે અજ્ઞાનદશા છે ત્યાં સુધી એમ. '**અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય.**' કદાચિત્ કહી પણ શકાય. લ્યો! સમજાય છે કાંઈ? આહાહા..! કર્મની પર્યાયનો કર્તા નથી, બાપુ! તારે શું કરવું છે? અહીં તો તારા અસ્તિત્વમાં જે ચીજ નથી એને એ શું કરે? આ અજ્ઞાન તો એની પર્યાયના અસ્તિત્વમાં છે. જ્યાં સુધી અજ્ઞાન કરે છે ત્યાં સુધી. એમ કહે છે, ભાઈ! એની મોજૂદગીમાં રાગાદિને જાણવું અને આને ભૂલી જવું એ એના મોજૂદગી પર્યાયમાં છે. તો એને અજ્ઞાન છે સ્વરૂપનું ભાન નથી. ત્યાં સુધી તે કાર્ય મારું છે એમ માને છે. પણ પરનું જે અસ્તિત્વ છે એમાં તો તારો બિલકુલ અધિકાર, કાર્ય એ અને કર્તા તું, રચનાર તું અને રચાય એ, બનાવનાર તું અને બને એ, એમ બનતું નથી. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**તેમનો કર્તા તો જીવને...**' અહીં કર્મ સાથે વાત કરવી છે ને? '**અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા...**' અહીં પરભાવ શબ્દે ઓલી જડની પર્યાય લેવી છે હોં! પરભાવ એટલે વિકાર નહિ. એ તો ઓલામાં ગયું. '**જીવ પરભાવનો કર્તા...**' પરભાવ એટલે કર્મની પર્યાયનો કર્તા '**તો કદી પણ નથી.**' આહાહા..! તો પછી આ શરીર ને વાણી ને લખવું ને બોલવું ને આ બધું શું? કે એની મેળાએ થતું હશે? ભીંતમાંથી બોલાતું હશે? એમ બોલે. ભગવાન! તને ખબર નથી, ભાઈ! પરમાણુની પર્યાયમાં શબ્દ વર્ગણામાંથી વાણીની પર્યાય થવાના કાળમાં વાણી થાય છે. એ આત્માને કારણે નથી. સમજાણું? શ્વાસ લેવાય છે એ શ્વાસની ક્રિયા પણ આત્મા કરી શકતો નથી એમ કહે છે અહીં તો. વાણી ને શરીર તો આમ રહી ગયા. ડૉક્ટર કહે ને? ઊંચો શ્વાસ લ્યો.. એઈ..! આ બધા જોવે ને. શ્વાસ જોવો હોય ને એને જોવો હોય. ઊંચો લ્યો. તો આમ ઊંચો લ્યે. ઊંચો થતો હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એમ કે લ્યો તો ખબર પડે ઓલા ધડાકા કેટલા વાગ્યા છે અંદર. ભાઈ! ઊંચો શ્વાસ આમ આવવો એમ ઈચ્છા કર્તા અને શ્વાસ આમ થવો એ કાર્ય છે એનું? ઈચ્છાનો કર્તા અજ્ઞાની થાવ. કારણ કે વસ્તુનું ભાન નથી. પણ ઈચ્છાના કર્તાથી તે શ્વાસની ક્રિયા એ કરી શકે છે (એમ નથી).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે કે સિદ્ધાંત સાચો પણ જ્યાં દાખલો આવે ત્યાં આકરું પડે છે. પણ દાખલો તો આ સિદ્ધાંતનો દાખલો છે. એમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાય કરે નહિ ત્યાં સુધી વાંધો નહિ. પણ અહીં દાખલો આપો કે આ શ્વાસની પર્યાય કરે નહિ એ વાંધો આવે છે. એમ કહે છે. એ શેઠી!

મુમુક્ષુ :- વાંધો શું આવે?

ઉત્તર :- ઉઘાડું પડી જાય છે બધું. એના માટે તો દાખલો દેવાય છે. ચાર પૈસાનું શેર તો મણના અઢી. કૂંચી છે. પછી દાખલો આપે કે એલા સાડી સાડત્રીસ શેરનું કેટલું? કે સાડી સાડત્રીસના સાડી સાડત્રીસ આના. એ ઠીક. પણ એ સિદ્ધાંતનો દાખલો છે એ તો. આહાહા..! આ ચોપડી કેમ લઈને બેઠા? પદ્મપુરાણ લઈને કેમ બેસતા નથી? અરે..! પણ પ્રભુ! શું કહે છે તું? અરે..! કોણ લે? ભાઈ! આહાહા..! ત્યારે તમને એમ છે કે ઓલા શાસ્ત્રથી આ નિમિત્ત બીજું છે. માટે આ નિમિત્તથી કાંઈક લાભ, કાંઈક નવું થાય છે પણ તમે માનતા નથી. પણ નિમિત્તથી થાય એવું તો ઊંડાણમાં છે તમને. અરે..! ભગવાન!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એમ નથી, ભાઈ! એ કાળે જ્યારે રજકણોની જે અવસ્થા સમયસારની તે જ સામે આવવાની એને કારણે આવી છે. આ મૂક્યું, ત્યાંથી લાવો સમયસાર માટે આવ્યું છે એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એ વખતે ...

ઉત્તર :- આ આત્માના દેશની. એક કહેતા હતા. કિશનગઢથી આવ્યા હતા ને? નેમિચંદભાઈ. નેમિચંદ પંડિત હતા ને. પંડિત હતા. પહેલે દિ' સાંભળ્યું. શું કહે છે આ? બોલે છે આખો દિ', લખે, ચોપડા લાવો,.. અહીં કહે છે, બોલી શકે નહિ. આમાં શું કહે છે કાંઈ સમજાતું નથી. વળી બીજું વ્યાખ્યા સાંભળ્યું ત્યારે (થયું), કાંઈક.. કાંઈક.. કાંઈક... કહે છે ખરું કાંઈક. ત્રીજી વાર સાંભળ્યું (પછી ખ્યાલ આવ્યો કે) આ તો પરદ્રવ્યનું કરે નહિ એમ કહે છે. ભાષા થાય છતાં ભાષાનો કર્તા આત્મા નથી. પાછળ તો બોલી ગયો હતો કે જેટલા પંડિતો છે એણે એક મહિનો અહીં શીખી જવું, પછી ભાષણ કરવું, નહિતર વિરોધ થશે તત્ત્વનો. પાછા અહીં આવ્યા ચોથે દિવસે. જય નારાયણ. વજુભાઈ! એમ કહેતા હતા હોં! શું નામ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, એ તો મથુરવાળા. એ નંદકિશોર. આ જે હતા એ આ. આ બીજા. એ નંદકિશોર. નંદકિશોર સાંભળી ગયા ત્રણ દિ'. આ વાત વીતરાગની. આ પ્રમાણે પંડિતો એક મહિનો શિક્ષણ ન લઈ જાય અને જો પ્રરૂપણા કરે તો તત્ત્વથી તદ્દન વિરોધ પડશે. માટે એક મહિનો અહીં શીખવું જોઈએ. એ પોતે પાછા ન આવ્યા. થઈ રહ્યું. આહાહા..! બાપુ! આ તો વીતરાગની નિશાળ છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગનું વાસ્તવિક તત્ત્વ છે એ રીતે આ વાત છે. એટલે એને એ રીતે સમજવું પડશે. સમજ્યા વિના સત્યનું શરણ નહિ મળે એને. આહાહા..!

પરનો ભાવનો કર્તા તો કદી પણ નથી. આહાહા..! પણ પ્રત્યક્ષ દેખાય છે ને. ધર્મચંદભાઈ કહે, અમારે મૂકવું પડે. મૂકે છે ને શું કહે તમારે? ઓલું કાનમાં રાખે છે ઈ. શું કહેવાય એ? બે બાજુ કાનમાં નાખે.

મુમુક્ષુ :- ઊંચો શ્વાસ લેવા માંડો.

ઉત્તર :- ઊંચો શ્વાસ લ્યો તો ખબર પડે. ભગવાન! પણ બોલે એવું, ત્યાં થાય એવું, જાણે મારાથી થાય છે એમ થાય. ઓલો કહે મેં કીધું માટે આમ થાય. ભારે ભ્રમ, ભાઈ! એય..! આ તો કહે છે કે બાપા! ભૂલ ન ખા. અહીં તો તારા જેવા પરિણામ છે ને જ્ઞાનાવરણીય બાંધવાના પરિણામ, એ પરિણામ પ્રમાણે કર્મ બંધાય છતાં કર્મની અવસ્થાનો આ જીવ કર્તા નથી. તો બહારના નોકર્મ તો ક્યાંય આઘા રહી ગયા. શ્વાસ, વાણી ને આ તો બધા નોકર્મ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહારના છે. આહાહા..! એ પાણીના કળશા ઉપાડ્યા.. આમ ઉપાડ્યા. બાપુ! એ તારા કામ નથી, ભાઈ! તું ત્યાં ભૂલ ખા છો. સમજાણું કાંઈ? આહાહા..! અજ્ઞાન દશામાં વિકારી પરિણામની તે સમયની દશાનો કાર્ય કર્તા અજ્ઞાની છે. પણ પરની પર્યાયના કાર્યનો પ્રભુ ત્રણ કાળ ત્રણ લોકમાં આત્મા અજ્ઞાનભાવે પણ (કર્તા) નથી. સમજાણું?

હવે કહે છે, '**તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ...**' હવે આખું બધું લે છે, હોં! વિકારી અને અવિકારી બધું લેશે આમાં. ઓલામાં એકલા વિકારીની વાત હતી. એકલું સિદ્ધ કરી અને હવે આત્મા વિકારપણે પરિણમો કે અવિકારપણે પરિણમો, મુક્તિના માર્ગપણે પરિણમો કે મુક્તિપણે પરિણમો કે વિકારપણે, પણ એ પોતાના પરિણામનો કર્તા છે, પરનો કર્તા અને પરથી થાય છે એમ છે નહિ. એમ આખો સળંગ સિદ્ધાંત લે છે. સમજાણું કાંઈ? ઓલો એકલો જ અજ્ઞાનનો સિદ્ધાંત લીધો હતો. આ અનાદિઅનંત બધો લેશે.

'**જીવને પોતાના જ પરિણામો...**' એટલે પર્યાય '**સાથે કર્તા કર્મભાવ અને ભોક્તાભોગ્યભાવ (ભોક્તાભોગ્યપણું) છે એમ હવે કહે છે :-**'

**णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करोदि।**
**वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

જુઓ! અહીં નીચે ભાઈ આવ્યું. ઓલા કહે, કાળ મરણ અને અકાળ મરણ. અકાળ મરણને વ્યવહાર કહો છો અને કાળ મરણને નિશ્ચય કહો છો. કાળ મરણની પર્યાય માટે વ્યવહાર છે. ભાઈ! કઈ અપેક્ષાએ વાત ચાલે છે? અહીં તો પર્યાયની નિશ્ચયની વાત ચાલે છે. આહાહા..! મોટી તકરાર લીધી છે. અરે..! પ્રભુ શું કરે છે? ભાઈ! આવા વાદવિવાદ કરીને શું કરવું છે? જે વસ્તુની સ્થિતિ છે એમ રાખને, ભાઈ! તારે સ્થિતિપણે રહેવું હોય તો.

જુઓ! કર્તાકર્મ એકલું અજ્ઞાનમાં સિદ્ધ કર્યું. પરનો (કર્તા) નહિ. હવે અહીં તો અનાદિ અનંત કર્તાકર્મપણું શુદ્ધદશામાં કે અશુદ્ધમાં અને અનાદિ અનંતમાં અજ્ઞાનમાં ભોક્તા ભોગ્યપણું વિકારનું અને ઓલામાં આનંદનું. પણ એ પોતે પોતાનો કર્તા ભોક્તા, અને ભોક્તાભોગ્યછે. પરની સાથે પરને ભોગવે આત્મા એ ત્રણ કાળમાં બનતું નથી. વિશેષ નાખી સ્પષ્ટ વાત. આહાહા..!

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

'**ગાથાર્થ :- નિશ્ચયનયનો એમ મત છે કે...**' નિશ્ચય નયનો એમ અભિપ્રાય છે કે, સાચા જ્ઞાનનો એ અભિપ્રાય-આશય છે કે '**આત્મા પોતાને જ કરે છે...**' સામાન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત બધી. પુણ્ય-પાપ કરો કે મોક્ષમાર્ગ કરો પણ પોતાની પર્યાયને જ કરે છે. '**અને વળી આત્મા પોતાને જ ભોગવે છે...**' રાગ-દ્વેષને ભોગવો કે આનંદને, વીતરાગી પર્યાયને ભોગવો, પણ પોતાને કરે અને પોતાને ભોગવે છે. સમજાય છે કાંઈ? પોતાને એટલે અપનેકો. એટલી ભાષા સમજવી, બસ. હૈ ને છે ને પોતાને અને અપનેકો. બહુ ભાષામાં ફેર નથી. થોડો શબ્દકોષ કર્યો હિન્દી કોષ. પાટણીએ કર્યો હતો. છાપેલો હશે. સમજાણું?

'**એમ હે શિષ્ય!**' જુઓ! ભગવાન કુંદકુંદાચાર્ય (કહે છે), '**તું જાણ.**' એમ કહ્યું છે ને? જાણ તું, ભાઈ! આહાહા..! ઓલી ભરવાડની વાત નહોતી કીધી એક ફેરી? ભરવાડ હતો ભરવાડ નાગ્નેશમાં. પછી એનો એકનો એક દીકરો. ભરવાડ સમજો છો? ભાઈ! આ ભરવાડ નહિ? ગાયને ચારનારા. એ બાઈ હતી. જોબા નામ શું કીધું? જોમા. બાઈને એકનો એક દીકરો હતો. અહીં કાંઈક ઘાસ ઓછું હશે તો છોકરો ગાય લઈને બહાર ચરવા લઈ ગયો. ગિરમાં. ગિર છે ને ગિર? અહીં જુનાગઢ ગિર છે ત્યાં લઈ ગયેલા. એમાં કાંઈ ગમે તે થયું પણ એ મરી ગયો ત્યાં. અહીં સમાચાર આવેલા નહિ ડોસી પાસે. પછી એક માણસ નીકળ્યો. ડોસી કાંઈક વાળતા હશે. માણસ નીકળ્યો, બા! તમારો દિકરો મરી ગયો. હા ભાઈ! હા રામ. આ વાણિયા હોય તો રાડ પાડે. હા ભાઈ રામ, રામની લીલા છે. જુઓ! કેટલી એને કષાયની મંદતા મૂઢપણામાં. સમાચાર આવેલા નહિ. ગિર ગયો હતો ને મરી ગયો ત્યાં. કોઈ સર્પ કરડ્યો હોય કે ગમે તે કારણથી મરી ગયો ત્યાં. એમ કહે કે બા! તમારો દિકરો ત્યાં... સમાચાર આવ્યા છે તમને? ના ભાઈ! તમારો દિકરો ત્યાં મરી ગયો છે. હા ભાઈ! ભગવાનની લીલા છે. સમજાણું કાંઈ? એ.. ગુલાબચંદભાઈ! એ તમારા ગામમાં હતી ડોસી. ભાઈ ઓળખે, છોટાભાઈ ઓળખે છે. એ વાત કરેલી આણે હરજીવનભાઈએ. હરજીવન માસ્તરે. હરજીવન માસ્તર હતા ને ઓલા મોટી ..વાળા? એ કહે આવા મંદ કષાય. વાણિયાને (કહે), તમારો દિકરો (મરી ગયો.) તો.. હે.. રોવા મંડે. શું છે પણ હવે સાંભળને. એય..! ન્યાલભાઈ!

મુમુક્ષુ :- મોટી પોક મૂકે.

ઉત્તર :- મોટી પોક મૂકે. અને રોવા જાય તો રોવે તો લૂગડું આમ આડુ રાખે. એ મારો હિરલો મરી ગયો અને હીરો.. હવે કોઈ મર્યું નથી, સાંભળને! આત્મા આત્મામાં છે, રજકણ રજકણમાં છે. એટલી તો શાંતિ રાખ જરી ધીરીને. અને ખેદ થાય તો તને તારામાં થાય. એમાં આટલા પોક શેના મૂકે છે પણ? ઓઢીને રોવા આવે ને. અંદરમાં કાંઈ ન હોય હોં! પણ સૌ સાથે હો..હો.. કરે. વાણિયામાં રિવાજ છે ને એ? શું હો..હો.. છે પણ? જરી ધીરો થા, ભાઈ! જગતના પદાર્થની અવસ્થા એ કાળે બનવા કાળે બને છે. એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કોણ ફેરવી શકે? કોણ રાખી શકે? કોણ ગોપવી શકે? કોણ સંભાળી શકે? ભાઈ! એટલો તો નિર્ણય કર. તને શાંતિ વળશે. તને શાંતિ થશે અંદરમાં. એ ખળભળાટ નહિ થાય. આહાહા..! બાપા! આમ કાંઈ છે નહિ. અકસ્માત જગતમાં કાંઈ છે નહિ. સમજાય છે કાંઈ? એ તો એને કાળે એ અવસ્થા પરમાણુની અને જીવની જુદી પડવાનો કાળ હતો તો એ સમયે થાય છે. એ સમય કોઈ ઈન્દ્ર પણ ફેરવી શકે નહિ. નરેન્દ્ર, ઈન્દ્ર, જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. જાણી શકે. બાપુ! એટલો નિર્ણય કર તો તને એવા સંયોગમાં ફેરફાર થતાં તને શાંતિ રહેશે કે એ તો થાય છે. એમાં મારું ક્યાં કાર્ય છે. સમજાણું કાંઈ? એને પ્રત્યક્ષ રોકડ લાભ છે. રોકડ લાભ સમજ્યા? નકદ. નકદ-નકદ. તે જ ક્ષણે. બાપા! તને ભાઈ! આમ રાખને. એ રજકણો છે. આત્મા હું છું. એ તે ક્ષણે એનો પર્યાય થવાનો એને શું કરીશ?

એક નોકર આવ્યો, ચા અને દૂધ લઈને. જમાઈ કે જમાઈનો બાપ બેઠો હોય હોશિયાર. દૂધ અને .. લઈને આવ્યો કેસરીયો. અને ફૂટ્યું. ધ્યાન રાખ્યા વિના કર્યું, ફલાણું કર્યું, ઢીંકણું કર્યું. બાપા! પણ ધ્યાન રાખે તો વિકલ્પ એનામાં ધ્યાન (રહે). પર્યાય થવાની એમાં ધ્યાન કાર્યમાં શું કાર્ય કરે? એય..! મગનભાઈ! સત્તાપ્રિય પ્રકૃતિવાળો હોય તો આમ ધુંઆ-પુંઆ (થઈ જાય). ભાન નથી. હજી તો છોડીનું સગપણ કર્યું છે. આ જમાઈ ભાળી જાય છે. હજી તો લગન કર્યા નથી. આવા ડફોળ છે આની સાળીના છોકરા આવા બધા? પહેલો વહેલો હજી આવ્યો છે. એમાં તો દૂધ કેસરીયા કરીને લાવ્યા. મૂક પડતું. ત્યાં તપેલી બે શેર અઢી શેરની. ઉપાડી ને ફૂ... ઢોળાઈ ગઈ. શું ઢોળાવાને કાળે ઢોળાણી છે કે એનો કર્તા એ જીવ છે? એણે ધ્યાન ન રાખ્યું માટે ઢોળાણી છે? શું છે નક્કી કરો. સમજાણું કાંઈ? એના ધ્યાન રાખવાની પર્યાય તો એનામાં છે. એ પર્યાય પરના પર્યાયનું કામ શી રીતે કરે? એ તો અહીં કહે છે. એય..! સત્તાપ્રિયવાળો માણસ હોય ને તો ધૂળ કાઢી નાખે. છોકરાની ધૂળ કાઢે.

મુમુક્ષુ :- લાફા મારી દે.

ઉત્તર :- લાફા મારે કહે છે. લ્યો! એય..! શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત નૈમિત્તિક સંબંધનો શું અર્થ છે? નિમિત્ત નૈમિત્તિક સંબંધ વિકાર કરાવે છે? એમ સંબંધ છે? જો કરાવે તો કર્તાકર્મ થઈ ગયું. સમજાણું? અહીં કરે છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ થયું માટે વિકાર થયો એ વાતમાં કોઈ માલ નથી. નિમિત્ત નૈમિત્તિકમાં કર્તા કર્મ ખોસી ઘાલે અંદર. એવું થયું ત્યારે અહીં થાય ને? ના. બિલકુલ વાત જૂઠી છે. અહીં કર્યો વિકાર એણે પોતે સ્વતંત્ર. આમ કેમ? ત્યારે એને વિકારમાં એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. એ આમ થયું માટે અહીં વિકાર કર્યો, તો કર્તા અને કર્મ થાય એમ વસ્તુ હોઈ શકે નહિ. એ માટે તો આ શાસ્ત્ર છે. શેઠી! એ શબ્દાર્થ થયો.

'**એમ હે શિષ્ય! તું જાણ.**' જુઓ! કુંદકુંદાચાર્ય મહારાજ શિષ્યને કહે છે, જાણ. આમ જાણ. તું તારા પરિણામનો અજ્ઞાનભાવે કર્તા અને ભોક્તા. તું તારા પરિણામનો જ્ઞાનભાવે શુદ્ધનો કર્તા અને શુદ્ધનો ભોક્તા. પરનો કર્તા અને પરનો ભોક્તા ત્રણ કાળમાં અજ્ઞાનભાવે કે જ્ઞાનભાવે નથી. એમ અહીં સિદ્ધ કરવું છે હવે તો. ઓલું તો અજ્ઞાનભાવનું એકલું સિદ્ધ કર્યું હતું.

'**ટીકા :- જેમ ઉત્તરંગ...**' તરંગો ઉઠે છે. સમજાણું? દરિયામાં. દરિયો છે ને? તરંગ ઉઠે છે તરંગ-મોજુ. '**નિસ્તરંગ...**' '**જેમાં તરંગો વિલય પામ્યા છે એવું;...**' '**અવસ્થાઓને...**' એવા ઉત્તરંગ-ઉઠવું, ... તરંગનું મોજાનું. દરિયાનું મોજું. મોજા કહે છે? લહેર. એવી '**અવસ્થાઓને પવનનું વાવું...**' દેખો! પવનનું વાવું એ લહેર ઉઠે તેને નિમિત્ત છે. પણ એ પવન છે માટે લહેર ઉઠી છે એમ નથી. ભારે વાત. એ સિદ્ધ કરે છે હવે. પવન આમ થયો માટે લહેર ઉઠી તો તો પવન કર્તા અને મોજું કાર્ય છે. એમ નથી. આહાહા..! આ ભારે વાત પણ જગતની. સમજાણું કાંઈ?

'**જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓને...**' ઉન્મગ્નજળા અને નિમગ્નજળા બે નદી છે ને? વૈકાલ. વૈકાલ પર્વતની અંદર છે. નિમગ્ન-એમાં જે કોઈ ચીજ પડે એને બુડાડી દે. એનો સ્વભાવ હોં! અને એકમાં પડી ચીજ એને કાંઠે કાઢી નાખે. ઉલાળીને કાઢી નાખે. બે નદીઓ છે. કુદરતના નિયમમાં વૈકાલિક પર્વતની અંદર બે નદી છે. એમ અજ્ઞાની પોતાને સંસારમાં બુડાવે છે, જ્ઞાની સંસારથી તારે છે. એ પોતાના પરિણામને કારણે છે એમ સિદ્ધ કરવું છે.

'**જેમ ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાઓ...**' દરિયાની, સમુદ્રની. એને '**પવનનું વાવું...**' એ ઉત્તરંગમાં નિમિત્ત છે. '**નહિ વાવું...**' નિસ્તરંગમાં નિમિત્ત છે. લહેર ન ઉઠવી એમાં પવનનો અભાવ નિમિત્ત છે. જુઓ! નહિ વાવું એ નિમિત્ત છે. જોયું! અહીં અભાવપણું અહીં નિમિત્ત ભાઈ કીધું. આહાહા..! બેય છે. એક અભાવરૂપ નિમિત્ત છે, એક ભાવરૂપ નિમિત્ત છે. સમજાણું કાંઈ? '**છતાં પણ પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' પવનને અને દરિયાને વ્યાપ્યવ્યાપકભાવના સંબંધના અભાવને લીધે '**કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' એ પવન વ્યાપક છે અને દરિયાનું મોજું એ વ્યાપ્ય છે એમ અભાવ છે. પવન છે તો લહેર ઉઠે છે, પવન નથી માટે લહેર ઉઠતી નથી. તો પવન વ્યાપક છે આ અવસ્થા વ્યાપ્ય છે. એવો સંબંધ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આ પણ નજરે દેખાય એ ખોટું કહે છે. લોકો એમ કહે છે. નજરે શું દેખાય? તને ભાન નથી બે દ્રવ્યો ભિન્ન છે. આ દરિયો છે અને આ પવન છે. બે ભિન્ન છે. અનેક છે કે નહિ? અનેક છે એ એક છે? અનેક છે તો અનેકપણાનું કામ ત્યાં કરે અને અનેકપણાનું અહીં ભિન્ન ભિન્ન કામ કરે. એમ અહીં પવનનું વાવું એ આને નિમિત્ત ભલે હો. પણ છતાં તે વખતનો લહેર-મોજું એ પવનનું વ્યાપકપણું અને આ પર્યાય વ્યાપ્ય, પવન કર્તા અને મોજું આ વ્યાપ્ય એમ નથી. આહાહા..! સમજાણું આમાં?

આવું તો તમારે ત્યાં ઓલા પ્રોફેસરમાં નહિ આવતું હોય. ગપેગપ મારતા હોય ત્યાં પ્રોફેસર. ભણવાનું શું કરતા હોય. કહે છે કે પ્રોફેસરની વાણી વ્યાપક અને એને (વિદ્યાર્થીને) થયેલી ત્યાં ક્ષયોપશમની જ્ઞાનની પર્યાય એ વ્યાપ્ય એમ નથી. તેના તે કાળે ક્ષયોપશમમાં આનું વાણીનું નિમિત્ત છે એમ કહેવાય. પણ એ છે માટે ક્ષયોપશમ થયો એમ વ્યાપ્યવ્યાપક સંબંધ નથી. આહાહા..! એ... રવિભાઈ! શું છે આ? કોને લઈને રવિ ઉગ્યો? કહે છે અહીં. કમળ સવારમાં આમ સંકોચ્યો હોય, એ જ્યાં સૂર્ય ઊગે ત્યાં તો આમ કમળ ખીલી જાય. જુઓ! અહીં જોયું નથી?

મુમુક્ષુ :- કમળ કમળના કારણે ખીલે.

ઉત્તર :- રાતે કેમ ખીલતું નહોતું? સૂર્ય વિકાસી કમળ, એવા સૂર્ય વિકાસી કમળ થાય છે. અમથા સાધારણ બહુ છોડ થાય. એ જ્યાં સૂર્ય થાય ત્યાં પાંદડા આમ થઈ જાય. પાંદડા હોય ને. આમ થઈ જાય. અને સૂર્ય ઉગે એની મેળે પાંદડા હોં. અમથા હોં. સૂર્યવિકાસી કમળ નહિ. અમથા થાય. હજારો ત્યાં અમારે હીરાભાઈના મકાનમાં હતા બહાર. અમે તો બહાર નીકળીએ તો જોતા હોય ને. જ્યાં સૂર્ય અસ્ત થાય ત્યાં આમ ખુલ્લા પાંદડા હોય ને આમ સંકોચાઈ જાય. સવાર ઉગે તો આમ થઈ જાય. જુઓ! સૂર્યને કારણે આ થયું કે નહિ? ના. એ સૂર્યનું નિમિત્તપણું હોવા છતાં આનું વિકસવું અને અવિકસવું એ નૈમિત્તિકની પર્યાય વ્યાપ્ય છે અને સૂર્ય વ્યાપક છે-કર્તા છે અને આ કર્મ છે એમ છે નહિ. આહાહા..! ભારે! એય..!

અગ્નિનું નિમિત્ત અને પાણીનું ઉષ્ણ થવું. નિમિત્ત હો. છતાં એ નિમિત્ત પર્યાય વ્યાપક છે અને આ પાણીની ઉષ્ણતા તે વ્યાપ્ય છે. એ અગ્નિનું કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! અભિમાન ઊડી જાય એના બધા અંદર. જ્યાં હોય ત્યાં અભિમાન. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરું-કૂતરું. કૂતરું હોયને. એને એમ કે મારાથી ચાલે. આ બધું મારાથી. દુકાન-બુકાન આ કામ વ્યવસ્થિત બધું. છોકરાને ભણાવવું. ક્યાં ગયા હેડમાસ્તર? હવે ૫૦૦-૫૦૦ છોકરા કેટલા હશે? ઘણાં છે, નહિ?

મુમુક્ષુ :- ૮૦૦.

ઉત્તર :- ૮૦૦. લ્યો, ૮૦૦ છોકરા ત્યાં ગુરુકુળમાં. આમ હાકલ વાગે ત્યાં બેસી જાય. આમ થઈ જાય. એ તો સામા પણ પાડે છે છોકરાઓ. પણ એ હાકલ વાગે અને બેસી જાય તો એના પર્યાયથી. આ વ્યાપક કર્તા અને એનું બેસવાનું કાર્ય એમ છે નહિ. આહાહા..! એ વખતે તેની અવસ્થાનું તે કાર્ય એ નૈમિત્તિક. આ વાણીને નિમિત્ત કહેવામાં આવે. પણ એનો અર્થ એવો નથી કે વ્યાપ્યવ્યાપક સંબંધ છે. બહુ આકરુ, ભાઈ! આ દુનિયાથી તો ઊંધું જ લાગે, હોં! લ્યો, આ જ વાત માંડી તમે નિશ્ચયની. વ્યવહાર પાછો .. પણ વ્યવહારનો અર્થ શું? વ્યવહારનો અર્થ બોલાય એમ કે આ હતું અને થયું. એમ છે નહિ. વ્યવહારનો અર્થ એમ છે નહિ. આ વાંધો લાગે માણસને. એકદમ એવું લાગે. એકાંત એકાંત નિશ્ચય. વ્યવહાર તો (આવતો જ નથી). પણ વ્યવહારનો અર્થ શું? ભાઈ! કહેશે એ તો અજ્ઞાન ને બધું કહેશે.

**'પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...'** એટલે કે સમુદ્ર તે વ્યાપ્ય છે, પવન તે વ્યાપક છે, એવા **'કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે...'** સમુદ્ર જ પોતે. આહાહા..! સમય સમયની સ્વતંત્રતા. નિમિત્ત હોવા છતાં તેની સ્વતંત્રતા લૂંટાતી નથી એમ સિદ્ધ કરે છે. કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. એમ કહે છે. એ દરિયામાં સ્વતંત્ર કર્તાપણે લહેર ઉઠે છે એની. અને લહેર બંધ થાય એ સ્વતંત્રપણે કર્તાથી લહેર બંધ થાય છે. પવનના કારણે લહેર ઉઠે અને બંધ થાય છે, વસ્તુના સ્વરૂપમાં એમ નથી ભાઈ. એ અજીવતત્ત્વને અનંતપણે માન્યા નથી. અનંતપણે માને તો અનંતની પર્યાયમાં એક પર્યાય બીજાને કારણે થાય એમ માને નહિ. સમજાય છે? સાત તત્ત્વની શ્રદ્ધામાં અજીવની શ્રદ્ધા છે કે નહિ? તો અજીવની શ્રદ્ધાનો અર્થ શું? કે અજીવ જેટલા પ્રકારના તત્ત્વો જે અજીવ છે તે તેટલા પ્રમાણમાં રહીને પોતાની પર્યાયનું કાર્ય તે સમયે કરે છે. એ પર્યાય બીજાનું કરે વ્યાપ્ય-વ્યાપક (થઈને) તો અનંત અનંતપણે પૃથક્ રહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અને નિસ્તરંગ અવસ્થાને...'** આ જુઓ ભાષા જુઓ! એ સમુદ્ર પોતે જ લહેર મોજુ ઉઠે છે એમાં **'આદિ-મધ્ય-અંતમાં...'** ભાષા જુઓ પાછી. જરી પવનની આધ હતી એટલે મોજું ઉઠ્યું. જરીક જરીક પ્રેરકપણું હતું ને પ્રેરકપણું થયું ને? ધક્કો વાગ્યો કે નહિ એનો? આ પવન આવ્યો ત્યારે આ ધજાની પૂંછડી આમ આમ ચાલે છે કે નહિ?

મુમુક્ષુ :- જરાય નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- શું જરાય નહિ? તો આ ધજા ચાલી કેમ? પવન ન હોય આમ બેસી રહે. એય..! પવન આવ્યો તો પૂંછડી (હલી), પાછો જેની કોરનો પવન. પણ એ તો કહે છે કે બાપુ! નિમિત્ત હોવા છતાં એ પવન વ્યાપક અને પૂંછડીની આમ અવસ્થા વ્યાપ્ય એવું ત્રણ કાળમાં નથી. ભિન્ન-ભિન્ન પદાર્થ છે. આહાહા..!

આ લીમડો જુઓને. એક માણસ કહેતો હતો. લ્યો આવું! સાંભળ તો ખરો પણ હવે, કીધું. આ લીમડો છે ને જુઓ ઝાડ. હલ્યા કરે. નીચે છાયા ચાલે છે. છાયા ચાલે છે કે નહિ? મેં તો ... દાખલો આપ્યો હતો રાતે. દીવો હતો ને દીવો? અહીં આમ પડે છે ને. દીવો આમ હોય ને તો માથું આમ પડે ને. તો આમ આમ થાય તો હાલે માથું ભીંત ઉપર કાળુ થઈને. આને લઈને ત્યાં થાય છે? ભીંત ઉપર પ્રકાશ આમ થાય ને. આડું હોય ને દીવો ત્યાં હોય તો આમ આડશ આવે. ત્યાં દેખાણું એકદમ. ત્યાં જો શું થાય છે? તું આમ કર તો ત્યાં એમ થાય, તું આમ કર તો આમ થાય.

મુમુક્ષુ :- દીવો હાથમાં લઈને ફેરવે તો ફરી જાય.

ઉત્તર :- દીવો કોણ હાથમાં લે? ભગવાન! એ વાતું બાપા, તત્ત્વની વ્યાયામશાળા જુદી છે. આ ઝાડ કીધું ને. એક સમડી આવી. સમડી-સમડી. સમડી સમજો છો? સમડી નથી હોતી? આમ પાણી હોય ને દરિયામાં ઉપરથી પડે દરિયામાં છાયો પડે લ્યો. છાયો. અહીં છાયો પડે. સમડીને લઈને છાયો છે? નિમિત્ત હોવા છતાં વ્યાપ્યવ્યાપક નથી. એનું વ્યાપકપણું અહીં છાયાનું વ્યાપ્યપણું છે જ નહિ, એમ અહીં સિદ્ધ કરે છે. આ તો દૃષ્ટાંત છે એ માંહ્યલા, હોં! સમજાણું કાંઈ?

કહે છે, દરિયો પોતે સમુદ્ર મોજુ ઉઠવાની આદિમાં પોતે, મોજુ બંધ થવાની આદિમાં પોતે, મધ્યમાં પોતે અને અંતમાં પોતે. સમય એક જ, હોં! આદિ-મધ્યમાં એ પોતે જ છે દરિયો. **'વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...'** ભાષા જુઓ. એ પોતાને એકને કરતો પ્રતિભાસે છે. તને ક્યાંથી આવ્યું વળી આવું? ઓલો કહે, ના ના પણ અમને ભાસે છે ને આ પવનથી થયું. અહીં તો કહે છે, **'પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...'** સમજાણું કાંઈ? **'અન્યને કરતો પ્રતિભાસતો નથી;...'** અન્યને કરતો એમ લીધું, ભાઈ! પવનને કરતો ભાસતો નથી. પવનને આમ લાવવું-આવવું એ કરતો ભાસતો નથી. એવી સ્વતંત્રતા. પદાર્થની પર્યાય સ્વતંત્ર થાય છે. નિમિત્ત હોવા છતાં વ્યાપ્યવ્યાપક નામ કર્તાકર્મ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૦, રવિવાર તા. ૨૩-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૩, પ્રવચન-૧૬૬**

આ કર્તાકર્મ અધિકાર, ૮૩ ગાથા. પહેલું દરિયાનું દૃષ્ટાંત ફરીને લઈએ. જુઓ! સમુદ્રનું દૃષ્ટાંત છે ને? ૮૩ શરૂઆત. એ ઉપરથી પછી આત્મામાં ઉતારશે કર્તાકર્મ.

'**જેમ ઉત્તરંગ...**' દરિયામાં તરંગ ઉઠે છે ને? મોજું-મોજું. એ મોજું ઉઠે છે એને ઉત્તરંગ કહે છે. '**અને નિસ્તરંગ...**' મોજું સમાઈ જાય, મોજું. મોજું કહે છે ને? તરંગ-તરંગ. એવા ઉત્તરંગ અને નિસ્તરંગ '**અવસ્થાઓને...**' દરિયામાં મોજાનું ઉપજવું અને વ્યય થવું એવી દરિયાની અવસ્થાને '**પવનનું વાવું અને નહિ વાવું તે નિમિત્ત હોવા છતાં...**' પવનનું નિમિત્ત વાવું, મોજા કાળે પવનનું થવું અને મોજાના સમાવા કાળે પવનનું ન રહેવું, એવું નિમિત્ત હોવા છતાં '**પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' અહીં તો એ સિદ્ધ કરવું છે કે દરિયામાં મોજું ઉઠે છે એથી પવનને લાવે છે અને મોજું સમાય છે એથી પવનનું નથી આવવું થતું, એ આના કારણે એમાં થતું નથી. પવનના કારણે અહીંયાં મોજું ઉઠે એમ પણ નથી અને એનું સમાવું થાય માટે મોજું સમાઈ જાય એમ નથી. સમજાય છે કાંઈ? દરિયામાં મોજા ઉઠે છે ને? તો મોજું ઉઠે છે એ પવનને લાવે છે એમ નથી. તેમ મોજું સમાય છે તો પવનને બંધ કરે છે એમ નથી. તેમ પવન છે માટે મોજું ઉઠે છે એમ પણ નથી અને પવનનો અભાવ છે જેને નિમિત્ત માટે અહીં મોજું બેસી જાય છે એ પવનનો અભાવ છે માટે બેસી જાય છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો હજી દૃષ્ટાંત તો ઈ કહેવાય છે કે પવનનો એ કર્તા નથી. આ એમ ભાઈ કહેવું છે. એમ સિદ્ધ તો એ કરવું છે.

દરિયો પોતાના ઉત્તરંગ અને નિસ્તરંગને કરે છે. એ પવનના વાવા, ન વાવાને કરતો નથી. એટલે પવનના કાર્યને દરિયો કરતો નથી. બરાબર હશે? એમ નિમિત્તપણું હોવા છતાં પણ '**પવનને અને સમુદ્રને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' સમજાણું? સમુદ્ર છે એ એને લાવે છે અથવા એનો-પવનનો કર્તા છે કે પવન પોતે વ્યાપક થઈને દરિયાના મોજાને કરે છે એમ વ્યાપ્યવ્યાપક બે વચ્ચે કર્તા-કર્મ સંબંધ નથી. પવનને લઈને મોજું ઉઠે છે એમ નથી અને મોજું ઉઠે છે માટે પવન આવે છે આના તાબે થઈને એમ પણ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- દલાલ કહે છે, અહીં આમ તો થાય છે. એ જુઓ આમ થાય છે ને. એ થાય છે પવનના નિમિત્તનો કર્તા આ નથી. પવન લાવે છે માટે આમ થાય છે એમ તો નથી પણ આમ થાય છે માટે પવનને લાવે છે એમ પણ નથી.

મુમુક્ષુ :- પવનને લાવે છે એમ તો કોઈ માનતું નથી. પવન એને કરે છે.

ઉત્તર :- પણ અહીં સિદ્ધ તો એ કરવું છે કે એ પોતે પોતાના ઊંચા-નીચાની અવસ્થાનો કર્તા છે. પણ પવનનો કર્તા એ નથી. એમ સિદ્ધ કરવું છે તો એ સિદ્ધ અહીંયાં. છતાં આપણે પહેલેથી આ વાત પણ લીધી હતી. કારણ કે છે તો હજી આમાં એ છે. છે તો એમાં એ છે ખરેખર. કેમ? કે '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, સમુદ્ર જ પોતે અંતર્વ્યાપક થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાને વિષે...**' દરિયો પોતે જ પોતાની અવસ્થાને આમ કરે છે. એને પવન છે માટે આમ થાય છે અને અવસ્થા થાય છે માટે પવનને આવવું પડ્યું છે એમ પણ નથી. સમજાણું કાંઈ?

એ દરિયો જ પોતાની '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' મોજા ઉઠવામાં પણ આદિ-મધ્ય અને અંતમાં દરિયો, સમાવામાં પણ આદિ-મધ્ય-અતંમાં દરિયો છે, પવન નહિ. સમજાણું કાંઈ? વિશેષ તો આત્મામાં લેશું, હોં! અહીં તો હજી દાખલો છે ને. એ '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને ઉત્તરંગ અથવા નિસ્તરંગ એવા પોતાને કરતો થકો,...**' દરિયો પોતાના મોજાને ઉછાળે અને સમાડે એમ પોતાના પર્યાયને કરતો થકો '**પોતાને એકને જ કરતો પ્રતિભાસે છે...**' એ દરિયો પોતાના મોજાને જ કરતો પ્રતિભાસે છે. '**પરંતુ અન્યને કરતો...**' એટલે પવનને કરે છે તેમ દેખાતું નથી. અહીં તો એમ લેવું છે. એય..! શેઠી! અહીં કર્મની સાથે સંબંધ લેવો છે ને. આહાહા..! શું કહ્યું સમજાણું આમાં? મોજું ઉઠવું-સમાવું એનો કર્તા દરિયો છે. એનો કર્તા દરિયો ખરો પણ એ કર્તા પવનનો કર્તા છે એમ નથી. પવનનું પણ ભેગું કામ કરે છે, પોતાનું ઉત્તરંગ-નિસ્તરંગનું કામ કરે, ભેગું પવનનું પણ કામ કરે એમ છે નહિ. '**અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' એ કર્તાકર્મની વ્યાખ્યામાં આ (દાખલો કહે) છે. સિદ્ધાંત પછી આપશે, હોં! સમજાણું?

'**વળી જેમ તે જ સમુદ્ર, ભાવ્યભાવકભાવના (ભાવ્યભાવકપણાના) અભાવને લીધે...**' એટલે કે પોતે ભોગવનાર અને ભોગવવા યોગ્ય પરવસ્તુ, એમ નથી. દરિયાને ભોગવવા યોગ્ય પવન અને દરિયો ભોગવે એમ નથી. '**ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' ભાવક પોતે અને પવન એનું ભાવ્ય ભોગવવા લાયક, એવો પવન અને દરિયાની પર્યાય વચ્ચે '**ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' પરભાવનું પર વડે. પવનની પર્યાયનું પર વડે એટલે દરિયાની પર્યાય વડે અનુભવાવું અશક્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોવાથી. આમ લેવું છે ને.

મુમુક્ષુ :- સિદ્ધાંત આવી ગયો.

ઉત્તર :- એ ઠીક પણ અહીં પરભાવનું પર વડે શું અર્થ કર્યો? ખ્યાલ રહ્યો **નહિ** તમારો. શું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- **નથી** થઈ. અહીં પરભાવનું વાંચીને કહો તો ખબર પડે. પકડાણું છે કે ભૂલ છે.

'**પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી.

મુમુક્ષુ :- પવનના ભાવને...

ઉત્તર :- **નહિ**, એ **નહિ**.

અહીં તો પરભાવ એટલે પવનની પર્યાયને પર વડે એટલે દરિયાની પર્યાય એને અનુભવે, પવનની પર્યાયને દરિયાની પર્યાય અનુભવે એ અશક્ય છે. સમજાણું કાંઈ? જેમ દરિયાની પર્યાય વડે પવનને કર્તાકર્મ સંબંધ નથી એમ દરિયાની પર્યાય વડે ભાવક અને ભાવ દરિયો છે. પણ ભાવક દરિયો અને પવન એનું ભાવ્ય ભોગવવા યોગ્ય, તો પવનની પર્યાય પરભાવ એના વડે પર વડે અનુભવાવું, '**પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી, ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપ પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસે છે...**' દરિયો પોતાની પર્યાયને અનુભવતો દેખાય છે. '**પરંતુ અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી;...**' પવનને અનુભવતો દેખાતો નથી. એમ સિદ્ધ કરવું છે. હવે સિદ્ધાંત ઉતારશે ત્યાં જરી વિસ્તાર કરશે એટલે સમજાશે. શેઠી! આ તો ધ્યાન રાખે તો ઝટ પકડાય. ત્યાં તમારા હિરા-માણેક જેવી વાતું નથી ત્યાં અદ્ધરથી દઈ દે. એક શબ્દમાં ક્યાં ફેર પડે એ જરી અંદર છે.

હવે '**તેવી રીતે...**' હવે સિદ્ધાંત થાય છે. '**સસંસાર...**' આત્માની મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગની દશા. આત્માની સસંસાર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એવી સસંસાર દશા. '**નિઃસંસાર...**' દશા એટલે મોક્ષ દશા. એવી બે '**અવસ્થાઓને પુદ્ગલકર્મના વિપાકનો સંભવ...**' આત્માને મિથ્યાત્વ, રાગ-દ્વેષ અજ્ઞાન, કષાયભાવ, એનું જીવમાં થવું, એમાં કર્મના વિપાકનું નિમિત્ત. કર્મ પુદ્ગલના વિપાકનો સંભવ એ નિમિત્ત. શું કહ્યું સમજાણું આમાં? જીવ પોતાની પર્યાયમાં ભ્રમણાને કરે, મિથ્યાત્વ કરે, અવ્રતભાવ કરે, પ્રમાદભાવ કરે, કષાયભાવ કરે કે યોગનું કંપન્ન કરે એ સંસારદશા. એમાં પૂર્વના કર્મનો વિપાક-પૂર્વ કર્મનો પાક તેમાં નિમિત્ત છે. સંભવ નામ હયાતી નિમિત્તરૂપે છે. કહો, સમજાણું આમાં? અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અસંસાર અવસ્થામાં. દેખો! '**અસંભવ...**' અસંસાર અવસ્થામાં, નિઃસંસાર અવસ્થામાં પુદ્ગલકર્મના વિપાકનો અસંભવ. અહીંયાં જ્યારે મોક્ષ દશા આત્મા પોતે કરે ત્યારે તે કાળે કર્મના પાકનું સંભવપણું નથી. કર્મના પાકનો અભાવ છે. એમ '**નિમિત્ત હોવા છતાં પણ પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી,...**' હવે આમાં સિદ્ધાંત શું કહે છે?

ભગવાન આત્મા પોતાને ભૂલી અને પુણ્યમાં સુખ છે, પાપમાં ઠીક છે, સંયોગી ચીજ હું છું, વિકાર જેટલો હું છું એમ મિથ્યાભ્રાંતિ કરે અથવા આસક્તિ કરે, પ્રમાદ, કષાય અને કંપન્ન કરે એમાં પુદ્ગલ કર્મનું નિમિત્ત છે. સમજાણું? પણ પુદ્ગલ કર્મનો આત્મા એ વિકારી કર્તા નથી. કર્મનો એ કર્તા નથી. જેમ દરિયો અવસ્થા કરે અને પવન નિમિત્ત છે. પણ પવનના કાર્યનો દરિયો કર્તા નથી. એમ આત્મા વિકાર પરિણામ કરે, મિથ્યાત્વના, રાગ-દ્વેષના તેને કરે. તેમાં પૂર્વના પુદ્ગલ કર્મનો વિપાક-પાક નિમિત્ત છે. છતાં એ વિકારી પરિણામને કરે પણ નિમિત્તને કરતો નથી. સમજાય છે કે નહિ આમાં? વજુભાઈ!

'**પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપક...**' અર્થાત્ જીવ વ્યાપક છે અને કર્મ તેનું વ્યાપ્ય એટલે કર્મ-કર્તવ્ય છે એમ નથી. કર્મ વ્યાપક છે અને વિકારી પર્યાય વ્યાપ્ય છે એમ તો નથી. પણ આત્માએ વિકાર કર્યો માટે ત્યાં કર્મ છે તેનો પણ એ કર્તા છે. વિકારનો કર્તા અને ઉદયને લાવે એ પોતે કર્તા એનો એમ નથી. સમજાણું કાંઈ? શશીભાઈ! ઝીણું આવ્યું.

આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ, આનંદકંદ જ્ઞાનની જ્યોત, એને ભૂલી અને વિકારના પરિણામ કરે એ કર્તા વિકારી પરિણામનો ખરો. એ કર્તા અને એ વિકારી પરિણામ એનું કાર્ય ખરું. પણ વિકારી પરિણામ કર્તાનું કાર્ય એ કાળે કર્મનું નિમિત્ત છે, પૂર્વનું નિમિત્ત છે એનો પણ એ કર્તા, નિમિત્તને લાવે છે ઉદયને ખેંચીને. સમજાણું કાંઈ? કહે છે ને ભાઈ? વિકાર કર્યો તો કર્મને ઉદેરે છે. કર્મને ઉદેરીને લાવે છે. ના, એ કામ એનું નથી. પોતાના પર્યાયમાં... પોતાના સમજો છો ને? અપનેમેં. આત્મા પોતામાં પર્યાયમાં વિકારના ભાવ વિપરીતભાવ કે આસક્તિ આદિ કષાયનો ભાવ કરે તો એ કર્તા સ્વતંત્ર છે, પોતાના વિકારનું કાર્ય કરે.

મુમુક્ષુ :- ઉત્કર્ષણ અને અપકર્ષણ..

ઉત્તર :- એ જ કહે છે અહીં. એ જ કહે છે કે મેં આ કર્યું માટે કર્મમાં કાંઈક કરે છે. કર્મને લાવે છે, ઉદયમાં એને ખેંચે છે કે અહીં કાંઈક થયું માટે ત્યાં કર્મમાં ફેરફાર કરે છે, અહીં થયું માટે કર્મમાં સ્થિતિ ઘટાડે છે, સ્થિતિ વધારે છે, રસ ઘટાડે છે, રસ વધારે છે એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ગોમ્મટસાર ..

ઉત્તર :- કાંઈ ફેર પડ્યો નથી. ગોમ્મટસારમાં એમ જ કહે છે. શેઠી!

જુઓ! શું કહે છે? દેખો! આ દરિયાના દૃષ્ટાંતે તો કહ્યું કે દરિયો પોતે... દરિયો એટલે સમુદ્ર. કલ્લોલની પર્યાય મોજાની કરે અને સમાય એનો એ કર્તા ખરો. પણ એ પવનને લાવે, પવનનો ફેરફાર કરે અને પવનનું કર્તવ્ય કરે એવું એનામાં નથી.

મુમુક્ષુ :- પવનની મદદ તો લ્યે ને?

ઉત્તર :- એની મદદ તો નથી પણ આ પવનને લાવે એમ નથી. પવનને લઈને થાય એમ તો નથી પણ મોજું ઉઠ્યું એટલે પવનને આવવું પડ્યું, આ એને પવનને ખેંચે એમ કર્તવ્ય નથી. પવનનું કર્મ (સમુદ્રનું) છે એમ નથી. સમજાણું કાંઈ? આ તો એમ કહેવું છે ને. પવનનું તો નિમિત્તથી કહ્યું, પહેલી વાત કરી કે નિમિત્ત છે તો એને લઈને મોજું નથી. પણ મોજાનો કર્તા છતાં એ પવનનો કર્તા નથી. એમ જીવ વિકારનો કર્તા હોવા છતાં તે સમયે કર્મનો ઉદય આવવો, ઉદિરણા થવી, કર્મની સ્થિતિ ઘટવી, એનું કાર્ય જીવ કરે એમ નથી.

મુમુક્ષુ :- કર્મનું કામ કર્મ કરે?

ઉત્તર :- હા, એની પર્યાય એ કરે એમ કહે છે. જીવનો વિકાર જીવ કરે. એ તો નિમિત્ત છે, તો નિમિત્ત છે તો નિમિત્તનું કાર્ય એનામાં છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભાઈ! એટલી તો સ્વતંત્રતા નક્કી કર કે, આત્મા કરે તો એની દશામાં કરે-એની અવસ્થામાં કરે. વિકાર કરે, રાગ-દ્વેષ કરે, મિથ્યાત્વ કરે તો એની વર્તમાન સત્તામાં, અવસ્થામાં કરે. સમજાણું કાંઈ? પણ ભેગું એ અવસ્થાનું કામ કરે, ભેગું કર્મનું પણ ભેગું કામ કરે ભેગો, એમાં પણ એ ઉદયને લાવે, ઉદિરણા કરે, કર્મની સ્થિતિ ઉત્કર્ષણ, અપકર્ષણ (કરે), કે આમ કરે ત્યારે ત્યાં ઉપકર્ષણ થવું પડ્યું. કષાય મંદ હોય તો કર્મની પુણ્ય સ્થિતિમાં વધારો થાય, પાપમાં સ્થિતિ ઘટે એ આ આત્મા ત્યાં કામ કરે છે એમ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- પોતાની યોગ્યતાથી થયું.

ઉત્તર :- એની પર્યાયમાં એ પર્યાય એને કારણે એ બનવાની એના કારણે ત્યાં થયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો એ સિદ્ધ કરવું છે કે જેવા વિકારી પરિણામ કરે એનો કર્તા, એના પ્રમાણમાં એને એનું નિમિત્ત પૂર્વનું છે. કર્મ પૂર્વનું, હોં! પણ એ નિમિત્તને આ કરે છે એ નહિ. એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો એને કારણે નિમિત્ત ઉદયને યોગ્યની ઉદીરણાના યોગ્ય પ્રાપ્ય કર્મને તે પુદ્ગલ પોતે પહોંચી વળે છે. આત્મા એના કાર્યને કરે એમ છે નહિ.

મુમુક્ષુ :- જીવે વિકાર કર્યો માટે કર્મને ઉદય..

ઉત્તર :- ઉદીરણાને આવવું પડ્યું કે ઉદયને આવવું પડ્યું કે અહીં વિકાર કરવો છે માટે એને ઉદયે આવવું પડ્યું, એનું આ કર્તાનું એ કર્મ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં તો બહુ આવે છે.

ઉત્તર :- ગોમ્મટસારમાં નિમિત્તનું કથન છે. એ તો નિમિત્તને જણાવે છે. જ્ઞાનની હિનતા વખતે જ્ઞાનાવરણીય નિમિત્ત કહેવાય છે. દર્શનનું હીણાના પરિણમન વખતે કાર્ય જીવનું છે. ત્યારે દર્શનાવરણીય નિમિત્ત કહેવાય. પણ હીણું પોતે કર્યું માટે નિમિત્તની અવસ્થાને ઉદય આવવું પડ્યું એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ નિમિત્તને કરતો નથી એમ કહે છે અત્યારે તો. અહીં સિદ્ધ એ કરવું છે ને.

મુમુક્ષુ :- પોતે પોતાનો કર્તા.

ઉત્તર :- હા, એ સિદ્ધ કરવું. ઓલું તો છે. એ તો વાત થઈ ગઈ એ તો કહે છે. પણ આ એવા પ્રમાણમાં વિકાર કરે તો એવા જ પ્રમાણમાં ત્યાં કર્મને, એવા જ પ્રમાણનું એને નિમિત્ત હોય. જ્ઞાનાવરણીય હીણું હોય તો જ્ઞાનાવરણીયનું નિમિત્ત હોય. પણ અહીં આમ થયું માટે ત્યાં હીણા ઉદયનું આવવું થયું છે એમ નથી. સમજાણું કાંઈ? ઝીણું પડી ગયું આ તો. માલચંદજી! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ તો પછી વાત છે. એ છે ભલે અહીં તો આમ લેવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ સિદ્ધ કરવું છે અહીં. એ સમુદ્રનું મોજું ઉઠે અને પવનને આમ લાવે છે એમ એનો કર્તા છે જ નહિ. એ તો સ્વતંત્ર એ પવનનું આવવું એમાં સિદ્ધ થઈ જાય છે. પવનનું સહજ પોતાને કારણે આવવું એના કર્તાનું કર્મ પવનનું આવવું એનું કર્મ છે. દરિયાનું છે નહિ. સમજાણું કાંઈ? અરે..! દાખલો પણ કઠણ કહે છે, લ્યો. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પવન એને લઈને નથી. પવન શું આવે ઝપાટાબંધ? મોટર પવનને લાવતી જ નથી. મોટર પોતાની પર્યાયની કર્તા છે. પવનને આમ ધક્કો વાગ્યો અને અટકી ગયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


માટે પવનનું કાર્ય એણે કર્યું એમ ત્રણ કાળમાં છે નહિ.

એમ આત્મા પોતાને ભૂલીને પોતાની સત્તામાં, અસ્તિત્વમાં વિકારીભાવને સ્વતંત્રપણે, કાર્યપણે કરે તેથી તે કર્મને પણ ઉદયમાં લાવે, એનું નિમિત્ત છે ઈ, પણ ઉદયમાં લાવે અને ખેંચે એવું કાર્ય કરે (એમ) ત્રણ કાળમાં બનતું નથી. ભારે વાત, ભાઈ! ઉદીરણા લાવીને... એમ કહે છે ને? કર્મને ઉદીરણા લાવીને ખેંચે, ઉદય લાવીને આમ કરે, ફલાણું કરીને આમ કરે, આત્મા એવી શક્તિવાળો છે. સાંભળને હવે. એવો શક્તિવાળો નથી. પરમાં શું કરે ઈ? કર્મની સ્થિતિ એવી હોય એને ઉદીરણામાં લાવે, ખેંચીને લાવે. સત્તામાં આમ હોય. શું લાવે? સાંભળને! એ તો પરમાણુની પર્યાય છે. એને લાવે આત્મા? બહુ ફેર. આખો ચક્કર ફેર છે.

એક તો એનાથી અહીં થાય એમ તો નથી પણ આનાથી ત્યાં થાય એમ નથી. એમ અહીં તો સિદ્ધ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આયુષ્ય બાંધ્યું. જીવે ભાવ કર્યા આયુષ્યને બાંધવાના ભાવનો કર્તા એ ખરો, પણ ત્યાં આયુષ્યના રજકણોનું કાર્ય એણે કર્યું, આયુષ્યને બંધાવાનું, દેવનું આયુષ્યનું બંધાવાનું કાર્ય (એણે કર્યા એમ નથી). એના પરિણામ કર્યા એણે. દેવમાં આયુષ્યના નિમિત્તરૂપે થવાના પરિણામ કર્યા, પણ એ પરિણામ પોતે કર્યા, પોતે કર્તા એનો ખરો, પણ આયુષ્યના રજકણોની પર્યાય એણે કરી એમ છે નહિ. પણ અહીં તો પૂર્વના કર્મનું નિમિત્તપણું કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં શું કહે છે? જુઓને! '**સસંસાર અને નિઃસંસાર અવસ્થાઓને પુદ્ગલકર્મના વિપાકનો...**' હયાતી. સંભવ એટલે નિમિત્ત, અસંભવ એટલે અહયાતીરૂપ નિમિત્ત '**હોવા છતાં પણ પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' ભગવાન આત્મા પોતાના વિકાર પરિણામને કરે એ વ્યાપક અને વ્યાપ્ય એનું છે. એમ કર્મના પર્યાયને કરે અને વ્યાપક આત્મા અને એનું કામ કરે એમ છે નહિ. અર્થાત્ અહીં વિકાર કર્યો, માટે કર્મના રજકણોને આવવું પડ્યું, લાવવું પડ્યું, નિમિત્ત થવું પડ્યું ખેંચીને એમ છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! '**સસંસાર અને નિઃસંસાર...**' મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એવી અવસ્થા કરનારો જીવ, એનું એ કર્મ નામ કર્તાનું કર્મ ખરું. તેમાં ઓલું નિમિત્ત હતું માટે નિમિત્તનું પણ આણે કામ કર્યું એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ કર્તાપણાની અસિદ્ધિ હોવાથી. એમ અસંસાર. એમાં.. જુઓ છે ને? અસંસાર. એટલે? સમ્યગ્દર્શનની પર્યાયપણે જીવ પરિણમ્યો. સાંભળો! સમ્યગ્દર્શનની પર્યાયપણે પરિણમ્યો એ કર્તાનું કર્મ. પણ દર્શનમોહનો અભાવ ત્યાં થયો એનો આણે કર્યો એમ નથી. આહાહા..! એમ નથી.

આત્માએ સ્વભાવના ભાન દ્વારા સમ્યગ્દર્શનનો અસંસાર પર્યાય, એ અસંસાર પર્યાય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો મોક્ષના માર્ગથી માંડીએ છીએ, એવા સમ્યગ્દર્શનની પર્યાય એ કર્તા આત્માનું કર્મ ખરું. પણ ભેગું દર્શનમોહનું જે નિમિત્ત છે એનો અભાવ થયો, આમ થયું માટે એનો અભાવ કર્યો એમ નથી. અભાવનું કાર્ય આનું (આત્માનું) નથી. સમજાણું કાંઈ? જીવ એને ઉપશમ કરે અને એ કર્મનો ક્ષયોપશમ કરે અને કર્મનો ક્ષય કરે, કર્મનો આ કરે એ બધી વાત ખોટી છે. એમ કહે છે. વજુભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો વાત થઈ ગઈ પહેલી. એ તો પહેલા થઈ ગઈ. આ તો હવે મોક્ષમાર્ગની ચાલે છે.

આત્મા સમ્યગ્જ્ઞાનના પરિણામને કરે. એમાં વ્યાપક થઈને સમ્યગ્જ્ઞાનની પર્યાય તેનું વ્યાપ્ય નામ કર્મ ખરું, પણ એનું કર્મ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કરી દે, એનો અભાવ છે ત્યાં નિમિત્ત, પણ આને લઈને ત્યાં એનો ક્ષયોપશમ થયો એમ છે નહિ. સમજાણું કાંઈ? એમ આત્માએ સ્વરૂપનું ચારિત્ર-સ્વરૂપાચરણચારિત્ર-સ્વરૂપની સ્થિરતા, એનું કાર્ય જીવ કરે, એનો એ કર્તા ખરો, એમાં કર્મનો અસંભવ, અભાવ નિમિત્ત ખરો, પણ એ અભાવનું કાર્ય આ જીવે કર્યું અને આને આમ થયું માટે એને અભાવ કરવો પડ્યો એમ છે નહિ. પરનું કાર્ય આનું નથી. પોતાના મોક્ષમાર્ગની પર્યાયનું કાર્ય જીવનું છે. એ વખતે કર્મના અભાવનું કાર્ય કર્મને કારણે થયું, આત્માને કારણે એ કાર્ય થયું નથી. એમ કહે છે ને માણસ? રાડ એ પાડે છે. અહીં ક્ષયોપશમ થાય એટલો ત્યાં ક્ષયોપશમ એને થવો જોઈએ. (એ તો) કર્તાનું કર્મ થઈ ગયું. સમજાણું કાંઈ? અથવા પહેલામાં બંધમાં (લઈએ). જ્ઞાનાવરણીયનો ઉદય હોય એના પ્રમાણમાં જીવને જ્ઞાનના હીણાપણે પરિણમવું જ જોઈએ. એમ નથી. જ્ઞાનના હીણાપણે પોતે પરિણમે એનું કાર્ય, જ્ઞાનાવરણીયનો ઉદય આવે એ એનું જડનું કાર્ય. આત્માનું કાર્ય એ છે નહિ. ઓહોહો..!

આત્મા પોતાની પર્યાય કરે, પણ ભેગી પરની પર્યાય પણ કરે એમ નથી. ભલે બીજી પર્યાય એને નિમિત્ત હો, પણ નિમિત્તથી આ કર્તા એનો થાય છે (એમ નથી). સમજાણું કાંઈ? જીવે કર્મનો ક્ષયોપશમ કર્યો. ના. ના પાડે છે. એમ નથી. જીવે પોતાની શ્રદ્ધા, જ્ઞાનને સુધારી. શુદ્ધ ચૈતન્ય છું. (એવી) જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એને પ્રગટી એ એનું કર્મ. પણ એણે કર્મનો ઉપશમ કર્યો, કર્મનો ક્ષયોપશમ કર્યો, કર્મનો ક્ષય કર્યો (એમ નથી). અહીં ક્ષાયિક સમકિતનું કાર્ય કર્યું. તેથી દર્શનમોહના ક્ષયનું કાર્ય આણે જીવે કર્યું એમ નથી. એના ક્ષયનો-અભાવનો-મોહના અભાવને આ ક્ષાયિકમાં નિમિત્ત કહેવાય. પણ નિમિત્ત હોવા છતાં આને કારણે આ ક્ષય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ કહે છે અહીંયાં, જુઓ! ભાષા અહીં દરિયાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પવનની લેવી છે વાત. આહાહા..!

એ તો વળી જુદી (વાત) કે ભગવાન હોય તો ક્ષાયિક સમકિત થાય. સાંભળ. આત્મા ભગવાન હોય તો એણે ક્ષાયિક સમકિતનું વ્યાપ્ય-કામ કર્યું છે. સમજાય છે? એ ભગવાન ત્યાં બેઠા માટે અહીં ક્ષાયિક સમકિત થયું છે એમ તો નથી, પણ આત્માએ ક્ષાયિક સમકિત કર્યું માટે કર્મનો ક્ષય-અભાવ એને થવું પડ્યું (એમ નથી). એના અભાવનો કાળ છે માટે એનો અભાવ થયો છે. આહાહા..! નક્કી કરો નક્કી. અહીં તો વાત ભાઈ એવી છે. કોઈપણ બોલનો એનો પત્તો લેવો જોઈએ. કર્મ-કર્મનું આખું કહે છે ને જૈનમાં? ભાઈ! આત્મા આવો તૈયાર થાય તો કર્મને તોડીને, ફોડીને.. કરે. હવે પણ કર્મ ફોડે એ કાર્ય કરે કે એ પોતાનું કાર્ય કરે?

મુમુક્ષુ :- એવું આવે છે, કર્મનો ક્ષય કર્યો.

ઉત્તર :- એ ક્ષય કર્યો બધા વ્યવહાના કથન છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાને આઠ કર્મનો ક્ષય કર્યો.

ઉત્તર :- ક્ષય કર્યો. નમો અરિહંતાણંમાંથી ચાલ્યું લ્યોને પહેલું. ભગવાને કર્મરૂપી અરિને-વેરીને હણ્યા. કહે છે, હણવાનું કાર્ય જીવનું નહિ. પહેલેથી અર્થમાં ફેર આખો. એમણે તો પોતાના કેવળજ્ઞાનની પર્યાયનું કાર્ય કર્યું. એ કાળે જ્ઞાનાવરણીયનો અભાવ (થયો) તે કર્મના પોતાના પર્યાયને કાળે થયો. આનામાં એ નિમિત્ત કહેવાણું, પણ કેવળજ્ઞાનનું કાર્ય કર્યું, ભેગું કેવળજ્ઞાનાવરણીયના ક્ષયનું પણ કાર્ય કર્યું એમ બે કાર્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? નહિતર આખા સત્યના ન્યાય તૂટી જશે. એક શૃંખલા તૂટી તો એકલો ન્યાય નહિ રહે. એવી વાત છે ભાઈ આ. આ તો સમયસાર છે. સોભાગભાઈ! કાંઈ કરતો નથી? પરનું તો કાંઈ કરતો નથી. એ વાત તો એકકોર રહી ગઈ. દુકાનની વ્યવસ્થા-બ્યવસ્થા રાખવી સરખી. એય..! માલચંદજી! ..ની વ્યવસ્થા એ રાખે છે, ફલાણી વ્યવસ્થા ઓલા રાખતા હશે. એમ હશે ને બધું?

મુમુક્ષુ :- એવો રાગ કરે.

ઉત્તર :- રાગને કરે. પણ એથી કાંઈ પરના કામ કરે અને રાગમાં કર્મ નિમિત્ત થયું એથી નિમિત્તનું કાર્ય આ કરે, એ વાતમાં માલ એકેય દોકડો સાચો નથી. આહાહા..! રાડ તો એ નાખે છે બધા.

મોક્ષ ક્ષયા એમ કહો. અરે..! પ્રભુ! કહેવાની ક્યાં વાત છે, સાંભળને હવે. અહીં તો જીવે પોતાના નિર્મળ પરિણામ પ્રગટ કર્યા-ક્ષાયિકભાવ, તે કાળે મોહના અભાવરૂપી કર્મનું ત્યાં અભાવનું નિમિત્ત છે. પણ અભાવનું નિમિત્તનું કાર્ય જીવે કર્યું છે એમ નથી. તે કાળે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેના પરિણામમાં અભાવ થવાના નિમિત્તનો કાળ જ એનો હતો. આહાહા..! આ બધું ક્રમબદ્ધ નક્કી થઈ જાય છે, એવી રાડ પાડે છે. પણ એમ વસ્તુ છે. જઈશ ક્યાં તું? સમજાણું કાંઈ?

એ પરમાણુમાં, અહીં જ્યારે મોક્ષમાર્ગ આત્મા પ્રગટ કરે, ત્યારે એ પરમાણુમાં તેના અભાવરૂપ નિમિત્ત છે. એનું અભાવરૂપ થવાનો જ તેનો કાળ છે. પણ એ અભાવરૂપી કાર્ય આ આત્મા પોતાના મોક્ષમાર્ગને કરે અને અભાવનું કાર્ય પણ કરે એમ છે નહિ. આહાહા..! ઝઘડા ભાઈ ઝઘડા. નથી સત્યની ખબર, નથી સત્યના રસ્તાના માર્ગની ખબર. નહિ, આત્માએ આમ કર્યું ત્યારે ત્યાં ક્ષય થવો પડ્યો કે નહિ? અને ત્યાં ક્ષય થયું તે માટે અહીં જ્ઞાન થયું કે નહિ? બેય વાત ખોટી છે. મોહ ક્ષય થયો, એ તેના પર્યાયના કાળે ક્ષય થયો. માટે અહીં કેવળજ્ઞાન થયું છે એમ પણ નથી. અને કેવળજ્ઞાન થયું માટે જ્ઞાનાવરણીયના ક્ષયનું અભાવનું નિમિત્ત થવું પડ્યું, એથી આને કારણે ત્યાં ક્ષય થયો એમ છે જ નહિ. શેઠી! આહાહા..! પેલો કહે, મુક્તિની વાત રહેવા દયો અત્યારે. એવા તો .. બોલ છે. .. બોલ છે. નિશ્ચય અને કેવળજ્ઞાન એવી વાતું ન કરવી. અરે..! પ્રભુ પણ તારા પૂર્ણ સ્વરૂપની વાત ન કરવી? આ તું શું કહે છે? આહાહા..! પૂર્ણના ભાન વિના તેનું સાધકપણાનું ભાન કેમ પ્રગટ થયું?

મુમુક્ષુ :- .. સમ્યગ્દર્શન તો પ્રગટ..

ઉત્તર :- પણ એ પૂર્ણનો જ અવયવ છે. મતિ અને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન અવયવીનો અવયવ છે. સમજાણું કાંઈ? જયધવલમાં કહે છે. કેવળજ્ઞાન અવયવી પૂર્ણ દશા છે એનો મતિ-શ્રુત અવયવ છે. થાંભલાની હાંસ. હાંસ હોય છે ને? થાંભલો થાંભલો, હાંસ.. હાંસ. હાંસ નથી સમજતા? આ તમારે હાંસી, એમ હાંસ. લાકડા ઉપર હાંસી કાઢે. કોરી હાંસ. પહેલ, લ્યો. બસ એ. એ એક હાંસી દેખી. એ હાંસી કોની છે? એ હાંસી અવયવ છે. પણ કોનો છે? કે આનો આખા અવયવીનો. એમ જયધવલમાં સિદ્ધ કર્યું છે કે જેને અવયવીનો નિર્ણય નથી એને અવયવનો નિર્ણય હોય નહિ. કારણ કે અવયવીનો આ અવયવ છે. ભગવાન! મતિશ્રુતજ્ઞાન અવયવ છે કેવળજ્ઞાનની પર્યાયનો. આહાહા..! અરે..!

ભગવાન! આત્માનું સર્વજ્ઞપણું કહે છે કે પ્રગટ્યું છે પોતાને કારણે પ્રગટ્યું છે. એ પ્રગટ્યાનું કાર્ય જીવે કર્યું પણ ભેગું કેવળજ્ઞાનાવરણીયનું નિમિત્ત અભાવનું હતું એટલે આને કારણે એનું ત્યાં અભાવનું કાર્ય કરવું પડ્યું, આણે કર્યું એમ છે નહિ. આને કારણે ત્યાં અભાવ થવો પડ્યો એમ છે નહિ. કરો નક્કી. અહીં તો એક એક વાત કોઈ એવી હોય કે એનો ભાવ ખ્યાલમાં આવવો જોઈએ. એમ ને એમ માની લેવું એ વસ્તુ હોઈ શકે નહિ. એ માન્યું ક્યાંથી? એના ખ્યાલમાં એ વાત (આવવી જોઈએ). આ પ્રભુ આત્મા છે, વસ્તુ છે. તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ ભૂલે તો ભગવાન ભૂલે તો ભૂલ કરે, પણ ભૂલ કરે ભગવાન અને નિમિત્ત કર્મ થાય એનું પણ કામ કરે એમ નથી. અને ભૂલ ભાંગવાનું કામ કરે તો કર્મના અભાવનું પણ કામ કરે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એક દાખલો આપીને તો કેટલું (સિદ્ધ કર્યું છે)! મૂળ તો પાઠ આ કહેવો છે.

**णिच्छयणयस्स एवं आदा अप्पाणमेव हि करोदि।**
**वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं।।८३।।**

પછી તો દૃષ્ટાંત, ભગવાન અમૃતચંદ્રાચાર્યે દૃષ્ટાંત સહેલો પડે સમજવા માટે એટલે આપ્યો. એને ખ્યાલમાં આવે.

અહીં તો સિદ્ધ તો એ જ કરવું છે કે ભગવાન આત્મા પોતાની વર્તમાન અવસ્થાને ચાહે સો મિથ્યાત્વથી માંડીને યોગના કંપનનું પરિણમન એનું હો. સમજાય છે? અહીં સામાન્ય વાત છે. એ પરિણમનનો એ કર્તા ભલે હો. પણ ભેગું ઓલું નિમિત્ત થાય એનો પણ કર્તા અને અહીં અભાવ કર્યો તો ઓલાને અભાવ થવું પડ્યું એનો કર્તા, બે વાત નથી. સમજાણું કાંઈ? એવી સમય સમયની પર્યાય નિમિત્તનૈમિત્તિક હોવા છતાં કર્તાકર્મનો બેને સંબંધ નથી એ વાત અહીંયાં સિદ્ધ-સાબિત કરવી છે. સમજાણું કાંઈ? અસંભવ.

**'પુદ્ગલકર્મને અને જીવને વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...'** જુઓ ભાષા! સસંસાર. એ વિકારી પરિણામમાં જીવ અંતર્વ્યાપક થઈને. મિથ્યાત્વ, રાગ-દ્વેષ, અવ્રત, પ્રમાદ, કષાય એ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર અવસ્થાને જીવ કરે છે. ભલે પૂર્વકર્મનું નિમિત્ત (હો), પણ એને કરતો નથી. એનાથી થતું નથી પણ એને કરતો નથી. એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ?

**'જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર...'** નામ મિથ્યાત્વમાં, ચારિત્રદોષમાં એટલે રાગ-દ્વેષમાં. કોઈ એમ કહે કે ભાઈ! ચારિત્રદોષ. તો જુઓ! કર્મનો ઉદય એને આવ્યો માટે (વિકારી પરિણામ થયા) એ તો નથી. આમ કહે છે ને? જુઓ! આ રામચંદ્રજી અને લક્ષ્મણ. છ-છ મહિના સુધી એને કાંધે લઈને ફર્યા. એને ચારિત્રમોહનો ઉદય રહ્યો ત્યાં સુધી થયું અને જ્યાં ઉપશમ થઈ ગયો તો ફટ્ટ બુદ્ધિ છૂટી. એ વાત સાચી નથી. એમ કહે છે. એને રાગનો ભાવ પોતાને અંતર્વ્યાપક થઈને પોતે કરતા હતા. ત્યારે પૂર્વનું કર્મ એને નિમિત્ત કહેવામાં આવતું હતું. પોતે જ અંતર્વ્યાપક થઈને જ્યારે શુદ્ધતાના પરિણમનને પોતે કર્યું ત્યારે એનો કર્તા પોતે થયો. ત્યારે કર્મનો અભાવ આણે કર્યો એમ નથી. એના-કર્મના અભાવનું કાર્ય એ કાળે થવાનું હતું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- મડદાને છોડી દીધું ને.

ઉત્તર :- મડદું છોડે કોણ અને ઉપાડે કોણ? એ તો છૂટી ગયું. કહો, સમજાણું કાંઈ? એવી વાતું બહુ કહે છે. એવા લાકડા ખોસે છે ને. જુઓ! છ-છ મહિના સુધી રામચંદ્રજી જેવાને આમ ઉપાડવું પડ્યું, બાપા! કર્મના ઉદય છોડે કોઈને? તીર્થંકરને છોડ્યા નથી. એવું બોલે એ લોકો. શ્વેતાંબરમાં તો બહુ વાતું કરે. એય..! ધીરૂભાઈ! કર્મે રાજા કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક. એ પહેલી સ્તુતિ કરે એમાં બોલે. સ્તુતિ કરે ને પહેલી પાંચ-દસ મિનિટ ભક્તિ. સ્તુતિ પછી વ્યાખ્યાન શરૂ કરે. કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં આવે છે, કર્મે રાજા, કર્મે રંક.

ઉત્તર :- એ તો બહારના નિમિત્તની વાત કરે છે. પણ અહીં તો વિકારીભાવ પણ કર્મ કરાવે છે એમ કહે છે. એમ છે નહિ. અંતર્વ્યાપક થઈને, જુઓ! આહાહા..!

ભગવાન આત્મા વિકારમાં અંતર્વ્યાપક થઈને પોતે સ્વતંત્રપણે તે સમયના કર્તાનું કાર્ય જીવનું સ્વતંત્ર છે. એને પૂર્વની અવસ્થા કર્મની નિમિત્ત હોવા છતાં એનાથી તો થયું નથી પણ આનાથી તેનું નિમિત્ત થયું પણ નથી. નિમિત્તને આવવું પડ્યું એમ પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

‘**સસંસાર...**’ ‘**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને..**’ ભગવાન આત્મા પોતાને ભૂલીને અથવા અસ્થિરતામાં. બેય લેવું છે ને? ‘**અંતર્વ્યાપક થઈને સસંસાર...**’ ભ્રમણા કે રાગ-દ્વેષ કે ચારિત્રદોષ કે દુઃખની કલ્પના, એનો કર્તા જીવ અને કર્મ-જીવનું એ કાર્ય છે. એ કાર્ય કર્મનું તો નથી પણ આ કાર્યથી જીવ કર્મનું પણ કાર્ય કરે છે એમ નથી. સમજાણું કાંઈ? ‘**અથવા નિઃસંસાર અવસ્થાને વિષે...**’ ભાષા જોજો. મોક્ષના માર્ગની અવસ્થા કે મોક્ષની અવસ્થામાં અંતર્વ્યાપક થઈને, સમ્યગ્દર્શનમાં પણ આત્મા અંતર્વ્યાપક થઈને ‘**આદિ-મધ્ય-અંતમાં...**’ એ સમ્યગ્દર્શનની પર્યાયની આદિમાં-મધ્યમાં-અંતમાં આત્મા છે. એની આદિમાં કર્મનું આમ થવું એ નથી અને આમ કર્યું માટે એના કર્મના નિમિત્તનો અભાવ, આને કારણે ત્યાં અભાવ થયો એમ નથી.

મુમુક્ષુ :- કર્મ આઘા પાછા તો કરે છે.

ઉત્તર :- આઘો પાછો ત્રણ કાળમાં આત્મા કરતો જ નથી. એમાં પણ એને કાળે, એને કારણે સ્થિતિનું બદલવું અને રસનું બદલવું થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્રમબદ્ધ થઈ ગયું.

ઉત્તર :- ક્રબદ્ધ જ છે બધું. એનો પણ પરમાણુઓનો એ સમયનો જે પર્યાય છે તેને એ પ્રાપ્ત કરે છે. અભાવરૂપને પણ પ્રાપ્ત કરે છે અને ભાવરૂપને પણ એ જ પ્રાપ્ત કરે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પરને કારણે નહિ. બહુ ઝીણું. હજી તો સાંભળવા મળે નહિ બિચારાને કેટલાકને તો. આ સ્વતંત્ર વસ્તુ શું છે? હવે એ વિચારે કે દિ' અને અંદરમાં સ્વરૂપમાં રુચિમાં જાય કે દિ'? સલવાણો હજી બહારમાં આમ થાય.. આમ થાય.. આમ થાય. હજી પહેલી મિથ્યા શલ્યના લાકડામાં પડ્યો (હોય), અંદરમાં જાય શી રીતે? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન આત્મા પોતે વિકારી અવસ્થામાં કે મોક્ષમાર્ગની અને મોક્ષ અવસ્થામાં એ આદ્યમાં પોતે જ આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને. આહાહા..! આવી તે વાત સંતોની. દાંડી પીટીને પ્રસિદ્ધ કરે છે. કાંઈ ગુપ્ત રાખતા નથી કે આ આમ છે ને આમ છે ને આમ થાશે. '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' ભગવાન આત્મા જ પોતાની ભૂલમાં પણ આદિ-મધ્ય અને અંતમાં પોતે કર્તા અને એની નિર્દોષ દશામાં આદિ-મધ્ય-અંતમાં આત્મા જ પોતે એનો કર્તા છે. સમજાણું કાંઈ? આહાહા..!

ક્ષાયિક પર્યાય સમકિત થયું, કહે છે કે એમાં આદિમાં જીવ વ્યાપીને તે પર્યાયનું કાર્ય જીવે કર્યું છે. કર્મનો અભાવ થયો માટે થયું નથી, પણ અહીં ક્ષાયિક સમકિત થયું માટે અભાવનું નિમિત્તપણું એને થવું પડ્યું એમ આ કર્તાનું એ કર્મ નથી. ભગવાન સમીપે બેઠા માટે ક્ષાયિક સમકિત થયું. એમ નથી. આહાહા..! એ પોતે જ જીવ અંતર્વ્યાપક થઈને ક્ષાયિક સમકિતની જે ક્ષયોપશમ પર્યાય હતી એને ક્ષાયિક પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં જીવ સીધો હતો. ભાઈ! ઓલી ક્ષયોપશમ પર્યાય નહિ. ક્ષયોપશમ સમકિત હતું માટે ક્ષાયિક પર્યાય થઈ એમ નહિ. ભગવાન હતા માટે થયું એમ નહિ, કર્મનો અભાવ થયો માટે થયું એમ નહિ. આહાહા..! સીધી ભાષા (છે). જીવ અંતર્વ્યાપક થઈને. ભાષા સીધી લીધી, જુઓને!

ભગવાન આત્મા અંતર્વ્યાપક થઈને અસંસાર અવસ્થા નામ મોક્ષદશા ક્ષાયિક સમકિત આદિ (થઈ), એ પર્યાયમાં જીવનું અંતર્વ્યાપક થઈને તે કર્મ જીવનું છે. પૂર્વની પર્યાય ક્ષયોપશમ હતી એનું નહિ, ભગવાન છે એનું નહિ, ત્યાં આગળ કર્મનો ક્ષય થયો એનું નહિ. અને આ ક્ષાયિક પર્યાય થઈ માટે કર્મનો ક્ષય (થયો) એ જીવનું કાર્ય છે એમ નહિ. સમજાણું કાંઈ? ઘણાં બોલો આમાં છે. એમાં તો નાખે એટલું નીકળે એવું છે. આખો સંસાર .. નાખ્યો. સંસાર શું, નિગોદથી માંડીને સિદ્ધ.

નિગોદમાં પણ... નિગોદની પણ વાત આમાં છે ભેગી. સંસાર અવસ્થા એવી નિગોદ અવસ્થા. મિથ્યાત્વ અને પ્રચુર કર્મ નામ વિકારી પરિણામનો કર્તા એ જીવ પોતે અંતર્વ્યાપક થઈને તેને કરે છે. કર્મનું આમાં નિમિત્ત છે. નિમિત્ત છે માટે અહીં થાય છે એમ નહિ. આવું એણે કર્યું માટે કર્મના ઉદયને એવા પ્રકારમાં આવવું પડ્યું આને કારણે, એમ નથી. કહો, સમજાણું આમાં? કેટલાક એમ કહે છે અસંજ્ઞી સુધી તો કર્મનું જોર (છે). પછી સંજ્ઞી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયા પછી પુરુષાર્થ કરી શકે. અહીં ભગવાન ના પાડે છે. તું કહે એમ નથી. સમજાણું કાંઈ? શું કરે? બિચારાને પંચેન્દ્રિયપણું ન મળે, વીર્યની ઉઘાડતા ન મળે. એ તો બિચારા કર્મને આધીન પડ્યા છે. એને શું? ના. એમ નથી. એ પણ પોતાની જ વિકારી તીવ્રતાના પરિણામને કરતો, એમ પ્રતિભાસો. કર્મ એને કરે છે એમ પ્રતિભાસો નહિ અને કર્મના ઉદયને તે કરે છે એમ પ્રતિભાસો નહિ. ઉદયને એ કરે છે એમ પ્રતિભાસો નહિ. ઉદય આને કરે છે એમ નહિ પણ એ ઉદયને આ કરે છે એમ પ્રતિભાસો નહિ. વસ્તુની સ્થિતિ એમ નથી. આહાહા..! વસ્તુની વ્યવસ્થાનું વર્ણન. આવી વાત ક્યાંય બીજે હોય નહિ સત્ય સિવાય. સમજાણું કાંઈ? આ પડ્યું છે તો બધું પણ સમજનારા બધા ઊંધા અર્થ કાઢે છે અંદરથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તત્ત્વના વસ્તુની. દ્રવ્યાનુયોગની શું વળી? કરણાનુયોગમાં વળી કર્મના જોરથી થાય એમ હશે? વસ્તુ તો છે એમ છે ચારેય અનુયોગની અંદરમાં. સમજાણું કાંઈ? કરણાનુયોગમાં કર્મને લઈને દોષ થાય એવા કથન આવે પણ એમ છે નહિ. એ તો નિમિત્તના કથન છે. ભાવ્યભાવકનું બાકી છે, હોં! અહીં તો હજી કર્તાકર્મનું છે. હજી એમાં પણ જરી સમજવા જેવી વાત છે ભાવ્યભાવકમાં. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આખો કર્મ ગ્રંથ ખોટો પડે એમ છે.

ઉત્તર :- આખા કર્મ ગ્રંથનું અસ્તિત્વ સિદ્ધ કરવાની વાત છે. જેવી રીતે છે એવી રીતે સિદ્ધ કરવાની વાત છે. ઊંધી રીતે માને એને ઉથલાવવાની વાત છે. વજુભાઈ!

મુમુક્ષુ :- એક ગાથાએ પાર.

ઉત્તર :- એક ગાથાએ પાર છે, લ્યો. અમારે ભાઈ ઈજનેર છે.

ભાઈ! થોડું પણ સત્યને નક્કી કર. એમ ને એમ વાંચી જાય ને (બોલે), આમાં આમ છે, આમા આમ છે. શું પણ આમ છે? એનો કાંઈ નિર્ણય?

મુમુક્ષુ :- નોખા નોખા...

ઉત્તર :- નોખા નોખામાં બીજો નિર્ણય હોય નહિ. સંતોની, સર્વજ્ઞની એક જ વાણીની ધારા સત્યની હોય. ક્યાંક પ્રધાનપણે કથન કર્યું હોય, ક્યાંક ગૌણપણે કર્યું હોય એ વાત જુદી. પણ એથી વસ્તુની સ્થિતિ બદલી જાય એમ છે નહિ. ઓહોહો..!

કહે છે કે, આ બે ઈન્દ્રિય જીવ, એકેન્દ્રિય જીવ નિગોદ છે. લ્યો. નિગોદના જીવ છે જુઓ! અનાદિના છે કે નહિ? નિગોદના. એને કે દિ' ખબર હતી? એને તો કર્મનું જોર ખરું ને અનાદિનું? નિત્ય નિગોદ. અનાદિ પડ્યા, હજી ત્રસ નહિ થાય એવા નિગોદ પડ્યા છે. ત્રસ નહિ થાય ત્રસ. ન થાય તો શું છે? સાંભળને! એ જીવનો પોતાના વિકારી મિથ્યાત્વના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામના જોરનો કાર્યનો એ કર્તા છે. સમજાણું કાંઈ? કર્મ એને કરે છે કે કર્મનું કાર્ય એ કરે છે, બેમાં કાંઈ છે નહિ. નિમિત્તનૈમિત્તિક સંબંધ જુદી ચીજ, કર્તા કર્મ સંબંધ જુદી ચીજ. લોકો નિમિત્તનૈમિત્તિક સંબંધને કર્તાકર્મ જોડી દે છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો જ્ઞાનમાં ક્ષયોપશમ થાય અને અહીં ક્ષયોપશમ કરે એટલે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવું પડે. બેય વાત ખોટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરી શકતો નથી, પણ એ નથી કરી શકતો પોતાના દોષને કારણે છે. કર્મને કારણે છે કે પરના સંયોગને કારણે છે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. કહો, સમજાણું આમાં? સવારે જીવ-અજીવની વાત હતી. આ કર્તા-કર્મની વાત છે. પોતે પોતામાં કરે કે પર પરમાં કરે? એવું તે કોને ગોઠતું હોય કે સંસારમાં રખડવું હોય? પણ એનો અર્થ શું? એમ ઘણા કહે છે, લ્યો. એવું કોને ગોઠતું હોય કે સંસારમાં રખડવું હોય? એ તો બાપુ, બીજો જ રખડાવે. લે ઠીક, માર્યો ગોળો. માર ગોળો. ઓલા કહે હા, મહારાજ!

મુમુક્ષુ :- મારે તો બીજો જ મારે ને.

ઉત્તર :- પણ બીજો મારે જ નહિ એમ કહે છે. અહીં તો દુશ્મન પર્યાયનો પોતે, મિત્ર પણ પોતે. પર દુશ્મન-સજ્જન છે જ નહિ.

મુમુક્ષુ :- રખડવું કંઈ પૂરું થાય કોઈનું?

ઉત્તર :- કોઈને રખડવું હોય? બાપા! કોઈને રખડવું હોય? કર્મ રખડાવે. આહાહા..! અરે..! મૂઢ શું કહે છે પણ તું? મરી ગયો છો તું? ક્યાં ગયો હતો તું ત્યાં? સમજ્યાને? વેપારી હોય. દસ વાગે છોકરાને બેસાડેને દુકાને. અડધો કલાક જોજે. હું ખાવા જાઉં છું. જો આ અનાજનો ઢગલો બોકડો આવીને ખાઈ ન જાય. અનાજનો વેપાર હોય ને. ઢગલો પડ્યો હોય ને મોટો દુકાન ઉપર મોટો. કપાસિયાનો, અનાજનો. જો અડધો કલાક બેસજે ધ્યાન રાખીને. બીજું દુકાન, ઘરાક-બરાક સાચવીશ નહિ. (પણ) ધ્યાન રાખજે. સમજ્યાને? છોકરો હેઠે ઉતરી ગયો, એમાં આવ્યો બોકડો મોટો. બોકડો ચડી ગયો, દસ શેર ખાઈ ગયો. એનો બાપ આવ્યો. એલા ધ્યાન રાખ્યું ને? એલા! આ ખાડો કેમ પડ્યો? ક્યાં મરી ગયો હતો તું? નોકરને એમ કહે કે મરી ગયો હતો ક્યાં? બાપા! અહીંયાં હતો. પણ આ શેનું ખાધું?

એમ કહે છે કે, એલા પણ તને મારી નાખ્યો બીજાએ? તું ક્યાં ગયો હતો? તું તારી પર્યાયને હીણી કરવામાં તારો સ્વતંત્ર અધિકાર છે. તને બીજાએ મારી નાખ્યો? મરી ગયો? જીવતો હતો કે નહિ? તું ત્યારે જીવ હતો કે નહિ? તારા જીવની ઊંઘાઈનું કાર્ય તેં કર્યું છે. કર્મે કર્યું છે? એવું થાય છે હોં વેપારીમાં. એક છોકરાને કીધું અને પછી છોકરો રમવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હેઠો ઉતરી જાય. રમતમાં ચડી જાય પછી ખ્યાલ ન રહે. એય..! ઓલો બોકડો ખાઈ ગયો. બાપા આવશે. સરખું કરવા માંડે. પણ અહીં ઘટી ગયું. જો, અહીં સુધી હતું.

એમ કહે છે, બાપુ! પ્રભુ એમ કહે છે. તારામાં કાંઈ સત્ત્વ હતું કે નહિ કે કર્મે તને મારી નાખ્યા? તારામાં ઊંધાઈ કરવાની તાકાત-શક્તિ હતી કે નહિ કે કર્મે તને મારી નાખ્યો? તને આ જીવ તો તને કહીએ છીએ કે તું જીવતો છો અનાદિનો અનંત આનંદનો કંદ છે. એને ભૂલીને કામ તેં તારામાં તેં તારે કારણે કર્યા છે. અને તું કહે મને કર્મે મારી નાખ્યા છે. શું કરવા રાડું પાડે છે મફતમાં. સમજાણું કાંઈ? અને કાં મેં કર્મને મારી નાખ્યા. બહુ સારી વાત, બાપા! કર્મને મારે નહિ અને કર્મને તું મારી શકે નહિ અને કર્મ તને મારે નહિ. એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! ભારે વાત, ભાઈ! આ તો કર્મની જૈનમાં એટલી ચાલી છે. (સંવત) ૧૯૭૧થી સાંભળતા આવીએ છીએ. બિલકુલ નહિ. કીધું, કર્મ પોતાની પર્યાય કરે, જીવ પોતાના વિકારને કરે. ૫૧ દોકડા રાખો જીવના પુરુષાર્થના. અમારે શેઠ હતા એ કહેતા. ૫૧ રાખો પુરુષાર્થના, ૪૯ દોકડા રાખો કર્મના. કાર્યમાં બે ભેગાભેગીની વાત રહેવા દો. એકેય દોકડો પોતાના વિકારમાં કર્મનો નહિ. લે. આહાહા..!

મુમુક્ષુ :- ૫૦-૫૦.

ઉત્તર :- અહીં વળી ૫૦-૫૦ (કહે). એક જીવંધર (પંડિત) આવ્યા હતા. ૫૦-૫૦ રાખો કહે કાર્યમાં. ૫૦ દોકડા નિમિત્તના અને ૫૦ દોકડા... ૫૦ દોકડાને શું કહે તમારે હિન્દીમાં? ટકા. ૫૦ ટકા. દોકડા. ૫૦ ટકા એના રાખો. એકેય ટકો નહિ. નિમિત્તનો નિમિત્તમાં ટકો અને ઉપાદાનનો ઉપાદનમાં ટકો. અરે..! ભગવાન! શું કરે છે તું? ભાવ ઊંધા કર તું અને નાખે કર્મને? આવી અનીતિ? આવી અનીતિ સંભવે? એ તો ટોડરમલ કહે છે કર્મનો વાંક કાઢે છો? મહંત રહેવા ઈચ્છે છો? અનીતિ, જિનાજ્ઞા માન તો એવી અનીતિ સંભવે નહિ. તારે ઊંધા વિષય કષાયરૂપ રહેવું છે અને તારે કર્મનો દોષ કાઢવો છે. સમજાણું કાંઈ? શું કરીએ ભાઈ! અમારે તો ઘણો ધર્મ કરવો પણ હવે કર્મ માર્ગ આપે ત્યારે થાય ને. ખોટી વાત છે. અને આપણે પુરુષાર્થ કરીએ તો કર્મને એક ક્ષણમાં ઉડાડી દઈએ. ભૂક્કો ઉડાડી દઈએ. એ પણ ખોટી વાત છે. એમ કહે છે. બેયમાં ખોટો. એકમાં ખોટો તો બેયમાં ખોટો છે, એમ કહે છે. એ કર્મ તો સ્વતંત્ર પદાર્થ છે. એનું ઉપશમ થવું, ક્ષયોમશમ થવું, ક્ષાયિક થવું એના કારણે છે. તું અહીં પુરુષાર્થ કર તો માટે થવું પડ્યું? એનો અર્થ કે તું પુરુષાર્થ કરે છે ત્યારે એનામાં એ ટાણે એવો કાળ છે. એથી નિમિત્ત નૈમિત્તિક કહેવાય છે. પણ આમ કર્યું માટે ત્યાં એને થવું પડ્યું તો કર્તાકર્મ છે એવું વસ્તુનું સ્વરૂપ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૧, સોમવાર તા. ૨૪-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૩, પ્રવચન-૧૬૭**

શું કહ્યું? જુઓ! અહીં સુધી આવ્યું છે. '**અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' ત્યાં સુધી આવ્યું છે ને? '**પરંતુ અન્યને કરતો પ્રતિભાસતો નથી;...**' ત્યાં સુધી આવ્યું છે. શું કહ્યું એમાં સમજાણું? સમુદ્ર પોતાના તરંગને ઉત્પન્ન કરીને અને તરંગને વિલય કરીને પોતે તરંગનો કર્તા ભાસે છે. પણ પવન જે એમાં નિમિત્ત છે એનો એ કર્તા ભાસતો નથી. પવનનો કર્તા ભાસતો નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે, હોં! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત કરતું નથી એમ ક્યારે કહ્યું?

ઉત્તર :- એ તો આવી ગયું પહેલા. અહીં એમ થઈ ગયો એનો અર્થ.

સમુદ્ર પોતાના તરંગને કરે અને પોતાના તરંગને વિલય કરે એમાં પવનનું નિમિત્ત હોય પણ સમુદ્રના તરંગ પવનને લાવે છે કે વ્યય કરે છે એમ છે નહિ. અહીં પોતાનો કર્તા છે, પરનો કર્તા નથી એટલું જ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? લ્યો! શેઠી આવી ગયા. સમજાણું કાંઈ? સમુદ્રમાં જે તરંગ ઉઠે છે એ તરંગનો કરનાર સમુદ્ર છે. પવન એમાં નિમિત્ત છે પણ પવનને કરનાર આ તરંગ નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ત્યાંથી નહિ, અહીંથી લેવું. અહીં એમ કહેવું છે કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. સમુદ્ર પોતાની પર્યાયને ઊઠાવે છે અને વિલય કરે છે. એમાં પવન નિમિત્ત હોય, પણ પવનનો એ કર્તા નથી. પવન એનો કર્તા છે એમ નથી લેવું. પવન સમુદ્રના તરંગનો કર્તા નથી એમ નથી લેવું. અહીંયાં તો તરંગ પવનનો કર્તા નથી એમ લેવું છે. શેઠી! સમજાણું કાંઈ?

એમ આત્મા, આત્મા સંસાર અવસ્થામાં હોય કે મોક્ષમાર્ગની અવસ્થામાં હોય કે મોક્ષ અવસ્થામાં હોય, સંસાર અવસ્થામાં પોતાના વિકારનો કર્તા આત્મા છે, એમાં કર્મનો વિપાક નિમિત્ત છે, નિમિત્ત છે. પણ કર્મના વિપાકનો કરનાર જીવ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? હમણાં બે જણા અંદર આવ્યા હતા કે આ વાત તો બહુ સૂક્ષ્મ છે. કીધું, ભાઈ! માર્ગ જ એવો છે, શું કરીએ? કદી સાંભળ્યું નથી ને. આ કરો.. આ કરો.. અને આ કરો.. એવું સાંભળ્યું હોય. આ તો કદી સાંભળ્યું જ ન હોય. આ કહે છે... ૮૩ ગાથા છે. ૮૦

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને ૩. એ આવી ગયું છે અહીંયાં પહેલેથી. જુઓ! '**જીવ જ પોતે...**' ત્યાંથી ફરીથી લ્યો. જીવ છે ને જીવ? '**જીવ જ પોતે અંતરવ્યાપક થઈને સસંસાર અથવા નિઃસંસાર અવસ્થાને...**' આત્મા પોતાની વિકારી અવસ્થામાં, પોતાના વિકારનો આત્મા કરનાર છે. કર્મ એમાં નિમિત્ત છે. પણ કર્મને લાવનારો, કરનારો આત્મા નથી. સમજાણું કાંઈ? વાત તત્ત્વની છે. એ તત્ત્વ ચાલવામાં અત્યારે લોકોને બહુ મુશ્કેલ પડે છે. પણ એ સમજ્યા વિના તારો નિકાલ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે જેમ સમુદ્રના તરંગમાં પવન નિમિત્ત(છે). તરંગ વિલય થાય તો નિમિત્તનો અભાવ, અભાવરૂપ નિમિત્ત (છે). એમ આત્મા પોતાના વિકારી પરિણામ કરે તો વિકારી પરિણામમાં પૂર્વના કર્મનો પાક નિમિત્ત છે. એ નિમિત્તથી થયું નથી એમ અહીંયાં સિદ્ધ નથી કરવું. નિમિત્તથી તો થયું જ નથી. અહીં તો એ સિદ્ધ કરવું છે કે આત્મા વિકાર પોતાની પર્યાયથી કરે છે અને એ સમયે કર્મનો પાક નિમિત્ત છે તેને આત્મા કરતો નથી. સમજાણું કાંઈ?

'**પોતે અંતર્વ્યાપક થઈને સસંસાર...**' વિકારની મિથ્યાત્વ દશા કે રાગ-દ્વેષની દશા કે પ્રમાદ, કષાયની દશા કે અવ્રતનો ભાવ કે યોગનો કંપન્ન ભાવ એ સંસારયુક્ત દશા. એમાં '**આદિ-મધ્ય-અંતમાં...**' સસંસાર દશામાં આત્મા જ આદિમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ કરો, આત્મા કરે તો એની આદિમાં આત્મા છે. મિથ્યાત્વની આદિમાં કર્મ નિમિત્ત છે એ આદિમાં નથી. કર્મનું નિમિત્ત હતું તો વિકાર થયો એમ નથી. સમજાણું કાંઈ? 'કર્મ બિચારે કૌન?' એ આવે છે ને ભક્તિમાં? 'ભૂલ મેરી અધિકાઈ.' કર્મ બિચારે કૌન? એ તો જડ બિચારા છે, એને તો ખબર પણ નથી. અને અજ્ઞાની કહે છે કે અમને વિકાર થાય છે એ કર્મથી થાય છે. એમ ત્રણ કાળમાં નથી. એ તો વાત જ નથી. પણ અહીંયાં તો કહે છે કે જીવ પોતાની વિકારી પર્યાય કરે તો કર્મમાં સંક્રમણ થાય છે, સ્થિતિ ઘટી જાય, સ્થિતિ વધી જાય, અનુભાગ ઘટે, અનુભાગ વધે એનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ આવે કે...

ઉત્તર :- એ તો નિમિત્તની વાત છે. પરમાં શું કરે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ એને કારણે. આત્માના કારણે નહિ. સમજાણું કાંઈ? એ છે ને આઠ કેટલા દસ, નહિ? પંડિતજી! કરણ, દસ કરણ. ગોમ્મટસાર. બંધ, સત્તા, ઉદય આદિ દસ બોલ છે. એ પોતાને કારણે. દસ બોલ છે ગોમ્મટસારમાં છે ને એક ગાથામાં. ઉદય, ઉદયકરણ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બંધકરણ, સત્તાકરણ, સંક્રમણકરણ, અપકર્ષણકરણ,.. એ કર્મની પર્યાય કર્મમાં સ્વયંથી થાય છે, આત્માથી નહિ.

મુમુક્ષુ :- આત્મા નિમિત્ત પણ નથી?

ઉત્તર :- પણ નિમિત્તનો અર્થ શું? એ તો અહીં કહે છે. નિમિત્તનો અર્થ કે છે એટલું. પણ એનાથી એમાં થયું નથી. એ વાંધો ઉઠાવે છે ને બધા? લ્યો, તમે કહો છો કે ઉપસ્થિત છે, ઉપસ્થિત છે. પણ ઈ જ કહે છે, ઉપસ્થિત નામ છે જ. સમજાણું કાંઈ? છોકરાને કહે છે ને? નિશાળમાં નથી બોલાવતા? મલુપચંદ? હાજર. ફલાણા? તો હાજર. હાજર એટલે? હું છું. હાજર એટલે આવ્યો છું એમ નહિ, હાજર નામ આવ્યો છું એમ નહિ. નિશાળમાં બોલે છે ને ભાઈ? નામ બોલે છે ને તો કહે કોણ છે? મલુપચંદ? અનુપચંદ? પાનાચંદ? હાજર. હાજર. તો હાજરનો અર્થ હું આવ્યો એમ નથી. હું છું. હું છું. એમ આત્મા પોતાનો વિકાર કરે છે તો કર્મ એક નિમિત્ત છે. હાજર છે એટલે છે, બસ એટલું. છેનો કર્તા હાજર છે. છે નો અર્થ હાજર છે. હાજરનો અર્થ છે. હું આવ્યો છું, હું લાવીશ એમ નથી. નિમિત્તને આવવું જ પડશે. એવો અર્થ કરે છે લોકો. એ તો કહે છે, હાજરા હાજર છે. અરે...! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! ૮૩ ગાથા છે, ૮૩. ૮૦ અને ૩.

અહીં આવ્યું છે, જુઓ! સમુદ્રનું દૃષ્ટાંત આપીને (વાત કરે છે). કાલે થોડું ચાલ્યું છે. '**જીવ જ પોતે અંતર્વ્યાપક થઈને...**' શેમાં? સસંસારમાં. વિકારી દશામાં આત્મા જ અંતર્વ્યાપક થાય છે. વિકાર મિથ્યાત્વ હો, રાગ હો, અવ્રત હો, પ્રમાદ હો, કષાય હો કે યોગ હો, એની આદિમાં આત્મા છે, મધ્યમાં આત્મા છે, અંતમાં આત્મા છે. કર્મ આદિમાં છે તો વિકાર થાય છે એ તો અહીંયાં પહેલા જ કાઢી નાખ્યું. આદિ-મધ્ય-અંત કહીને. એટલે આની આદિમાં પર છે એ તો કાઢી નાખ્યું. હવે એ આત્મા પોતાનો વિકાર કરે છે તો કર્મના ઉદયમાં ફેરફાર થઈ જાય છે, ઉદય આવે છે એમ આત્મા કર્મનો કર્તા નથી. બેય વાત લઈ લીધી. પોતાની વિકાર દશામાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે તો નિમિત્ત નથી એ તો છોડી દીધું. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, પોતાને ભૂલીને જે મિથ્યાભ્રાંતિ રાગ-દ્વેષ, અવ્રત આદિ થાય તો કહે છે કે વિકારની શરૂઆત આત્માથી થાય છે. આત્મા વિના વિકારની શરૂઆત કર્મથી થાય છે અને વિકારનું કારણ કર્મ છે એમ છે નહિ. પોતાના દોષનો અધિકારી આત્મા છે. સમજાણું કાંઈ? '**પોતે અંતર્વ્યાપક થઈને...**' એક વાત થઈ?

બીજી. '**નિઃસંસાર અવસ્થાને...**' બીજી ભાષા. મોક્ષમાર્ગની દશામાં જ્યારે આત્મા પોતાના સ્વરૂપની સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ એવી ધર્મદશા પ્રગટ કરે છે તો ધર્મદશાની આદિમાં આત્મા છે. ધર્મની દશાની આદિમાં આત્મા છે. કોઈ દેહની ક્રિયા થઈ, કે રાગની મંદતા થઈ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં ધર્મપર્યાય થઈ એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિઃસંસાર અવસ્થાને...**' દેખો! બહુ ટૂંકી ભાષામાં બધું લઈ લીધું છે. નિઃસંસાર નામ મોક્ષમાર્ગની પર્યાય આત્મા પ્રગટ કરે છે, સમ્યગ્દર્શન અને શુદ્ધ ચૈતન્ય છું એવો ધર્મ અને સમ્યગ્જ્ઞાન-સ્વસંવેદન અને સ્વરૂપમાં રમણતા, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આદિમાં આત્મા છે. આત્માએ કર્યું તો થયું છે. કર્મે માર્ગ કર્યો તો ધર્મ થયો એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? શેઠિયા! અને કેવળજ્ઞાન આત્મામાં થયું, નિઃસંસાર અવસ્થા, તો કેવળજ્ઞાનની આદિમાં આત્મા છે. આત્માએ પ્રગટ કર્યું છે. કેવળજ્ઞાનાવરણીય નાશ થયું તો કેવળજ્ઞાન થયું એમ છે નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. લોકોને મૂળ તત્ત્વની વાત જ સાંભળવા મળી નથી અને બહારની વાતું આમ ને તેમ, આ કરો ને તે કરો. પણ તારી ચીજ શું છે એ તો સમજ પહેલા. અને ભૂલ પણ તારાથી થાય છે, ભૂલમાં કોઈ બીજું કારણ નથી. નિમિત્ત કારણનો અર્થ જ કોઈ છે નહિ. તું કરે છે તો એને નિમિત્ત કારણનો આરોપ અપાય છે. સમજાણું કાંઈ? કોઈ કર્મ વિકાર કરાવે છે એની તો અહીંયાં ના પાડે છે. આદિ-મધ્ય-અંતમાં. ભગવાન આત્મા વિકારની આદિમાં-શરૂમાં પણ આત્મા છે અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ એવી પોતાની ધર્મપર્યાયમાં પણ આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. કર્મની કોઈ સ્થિતિ ઘટી ગઈ, રસ ઘટી ગયો, ઉદય મંદ પડી ગયો તો આત્માએ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ કરી એમ છે નહિ.

મુમુક્ષુ :- આ આદિ-મધ્ય-અંતમાંથી કાઢ્યું?

ઉત્તર :- આદિ-મધ્ય-અંતમાંથી કાઢ્યું. સમજાણું કાંઈ? છે કે નહિ? એમાં તો ઘણું ભર્યું છે. આ તો ટીકા મહા અધ્યાત્મ ટીકા છે. અમૃતચંદ્રાચાર્ય મહારાજ મહામુનિ, દિગંબર (સંત) થયા. સમજાણું કાંઈ? લોકોને દર્શનશુદ્ધિ શું છે અને સમ્યગ્દર્શનથી વિરૂદ્ધ મિથ્યાદર્શન શું છે એની કિંમત જ નથી. બહારની કિંમત કરી, અહિંસા કરી, દયા પાળી, આમ કર્યું ને વ્રત કર્યા. અરે..! હવે એ તો ધૂળમાં છે. એની કિંમત છે જ નહિ. કોઈ વ્રતાદિનો રાગ મંદ થાય અને પુણ્ય થાય એમાં કોઈ ધર્મ-બર્મ છે નહિ. સમજાણું કાંઈ?

ધર્મ, પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા, એની અંતર શ્રદ્ધા, અનુભવ કરીને કરે છે તો કહે છે કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયમાં જે નિઃસંસાર અવસ્થા છે એની આદિમાં આત્મા છે, મધ્યમાં આત્મા છે. કર્મ એની આદિમાં છે એમ છે નહિ. એ કાઢી નાખ્યું ભાઈ! પર કર્તા એ તો કાઢી નાખ્યું. હવે આ આત્મા એનો કર્તા નથી એ લેવું છે અહીંયાં તો. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિઃસંસાર અવસ્થાને વિષે આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને સસંસાર અથવા**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**નિઃસંસાર એવા પોતાને કરતો થકો, પોતાને એકને જ કરતો...**' જુઓ! '**પોતાને એકને જ...**' પોતાને એકને જ. શું એકને જ? બે નહિ. મિથ્યાદર્શન, રાગ-દ્વેષમાં પણ '**એકને જ કરતો પ્રતિભાસો...**' આત્મા. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધર્મપર્યાયમાં પણ આત્મા એકને જ કર્તા પ્રતિભાસો. બીજા બે કર્તા છે એમ છે નહિ. આહાહા..! ઓલા કહે ને બે કારણે (કાર્ય થાય). એ તો બીજું કારણ તો આરોપિત કારણ છે, વાસ્તવિક કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનો વિષય શું છે એ અનંત કાળમાં કેમ ન થયું એની એને ખબર જ નથી. અહીં તો કહે છે કે ભગવાન આત્મા વિકારપણે કરો તો એકને જ કરતો પ્રતિભાસો. એમાં એમ આવી ગયું કે બીજો (કરતા પ્રતિભાસો) નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત નહિ એમ આવી ગયું.

ઉત્તર :- એ તો ત્યાં આવી ગયું. હવે અહીંયાં લેવું છે. સમજાણું કાંઈ? સરાફજી! બરાબર છે? આ નક્કી કરવું પડશે. કર્મથી થાય છે... કર્મથી થાય છે. નહિ. આ ભગવાન ના પાડે છે. નથી. ના પાડે છે. નથી એટલે ના પાડે છે.

પોતાના પર્યાયનો કર્તા એક જ છે. બીજો કોઈ કર્તા નથી. વિકાર કરતો પોતે પ્રતિભાસો અને ધર્મની પર્યાયમાં પણ પોતે કરતો પ્રતિભાસો. બીજો છે તો ધર્મ થાય છે, બીજો છે તો વિકાર થાય છે એમ ન પ્રતિભાસો. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! શબ્દ શું છે? '**પોતાને એકને જ કરતો...**' '**પોતાને એકને જ કરતો પ્રતિભાસો...**' કેટલી સ્પષ્ટતા છે! ભગવાન આત્મા અનાદિથી, નિગોદથી. નિગોદમાં પણ વિકારનો કર્તા જીવ છે એમ પ્રતિભાસો. પણ કર્મ એના વિકારમાં આદિમાં છે, નિગોદના જીવમાં પણ વિકારની આદિમાં- શરૂઆતમાં કર્મ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એ શબ્દ .... ટીકા છે આ તો મોટી. અમૃતચંદ્રાચાર્ય અધ્યાત્મ.

ભાઈ! તારે તત્ત્વની બરાબર સમજણ કરવી જોઈએ. જેવું છે એવું વ્યવસ્થિત જ્ઞાન ન હોય તો સ્વરૂપની રુચિ કદી થશે નહિ. અને સ્વરૂપની રુચિના અનુભવ વિના, આત્માના અનુભવ વિના કદી ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? કહે છે, ભગવાન આત્મા સંસારની વિકાર દશા કરો તોપણ એકને કર્તા પ્રતિભાસો. બીજાને નહિ. અને ધર્મની પર્યાયમાં પણ આત્મા પોતાનો સ્વતંત્ર કર્તા શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન, શાંતિ આત્માની નિર્વિકારી વીતરાગી પર્યાય, એમાં આત્મા એક જ કર્તા પ્રતિભાસો. બીજી ચીજ એમાં મદદગાર હતી તો મારી પર્યાય ધર્મરૂપ થઈ એમ પ્રતિભાસો નહિ. આહાહા..! ભાઈ! આ તો એટલું બધું સમાડી દીધું છે, જુઓ! બેય સમાડેલું છે. આમથી આમ સમાડ્યું છે અને આમથી આમ સમાડ્યું છે. પંડિતજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- આદિ-મધ્યમાં...

ઉત્તર :- આદિ-મધ્યમાં પર નહિ અને પછી આ આત્મા. કર્મની સ્થિતિમાં આ આત્મા કર્તા નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! છે કે નહિ? જુઓ! શબ્દે શબ્દ જુઓ. ભાઈ! શાંતિથી સમજો.

અહીં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે પોતાની વિકારી દશા, પોતે કરતો થકો, '**પોતાને એકને જ કરતો પ્રતિભાસો...**' પોતાને કરતો. એવો શબ્દ તો લીધો પણ '**પોતાને એકને જ કરતો...**' બે વાત લીધી, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તની ના પાડી.

ઉત્તર :- નિમિત્ત કાંઈ કરતું નથી.

મુમુક્ષુ :- કોઈનું કાંઈ ન કરે.

ઉત્તર :- પછી, બીજો પછી. પછી એ તો. હજી તો અહીં સુધી લેવું છે પહેલા. સમજાણું કાંઈ?

આત્મામાં અંતર શાંતિ, ધર્મ, સમ્યગ્દર્શન-જ્ઞાન કરે છે આત્મા, પોતાના સ્વભાવના આશ્રયથી આદિ-મધ્ય-અંતમાં પોતાથી મોક્ષમાર્ગ થાય છે. ધર્મની દશા... ધર્મ એ પર્યાય છે. ધર્મ કોઈ ત્રિકાળી ગુણ નથી. ધર્મ એક વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના આશ્રયે ઉત્પન્ન થનારી અરાગી, વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય સમ્યગ્દર્શનની આદિમાં આત્મા છે. દર્શનમોહ મંદ થયો અને અનુદય થયો તો સમ્યગ્દર્શન થયું એમ ભગવાન ના પાડે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અહીંયાં આત્માના આશ્રયે અંદર ચારિત્ર-શાંતિ પ્રગટ કરી તો ચારિત્રની શાંતિની આદિમાં આત્મા છે. અહીંયાં તો વળી બીજી વાત કરે છે વિશેષ.

ફરીને લ્યો, ફરીને. બીજી થોડી વાત આવી. જે વિકાર થાય છે એની આદિમાં આત્મા (છે), પૂર્વની પર્યાય પણ નહિ. સાંભળો! શું કહ્યું? કે એક સમયમાં જીવ જે વિકારની દશા કરે એની આદિમાં આત્મા છે. આદિમાં આત્મા કહ્યો. વિકાર પૂર્વે હતો તો વર્તમાન વિકાર થયો એમ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? શેઠિયા! માલચંદજી! ભગવાન આત્મા સીધો વર્તમાન વિકાર જેટલો કરે એના વિકારની દશામાં આદિ આત્માથી વિકાર શરૂ થયો છે. એ કર્મથી તો નહિ પણ પૂર્વે વિકાર હતો માટે અત્યારે વિકાર થયો એમ પણ નથી. સમજાણું કાંઈ? ભાઈ! સૂક્ષ્મ વાત છે આ તો. સમયસાર એટલે ભગવાનની વાણી અને ભગવાન બતાવવાની ચીજ. આહાહા..!

મુમુક્ષુ :- .. કારણ નથી?

ઉત્તર :- કારણ-ફારણ અહીં છે જ નહિ. અહીં તો એ વાત કરે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં તો બીજી વાત કહે છે. અહીં તો એ વાત સિદ્ધ કરે છે. વિકારી પર્યાયને કરનારો સ્વતંત્ર આત્મા છે. કર્મથી વિકાર થાય એમ નથી. એ સિદ્ધ કરે છે, ભાઈ! આહાહા..! કેમ કે કર્મ તો અજીવની પર્યાય છે. અજીવની પર્યાયથી જીવની વિકારી પર્યાય થઈ એ તો છે જ નહિ. આહાહા..! ભારે ગડબડ. કર્મની તો એવી ગડબડી છે અત્યારે. (સંવત) ૧૯૭૧થી સાંભળીએ છીએ. ૫૦-૫૧ વર્ષ થયા. સમજ્યા? ૭૧થી અંદરથી આવ્યું હતું. વિકાર પોતાથી થાય છે, કર્મ તો નિમિત્તમાત્ર છે. એક દોકડો કર્મનો નહિ, કીધું. ૭૧ની સાલ, હોં! ૫૧ વર્ષ થયા. લાઠીમાં ચોમાસું હતું ને, લાઠી? ભગવતી જોતા હતા. ભગવતી સૂત્ર છે ને શ્વેતાંબરનું. મોટું છે. ૧૬ હજાર શ્લોક છે. સવા લાખની સંસ્કૃત ટીકા છે. ૭૧ની સાલમાં જોતા હતા. વાંચતા જ અંદરથી આવ્યું, વિકાર પોતાથી થાય છે, કર્મ નિમિત્તમાત્ર છે. કર્મથી વિકાર થતો નથી. અને વિકારનો નાશ કરનાર આત્મા સ્વતંત્ર છે. કર્મની અપેક્ષા છે તો નાશ થાય એમ છે નહિ. એવી વાત આવી. સમજાણું કાંઈ? એય..! શેઠી! આહાહા..! કેટલું સમાડ્યું! આ તો ભાઈ વળી પૂર્વની પર્યાય નાખી. આહાહા..!

ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! પૂર્વની પર્યાયમાં વિકાર હતો તો વર્તમાન પર્યાયમાં વિકાર થયો ને? ના. એમ છે જ નહિ. કેમ કે પૂર્વની વિકાર પર્યાયનો અભાવ થઈ ગયો, વ્યય થયો અને નવી પર્યાય ઉત્પન્ન થઈ. તો નવી પર્યાયના ઉત્પાદમાં પૂર્વની વિકારની અવસ્થા કારણ છે એમ છે જ નહિ. તો કર્મ નિમિત્ત છે, કર્મની આદિ છે એમ છે જ નહિ. આહાહા..! એ તો એમ જ છે ને. સમજાણું કાંઈ?

‘**એકને જ કરતો...**’ એકને કરતો. બીજી વાત. પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ પોતાની દૃષ્ટિમાં લીધો, અનુભવમાં લીધો, સમ્યગ્દર્શનમાં આત્માને લીધો. તો કહે છે કે સમ્યગ્દર્શનમાં પણ આત્મા એકને જ કર્તા પ્રતિભાસો. બીજી કર્મની ચીજ મંદ થઈ તો એનો કર્તા પ્રતિભાસો નહિ. અને સમ્યગ્દર્શનની પર્યાયમાં, સમ્યગ્દર્શનની પર્યાય પછી લ્યો ભાઈ. સમ્યગ્દર્શન અને ચારિત્ર આદિ પર્યાય થઈ તો એની આદિમાં આત્મા જ છે, કર્મ નથી.

હવે બીજી વાત. કે જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયની આદિમાં આત્મા છે, પ્રગટ થઈ. બીજે સમયે જે ચારિત્રની શુદ્ધતા પ્રગટે છે એની આદિમાં આત્મા છે. પૂર્વે શુદ્ધતા હતી તો આ શુદ્ધતા આવી એમ વસ્તુમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? સોભાગભાઈ! અમે તો એને સોભાગભાઈ કહીએ છીએને. સોભાગભાઈ કહીએ છીએ. સોભાગચંદ ત્યાં તમારે ચાલતું હશે. આહાહા..! અરે..! ભગવાન! તારી .. ખરો. આમ વર્તમાન સંબંધ છે, બસ. વર્તમાન વિકારની સાથે. દ્રવ્ય ને પર્યાય.. દ્રવ્ય ને પર્યાય. બસ, ખલાસ. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે ભાઈ! પૂર્વે સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, સમ્યગ્જ્ઞાન થયું. તો એની આદિમાં આત્મા છે. પછી આત્મામાં ચારિત્ર પ્રગટે છે. તો કહે છે કે એ ચારિત્ર પ્રગટ જે આત્માના આશ્રયે થયું, તો એ ચારિત્રની પર્યાયમાં કર્મનો અભાવ કારણ ખરું? નહિ. ચારિત્રની આદિમાં આત્મા છે તો ચારિત્ર પ્રગટ્યું છે. ચારિત્ર થયું તો પૂર્વે સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય હતી તો એ ચારિત્ર પર્યાય થઈ એમ છે નહિ.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં આવે છે, જ્ઞાન-દર્શન ચારિત્ર..

ઉત્તર :- એ કારણ છે. એ તો ખ્યાલમાં છે. આવ્યું હતું ને? બંધમાર્ગમાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન કારણ વિના ચારિત્ર થતું નથી. બંધ અધિકારમાં આવે છે, સમયસારમાં. એ તો નિમિત્તની વાત કરે છે. ત્યાં તો ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન વિના થતું નથી એમ બતાવવું છે. અહીં તો જ્યારે આત્માના આનંદની ચારિત્ર દશા પ્રગટે છે, તો દશાના આનંદમાં પૂર્વે જે નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય હતી તો આનંદ દશા પ્રગટ થઈ એમ છે નહિ. આનંદદશા પ્રગટવામાં ભગવાન આત્મા જ સીધું કારણ છે. કેમ? કે એનો આશ્રય લેવો છે. પૂર્વની પર્યાયનો આશ્રય લેવાનો નથી. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યનો આશ્રય.

ઉત્તર :- વસ્તુનો આશ્રય લેવાનો છે, ભાઈ! પૂર્વની પર્યાયનો આશ્રય નહિ, ધર્મીની વૃદ્ધિમાં, શુદ્ધિમાં પૂર્વની પર્યાયનો આશ્રય નહિ, નિમિત્તનો આશ્રય નહિ. ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એનો અંતર આશ્રય કરીને જે ચારિત્ર પર્યાય થઈ, તો ચારિત્ર પહેલા એને સમ્યગ્દર્શન-જ્ઞાન હતું, પણ સમ્યગ્દર્શન-જ્ઞાન હતું તો ચારિત્ર પર્યાય થઈ એમ નથી. ચારિત્ર પર્યાય દ્રવ્યના આશ્રયે થઈ છે. દ્રવ્ય આત્મા આદિ છે, મધ્ય છે, અંતમાં છે. એ કારણે ચારિત્ર પર્યાય પ્રગટી. ચારિત્રના આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. ચારિત્રના આદિ-મધ્ય-અંતમાં કર્મ છે અને પૂર્વ પર્યાય છે એમ છે નહિ. આહાહા..! ભારે ઝીણું!

મુમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- ક્યાં આવ્યું? આ વાત છે, ભાઈ! અહીં તો શું છે? આહાહા..!

ભાઈ! તારી પર્યાય સ્વતંત્ર છે એમ કહે છે. કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. તો કર્તાની વ્યાખ્યા સ્વતંત્રપણે છે. પરની અપેક્ષા રાખીને કરે એ કર્તા નથી. એ નિમિત્તનું કથન વ્યવહારનું છે. ભગવાન આત્મા પોતાના ચૈતન્યને ભૂલે વર્તમાનમાં એની આદિ-અંતમાં આ. પૂર્વનો વિકાર બહુ જોરદાર હતો તો પછીની (પર્યાયમાં વિકારને) જોરદાર થવું પડ્યું એમ છે નહિ.

બીજી વાત. આત્માના આશ્રયે મોક્ષમાર્ગની પર્યાય ઉત્પન્ન થઈ, શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચારિત્ર મોક્ષમાર્ગ. તો કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય છે તો કેવળજ્ઞાન પ્રગટ્યું એમ છે નહિ. કેવળજ્ઞાનની આદિમાં આત્મા છે. નિશ્ચય મોક્ષમાર્ગ છે તો કેવળજ્ઞાન થયું એમ છે નહિ. એમ કહે છે. કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાયનો તો વ્યય થાય છે. અને કેવળજ્ઞાનનો ઉત્પાદ થાય છે. તો ઉત્પાદની આદિમાં આત્મા છે, ઉત્પાદની આદિમાં પૂર્વની પર્યાય અને કર્મનો ક્ષયોપશમ આદિ છે નહિ. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! કેટલું (ભર્યું છે) એક ગાથામાં! એક ગાથામાં કેટલું ભર્યું છે! ટીકામાં સંક્ષેપમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. વાંચવું નહિ, વિચારવું નહિ, મંથન નહિ. ઘરના ચોપડા જોવામાં નવરાશ. નવરાશને શું કહે છે? ફુરસદ. આ શું છે, સંત સમાગમે સાંભળવું નહિ, વિચારવું નહિ, મંથન કરવું નહિ. માનવું પોતાની કલ્પનાથી. (એ તો) અનાદિથી ચાલ્યું આવે છે.

કહે છે કે, ભગવાન આત્મા સંસાર વિકારદશા હો કે અવિકારી દશા હોય, અપૂર્ણ અવિકારી દશા હો કે પૂર્ણ અવિકારી દશા આત્મામાં હો, એની આદિ-મધ્ય-અંતમાં તો આત્મા છે. આહાહા..! જેની ખાણમાંથી એ નિર્મળ પર્યાય આવે છે. પૂર્વની પર્યાયમાંથી એ પર્યાય નથી આવતી. આહાહા..!

મુમુક્ષુ :- ... દ્રવ્ય છે.

ઉત્તર :- દ્રવ્ય છે. અરે..! એને દ્રવ્ય શું અને પર્યાય શું અને ગુણ શું એ નામેય (સાંભળ્યા ન હોય). (પછી પૂછે) પર્યાય એટલે શું? પણ પર્યાય એટલે આ વિકારી દશા એ પર્યાય, આ મોક્ષમાર્ગની દશા એ પર્યાય, આ સિદ્ધદશા એ પર્યાય. લે. સિદ્ધ પણ પર્યાય છે આત્માની, એ કાંઈ ગુણ-દ્રવ્ય નથી. ગુણ-દ્રવ્ય તો ત્રિકાળ છે.

મુમુક્ષુ :- એ બધું ક્યાં જાણે...

ઉત્તર :- થયું તો ન જાણે. નવરો નથી થાતો. એમ ને એમ રખડે છે. પછી માથે જે કહેનાર મળે હા.. હા.. હા.. જાવ. કહેનારને ભાન નહિ અને ઓલાને ભાન નહિ. જાવ. આહાહા..!

ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ દેવાધિદેવ, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા, એની વાણીમાં તો આ આવ્યું છે. એની વાણીમાં (આ આવ્યું) તો વાણી આગમ છે, ભગવાન દેવ છે અને ગુરુ પણ એમ જ કહે છે. જેમ કહે છે એમ માને નહિ તો ત્રણેને માનતો નથી. સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે, ગુરુ કહે છે ભગવાને કહ્યું એ, અને આ કહે છે એ શાસ્ત્ર છે. તો ત્રણેમાં એક વાત આવી કે વિકારની પર્યાયની આદિમાં મિથ્યાત્વ હો, અજ્ઞાન હો, રાગ હો, દ્વેષ હો, અવ્રતના ભાવ હો, આસક્તિનો ભાવ હો, એની આદિમાં શરૂઆત આત્માથી વિકાર થાય છે. પૂર્વની પર્યાયથી નહિ, કર્મથી નહિ. એવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સર્વજ્ઞ કહે છે, ગુરુ એમ કહે છે, આગમ કહે છે. તો એનાથી વિપરીત માને કે નહિ, કર્મથી થાય છે અને પૂર્વના વિકારથી થાય છે. તો ત્રણેને માનતો નથી. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન સમજ્યા જરી? કે આત્મામાં શુદ્ધ દ્રવ્યના આશ્રયે,... આત્મા ભગવાન, એના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ્યો, પણ પછી કેવળજ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે આત્માના આશ્રયે થાય છે. પૂર્વની પર્યાયના આશ્રયે કેવળજ્ઞાન નથી થતું. કેમ કે પૂર્વની પર્યાયનો તો વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? અને પ્રગટ થાય છે એ દ્રવ્યના આશ્રયે થાય છે. કેવળજ્ઞાનની આદિમાં આત્મા છે. આ ભાઈ રાડું પાડે છે ને ઓલા? તમે એમ કહો કે કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય તો (કેવળજ્ઞાન થાય). ભગવાને એમ કહ્યું છે. મોહ ક્ષયાત્. એમ (કેવળજ્ઞાનાવરણીય) ક્ષયાત્ કેવળજ્ઞાન (થાય). તમે તો એમ કહો છો. એ એમ કહે છે. સોનગઢવાળા કહે છે, કે કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય છે. પણ એમેય નથી કહેતા. સાંભળને હવે. એ તો અપેક્ષિત વાત છે. કેવળજ્ઞાનાવરણીય ક્ષય પોતાને કારણે થાય છે. અહીંયાં કેવળજ્ઞાન થયું તો ત્યાં ક્ષય થયો એમ છે નહિ. ઈ તો અહીં કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પછી આવશે.

'**પોતાને અનુભવતો થકો, પોતાને એકને જ...**' એકને જ. '**કરતો પ્રતિભાસો પરંતુ અન્યને અનુભવતો...**' એટલે? કર્મના નિમિત્તને જીવ કરે છે, કર્મમાં સંક્રમણ સ્થિતિ ઘટાડે છે, એમ કરતો પ્રતિભાસો નહિ. બેય બાજુ ભાઈ લઈ લીધું. આહાહા..! એય..! ભાઈ! હિંમતભાઈ! આદિ-મધ્ય-અંતમાં એનો નિષેધ કર્યો અને આમાં કર્યો કે એ પોતાની પર્યાયને કરે પણ પરને કરે નહિ. બેય બાજુ સ્વતંત્ર બતાવ્યું. સમજાણું કાંઈ? બહુ શ્લોક ઊંચો. જુઓ! '**પરંતુ અન્યને...**' એટલે પોતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિને વિપરીત કરી. આત્મા પોતાના વિકારને કરે, તો કર્મ પણ કરે, કર્મની અવસ્થા પણ પલટાવી દે એમ છે નહિ. બીજું. પોતાના મોક્ષમાર્ગની પર્યાયને કરે તો કર્મનો અભાવ પણ સાથે કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? કર્તાની વ્યાખ્યા થઈ ગઈ. હવે ભોક્તાની. જરી ભોક્તાની સાંભળો હવે.

'**અને વળી તેવી રીતે આ જ જીવ,...**' તેવી રીતે આ જ જીવ. સાંભળો હવે જરી બીજી વાત શું આવે છે. '**ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' સમજાણું કાંઈ? આત્મા ભાવક અને કર્મનો ઉદય ભોગવનારી ચીજ, એનો અભાવ છે. શું કહે છે? આત્મા ભાવક-ભોગવનાર અને કર્મનો ઉદય ભોગવવા યોગ્ય એવા '**ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**'

મુમુક્ષુ :- .... એમ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એમ નથી. પણ હજી સિદ્ધ કરે છે. અહીં એમ ન લેવું. ભાવ્ય એ કર્મનો ઉદય, ભોગ્યરૂપ અને ભાવક આત્મા. એમ લેવું. આત્મા ભોગને યોગ્ય અને કર્મનો ઉદય ભોગવવા લાયક છે એમ નથી.

'**વળી તેવી રીતે આ જ જીવ, ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું...**' એટલે કર્મના ઉદયનું, કર્મનો ઉદય એ પરભાવ, એના '**પર વડે...**' એટલે આત્મા વડે '**અનુભવાવું અશક્ય હોવાથી,...**' કર્મનો ઉદય આત્માથી અનુભવ કરવો અશક્ય છે. કર્મનો ઉદય આત્મા ભોગવી શકે એવી અશક્યતા છે. લોકો કહે છે ને કે ભાઈ! કર્મ કરે આત્મા અને કર્મ ભોગવે આત્મા. ખોટી વાત છે એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! શું કહે છે? જુઓ. પોતાના બાંધેલા કર્મ પોતે ભોગવે. પણ કર્મ તેં બાંધ્યા જ નથી, તેં તો વિકારી ભાવ બાંધ્યા છે. અને કર્મ તારે ભોગવવાના નથી. તારે તો વિકારી ભાવ તારે ભોગવવાનો છે. જડની પર્યાયને ભોગવવું આત્મામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું...**' પરભાવનો અર્થ કર્મના ઉદયનું, કર્મના ક્ષયોપશમનું, ક્ષાયિકનું અને જડની અવસ્થાનું પર દ્વારા નામ આત્મા દ્વારા.. સામાન્ય સૂત્ર લ્યો તો પર દ્વારા પર નહિ. પણ અહીંયાં પરભાવનું પર દ્વારા '**અનુભવાવું અશક્ય હોવાથી,...**' કર્મનો ઉદય પર છે-પરભાવ. એનાથી પર આત્મા છે. એ આત્માથી પરનો અનુભવ કરવો અશક્ય છે. જડની પર્યાયનો આત્મા અનુભવ કરે એમ ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

જેમ.. બહારનું દૃષ્ટાંત લ્યો. આ લાડવા ખાય છે ને? રોટલી, દાળ, ભાત. એ તો નોકર્મ છે. નોકર્મ છે ને પર? તો કહે છે કે આત્મા ભોગવનાર અને એ ચીજ ભોગવવા યોગ્ય એમ છે નહિ. એ તો જડ છે. જડ ભોગવવા લાયક ક્યાંથી થયું? ભોગ્ય તો એ સમયનો રાગ થાય એ રાગ પોતાનો ભોગ્ય થયો અને ભોગવનાર આત્મા. પણ લાડવા ભોગવવા યોગ્ય થયા અને આત્મા ભોગવનાર, એમ ત્રણ કાળમાં છે નહિ. અહીં તો કર્મની વાત છે, હોં! આ તો તમને ઓલું સહેલું પડે માટે જરી (લીધું). લાડવા ખાય છે ને દાળ, રોટલી.. ઓહોહો..! ભોગવ્યું, ખુબ ભોગવ્યું આ તો.

મુમુક્ષુ :- અંદર આનંદ થઈ ગયો.

ઉત્તર :- આનંદ શેનો આવ્યો? ધૂળનો? સાંભળ તો ખરો. સ્ત્રીને ભોગવવી, એ ત્રણ કાળમાં આત્મા ભોગવી શકતો નથી એમ કહે છે. ફક્ત એ સમયમાં પોતાના વિકારી પરિણામ કરીને પોતાના ભાવકથી ભાવ્ય વિકારને ભોગવે છે. પર ચીજને આત્મા ભોગવતો નથી. આહાહા..! દૃષ્ટિ સંયોગ ઉપર છે તો એને હું ભોગવું છું. ધૂળમાં ભોગવે છે? એ તો પર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચીજ છે. સમજાણું કાંઈ? મોસંબી. તરસ લાગે ને બહુ? એ મોસંબીની પર્યાય ભોગવવા લાયક અને આત્મા ભોગવનાર એમ ત્રણ કાળમાં નથી. એ જડ ચીજ છે. એને આત્મા ક્યાંથી ભોગવે? એના અસ્તિત્વમાં હોય તે ભોગવે, પોતાના અસ્તિત્વમાં એ છે જ નહિ.

મુમુક્ષુ :- તે મૂર્તિક છે.

ઉત્તર :- મૂર્તિક છે અને એ પોતાના અસ્તિત્વમાં નથી. એનું અસ્તિત્વ પર છે. પરના અસ્તિત્વમાં પોતાનું અસ્તિત્વ જતું જ નથી. ગયા વિના ભોગવવું ક્યાંથી થાય? આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો બીજી વાત કહેવી છે હોં! મેં તો નોકર્મનું દૃષ્ટાંત આપ્યું. અહીં તો કર્મની વાત છે. ભાઈ! આવે છે કે નહિ? વિપાકો અનુભવઃ. લ્યો, તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. દસલક્ષણી ધર્મમાં આવે છે ને? કર્મનો વિપાક આવે તો આત્માને ભોગવવું પડે. એ તો નિમિત્તનું કથન છે. એય..! શેઠી! આરે... આ!

મુમુક્ષુ :- શાસ્ત્રના અર્થો ફરી જાય છે.

ઉત્તર :- ફરી જાય છે ત્યારે અર્થ સાચો આવે છે. આહાહા..!

કહે છે કે, '**આ જ જીવ ભાવ્યભાવકભાવના અભાવને લીધે...**' પર ચીજ કર્મ એ ભોગવવા લાયક અને આત્મા ભોગવનાર. એવો ભાવ. ભાવ્યભાવકભાવ. ત્રણ શબ્દો પડ્યા છે. તો ભાવ્યના કર્મનો ઉદય એ ભોગવવા લાયક, આત્મા ભાવક, એવો ભાવ એનો અભાવ. ચાર શબ્દ છે. '**ભાવ્યભાવકભાવના અભાવ...**' ચાર શબ્દ પડ્યા છે. આત્મામાં કર્મ જે ભાવ્ય ભોગવનારી ચીજ, આત્મા ભાવક એવો જે ભાવ, એનો અભાવ. ભાઈ! આહાહા..! સમજાણું કે નહિ?

અહીં પ્રાથમિક શ્રોતાની વાત છે આ. પ્રાથમિક સત્ય સમજવું એ એની વાત છે. સાત તત્ત્વો સમજવા પડશે કે નહિ? સાત તત્ત્વમાં આસ્રવતત્ત્વ છે એ ભિન્ન છે, જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. તો આસ્રવતત્ત્વને આત્મા ભોગવી શકે એ વાત અહીં કરી, અજ્ઞાનદશામાં. પણ કર્મનો ઉદય ભોગવે એવું આત્મામાં ત્રણ કાળમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાન દશામાં પુણ્ય-પાપના વિકલ્પ, રાગ એનો કર્તા અને ભોક્તા થાય. પણ કર્મનો કર્તા આત્મા અને કર્મનો ભોક્તા આત્મા તો અજ્ઞાન દશામાં પણ નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

'**ભાવ્યભાવકભાવના અભાવને લીધે પરભાવનું...**' કર્મના ઉદયનું, ક્ષયોપશમનું, ક્ષાયિકનું '**પર વડે...**' નામ જીવ દ્વારા '**અનુભવાવું અશક્ય હોવાથી,...**' સમજાણું કાંઈ? '**સસંસાર...**' જુઓ! સંસારમાં હોય કે સંસાર રહિત (હો), '**પોતાને એકને, પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો**' એમાં આદિ-મધ્ય-અંતમાં લઈ લેવું. સમજાણું કાંઈ? ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા સંસારમાં હોય વિકારદશામાં, તો એ વિકારનો અનુભવ કરે છે એની આદિ મધ્ય અંતમાં આત્મા છે. કર્મનો ઉદય છે તો અહીં વિકાર ભોગવવો પડ્યો એમ છે નહિ. અને પોતાના વિકારને ભોગવે છે એની આદિ-અંતમાં આત્મા છે. તો કર્મનું ભોગવવું પણ એમાં છે, એમ છે નહિ. શાસ્ત્ર શું કહે છે એની ખબર નથી અને શ્રદ્ધા કરવી પોતાની કલ્પનાથી. સ્વતંત્ર છે. અનાદિથી એમ જ કર્યું છે એણે. પોતાને ઠગ્યો છે. પોતાને ઠગ્યો છે. ઠગવાવાળું બીજું કોઈ નથી. (પર મને) ઠગ્યો. ના. તું તારી પર્યાયને કારણે ઠગાયો છો તારાથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**પર વડે અનુભવાવું અશક્ય હોવાથી,...**' ઓહો..! કેવળીને પણ દિવ્યધ્વનિના કર્તા કહેવું અશક્ય છે અને દિવ્યધ્વનિને ભોગવવું કહેવું કે ભગવાન દિવ્યધ્વનિને ભોગવે છે. અથવા લોકાલોકને ભગવાન જાણે તો લોકાલોકને ભોગવે છે એમ છે જ નહિ. પોતાના આનંદને ભોગવે છે અને ભોગવનાર આત્મા છે. ભોગ્યયોગ્ય પોતાની દશા છે અને ભોગવનાર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભોગવવા યોગ્ય પોતાની દશા છે.

ઉત્તર :- દશા છે. આહાહા..! કર્મની દશા ભોગવવાયોગ્ય છે અને આત્મા ભોક્તા છે, ભગવાન કહે છે એમ કઈ રીતે બને? જેને આત્મા અડતો નથી. આત્મા કર્મને કદી અડતો જ નથી. એ તો પરદ્રવ્ય છે. જેને અડે નહિ એનો ભોક્તા ક્યાંથી થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણ કાળમાં ભોગવે નહિ. ધૂળમાં શું ભોગવે? એય..! સોભાગ્યભાઈ! લક્ષ્મીને આત્મા ભોગવે છે કે નહિ? એ તો લાડુના દૃષ્ટાંતમાં કહ્યું. લક્ષ્મી મળી તો ભોગવે. માલચંદજી! લ્યો, દાંત કાઢે છે માલચંદજી. એને ભોગવે છે કે નહિ? લક્ષ્મી આવે છે એની પાસે. એના પિતા શું કહી ગયા? બેટા! જાવ સુખી થાઓ. ખાઓ-પીવો. શેઠિયા! શું થયું કહે છે. અરેરે..! ભગવાન! ભાઈ! પ્રભુ! તારી સત્યતા તો એ છે કે તારી પર્યાયમાં તું હરખ-શોકનો ભાવ કર, એ હરખ-શોકને ભોગવ. બીજી ચીજથી ભોગવો એમ નહિ અને બીજી ચીજને ભોગવે છે એમ નહિ. સમજાણું કાંઈ? માણસ એમ કહે છે. પૈસા ઘણાં મળ્યા તો એક અઢી લાખનો રસોઈનો ખર્ચ હતો. રસોડાનો ખર્ચ. એમ કહેતા હતા. અને ભાઈ મળ્યું હોય તો ભગવાને દીધું હોય તો ભોગવે ને. ધૂળને શું ભોગવે? કોને ભોગવે?

મુમુક્ષુ :- .. મોટરમાં બેઠા.

ઉત્તર :- મોટરમાં બેસે તો શું? એ તો પોતાના અસ્તિત્વમાં છે આત્મા. મોટરના અસ્તિત્વમાં આત્મા છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- દેખાય છે.

ઉત્તર :- શું દેખાય છે? દેખવામાં તો ભિન્ન આવે છે. આ આત્મા આત્મામાં છે, શરીર શરીરમાં છે, મોટર મોટરમાં છે. અનેક દ્રવ્ય દેખાય છે કે નહિ? તો અનેક અનેક અનેકપણે રહીને એકમાં પોતામાં રહે છે. પરમાં રહે છે એમ ક્યાં દેખાય છે? આહાહા..! દ્દષ્ટ-બૃષ્ટનું ભાન ન મળે એને. સમજાણું કાંઈ? મોટર ભિન્ન, શરીર ભિન્ન, આત્મા ભિન્ન. તો અનેક થયા. અનેકમાં એક એક પોતામાં રહ્યા. અનેક ક્યારે રહ્યા? કે એક એકમાં રહ્યા તો અનેક થયા. જો મોટરમાં બેસી ગયો હોય તો બેય એક થઈ ગયા. અનેક એક થઈ ગયા. કહો, જ્ઞાનચંદજી! આહાહા..!

કહે છે કે વિષયવાસનાના કાળમાં પણ આત્મા વિષયવાસનાને ભોગવનાર, વિષયવાસના ભોગવવા યોગ્ય, આત્મા ભોક્તા. અજ્ઞાનદશામાં. પણ વિષયવાસનાના કાળમાં શરીર ઈન્દ્રિય, માંસ, હાડકા, ચામડાને આત્મા ભોગવે છે એમ ત્રણ કાળમાં નથી.

મુમુક્ષુ :- પોતે સ્વચ્છંદે ભોગવે.

ઉત્તર :- લે, સ્વચ્છંદી કોણ? ભોગવતો નથી ત્યાં સ્વચ્છંદી ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ભોગ્યયોગ્ય પોતાની વિકારી દશા અજ્ઞાનમાં. પણ ભોગવવા યોગ્ય શરીર અને ઈન્દ્રિય અને લાડુ અને દાળ-ભાત અને પૈસા ત્રણ કાળમાં નથી, એમ ભગવાન કહે છે. દરેક દ્રવ્ય ભિન્ન છે. આહાહા..! કાંઈ ખબર નહિ, સમજણ નહિ.

મુમુક્ષુ :- વાસ્તવિક તત્ત્વ.

ઉત્તર :- વાસ્તવિક તત્ત્વ આવું છે. તો એમ છે એની શ્રદ્ધા કરવી પડશે, એનું જ્ઞાન કરવું પડશે. એ વિના ધર્મ થશે નહિ. આહાહા..!

કહે છે કે '**સસંસાર અથવા નિઃસંસારરૂપ પોતાને અનુભવતો થકો,...**' બે વાર લીધું. '**પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો...**' પોતાના મોક્ષમાર્ગમાં પણ સમ્યગ્દર્શન-આનંદનો જે અનુભવ છે, પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મનો જે અનુભવ છે, એ અનુભવની આદિમાં આત્મા, મધ્યમમાં આત્મા, અંતમાં આત્મા છે. એ મોક્ષમાર્ગની પર્યાય ભાવ્ય નામ ભોગવવા લાયક છે, આત્મા ભોક્તા છે. પણ એ ભોગવવાની દશામાં, અનુભવની દશાની આદિમાં કર્મ હતું, આમ મંદ પડ્યું માટે ભોગવવું થયું એમ છે નહિ. અને પોતાનો આનંદ ભોગવવાના કાળમાં પોતાનું ભોગ્ય જેમ પર્યાય થઈ, એમ કર્મના ઉદયનું પણ ભોગવવું થયું અથવા એના (-જડ કર્મના)અભાવરૂપ ભાવને ભોગવવું થયું એમ છે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આ ભેદજ્ઞાન. આ તો જેવી છે એવી વસ્તુ છે. આવું સમ્યગ્જ્ઞાન કર્યા વિના સ્વભાવ તરફ રુચિ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? અને સ્વભાવની રુચિ વિના સમ્યગ્દર્શન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થતું નથી. સમ્યગ્દર્શન વિના એના વ્રત ને તપ બધા એકડા વિનાના મીંડા છે. કોરા કાગળમાં લાખ, કરોડ મીંડા લખી નાખે પણ એકડો લખે નહિ. કેટલી કિંમત? શૂન્ય છે.

મુમુક્ષુ :- એમ કહે છે, પહેલા મીંડા મેળવી લ્યો, પછી એકડો મૂકી દેશું.

ઉત્તર :- મૂક્યા. ધૂળ. ઈ એકડો જ નથી, મીંડું છે. આહાહા..! તત્ત્વની શ્રદ્ધાને સુધાર્યા વિના શાંતિનું સુધરવું કદી થતું નથી. શાંતિ કહો કે ચારિત્ર કહો. સમજાણું કાંઈ? બહુ પણ એક ગાથામાં... ક્યાં ગયા વજુભાઈ? વજુભાઈ કહેતા હતા ને એક ગાથામાં બહુ મૂકી દીધું. અરસપરસ બેય વાત મૂકી છે.

ભાઈ! ભગવાન! એ ભૂલની આદિમાં પણ તું અને ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિરૂપી ધર્મ પ્રગટ કર્યો એની આદિમાં પણ તું જ છો. પર કોઈ ચીજ એની શરૂઆત થઈ તો અહીંયાં થયું, એમ છે નહિ.

મુમુક્ષુ :- કર્મ ગળવા લાગ્યા તો...

ઉત્તર :- કર્મ ગળવા લાગ્યા અને મંદ પડ્યા તો અહીંયાં ધર્મબુદ્ધિ સુઝી એવી વાત છે જ નહિ, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ છે આ તો, બાપુ!

મુમુક્ષુ :- લબ્ધિ..

ઉત્તર :- એ લબ્ધિ-ફબ્ધિથી નથી થયું. સીધું પોતાના આત્માના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પાંચ લબ્ધિથી થયું એમ કહેવું એ પણ વ્યવહારની વાત છે. રાત્રે કહ્યું હતું. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન પાંચ લબ્ધિથી થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પૂર્વની પર્યાયથી. થાય. પૂર્વની પર્યાય તો વ્યય થાય છે. સમ્યગ્દર્શનની પર્યાય તો દ્રવ્યની અંદર દૃષ્ટિ, ભૂતાર્થના આશ્રયે સમકિતદૃષ્ટિ થાય છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ૧૧મી ગાથા. સમયસાર. ભગવાન ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદનો નાથ એનો દૃષ્ટિમાં જ્યાં આશ્રય લીધો તો સમ્યગ્દર્શન થાય છે. પૂર્વની પર્યાયથી થાય એ વ્યવહાર છે. વાસ્તવિકતા નથી. એવી વાત છે. આહાહા..! ગોમ્મટસારમાં એમ કહે કે પાંચ લબ્ધિથી થાય છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વાત તો બહુ આવે છે. આમ સંક્રમણ હોય, આમ થાય અને આમ થાય. શું કહેવાય? શંબુક ને બંબુક ને... એય..! પંડિતજી! અમને બધા નામ નથી આવડતા. શંબુક કહે છે ને? ફેરફાર કરવાને. એ તો થાય, એને કારણે થાય. એમાં શું? પણ પોતાને કારણે એમાં થાય અને એને કારણે અહીં થાય એવું વસ્તુની સ્થિતિમાં નથી. સમજાણું કાંઈ? હથિયાર માર્યા, હોં! ઝેર દીધું ઝેર. નારકીમાં પરમાધામી આપે છે.. માર.. માર.. તો કહે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે એ પરપદાર્થને ભોગવે છે? ના. પોતાની એ સમયમાં શોકની અવસ્થાને, શોકની અવસ્થાને, દુઃખની દશા ઉત્પન્ન કરીને એને ભોગવે છે. પરચીજને ભોગવતો નથી. કર્મને ભોગવતો નથી પછી વળી નોકર્મ એ તો સંયોગી ચીજ થઈ. કર્મને આત્મા ભોગવતો નથી. આત્મા પોતાની વિકારી પર્યાય અને અવિકારી પર્યાયને (ભોગવે). ધર્મ કાળમાં અવિકારીને ભોગવે છે અને અધર્મકાળમાં વિકારીને ભોગવે છે. કર્મનો ભોક્તા આત્મા નથી, ત્યાં નોકર્મને (કઈ રીતે ભોગવે?). છાંટે,. સમજ્યાને? તેજાબ છાંટે નારકીને. તેજાબ છાંટે, શુળીએ પરોવે. કહે છે, ભગવાન કહે છે કે ભાઈ! એ તો પરદ્રવ્ય છે ને? તો પરદ્રવ્યને આત્મા ભોગવે એમ વસ્તુમાં નથી. અમે જોયું નથી, અમે કહેતા નથી, વસ્તુમાં નથી. આહાહા..! ભગવાન કહે છે કે અમે એવું જોયું નથી, અમે એમ કહ્યું નથી, વસ્તુમાં એમ છે નહિ. કહો, માલચંદજી! આ પૈસાવાળા પૈસાને ભોગવે છે કે નહિ આ? મહેલ, મકાન બનાવે, દસ-દસ લાખના મકાન બનાવે, લ્યો. સમજ્યા?

મુમુક્ષુ :- ભોગવી શકતો જ નથી ને...

ઉત્તર :- ભોગવી શકતો નથી. ના પાડે એટલે કાંઈ ભોગવવું મટી જાય, એમ કહે છે. પણ ભોગવી શકતો જ નથી. એ સમયના દુઃખનો, વિકારનો, શોકનો અથવા રાગનો ભોક્તા થાય છે. આહાહા..!

શાસ્ત્રમાં એમ આવે, હોં! નારકીને તેજાબ છાંટે. બહુ દુઃખ (ભોગવે). એ તો સંયોગની વ્યાખ્યા છે. સંયોગનું દુઃખ છે જ નહિ. સમજાણું કાંઈ? એ તો સંયોગની વ્યાખ્યા છે શાસ્ત્રમાં કે સંયોગ શું છે? એનું ક્ષેત્ર કેટલું દુઃખમય છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એમ નાખે કોણ? એ વળી કેટલાક કહે છે. લ્યો! આત્મા પરને ભોગવતો નથી. નાખો તેજાબમાં સોનગઢવાળાને. વળી એમ કેટલાક કહે છે. અરે..! ભગવાન! શું કહે છે તું? ભાઈ! શું કરે? બાપા! તને ખબર નથી, ભાઈ! તું તારા આત્મામાં ન્યાયની અશાતના કરે છે, બાપુ! સમજાય છે? તો ભગવાનની આજ્ઞા અને વસ્તુની સ્થિતિ અને શાસ્ત્રની આજ્ઞા, એની તું મર્યાદા તોડી નાખે છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! આત્મા અને શરીર જુદા છે. એક જણો કહે, મારો સોયો જઈને. સોયો નહિ સોયો? લોઢાનો. અરે..! ભગવાન! એવી તને કલ્પના કેમ થઈ? એવી કલ્પના કેમ થઈ કે એને મારો? વ્યાખ્યાન આપો છો ને કે શરીરથી આત્મા ભિન્ન છે. તો મારો સુયો. પણ પ્રભુ! એ સુયો અને શરીર, સુયો શરીરને અડ્યો જ નથી, તને ખબર નથી. કારણ કે એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યને કદી અડતી જ નથી. સમજાણું કાંઈ? એ ત્રીજી ગાથામાં છે. ત્રીજી ગાથા છે ને, ત્રીજી ગાથા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ત્રીજી-ત્રીજી. ત્રીજી ગાથા છે. હિન્દીમાં ૧૧મું પાનું છે.

'**અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.**' વચ્ચે છે. ત્રીજી ગાથાની ટીકા. બતાવોને એય..! એનો અર્થ-અર્થ. વચમાં છે. પાંચ-છ લીટી. '**સર્વ પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ...**' છે શબ્દ? '**સર્વ પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન...**' પાંચ-છ લીટીની વચ્ચે છે. '**તે સર્વ પદાર્થો...**' અનંતા જેટલા છે એ. '**પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને (સમૂહને) ચુંબે છે-...**' છે? '**સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.**' એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતુ નથી, અડતું નથી, આલિંગન કરતું નથી, અડતું નથી, સ્પર્શતું નથી. આહાહા..!

પ્રત્યેક પદાર્થ પોતાના ગુણધર્મને સ્પર્શે છે પોતાની સત્તામાં. પણ પરસ્પર એક દ્રવ્ય એક રજકણ રજકણને અડે, આત્મા રજકણને સ્પર્શે, આત્મા આત્માને સ્પર્શે એમ કદી બનતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! કહે છે કે '**અનુભવતો...**' '**પોતાને એકને જ અનુભવતો પ્રતિભાસો...**' એ મને અનુભવ કરાવે એમ નહિ. '**પરંતુ અન્યને અનુભવતો ન પ્રતિભાસો.**' અને અન્યનો હું અનુભવ કરું છું એવો પ્રતિભાસ ન થાઓ. અન્ય તને અનુભવ કરાવે છે એમ ન જુઓ અને અન્યને હું અનુભવું છું એમ ન પ્રતિભાસો. એમ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૨, મંગળવાર તા. ૨૫-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૩, પ્રવચન-૧૬૮**

કર્તાકર્મ અધિકાર. ૮૩ ગાથા. ટીકા થઈ ગઈ. ભાવાર્થ. આ કર્તાકર્મ અધિકારમાં ઝીણો અધિકાર તો પહેલો આવી ગયો. આ તો ફક્ત સામાન્ય અનાદિથી આત્મા પોતાના વિકાર ભાવને કરે અને વિકારને ભોગવે. એ વાત અહીંયાં સિદ્ધ કરવી છે. પહેલા તો એમ આવી ગયું કે વિકાર ભાવનો આત્મા કર્તા પણ નથી અને વિકાર ભાવનો ભોક્તા પણ નથી. સમજાણું કાંઈ? એ સ્વભાવદૃષ્ટિ (થતાં), જ્યાં ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એવા આનંદસ્વરૂપનું ભાન થતાં, વસ્તુના સ્વભાવનું પરિણમન શુદ્ધ છે તે તેનું કર્મ અને કાર્ય છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ અનાકુળ આનંદનું સત્ત્વ, એવા જે તત્ત્વનું ભાન (થયું), એમાં તો આત્મા પુણ્ય-પાપના પરિણામ, એનો પણ કર્તા નથી અને હરખ-શોકનો તે ભોક્તા નથી. સમજાય છે કાંઈ? એ વાત તો ૭૯ સુધી આવી ગઈ. ૭૫થી ૭૯માં.

અહીંયાં તો સામાન્ય આત્મા, આ ગાથામાં તો અનાદિઅનંત વિકાર અને અવિકાર, કરવું અને ભોગવવું એ આત્માનું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? '**આત્માને પરદ્રવ્ય-પુદ્ગલકર્મના નિમિત્તથી સસંસાર-નિઃસંસાર અવસ્થા છે.**' નૈમિત્તિક પોતાની અવસ્થા છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ વિકારી દશા, એક સમયની વિકૃત અવસ્થા, પાંચેય થઈને એક સમયની વિકૃત અવસ્થા, એ અવસ્થા જીવની પર્યાયમાં છે અને જીવ એનો કર્તા છે, આત્મા એનો કર્તા છે. નિમિત્ત ભલે હો. વિકારમાં નિમિત્ત અને અવિકારમાં એ નિમિત્તનો અભાવ. પણ કર્તા (નથી)... અને એને ભોગવતો નથી. એટલું આમાં આવ્યું.

હવે એ પ્રશ્ન કાલ હતો ને એક? પુદ્ગલમાં ભોગગુણ છે કે નહિ? પુદ્ગલ પોતાને ભોગવે કે નહિ? એ આમાં નહોતું, ભાઈ! હવે આવશે ૮૪માં. એ વધારે નાખ્યું. સમજાણું કાંઈ? આત્મા પોતાની સત્તામાં એટલે પોતાની અસ્તિત્વની દશામાં વિકાર કે અવિકાર, બંધભાવ કે અબંધભાવ, એને કરે અને બંધભાવને ભોગવે કે અબંધભાવને ભોગવે, પણ કર્મના બંધનને એ કરે કે કર્મબંધનના ફળને ભોગવે આત્મા (એમ નથી). શાસ્ત્રમાં તો એમ આવે વિપાક અનુભવ, કર્મનો વિપાક. અનુભાગ કર્મનો છે ને અનુભાગ? કર્મનો અનુભાગ. પણ એ ભોગવે કોણ? જડ ભોગવે? માલચંદજી! શું કહેવું? મૂંઝાઈ જાય છે બહુ. આમાં આવ્યું કે આત્મા ન ભોગવે એ તો આવ્યું. હવે તો એ ભોગવે, કર્મ કર્મની પર્યાય ભોગવે એ આવશે અહીંયાં તો. આહાહા..! સમજાણું કાંઈ? કહો, માલચંદજી! કેમ મૂંઝાઈ ગયા તો પછી જવાબ દેવામાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બચાવ કરે છે તમારો, હોં! કર્મમાં અનુભાગ છે કે નહિ? કર્મફળમાં. પ્રકૃતિ સ્વભાવ છે, પ્રદેશ પરમાણુની સંખ્યા છે, સ્થિતિ મુદ્દત છે, અનુભાગ છે. અને ખરેખર તો એ જ વિશેષ અનુભાગ એ જ ભોગવવાને લાયક. તો એ અનુભાગ કોને? ફળ તો કો'કને આપતો હશે કે નહિ? પોતે પોતાને ફળ આપે? શેઠ! શેઠી! એ ના પાડી કે એ અનુભાગનું ફળ આત્માને છે નહિ. જડના અનુભાગનું ફળ નથી. સમજાણું કાંઈ? એ તો પોતાના ભાવના વિકારને પોતે કરે અને એને અનુભવે. જડની પર્યાયને તો અડતો પણ નથી, સ્પર્શતો નથી, ભોગવે શું? સમજાણું કાંઈ?

હવે અહીં એ કહે છે કે કર્મ કર્મને ભોગવે અને કર્મ કર્મને કરે. એ ૮૪માં કહે છે, જુઓ! અજ્ઞાનથી અજ્ઞાની માને ભલે. ૮૪.

**ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि णेयविहं।**
**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।**

આમ તો પાઠ તો આટલો છે. પણ 'અમૃતચંદ્રાચાર્યે' એમાંથી વિશેષ સ્પષ્ટ કર્યું છે.

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

'**ટીકા :-જેમ,...**' જુઓ! આ ગાથામાં એ વાંધા છે. કુંભાર જો વ્યાપ્યવ્યાપકથી માટીના પાણીને ભોગવે છે અને માટીને કરે છે. એ અહીંયાં કહેશે કે એ માને છે તે મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? '**જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે...**' માટી વ્યાપક થઈને વ્યાપ્યરૂપી ઘડાની અવસ્થાને કરે છે. માટી, હોં! ધૂળ.

મુમુક્ષુ :- જડ હોય એને શું ખબર પડી જાય?

ઉત્તર :- ખબરનું શું કામ છે? ખબરવાળા હોય તો તત્ત્વ કહેવાય? ખબર વિનાના તત્ત્વ ઝાઝા છે. ચૈતન્યથી તો પરમાણુ અનંતગુણા છે. શેઠી!

જુઓ! અંદરમાં માટી પોતે આમ અંદરમાં વ્યાપીને, વ્યાપક થઈને ઘડાની અવસ્થાને, માટી ઘડાને કરે છે. એ યથાર્થ છે. '**અને ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે...**' ભાષા જુઓ. લ્યો, આ જડનું ભોગવવું આવ્યું જડમાં. સમજાણું કાંઈ? અહીંયાં તો દરેક પદાર્થમાં એક ભોગ્ય નામનો ગુણ છે. છ દ્રવ્યમાં દરેકમાં. તો દરેક દ્રવ્ય કર્તા પણ છે અને દરેક દ્રવ્ય પોતાની પર્યાયનો ભોક્તા છે. સમજાણું? એવું તત્ત્વાર્થ રાજવાર્તિકમાં જીવ અભવ્ય ને અભવ્ય પરિણામિકભાવની વ્યાખ્યામાં છ શબ્દની વ્યાખ્યામાં બધી ટીકા લાંબી લીધી છે. જડમાં પણ ભોગ નામનો ગુણ છે. આત્મા જે અંતરાય કર્મના ક્ષયોપશમને ઉદયમાં ભોગવે એ જુદી ચીજ. અને એ ભોગ નામનો ગુણ તો પારિણામિકભાવે છે, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું કહ્યું સમજાણું આમાં?

અંતરાયમાં જે દાન, લાભ, ભોગ અને ઉપભોગ છે એ તો ભોગવવાનો ભાવ પોતાના વિકારનો એ તો એમાં ઉદયભાવ છે અને આમ અનુભાગ ભોગવે તો ક્ષયોપશમ, ક્ષાયિકભાવનો ભોગ છે. એમાં તો અપેક્ષા કર્મની આવી એટલે એ પારિણામિકભાવે નથી. પણ એક ભોગ નામનો ગુણ શાસ્ત્રમાં પારિણામિકભાવે છએ દ્રવ્યમાં ગણ્યો છે.

પંચાસ્તિકાયમાં જે આવ્યું છે ૬૮ ગાથામાં એ જુદું. આત્મા ચૈતન્ય છે માટે ચૈતન્યનું કર્મ ચૈતન્ય ભોગવે. પણ કર્મ એને ભોગવે એ તો આવું એને ભોગવે નહિ. હરખ-શોકને એને ભોગવે નહિ. સમજાણું? ૬૮ ગાથામાં પંચાસ્તિકાયમાં કર્મમાં ભોક્તા નથી એમ કહ્યું છે ત્યાં. અહીં કહે છે કર્મમાં ભોક્તા છે, કર્મ ભોગવે એમ કહે છે. આરે... આ હવે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મની પર્યાયને ભોગવે.

ઉત્તર :- એની પર્યાય દરેકની પર્યાય પોતે જ કરે અને પોતે જ ભોગવે. છએ દ્રવ્યમાં એવો ગુણ છે. ત્યાં તો ચૈતન્યે કરેલા રાગ-દ્વેષ અને હરખ-શોક એના પરિણામને એ કર્મ કેમ ભોગવે? એ ચૈતન્યની જાતની ભાતને એ ભોગવે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**ભાવ્યભાવકભાવથી માટી...**' થવા લાયક જે છે એ ભાવક છે અને ઘડો ભાવ્ય. એ '**માટી જ ઘડાને ભોગવે છે...**' આ તે વાત કાંઈ જગતમાં! સોભાગભાઈ! આ ધૂળ ઘડાને ભોગવે. ગાંડા જ કહે કે નહિ? એની પર્યાય એ ભોગવે. આહાહા..! કહો, સમજાણું આમાં? આવ્યું આ જુઓ પાઠમાં. ક્યાં ગયા ચૈતન્યજી? જુઓ! અહીં આવ્યું. આમાં નથી. ૮૩માં નથી. ૮૩માં તો ફક્ત પરનો કર્તા-ભોક્તા નથી. એટલું સિદ્ધ કર્યું છે. અહીં આ આવ્યું હવે અહીંયાં. સમજાણું કાંઈ?

માટી ઘડામાં પ્રસરીને, વ્યાપક થઈને, કર્તા થઈને પર્યાયરૂપના કાળને માટીને ઘડો કાર્ય છે તેને માટી પહોંચી વળે છે. તેથી માટી કર્તા છે. અને ભાવ્યભાવકથી માટી જ ઘડાને ભોગવે છે. આરે આ તે કાંઈ (વાત)! એ રોટલો રોટલાને ભોગવે છે એમ કહે છે. હવે દાખલો આવ્યો. એય..! શેઠી! આ તો દાખલો હોં! અમારે કહે છે ને દલાલ કે દાખલો આવે ત્યારે જરી આકરું પડે છે. રોટલી રોટલીને ભોગવે છે. આટો રોટલીની પર્યાય... આટો વ્યાપક થઈને રોટલીની પર્યાયને કરે છે. એમ આટો જ રોટલીની પર્યાયને ભોગવે છે, આત્મા નહિ. કેમ કે જેમાં વ્યાપ્યવ્યાપકપણું પ્રસરીને થાય તેનો કર્તા અને ભોક્તા હોય એ. આખો દિ' આ કહે છે ને લાડવા ખાય, દાળ-ભાત ખાય, શાક-મોસંબી, નાગરવેલના પાન પાણીની તૃષા લાગે તો. શું કરે છે? ભાઈ! એ ચીજ તો પર છે. તને એ અડી નથી અને એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તને અડી નથી. તને એ અડી નથી અને તું એને અડ્યો નથી. અડી નથી સમજો છો? છૂતા હી નહીં. આહાહા..!

ભાઈ! તારી મર્યાદાની સત્તામાં અથવા તારી હોવાપણાની મર્યાદામાં, દરેક દ્રવ્યના હોવાપણાની મર્યાદામાં એનું કરવા અને ભોગવવાપણું હોય. જે પરદ્રવ્યમાં જેનું સંક્રમણ જ નથી, જેમાં પલટો ખાઈને અડતું નથી, સ્પર્શતું નથી એને એક દ્રવ્ય, બીજા દ્રવ્યને ભોગવે એ તો ના પાડી માથે. કહ્યું ને? '**પરભાવનું પર વડે અનુભવાવું અશક્ય હોવાથી...**' ત્યાં જીવ પરને ન ભોગવે એમ કહ્યું હતું.

અહીં તો માટીનો દાખલો આપીને કહે છે કે, માટી ઘડાને ભોગવે. આરે..! જગતથી ઊંધાઈ છે ને આ તો. પણ એક દ્રવ્ય પોતાની પર્યાયને કરે અને પોતાની પર્યાયને ભોગવે. '**તોપણ,...**' આમ હોવા છતાં. તોપણ અંદરમાં વ્યાપ્યવ્યાપક, માટી પોતે જ ઘડાને કરે અને પોતે જ ઘડાને ભોગવે એમ હોવા છતાં પણ '**બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાને સંભવને અનુકૂળ...**' લ્યો સમજાણું? ઘડાની ઉત્પત્તિને અનુકૂળ '**એવા (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ પોતાના) વ્યાપારને કરતો...**' સમજાણું કાંઈ? બાહ્ય વ્યાપ્યવ્યાપક, હોં. એટલે એની સાથે વ્યાપ્ય થયો નથી, પલટ્યો નથી, એમાં ગયો નથી. આમ બહાર રહ્યો છે. બાહ્ય. એમ કહે છે. બહારમાં વ્યાપ્ય અને વ્યાપકભાવથી ઘડાને સંભવ ઉત્પત્તિને અનુકૂળ, ઈચ્છા અને હસ્તાદિકની ક્રિયાના વ્યાપારને કરે.

'**અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ તેનાથી ઊપજેલી તૃપ્તિને (પોતાના તૃપ્તિભાવને) ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-ભોગવતો એવો કુંભાર ઘડાને કરે છે...**' પણ અડતો નથી ને કહે છે. વ્યાપ્યવ્યાપક જ બહાર છે ને, એમ કહે છે. અને ભાવ્યભાવક જ બહાર છે ને. આહાહા..! સમજાણું કાંઈ? એ પાણીનો ઉપયોગ, તેનાથી ઉપજેલી તૃપ્તિ, એવા ભાવ્યભાવકભાવ વડે ભાવક જાણે કુંભાર અને ઘડાનું પાણી જાણે ભોગવવાને લાયક એમ બાહ્ય. બાહ્ય હોં! '**એવો લોકોનો...**' જુઓ ભાષા જુઓ! '**અનાદિથી રૂઢ વ્યવહાર છે;...**' મૂઢ જીવનો. એમ કહે છે. પાછો આ દાખલો આવે તો કહે, જુઓ! આમાં વ્યવહાર કહ્યો. પણ એ વ્યવહાર મૂઢ જીવનો છે એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ ગ્રંથ સાથે મેળ ખાધો.

ઉત્તર :- કર્મ ગ્રંથ સાથે એમાં જ મેળ ખાધો. એ કહે છે કે કર્મ ગ્રંથ સાથે શી રીતે આમાં મેળ ખાધો? એમ પૂછે છે. ઈ અંદરથી પૂછે છે. કર્મ ગ્રંથ સાથે મેળ ખાધો એમાં. ત્યાં નિમિત્તથી કથન કર્યું હતું. કર્મને જીવ કરે અને ભોગવે એ નિમિત્તથી હતું. એને અજ્ઞાની માની લે છે બાહ્ય વ્યાપ્યવ્યાપકવાળો હું એને કરું અને ભોગવું. મૂઢ છો એમ કહે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? આરે..! આ ભારે, લ્યો. એ આવ્યું હતું એક ઠેકાણે લખાણ. જુઓ! કુંભાર બાહ્ય વ્યાપ્યવ્યાપકથી ઘડાને કરે. પણ કરે તે શું? બાહ્ય વ્યાપક તું સમજ તો ખરો. એ તો પોતાના વ્યાપ્યવ્યાપકભાવને કરે છે. એ ઓલાથી બાહ્ય રહીને આને કરવું છે એમ માને છે એ તો મૂઢ જીવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ જ દાખલો આપીને સિદ્ધ કરે છે. જુઓ! વ્યવહારે પણ કુંભાર ભોગવી શકે છે. અહીં તો કહે છે કે કરી શકતો નથી, પરને ભોગવી શકતો નથી. કેમ કે એમનું ભાવ્યભાવકપણું બાહ્ય અને વ્યાપ્યવ્યાપકપણું ઘડાની અને માટીની પર્યાયથી બાહ્ય આમ અડ્યા વિના બહાર રહેલો છે.

મુમુક્ષુ :- .. જુદા હૈ.

ઉત્તર :- જુદા હૈ. અહીં બાહ્યમાં તો શબ્દ મૂક્યો. આવું છે છતાં બહારમાં... એમ શબ્દ છે. આહાહા...! સમજાય છે કાંઈ?

ઠંડુ પાણી આમ પ્યાલો કાચનો, આમ ઠંડુ (હોય). સમજાય છે? અને એમાં નાખી પાછી મોસંબી અને એમાં આઈસ્ક્રીમ થોડો નાખે. કહો, વજુભાઈ! કોણ પીવે? પાણી પાણી પીતું હશે? એવું છે, બાપુ! આ તો. એ વીતરાગનો માર્ગ ભાઈ! અનંત દ્રવ્ય અનંત દ્રવ્યપણે રહી, પોતાને કરે અને ભોગવે. બાપુ! આમ વસ્તુનું સ્વરૂપ છે, ભાઈ! સમજાય છે? એ મશ્કરી કરવા જેવું નથી. ઓલા મશ્કરી કરે. ઓલા મશ્કરી કરે. વાહ! પાણી પાણીને ભોગવે. આહાહા..! સોનગઢિયા નિકળ્યા છે ને. સોનગઢિયા નથી નિકળ્યા, સાંભળ તો ખરો, ભગવાન! આહાહા..! આ વાત અહીંની છે? આ જુઓ આ ક્યારની છે આ જુઓને. અનાદિની વાત છે. કેમ કે દ્રવ્ય અનાદિથી પોતાના સ્વચતુષ્ટયમાં બિરાજમાન છે. પરચતુષ્ટયમાં એનું અડવું કે સ્પર્શવું ત્રણ કાળ ત્રણ લોકમાં થતું નથી. તેથી તો બહાર શબ્દ વાપર્યો છે.

અંદરમાં દરેક દ્રવ્ય પોતાની વર્તમાન પર્યાયનો વ્યાપક થઈને વ્યાપ્ય અવસ્થાને કરે. અને ભાવક થઈને, તે અવસ્થા ભાવક થઈને તે દ્રવ્ય તે તેની અવસ્થાને ભોગવે. ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય જડ કે ચૈતન્ય, સિદ્ધ કે નિગોદ, પરમાણુ કે સ્કંધ. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? ભાઈ આવે છે. ઓલામાં નથી આવતું? તત્ત્વાર્થસૂત્રમાં. શેઠ ઉપકાર કરે. ગુરુ ઉપકાર કરે શિષ્યનો, શિષ્ય ઉપકાર કરે ગુરુનો. આવે છે કે નહિ? ઘણા ઉપકાર લખ્યા છે, લ્યો. ઉપગ્રહો ઉપગ્રહો ઉપકાર-ઉપકાર. એ તો ભાઈ! ઉપકારનો અર્થ કાર્ય કાળે નિમિત્ત કોણ હતું તેને ઉપકાર તરીકે કહ્યું છે, પ્રભુ! વસ્તુ એમ છે. જો કંઈક એમ કરે કે આને આ કરે છે એમ (માનીશ) તો ગોટો વળી જાશે. દ્રવ્ય નહિ રહે પોતાની સત્તાની મર્યાદામાં. એની મર્યાદામાં બીજાની મર્યાદા નાખી (તો) સત્તા નહિ રહે. તારી દૃષ્ટિમાં, હોં! વસ્તુ તો વસ્તુ રહેશે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સરાફજી! કેમ છે? આ શું કહે છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવું? આવું ભગવાન... ભારે આકરું!

કહે છે, **'માટી જ ઘડાને ભોગવે છે...'** કોઈ દિ' સાંભળ્યું છે આટલું? આટલા વર્ષમાં માટી ઘડાને ભોગવે ઈ? ઘડાનું પાણી... અહીં કુંભાર લીધો છે ભલે. પણ કુંભાર છે એ એમ માને કે હું આનું .. એ બધો કુંભાર જ છે એમ કહે છે. કુંભાર નામ મૂઢ છો. કુંભ કુંભને કરે તે કુંભાર. કર્તા માને અને એનો ભોક્તા. એની પર્યાય... બાપુ! ઠંડા પાણી, સારા પાણી, સારી માટલી શું કરવા ગોતે છે ઉનાળામાં? સારો દરજી ગોતે, સારા કપડાં, સારા ઓલા, વળી કપડામાં પણ શિયાળો હોય-જાડે કે દિન, તો પાછળ રૂની ગાદી નાખે નહિ? આલપાક. સોભાગભાઈ! ઓલા આલપાકનો કોટ હોય છે ને? આલપાક. તો ઠંડીના દિવસમાં પાછળ (નાખે).

મુમુક્ષુ :- આગળ પણ.

ઉત્તર :- આગળ નાખતા હશે. ત્યાં પણ નાખે. આ તો અમે કરાવી છે, હોં! સંસારમાં બધું કર્યું હતું ને. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે ૬૪. સંવત્ ૬૪. દેશમાં આવવું હતું તો આલપાકમાં પાછળ રૂ ભરાવે ને રૂ? ગાદી કરે એટલે પાછળ ઠંડી ન લાગે. મોઢા આગળ તો નહોતું કર્યું. મોઢા આગળ તો જાકિટ હતું. પહેલું ખમીસ હોય પછી એના ઉપર જાકીટ હોય અને એના ઉપર કોટ. એના માટે કાંઈક કરે છે તો ભોગવવા માટે કરે છે કે ભોગવ્યા વિના માટે કરે છે? ભાઈ! કોને ભોગવે? ભાઈ! એને એ વખતે રાગ આવ્યો. સમજાય છે? અને એ પહેરવાના કાળમાં એને હરખ આવ્યો કે આહા...! એ તો હરખને, પાપને, દુઃખને ભોગવે છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે... આહાહા..! એક એક ન્યાયમાં કેટલી વાત મૂકી છે! પાઠમાં તો આટલું (છે કે), વ્યવહારથી આત્મા પુદ્‌ગલ કર્મને કરે અને ભોગવે એ વ્યવહારી જીવનો મૂઢભાવ છે. એમ. પાછા આમાં શું કરે? જુઓ! વ્યવહારથી તો કરે છે કે નહિ? એમ કાઢે. પાઠ શું છે? **'ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि णेयविहं।'** નિશ્ચયથી ન કરે અને વ્યવહારથી કરે એમ બે વાત લ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ જ વાત માટે એ શું કરવા કહ્યું છે એનો અર્થ તો આ ટીકામાં ખુલાસો થાય છે. શેઠી! આ નાખે છે, લ્યો. **'ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि'** હમણાં આવ્યું હતું. સમજાય છે?

મુમુક્ષુ :- દ્રવ્યસંગ્રહમાં પણ આવે છે.

ઉત્તર :- આવે. વ્યવહાર ન આવે? વ્યવહારથી. વ્યવહારથી એટલે શું? કે એને કરવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતાના ભાવ કાળે સામી એક ચીજ હતી, તેનું નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ કહે છે કે એને કરે. કરે શું? ધૂળ કરે? એ તો ૮૫ ગાથામાં હમણા લેશે. એક દ્રવ્ય પોતાની પર્યાયને કરે અને પરની પર્યાયને (કરે), બે ક્રિયા કરે એક સમયે? ઓહોહો..! હજી તો ઉપાદાન અને નિમિત્તના મોટા વાંધા. પછી શુદ્ધ ઉપાદાન. હજી તો અહીં અશુદ્ધ ઉપાદાનની વાત ચાલે છે. અશુદ્ધ ઉપાદાન. વિકારને કરે અને વિકારને ભોગવે ઈ. એ તો અજ્ઞાન દશામાં છે. આહાહા..! સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાનની દશામાં વિકારનું કરવું-ભોગવવું એ આત્મામાં આવતું જ નથી. કારણ કે વિકાર અને વિકારનું ભોગવવું સ્વરૂપમાં નથી. એ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ ભગવાન આત્મા, પોતાનો જ્ઞાયક સ્વભાવ જ્યાં પકડ્યો, અનુભવ્યો એની દશામાં તો શાંતિના, આનંદના પર્યાયનો એ કર્તા (છે), શાંતિ અને આનંદનો ભાવ્યનો એ ભોક્તા (છે). વિકારી પરિણામ એનો એ જ્ઞાતા.

અરે..! અહીં કહે છે કે, જે વિકારી પરિણામ બંધને નિમિત્ત થાય છે એ દૃષ્ટિ પલટતા વિકારી પરિણામ, અહીંયાં જ્ઞાતા-દૃષ્ટાનું ભાન થતાં વિકારી પરિણામ સ્વપરપ્રકાશક જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આહાહા..! ફરીને. શેઠી! જ્યાં સુધી આત્મામાં વિકારના પરિણામ ઉપર દૃષ્ટિ છે અને વિકારના પરિણામ કર્તા અને ભોક્તા અશુદ્ધ નિશ્ચયથી તો એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો એ કર્તા-ભોક્તા પોતાના પરિણામનો છે. પણ જ્યાં શુદ્ધ ઉપાદાન ચૈતન્ય સ્વરૂપ (ઉપર દૃષ્ટિ ગઈ)... એ તો પર્યાયદૃષ્ટિના લક્ષમાં આ છે. વસ્તુની દૃષ્ટિ જ્યાં થઈ, ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ, તો આ પરિણામ જે છે એને નવા બંધમાં એ નિમિત્ત થયા-વિકારી પરિણામ. ધર્મીને. ધર્મીને ઘણો મંદ રાગ થાય છે. કારણ કે દૃષ્ટિ છે દ્રવ્ય ઉપર અને કષાયની ઘણી મંદતાનો વિકલ્પ છે. એ વિકલ્પ બંધમાં નિમિત્ત નથી. એ વિકલ્પ અહીંયાં સ્વપર જ્ઞાન થયું એમાં નિમિત્ત છે. આહાહા..! શેઠીયા! સમજાય છે આમાં?

જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને પકડ્યું નથી ત્યાં સુધી એના વિકારી પરિણામનો એ કર્તા અને એ ભોક્તા એવી દૃષ્ટિ જ્યાં પર્યાયની છે પણ એ સ્વતંત્ર કર્તા થાય છે અજ્ઞાનભાવે. ત્યારે તેને નવા કર્મ બંધાય તેમાં આ વિકારી પરિણામ નિમિત્ત (થાય). કર્મને બાંધે નહિ, ભોગવે નહિ. પણ જ્યારે દૃષ્ટિ આખી ચૈતન્ય અનંત ગુણનો સમાજ એવો પ્રભુ, એવો દ્રવ્ય સ્વભાવ જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને અનુભવ્યો, જાણ્યો, ત્યારે કંઈ પણ રાગના પરિણામ હરખના કે શોકના થોડા રહ્યા, એ અહીં સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન થવામાં એ નિમિત્ત છે. ઉપાદાન પોતાનો પર્યાય છે. એમાં એ નિમિત્ત આમ થાય છે. બંધને નિમિત્ત થાય એ જ્ઞાનીના પરિણામ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે આવું જે કથન છે અથવા ભાવ છે કે માટી પોતે જ પોતાના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પર્યાયથી વ્યાપક થઈ ઘડાને કરે અને ભગવાન આત્મા એ કરતો નથી એની અહીં વાત નહિ. અને માટી જ પોતે ઘડાની પર્યાયને ભોગવે. વાહ! જડ ભોગવે? ગાંડા છે ને. પાગલ થઈ ગયા છે. એમ કહે હોં! એય..! એમાં વળી મોટા અત્યારે ચાલે છે ને? શું કહેવાય આ બધું? .. છોકરાઓને આવ્યા છે ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... મોટા આ ઉપાડે, આ ઉપાડે. એને તો આમ જુવાની દેખાય તો આહાહા..! એને (એમ થાય) આ કર્યું ને થાતું નથી? કોણ કરે છે આ? કોણ કરે? પગ ઊંચો કરો. પછી એ બોલે ને કાંઈક? .. એવું કાંઈક બોલે ને અંદરથી. ફૂ થઈ જઈશ, એમ બોલે ને કાંઈક. આમ કરે ને વળી આમ કરે. આ અમે કર્યું. આરે.. પણ ધર્મ ભારે. કાલથી દેખીએ છીએ ને. ૧૪૦૦ છોકરા આવ્યા છે. ૧૪૦૦ આવ્યા છે. અમે દિશાએ જઈને આવીએ તો સામા મળે, દોડતા દોડતા. અરે..! ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ, ભાઈ!

એ ભ્રમમાં પડ્યો તેને કહે છે કે એ માટીના ઘડાને બાહ્ય વ્યાપકવ્યાપકવાળો કુંભાર, એમ માને કે હું એને કરું છું, એ અનાદિ રૂઢ મૂઢનો વ્યવહાર છે. અનાદિરૂઢ મૂઢનો વ્યવહાર છે. આહાહા..! એ આ બધા લઈ લ્યો, હોં! હથિયાર-ફથિયાર બધી એમાં. આહાહા..! કેમ બેસે? ચાલતો હોય, હાથમાં લાકડી હોય લ્યો. એની કોર મૂકે છે ત્યાં. કહે છે, પ્રભુ! સાંભળને ભાઈ! એ દ્રવ્ય છે ને? રજકણોનું અસ્તિત્વ છે કે નહિ? એ સત્તાવાળા હોવાવાળા પદાર્થ છે કે નહિ? હોવાવાળા પદાર્થનું કાંઈ વર્તમાન કાર્ય હોય કે કાર્ય ન હોય? એ હોવાવાળા પદાર્થનું એ કાર્ય આમ આમ ગતિ થવી એ પદાર્થનું કાર્ય છે, હોં! તારી ઈચ્છાનું અને તારા જ્ઞાનનું એ કાર્ય ત્રણ કાળમાં નથી. આહાહા..! અભિમાન છે ને પણ.

મુમુક્ષુ :- હાથ અડ્યા વિના લાકડી...

ઉત્તર :- હાથ અડ્યો જ નથી. વાત એ ખૂબી છે ને અહીં તો. કાલે બતાવ્યું નહોતું ત્રીજી ગાથામાં? દરેક દ્રવ્ય અનંતપણે અનંત પદાર્થ રહીને પ્રત્યેક દ્રવ્યમાં દ્રવ્યના ગુણો જે અનંત ધર્મ છે, તેને તે દ્રવ્ય ચુંબે છે, સ્પર્શે છે, આલિંગન કરે છે, અડે છે. પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી અડતું નથી. અડતું નથી, સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી, ચુંબન કરતું નથી. આહાહા..! આ તે વાત પણ. સમજાણું કાંઈ? લ્યો, નાનું બચ્ચું હોય, છોકરું હોય એનું ચુંબન લેતા નથી આમ? ના. અડતોય નથી. તારો હોઠ એને અડ્યો નથી અને હોઠને તું અડ્યો નથી. સાંભળને. ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળ્યું નહિ? વૈષ્ણવમાં હતા ને પહેલા તો. દાદા વૈષ્ણવ હતા, પિતાજી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! ભગવાન! આ તો વસ્તુ એવી છે. એ બની બનાવેલી કોઈની નથી. ચીજ જ એવી છે.

કહે છે... જુઓને! આ એક વધારે નાખતા કહે છે કે ઘડાને બાહ્ય વ્યાપકવાળો કુંભાર એને અડ્યા વિના એમ માને છે કે હું કરું છું. એને એના પાણીને ભોગવ્યા વિના એમ માને છે કે હું પાણીને ભોગવું છું. એ અનાદિ લોકોનો મૂઢ વ્યવહાર, રૂઢ વ્યવહાર છે. આહાહા...! એ તો હજી દૃષ્ટાંત છે હોં આ તો. આ તો દૃષ્ટાંત છે. આહાહા..!

'**તેવી રીતે,...**' એ તો દૃષ્ટાંત (કહ્યો). '**તેવી રીતે અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે...**' તે કાળે જીવના વિકારી પરિણામનું નિમિત્ત અને કર્મ થવાને લાયક પુદ્‌ગલો કર્મના રજકણની પર્યાયનો કાળ એનો પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્યનો છે. એ કાળે એ રજકણો તેના પ્રાપ્ય પર્યાયની જે અવસ્થાનો છે એને પહોંચી વળે, બદલે અને ઊપજે છે. એવા પુદ્‌ગલદ્રવ્ય '**વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે અને ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...**' આહાહા..! કર્મને કર્મ ભોગવે એમ કહે છે, સોભાગભાઈ! અરે..! આ વાત ભારે. ઓલા તો કહે અપ્પા કત્તા વિકત્તા સોહાણિય, દોહાણિય.. કર્મનો કર્તા આત્મા અને કર્મનો ભોક્તા, લ્યો. અનાથી મુનિમાં આવે છે. અપ્પા નહિ વેરણી.. આવે છે કે નહિ? માલચંદજી! તમે સાંભળ્યું હશે કે નહિ પહેલું સ્થાનકવાસીમાં? એ વીસમાં અધ્યયનમાં આવે છે ને. અનાથી મુનિ. અપ્પા નહિ વેરણી, અપ્પા કુળ સામળી. ઝાડ છે ને? .. સામળીનું ઝાડ એ આત્મા છે. આત્મા વૈતરણી નદી છે. આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે. બાંધ્યા એવા કરે, કરે ને કરે એવા ભોગવે. શાંતિભાઈ! આવે છે કે નહિ? વીસમું (અધ્યયન) અનાથિ મુનિનું. હું રે રાજા હું રે અનાથિ નિર્ગ્રંથ... આવે છે બોલ.

એક મુનિની વાત આવે છે. મુનિ ધ્યાનમાં બેઠા છે ને શાંત. ત્યાં રાજા નીકળ્યો. શ્રેણિક રાજા. હજારો રાણી છે. બહુ સુંદર રૂપાળુ શરીર. આમ જુએ છે, અરે..! મહારાજ! તમારો કોઈ નાથ નથી, હોં! કોઈ શરણ નથી તમારે. હું શરણ થાઉં. રૂપાળુ શરીર આમ. અનાથિ (મુનિનું) રૂપાળું સુંદર-સુંદર. તો રાજાને એમ મન થયું કે લાવને હું આનો ધણી થાઉં. હું ઘરે લઈ જાવ. બહુ રૂપાળું શરીર અને ધ્યાનમાં (બેઠા છે). સુંદર.. સુંદર. એ કાંઈ મુનિ થાય એટલે કાંઈ ભાગ્ય ચાલ્યા જાય? ભાગ્ય તો દેખાય કે આ અબજોપતિનો પુત્ર લાગે છે. સુંવાળું સુંદર (શરીર). ધ્યાનમાં (છે). રાજા આવે છે. હે મહારાજ! આંખ તો ઊંચી કરો, પ્રભુ! આ તમે એકલા? કાંઈ નહિ. આ બાવળની હેઠે...? બાવળ સમજ્યા? બબુલ-બબુલ. એકલા આ મેલા માથે મેલ, આ ઘામ-ઘામ. ઘામ સમજ્યા? પરસેવો. આવો ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મારા ગામમાં. હું રાજમાં હું તમારો નાથ થાઉં.

આંખ ઉઘાડીને કહે છે, હે રાજા! તું અનાથ છો, ભાઈ! આહાહા..! હે શ્રેણિક! શ્વેતાંબરમાં ... આ તો બધા વ્યાખ્યાનો કરેલા ને એમાં બધાય. હે રાજા! તું અનાથ છો. એય..! ન્યાલભાઈ! આ અમારે શેઠિયા રહ્યાને જુઓને બધા. એ અપાસરાના આગેવાન છે બધા. આ બધું સાંભળ્યું છે કે નહિ આ અનાથનું? હે રાજા! તું અનાથ છો. અરે..! પ્રભુ! મને તમે ઓળખ્યો નથી. હું કોણ છું? હું એકલ દોકલ નથી. ત્યારે? મારે ઘરે હજારો રાણીઓ, રાજ. રાજા! હું તને અનાથ કહું છું, હોં! એ મને ખબર છે. તારા લખ્ખણ નથી ખબર પડતી? આ તારા લૂગડા અને આ તારા છત્ર ને ચામર ને તારા તેજ આગળ અમને ખબર નથી પડતી કે તું રાજા છો? રાજન! તું અનાથ છો, હોં! હું અનાથ નથી. હું તો સનાથ છું. આહાહા..! મેં મારો નાથ આત્માનો અંતરથી ગોતી લીધેલો છે. હે રાજા! તું અનાથ છો, અનાથ છો, અશરણ છો. હાય..હાય..! ઘા વાગી ગયો છે અંદરથી. રાજા! આત્માના આનંદના શરણ વિના કોઈ શરણ છે નહિ. મરી જા તારા રાજા ને રાણીઓ અને રાજ. ધૂળમાં સ્મશાનમાં ભેગો થાઈશ ત્યાં એં...એં.. એં... પોકાર કરીશ. અનાથ છું.

મહારાજ! આપને મારી ઓળખાણ નથી. મને ખબર છે, બાપુ! તારું ટાલકું નથી કહેતું? તે શું છે પણ? એ તો ધૂળ છે બધા શરીર. તને શરણ ક્યાં છે એની ખબર નથી. ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનો આનંદનો કંદ છે એના શરણ વિના અમે તો રાજા ચક્રવર્તીને અનાથ ભિખારી કહીએ છીએ. મહારાજ! ત્યારે મને બોધ આપો. એમ કીધું હોં! એમાં એવું આવે છે. બોધ આપે છે પછી સમકિત પામે છે એવું આવે છે. આપણામાં ઓલા સર્પ આવે છે. સર્પ આવે છે ને? એમાં બોધ પામે છે એમ છે. પછી ક્ષાયિક સમકિત ભગવાન પાસે પામે છે. શ્રેણિક રાજા. અનાથ (છો). આહાહા..! કોઈ શરણ શરીર, વાણી, કર્મ, પુણ્ય અને પાપ, પ્રભુ! તને કોઈ શરણ નથી, હોં! તું માની બેઠો છો. અનાથ-અનાથ. હું સનાથ અને તું અનાથ. તું મને અનાથ કહે છે અને તું સનાથ તને કહે છો. હું તને અનાથ કહું છું અને હું સનાથ છું. છગનભાઈ! આહાહા..!

આ વૈરાગ્ય થઈ જાય છે ને. જંગલમાં બેઠા છે ને. આહાહા..! હેઠે ઉતરીને (કહે છે), મહારાજ! પ્રભુ! સત્ય વાત છે, સત્ય વાત છે. અમે અશરણ છીએ, નાથ! અમે સનાથ નથી, આપ સનાથ છો. મારી ભૂલ થઈ, પ્રભુ! હું આપને ક્ષમાવું છું. મારી ક્ષમા કરજો, મહારાજ! આપ સનાથને મેં અનાથ કહ્યા. હું અનાથને સનાથ મેં કહ્યું. પ્રભુ! ખમાવું છું. આપના ધ્યાનમાં કાંઈ વિઘન પડ્યું હોય. શ્રેણિક! રાજન! અમને તો આ જાતનો વિકલ્પ આવ્યો છે એ તને કહ્યું છે. અમને કાંઈ બીજી હરકત નથી. રાજા! મોટો શ્રેણિક રાજા.

મહા તીર્થંકર થવાના છે. ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. અત્યારે ભલે નરકમાં હો. સમજાય છે કાંઈ?

કહે છે.. આહાહા..! '**વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય કર્મને કરે છે...**' ભાઈ! તું નહિ હોં, નહિ. આહાહા..! '**અને ભાવ્યભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ કર્મને...**' દ્રવ્ય જ, ભાઈ! એમ ભાષા છે. આહાહા..! રાડ નાખે. ઓલામાં પણ એમ કહ્યું હતું. માટી જ ઘડાને ભોગવે, ભાઈ! તને ખબર નથી, બાપુ! તત્ત્વોના ભિન્નપણાના ભાન વિના ભિન્ન દ્રવ્યનું ભિન્ન દ્રવ્ય કર્તા-ભોક્તા માને, પ્રભુ! એ અનાદિનો મૂઢ જીવોનો વ્યવહાર છે. સમજાણું? આહાહા..!

જ્ઞાનીના વ્યવહાર એવા હોય છે, ભાઈ! એ ચૈતન્યને જાણતા કાંઈક નબળાઈને લઈને રાગ રહી ગયો, એને જ્ઞાનીનો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીનો આ વ્યવહાર. અમે કરીએ છીએ. કર્મને કરીએ છીએ ને. બાપુ! કર્મને તું નથી કરતો, ભાઈ! અને કર્મના ફળ તું ભોગવતો નથી. પ્રભુ! તારી પ્રભુતા પરમાં કરવાની ન હોય. બાપુ! તું પ્રભુ છો. તારા ચૈતન્યની પ્રભુતાનું શરણ તને છે.

આવે છે ને પંચાસ્તિકાયમાં નહિ? ૨૭મી ગાથા. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા કરવામાં આત્મા પ્રભુ છે. સમજાય છે? પ્રભુ છે એમ છે. પ્રભુ મૂળ પાઠમાં છે. પહેલો મૂળ પાઠ પ્રભુ છે. પંચાસ્તિકાય છે ને? સમજાણું કાંઈ? આ તો બધી થઈ ગઈ છે ને વ્યાખ્યા. ૨૭-૨૭. ક્યાં આવ્યું? જુઓ. '**जीवो त्ति हवदि चेदा उवओगविसेसिदो पहू**' પ્રભુ કર્તા-ભોક્તા પોતાના પરિણામનો. આહાહા..! '**उवओगविसेसिदो पहू**' પ્રભુ પ્રભુ છે. પોતે જ પ્રભુ છે. આસ્રવ, બંધના કરવામાં અને સંવર ને નિર્જરા ને મોક્ષની દશા કરવામાં આત્મા પ્રભુ છે. સમજાય છે? એવી તો ગાથા પંચાસ્તિકાય ૨૭મી છે. ત્યાં ઓલા કહે ના. એ પોતે જ .. નહિ. કર્મને લઈને વિકાર (થાય). કર્મ માર્ગ આપે ત્યારે થાય. ભગવાન! ભૂલી ગયો તું. એ આવે નિમિત્તના કથનો છે બધા. સમજાણું કાંઈ?

સત્ય નિશ્ચય છે તે સત્ય કથન છે. વ્યવહાર છે તે નિમિત્તનું ઉપચારિક કથન છે. ઉપચારિક આવશે. જુઓને! આ જ કહે છે અહીં. સમજાણું કાંઈ? અનાદિ સંસાર .. વ્યવહાર છે. એ પછી ઉપચાર કહેશે. ૪૮ ગાથામાં ઉપચાર કહ્યો છે. ૧૦૫મી ગાથામાં ઉપચાર કહ્યો છે ને. પાંચમાં કહ્યો છે ને છેલ્લો. એ ઉપચાર અજ્ઞાનીઓનો છે. કહેશે પછી. અહીં તો આચાર્ય આટલી સ્થિતિ સ્થાપે છે. આગળ વધતા જાય છે ને હજી.

કહે છે, અંદરમાં વ્યાપ્યવ્યાપક રજકણો કર્મ થવાને લાયક. બાપુ! એ પોતે પરિણમીને વ્યાપક થઈને પોતાની કર્મરૂપી તે દશાના કાર્યને તે કરે. અને ભાવ્ય નામ તેની પર્યાયની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અવસ્થા ભાવ્ય, તેને કર્મના રજકણો ભાવક થઈને તેને ભોગવે. વસ્તુ તો આમ છે. '**તોપણ...**' માટી અને ઘડાની અપેક્ષા પાછી. ભાઈ! સાંભળને, ભાઈ! તું ક્યાં ગયો? કે મેં કર્મ ફળ મને આપે, ભોગવું. કર્મને હું કરું. બાપુ! એમ ન હોય. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આપે એવું છે નહિ. તારામાં સંપ્રદાન નામનો ગુણ છે. તારામાં ગુણ છે કે તું તને દે અને તું તું લે. આહાહા..! ખબર ન મળે. તત્ત્વની ખબર ન મળે ને એમ ને એમ આંખ્યું મીંચીને મૂઢની જેમ અનંત કાળ ગાળ્યો. નથી આ તત્ત્વ જોવાને નવરો, નથી તત્ત્વ શું છે તેની સંભાળ કરવાની (નવરાશ). શેઠિયાએ નાખ્યું છે કે નહિ? કહ્યું હતું ઘણીવાર નહિ? 'સંભાળે તે શેઠ બાકી અનુચર ભિખારી જાણજો' એય..! સોભાગભાઈ! એક વાર-બે વાર કહ્યું હતું. સ્વરૂપ સંભાળે તે શેઠ પોતાના. બાકી બધા અનુચર ભિખારા છે, રાંકા છે બધા રાંક. લાખો, કરોડો અને અબજો એક દિ'ની પેદાશવાળા ભિખારી છે. પેદાશ તારે ઘરે ક્યાં? એ તો જડ છે. સમજાણું કાંઈ? એના મામા તો સાંભળીને આમ ધ્રુજી ઉઠે. એય..! ..ભાઈ! સાંભળવાનો જોગ ન મળે. અનુચર જાણજો. હેં? ભિખારી! મામા છે ને એના? દસ-દસ કરોડ રૂપિયા છે એના મામા પાસે. સોભાગભાઈ! દસ કરોડના તો એકલા માણેક અને હીરા ને પન્ના ભર્યા છે ઘરમાં. ખરચવાનું કાંઈ નહિ અને સંભાળવાનું ખુબ. રાડ નાખી, આ શબ્દ આવે ને. 'સંભાળે તે શેઠ, બીજા અનુચર ભિખારી.' આહાહા..! ભિખારીનો બાપ છો, સાંભળને! સોભાગભાઈ! એ સૌભાગ્ય નહિ. આહાહા..!

કહે છે, '**ભાવ્યભાવકભાવથી પુદ્‌ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...**' આહાહા..! આ કહે છે કે કર્મ કર્મને ભોગવે. આખો ગોમ્મટસાર સાંભળીએ. અનંતા જૈનનું તો એ કર્તવ્ય છે. કે જૈન કર્મ બાંધે અને કર્મ ભોગવે. એ તો જૈનમાં જ છે. એ ના પાડે છે. કર્મ સિદ્ધાંત અને ધર્મ સિદ્ધાંત. ઓલાનો ઈશ્વર કર્તા અને આનો કર્મ કર્તા. બીજાનો જગતનો કર્તા ઈશ્વર, આના વિકારી પરિણામને રખડાવવાનું કામ કરે કર્મ. આહાહા..! એ (સંવત) ૨૦૦૬ની સાલમાં ત્યાંથી આવ્યું હતું ને. પાલીતાણા ગયા હતા. ૮૦૦ માણસ હતું. હજાર માણસ. બીજા માણસ સાથે. ... એના ઓલામાં જ ચાલી. આણંદજી-કલ્યાણજીની પેઢીમાં. પેઢીમાં શું ડેલામાં. એ ગામમાં બીજા એક હતા. નહિ. લાવ ચેલેન્જ કરીએ. ચર્ચા કરીએ. બાપા! અમે ચેલેન્જ લેતા નથી અને દેતા નથી. બાપા! અમારી પાસે કાંઈ આવડત નથી. સાંભળને!

ત્રિલોકનાથ પરમોપકારી તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે આઠ કર્મને લઈને જીવ રખડે છે એ તમે માનતા નથી. તમે કહો છો પોતાની ભૂલથી રખડે એ ભગવાનનો વિરોધ છે. કરો ચર્ચા. ભાગો અહીંથી ભાઈ. અમારે પંડીતજી બેસી ગયા ને એકકોર જુઓને. કાંઈ બોલતા નથી. ભાગી ગયા, હોં! પછી લખ્યું પાછળથી. ભાગી ગયા. હા, લાખ વાર ભાગ્યા, બાપા!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું કરીએ લેને, ભાઈ! શું કરીએ? રામવિજયનું બહુ લખાણ આવ્યું હતું. અહીં આવ્યા અને પછી કાગળ આવ્યા. છપાવ્યું. એ ભાગી ગયા. બાપા! લાખ વાર ભાગ્યા. અમે ક્યાં ના પાડીએ છીએ. અમે તે કાંઈ તકરાર-ઝઘડા બાપા એ તે કાંઈ ઝઘડાની વાત છે, ભાઈ! ભાગ્યા. દરબાર હતા અમારી પાછળ. બહાદુરસિંહજી. ઘોડા લઈને બેસાડ્યા. હું મેડીએ હતો. આ પ્રેમચંદભાઈ. તમને વાત કરતા હતા. હું તો ઊભો હતો. ઉભા રહ્યા. અહીંયાં ગામમાં તકરાર થશે એવું લાગે છે. કેમ છે? તોફાન થશે એવું લાગે છે. કહો તો સગવડતા કરું. આ પ્રેમચંદભાઈને કહેતા હતા નીચે. હું ઊંચે હતો મેડી (ઉપર). અહીં કાંઈ અમે રહેવાના નથી. સાંજે કહી દીધું રામજીભાઈને, ચાલો નિકળીએ. ઉઠો ભાગો, બાપા! અહીં કાંઈ નાક-બાક કપાતું નથી. નાક જ ન મળે ત્યાં. આહાહા..! ભગવાન એમ કહે છે કે કર્મને લઈને રખડે. તમે એમ વ્યાખ્યાનમાં કહ્યું કે વિકારને લઈને રખડે. વિરોધ છે. એય..! ભગવાન! ભાઈ! એમ નથી, બાપુ! ભગવાન એમ કહે છે. જુઓ! આ ભગવાન કહે છે શું કહે છે? ભગવાનની વાણીમાં એમ આવ્યું છે એ શાસ્ત્રમાં આવ્યું છે. શાસ્ત્રમાં આવ્યું એમ મુનિઓ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાગે કોણ અને આવે કોણ? એ તો વાત છે.

કર્મ જ કર્મને ભોગવે અને કર્મ જ કર્મને કરે. સાંભળ્યું જાય નહિ. જૈનના મોટા મોટા પંડિતો. એય..! આવું ન હોય, આવું ન હોય. કરો ચર્ચા. બાપા! ચર્ચા હોય નહિ, બાપા! ભાઈ! તારી ભૂલે તું રખડે અને તું કર્મને માથે નાખ અને કર્મને હું કરું એવા મારે ફળ કર્મના ભોગવવા, એમ ન હોય. તેં જેવા ભાવ કર્યા તેને તારે ભોગવવા. અહીં તો એ જ સમય કહેશે. હમણાં ૧૦૨માં. જે સમયે વિકારી પરિણામ કરે તે સમયે તે વેદે અને ભોગવે છે. ૧૦૨માં કહેશે. સમજાણું કાંઈ? છે ને ૧૦૨ ગાથા? વેદે એમ આવશે. ૧૦૨.

**जं भावं सुहमसुहं करोदि आधा स तस्स खलु कत्ता।**
**तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा।।१०२।।**

૧૦૨. તેનો વેદક છે, ભાઈ! તને ખબર નથી, હોં! એ જડની પર્યાય આત્મા કરે અને ભોગવે, ભાઈ! એમ ન હોય. બાપુ! શાંત થા.. શાંત થા. અહીં તો તે સમયે (ભાગવે છે). હોં! '**तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा**' તેના વિકારી પરિણામનો તે સમયે કર્તા, તે સમયે ભોક્તા. ટીકામાં તો એ સમય છે, ભાઈ! સમજાણું કાંઈ? ૧૦૨ ગાથા છે. સમયસારમાં તો અલૌકિક વાતું છે. અંતરમાં ઉકેલ બધા એટલા ભર્યા છે એમાં. ગજબ વાત છે! દૃષ્ટિ ફર્યા વિના એ વાત પકડાય નહિ. પકડાય નહિ. પોતાની દૃષ્ટિએ વાંચે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે પછી શાસ્ત્રને પણ પોતાની દૃષ્ટિએ વાળી લે. શાસ્ત્રમાં શું કહેવું છે એ દૃષ્ટિએ પોતાને વાળે તો તો હાથ આવે, પત્તો ખાય. પણ ઓલું માન્યું હોય ને, આનો અર્થ આવો છે, આનો અર્થ આવો છે.

કહે છે, '**પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે તોપણ, બહારમાં, વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે...**' દેખો! અજ્ઞાનીની વાત છે. જ્ઞાનીની વાત છે નહિ. જ્ઞાનીની દૃષ્ટિ તો આત્માના સ્વભાવ ઉપર છે. તેથી તે વિકારનો કર્તા-ભોક્તા ખરેખર નથી. તો પછી કર્મના બંધને નિમિત્ત થાય એવો દ્રવ્યનો સ્વભાવ નથી. કર્મના બંધને નિમિત્ત થવું એવો જીવદ્રવ્યનો સ્વભાવ નથી. દ્રવ્યનો સ્વભાવ નથી તો દ્રવ્યદૃષ્ટિવંતનો પણ સ્વભાવ નથી. ૧૦૫માં એ કહેશે, ભાઈ! ૧૦૫માં એ કહેશે. કર્મબંધનમાં નિમિત્ત થવું એ જીવદ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? જુઓ! ૧૦૫. ત્યાં પણ આ લીધું છે. જુઓ!

'**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ,...**' ૧૦૫. '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ અનાદિ અજ્ઞાનને લીધે...**' આ કહે છે એ. '**પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.**' સમજાણું કાંઈ? આમાં એમ ન હોવું જોઈએ કે મારી વાત સિદ્ધ થાય. એમ નહિ. સત્ય શું છે એમ સિદ્ધ થવું જોઈએ. મેં માન્યું છે માટે આમ થવું જોઈએ. એમ ન હોય. સત્યને સત્ય રાખ. વસ્તુને વસ્તુપણે રાખ. બાપુ! એમ રાખીને પછી ચર્ચા કર.

અહીં કહે છે કે જીવ બહારમાં વ્યાપ્ય. કર્મ થવામાં બહાર વ્યાપ્યવ્યાપક જીવ છે. કર્મની પર્યાયમાં વ્યાપ્યવ્યાપક જીવ નથી. એ તો કર્મ પોતે વ્યાપક થઈને તેનું કાર્ય કરે છે. જીવ તો બહાર વ્યાપ્યવ્યાપકથી '**અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ...**' અહીં અજ્ઞાની લીધો છે ને. અજ્ઞાનીની વાત છે. જ્ઞાની પુદ્ગલકર્મના બંધને નિમિત્ત છે જ નહિ દ્રવ્ય. દ્રવ્ય નથી તો દ્રવ્યદૃષ્ટિવંત પણ એને નિમિત્ત છે નહિ. એ તો રાગ અને જે બંધાય તેનો જ્ઞાયક છે-જ્ઞાન કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? પુદ્ગલ કર્મની ઉત્પત્તિને અનુકૂળ. નિમિત્ત છે ને એટલે અનુકૂળ. '**એવા (પોતાના રાગાદિક) પરિણામને કરતો...**' બાહ્ય. વ્યાપ્ય-વ્યાપક એમ. કર્મ થાય તેનામાં અને અહીં આમ બહાર. પુદ્ગલ કર્મને તે સમયે થાય કાળે. અહીંયાં પોતાના પરિણામને, પરને અનુકૂળ એવા પોતાના પરિણામને કરતો '**અને પુદ્ગલકર્મના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' જુઓ! આ એક ભાષા આવી અમૃતચંદ્રાચાર્યની. એ પુદ્‌ગલ કર્મનો પાક અને વિષયોની નિકટતા. કોઈ એમ કહે છે ને કે કર્મના પાકથી આ બાહ્ય સામગ્રી મળે-નિમિત્ત. એમ નથી. એમ નથી. જુઓ! અહીં કહે છે. શેઠી! આપણે એમ કે રાગ એવો કરીએ તો એવી સામગ્રી મળે. પથ્ય લઈએ તો શાતાનો ઉદય આવે, અપથ્ય લઈએ તો અશાતાનો ઉદય આવે. એમ નથી.

અહીં કહે છે કે '**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' પદાર્થની. સમજાણું કાંઈ? આહાહા..! કેટલી વાતને સિદ્ધ કરે છે ને. તે કાળે પૂર્વના કર્મનો પાક અને આ સામગ્રી મળે છે બાહ્ય. નિકટતા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્ત્રી, કુટુંબ, પૈસા, ધૂળ, આબરૂ, કીર્તિ, મકાન વગેરે. એ બધાં '**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' એ જીવના રાગના પ્રયત્નને લઈને એ અનુકૂળ સામગ્રી મળી એમ છે નહિ. સોભાગભાઈ! સમજાણું કાંઈ? શું કહ્યું? આ બહારની સામગ્રીમાં પૂર્વના કર્મનો વિપાક નિમિત્ત છે. રાગને લઈને બાહ્ય સામગ્રી પથ્ય આવે અને અપથ્ય ન આવે એવું છે નહિ. એવી વાતું, ભાઈ! જેમ વસ્તુ સ્થિતિ છે એમ જો.

અમૃતચંદ્રાચાર્ય ફરમાવે છે. જુઓ! '**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી વિષયોની જે નિકટતા...**' પાંચ ઈન્દ્રિયના વિષયો જે શબ્દ, શરીર, વાણી આદિની નિકટતા, '**તેનાથી ઊપજેલી...**' તેનાથી ઊપજેલી. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્ત્રી, કુટુંબ, પૈસા બધું મળ્યું તો હરખ થયો. '**તેનાથી ઊપજેલી (પોતાની) સુખદુઃખરૂપ પરિણતિને...**' સમજાય છે? '**સુખદુઃખરૂપ પરિણતિને ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-**' જાણે કે સંયોગની દશાને ભાવ્યભાવક વડે અનુભવતો '**ભોગવતો એવો જીવ પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' ઊપજેલી સુખ-દુઃખની પરિણને ભાવ્યભાવકપણે ભોગવે છે. આ સંયોગ મળ્યા ને સંયોગ? અનુકૂળ સંયોગ અને પ્રતિકૂળ સંયોગ જે કર્મના વિપાકથી મળેલા, તેને ભોગવે છે. એ અજ્ઞાનીનો મૂઢ વ્યવહાર છે કહેવામાં. એને એ ભોગવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શાતા ઉપજે છે ને એનાથી.

ઉત્તર :- ધૂળમાંય થતું નથી એનાથી. એ તો કહે છે અહીં.

તેં તારા અંતર્વ્યાપક થઈને ભાવ્યમાં વિકારી પરિણામને તેં ભોગવ્યા અને તું ભોક્તા. એના પરિણામને આને હું ભોગવું છું, એ અજ્ઞાનીઓનો બાહ્ય વ્યાપકભાવ હોવાથી માની રહ્યો છે કે હું આને ભોગવું છું. મૂઢ છે. જેમ કર્મને કરું છું, એમ કર્મના ફળ આવ્યા સંયોગો બાહ્ય અનુકૂળ-પ્રતિકૂળ. ભાઈ! પરમેશ્વરે આપ્યું અને અમે ભોગવીએ છીએ. કોણ ભોગવે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધૂળ? સાંભળ તો ખરો. પરમેશ્વર બીજો ક્યો હતો? એ તો પૂર્વના વિપાક કર્મના ઉદયથી મળેલી સામગ્રી હોય છે. સમજાણું? એ સામગ્રીને હું ભોગવું છું. તેનાથી ઊપજેલી સુખદુઃખ પરિણતિ. જાણે એનાથી મને આ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રત્યક્ષ છે ને અનુભવ બધાયને.

ઉત્તર :- શું ધૂળમાંય અનુભવ નથી. મફતનો મૂઢ થઈને માને છે. એય..! નેમિદાસભાઈ! કહો. આહાહા..!

ભાઈ! જે ચીજો છે એ તો પર છે. એની સામગ્રીની અનુકૂળતા-પ્રતિકૂળતાની કલ્પના તેં કરી એ કલ્પના તો તારામાં થઈ. અને તેનો તું અનુભવ કરનારો છો. પણ આ સંયોગ અનુકૂળ મળ્યા, એને મેં ભોગવ્યા. દરિદ્રપણું, રોગપણું, તેજાબ છાંટ્યો શરીર ઉપર, એને મેં ભોગવ્યું. એ તો મૂઢનો અનાદિ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

શાંતિથી આ વાત એણે કોઈ દિ' અંદરમાં મારી કરીને મારી સ્વતંત્રતા છે એવી એણે રુચિથી સાંભળી નથી. આ ભાવ હું મારામાં વ્યાપ્યવ્યાપક છું. કર્મ કર્મમાં વ્યાપ્યવ્યાપક છે. બાહ્યની સામગ્રી પણ તેના વ્યાપકથી ઉત્પન્ન થયેલી વસ્તુ. એને કારણે. તારે કારણે નહિ. ભાઈ! આ કમાવાનો રાગ થયો માટે એને બહુ પૈસા મળ્યા. કમાવાનો રાગ થોડો એને થોડા મળ્યા, એમ નથી એમ કહે છે. શેઠી! આરે..આરે..! આ તો બધાનો પરદ્રવ્યની પર્યાયનો અહંકાર ઉડાડી દે છે.

મુમુક્ષુ :- ઈ તો આપ કહો છો.

ઉત્તર :- પણ એમ છે ને. એમ કહે છે. ભગવાન કહે છે એમ છે કે નહિ? એમ કહે છે. તને છે કે નહિ? એમ લાગે છે કે નહિ? ખાતરી તો કર, ભાઈ! તને એમ લાગે કે આ હું ભોગવું. એ તો સામગ્રી જડ છે. મકાન, સોનાના લાટા, મોસંબી, પાણી એ બધા કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી સામગ્રી છે. એ સામગ્રીને હું ભોગવું છું. હું અનુકૂળતા ભોગવું છું. અત્યારે પ્રતિકૂળતા છે (એને) ભોગવું છું. મૂઢ છો કહે છે. એ ભાવ્યભાવકભાવક વડે અનુભવતો. જાણે કે એ મારી ભાવ્ય છે સામગ્રી અને હું એનો ભાવક-ભોગવનારો છું. સમજાણું કાંઈ?

**'એવો જીવ પુદ્ગલ કર્મને કરે અને ભોગવે એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.'** આહાહા..! **'चेत्यज्ञानिनामासंसारप्रसिद्धोऽस्ति तावद्व्यवहारः।'** પેલા કહે, આમાં શું કહે છે? જુઓ! વ્યવહારથી થાય છે કે નહિ? ભાઈ! એમાં એ કહે. જુઓ! આમાં વ્યવહાર લખ્યો. પણ શું કહે છે આ? સાંભળને. કોણ જાણે શું છે? અહીં કહે છે, જુઓ! વ્યવહારથી કરે છે એમ કહ્યું છે કે નહિ? પણ કરે છે અને ભોગવે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ માન્ય છે એ મૂઢ જીવનો વ્યવહાર છે એમ કહ્યો છે. એ સત્યતા નથી એમ કહ્યું છે અહીં તો. આહાહા..! નિશ્ચયથી ભલે ન ભોગવે, પણ વ્યવહારથી ભોગવે અને કરે એમ તો આમાં લખ્યું છે કે નહિ? એમ નથી લખ્યું. એ બાહ્ય વ્યાપ્યવ્યાપકવાળો બાહ્ય ચીજમાં હું કર્તા છું, ભોક્તા છું એમ માને. અનાદિનો અજ્ઞાનીનો પ્રસિદ્ધ મૂઢનો વ્યવહાર માને છે એ. એમ થતું (નથી). સમજાણું કાંઈ? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૩, ગુરુવાર તા. ૨૭-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૪, પ્રવચન-૧૬૯**

૮૪. ૮૪ પહેલેથી. ૮૪ ગાથા. કર્તાકર્મ અધિકાર. આ ગાથામાં એમ કહેવાય છે કે વ્યવહારથી આત્મા પુદ્‌ગલકર્મને કરે છે અને પુદ્‌ગલકર્મને ભોગવે છે એવું વ્યવહારથી અજ્ઞાનીની પ્રસિદ્ધિ કહેવાય છે. અજ્ઞાનીઓ એમ માને છે. શું કહે છે? આ નવા કર્મ બાંધે ને આત્મા, એને આત્મા બાંધે છે અને કર્મના ફળને આત્મા ભોગવે છે એવો વ્યવહાર દેખીને, ઓલું નિમિત્ત છે ને? કર્મના કરવામાં નિમિત્ત અને ભોગવવામાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે કે આત્મા પોતે કર્મને કરે અને આત્મા પોતે કર્મને ભોગવે. આ એમ કહેવું છે. એ અજ્ઞાન છે એમ સિદ્ધ કરવું છે અહીં. જુઓ!

**ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि णेयविहं।**
**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं।।८४।।**

નીચે હરિગીત

**આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**

જુઓ! આ દૃષ્ટાંત ઘણી વાર આપે છે લોકો. જુઓ! વ્યવહારથી કર્મને જીવ કરે છે અને વ્યવહારથી કર્મને ભોગવે. એવી પત્રોમાં બહુ વાત આવે છે, આ ગાથાથી. તો અહીં તો કહે છે કે એ વ્યવહારથી માને છે એ મૂઢ અને અજ્ઞાની (છે) એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું?

‘**ટીકા :- જેમ, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી માટી ઘડાને કરે છે...**’ ઘડો તે વ્યાપ્ય નામ કાર્ય છે અને માટી તે કારણ વ્યાપક છે. માટી ઘડાને કરે છે. છબીલભાઈ! આ વળી કેવું! ‘**વ્યાપ્યવ્યાપકભાવથી માટી...**’ પોતે અંદરમાં એટલે કે માટી પોતે વ્યાપક થઈને વ્યાપ્ય એવું ઘડાનું કાર્ય કરે છે. ‘**ભાવ્યભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે...**’ લ્યો! જડ જડને ભોગવે. આ તે કેવી વાત!

મુમુક્ષુ :- જડને શું ભાન છે કે તે ભોગવે?

ઉત્તર :- ભાન જ હોય તો તો ભાનવાળા તત્ત્વો જ જગતમાં હોય. જડ તત્ત્વોની હયાતી હોઈ શકે નહિ. પણ ભાવ્યભાવકભાવથી માટી પોતે ઘડાને ભોગવે છે. એ તો બરાબર છે કહે છે. એમ જ છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**તોપણ, બહારમાં,...**' ઓલો કુંભાર દેખાય છે ને? શું કહે છે? '**બહારમાં,...**' ઘડાના થવાના કાળમાં. એ ઘડાના સંભવને અનુકૂળ એવા રાગને કરે છે એ તો કુંભારનું કાર્ય છે. '**વ્યાપ્યવ્યાપકભાવથી ઘડાના સંભવને...**' ઘડાના સંભવને, ઘડાની ઉત્પત્તિને, સંભવ-ઉત્પત્તિને એ અનુકૂળ નિમિત્ત છે. ઘડાની ઉત્પત્તિ તો છે માટીથી. માટીનું એ કાર્ય, માટી તેનો કર્તા. પણ ઘડાના પર્યાયકાળમાં કુંભારને એના સંભવ ઉત્પત્તિને અનુકૂળ, એવા રાગ અને હાથ આદિની ક્રિયા વ્યાપાર કરતો. એટલું. કરે છે એ કરતો દેખીને બહારથી અજ્ઞાની એમ કહે છે કે કુંભાર ઘડાને કરે છે. સમજાણું કાંઈ?

ઘડાની ઉત્પત્તિને અનુકૂળ. નિમિત્ત છે ખરું ને આ? ઘડાની ઉત્પત્તિ નૈમિત્તિક. આ નિમિત્ત. એટલો સંબંધ દેખીને બહારથી અજ્ઞાની એમ માને છે કે નિમિત્ત છે ને, એ ઘડાને કરે છે. એ ખરેખર તો એના અનુકૂળના રાગને. એના સંભવ ઉત્પત્તિના રાગને કરે છે. પણ અજ્ઞાની એમ કહે છે કે એને અનુકૂળ છે ને આ, માટે ઘડાને એ કરે છે. બહારથી ઘડાને કરે છે. સમજાણું કાંઈ? શું આ બધું કાર્ય થાતું હશે? મોટા વેપાર કરે છે. અહીં તો કહે છે કે ધંધા આદિના પરમાણુઓ છે ને પૈસા આદિના કે એના જે વેપાર હોય એના, એ પરમાણુ પોતે ત્યાં એ પર્યાયનો વ્યાપક થઈ, વ્યાપક થઈને પરમાણુની પર્યાય એ કરે છે. પણ જોડે જે રહેલો વેપારી ઓલા વેપારને અનુકૂળ એવા રાગને કરે છે. એથી અજ્ઞાની એમ કહે છે કે એ વેપારી આ વેપારને કરે છે. ભાઈ!

મુમુક્ષુ :- વેપારી વેપારને કરે. વેપાર કરે પુદ્ગલ.

ઉત્તર :- આણે તો કર્યો એનો અનુકૂળ રાગ. દુકાને બેઠો હતો. સમજાય છે? ભારે ઝીણી વાત. એ... સોભાગભાઈ!

મુમુક્ષુ :- તો અમારું બધું ખોટું છે?

ઉત્તર :- આમાંથી નિકાલ કરવો.

મુમુક્ષુ :- દુકાન બંધ કરીને ઘરે આવે...

ઉત્તર :- દુકાન બંધ કોણ કરે? ઈ કહે છે અહીં. બંધ કોણ કરે અને ખોલે કોણ? એ તો પરમાણુની પર્યાયનો કાળ તેને કાળે એ વ્યાપ્યવ્યાપક થઈને પરમાણુ એ પ્રમાણે પરિણમે છે. પણ એને અનુકૂળ નિમિત્ત દેખીને વેપારીનો રાગ, વેપારી રાગને કરે છે, એને નહિ, પણ એને અનુકૂળ નિમિત્ત છે ને એટલે નિમિત્ત નૈમિત્તિક એવો સંબંધ દેખીને અજ્ઞાની એમ કહે છે કે એ વેપારી આ વેપારને કરે છે. એણે આ કોથળા ફેરવ્યા, દાણા આપ્યા, ફલાણું આપ્યું, લોઢું આપ્યું, સોનું આપ્યું, આણે વળી હીરા આપ્યા. લ્યોને. શેઠી! સમજાણું કાંઈ?

'**અને ઘડા વડે કરેલો પાણીનો જે ઉપયોગ...**' જુઓ ભાષા. ઓલું નિમિત્ત છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ને ત્યાં? **'તેનાથી ઊપજેલી તૃપ્તિ...'** તેનાથી ઉપજેલ વ્યવહાર છે ને? નિમિત્ત. **'ભાવ્યભાવ્યભાવક વડે અનુભવતો-'** સમજાણું? કુંભાર એના નિમિત્તથી ઊપજેલી તૃપ્તિ. એ તૃપ્તિને **'અનુભવતો-ભોગવતો એવો કુંભાર...'** બહારમાં એ **'ઘડાને કરે છે અને ભોગવે છે એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...'**

મુમુક્ષુ :- આ રૂઢ વ્યવહાર દાખલો છે. દાખલો જ સમજ્યો નથી. સિદ્ધાંત તો દૂર રહ્યો.

ઉત્તર :- આ તો સર્વજ્ઞ પરમેશ્વરે તત્ત્વની કહેલી, રહેલી વ્યવસ્થા, તત્ત્વની છતી વ્યવસ્થા, એનું સ્વરૂપ છે. અજીવ તત્ત્વો જગતના જે છે, સમજાણું કાંઈ? આ કાપડનો ધંધો હોય ને? લ્યો, કાપડનો લ્યો આપણે. તમારે શું ધંધો છે બધો?

મુમુક્ષુ :- મણિયારો.

ઉત્તર :- મણિયારું લ્યો. શું કહે છે આને? આ મણિયારું. હવે ખરેખર તો એ મણિયારાની જે ચીજ છે એ પુદ્‌ગલો જ વ્યાપક થઈને તે પર્યાયને પર્યાય-વ્યાપ્યને કરે છે. વાત તો આમ છે.

મુમુક્ષુ :- વ્યાપ્યવ્યાપકમાં અમે કાંઈ સમજીએ નહિ.

ઉત્તર :- વ્યાપકનો અર્થ દ્રવ્ય જે વ્યાપક. આ વસ્તુ તેને તે પદાર્થને વ્યાપક કહીએ, કરનાર-કાયમ રહેનારને વ્યાપક કહીએ. કરનાર કાયમ રહેનારને વ્યાપક કહીએ. અને એક ક્ષણની અવસ્થા થાય તેને વ્યાપ્ય કહીએ. લ્યો, ભઈ આ ભાષા.

એ સ્કંધો છે ને? એ સ્કંધ જે છે એ કાયમ રહેનારા રજકણો છે-પિંડ. અને એની ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે તે એની વ્યાપ્ય છે. કાયમ રહેનારા તત્ત્વને વ્યાપક કહીએ અને તેની કદાચિત થતી તે તે ક્ષણની અવસ્થાને વ્યાપ્ય કહીએ. બીજી ભાષાએ કહીએ તો કાયમ રહેનારને કરનાર કહીએ અને અવસ્થા થાય તે એનું કર્મ નામ કાર્ય કહીએ. એ સહેલું થયું. સહેલું થયું. સહેલું એટલે આસાન થયું તમારી ભાષામાં. સમજાય છે કાંઈ?

જુઓ! આ લાકડી છે ને? આ લાકડી છે એ આ મૂળ સ્કંધ છે તે વ્યાપક કહેવાય. કેમ કે કાયમ રહેનારા રજકણો છે. હવે એ વ્યાપક થઈને જે આ અવસ્થા આમ આમ થાય છે તેને વ્યાપ્ય કહેવાય. અવસ્થા તેને વ્યાપ્ય કહીએ. વ્યાપ્ય કહો કે કાર્ય કહો કે કર્મ કહો કે દશા કહો. અને કાયમ રહેનારા તત્ત્વોને કરનાર કહો, વ્યાપક કહો કે કાયમ રહેનારા છે તેથી તેને પ્રસરીને અવસ્થા કરનારા એને દ્રવ્ય કહો. હવે એ તો બરાબર છે કહે છે. પણ આ હાથ નિમિત્ત છે ને એ વખતે આમ. એટલે હાથની આ અવસ્થાને અનુકૂળતા દેખીને, હાથની. એ નિમિત્તને... નિમિત્ત છે એના પોતામાં, પણ અનુકૂળતા દેખીને, બહારથી આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દેખાય કે આણે (કર્યું). એમ અજ્ઞાની આનાથી આ ઊંચું થાય અને આનાથી હલે છે એમ અજ્ઞાનીઓનો વ્યવહાર આમ પ્રસિદ્ધ છે. આહાહા..! કહો, સોભાગભાઈ! એય..! શેઠી! તમારા હીરા-માણેકનું લઈએ.

હીરા છે ને, હીરો એક ૨૫ હજારનો હીરો લ્યો. એ હીરો છે એ કાયમની ચીજ રજકણ રહેનારા છે ને કાયમના? એથી એને દ્રવ્ય કહીએ કહો કે એને વ્યાપક કહીએ કહો કે ટકનાર છે તેને વસ્તુ કાયમ રહેનારી તત્ત્વ કહો. એની જે અવસ્થા આમ થઈ જવાની એ એની પર્યાય થઈ, વ્યાપ્ય થયું, કદાચિત થયું. કાયમ રહેનારું નથી. એ અવસ્થા છે. એ અવસ્થા થઈ તેને વ્યાપ્ય કહેવાય, કાર્ય કહેવાય, કર્મ કહેવાય, દશા કહેવાય. દશાવાન કાયમ રહેનારી ચીજને વ્યાપક કહેવાય. વાત તો હીરો પોતે જ વ્યાપક થઈને પર્યાયને કરે તે વ્યાજબી છે. પણ ઝવેરીની ઈચ્છાનું નિમિત્ત છે ત્યાં અથવા હાથનું નિમિત્ત છે એથી એ નિમિત્ત દેખીને બહારથી લોકો એમ કહે છે કે એણે હીરો આને આપ્યો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરો વિચાર. એના માટે તો દાખલો છે આ. કહો, શેઠી! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એના બદલામાં સામે પૈસા દીધાને પાછા.

ઉત્તર :- પૈસા-બૈસા લીધા જ નથી. એ જ કહે છે. શું લીધા? આ તો હીરો જ દીધો નથી તો પૈસા કોણ લે વળી? પૈસામાં લેવું છે તમારે વળી.

એક ઝવેરી હતો. એક ઝવેરી આવ્યો ઝવેરાત લેવા. એક માણસ. આમ નાખ્યું કે લાવો જોઈએ. એ થોડું મીણ સાથે લાવેલો, મીણ. ઘરાક આવ્યો ને. ઘરાક સમજો છો? ઘરાક એટલે લેવાવાળો-ખરીદ કરનારો. થોડું મીણ લાવ્યો મીણ હાથમાં. ખબર નહિ ઓલાને. એક દસ હજારનો હીરો જોવે છે. તપાસ કરે છે. ચાલીસ હજારનો હીરો હતો અને આમ આમ ફેરવતા હતા. હાથમાં લઈ ઓલું મીણ હતું ને મીણ ચોંટાડી દીધું અને જોડે આવું હતું ને શું કહેવાય આવું? ટેબલ. ત્યાં આમ હાથ નાખીને ચોડી દીધું. ટેબલ ત્યાં હોય ને ઝવેરીનું. આ જાણે કે અહીં બેઠો છે. એ ૨૫ હીરામાંથી મારો એક હીરો ગયો, ભાઈ! ઝવેરી કહે છે. કોણ લઈ ગયું? કોઈ લઈ ગયું નથી. આમ આમ કરતા હતા ને. ઓલો ચાલીસ હજારનો લઈ મીણ (લગાડીને) આવી પાટી હતી ને ત્યાં આમ ચોડી દીધો. અહીં હોય ને હેઠલો ભાગ. એટલે કોઈ દેખે નહિ. હવે? અહીં કોઈ ગયું નથી, લઈ નથી ગયું. તમે લઈ ગયા છો. જુઓ, તપાસો. પોલીસને બોલાવ્યા. ગુંજા તપાસ્યા, મોઢું તપાસ્યું, જીભ તપાસી અહીં ખોસી ઘાલ્યું હોય તો. અત્યારે તો એવા ચોર હોય છે કે આંખમાં કાણા પાડીને એમાં હીરો ખોસી ઘાલે. એને ખબર પણ ન પડે. નાનો નાખી ને અહીં કટ કરેલું હોય અંદર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ તપાસ્યું પોલીસે. આણે તો લીધો નથી. ઓલો જવાનો હતો ત્યાં રહેવાનો હતો ત્યાં સુધી રહ્યો. આનાથી કર્યું ન થાય. પછી ફરીથી આવ્યો લઈને. પંદર દિ' મહિને. તમારા હીરા ગયા અમને અફસોસ છે. ઓલો ઘરાક કહે છે. થોડા હિરા લાવો. દસ હજારના લેવાના છે. લીધા. આઠ-દસ હજાર કિધા ઓલાએ. દસ હજાર દીધા. ઓલો હાથે હીરો લઈ લીધો. આને ખબર નહિ કે અહીં છે. દસ હજાર દીધા અને ચાલીસ હજારનો લઈ લીધો. બહાર નીકળી ગયો એ. સમજાણું કાંઈ? એ હીરાને ત્યાં રહેવું હતું એટલો કાળ. એની વ્યાપ્ય અવસ્થાનો વ્યાપક એ હીરો છે.

મુમુક્ષુ :- વેપારી નહિ?

ઉત્તર :- વેપારી નહિ, લેનાર પણ નહિ. સમજાય છે કાંઈ? પણ લોકો શું કહે? એ ઓલો આવ્યો એણે સંતાડ્યો કે લઈ ગયો. એ બહારથી દેખનારા વ્યવહારથી આમ કહે છે એ અજ્ઞાની મૂઢ છે એમ કહે છે અહીં તો. ભાઈ! છબીલભાઈ! બહારથી દેખે છે. ખરેખર એ ચીજ જ પોતે વ્યાપકવાળી પ્રસરીને વર્તમાન અવસ્થાને કરે છે. કારણ કે દ્રવ્ય પર્યાય વિના ન હોય, પર્યાય દ્રવ્ય વિનાની ન હોય. એટલે દ્રવ્ય જ પોતે એની પર્યાયરૂપી વ્યાપ્યને, કામને, કાર્યને ત્યાં રહેવા પૂરતું જે કાર્ય છે એ દ્રવ્યે પોતે કર્યું છે. અજ્ઞાની એમ કહે કે એ આણે લઈ લીધું. ઓલો કહે કે આ ભૂલી ગયો. ગમે તેમ થયું. ફરી વાર આવીને ઓલાએ દસ હજાર રૂપિયા આપ્યા. ઓલો ખુશી થઈ ગયો. અમને અફસોસ છે કે હું હતો ને તે દિ' તમારો હીરો ગયો. લેવા આવ્યો હતો પાછો, ઓલો ચોરેલો ને. એને કાંઈ ખબર નહિ. પછી ઘણાં વર્ષે ત્યાં જોયું કે ડાઘ પડેલો મીણનો. કીધું, આ શું ડાઘ? ડાઘ સમજ્યા? મીણ. મોમ-મીણનો થોડો ડાઘ દેખ્યો કે આ શું? પછી ખબર પડી કે ઓહોહો..! ઓલો માણસ આવ્યો હતો એ નક્કી આ હીરો લઈ ગયો લાગે છે આ મીણ ચોડીને. પછી ક્યાં પત્તો ખાય? થઈ રહ્યું.

અહીં જે પદાર્થ છે તે જે ક્ષેત્રે તે દ્રવ્યની પર્યાય રહીને ટકવાની હોય તે વ્યાપ્ય અવસ્થાનું કરનાર એ દ્રવ્ય છે. એને બહાર નિમિત્ત દેખીને નિમિત્તવાળાએ આ કર્યું એમ લોકનો અનાદિ પ્રસિદ્ધ વ્યવહાર અજ્ઞાન વ્યવહાર છે. એ વ્યવહાર અજ્ઞાનીનો આ વ્યવહાર હોં, જ્ઞાનીનો આ વ્યવહાર નથી. પછી આમાં દાખલો આપે, જુઓ! વ્યવહારે કરે છે ને. વ્યવહારે કરે છે. પણ વ્યવહારે કરે છે એ માનનારા મૂઢ છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

**'એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે;...'** હવે એ તો બહારની વાત આવી. હવે આવી કર્મમાં. **'તેવી રીતે, અંદરમાં વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલદ્રવ્ય કર્મને કરે છે...'** એ કર્મ જે બંધાય છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ પુદ્‌ગલ કર્મ પોતે દ્રવ્ય વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે જગતની. એ પોતે દ્રવ્ય છે એ પોતાની પર્યાયને કરે છે. કર્મરૂપી અવસ્થાને. પ્રકૃતિને, સ્થિતિને, એના અનુભાગને, એના પ્રદેશની સંખ્યાને એને એ પરમાણુઓ કરે છે. સમજાણું કાંઈ? પણ બહારથી શું કહે? જોગ હોય તે પ્રમાણે પ્રકૃતિ અને પ્રદેશ બંધાય. કષાય હોય એ પ્રમાણે સ્થિતિ અને રસ પડે. એ ઓલું બાહ્ય નિમિત્ત છે એને દેખીને લોક એમ કહે છે કે આણે આમ કષાય ને યોગ કર્યો, માટે ત્યાં પ્રકૃતિ ને સ્થિતિ ને રસ પડ્યો એવો અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અંદરમાં એ રજકણો જ કર્મ થવાને લાયક છે. વસ્તુ છે ને એ? તત્ત્વ છે કે નહિ? જગતનું અસ્તિ તત્ત્વ છે કે નહિ? જેમ ભગવાન આત્મા અસ્તિ છે, એમ રજકણો આ રજકણો છે એમ કર્મના પણ રજકણો છે. એ રજકણો પોતે વિસ્તરીને, વિસ્તાર પામીને તે કર્મરૂપી અવસ્થાને તે પુદ્ગલ વ્યાપક નામ દ્રવ્યથી કરે છે. અને **'ભાવ્યભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે....'** કર્મનો ઉદય આવે, એ કર્મ એને ભોગવે, આત્મા નહિ. આરે..આરે..! આ ભારે વાત. જડ કર્મ જડને ભોગવે છે. માટી જેમ ઘડાને ભોગવે છે એ કર્મ પદાર્થ છે. એ પદાર્થની અવસ્થા પોતે જડ ભોગવે છે. તોપણ બહારમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ ભોગવે છે-કર્મ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. વર્તમાન પર્યાયનું ક્ષય થવું એ. અવસ્થાનું ક્ષય થવું એ ભોગવવું. જડમાં ભોગવવાનો ગુણ છે અનાદિ. એ તો આવી ગયું હતું તે દિ'. આમાં છે ને ભાઈ, આપણે પ્રવચનસાર ૯૪. ભોક્તા ગુણ છએ દ્રવ્યમાં સામાન્ય છે.

મુમુક્ષુ :- .. સામાન્ય..

ઉત્તર :- છે. બતાવ્યું નહોતું? સામાન્ય ગુણમાં છે.

મુમુક્ષુ :- પુદ્ગલમાં કહ્યું એટલે આવી ગયું ને.

ઉત્તર :- આવી ગયું ને. પુદ્ગલમાં કીધું ને. પણ મેં તો એ નહોતું કહ્યું તે દિ'. મેં તો તત્ત્વાર્થ રાજવાર્તિકનું કહ્યું હતું. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં પાઠ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધારણ એટલે સર્વ દ્રવ્યમાં. દરેક દ્રવ્યમાં... એ પાઠ પારિણામિકભાવ છે. એ વાત એ કરી. મેં આ પ્રવચનસારની નહોતી કરી. મને ખબર છે.

દરેક દ્રવ્યમાં, દરેક દ્રવ્યમાં ભોક્તા નામનો ગુણ છે. જીવ પરિણામિકભાવે જ્યાં જીવ ભવ્ય અને અભવ્ય લીધા છે ત્યાં ટીકામાં ચોખ્ખું લીધું છે. કર્તૃત્વ ભોક્તૃત્વ. બસ. સર્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યમાં. જડમાં સર્વ દ્રવ્યમાં. અહીં તો કર્મની વાત છે. પણ દરેક દ્રવ્યમાં જીવ અને જડ દરેક દ્રવ્યમાં ભોક્તા નામનો અનાદિ પારિણામિક, પારિણામિક ગુણ હોં! પારિણામિકભાવે ગુણ છે. છે ને. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં લેખ છે. મેં આ નહોતું કહ્યું વળી. એ બેમાં અર્થ એવો છે.

મુમુક્ષુ :- ચૈતન્યને સામાન્ય..

ઉત્તર :- હા. ચૈતન્યને સામાન્ય લીધો. એકથી ઝાઝામાં હોય એને સામાન્ય કીધો છે અહીં. છે ને, ખબર છે. પણ ત્યાં એમ નથી. ત્યાં તો ભોક્તા આખો છે. અહીં છે તો એ જ અર્થ. પણ ત્યાં તો અનંત દ્રવ્યોમાં અનાદિઅનંત પારિણામિકભાવે ભોક્તા નામનો ગુણ છે. એ 'ચ' શબ્દમાંથી અકલંકદેવે કાઢ્યું છે.

એમ આ પુદ્ગલમાં જેમ કર્તૃત્વ ધર્મ છે એમ ભોક્તા પણ એનો ધર્મ છે. ત્યાં તો દાખલા આપ્યા છે. જેમ લવણ-મીઠું હોય એ લાકડાને ગળી જાય છે. ખાઈ જાય છે ને? એવો દાખલો આપ્યો છે. વીર્ય-વીર્યથી વાત છે. વીર્ય આપ્યું છે ત્યાં. એક દ્રવ્યનું વીર્ય બીજા દ્રવ્યને... દાખલો તો આપવો છે ને. બીજી શી રીતે (સમજાવે)? સંયોગથી અપાય. દાખલો શી રીતે અપાય? એક દૃષ્ટાંત જે છે એનો અંશ લેવો. ત્યાં વીર્ય છે એક દ્રવ્યનું વીર્ય બીજા દ્રવ્યના વીર્યને ખાય છે. એટલે એની શક્તિને ખાય છે એવો એક ભોક્તા નામનો ગુણ છે. એવા દાખલા બે-ત્રણ-ચાર-પાંચ છે. બહુ યાદ નથી. છે તત્ત્વાર્થ રાજવાર્તિકમાં. જોયા છે. છે ને. ખબર છે ને. કહો, સમજાય છે? આ તો ઘણાં વર્ષ પહેલા કહેલું. ઘણાં વર્ષ પહેલા.

અહીંયાં કર્મમાં ભોગવવાનો જડનો ગુણ. જુઓ! '**પુદ્ગલદ્રવ્ય જ કર્મને ભોગવે છે...**' ભાઈ! આ તો વીતરાગમાર્ગ દ્રવ્ય સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે? આહાહા..! ભગવાન આત્મા કર્મના દ્રવ્યને ન ભોગવે, કર્મની પર્યાયને ન ભોગવે. ત્યારે? કે '**વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે...**' જુઓ! આટલું નાખ્યું ભાઈ આમાં. ઓલામાં બહારમાં એટલું જ હતું. માટીમાં દૃષ્ટાંતમાં. અહીં તો આત્માની વાત કરવી છે ને. અજ્ઞાનની જ વાત છે. '**વ્યાપ્યવ્યાપકભાવથી અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ...**' જુઓ ભાષા.

મુમુક્ષુ :- ઓલાને એવું હોતું નથી.

ઉત્તર :- ઓલાને અજ્ઞાન નથી.

અહીં કર્મના બંધ... ભાષા જુઓ! ખુબી શું કહે છે? કે કર્મનું બંધન તો એના ઉપાદાનથી એનાથી થાય. પણ એને અનુકૂળ અહીંયાં અજ્ઞાનીના પરિણામ છે. સમકિતીના પરિણામ અનુકૂળની વાત છે જ નહિ. સમકિતીના પરિણામ બંધને નિમિત્ત હોય એવો દ્રવ્યનો સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી તો દ્રવ્યદૃષ્ટિવંત પણ બંધનને અનુકૂળ હોય એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ૧૦૫ ગાથામાં કહ્યું. ૧૦૫માં.

જીવનો સ્વભાવ એવો છે કે કર્મના બંધનને નિમિત્ત થાય એવો એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ૧૦૫નું આપ્યું હતું ભાઈ તે દિ'. ૧૦૫ ગાથા નહિ? આ તો એનો વિસ્તાર થઈ ગયો છે ઘણો. જુઓ, ૧૦૫. '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં...**' જડ કર્મના બંધન તો જડથી. પણ તેને નિમિત્તભૂત થવું એ જીવદ્રવ્યનો સ્વભાવ નથી. આહાહા..! છે ૧૦૫. બીજી ગાથાઓ છે. ૪૮માં, ૮૪માં અને આ. ત્રણ ઠેકાણે અજ્ઞાનની વાત લીધી છે. ૪૮માં પહેલા આવી ગયું છે. એ વાત ઘણીવાર થઈ ગઈ. ૪૮માં પહેલા આવી ગયું છે. ૪૮ ગાથા છે ને. એ ૪૮માં છે, જુઓ!

'**અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે,...**' એ પણ વ્યવહારની અજ્ઞાનીની વાત છે. જ્ઞાનીની છે જ નહિ, જુઓ! '**રાગગ્રામમાં વ્યાપવું અશક્ય હોવાથી, વ્યવહારી લોકોનો અધ્યવસાનાદિક અન્યભાવોમાં જીવ કહેવારૂપ વ્યવહાર છે; પરમાર્થથી તો જીવ એક જ છે,...**' ત્યાં જીવનું અસ્તિત્વ સિદ્ધ કર્યું. અહીં કર્તાકર્મનું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? અસ્તિત્વ ભગવાન આત્મા એક સ્વરૂપે વિકાર આદિના ગ્રામમાં વ્યાપે એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! જીવનું અસ્તિત્વ એવું છે કે વિકારના અનેક પ્રકારમાં વ્યાપે (એવું) એનું સ્વરૂપ જ નથી. એ તો નિર્વિકારી દશામાં વ્યાપે એવું જીવદ્રવ્યનું સ્વરૂપ છે. ભાઈ! એ વાત જરી (સૂક્ષ્મ છે).

૧૦૫માં '**આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત...**' હોં. ઉપાદાન તો પુદ્ગલ એને કારણે બંધાય. પણ એને '**નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે...**' ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિના ભાન વિના. હું ચૈતન્ય છું, શુદ્ધ આનંદકંદ છું. એવું જ્યાં ભાન નથી એને વિકાર થાય તે નવા કર્મને નિમિત્ત થાય છે. અજ્ઞાનીના પરિણામ નિમિત્ત કહેવાય છે. એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ વ્યવહાર થાય છે. જ્ઞાનીને નૈમિત્તિક બંધ નથી, તેથી એને બંધને નિમિત્ત (થાય) એવા પરિણામ એને છે નહિ. આહાહા..! આ તો ભાઈ! અંતરની વાતું છે. એટલે એને જરી સમજવા માટે પ્રયત્ન કરવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ... નહિ... નહિ... આત્મા છે નહિ. સ્વભાવથી નથી તો આત્મદૃષ્ટિવંત પણ નથી. સમજાણું? એ તો ઘણે ઠેકાણે આવી ગયું. જુઓને! અહીં આવ્યું. જુઓ! ૧૦૫માં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'આ લોકમાં ખરેખર આત્મા સ્વભાવથી પૌદ્ગલિક કર્મને નિમિત્તભૂત નહિ હોવા છતાં પણ, અનાદિ અજ્ઞાનને લીધે પૌદ્ગલિક કર્મને નિમિત્તરૂપ થતા એવા અજ્ઞાનભાવે પરિણમતો હોવાથી નિમિત્તભૂત થતાં, પૌદ્ગલિક કર્મ ઉત્પન્ન થાય છે, તેથી પૌદ્ગલિક કર્મ આત્માએ કર્યું એવો નિર્વિકલ્પ વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પપરાયણ અજ્ઞાનીઓનો વિકલ્પ છે; તે વિકલ્પ ઉપચાર જ છે, પરમાર્થ નથી.'** અહીં કહે છે એ જ ત્યાં બીજી રીતે સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? ભાઈ! આ તો ચૈતન્ય જ્યોત પ્રભુ છે ને. એ તે કેમ બંધનને (કરે)? અબંધ સ્વભાવી આત્મા એવા બંધ જે કર્મ થાય તેને બંધ પરિણામનું નિમિત્ત પણ કેમ હોય? આહાહા...! ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ અબંધ સ્વરૂપી પ્રભુ છે. અબંધ સ્વરૂપીના પરિણામ અબંધ હોય. અબંધ ભગવાન આત્મા એની દૃષ્ટિ થઈ ત્યાં પરિણામ અબંધ થયા. એને બંધ પરિણામ... નવા બંધ તો જડને લઈને, પણ એને નિમિત્ત થાય એવા ભાવબંધ સ્વરૂપ અજ્ઞાનીને હોય છે, જ્ઞાનીને નહિ. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, અજ્ઞાનીઓનો વિકલ્પ છે. વિકલ્પમાં પરાયણ છે અને નિર્વિકલ્પથી ભ્રષ્ટ છે. અસ્તિ-નાસ્તિ કરી. ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા એવી નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાનથી ભ્રષ્ટ છે અને એકલો વિકલ્પમાં પરાયણ નામ રાગમાં તત્પર થઈ ગયેલો સ્વભાવને ભૂલીને, એવા જીવને, એવા જીવ નવા કર્મને નિમિત્ત થાય છે એવો વ્યવહાર અજ્ઞાનીઓનો ઉપચાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાનને લીધે પુદ્ગલકર્મના સંભવને અનુકૂળ...'** બસ આટલું. સંભવને અનુકૂળ છે ને? આ રાગ. એટલો દેખીને અજ્ઞાની કહે છે કે જો આ કર્મને કર્યા. સમજાણું કાંઈ? કહો, એય..! તો આ બધા બંગલા કોણ કરતું હશે પછી? આ મોટા મકાન કરે છે. ઈજનેર હતા. એના ભાઈ છે ને. ૧૮૦૦નો પગાર પાંચ-છ વર્ષ પહેલા. અને ઈજનેર. .. પથરા કરતા હતા.

મુમુક્ષુ :- પગાર કોને મળતો હતો?

ઉત્તર :- પગાર કોને મળે? પથરાને મળે એમ કહે છે ઈ. પગાર એટલે પૈસા પૈસાને મળે એમ. એની પર્યાય એને રહે. આત્માને ક્યાં આવતી હતી. આહાહા..! આ કહે છે, અહીં તો એમ જ કહેવાય ને. ત્યાં બીજું કહેવાય. એ તો બોલવાની રીત જુદી છે અને વસ્તુની સ્થિતિ જુદી છે. આહાહા..! ભાઈ! વસ્તુ તે વસ્તુ પોતાને કારણે રહે છે કે પરને કારણે રહેશે? અનાદિઅનંત સ્વતંત્ર પદાર્થ તે કોઈ સમયની અવસ્થા વિનાનો છે કે એ અવસ્થા બીજો કરે?

અહીં કહે છે કે અહીં તો સૂક્ષ્મ વાતમાં કર્મના રજકણો બંધાય તેને અનુકૂળ છે ઓલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગાદિ. કારણ કે એના પ્રમાણમાં જેવા વિકાર એટલા ત્યાં બંધાય. '**એવા રાગદિ પરિણામને કરતો...**' એટલી વાત. એવા બહારમાં જીવ પુદ્ગલ કર્મને કરે છે એવો અજ્ઞાનીનો વ્યવહાર છે. બહારથી કરે છે. ઓલો નિમિત્ત છે ને માટે કરે છે (એવો) અજ્ઞાનીનો વ્યવહાર. જ્ઞાનીને એ હોતો નથી.

જ્ઞાનીઓનો વ્યવહાર આત્માની શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ છે તેથી તેને રાગાદિ આવ્યો તેનું જ્ઞાન કરે છે એ એનો વ્યવહાર છે. એ... ભાઈ! એનું જ્ઞાન કરે એ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજો ન્યાયને. ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એવું જ્યાં અનુભવમાં, દૃષ્ટિમાં અનુભવ સાક્ષાત્કાર ચૈતન્યનો થયો, ત્યારે કહે છે કે એ રાગને જાણે એ એનો વ્યવહાર છે. સ્વને જાણવું તે એનો નિશ્ચય છે અને રાગને જાણવું એટલો વ્યવહાર છે. આહાહા..! રાગ પરજ્ઞેયમાં ચાલ્યો જાય છે. પોતાના અસ્તિત્વમાં નહિ. એમ જ્યાં ભાન (થયું) ત્યાં રાગને જાણવું કહેવું એ વ્યવહાર છે.

અજ્ઞાનીનો વ્યવહાર કર્મ એને કારણે બંધાણા એને સંભવને-ઉત્પત્તિને અનુકૂળ એવો રાગને, જોગને કરતો દેખાય પોતાના ભાવમાં, એ બહારથી જાણે આને કરે છે એમ અજ્ઞાની માને છે. ભાઈ! આ તો તત્ત્વ વ્યવસ્થા છે. વસ્તુની સ્થિતિની મર્યાદાની વાત છે. એ કાંઈ ઉપરટપકે હાથ આવી જાય એવું નથી. ઉપરટપકે સમજ્યા? શું કહે તમારે? ઉપર ઉપરથી. અમારે ઉપરટપકે ભાષા છે. તમારે ભાષા હશે હિન્દીમાં ઉપર ઉપરથી. ઉપલકદૃષ્ટિ તો આપણી ગુજરાતી ભાષા છે. આપણે નાખ્યું છે, ઉપલક આપણે નાખ્યું છે. જોયું હતું હમણાં.

ભગવાન! અહીં તો કહે છે તું અને તે, બે જુદા. વળી તું-તે યાદ આવી ગયું માધવભાઈનું. વેદાંતી હતા ને. તું, તે...એવું કહે. એવા પુસ્તક બનાવ્યા છે.

મુમુક્ષુ :- તું, તે, એ અને આ.

ઉત્તર :- હા, એવા બનાવ્યા હતા. દશાશ્રીમાળી વાણિયા હતા. સાંભળવા કાયમ આવતા. ઘણો મોટો પગાર હતો ૮૦૦-૧૦૦૦નો. રેલમાં. પણ બુદ્ધિ બહુ.. વેદાંતી થઈ ગયેલા. વેદાંતીમાં બાવા થઈ ગયેલા. અહીં આવ્યા હતા. .. પુસ્તક (આપ્યું), તું, તે. કીધું, ભૂલ છે કે નહિ આત્મામાં? એ તો માની શકે નહિ વેદાંતી. ભૂલ હોય તો દ્વૈત-બે થઈ જાય. બહુ ચર્ચા થઈ હતી. આમ વ્યાખ્યાનમાં આવતા. (સંવત) ૧૯૮૯માં, ૯૦માં, પછી ૯૫માં આવતા. પરમહંસ થઈ ગયા બાવા. વેદાંતી. ભૂલ છે કે નહિ? ભૂલ ન હોય તો ટાળવું શું રહ્યું? ઉપદેશ શું રહ્યો? ભૂલ છે તો તમારે નક્કી કરવું પડશે. એક અભૂલવાળું તત્ત્વ અને એક ભૂલવાળું તત્ત્વ, એક જ જીવમાં બે તત્ત્વ છે. અને ભૂલ હોય તો ટળી શકે છે. તો ટળી શકે ત્યારે બીજી દશા આવે છે. આ દ્વૈત થઈ ગયું વસ્તુના સ્વરૂપમાં. ત્યારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ કહેતા એમ બોલ્યા હતા. કાંઈક ભૂલ છે એમ માનવું તો પડશે. તમારું એકલું વેદાંત નહિ રહે કાંઈ. અદ્વૈત કાંઈ નહિ રહે. ભૂલ છે એમ કહેવા જશો તો ભૂલ છે તો ભૂલ એક જાતની નથી. ઘણી જાતની ભૂલો (છે). તો ઘણી જાતની ભૂલો એમાં નિમિત્ત પણ ઘણી જાતના રજકણો. એક રજકણ ભૂલમાં નિમિત્ત ન થાય. ઘણી જાતના અનંત રજકણો નિમિત્ત થાય. વિવિધતા. તો રજકણની વિવિધતાને માનવી પડશે. ભૂલની વિવિધતાને માનવી પડશે. અને ભૂલ વિનાનું આખું તત્ત્વ અખંડાનંદ એને માનવું પડશે. થઈ ગયું. સિદ્ધ થઈ ગયું. જીવ, આસ્રવતત્ત્વ અને અજીવતત્ત્વ સિદ્ધ (થઈ ગયા). સમજાય છે કાંઈ? વસ્તુ એમ છે. આ કાંઈ કલ્પીને આમ છે કે આમ હશે અને આમ. વસ્તુની સ્થિતિ આમ છે. પછી બોલતા હતા, નહિ? અહીં જ આવ્યા હતા ને. ભૂલ છે એ કાંઈક કહેવું તો પડશે. હવે રહ્યું શું? તમારું અદ્વૈત રહ્યું? એક જ આત્મા છે ને બીજો નથી. એકલા જ્ઞાનમાં ભૂલ કેમ હોય? પણ તો રહ્યું શું તમારે? લાવો ચૈતન્ય જાગૃત હોય તો. બતાવો, પ્રત્યક્ષ આનંદનો કંદ બતાવો પર્યાયમાં. પર્યાયમાં ભૂલ છે, સ્વરૂપમાં ભૂલ નથી. બે માનતા તમારે બધું ઊડી જાય છે. અનંતા જીવો સિદ્ધ થાય છે. અનંતા જીવો ભૂલમાં (છે એમ) સિદ્ધ થાય છે. અનંતા જીવો શુદ્ધ આનંદકંદ છે એમ સિદ્ધ થાય છે. વસ્તુ એમ છે. માને બીજું તો જાય ક્યાં? શેઠિયા! સમજાણું કાંઈ? એ ટાઢા માણસ. બહુ ટાઢા. માનવું તો પડે. પણ શું માનવું પડે?

અહીં કહે છે, ભગવાન આત્મા એક સ્વરૂપ શુદ્ધ દ્રવ્ય હોવા છતાં પોતે કર્મબંધનને અનુકૂળ એવા વિકારને કરતો, એ પોતાને કરતો પણ તે પોતાથી કરતો છે એવું અનુકૂળ છે ઓલા કર્મબંધનને. એટલે બહારના દૃષ્ટિવાળા એમ કહે છે કે જીવે કર્મ કર્યું. અજ્ઞાનીનો વ્યવહાર છે. સમજાણું કાંઈ? થોડું સૂક્ષ્મ પણ એણે સમજવું પડશે ને, ભાઈ! આ દુનિયાની ઝીણવટની વાતું નથી કરતા? સંસારની મોટી ઝીણવટની કરે. તો બાપુ! આ તો અરૂપી તત્ત્વ છે આખું. અને તે જ્ઞાનઘન છે. જેને રજકણનો સંબંધ નથી ત્રણ કાળમાં. રજકણ અને આ અરૂપી. એકબીજામાં અભાવ તત્ત્વ છે. નિમિત્ત સંબંધનો અર્થ પૃથક્ તત્ત્વ છે.

એટલે અહીં કહે છે કે ‘**પોતાના પરિણામને કરતો અને પુદ્‌ગલ કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી...**’ એટલું નિમિત્ત. કેટલું નિમિત્ત? ઓલા સંભવને નિમિત્ત અને ‘**પુદ્‌ગલકર્મના વિપાકથી ઉત્પન્ન થયેલી...**’ શું? ‘**વિષયોની જે નિકટતા...**’ દેખો! એ પાંચ ઈન્દ્રિયોના વિષયો આવ્યા શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ. ‘**તેનાથી ઊપજેલી...**’ એટલું નિમિત્ત થયું ને, ભાઈ! બહારથી ઉપજેલી એટલું નિમિત્ત થયું. તેનાથી તો નિમિત્ત કીધું. ઊપજેલી શું? ‘**સુખદુઃખરૂપ પરિણતિને...**’ ત્યાં સુખ-દુઃખના અનુકૂળ સંયોગો હતા એનું લક્ષ કરીને પોતાને ઉત્પન્ન થયેલી સુખદુઃખની પરિણતિ એટલે કલ્પના, એને ભોગવે છે. ‘**સુખદુઃખરૂપ પરિણતિને**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાવ્યભાવકભાવ વડે અનુભવતો-**' સંયોગો જે મળ્યા વિપાકને કારણે, અનુકૂળ-પ્રતિકૂળ. એ કલ્પના છે. અનુકૂળ-પ્રતિકૂળ વસ્તુમાં નથી. પણ એને પૈસા .. દેખી.. આહા..! હરખ આવ્યો. પ્રતિકૂળતા દેખી દુઃખ (થયું). એ હરખ-શોકને ભોગવે છે. એ હરખ-શોકની ઉત્પત્તિનું નિમિત્ત એ છે એમ બતાવ્યું. વિષયોની નિકટતા પણ કરી, પૂર્વ પાકને લઈને સામગ્રી મળે છે એ પણ સિદ્ધ કર્યું. વર્તમાન તારા પ્રયત્નથી સામગ્રી મળે છે એમ નથી. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે આપણને પૈસા નથી મળતા એ શું? કહે, રાજની વ્યવસ્થા નથી માટે. સમાજની વ્યવસ્થા નથી માટે. એમ નથી. કર્મનો પાક જ એવો એની પાસે છે કે એમાં અશાતાનો ઉદય હોય તો રોગની નિકટતા શરીરમાં થાય. શાતાનો હોય તો નિરોગતાની નિકટતા થાય. એમ શાતાના ઉદય હોય તો પુત્ર, પુત્રી કે અનુકૂળ પૈસા કે મકાન આદિ દેખાય. અશાતાનો ઉદય હોય તો પ્રતિકૂળ (દેખાય). એનું લક્ષ કરીને ઉત્પન્ન થયેલી સુખ-દુઃખની પરિણતિ-વિકલ્પ દશા, એને અજ્ઞાની ભાવ્યભાવકવડે અનુભવતો-ભોગવતો એવો જીવ. બહારમાંથી એમ કહેવાય. કેમકે કર્મના બંધનને અનુકૂળ એવા રાગ. અને કર્મના સુખ-દુઃખના પરિણામથી ઉત્પન્ન થયેલી વિકાર દશા. ઓલો નિમિત્ત છે, આ નૈમિત્તિક. અથવા આ નૈમિત્તિક તો આ નિમિત્ત. એવા બહારથી જે પુદ્‌ગલ કર્મને કરે છે અને ભોગવે છે '**એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.**' લ્યો! સમજાણું કાંઈ?

અહીં ભિન્નતા બતાવે છે. ભાઈ! તું તારાથી પરદ્રવ્યને ન કર અને પરદ્રવ્યને ભોગવતો પણ નથી. તારી માન્યતામાં લાકડું ગરી ગયું છે બીજું. આહાહા..! સમજાણું કાંઈ? સ્ત્રીના દેહને જીવ ત્રણ કાળમાં ભોગવે નહિ. કર્મને ભોગવે નહિ કહ્યું ત્યાં વળી સ્ત્રીનો દેહ તો ક્યાંય માટી-ધૂળ નોકર્મમાં ગયું. એ તો નોકર્મ છે. આ તો કર્મની વાત છે. આહાહા..! ભાઈ! તે કર્મના રજકણના પરિણામને ભોગવવું એ તારા અધિકારની વાત નથી. કર્મનું ફળ, હોં! અને કર્મનું કરવું-બંધાવું એ તારા અધિકારની વાત નથી. પરદ્રવ્ય છે. એની પર્યાયનો કર્તા એ અને ભોક્તા એનો ઈ. બહારથી અનુકૂળતા દેખી અને લક્ષ દેખીને રાગ ને હરખ થયો તેથી જાણે બહારને કરે, કર્મને કરે અને જીવ કર્મને ભોગવે એવો અજ્ઞાનીઓનો અનાદિથી પરલક્ષી નિમિત્તને દેખનારને આવો વ્યવહાર ભાસે છે. આહાહા..!

ગજબ ટીકા છે ને! સમજાય છે કાંઈ? આવી વાત દિગંબર સંતો સિવાય (ક્યાંય ન હોય). સનાતન માર્ગ છે આ. એ વાત ક્યાંય (નથી). આ પદ્ધતિની રીત. આમ સમય સમયની પર્યાય, એનું વ્યાપ્ય તેનું દ્રવ્ય. ભગવાન આત્મા ભૂલે તો તેનું વ્યાપ્ય વિકાર. અને ભાવ્ય પણ હરખ શોકનો વિકાર. પણ પરને ભોગવે અને પરને કરે એમ કહેવું એ અજ્ઞાનીની દૃષ્ટિ બાહ્ય છે માટે માને છે. આહાહા..! કહો, ચીમનભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- તેરસ છે ને આજે.

ઉત્તર :- તેરસ છે ને. આ તમારી માગણીનો દિ' છે આજ. કપુરભાઈ આવ્યા છે ને કપુરભાઈની સુગંધ છે કે નહિ આ? બહાર આવી આ વાત પહેલી. તેરસ. આસો સુદ તેરસ.

ભગવાન! તું તો જાગતી જ્યોત છો પ્રભુ, હોં! એમ કહે છે. બાપુ! કર્મના બંધનને તો તું ન કરે. કારણ કે એ તો પરદ્રવ્ય છે. પણ એને નિમિત્તરૂપે થવું એ પ્રભુ! તારા સ્વભાવમાં નથી, હોં! એમ કહે છે. આહાહા..! ભગવાન! તું તો અબંધસ્વરૂપી છો ને પ્રભુ! એ અબંધ સ્વભાવીના પરિણામ અબંધ હોય. સબંધ સ્વભાવીના પરિણામ બંધ અને નવાને નિમિત્ત થાય એવો તું છો? ભાઈ! નથી એવો તું, હોં! અજ્ઞાનથી તેં માન્યું છે, એમ કહે છે. આહાહા..!

એના ઘરની વાત છે ને, ભાઈ આ તો. એની પોતાની વાત છે. એના ઘરની છે તે કહેવાય છે કે આ બાપુ તારું ઘર. તું તારા ઘરને ભૂલીને રાગમાં આવ્યો એટલે નવા બંધનને નિમિત્ત થયું. નવા બંધન તો એને કારણે બંધાણા. પણ એને નિમિત્ત થયું એટલે લોકો બહારથી એમ કહે છે. એ છે તો પોતાના રાગનો કર્તા અજ્ઞાનમાં પણ. પણ રાગનું કર્તાપણું બાહ્ય બંધન અને નિમિત્ત દેખીને, બહારવાળા એમ કહે છે, અજ્ઞાનીઓ બાહ્યદૃષ્ટિ, બહિર્આત્મા એમ કહે છે કે એણે કર્મ કર્યું. બહારમાંથી ભાઈ બહિર્આત્મા આવ્યું. સમજાણું? બાહ્યદૃષ્ટિ છે ને એની? સમજાણું કાંઈ?

'**એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી...**' ભાષા જુઓને! પાઠમાં તો એ લીધું હતું કે '**ववहारस्स दु आदा पोग्गलकम्मं करोदि णेयविहं**।' અને '**तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं**।।' એ અજ્ઞાનીઓનો વ્યવહાર એમ કહે છે. એ વ્યવહાર આમાંથી આમ કાઢે જુઓ! વ્યવહાર તો એમ છે ને. પણ બાપુ! અરે..! ભગવાન! જુઓ! આ કહ્યું. નિશ્ચયથી કરે નહિ પણ વ્યવહારથી તો કરે છે. એમ 'કુંદકુંદાચાર્યે' ૮૪ ગાથામાં કહ્યું છે. ભાઈ! એમ કહ્યું નથી, બાપુ! એ તો ટૂંકા શબ્દો છે. એથી આચાર્ય મહારાજ ટીકાકારે એને સ્પષ્ટ કરીને આમાં આમ કહેવા માગે છે એમ ટીકા કરી. ટીકાનો અર્થ સ્પષ્ટ. સમજાણું? એમાં એમ કહે છે. તું એમ પકડી લે નહિ કે જો વ્યવહારથી તો કર્મને કરે ને. વ્યવહારથી તો ભોગવેને. પણ કોને? કોને માટે? કે જે કર્મબંધન તો એના કારણે વ્યાપ્યવ્યાપકથી થાય. એને કારણે ભાવ્યભાવકથી ભોગવાય એનામાં ને એનામાં. પણ એને અનુકૂળ રાગવાળો દેખીને એને સુખ-દુઃખની સંયોગની અનુકૂળતાથી ઊપજેલી હરખશોકની પરિણતિ દેખીને, ભોગવનાર તો સુખદુઃખની પરિણતિને ભોગવે છે, પણ દેખીને એમ કહે છે એ આને ભોગવે છે. બાપુ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પૈસા મળ્યા એ ભોગવે ને. અનુકૂળ... સમજાણું કાંઈ? અહીં તો કર્મને ભોગવે એમ કહેવું છે, હોં! કર્મને ભોગવે નહિ. ભાઈ! બાંધ્યા એવા ભોગવવા. એ વાત સત્યની નથી, સાંભળને. એ તો એક સમજાવવાની રીત છે. એણે વિકાર કરેલો અને ત્યાં કર્મના રજકણો પોતાના કારણે બંધાણા, એના ફળ કાળે અનુકૂળ સામગ્રી બહારની આવે એટલે નિમિત્ત નૈમિત્તિક સંબંધ દેખીને વાત કરી છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો... એ સવારમાં આવ્યું હતું. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એવો આ આત્માને કહે છે કે '**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**'. એ તો પ્રભુ શાશ્વત જ્ઞાનદર્શનનો ધણી એ તો છે. જ્ઞાન દર્શન ઉપયોગસ્વરૂપ શાશ્વત છે. એ તે જીવ નવા કર્મને નિમિત્ત થાય એવું એના સ્વરૂપમાં ક્યાં છે? આહાહા..! જરી અસ્થિરતાથી બંધાય છે એ વાતને સમ્યગ્દૃષ્ટિના સમ્યગ્જ્ઞાનમાં ગૌણ કરીને તેને જ્ઞેય કરી નાખ્યું છે. પરજ્ઞેય. પરજ્ઞેયમાં નાખી દીધું છે. સમજાણું? વ્યવહારગ્રંથમાં એમ આવે કે દસમા ગુણસ્થાન સુધી રાગ થાય, એનાથી છ કર્મ બંધાય. રાગનો અંશ છે ને દસમે? તો છ બંધાય. એવો નિમિત્ત સંબંધ. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવા વાત કરી. પરમાર્થમાં તો એ રાગ નિમિત્ત અને (કર્મ) બંધાય એ વસ્તુની દૃષ્ટિવંતમાં નથી. જેમ દ્રવ્યમાં નથી...

૧૦૦મી ગાથામાં આવશે કે જેમ ઘડાની પર્યાય થાય, ઘડાની, રોટલીની પર્યાય થાય એમાં જીવદ્રવ્ય તો નિમિત્ત છે જ નહિ, પણ જ્ઞાનીની પર્યાય એમાં નિમિત્ત નથી. કોણ નિમિત્ત છે? ૧૦૦મી ગાથા. જે ઘડો, રોટલી આદિ થાય તે પર્યાયમાં જોગ અને રાગ નિમિત્ત છે. પણ કોનો? કે જે જોગ અને રાગ પોતાનો માને એનો. આહાહા..! શું કહે છે? શેઠિયા! જે કંપન્ન અને રાગ મારો છે એવો કર્તા માનનારા અજ્ઞાનીની રાગ અને યોગની ક્રિયા એ પોતાની માને છે એટલે અજ્ઞાનીના રાગની ક્રિયા રોટલો અને ઘડાની પર્યાયમાં નિમિત્ત દેખીને એને કર્તા કહેવામાં આવે છે. અજ્ઞાનીની પર્યાય નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. જ્ઞાનીની નહિ. કારણ કે જ્ઞાની રાગ અને જોગની ક્રિયા પોતામાં માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? રાગ અને જોગની ક્રિયાનો ધણી નથી. ધણી ચૈતન્ય સ્વરૂપનો છે. સ્વસ્વામીસંબંધ છે. હું જ્ઞાનાનંદ ચૈતન્ય છું એવું સ્વ એનો હું ધણી છું. એમ માનનાર એ નવી વસ્તુની પર્યાયને એની પર્યાય નિમિત્ત એમ છે નહિ. ત્યારે છે શું? ધર્મીની અંતરદૃષ્ટિના પરિણામમાં જે નવી ચીજ રાગાદિ થાય એ આ જ્ઞાનમાં નિમિત્ત થાય છે, જ્ઞાનમાં નિમિત્ત થાય છે. આ એને નિમિત્ત ન થતાં આને નિમિત્ત થાય છે. આહાહા..! સમજાય છે? ...! આહાહા..!

આ તો અંતરની લીલાની વાત છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. કહે છે કે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! એ બાહ્યની ક્રિયાના પરિણામને નિમિત્ત શી રીતે નિમિત્તકર્તા હોય? સમજાણું? જીવદ્રવ્ય શી રીતે હોય? જીવદ્રવ્ય તો નિત્ય ત્રિકાળ (છે). (તો) પરની પર્યાય થાય ત્યાં સુધી એની હાજરી રહેવી જોઈએ. બીજી રીતે (કહીએ). જ્યારે પરની પર્યાય થાય ત્યારે રાગ-દ્વેષ અને યોગનું નિમિત્ત હોય, એનું જો નિમિત્ત હોય, એની દૃષ્ટિ ત્યાં (છે) તો કાયમ એને યોગ અને રાગમાં એકાકાર જ રહેવું જોઈએ. એવો અજ્ઞાનીનો યોગ અને રાગ કર્તા થાય માટે સામાની પર્યાય નિમિત્ત થાય છે. જ્ઞાનીનો યોગ એનો છે નહિ. કારણ કે કાયમની ચીજ નથી, જ્ઞાનીનો યોગ નથી, જ્ઞાનીનો રાગ નથી. માટે જ્ઞાનીની પર્યાય પણ પરપર્યાયને નિમિત્તકર્તા છે એમ છે નહિ. સમજાણું કાંઈ? લ્યો, ગુલાંટ ખાધી વાત.

ત્યારે જ્ઞાનીને શું છે? એ રાગ થયોને વ્યવહારરત્નત્રય આદિનો. એનો વ્યવહાર એને જાણે છે એવો વ્યવહાર. એના જાણવામાં ઓલું નિમિત્ત થયું. ઉપાદાન તો પોતાનું જ્ઞાન છે. રાગ થયો એને અહીં નિમિત્ત થયું જાણવામાં. આમ જે નિમિત્ત થતો, રાગનો કર્તા થતો, રાગનું અસ્તિત્વ સ્વીકારતો એ જીવની રાગની પર્યાય ઘડો અને રોટલીની પર્યાયમાં નિમિત્ત કહેવામાં આવે છે. એની એ વાત અહીં છે. સમજાણું કાંઈ? માલચંદજી! ત્યારે શું ધંધો આખો દિ' કરો છો કે નહિ દુકાન ઉપર? આહાહા..! ભગવાન!

મુમુક્ષુ :- આપ ના પાડો છો, અમે તો કરીએ છીએ. આપ ના પાડો તો શી રીતે અમારે કહેવાય?

ઉત્તર :- અહીં ના પડાય અને બહાર હા પડાય એમ હશે? આહાહા..!

૮૪મી ગાથા આ રખડનાર જીવો શું માને છે (એની છે). ૮૪ (લાખ) યોનિમાં રખડનાર જીવ કેવા હોય એની વાત છે.

માટી પોતાના ઘડામાં પરિણમે છે. તો પરિણમનારો તે કર્તા છે અને પર્યાય થઈ તે કાર્ય છે. વાત તો એમ છે. પણ કુંભાર તેના નિમિત્તને અનુકૂળ, આ સંભવને અનુકૂળ છે. આમ ઘડો થાય... આમ ઘડો થાય (એમ) વિકલ્પ (આવે). એવો વિકલ્પ દેખીને બહારના દેખનારા એમ કહે છે કે કુંભારે ઘડો કર્યો. કુંભારે ઘડો કર્યો એ અજ્ઞાનીનો વ્યવહાર છે. એ લોકનું અજ્ઞાન છે. અહીં કર્મના બંધનના કાળમાં અજ્ઞાનીના એને બંધનને અનુકૂળ જે અનુકૂળ જે રાગ હતો એ રાગનો જે કર્તા થાય છે... સમજાણું કાંઈ? એ બહારથી એમ માને છે. એની દૃષ્ટિ પણ એમ છે કે હું વ્યવહારે તો કર્તા છું ને એનો. વ્યવહારે તો કર્તા છું ને. આહાહા..! સમજાણું કાંઈ?

બાપુ! ચૈતન્યનો પૂંજ પ્રભુ છે. એને આ ન હોય એમ કહે છે. ભાઈ! ભગવાનમાં વળી રાગ અને યોગના કંપન કેવા? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકારી પર્યાય જીવ સ્વભાવમાં છે જ નહિ. સમજાણું કાંઈ? એ પાંચેય એક સમયની પર્યાય જીવ સ્વભાવમાં નથી. ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે પોતાના દષ્ટિનો વિષય જ્યાં લીધો (તો) કહે છે, તેને વિકારી પરિણામ થાય અને નવું તો કર્મ એને લઈને બંધાય. પણ વિકારી પરિણામ નિમિત્ત થાય એવું જ્ઞાનીને રહેતું નથી. અજ્ઞાનીની દષ્ટિ સ્વભાવની શુદ્ધતાની પરિપૂર્ણતામાં નથી અને રાગ ને વિકલ્પના કર્તાપણામાં બુદ્ધિ છે તેથી પોતે કરે છે પોતાના પરિણામને, પણ બાહ્ય બંધનને અનુકૂળ દેખીને આણે કર્મ કર્યું અને ભોગવવાની ક્રિયા કાળે થાય છે હરખ શોકના પરિણામ પોતામાં, પણ ઓલાને નિમિત્ત દેખીને આ આને ભોગવે છે એમ અજ્ઞાનીઓનો વ્યવહાર પ્રસિદ્ધ છે. વસ્તુના સ્વરૂપમાં એમ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનીની બહુમતિ તો થઈ ને.

ઉત્તર :- અજ્ઞાનીની બહુમતિ અનાદિથી ચાલી આવે છે. સત્યને સંખ્યાની જરૂર નથી, સત્યને સંખ્યાની જરૂર નથી. સત્યને સત્‌પણાની જરૂર છે.

મુમુક્ષુ :- વ્યવહારમાં પણ ગાંડાની ગણતરી ગણાય નહિ.

ઉત્તર :- હોય જ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારમાં પણ નથી.

ઉત્તર :- એમ જ હોય ને. ગાંડાને પૂછવા જતા હશે? ગાંડાને પૂછવા જાતા હશે છોડીના લગન કરવા, ફલાણા કરવા? આમ કેમ કરવું? ફલાણું કરવું. જુઓ! ખીમચંદભાઈને ત્યાં જાવું પડે છે ત્યાં. એના ભાઈની દિકરી અને દિકરો પરણે તો આને જાવું પડે છે. શું કરે પણ? ચાર દિ' રહી આવ્યા ને? ત્યાં જઈ આવ્યા. હવે શું કરવું ભાઈ? તમે કહો. અમારી દિકરી અને આ છોકરો બેય... આમ કરજો. .... પૂછતા હશે? ઘનો બિચારો ઓલો છે. કાંઈ ઓલો નથી. પણ કાંઈ એને પૂછે? એ તો બિચારો ખાનદાન માણસ છે, હોં! પણ એને પૂછે તો કહે, મને કાંઈ ખબર ન પડે. બાપુજીને પૂછો જાવ. કહો, સમજાણું કાંઈ?

એમ કહે છે કે બાપુ! જગતના ઘણાં સાચું પડે, ઘણા જીવો એમ માને એટલે સત્ય થઈ જાય એમ નથી. એમ હોય નહિ. સત્યને સત્ય તત્ત્વની જરૂર છે. એને કોઈ સંખ્યાની જરૂર નથી. કે ઝાઝા માનનારા (હોય તો સાચું). ઝાઝા માનનારા તો મિથ્યાદષ્ટિ અનંતા અનાદિ કાળથી પડ્યા છે. આહાહા..! નરકમાં એક સમકિતી અને અસંખ્યાતા નારકી (છે). એટલી સંખ્યા અનાદિની પડી છે. એક સમકિતી અને અસંખ્યાતા નારકી, બીજો સમકિતી અને અસંખ્યાતા નારકી, એમ અસંખ્ય સમકિતી અને અસંખ્યગુણા નારકી-મિથ્યાદષ્ટિ. દેવમાં પણ અસંખ્ય સમકિતી એના કરતા અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ. તિર્યંચમાં પણ અસંખ્યાતા સમકિતી પાંચમા ગુણસ્થાનવાળા હોં! ચોથા ગુણસ્થાનવાળા. એથી અસંખ્યગુણા મિથ્યાદષ્ટિ. અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એકેન્દ્રિયમાં તો એકલા મિથ્યાદષ્ટિ નિગોદમાં. મનુષ્યમાં સંખ્યાતા કો'ક સમકિતી એથી સંખ્યાત્ ગુણા મિથ્યાદષ્ટિ.

મુમુક્ષુ :- ... છે જ નહિ.

ઉત્તર :- છે જ નહિ ને. આ સંમુર્છન મનુષ્ય સિવાય. આપણે અહીં .. ત્યાં તો બધા મિથ્યાદષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુમતિનો ફેંસલો.

ઉત્તર :- બહુમતિનો ફેંસલો આ. બહુમતિ શું કામ આવે? સત્ય કામ આવે.

કહે છે... સમજાણું? '**એવો અજ્ઞાનીઓનો અનાદિથી...**' જોયું! અનાદિથી એવા સંસ્કાર છે એને. તેથી '**અનાદિ સંસારથી પ્રસિદ્ધ...**' આહાહા..! જેમ ઓલામાં કીધું ને? સિદ્ધ પ્રસિદ્ધ. સિદ્ધ પ્રસિદ્ધ આવે છે ને સ્તુતિમાં? એમ અનાદિનું પ્રસિદ્ધ છે અજ્ઞાનીનું. પંડિતજી! આવે છે ને? પ્રસિદ્ધ વિશુદ્ધ સિદ્ધ. આમ પોકાર કરે છે, પ્રસિદ્ધ છે. સિદ્ધ તો પ્રસિદ્ધ, શુદ્ધ, વિશુદ્ધ છે. આ શું કહ્યું સમજાણું આમાં? કે અજ્ઞાની નવા કર્મ બંધનની સ્વતંત્રતાના કાળમાં એના કર્મને અનુકૂળ એવા રાગને, યોગને કરતો છે. પણ રાગ અને યોગ તો પોતાનું વ્યાપ્યવ્યાપક અને ભાવ્યભાવક છે પોતાનું. છતાં તે બાહ્યના સંખ્યા અને કર્મને નિમિત્ત દેખીને, નિમિત્તપણે દેખીને એ કર્મને જીવે કર્યું અને જીવ બાંધ્યા એવા કર્મને ભોગવે, એવો અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર છે. સમજાણું કાંઈ? જ્ઞાનીનો એ વ્યવહાર નથી. આહાહા..! વ્યવહાર વ્યવહાર કરે છે ને. જો વ્યવહારે કર્યું. ભગવાન સાંભળને, ભાઈ! એ વળી બીજી રીતે. જરી અસ્થિરતાનો ભાગ છે એથી પરિણમન છે એટલું જ્ઞાની જાણે છે. જ્ઞાની જાણે છે. ૪૭ નયમાં એ નય આવે છે. જ્ઞાની જાણે છે કે મારામાં જરી રાગ છે એ કર્તૃત્વ પરિણમન મારું છે. એમ જાણે છે. અને અકર્તૃત્વ પરિણમન પણ મારું છે એમ જાણે છે. એમ રાગનો ભોગવટો ભોગ્ય ભોક્તા અને અભોક્તા પણ પરિણામ જીવના છે. જીવનો ધર્મ છે. ૪૭ નયમાં લીધું છે. ગણધરદેવ પણ જાણે છે. એ પ્રવચનસારમાં છે. પણ આ રાખીને. દષ્ટિ તો આ છે. પણ જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે તેથી જ્ઞાન સ્વને અભેદ તરીકે દેખે (અને) પર્યાયમાં અંશપણે રાગને પરિણમે અને અંશપણે વિકારનો ભોક્તા છે. અભોક્તા અકર્તા અને ભોક્તા કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોક્તૃત્વ, અભોક્તૃત્વ એક સમયમાં જ્ઞાનીને બધી નયો જ્ઞાનમાં આવે છે. સમજાણું? પણ આ વસ્તુનું ભાન રાખીને પર્યાયનું જ્ઞાન કરે છે. આને ભૂલીને પર્યાયનું જ્ઞાન થાય નહિ. કહો, સમજાણું કાંઈ? ભાવાર્થ કહેશે હવે. આ તો ટીકા થઈ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૪, શુક્રવાર તા. ૨૮-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૪-૮૫, પ્રવચન-૧૭૦**

કર્તાકર્મ અધિકાર. ૮૪ ગાથા. ભાવાર્થ ચાલે છે. ભાવાર્થ આવ્યો ને? ટીકા પૂરી થઈ. શું કહે છે? જુઓ!

'**પુદ્‌ગલકર્મને પરમાર્થે પુદ્‌ગલદ્રવ્ય જ કરે છે;...**' કર્મ રજકણમાં કર્મરૂપી પર્યાય થાય છે ત્યારે આત્મા રાગરૂપ પરિણામ પોતાને કારણે પોતામાં કરે છે. પુદ્‌ગલ કર્મબંધનની પર્યાયને આત્મા કરતો નથી. સમજાણું કાંઈ? જે કર્મબંધન થાય છે તેને પણ આત્મા કરતો નથી. રજકણ કર્મની પર્યાય કર્મરૂપે થવાની લાયકાતથી કર્મ રૂપે થાય છે. '**જીવ તો પુદ્‌ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે.**' સમજાણું કાંઈ? સ્વયં કર્મ પુદ્‌ગલ જે છે એ કર્મની પર્યાયરૂપ પરિણમનમાં સ્વયં કર્તા થઈને જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મની પર્યાયરૂપ કર્મ થાય છે. એમાં આત્મા એ કર્મની પર્યાયને કરે છે એમ છે નહિ. જેનો જે પ્રકારે વિકાર થાય એ પ્રકારે જ ત્યાં બંધન થાય છે. તો પણ વિકાર પરિણામ બંધનની ક્રિયાનો કર્તા નથી. તો આ શરીરાદિ બાહ્ય ક્રિયાનો કર્તા આત્મા છે એ તો ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિશ્ચય..

ઉત્તર :- નિશ્ચય એ જ સત્ય છે. વ્યવહાર તો કહેવામાત્ર છે. અજ્ઞાની માને છે એમ કહે છે અહીંયાં. અજ્ઞાની એમ માને છે કે મેં કર્મબંધન કર્યું. જ્ઞાનાવરણીય મેં બાંધ્યા. મેં ભૂલ કરી તો મને જ્ઞાનાવરણીય બંધાયું. એવો અજ્ઞાનીઓનો અનાદિનો પ્રસિદ્ધ વ્યવહાર છે. અજ્ઞાનીઓનો પ્રસિદ્ધ વ્યવહાર છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનો નહિ?

ઉત્તર :- જ્ઞાનીનો નહિ. જ્ઞાનીને તો કર્મબંધન થતું જ નથી. સમજાણું કાંઈ?

પહેલા કહે છે કે '**પુદ્‌ગલકર્મને પરમાર્થે...**' કેમ મોડું થયું? વ્યાખ્યાન શરૂ થાય એ પહેલા આવવું જોઈએ. ગડબડ થઈ જાય ને. વ્યાખ્યાન ... આ તો એવી ચીજ છે. '**વળી પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મને ભોગવે છે;...**' આહાહા..! જડ કર્મનો ઉદય જડ ભોગવે છે. આત્મા નહિ. જૈનદર્શનમાં તો એમ આવે છે કે આત્મા કર્મને કરે અને આત્મા કર્મને ભોગવે. એમ છે નહિ. સમજાણું કાંઈ? આ આત્મા કર્મના બંધનમાં અનુકૂળ રાગને કરે, પણ કર્મની બંધન ક્રિયા ન કરે. એ પણ વ્યવહારથી અજ્ઞાની માને છે કે અમે વિકાર તો કરીએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છીએ ને. એના બંધનમાં અનુકૂળ વિકાર તો કરીએ છીએ ને. તો વ્યવહારથી હું એનો કર્તા છું એમ અજ્ઞાનીનો પ્રસિદ્ધ વ્યવહાર છે. ધર્મીને તો કર્મ બંધનમાં નિમિત્ત થવાના પરિણામ થતાં જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ ઉપર છે તો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિમાં પોતાના પરિણામ શુદ્ધ થાય છે. જેમ આત્મદ્રવ્યમાં કર્મ બંધનમાં નિમિત્ત થવાની લાયકાત નથી. સમજાણું કાંઈ? આ તો પહેલા દ્રવ્યની વાત કરે છે. વસ્તુ જે આત્મદ્રવ્ય છે, વસ્તુ જે આત્મદ્રવ્ય છે એ નવા બંધનમાં નિમિત્ત થવાને લાયક જ નથી. આત્માનો સ્વભાવ નવા બંધનમાં નિમિત્ત થાય એવો છે જ નહિ. પણ જ્યારે સ્વભાવ આવો નથી તો સ્વભાવની દૃષ્ટિવંત પણ બંધનમાં નિમિત્ત થાય એવા જ્ઞાનીને પરિણામ થતા જ નથી. આહાહા..! ભારે! સમજાણું કાંઈ?

ત્યારે કહે, જ્ઞાનીને તો દસમા ગુણસ્થાન સુધી રાગ આવે છે અને બંધન થાય છે ને? નહિ. એ તો રાગ છે અને રાગથી બંધન (થાય છે), એ બધું વ્યવહારમાં નાખીને, વ્યવહારમાં પુદ્ગલમાં બધું નાખી દીધું. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. સત્ત્વ, તત્ત્વની વાત એવી છે કે અંતરમાં એવી રુચિ થઈને હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું. મારું શરણ તો મારો આત્મા છે. મને રાગાદિનું શરણ નથી, કર્મનું શરણ નથી, પરનું શરણ નથી. સમજાણું કાંઈ?

અનાથિ મુનિની વાત સાંભળી છે ને? સાંભળી હોય ને. એ તો સાંભળી જ હોય ને. શ્રેણિકરાજાની વાત આવે છે ને શ્વેતાંબરમાં? સમજાણું કાંઈ? એક મુનિ હતા. જંગલમાં રહેતા હતા આમ ધ્યાનમાં. એક શ્રેણિક રાજા હતા. ઘોડેસવારી કરતા કરતા ત્યાંથી નીકળ્યો. મુનિ ધ્યાનમાં બેઠા હતા. બાવળની નીચે બેઠા હતા. બબુલ. નીચે ઉતરીને પગે લાગ્યો. મહારાજ! આપ તો પુણ્યવંત દેખાવ છો. આપ તો પુણ્યવંત દેખાવ છો. આ શું? આવી કેવી સ્થિતિ? અશરણ-અનાથ! આ શું? જંગલમાં આ શું? મહારાજ! આપ મારા રાજ્યમાં આવો ને. હું આપને શરણ (આપીને) નાથ કરું. શરણ આપું. આપ રાજમાં આવો. (મુનિ કહે છે), રાજન!

હું રે અનાથિ નિર્ગ્રંથ મેં લીધો રે સાધુજીનો પંથ રે શ્રેણિક રાજ
હું રે અનાથિ નિર્ગ્રંથ...

રાજાને કહે છે, હે રાજન! શ્રેણિક રાજન!

હું રે અનાથિ નિર્ગ્રંથ, મેં લીધો રે આતમ કેરો પંથ. શ્રેણિક રાજ!
હું રે અનાથિ નિર્ગ્રંથ...

મહારાજ! આપ મારા રાજમાં આવો ને. હું સનાથ (થાઉં). રાજન! તું અનાથ છે. કપુરભાઈ! રાજન! તું અનાથ છે. મહારાજ! તમે મને ઓળખ્યો નહિ. ... તમે મને ન ઓળખ્યો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુનિને કહે છે કે તમે મને ઓળખ્યો નહિ. રાજન! તું અનાથ છો. ફરીને કહ્યું. મહારાજ! આવા ત્યાગી થઈને આમ શું કરવા કહો છો? જુઓ તો મારા લક્ષણ. મારે તો હજારો રાણી છે, કુટુંબ પરિવાર છે, મોટું રાજ છે. રાજન! પાછું કહું છું કે તું અનાથ છે. કેમ અનાથ? રાજન! આત્મા શું ચીજ છે એના શરણ વિના તું અનાથ છો. કપુરભાઈ! આહાહા..! તારું શરણ જે ચીજ છે એની તને ખબર નથી. .. ભાઈ! અનાથ-અનાથ. હું અનાથિ હતો. હવે અનાથ નથી. મુનિ કહે છે, હવે હું અનાથ નથી. હું તો સનાથ છું. મારા શરણનો મને પત્તો લાગી ગયો. મારા ચૈતન્ય ભગવાન આનંદકંદનું મને ભાન થયું, હું સનાથ થઈ ગયો. હું અત્યારે અનાથ નથી, પહેલા અનાથ હતો. આહાહા..! તું તો રાજન! અત્યારે પણ અનાથ છે. આત્મા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માનું અંતર શરણ લીધું નથી ત્યાં સુધી તું સનાથ ક્યાંથી થાય? સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે જ્ઞાનીને પોતાની શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ થવાથી નવું કર્મ બંધન તો નથી, કેમ કે એમાં નિમિત્ત થવાના પરિણામ જ્ઞાનીને થતા જ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે પુદ્ગલ કર્મને પરમાર્થથી પુદ્ગલ દ્રવ્ય કરે છે. અને '**જીવ તો પુદ્ગલકર્મની ઉત્પત્તિને અનુકૂળ એવા પોતાના રાગાદિક પરિણામોને કરે છે.**' આ અજ્ઞાનીની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? '**વળી પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મને ભોગવે છે;...**' કર્મનો જે ઉદય આવે છે એને કર્મ ભોગવે છે, જડ ભોગવે છે. આત્મા એને ભોગવનાર છે જ નહિ. આહાહા..! '**જીવ તો પુદ્ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે.**' અજ્ઞાની હોં! અહીંયા અજ્ઞાનીની વાત છે. સમજાણું કાંઈ? મોડું થઈ ગયું, ભાઈ! ઘણી વાત ચાલી ગઈ. ૮૪નો ભાવાર્થ. પહેલા વાત બહુ ચાલી ગઈ. સમજાણું કાંઈ? અહીં તો ટાઈમસર આવવાની વાત છે. રાજા હો કે મહારાજા. ટાઈમસર આવે અને ટાઈમસર બેસે. સમજાણું કાંઈ? શું કહે છે? એય..!

'**જીવ તો પુદ્ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે. પરંતુ જીવ અને પુદ્ગલનો આવો...**' આ આવ્યું ભાઈ હવે. '**જીવ અને પુદ્ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ દેખીને અજ્ઞાનીને એવો ભ્રમ છે...**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા પોતાની શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિને ભૂલીને હું જ્ઞાયક ચૈતન્ય મારું શુદ્ધ સ્વરૂપ છે. મારામાં રાગ પણ નથી તો કર્મ અને શરીરનું અસ્તિત્વ તો મારામાં ક્યાંથી આવે? સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ધર્મીની આવી દૃષ્ટિ છે. તો ધર્મીની દૃષ્ટિમાં ચૈતન્ય શુદ્ધ વસે છે દૃષ્ટિમાં. રાગ એને થાય છે એમ કહેવાતું જ નથી. ધર્મીને તો શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થવાથી શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ અતીન્દ્રિય આનંદનો અનુભવ સમકિતીને હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાહે તો મંડુક-દેડકો હોય, ચાહે તો માછલી હોય સમ્યગ્દષ્ટિ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. એવી જેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ, અનુભવ થયા એના સ્વભાવની પરિણતિ શુદ્ધ થઈ જાય છે. ચોથા ગુણસ્થાનથી વાત ચાલે છે. સમજાણું કાંઈ? રાગની ઉત્પત્તિ સમ્યગ્દષ્ટિને થતી નથી એમ અહીંયાં કહે છે. આહાહા..! શરાફજી! ભારે ઝીણી વાત, ભાઈ! રાગની ઉત્પત્તિ નવા કર્મમાં નિમિત્ત છે એવું અજ્ઞાનીને કહ્યું છે. આહાહા..!

ભાઈ! તારા ચૈતન્યની સંપદા કોણ છે? કેવો ચૈતન્ય મહા ચૈતન્ય રત્નાકર પ્રભુ આત્મા છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત ગુણ રતન પ્રભુ આત્મા છે. કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને રત્ન કહ્યું ને? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રિરત્ન છે. નિર્વિકલ્પ આત્માના અનુભવની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ એ ત્રણ રત્ન છે. તો જો સમ્યક્ પર્યાય રત્ન છે તો એવી એવી અસંખ્ય પર્યાય મુક્તિ થવા પહેલા થાય છે. મુક્તિ થયા પહેલા એવી અસંખ્ય પર્યાય થાય છે. અને મુક્તિ થયા પછી એવા અનંત-અનંત જ્ઞાન-દર્શન આદિ આનંદપર્યાય થાય છે. જે રત્નત્રય જે પર્યાય છે એને રતન કહ્યું, એનું ફળ તો મહારતન છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ મહારતન છે. એવા અનંત જ્ઞાનાદિ અનંત રતન એક જ્ઞાનગુણમાં આત્મામાં દર્શનગુણમાં, ચારિત્રગુણમાં આવા અનંત રતન વર્તમાનમાં પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું? પોપટભાઈ!

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ચૈતન્ય રત્નાકર છે. એને ચૈતન્ય રત્નાકર કેમ કહ્યો? કે ભગવાન આત્મા અનંત રતનથી ભરેલો છે. જેને મોક્ષના માર્ગની પર્યાય પ્રગટ થઈ એને જ્યારે રતન કહ્યું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. તો સાધક જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી પર્યાય અસંખ્ય થાય છે. અસંખ્ય થયા પછી એને તત્કાળ કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? શેઠિયાજી! હજી સમજાતું (ન હોય કે) શું રત્નત્રય છે. એવી ચૈતન્ય રત્નની દૃષ્ટિ, જ્ઞાન થયા. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, ચારિત્રનો અંશ પ્રગટ્યો એને રતન કહીને એ સાધકજીવને અસંખ્ય સમય રહે છે. પછી અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ એવી સિદ્ધ દશા પ્રગટ થાય. એ સિદ્ધદશા પણ એક સમયની દશા છે. બીજે સમયે બીજી સિદ્ધદશા, ત્રીજે સમયે ત્રીજી સિદ્ધદશા. અર્થાત્ એક સમયનો પરમાત્મા, એવો બીજા સમયનો પરમાત્મા, એવો સાદિ અનંત પરમાત્મા. એવી અસંખ્ય સમયની રત્નત્રય પર્યાય અને સાદિ અનંત પરમાત્મા, એવી પર્યાય આત્મદ્રવ્યમાં પડી છે વર્તમાનમાં. ભગવાન જાણે શું થશે. સમજાણું કાંઈ?

એવા ચૈતન્ય રત્નાકરનો જ્યાં અનુભવ થયો, તો કહે છે કે એને રાગની ઉત્પત્તિ થતી જ નથી. એને તો સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ માર્ગ એને સાંભળવાને મળ્યો નથી. અનંત કાળમાં શું ચીજ છે (સમજ્યો નથી). સમજાણું કાંઈ? ધૂળ-ધાણીમાં ગુમાવ્યો અનંત કાળ એણે. બહુ તો પાપના પરિણામ છોડીને મેં પુણ્ય કર્યું. એ ધૂળ છે તારી. સાંભળ તો ખરો. શરાફજી! આહાહા..!

ભગવાન ચૈતન્ય રત્નાકર એક સમયમાં જેની દૃષ્ટિમાં પહેલા આવ્યો, તો કહે છે કે એને બંધન કેમ થતું નથી? કે બંધનમાં નિમિત્ત થવાનો વિકાર જ એને થતો નથી. એને તો અબંધ સ્વભાવી દ્રવ્ય ભગવાન આત્મા દૃષ્ટિમાં આવ્યો તો અબંધ પરિણામ જ એને થાય છે. બંધ પરિણામ થતા જ નથી એમ એનો અહીંયાં નિષેધ કરી નાખ્યો છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, નિષેધ જ છે. સમજાણું કાંઈ? બાપુ! એ મોક્ષનો માર્ગ અલૌકિક છે. એવી કોઈ સાધારણ ચીજ નથી.

કહે છે કે એવું સમ્યક્ ચૈતન્ય રત્ન, એનો જ્યાં અનુભવ થયો, ધર્મ દૃષ્ટિ થઈ ત્યાં તો રાગ છે જ નહિ એમાં. એ તો સવારમાં આવ્યું હતું. એક સાથે નથી એનો અર્થ જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન છે, સમ્યક્ માર્ગ છે ત્યાં વ્યવહાર છે જ નહિ. આહાહા..! પ્રકાશ છે ત્યાં અંધારું નથી. એમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનો નૂર પ્રભુ, એવી અંતરમાં દૃષ્ટિ-જ્ઞાન અને નિશ્ચય અનુભવ થયો, તો કહે છે કે પ્રકાશમાં રાગ-વ્યવહાર-વિકલ્પ છે જ નહિ. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે, નિશ્ચયમાં લીન છે. ભલે રાગમાં દેખાય. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે સમ્યગ્જ્ઞાની ધર્માત્મા એને અબંધસ્વભાવી ભગવાન દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો તો અબંધમાંથી તો અબંધ પરિણામ જ વ્યક્ત થાય છે. રાગ-બાગ એની ખાણમાં નથી કે રાગ પ્રગટ થાય. અજ્ઞાનીને પોતાના શુદ્ધ સ્વરૂપનું, ચૈતન્ય રત્નાકરનું ભાન નથી. એને રાગની ઉત્પત્તિ થાય છે. દયા, દાન, કામ, ક્રોધ, મિથ્યાભ્રમ. બસ, એનો કર્તા અજ્ઞાની છે. પણ એ સમયે નવું કર્મ બંધાય છે એનો તો અજ્ઞાની પણ કર્તા નથી. આહાહા..! ભારે વાતું ભાઈ આ. સમજાણું કાંઈ?

કહે છે કે અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે મને વિકાર થયો તો બંધન એ સમયે થયું. એવો વ્યવહાર છે કે નહિ? એ વ્યવહાર માનનાર મિથ્યાદૃષ્ટિનો ભ્રમ છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું જુઓને. '**જીવ અને પુદ્ગલનો આવો નિમિત્તનૈમિત્તિકભાવ...**' જ્યારે જ્ઞાનાવરણીયના પરિણામ આવરણ કરવામાં નિમિત્ત એવા પરિણામ જીવે કર્યા... આહાહા..! એ અજ્ઞાનમાં કર્યા એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? તો એવા પરિણામ કર્મબંધન પોતાને કારણે પોતાની પર્યાયમાં પુદ્ગલની દશાથી તે સમયે જ્ઞાનાવરણીય થવાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાયકાતથી પુદ્ગલ બંધાય છે, આત્માનો વિકાર એમાં છે નહિ. ફક્ત એ બંધનની પર્યાયની સ્વતંત્રતા કર્મમાં થાય છે એમાં અજ્ઞાનીનો રાગ-દ્વેષ નિમિત્ત થાય છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ જોઈને અજ્ઞાનીને ભ્રમ થાય છે કે મેં કર્મ બાંધ્યા. કહો, માલચંદજી! આહાહા..! ...ભાઈ! આ બધું સાંભળ્યું નહિ હોય ત્યાં કલકત્તામાં ક્યાંય. વેપાર-ધંધા આડે નવરા ન મળે ને ક્યાંય. એય..! પાપના (ધંધા). સોભાગભાઈ! વાત સાચી છે કે નહિ? આહાહા..!

પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર નથી ને નાથ! આહાહા..! તારો ચૈતન્ય પ્રભુ તો મહાન આનંદથી બિરાજમાન છે. જેમાં પુણ્ય-પાપનો વિકલ્પ, રાગની જેમાં ગંધ નથી, પ્રભુ! તો બંધન થવાના પરિણામ થાય ક્યાંથી જ્ઞાનીને? એમ કહે છે. સમજાણું કાંઈ? થોડા અસ્થિરતાના પરિણામ છે એને ગણવામાં આવ્યા જ નથી. ફક્ત અજ્ઞાનીના પરિણામ પોતાના ચૈતન્ય પ્રભુને ભૂલીને (થાય છે તે કર્મબંધનમાં નિમિત્ત થાય છે). ભગવાન પરમેશ્વર પોતામાં બિરાજમાન પરમેશ્વર, પોતે પરમેશ્વર, નિજ પરમેશ્વર છે. જેમાં અનંતા સિદ્ધ ભગવાન જેની શક્તિની ડુંટીમાં. જેમ મૃગની નાભિમાં કસ્તુરી ભરી છે, એમ ભગવાન આત્મા અંતરમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. આહાહા..!

અનંત જે સિદ્ધ થયા, એક એક સિદ્ધની દશા એ પરમાત્મ દશા છે. એવી સિદ્ધદશા એક સમય રહે છે. બીજા સમયે બીજી સિદ્ધ દશા થાય છે. પહેલી સિદ્ધદશાનો વ્યય-નાશ થાય છે. બીજી સિદ્ધદશા થાય છે. બીજી દશા ત્રીજે સમયે નાશ થાય છે. બીજાનો નાશ, ત્રીજાની ઉત્પત્તિ. એવા અનંતી, સાદિ અનંત જે ભૂતકાળનો સમય, સંસારના સમયની સ્થિતિથી મોક્ષની સ્થિતિનો અનંતગુણો સમય છે. એવા અનંતા અનંતા પરમાત્મા આત્માની શક્તિમાં વર્તમાનમાં બિરાજમાન છે. ..લાલજી! શું કહે છે આ? આહાહા..!

એક પરમાત્મા નહિ. અનંત પરમાત્મા ભગવાન આત્મામાં બિરાજમાન છે. કેમ કે પરમાત્મા એ પર્યાય છે. પરમાત્મ પર્યાય છે. બહિરાત્મ પર્યાય છે, અંતરાત્મ પર્યાય છે, પરમાત્મા પર્યાય છે. બહિરાત્મ પર્યાય છે. પુણ્ય-પાપ પોતાના માનનાર મિથ્યાદૃષ્ટિ એ પણ એક પર્યાય છે. અને સમ્યગ્દર્શન મોક્ષનો માર્ગ એ પણ એક પર્યાય છે. ગુણ નથી. અને જે સિદ્ધદશા ઉત્પન્ન થાય છે તે પણ એક પર્યાય છે. ગુણ નથી. સમજાણું કાંઈ? તો એ સિદ્ધદશાની પર્યાય અનંતી ઉત્પન્ન થાય છે દ્રવ્યમાંથી, એ ક્યાંથી આવે છે?

ભગવાન કહે છે કે પ્રભુ! સાંભળ તો ખરો તારી મહત્તાનું માહાત્મ્ય. તારી ચીજમાં અનંત પરમાત્મા બિરાજમાન છે. એવા ભગવાન આત્માનો જેને સમ્યગ્દર્શનમાં સ્વીકાર થયો, તો પરમાત્મામાંથી વિકાર ક્યાંથી ઉત્પન્ન થાય? સમજાણું કાંઈ? મનુષ્યના ગર્ભમાં મનુષ્ય રહે, ઢોર રહે? એમ ભગવાન આત્માના ગર્ભમાં-પેટમાં અનંતી શુદ્ધતાના પરમાત્મા રહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનનું પેટ, આત્માના પેટમાં શું વિકાર રહે છે? સંસાર રહે છે? સંસાર નામ વિકારી પર્યાય, હોં! સંસાર આ બાયડી-છોકરા નહિ. એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? શું પુણ્ય-પાપ વિકાર સંસાર એ તારા પેટમાં આત્માના ગર્ભમાં, ધ્રુવમાં રહે છે?

ભગવાન ચૈતન્ય નાથ સનાથ થયો તો કહે છે, હું તો અનંત પરમાત્માનો પિંડ છું. મારી શક્તિમાંથી-ગર્ભમાંથી મારી શક્તિની વ્યક્તતા શુદ્ધ જ થાય છે. અશુદ્ધતા એ મારી ચીજમાં, દ્રવ્ય-ગુણમાં નથી તો પર્યાયમાં ક્યાંથી આવે? એમ કહે છે. કહો, શેઠી! ભારે વાતું, ભાઈ! અહીં તો કહે છે, અજ્ઞાનીને પોતાનો ચૈતન્ય પ્રભુ ભગવાન સર્વજ્ઞનાથ અનંત પરમાત્માનું પેટ રાખનાર, એની જેની ખબર નથી અને એક ક્ષણિક રાગ-વિકાર, દયા, દાન, કામ, ક્રોધ, વિકલ્પનો સ્વામી કર્તા થઈને સ્વામી થાય છે, એ અજ્ઞાનીને નવા કર્મબંધનમાં એનો અધિકાર નથી. નવા કર્મમાં નિમિત્ત રૂપે અનુકૂળ એનો રાગ અને દ્વેષ નિમિત્ત છે. નવું કર્મબંધન એ જડની સ્વતંત્ર પર્યાય છે. તો અજ્ઞાનીનો પણ નવા કર્મબંધનમાં અધિકાર નથી. પણ એને અનુકૂળ એણે રાગ-દ્વેષ કર્યા એટલે એને ભ્રમ થયો કે રાગ-દ્વેષ કર્યો તો બંધ થયો ને. તો હું વ્યવહારથી તો પરનો કર્તા છું ને. એવો અજ્ઞાનીને ભ્રમ પેદા થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભ્રમ છે તો શું છે?

**'કે પુદ્‌ગલકર્મને જીવ કરે છે...'** દેખો! આ તો બાપુ! આ તો મહાસિદ્ધાંત છે. આ કાંઈ કથા નથી, વાર્તા નથી કાંઈ. એક રાજા હતો અને પછી રાણી હતી, રાણી રીસાણી અને રાજા મનાવવા ગયા. એવું નથી આ. આ તો ભગવાન પરમાત્માની પાટ ઉપર બેસીને ભગવાનની વાતું કરે છે. આહાહા..! ...ભાઈ! બાપુ! તું તો સાક્ષાત્ પરમાત્મા છો ને, ભાઈ! તને તો ભગવાન તરીકે બોલાવ્યો પ્રભુએ. ૭૨મી ગાથામાં આવી ગયું છે, હોં! ૭૨ ગાથામાં. પ્રભુ ભગવાન આત્મા. એમ બોલે છે, હોં! પુણ્ય-પાપના ભાવ, પ્રભુ! એ તો મલિન છે ને નાથ! એ તો જેમ જળમાં શેવાળ (છે), એમ પુણ્ય-પાપના ભાવ ભગવાન આત્મામાં એ શેવાળ નામ કાઈ સમાન છે ને. પ્રભુ! એ શેવાળ ક્યાંથી ભગવાન આત્મામાં હોય?

ભગવાન આત્મા ૭૨ ગાથામાં આવી ગયું છે પહેલા. સમજાણું કાંઈ? ત્યાંથી શરૂ થાય છે જુઓ, ૭૨. ૭૨ની મૂળ ટીકા. ટીકા-ટીકા ૭૨. છે કે નહિ ટીકામાં? જુઓ. ૭૨ની ટીકા. તમારે શું કહે છે? બહત્તર. શું કહે છે? અમને બધી હિન્દી નથી આવડતી. અહીં તો થોડી... ૭૨. બધું હિન્દી નથી આવડતું. ગુજરાતી છે. **'જળમાં શેવાળ છે તે મળ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**છે-મેલ છે;...**' પહેલી લીટી ટીકાની. '**તે શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે (અપવિત્ર છે);...**' એ પુણ્ય અને પાપ, મહાવ્રત અને અવ્રત, પૂજા અને ભક્તિ આદિના પરિણામ મેલ છે. આહાહા..! ભગવાન આત્મા જુઓ! એ '**અશુચિ છે (અપવિત્ર છે;) અને ભગવાન આત્મા...**' છે? અમૃતચંદ્રાચાર્ય મહારાજ સંત મુનિ પોતે ટીકા કરે છે. પ્રભુ! તું તો ભગવાન છે ને નાથ! આહાહા..! પેલા કહેતા હતા ને? અમને પામરને પ્રભુ તરીકે પોકારે છે. બાપુ! તું પ્રભુ પામર નથી, નાથ! તારામાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. આહાહા..! અહીં તો કહે છે કે પુણ્ય અને પાપના ભાવ, ભાઈ! હો. પણ એ કાઈની પેઠે જળમાં શેવાળ એમ આત્મામાં એ મેલ છે. ભગવાન એવો નથી.

'**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્ર સ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (પવિત્ર જ છે; ઉજ્જ્વળ જ છે).**' આહાહા..! અરે..! કહે છે કે પ્રસન્ન તો થા એકવાર. સવારમાં એ નહોતું? એકવાર તો પ્રસન્ન થઈને રાજી તો થા. કે હું તો ભગવાન અનાદિ અનંત નિર્મળાનંદ જ રહ્યો છું. સમજાણું કાંઈ? અરે..! પ્રભુ ભગવાન આત્મામાં વિકાર કેવો? અહીં તો વિકારને અનાત્મા કહીને જડમાં નાખી દીધો છે. ભગવાન આત્મા... આહાહા..! સમજાણું કાંઈ?

એ બાળક.. શું કહે છે ઘોડિયાને? ઝુલા. ઝુલામાં ઝુલે છે ને બાળક? તો એની મા કહે, મારો દીકરો ડાહ્યો છે, સમજુ છે. એમ કહે છે ને? અમારે અહીંયાં બહુ ગાય છે. અહીં ભગવાન આચાર્ય મહારાજ આત્માને જ્ઞાનના ઝુલામાં ઝુલાવતા કહે છે, અરે..! ભગવાન આત્મા! ભગવાન! તું તો મહિમાવંત પ્રભુ છે ને. તારામાં પુણ્ય-પાપ મેલ ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાણું કાંઈ? એણે આત્માની મહિમા કદી કરી જ નથી. અને આત્માની જેને કિંમત થઈ, એની દૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પનો બંધ અને વિકલ્પ અને બંધનું ફળ, ત્રણેની કિંમત ઉડી જાય છે. સમજાણું કાંઈ? અને જેને અંતરમાં પુણ્ય-પાપના વિકલ્પની મહિમા અને એનું પુણ્ય બંધાણું એની મહિમા અને ફળ આવ્યું ધૂળ બહારની પાંચ-દસ કરોડ (મળ્યા) (એનો) મહિમા, મૂઢ આત્માનો અનાદર કરે છે. આત્માની કિંમતનો એમાં અભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્રણ વાર ભગવાન કહ્યું છે, હોં! ત્રણ વાર. ભગવાન આત્મા શુચિ છે ને પ્રભુ. પુણ્ય-પાપના ભાવ તો નાથ! એ તો મેલ છે ને. પાણી જળનો સ્વભાવ છે મેલ-શેવાળ? એમ પ્રભુ આત્મા ચૈતન્યજળથી ભરેલો ભગવાન છે ને નાથ! એમાં પુણ્ય-પાપના મેલના પરિણામ પ્રભુ! એને અડતા નથી, હોં! અને એ પુણ્ય-પાપના ભાવ પ્રભુ! એ ચૈતન્યથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિરૂદ્ધ છે. તો એને અહીંયાં અજીવ કહ્યો છે. વિપરીત ભાવ કહ્યો.

ભગવાન આત્મા ચૈતન્યનો સૂર્ય પ્રભુ છે. એ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી છે અને પુણ્ય-પાપનો ભાવ તો ભગવાન! એ જડ છે. કેમ? કે રાગ પોતાને જાણતો નથી. રાગ જોડે રહેલા, સાથે રહેલા પ્રભુને જાણતો નથી. આહાહા..! શેઠી! અને આત્મા પોતાને જાણે છે અને રાગ છે એને પણ જાણનાર ચૈતન્ય સૂર્ય છે. તો એ ચૈતન્ય ભગવાનમાં રાગ વિપરીત, ચૈતન્યથી વિપરીત અચેતન જડ જે વિકાર વિકલ્પ છે એ ક્યાંથી આવ્યો? આહાહા..! વાત સાંભળતા આમ અંદર (એમ થઈ જાય) જાણે, અરરર..! આ શું છે? એને જાણે હાય.. હાય.. બધું વયું જાય છે. સાંભળ તો ખરો હવે. મોટો લેખ લખ્યો હતો.

(સંવત) ૧૯૯૫ની સાલમાં ચોમાસું હતું ને અમારું. રાજકોટ. દસ મહિના દસ દિ' ચાલ્યું. સમયસાર ને બધું ચાલ્યું ને. તો કહ્યું, બિલકુલ સમ્યગ્દષ્ટિને બંધ નથી. નિશ્ચયથી યથાર્થ છે. એ બહાર વાત ગઈ. .. આ તો આમ કહે છે. અરે! એ કાંઈ સમજતા નથી. બંધ તો દસમા ગુણસ્થાન સુધી હોય. પણ સાંભળ તો ખરો હવે. સમજાય છે? એક .. હતા. આચાર્ય છે ને. કઈ દૃષ્ટિથી વાત છે. અસ્થિરતાનો રાગ છે એ રાગથી બંધન છે એ બધો વ્યવહારમાં નાખીને ગૌણ કરીને પરજ્ઞેય બનાવ્યો છે અહીંયાં. સમજાણું કાંઈ? દસમા ગુણસ્થાન સુધી રાગ નથી? વીતરાગ થઈ ગયા છે? રાગ તો છે. સ્વભાવમાં નથી એમ જ્ઞાની આત્મા માને છે. ભારે પુરુષાર્થની ગતિ છે, ભાઈ! એ અનંત પુરુષાર્થ છે. પરમાત્માનો સ્વીકાર કરવો. હું વર્તમાન પરમેશ્વર જ છું. આહાહા..! મારો પરમેશ્વર હું છું. સમજાય છે કાંઈ?

ઓલામાં એમ કહે છે... નહોતું કહ્યું? નરસિંહ મહેતામાં.

પ્રભુ તારી પાસે રે હરિ નથી વેગળા જી..
પણ આડો આવ્યો રે અહંકાર.

એ વિકલ્પનો રાગનો આ મારા.. આ મારા.. અહંકાર આવ્યો. 'પ્રભુ તારી પાસે હરિ નથી...' હરિ એટલે આ ભગવાન, હોં! બીજો હરિ નહિ કર્તા. વિકારને હરનાર હરિ તે પ્રભુ આત્મા પોતે છે. એ 'હરિ નથી વેગળા જી.. પણ આડો આવ્યો રે તને અહંકાર.' આહાહા..! અરે..! ભગવાન! આમ જે અહંપણું સ્વરૂપમાં ભાનમાં આવવું જોઈએ, એને ઠેકાણે જરી પુણ્યના પરિણામ (કર્યા તો) આ હું.. આ હું... આ હું. મૂઢ! તારા રાગની આડમાં ભગવાન હણાઈ ગયો અંદર. ભગવાનને ભાળ્યા નહિ તેં. આહાહા..! એ.. ધર્મચંદજી! સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્મા. આહાહા..! કહે છે કે એ ભગવાન આત્માને ભૂલે તો નવા કર્મબંધનમાં નિમિત્તરૂપ અજ્ઞાનથી રાગ-દ્વેષ કરે. છતાં અજ્ઞાની એમ માને કે મેં રાગ-દ્વેષ કર્યો તો બંધ થયો ને, એટલો વ્યવહાર છે કે નહિ? અજ્ઞાનીનો વ્યવહાર ભ્રમ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ?

**'પુદ્ગલકર્મને જીવ કરે છે અને ભોગવે છે. આવો અનાદિ અજ્ઞાનને લીધે અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે.'** આહાહા..! સમજાણું કાંઈ? બાપુ!

મુમુક્ષુ :- ...અનાદિ અજ્ઞાન?

ઉત્તર :- હા, અનાદિ અજ્ઞાનને લીધે. નિગોદથી માંડીને. એવો અનાદિ કાળથી પ્રસિદ્ધ વ્યવહાર છે. ભાઈ! એ ચૈતન્યના તેજમાં ભગવાન એ વિકાર પરિણામ અને નવા બંધનમાં નિમિત્ત થાય એમ છે નહિ. પણ તને તારી ખબર નથી તો તારી દશામાં વિકાર ઉત્પન્ન થાય છે એટલું જોઈને (તને ભ્રમ થાય છે). નવા કર્મ તો પોતાને કારણે બંધાય છે, તારા કારણે નહિ. પણ એ બંધનમાં નિમિત્ત જોઈને, હું છું તો બંધાણું ને. એવો અજ્ઞાનીનો વ્યવહાર, ભ્રમ, ભ્રમ અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

**'પરમાર્થે જીવ-પુદ્ગલની પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં,...'** દેખો! ભગવાન આત્મા અને પુદ્ગલ નામ પરમાણુ જડ, શરીર પણ જડ અને કર્મ માટી ધૂળ-બેય ભિન્ન ભિન્ન પોતાના સ્વ કાળમાં પ્રવર્તી રહ્યા છે. ભગવાન પોતામાં છે, શરીર શરીરમાં છે. ભગવાન આત્મા પોતામાં છે, કર્મ કર્મમાં છે. રાગ રાગમાં છે ભગવાન આત્મા આનંદ સ્વરૂપમાં છે. એમ **'પ્રવૃત્તિ ભિન્ન હોવા છતાં, જ્યાં સુધી ભેદજ્ઞાન ન હોય...'** સમજાણું કાંઈ? જ્યાં સુધી રાગ અને શરીર અને કર્મ એ બધી પર્યાય જડ મારી ચીજમાં નથી. એવું પરથી પૃથક્ ભેદજ્ઞાન ન થાય **'ત્યાં સુધી બહારથી તેમની પ્રવૃત્તિ એક જેવી દેખાય છે.'** ત્યાં સુધી અજ્ઞાનીને રાગ અને કર્મની પર્યાય મેં કરી અને મારામાં છે એમ એક જેવી દેખાય છે. સમજાણું કાંઈ? **'અજ્ઞાનીને જીવ-પુદ્ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે;...'** એ તો આપણે નાખ્યું છે. ઉપલક દૃષ્ટિથી જોવે કે મેં વિકાર કર્યો તો બંધન થયું ને? વિકાર કર્યો તો બંધન થયું ને? મેં વિકાર કર્યો તો બંધન થયું ને. એવી ઉપલક દૃષ્ટિથી (જોવે છે). મેં રાગ કર્યો તો હલન-ચલનની દેહની ક્રિયા થઈને? મારી ઇચ્છા થઈ તો વાણી નીકળે છે કે નહિ? એમ મૂઢને ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પુદ્ગલનું ભેદજ્ઞાન નહિ હોવાથી ઉપલક દૃષ્ટિએ જેવું દેખાય તેવું તે માની લે છે;...'** એવું માની લે. ઘડો થયો તો કુંભાર વિના થાય છે? જુઓ! કુંભાર આવ્યો તો થયો. આ સ્ત્રી આવી તો રોટલી બની. અગ્નિ સળગાવી તો લાકડી ભસ્મ થઈ. જલાવી તો તવો ગરમ થયો, તવો ગરમ થયો તો રોટલી શેકાણી. એમ મૂઢ જીવ... સમજાણું કાંઈ? બહાર સંયોગને દેખીને એવું અજ્ઞાની માની લે છે. કપુરભાઈ! ભારે વાત, ભાઈ! અગ્નિ પ્રગટી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો પાણી ગરમ થયું. મૂઢ છે માનનાર, એમ કહે છે. બેય દ્રવ્યની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિ છે તો એનાથી અહીં થયું એવું તેં ક્યાંથી માની લીધું?

જુઓ! '**તેથી તે એમ માને છે કે જીવ પુદ્‌ગલકર્મને કરે છે...**' અહીં તો એ દૃષ્ટાંત લેવું છે પુદ્‌ગલકર્મનું. જેમ વિકારી પરિણામ જેવા થયા (એવું કર્મ બંધાય). ... તો પણ કર્મબંધનમાં આત્માનો અધિકાર છે અને આત્મા બાંધે એમ છે નહિ. તો બહારની પર્યાય જડની, શરીરની, વાણીની, રોટલી, દાળ, ભાત, શાક, મકાન... સમજાણું કાંઈ? એ પર્યાયમાં હું ઉપસ્થિત હતો તો મારાથી થઈ છે, એમ મૂઢ માને છે. તત્ત્વનો લોપ કરનારો માને છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કરે છે? એય..! ...ભાઈ! ..ભાઈએ તો એને સોંપી દીધું. માથે લે નામ. આહાહા..! અરે..! ભગવાન! બાપુ! વીતરાગના માર્ગ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? એક રજકણ પાંપણ આમ ફરકે છે એ પોતાની પર્યાયથી ફરકે છે, આત્માથી નહિ. શું કહ્યું, જુઓને! '**જીવ તો પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા પોતાના રાગાદિક પરિણામોને ભોગવે છે.**' માને છે એમ કે આ કરે છે. '**શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવી,...**' ભાઈ! જડની પર્યાય.. શું છે?

મુમુક્ષુ :- શ્રી ગુરુ ભેદજ્ઞાન કરાવે છે.

ઉત્તર :- ભેદજ્ઞાન કરાવે એટલે સમજાવે છે. પેલો સમજે ત્યારે કહેવાય છે ને. એ વિના ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- કો'ક દિ' તો આવે ને.

ઉત્તર :- કોક દિ' આવે તો સમજાવે ત્યારે કહેવાય કે એ સમજે ત્યારે સમજાવ્યું એમ કહેવામાં આવે. ભાઈ! એવી વાત છે. અનંત તીર્થંકરોએ સમજાવ્યા. સમવસરણમાં અનંત વાર ગયો હતો. ભગવાનના સમવસરણમાં જ્યાં દિવ્યધ્વનિ નીકળતી હતી, સો સો ઇન્દ્રોની ઉપસ્થિતિ હાજરીમાં અનંત વાર ગયો છે. મહાવિદેહમાં જન્મ અનંત વાર લીધો છે અને અહીંયાં પણ તીર્થંકરની જ્યારે ઉપસ્થિતિ હતી ત્યારે સમવસરણમાં અનંત વાર ગયો. અનંત વાર મનુષ્યપણું મળ્યું. શું થયું? પોતાની સન્મુખ દૃષ્ટિ કર્યા વિના ધર્મની પ્રાપ્તિ કદી થતી નથી. સમજાણું કાંઈ? એનાથી થતું હોય તો કેમ ન થયું?

મુમુક્ષુ :- ન કર્યું તો ન થયું.

ઉત્તર :- તો ખલાસ થઈ ગયું. (થાય છે) એ પોતાને કારણે, પરને કારણે નહિ. ભારે વાત, ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત મુનિ ગુરુ ભેદજ્ઞાન કરાવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પ્રભુ! સાંભળ તો ખરો, પ્રભુ! રજકણની પર્યાય દ્રવ્ય છે કે નહિ? તો દ્રવ્ય વર્તમાન પર્યાયનો કર્તા દ્રવ્ય છે કે તારો રાગ છે? તારો અજ્ઞાનભાવ એનો કર્તા છે? '**પરમાર્થ જીવનું સ્વરૂપ બતાવીને,...**' એ રાગ પણ તારી ચીજ નથી અને બંધનમાં નિમિત્ત થાય એ ભાવ પણ તારો નહિ. '**અજ્ઞાનીના એ પ્રતિભાસને વ્યવહાર કહે છે.**' સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' એમ આવે છે નરસિંહ મહેતામાં. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ નામ ગાડું. કૂતરું નીચે હોય તો જાણે કે મારાથી આ થાય છે. ગાડી પડે તો કચરી જાય ત્યાં મરી જાય. સાંભળને હવે. એમ જગતના અનંતા જીવો અને અનંતા રજકણો પોતાની પોતાની પર્યાયના કરનારા છે અને તું કહે કે મારાથી થયું છે. મકાન મારાથી થયું, મંદિર મારાથી થયું, મેં પૈસા ખર્ચ્યા, મેં પૈસા દીધા, બધી વાત મિથ્યા ભ્રમ અજ્ઞાન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ખ્યાલમાં નથી આવતી એને. એ માટે તો વાત કરે છે, ભાઈ! તારું જુદાપણું... જુદા દ્રવ્યની ક્રિયા તું કરે તો એ દ્રવ્ય છે કે નહિ? એ વસ્તુ છે કે નહિ? સત્ છે કે નહિ? સત્ છે કે નહિ? અને સત્ છે તો એનો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ છે કે નહિ એક એક રજકણ? એક એક રજકણ ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્ છે તો પોતાની પર્યાય ઉત્પાદ એ દ્રવ્ય કરે છે. તું ક્યાંથી લાવ્યો કે હું કરું છું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિચાર શું કરે .... એનો. કરે શું વિચાર પછી? આહાહા..!

'**હવે આ વ્યવહારને દૂષણ દે છે :-**' અજ્ઞાનીના વ્યવહારનું દૂષણ દેખાડે છે. ૮૫.

**जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।**
**दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।।८५।।**

નીચે હરિગીત. આ હરિગીત. નાથુલાલજી! અમારે પંડિતજીએ બનાવ્યું છે. આખા સમયસાર શાસ્ત્રનું હરિગીત. ઘણું લખ્યું છે. ઠંડા છે, બોલતા નથી. આખું સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય બધાના હરિગીત બનાવ્યા, સંસ્કૃતમાંથી આ બધા અર્થ એમણે કર્યા છે. આ બધા અર્થ એમણે કર્યા. ... એમના મોટા ભાઈ છે આ. એના દિકરાની દિકરીને જાતિસ્મરણ થયું છે. બાજુમાં બેઠા છે. જાતિસ્મરણ થયું છે. એની દિકરી સાથે છે ને. સમજાણું કાંઈ? ભવનું ભાન. આત્માનું નહિ. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના ભવના ભાનની કિંમત નથી. શેઠી! નીચે એનું હરિગીત. મૂળ શ્લોક...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.**

સમજાણું કાંઈ?

'**ટીકા :- પ્રથમ તો,...**' એ વાત છે. '**तावद**' શબ્દ પડ્યો છે ને સંસ્કૃતમાં? '**इह खलु क्रिया हि तावदखिलापि**' '**પ્રથમ તો,...**' એમ વાત છે કે. મુદ્દાની રકમ પહેલી એ છે કે. વેપારી કહે છે ને વેપારમાં કે મુદ્દાની રકમ આ છે પાંચ હજાર. તમને આપ્યા હતા પાંચ હજાર, લાવ. એમ જગતની મૂળ પદાર્થની પહેલી રકમ યથાર્થમાં એ છે કે '**જગતમાં જે ક્રિયા છે તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' પરમાણુ હો, એક એક રજકણ હો કે એક એક આત્મા હો. અનંત પરમાણુ છે, અનંત આત્મા છે, અસંખ્ય કાળાણું છે, એક ધર્માસ્તિક, અધર્માસ્તિ, આકાશ છે. જગતમાં જે ક્રિયા છે, ક્રિયા નામ પર્યાય છે, પલટે છે એ બધી પરિણામસ્વરૂપ છે. એ ક્રિયા પલટે છે એ પરિણામસ્વરૂપ છે. પરિણામ એટલે પર્યાયસ્વરૂપ છે. (પરિણામસ્વરૂપ) '**હોવાથી ખરેખર પરિણામથી ભિન્ન નથી...**' પરિણામસ્વરૂપ હોવાથી પરિણામથી ભિન્ન નથી. ભાષા જુઓ! કોઈપણ રજકણ, દેખો! આ રજકણ છે. આ શરીર, આ માટી છે. એ રજકણ એક એક છે, એમાં જે આ ક્રિયા થાય છે. જુઓ! આમ થાય છે. એ ક્રિયા એ પરમાણુના પરિણામ છે. આત્માએ કર્યું નથી, આત્મામાં છે નહિ, આત્માથી થયું નથી.

જે જગતમાં ક્રિયા (થાય) છે.. જુઓ! આમ છે આમ થઈ. એ ક્રિયા થઈ. પલટવું થયું ને? એ ક્રિયા પરિણામસ્વરૂપ હોવાથી, બદલવાસ્વરૂપ હોવાથી ખરેખર પરિણામ એની પર્યાય બદલી એની ક્રિયાથી એ પરિણામથી પરિણામ ભિન્ન નથી. પલટવાના પરિણામ એના પરિણમન- પર્યાયથી ભિન્ન નથી. કેટલું સિદ્ધ કરે છે! આહાહા..! સમજાણું કાંઈ?

એ '**(પરિણામ જ છે);...**' એ પરિણામસ્વરૂપ બદલવાસ્વરૂપ હોવાથી ખરેખર એ પરિણામ જ છે. પરિણામથી ભિન્ન ક્રિયા છે નહિ. પલટવાની ક્રિયા કર્મરૂપ પરિણામથી ભિન્ન નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ! આ લાકડી છે ને લાકડી? અહીં પડી છે. લાકડી આમ ઊંચી થાય છે એ એની ક્રિયા થઈ. પહેલા આમ હતી (પછી આમ થઈ). એ ક્રિયાને પરિણામ કહે છે. એ પરિણામ બદલવાના પરિણામથી ભિન્ન નથી. એ પરિણામ આમ ક્રિયા થઈ એનું જે પરિણામ થયું એ પરિણામથી ક્રિયા ભિન્ન નથી, ક્રિયાથી પરિણામ ભિન્ન નથી. આત્માથી થઈ નથી, આંગળીથી થઈ નથી. સમજાણું કાંઈ? આંગળી પણ આમ હતી ને આમ થઈ એ ક્રિયા થઈ. પણ ક્રિયા એ બદલવાના પરિણામથી ભિન્ન છે?

'**પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી...**' હવે પરિણામ જે થયા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બદલવાની ક્રિયાના જે પરિણામ થયા એ પરિણામીદ્રવ્યથી ભિન્ન નથી. બરાબર છે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કે નિમિત્ત ને બધું ઉડાડે. કાંઈ કરીએ છીએ, નિમિત્તથી છે ને એ ઉડાવો છો. ઝવેરીના ઝવેરાત, આમ તેમ બહુ. રાત્રે રાજમાં જતા અને શેઠિયા પાસે જતા હતા. માખણ ચોપડતા હતા, આમ લો. શેઠી! આ ભાષા થાય છે ને ભાષા? આ જીભ જીભ, જુઓ! એ પર્યાય થઈ પલટીને. અંદર હતી આમ થઈ. પર્યાય. તો એ પર્યાય એના પરિણામથી ભિન્ન નથી. એ પરિણામ પરિણામી રજકણથી ભિન્ન નથી. છે કે નહિ એમાં? એનો મોટો અર્થ થશે. ૮૬મી ગાથા. બહુ સરસ લેશે એમાં.

અહીં સિદ્ધ શું કરવું છે? કે કર્મ જે રજકણ છે, તો એ રજકણમાં પહેલા જે વર્ગણા હતી એ વર્ગણામાંથી કર્મ થયા. એ ક્રિયા, એ ક્રિયા એનું પરિણમન પરિણામથી જુદું નથી. અને એ પરિણામ દ્રવ્યથી જુદા નથી. તો તારા રાગથી શું થયું એમાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- રાગ તો અકિંચિત્કર છે.

ઉત્તર :- અકિંચિત્કર છે. પરમાં શું (કરે)? એ વાત તો સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીનો ભ્રમ છે કે હું છું, મેં રાગ કર્યો ને માટે અનુકૂળ થયો ને બંધનમાં. માટે બંધનની ક્રિયા વ્યવહારથી તો મેં કરીને? ભ્રમ છે. શું વ્યવહાર? રજકણની પર્યાયમાં જે પલટવું થયું એ પલટવું એના પરિણામથી ભિન્ન છે? પરિણામ પરિણામી રજકણથી ભિન્ન છે કે તારાથી થયું? એ તો દ્રવ્ય પરમાણુએ પરિણામ કર્યા છે.

મુમુક્ષુ :- આણે થોડી મદદ કરી.

ઉત્તર :- ધૂળમાંય મદદ કરી નથી. ટેકો દીધો. ટેકો નહિ? એક ગાડું ચાલતું હોય ને ગાડું. ગાડાને શું કહે? બેલગાડી ચાલતી હોય ને. વેળુ.. વેળુ. વેળુમાં પૈડું ઘુસી ગયું હોય ને? વેળુમાં. થોડો ટેકો આપે તો ચાલે. એમ છે કે નહિ? પંડિતજી ના પાડે છે. એમ છે નહિ. પણ એ ગાડું ખુંચી ગયું હોય. વેળુ વેળુ નથી હોતી? રેતી. એમાં બહુ ભાર હોય ને તો ઘુસી જાય અંદર. તો મજૂર નીચે ઉતરીને... ગાડાનો હાંકનારો, નીચે ઉતરીને આમ.. એટલો તો ટેકો આપ્યો કે નહિ? અહીં ના પાડે છે. એ ગાડાના પૈડાના એક એક રજકણ એની પૂર્વ અવસ્થાથી પલટીને ક્રિયા થઈ એ ક્રિયા પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ વસ્તુ પરમાણુથી ભિન્ન નથી. આહાહા..! કેમ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે. કેટલું સિદ્ધ કર્યું છે!

પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન પલટતી ક્રિયારૂપ પરિણામ અને પરિણામ પરિણામી પદાર્થથી જુદી ચીજ નથી. તો ભગવાન આત્મા પોતાના... અહીંયાં રાગાદિ પરિણામ અજ્ઞાનીના લેવા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે... સમજાણું કાંઈ? તો એ પરિણામ પલટીને થયા તો પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ આત્માથી ભિન્ન નથી. અને કર્મના રજકણ જે એ સમયે બંધાણા એ પરમાણુની પર્યાય પલટીને, વર્ગણા પલટીને કર્મ થયા તો એનું એ પરિણામ છે. અને એ પરિણામ રજકણ પરિણામીના પરિણામ છે, નહિ કે આત્માના પરિણામ છે એ. ઓહોહો..! કોણ નવરા પણ આવું સાંભળવાને? એય..! નાથુલાલજી! એમ ને એમ કરો. ધર્મ કરો.. ધર્મ કરો... શું ધર્મ કરે? સાંભળ તો ખરો. તારી ચીજમાં શું થાય છે સ્વયં ચીજ સ્વતંત્ર, એની તો ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માના જ્ઞાનમાં કેવું આવ્યું છે અને કેવું છે અને કેવું કહ્યું? ભગવાન તો આમ ફરમાવે છે. ભગવાન ફરમાવે છે એમ સંતો ફરમાવે છે. સમજાણું કાંઈ?

'**કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે.**' એક વસ્તુ છે. ઓહોહો..! '**(-જુદી જુદી બે વસ્તુ નથી).**' પરિણામ ભિન્ન વસ્તુ છે અને પરિણામી ભિન્ન વસ્તુ છે. બદલનાર જુદો છે અને બદલાયેલા પરિણામ જુદા છે એમ જુદા નથી. '**માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે તે બધીયે ક્રિયાવાનથી (દ્રવ્યથી) ભિન્ન નથી.**' જે કાંઈ પલટવા રૂપી ક્રિયા પર્યાય છે તે બધીયે ક્રિયાવાન દ્રવ્યથી ભિન્ન નથી. કેટલી સ્થિતિ સિદ્ધ કરી છે! '**આમ,...**' હવે વિશેષ વાત છે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૧૫, શનિવાર તા. ૨૯-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૫, પ્રવચન-૧૭૧**

... પોતાના પરિણામરૂપી પર્યાયને કરે. પણ એ સમયમાં કર્મબંધનની અવસ્થારૂપ જે દશા પુદ્‌ગલની થાય છે તેને એ કરતો નથી. સમજાણું કાંઈ? આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ... વિકારી પરિણામ અજ્ઞાનભાવે પુણ્ય-પાપનો કર્તા અજ્ઞાનભાવે હો. વિકારને કરે પણ વિકારની સાથે જે કર્મબંધન થાય છે એની પણ ક્રિયાનું-પરિણમનનું-બંધનનું કામ કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? કર્મબંધનની ક્રિયાનું પરિણમન તે કાળે, એકક્ષેત્રાવગાહે થતું હોવા છતાં આત્મા એનો કર્તા બને તો મિથ્યાદૃષ્ટિ પોતાનું ચૈતન્ય સ્વરૂપ રાગરહિત સ્વભાવની દૃષ્ટિ નહિ હોવાથી રાગથી ભિન્ન પડ્યા વિના એ પરની ક્રિયા રાગ હું કરું છું અને રાગનો સંબંધ રાખ્યો તો પરની ક્રિયા પર્યાય પણ મેં કરી એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

ખરેખર તો એ રાગ સંયોગી ભાવ છે. પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ એ સંયોગી ભાવ છે. સ્વભાવ ભાવ નથી. તો રાગ દયા, દાન, વ્રત, પરિણામ જે સંયોગી વિકાર એનાથી આત્મા ભિન્ન છે. એવું જેને આત્માનું આત્મજ્ઞાન, ભાન નથી એ રાગનો પોતાથી ભિન્ન હોવા છતાં કર્તા થાય છે. તો રાગનો કર્તા થાય છે તો એની સાથે કર્મબંધનની ક્રિયા પણ મેં કરી એમ માને તો એ તીવ્ર વજ્ર મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ..માન્યતાવાળો માન્યા વગર રહે નહિ.

ઉત્તર :- પણ એ કહ્યું ને કે એ માને. આમ તો ધારણામાં તો એણે લીધું છે શાસ્ત્રમાં લખ્યું છે તો. સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણ્યો છે તો એમ માને કે હું પરની જડની પર્યાય નથી કરતો. હું જડનો કર્તા નથી. એવું તો અગિયાર અંગમાં ભણ્યો છે કે નહિ? પણ અંદરમાં દૃષ્ટિ રાગથી પૃથક્ થઈને સ્વ ઉપર દૃષ્ટિ નથી થઈ, તેથી રાગનો કર્તા થાય તો એ રાગના કર્તાને એવું જ કર્મબંધન થયું. તો માને છે કે હું રાગનો કર્તા છું માટે બંધ થયો ને? રાગ મેં કર્યો માટે બંધ થયો ને? એવી દૃષ્ટિ બહિર્ દૃષ્ટિવંતને એવી દૃષ્ટિ હોય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આમ તો ના પાડે. શાસ્ત્રમાં લખ્યું છે કે નહિ? શાસ્ત્ર વાંચ્યું છે કે નહિ એણે પણ? ..ચંદ્રજી!

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી જ્ઞાન આનંદ જ્યોત છે. એ વિકારનો વિકલ્પ જે બહિર્મુખ લક્ષથી ઉત્પન્ન થનારી ચીજ, એનાથી અંતર્મુખમાં ભિન્ન ન પાડી, તો એની દૃષ્ટિ આવી છે એમ કહે છે. રાગ કરે છે તો હું કર્મની પર્યાય પણ કરું છું એમ માને છે. પણ એમ બની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શકતું નથી. સમજાણું કાંઈ? અત્યારે બહુ તકરાર ચાલે છે કે પરનું કાર્ય ન કરે તો તો દિગંબર જૈન નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- નિમિત્તની નિમિત્તતા શું?

ઉત્તર :- નિમિત્તની નિમિત્તતા ક્યાં રહી? પરનું ન કરે તો નિમિત્તની નિમિત્તતા નિયામકતા, નિમિત્તની જરૂરિયાતનું શું કામ છે? બાબુલાલજી! એમ કહે છે. આહાહા..! કહે છે કે પ્રભુ! તને ખબર નથી, ભાઈ! નિમિત્ત પોતાની પર્યાયનો કર્તા (છે). પોતાનામાં ઉપાદાન છે ને. તો એ પરની અપેક્ષાથી નિમિત્ત છે. પણ એ પોતાની અપેક્ષાથી તો ઉપાદાન છે ને? તો દરેક પદાર્થ સ્વ ક્રિયા કરવામાં રોકાય, એ પરની ક્રિયા ક્યારે કરે?

મુમુક્ષુ :- કોઈ દિ' ફુરસદ ન મળે.

ઉત્તર :- ફુરસદ છે જ નહિ પણ એમાં. સમજાણું કાંઈ? પણ માને છે અનાદિથી એવો ભ્રમ (છે). રાગનો કર્તા થાય છે ને? સંયોગસ્વભાવનો કર્તા થાય છે તો સ્વભાવ રાગથી ભિન્ન છે એવો અસંયોગી સ્વભાવિક ભાવનું ભાન નથી તો સંયોગનો કર્તા (થાય છે કે) તેનો પણ હું કર્તા છું. એવો ભ્રમ ઊંડે ઊંડે અજ્ઞાનીને રહી જાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું.

'**ટીકા :- પ્રથમ તો,...**' મુખ્ય વાત તો પહેલી એ છે કે. એમ કહે છે. '**જગતમાં જે ક્રિયા છે...**' જે પદાર્થ આત્મા, પરમાણુ આદિ છ દ્રવ્ય જગતમાં ભગવાને જોયા. જાતિએ. સંખ્યાએ અનંત જોયા. તો એ જે કોઈ જગતમાં ક્રિયા છે, પર્યાયનું પલટવું છે, વસ્તુમાં બદલવાની ક્રિયા છે '**તે બધીયે પરિણામસ્વરૂપ હોવાથી...**' લક્ષણ કહ્યું છે ને લક્ષણ કહ્યું છે. મૂળ લક્ષણ શબ્દ છે. સંસ્કૃતમાં પણ.

મુમુક્ષુ :- પુસ્તકમાં લખેલું છે.

ઉત્તર :- પણ અહીં લક્ષણને સ્વરૂપ કહ્યું છે ને. અહીં તો પરિણામસ્વરૂપ હોવાથી. અહીં સિદ્ધ કરવું છે ને? '**परिणामलक्षणतया न नाम परिणामतोऽस्ति भिन्ना;**' એમ સિદ્ધ કરવું છે ને?

ભગવાન આત્મા કે રજકણ એક એક પરમાણુ પોઈન્ટ એમાં જે પલટવાની ક્રિયા થાય છે, અનંત પદાર્થમાં એક સમયમાં પોતપોતામાં પલટવાની ક્રિયા થાય છે, એ પરિણામ સ્વરૂપ હોવાથી '**ખરેખર પરિણામથી ભિન્ન નથી...**' '**પરિણામસ્વરૂપ હોવાથી ખરેખર...**' એ પરિણામથી એ ક્રિયા ભિન્ન નથી. સમજાણું કાંઈ? કાલે દૃષ્ટાંત આપ્યું નહોતું? આ લાકડીનું આપ્યું હતું. આ લાકડી જુઓ આમ થાય છે. આમ આમ થાય છે.. આમ થઈને આમ થાય. તો એ પલટવાની ક્રિયા જે સ્કંધમાં થાય છે એ બધી ક્રિયા પરિણામસ્વરૂપ છે. એની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વર્તમાન પર્યાયસ્વરૂપ છે. તો પરિણામસ્વરૂપ (હોવાથી) એના પરિણામથી એ ભિન્ન નથી. પરિણામ જ છે. આંગળીથી નહિ, હોં! આંગળીથી નહિ. ઝીણી વાત છે. આંગળી પણ પોતાના કારણે આમ આમ થાય છે. એ પણ પોતાની પર્યાય પર્યાય વર્તમાન આમ હતી અને આમ થાય છે, એ ક્રિયાસ્વરૂપ વર્તમાન અવસ્થા હોવાથી એના વર્તમાન પરિણામથી એ પર્યાયની ક્રિયા ભિન્ન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પરિણામ પણ પરિણામીથી (દ્રવ્યથી) ભિન્ન નથી...**' પહેલા તો પદાર્થની પલટવાની અવસ્થા એક એક દ્રવ્યમાં સ્વ-કાળે પરિણમવાની ક્રિયા જે થાય છે એ પર્યાયરૂપ પરિણામથી એ ક્રિયા ભિન્ન નથી. પછી કહ્યું છે કે એ પરિણામ છે એ પરિણામી પદાર્થથી ભિન્ન નથી. કપુરભાઈ! બહુ ઝીણું આવ્યું. એને અંદર ઓલા રાગ જે સૂક્ષ્મ છે એ ક્રિયા પણ ચૈતન્ય સ્વરૂપની નહિ એ કબુલવું બહુ કઠણ છે. સમજાણું કાંઈ? આ તો એક ચૈતન્ય કે એક જડ રજકણ પોતાની ક્રિયારૂપ પલટવારૂપ અવસ્થાના કાળે એ ક્રિયારૂપ પરિણામસ્વરૂપ, એના પરિણામથી એ પલટનરૂપ ક્રિયા પરિણામથી ભિન્ન નથી. અને એ પરિણામ પરિણામી પદાર્થથી ભિન્ન નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કારણ કે પરિણામ અને પરિણામી અભિન્ન વસ્તુ છે...**' સમજાણું કાંઈ? એ પરિણામ જે આમ થાય છે અને પરિણામી રજકણ પિંડ, આ તો સ્કંધ છે, પણ એક એક રજકણ, પ્રત્યેક રજકણ આમ આમ અવસ્થાના પરિણામ એની પર્યાયથી પરિણામ ભિન્ન નથી અને એ પરિણામ એના રજકણથી ભિન્ન નથી. એ '**(જુદી જુદી બે વસ્તુ નથી).**' પદાર્થની અવસ્થા કોઈ જુદી ચીજ છે અને પદાર્થ કાયમ રહેનાર જુદી ચીજ છે, એમ નથી.સમજાણું કાંઈ? આહાહા..!

'**માટે (એમ સિદ્ધ થયું કે) જે કોઈ ક્રિયા છે...**' જે કોઈ પલટવાની ક્રિયા પદાર્થમાં થાય છે '**તે બધીયે ક્રિયાવાનથી...**' એ ક્રિયાવાન જે દ્રવ્ય છે-પદાર્થ છે એનાથી '**ભિન્ન નથી.**' સોભાગભાઈ! આ ધંધા-બંધાની ક્રિયા નથી કરી શકતો, એમ કહે છે. એય..! માલચંદજી કરે છે ને? સોભાગભાઈ ક્યાં કરે છે? આહાહા..! કહે છે કે ભાઈ! અનંત અનંત, પ્રત્યેક પદાર્થ અનંત છે તો અનંતપણે અનંત રહીને પોતાની પલટવારૂપ ક્રિયાનો કરનાર એ પદાર્થ છે. એ પલટન ક્રિયાને કરનાર બીજો પદાર્થ નથી. આ આંગળીની ક્રિયા આમ થાય છે એનો કર્તા આત્મા નથી એમ કહે છે. કપુરભાઈ! આરે..! ભારે વાત, ભાઈ!

પૂજામાં સ્વાહા. અષ્ટ દ્રવ્ય કરે છે કે નહિ? ભગવાન કહે છે કે આત્મા એ ક્રિયા કરતો જ નથી. અહીં તો અજ્ઞાનીનો રાગ સિદ્ધ કરવો છે. રાગ કરો. કેમ કે સ્વભાવનું અને સંયોગી ભાવનું ભિન્ન ભાન નથી. એનું ભિન્ન (ભાન) નથી તો આનો કર્તા હું છું એમ માને છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ નિર્વિકલ્પ શાંતિના ભાન વિના જીવ માને છે. આહાહા..! દેખાય તો છે કે પરદ્રવ્ય વિના થતું નથી.. પરદ્રવ્ય વિના થતું નથી. નિમિત્ત અનુસાર કાર્ય થાય.. નિમિત્ત અનુસાર કાર્ય થાય એમ પોકાર કરે છે કે નહિ?

મુમુક્ષુ :- ગોખ્યા કરે.

ઉત્તર :- ગોખ્યા ગોખ, લખ્યા લખ. નિમિત્ત અનુસાર કાર્ય થાય. ભગવાન સાંભળ તો ખરો, પ્રભુ! પોતાના ઉપાદાનની ક્રિયા અનુસારે પોતાના પદાર્થમાં કાર્ય થાય છે. વિજયમૂર્તિ! આ વાત! આ તો બહુ ગડબડ થઈ જાય છે. લખવાનું કાર્ય આત્મા નથી કરતો એમ કહે છે. આ બોલવાની ભાષા થાય છે એ પરમાણુની પહેલા વર્ગણા સમૂહ હતો એ પલટીને ભાષા પર્યાય થાય છે. એ પર્યાય-ક્રિયા, એ પર્યાય છે તે પરિણામથી ભિન્ન નથી અને એ પરિણામ એના રજકણથી ભિન્ન નથી. તો એ રજકણની એ ક્રિયા છે. એ ક્રિયા રજકણની ક્રિયાવાન પદાર્થથી ભિન્ન નથી. તો આત્મા એનું કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! સ્વાહા તો કરી શકે કે નહિ? એય..! ચંદ્રસેનજી! શા માટે મંદિર બનાવે છે? આ તો ભારે વાત, ભાઈ! આ જૈનદર્શન. બનાવે છે, આમ કરે છે, પંચકલ્યાણ કરે છે, આમ કરે છે. સરાફજી! ભાઈ! તને ખબર નથી, પ્રભુ!

એ સમયનો સંયોગી પદાર્થ છે એ જ પોતાની પર્યાય ક્રિયાનો કરનાર કર્તા એ દ્રવ્ય છે. તું કર્તા નથી, ભાઈ! તને ભ્રમ થઈ જાય છે. તારી ઉપસ્થિતિમાં એની ક્રિયા પર્યાયનું પલટવું એ દ્રવ્યના અસ્તિત્વમાં થાય છે. તો તારા અસ્તિત્વમાં (એમ થાય છે) કે મારું અસ્તિત્વ છે તો ત્યાં એમ થાય છે. એમ અજ્ઞાનીને રાગથી ભિન્ન ભાન નથી, એ સંયોગની ક્રિયા મારાથી થાય છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? છે એમાં, જુઓને! પાઠ લીધો છે. તેથી તો પુસ્તક રાખીએ છીએ. જાણે કે આ પુસ્તકમાં શું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કે દિ' વિચાર્યું છે પણ? એમ ને એમ જિંદગી ગાળી છે. કદી નિવૃત્તિ લઈને ક્યાં વિચાર કર્યો છે? કે શું છે અને કેમ થાય છે? મારી મર્યાદામાં શું થાય છે અને પરપદાર્થની મર્યાદા સ્થિતિમાં શું થાય છે. એનો અંતર્મુખ દૃષ્ટિથી કદી વિચાર કર્યો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**તે બધીયે ક્રિયાવાનથી (દ્રવ્યથી) ભિન્ન નથી. આમ, વસ્તુસ્થિતિથી જ...**' જુઓ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમ્યગ્દર્શન સાથે સંબંધ છે. પહેલા કહ્યું ને? રાગ સ્વભાવથી ભિન્ન છે એનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભાન નથી, એવો મિથ્યાદૃષ્ટિ જીવ પરદ્રવ્યની ક્રિયાના કાળમાં પોતાની ઉપસ્થિતિ આમ દેખે છે તો એનો કર્તા હું એમ માની લે છે. પણ હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, હું રાગનો કર્તા પણ નથી, હું જ્ઞાનનો કર્તા છું એમ માનનારો રાગનો કર્તા થતો નથી. તો એ પરના બંધનમાં નિમિત્ત પણ થતો નથી. સમજાણું કાંઈ? ઓહો..! આ તો આત્મવિદ્યા. આત્મવિદ્યા. જે હિન્દુસ્તાની મૂળ ચીજ, સર્વજ્ઞ ભગવાનના ઘરની મૂળ ચીજ. આહાહા..! વસ્તુની સ્થિતિ એવી છે. અહીંયાં કોઈ ભગવાનને કર્યું છે માટે એમ છે એમ નથી. ઈ કહ્યું ને? '**વસ્તુસ્થિતિથી જ...**' જૈન દર્શન ભગવાને કહ્યું કે આમ છે માટે આમ છે? એ તો કહે છે, વસ્તુસ્થિતિ જ એવી છે. આહાહા..! સમજાણું?

વસ્તુ સ્થિતિ, વસ્તુની મર્યાદા એક એક પોઈન્ટ રજકણ, પરમાણુ અને એક એક આત્મા, એક નિગોદના એક શરીરમાં અનંત આત્માઓ છે અને એક એક આત્મામાં અનંત રજકણના પિંડરૂપ કાર્મણ સ્કંધ છે અને કાર્મણ સ્કંધમાં એક એકમાં અનંત રજકણ છે. પ્રત્યેક પરમાણુ પોતાની પૂર્વની અવસ્થા પલટીને જે વર્તમાન પર્યાયરૂપ ક્રિયા થાય છે, એ ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. એ શરીરથી થતી નથી, આત્માને કારણે થતી નથી. કર્મની એક એક પરમાણુની પર્યાય પોતાથી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો અંતર નિર્ણય કર્યા વિના સંયોગના લક્ષથી છૂટીને અને રાગનું લક્ષ છોડીને ચૈતન્યની દૃષ્ટિ એને નથી થતી. સમજાણું કાંઈ?

સંયોગી ક્રિયા સંયોગથી સ્વતંત્ર થાય છે અને મારો રાગ પણ સ્વતંત્ર છે. એવો જ્યાં સુધી નિર્ણય ન કરે ત્યાં સુધી રાગ અને સંયોગ ઉપરથી લક્ષ છૂટીને સ્વભાવની દૃષ્ટિ નહિ થાય. પરાશ્રય દૃષ્ટિ જ્યાં સુધી રહેશે કે મારી ક્રિયા પરથી અને પરની ક્રિયા મારાથી થાય છે, એવી પરાશ્રય બુદ્ધિવાળાને સ્વઆશ્રય ચૈતન્યમૂર્તિનો આશ્રય કદી નથી થઈ શકતો. વાત કરે કે હું જ્ઞાતા છું, હું જ્ઞાતા છું, હું માનું છું. મારા વિના કાંઈ કર્મની પર્યાય થાય? અને રાગ તો મારો સ્વભાવ છે કે નહિ? રાગ મેં કર્યો ને અથવા રાગ કર્મ છે તો કર્યો ને? કર્મ છે તો રાગ થયો ને? કર્મ છે તો રાગ થયો ને? એવી પરાશ્રય દૃષ્ટિ માનનાર એમ કહે કે હું તો જ્ઞાતા છું, ભાઈ! ક્યાંથી થયો જ્ઞાતા? હજી પરાશ્રય દૃષ્ટિ (પડી છે), કર્મ છે તો રાગ થાય છે એવી દૃષ્ટિ તો છૂટી નથી. તો રાગનો આશ્રય છોડીને ચૈતન્યની દૃષ્ટિનો જ્ઞાતા-દૃષ્ટા ક્યાંથી થયો? સમજાણું કાંઈ? શાસ્ત્રમાં લખ્યું છે કે વાત તો સાચી. હું તો જ્ઞાતા છું. બહુ સારી વાત. પછી કહે પણ જુઓ રાગ છે એ કર્મ વિના નથી થતો, હોં!

મુમુક્ષુ :- ઈ પણ શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- એ લખ્યું છે પણ કઈ અપેક્ષાએ લખ્યું છે? કે તું વિકાર કરે છે તો બીજી એક ઉપસ્થિત વસ્તુ છે. એટલું બતાવવા માટે. પણ એ નિમિત્ત છે તો કરે છે એમ નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્ત જુદી ચીજ છે અને એનાથી અહીં થાય, અહીંથી ત્યાં થાય, એ બીજી વાત છે. સમજાણું કાંઈ? એક નિમિત્તની પર્યાયના અસ્તિત્વથી કર્મના ઉદયરૂપ પર્યાયની મોજૂદગીથી રાગની મોજૂદગી હોવી એ કર્તાકર્મ થઈ ગયું. એ બીજી વાત થઈ. અને રાગ થયો તો કર્મનું નિમિત્ત છે એ બીજી વાત થઈ. બે વાતમાં ફેર છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં ફેર છે અને કર્તાકર્મ સંબંધમાં ફેર છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ લાકડી ઊંચી થઈ તો એમ કહેવામાં આવે કે આ આંગળી નિમિત્ત છે. પણ આંગળી છે તો લાકડી ઊંચી થઈ એવું નિમિત્તનું લાકડું લગાવે તો કર્તાકર્મ થઈ ગયું. એમ છે નહિ એમ કહે છે. ઘણા વર્ષ થઈ ગયા અહીંયાં તમને તો. આહાહા..! ભગવાન! આ તો સર્વજ્ઞ ભગવાનનો માર્ગ આવો છે.

કહે છે ને '**વસ્તુસ્થિતિથી જ (અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે)...**' કોઈની મર્યાદામાં કોઈ પરમાણુની કે કોઈ દ્રવ્યની સ્થિતિ સંક્રમણ થઈને પરની ક્રિયા કરે એમ વસ્તુની સ્થિતિમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અનંત અનંત પદાર્થ અનંતપણે ટકે છે અને અનંતપણે પોતાની પર્યાયને સમયે સમયે પોતાથી (કરે) પરથી ભિન્ન રહીને કરે તો તો અનંતનું અનંતપણે રહે છે. અને અનંતમાંથી એક પદાર્થ પણ પરની ક્રિયા કરે તો એ પૃથક્ પદાર્થ છે એ રહ્યો નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ પાંચ આંગળી છે, જુઓ! તો પાંચ આંગળી પાંચરૂપે ક્યારે રહે? કે પોતપોતાની સ્થિતિની મર્યાદામાં એ રહે. આની મર્યાદામાં આ, એની મર્યાદામાં એ. પણ આ એની મર્યાદાથી આ કામ કરે. તો તો આ કામ કરે. આ એનું કામ કરે તો એના કામ કર્યા વિના એ ચીજ રહી. તો પર્યાય વિના ચીજ રહી તો દ્રવ્ય પણ ન રહ્યું. બે એક થઈ ગયા. સમજાણું કાંઈ? ભારે સિદ્ધાંત આ તો સૂક્ષ્મ છે. ઓહોહો..! ઈચ્છા થઈ તો વાણીની પર્યાય થઈ એમ ત્રણ કાળમાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- એનું નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્તની વ્યાખ્યા તો પહેલા કરી. નિમિત્ત વ્યાખ્યા કે એક બીજી ચીજ છે. પણ ઈચ્છા છે તો ભાષાની પર્યાય થઈ એ જુદી ચીજ થઈ. એક સત્‌ના અંશથી બીજા સત્‌નો અંશ થયો. એમ નથી. એ નહિ. એ નિમિત્ત ન રહ્યું. રાજેન્દ્રજી!

મુમુક્ષુ :- કર્તા થયો.

ઉત્તર :- કર્તા થયો. બરાબર છે? શરાફજી! આ શરાફનો ધંધો છે.

મુમુક્ષુ :- નિમિત્ત વિના નથી થતું.

ઉત્તર :- નિમિત્ત વિના નથી થતું એમ કોણ કહે છે? એ તો એની એક સ્થિતિ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક સમયમાં કયા દ્રવ્યની પર્યાય નથી થતી? અને પર્યાયકાળમાં ક્યુ નિમિત્ત નથી? છે. છે તો શું થયું? એ છે તો આ છે, તો તો સત્‌નો નાશ થઈ ગયો. એ છે, પોતાની પર્યાયમાં પોતે છે તો અહીં બીજો છે, બસ એટલું. પણ આ છે તો એ છે, એ છે તો આ છે એવી વાત નથી. સત્‌નો નાશ થાય છે. સમજાણું કાંઈ? નિમિત્ત જુદી ચીજ છે અને નિમિત્ત છે તો આ થયું એ જુદી ચીજ થઈ. મોટો આંતરો થયો. એ સૂક્ષ્મ ભાવની ખબર નથી. નિમિત્તથી થયું... નિમિત્તથી થયું.

મુમુક્ષુ :- નિમિત્તમાં કર્તૃત્વશક્તિ નથી.

ઉત્તર :- પરની કર્તૃત્વશક્તિ નથી. પોતાની કર્તૃત્વશક્તિ છે. સમજાણું કાંઈ?

પ્રત્યેક પદાર્થ છે તો પ્રત્યેક પદાર્થમાં પોતાની ક્રિયા કરવાની કર્તૃત્વશક્તિ છે. પણ એમાં એની કર્તૃત્વશક્તિ કરવાની (શક્તિ) કોઈ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? પરનું નહિ કરવું એવો કર્તૃત્વ ધર્મ છે પ્રત્યેક પદાર્થમાં. સમજાણું કાંઈ? ભારે ઝીણું! અહીં તો કહે, હું પરની દયા પાળી શકું. અમે પરની દયા પાળી શકીએ છીએ. હજી તો ઓલો કહે, દયાથી ધર્મ થાય. અરે..! ભગવાન! શું કરે છે? ભાઈ! પરની દયાનો ભાવ પોતામાં રાગની મંદતા હો. પણ એનાથી એ પરજીવ બચી ગયો એમ નથી. પણ નિમિત્ત છે ને. પણ નિમિત્તની વ્યાખ્યા શું? તારો રાગ છે તો ત્યાં બચવાની પર્યાય થઈ એમ થાય તો આ સત્‌થી ત્યાં સત્ થયું. એમ છે જ નહિ. એ પણ પોતાની ક્રિયાનો કરનાર પદાર્થ છે, તું રાગની ક્રિયા કરનારો છો. બસ એટલું. તો ત્યાં થનારી ક્રિયામાં રાગને નિમિત્ત કહે છે. પણ નિમિત્ત છે તો ત્યાં બચી ગયો. એક અંશથી ત્યાં સત્‌નો અંશ રહ્યો, એ વસ્તુનો નાશ છે, એમ છે નહિ. એય..! કપુરભાઈ! આ બધું અત્યાર સુધી ગાળ્યું છે ને? અડધું લૂગડું આમ કરતા. વળી પાછું ફેરવ્યું. એય..! કપુરભાઈ! કપુરભાઈને ખબર હોય કે નહિ બધી? ઘરના છે ને ત્યાં તમારા ગામના? હવે ફર્યા. એ બધી પર્યાય ફરે છે કહે છે.

મુમુક્ષુ :- અંતરની કે બહારની?

ઉત્તર :- અંદર પણ ફરી અને બહાર ફરે. બધે ફરે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...પડે ને.

ઉત્તર :- નહિ. નહિ. નહિ. બિલકુલ ન પડે. કેમ કે તે સમયે પણ તે દ્રવ્યની પર્યાયને પલટાવનારો તે પદાર્થ છે. આ વાણી એને પલટનારો પદાર્થ નથી. સાંભળનારના વર્તમાન જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય પહેલા હતી એ પલટીને બીજી થઈ એ ક્રિયાને કરનારું એ દ્રવ્ય છે. વાણી નહિ. કપુરભાઈ! આ તો દાખલો સીધો છે. સીધી વાત છે.

મુમુક્ષુ :- દાખલામાં મુંઝવણ થાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- દાખલામાં મુંઝવણ થાય એમ આ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! જે વસ્તુની જે સ્થિતિની જે મર્યાદા છે એ મર્યાદા જાણ્યા વિના બીજાના કર્તાપણાનું અભિમાન કદી છૂટે નહિ. સમજાણું કાંઈ? મેં ઉપદેશ દીધો, મેં પુસ્તક લખ્યું, મેં પરને આટલાને સમજાવ્યા. ભાઈ! પરની ક્રિયાને કરવી એ તારા અધિકારની વાત નથી. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે)...**' ઓહો..! એવી જ્યાં **સ્વતંત્રતાનો ઢંઢેરો** લક્ષમાં આવતા, હું પણ રાગથી રહિત ચૈતન્ય શુદ્ધ વસ્તુ છું, એવી દૃષ્ટિ થવામાં, પરથી ભિન્ન થવામાં ભેદજ્ઞાન કરવામાં આ ચીજ કારણ છે. સમજાણું કાંઈ? હું હતો માટે એ થયું. એ તો અભેદ થયું. પરની સાથે અભેદ થયો. રાગની સાથે ભેદ કરવાનું તો ત્યાં રહ્યું નહિ. હજી પરની સાથે ભેદ કરવો રહ્યો નહિ, ત્યાં રાગની સાથે ભેદ કરવાનું તો રહ્યું જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો સાધારણ.. ચાર પૈસાનું શેર તો મણના અઢી. એ કુંચી હોય છે ને કુંચી? શું કહે છે તમારામાં? અમારામાં કુંચી કહે છે. કુંજી. મણના અઢી તો શેરના કેટલા? ચાર પૈસા. પછી દાખલા? તો સાડી પાંત્રીસ શેરના કેટલા? સાડી પાંત્રીસના સાડી પાંત્રીસ આના. એમ આ કુંચી છે. પ્રત્યેક પદાર્થ પૃથક્ રહીને પોતાની વર્તમાન પલટવાની ક્રિયા કરે છે. એ ક્રિયા ક્રિયાવાનથી ભિન્ન નથી. એ ક્રિયા બીજાથી થતી નથી. બસ, બધા દાખલો લઈ લેવા. ગમે તેટલા દૃષ્ટાંત હોય એ બધામાં આમ લઈ લેવું. આહાહા..!

'**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**' જુઓ! શું કહે છે? '**આમ, વસ્તુસ્થિતિથી જ ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી,...**' લ્યો.. સદા ત્રણે કાળ પ્રત્યેક પદાર્થ વર્તમાન પલટવાની અવસ્થાની ક્રિયા અને કરનારો એ પદાર્થ, એવી અભિન્નતા એકરૂપ હોવાથી '**(સદાય) તપતું હોવાથી,...**' સદાય તપતું હોવાથી, સદા પ્રસિદ્ધ જ છે, એ રીતે જ પ્રગટ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે, લ્યો! કોઈનું કરે નહિ તો સાંભળવા શા માટે જાય છે? શરીરને લઈને જાય છે કે નહિ? શરીરને લઈને ત્યાં જાય છે કે નહિ? સાંભળવા શું કરવા જાય છે? સાંભળવાથી લાભ થાય છે માટે જાય છે કે નહિ? એવો પ્રશ્ન કરે છે. એય..! બાબુલાલજી! અરે..! ભગવાન સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! શરીરને લઈને જાય છે કે નહિ? ભગવાન! શરીરની એક એક રજકણ પોતાની પર્યાયથી કામ કરે છે. આત્માની ઈચ્છાથી નહિ. સમજાણું કાંઈ? શું કામ કલકત્તાથી આવ્યા? મોટી મોટી વાત કરો છો નિમિત્તથી થાય નહિ.. નિમિત્તથી થાય નહિ. પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ!

પ્રત્યેક પદાર્થના પ્રત્યેક કાળમાં પોતાની અવસ્થાને કરનાર ક્રિયાવાન દ્રવ્ય છે. તો એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યથી ક્રિયા થાય છે, પરથી થતી નથી. આત્મા શરીરને અહીંયાં લાવી શકે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાખે પણ નહિ અને ટાળે પણ નહિ. ક્યાંથી રાખે? સમજાણું કાંઈ? ઓહોહો..! એના પરમાણુની એક સમયની ઉત્પાદ રૂપી જે ક્રિયા છે એ ક્રિયા તો પરમાણુથી થઈ છે, તારા આત્માથી નહિ અને તારી ઈચ્છાથી નહિ. આહાહા..! એવું માનશે તો.. કેટલાક એમ કહે છે, તો આ પછી ભક્તિ-બક્તિ ઉડી જશે. પણ સાંભળ તો ખરો. એને રાગ થયા વિના રહેશે નહિ. ધર્મીને દૃષ્ટિ આત્માની થઈ પણ જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિર નથી થઈ શકતો ત્યાં સુધી રાગ, ભક્તિ આદિ દયા-દાનનો આવ્યા વિના રહેતો નથી. શું વીતરાગ થઈ ગયો છે? સમજાણું કાંઈ? ... રાગ મારા સ્વરૂપથી ભિન્ન એક બંધનરૂપ કષાયથી વિશેષ નિવૃત્તિ માટે, તીવ્રતાથી બચવા માટે આવ્યો છે. પણ મારો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આ તો સાદી હિન્દી છે, બહુ એવી કડક નથી. ગુજરાતીવાળાએ જરી સમાધાન કરી લેવું. આ તો સાધારણ વાત છે. આ લોકો બોલે એવી હિન્દી અમને આવડતી નથી. પણ આ તો એની ભાષામાં એ પ્રકારે આવે છે.

શું કહે છે? ભગવાન આત્મા અને આ પરમાણુ એક એક પૃથક્, જેટલા અનંત પદાર્થ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયા છે, એ પ્રત્યેક પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાની પલટવાની ક્રિયાને કરનાર એ દ્રવ્ય છે. કોઈ દ્રવ્ય કોઈ પદાર્થ બીજી પર્યાયની પલટવાની ક્રિયાનો કે પરિણામનો કર્તા છે એમ ત્રણ કાળમાં બનતું નથી. સમજાણું કાંઈ? કહે છે કે '**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**' જુઓ! કેટલું..! કર્તા નાખ્યું, ક્રિયા નાખી, અભિન્નતા અને પરિણામ, હવે કર્તા નાખ્યું ભાઈ આમાં. આહાહા..! કેટલું સિદ્ધ કરે છે!

'**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું...**' એટલે કે જે આ પરમાણુ રજકણ છે આ ધૂળ, માટી, તો એની જે ક્રિયા થાય છે એનો કર્તા એ પરમાણુ છે, આત્મા નહિ. સમજાણું કાંઈ? આ આંગળીની આ ક્રિયા થાય છે, સર્વજ્ઞ ભગવાન કહે છે કે વસ્તુની સ્થિતિની મર્યાદામાં એવી મર્યાદા છે. તું મર્યાદા ઓળંગીને ક્યાં જઈશ? સમજાણું કાંઈ? તારી દૃષ્ટિમાં ભ્રમ થયો છે કે હું પરપદાર્થની ક્રિયા હલન-ચલન કરું છું. મારી ઈચ્છા થાય થે પ્રમાણે પગને ચલાવું. હું ધીમે ચલાવું, ઉગ્રપણે ચલાવું એ મારા અધિકારની વાત છે. એમ કહે છે કે ભગવાન પરમાત્મા એમ નથી કહેતા. કેમ કે પ્રત્યેક પરમાણુ પગના રજકણ છે. આ પગ રજકણ છે. ઈ ક્યાં આત્મા છે? માટીનો પિંડ છે, પગ છે, આંગળી છે. એક અડધી કલાકમાં બે માઈલ ચાલવાનું હોય તો ઉતાવળથી ચાલું અને ધીમે ધીમે વાતું કરતા કરતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાલવાનું હોય તો એક કલાકમાં બે માઈલ ચાલવું હોય તો ધીમે ધીમે ચાલું. એ મારા અધિકારની વાત છે.

મુમુક્ષુ :- ... સાયકલ ઉપર જાય.

ઉત્તર :- એકદમ જાવું હોય તો સાયકલ ઉપર જાય. એથી એકદમ જાવું હોય તો મોટરમાં જાય. એનાથી એકદમ જાવું હોય તો ઉપરથી જાય. કહે છે, સાંભળ તો ખરો. ક્યાંથી તું કોની પાસેથી કામ લે છે? શું શરીરનું કામ તું કરી શકે છે? શરીરના પ્રત્યેક રજકણ પોતપોતાની ક્રિયાના કર્તા છે. ભાષા જુઓને, કર્તા છે. એ ક્રિયા અને કરનારા રજકણ ભગવાન આત્મા પોતાને ભૂલીને રાગ કરે તો રાગ પલટવાની ક્રિયા થાય તેનો કર્તા આત્મા છે. એ રાગનો કર્તા કર્મ નથી. ભાઈ! એમ આવ્યું, લ્યો. રાગનો કર્તા કર્મ નથી. અને રાગ કર્તા અને દેહની ક્રિયા ચાલે અને રાગ કર્તા અને કર્મબંધનની પર્યાય થઈ, કર્તા આત્મા અને એ ક્રિયા થઈ એમ નથી. તારી રાગની ક્રિયાનો તું કરનારો કર્તા. પરમાણુના બંધનરૂપ અવસ્થાની ક્રિયા કરનારા પરમાણુ. સમજાણું કાંઈ? કેમ હશે ચીમનભાઈ? મોટા ઈજનેર છો તો બધું કરતા હશો કે નહિ મોટા? ઉપાડે ને વળી આ અમારા અહીં છે ને. વયા ગયા? આ રહ્યા. એણે બધા પથરા બહુ કર્યા છે. કોણે કર્યું? તો કહે પથરાએ. એમ કહેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ કહે છે કે ન બેસતું હોય તો પણ બોલાય એવું નથી. એમ કહે છે. આમાં ન બેસે એવી વાત ક્યાં છે? ભાઈ! જેમ એક ને એક બે. એમાં વળી ગૂંચવણ શી અને ન બેસે એવી વાત શી? સમજાણું કાંઈ?

એમ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે ભગવાન સાંભળ તો ખરો, તારા ઘરની અને પર ઘરની વાત. તારા ઘરની અને પર ઘરની. પ્રત્યેક પદાર્થ પોતાની અવસ્થારૂપી ક્રિયા (કરે છે). ક્રિયા કેમ લીધી? કે પલટવું દેખાય છે ને પલટવું? આમ ફરે છે ને? પૂર્વ અવસ્થાથી પલટે ને? તો પલટવામાં અધિકાર, એ દ્રવ્યની ક્રિયામાં દ્રવ્યનો અધિકાર છે. પહેલી અવસ્થા આમ હતી અને બીજી અવસ્થા આમ કેમ થઈ? સંયોગ આવ્યો તો થઈ. પહેલા અવસ્થા આમ હતી. જુઓ! આમ હતી, હવે આમ થઈ. તો એનું કારણ છે કે નહિ એમાં? કહે ના. સાંભળ તો ખરો. એ પલટવા રૂપ ક્રિયા તેં જોઈ તો આમ કેમ અવસ્થા થઈ? પહેલા આમ હતી, પછી આમ થઈ. આ પરમાણુનો અધિકાર છે કે નહિ? ઊંચી લાવવાની ક્રિયામાં કોઈ અધિકાર પચાસ દોકડા આના અને પચાસ દોકડા આના છે કે નહિ કાંઈ? દોકડાને શું કહે? ટકા.

બે ભાગીદાર હોય છે કે નહિ? એમાં પચાસ ટકા એણે કામ કર્યું, પચાસ ટકા આંગળીએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યું. તો પહેલી અવસ્થા આમ હતી અને ઊંચી થઈ એનું કારણ શું? એમ કહે છે. સાંભળ તો ખરા. અહીં ક્રિયાની વાત કરે છે. પહેલી હતી અને બીજી પલટી એ ક્રિયાનો કર્તા રજકણ છે, આંગળી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મજમુ દુકાન નહિ. આ તો શેઠ છે તો સ્વતંત્ર રાખે છે. કોઈનો .. સમજ્યાને? ભાગીદાર. રિશ્તેદાર. રિશ્તેદાર રાખે ને પૈસા? રિશ્તતેદાર શું કરવા રાખે? પૈસા ઘરના હોય ને. આહાહા..! ભારે વાત કરી. રીશ્તેદાર-ફીશ્તેદાર કોઈ છે જ નહિ.

રજકણની પર્યાયમાં આત્મામાં ભાગ કંઈ પણ એક દોકડો-એક ટકો અને આત્માના રાગમાં કર્મના ઉદયનો એક ટકો-ભાગ છે જ નહિ એમ કહે છે. આહાહા..! એ જ કહે છે ને અરે..! એ થયો છે. (સંવત) ૨૦૦૬ની સાલમાં થયો. પાલીતાણા બહુ ગડબડ થઈ. તમે કહો છો કે રાગ અને વિકારથી આત્મા રખડે છે. ત્રિલોકનાથ કહે છે કે આઠ કર્મથી રખડે છે. લાવો ચર્ચા. ભગવાન! તારે ચર્ચા કોની કરવી છે? શું દ્રવ્યનો નાશ કરવો છે? ભગવાનની વાણીનો, જ્ઞાનનો નાશ કરવો છે? શું કરવું છે તારે? કર્મ તો જડ છે. કર્મની ક્રિયા કર્મમાં રહી અને રખડવાની ક્રિયા આત્માની આત્મામાં રહી. અજ્ઞાન અને મિથ્યાભ્રમથી આત્મા રખડે છે, કર્મથી નહિ. આહાહા..! મોટી ચર્ચા થઈ હતી, ત્યાં પાલીતાણામાં. શ્વેતાંબર આચાર્ય હતા ને. અમે ગયા હતા. આઠસો માણસ (હતા). લાવો ચર્ચા. કર્મથી થાય છે. અરે..! ભગવાન! કર્મ તો દ્રવ્ય સ્વતંત્ર પર્યાય છે. કર્મ પણ એક પર્યાયનું પલટવું થાય એની ક્રિયાનો કર્તા રજકણ છે. આત્મા રખડે છે એનું કારણ કર્મ છે એમ છે જ નહિ. એય..! વિજયમૂર્તિ! શું કરવું? જૈનમાં તો કર્મની પ્રધાનતા છે. લોકો એમ કહે છે, લ્યો. એમ છે જ નહિ.

અહીં કહે છે કે નિગોદમાં પણ જીવ કર્મથી રોકાણો છે એ વાત વસ્તુની મર્યાદામાં નથી. પ્રથમ અવસ્થામાં જે તીવ્ર મિથ્યાત્વના પરિણામ નિગોદના જીવના હતા અને પછી પણ તીવ્ર મિથ્યાત્વ બીજે સમયે થયું. એ પલટવાની ક્રિયાનો કર્તા જીવ છે. કર્મ તીવ્ર છે તો આવી ક્રિયા થઈ એમ છે નહિ. ભારે વાત, ભાઈ! જૈનમાં તો કર્મ, કર્મ. નહિ. પદાર્થની અવસ્થા જેમ છે એમ સમજવું એ જૈનદર્શન છે. સમજાણું કાંઈ?

‘**ક્રિયા અને કર્તાનું અભિન્નપણું (સદાય) તપતું હોવાથી, જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી...**’ લ્યો! એ શાસ્ત્રભાષા લીધી. એટલા શબ્દ મૂક્યો છે એણે. એ ક્રિયા પરિણામ, પરિણામીથી પરિણામ એક. સમજ્યા. એવી વસ્તુની મર્યાદા અને ક્રિયા કર્તા એક. એમ જીવ વ્યાપ્ય નામ કામ, પોતાના રાગાદિ પર્યાય એ જીવનું વ્યાપ્ય, વ્યાપક નામ દ્રવ્ય કર્તા. આત્મા કર્તા એ વ્યાપક. કર્તા કહો કે વ્યાપક કહો. અને વ્યાપ્ય રાગાદિ થયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ વ્યાપ્ય. અત્યારે એ વાત અત્યારે ચાલે છે, હોં! '**પોતાના પરિણામને કરે છે...**' જીવ વિકારના પરિણામ, મિથ્યાત્વના પરિણામ કરે છે. સમજાણું કાંઈ? કોઈ કહે ને ક્ષાયિક સમકિતી જીવ છે. સમજ્યા ને? અહીંથી નરકમાં જાય તો કર્મ લઈ જાય છે. એમ છે જ નહિ.

મુમુક્ષુ :- તો શું નરકમાં જાવું?

ઉત્તર :- જાવું એ પોતાની યોગ્યતાના પરિણામની ક્રિયાના પરિણમનનો કર્તા છે અને એને જાણે છે કે આમ પરિણમન થાય છે. પરને કારણે હું જાઉં છું એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે...**' ભગવાન આત્મા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાયકપણાને ભૂલીને વ્યાપ્ય નામ વિકારી અવસ્થાનું કામ અને આત્મા તેનો કર્તા, એવા પરિણામને કરે છે. '**અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે...**' પોતાની પર્યાયમાં જે હરખ-શોક થયો, હરખ-શોક થયો એ ભાવ્ય છે. ભોગવવા લાયક થયો. અહીં તો સામાન્ય વાત છે ને કર્તાની-અજ્ઞાનીની. વિકારી પરિણામ હરખ શોક જે થયા, રોટલી ખાવાના કાળમાં, રોટલીના કાળમાં મોસંબી અને શીરો ખાય અથવા શીખંડ અને પુરી, સાટા. સાટાને શું કહે છે? સાટા કહે છે? મોળા સાટા, ગળ્યા સાટા કહે છે ને. ખાજા... ખાજા. ખા-જા. કોણ ખાજા? એ ખાજાની ક્રિયામાં જે આમ આમ પર્યાય થાય છે એ આત્મા ખાતો જ નથી, એમ કહે છે અહીંયાં. આત્મા શું કરે છે તે સમયે? પોતામાં જે હરખ રાગ થયો એ રાગનો ભાવ્ય નામ ભોગવનાર, ભાવક આત્મા, બસ એટલું. એ ક્રિયા-ખાવાની આત્માની ક્રિયા ખાધી એ વાત વસ્તુમાં છે નહિ. ઓહોહો..! સમજાણું કાંઈ? .. એમ કહે, શું ખાધું તે? આ ખાધું, શીખંડ-પુરી ખાધા, રસ-રોટલી ખાધી. કોણ ખાય છે? જડ ખાય છે? જડ પણ ખાતું નથી અને આત્મા પણ ખાતો નથી. ખાય કોણ?

પોતાની પર્યાયમાં જે હરખનો અને શોકનો, પ્રતિકૂળમાં શોક અને અનુકૂળતામાં રાગ હરખ (થાય) એ પોતાની પર્યાયમાં પોતાની દશામાં ભોગવવા લાયક ભાવ્ય પર્યાય થઈ. એને આત્મા ભાવક નામ ભોગવનાર થઈને ભોગવે છે. આત્મા કર્મને ભોગવે છે અને સ્ત્રીને ભોગવે છે, લાડુને ભોગવે છે, એમ ત્રણ કાળ ત્રણ લોક અજ્ઞાનમાં પણ નથી. ઓહોહો..! રાડ નાખે. આવું તો અમે સાંભળ્યું નહોતું. નહોતું સાંભળ્યું એટલે કાંઈ સત્ બીજું થઈ જાય? સત્ કાંઈ બીજું થઈ જાય? સત્ તો જે છે એ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એ પંથ કાંઈ બીજો થઈ જાય?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ એણે જેવું તત્ત્વ જાણ્યું એવું છે એવું કહ્યું એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણવું જોઈએ. એમ કહે, ભગવાન સાચા. ... ભગવાને એમ કહ્યું છે, હોં! ગોમ્મટસારમાં કહ્યું છે. વિપાક.. જેવા કર્મનો અનુભવ આવે, ફળ આવે એવું ભોગવવું પડે. એમ કહ્યું જ નથી ત્યાં. ત્યાં કહ્યું જ નથી. વિપાક.. સૂત્ર આવે છે ને? એવી જ બધી ગોમ્મટસારમાં વ્યાખ્યા છે ને. કર્મના ઉદયને ભોગવે, અનુભાગને આત્મા ભોગવે છે. સ્થિતિ, પ્રકૃતિ, પ્રદેશને ભોગવતો નથી. અનુભાગને ભોગવે છે. કર્મના અનુભાગને ભોગવે છે. અનુભાગ નામ રસ-રસ. અહીં કહે છે, ના. ના. કર્મના અનુભાગની પર્યાયને ભોગવે જડ.

મુમુક્ષુ :- કર્મ રસ દઈને ખરી જાય છે?

ઉત્તર :- રસ દઈને એની પર્યાય એમાં થાય છે. એમાં ઘટી જાય શું અને વધી જાય શું? આહાહા..! ભારે વાત, ભાઈ!

જૈન તત્ત્વ વીતરાગ પરમાત્માએ કહ્યું એ સમજવું ગંભીર છે, સૂક્ષ્મ છે. લોકો એમ પોતાની કલ્પનાથી માની લે તો વીતરાગ માર્ગથી વિપરીત થાય છે. એના આત્માને મોટો અપરાધ થાય છે. સત્‌થી વિરૂદ્ધ માન્યતા એ પોતાનો અપરાધ છે. અપરાધની ક્રિયાનો કરનાર આત્મા છે. કર્મથી અપરાધ થયો જ નથી. ઓહો..! અહીં તો કહે, જ્ઞાનાવરણીય કર્મમાં એવો તીવ્ર ઉદય આવ્યો તો પોતાના જ્ઞાનની દશા હીન થઈ જાય. કર્મની ક્રિયાથી તારી હીણી ક્રિયા થઈ? એ ક્રિયાનો કરનારો તો કર્મ થયું. અહીં તો કહે છે ક્રિયા અને ક્રિયાવાન એક છે. ક્રિયાનો કર્તા એક છે. તું કહે કે અમારા જ્ઞાનની હીણી દશા થઈને, ભાઈ, અમને કાંઈ હીણી કરવાનો ભાવ છે? પણ ભાવ છે ત્યાં છે પછી શું કરવાનો ભાવ છે? જ્ઞાનની કર્મની હીણી દશાની ક્રિયા એ કરનારો આત્મા છે. એક એક ગુણની જે અવસ્થા થાય છે એ ક્રિયાનો કરનારું તે દ્રવ્ય છે. ભારે!

'**જીવ જેમ વ્યાપ્યવ્યાપકભાવથી પોતાના પરિણામને કરે છે...**' વ્યાપ્ય નામ કાર્ય, કર્મ, અવસ્થા. વ્યાપક નામ કર્તા, ક્રિયાવાન એવા ભાવથી પોતાના પરિણામને કરે છે. '**અને ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે તેમ જ...**' જુઓ! ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે છે. '**ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે...**' પોતાના પરિણામનો કર્તા છે. સમજાણું કાંઈ? તરસ લાગી તો મોસંબીનું પાણી પીધું. મોસંબીની મીઠાશ લાગી તો મોસંબી તો જડ છે. શું જડની પર્યાય આત્મામાં આવી? આત્મા જડ થઈ ગયો? સાકર ગળી લાગી. સાકર સાકર. સાકર મીઠી છે તો એ જડની દશા છે. મીઠાશ તો જડની દશા છે. તો જડની દશા જ્ઞાનમાં આવી ગઈ? તો જડ ભોગવે? આત્મા ભોગવે? એ જડના કાળે પોતામાં જ્ઞાન થયું કે આ મીઠું છે. અને સાથે રાગ થયો. તો રાગને ભોગવવાનું થયું. સાકરની પર્યાયને આત્મા ભોગવે એ ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. આરે..રે..! ભારે વાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! આ કોના ઘરનું વિજ્ઞાન? એય..! ..ભાઈ!

મુમુક્ષુ :- સાસુ-વહુના ઝઘડા ખલાસ થઈ જાય.

ઉત્તર :- બધા ઝઘડા. એના રાગ સાથે ઝઘડા મટી જાય. સાસુ-વહુ સાથે ઝઘડા કોણ કરતું હતું? આમ માને તો અરે..! પર પર્યાય ઓહોહો..! એક એક દ્રવ્યની સ્વતંત્ર! એક ક્ષેત્રે અને એક કાળે પદાર્થ ભેગા હોવા છતાં પ્રત્યેકની ક્રિયાનો કરનારો એ પદાર્થ, હું મારી ક્રિયાનો કરનારો. દૃષ્ટિ પરથી ખસીને પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આવી જાય. સમજાણું કાંઈ? પરનું જોવું રહે નહિ. પ્રસન્નતા છે એમાં. વાત તો એવી છે ને, ભાઈ! આહાહા..!

કહે છે કે '**ભાવ્યભાવકભાવથી તેને જ અનુભવે-ભોગવે છે તેમ જો વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્ગલકર્મને પણ કરે...**' ભગવાન આત્મા પોતાનું વ્યાપ્ય નામ કાર્ય જે રાગાદિ વિકલ્પનો કર્તા છે, તેમ કર્મની પર્યાયનો કર્તા પણ આત્મા થાય, એ જ સમયે પુદ્ગલની પર્યાય જે કર્મરૂપ થાય છે તેનો પણ આત્મા કર્તા થાય... સમજાણું કાંઈ? '**અને ભાવ્યભાવકભાવથી તેને જ ભોગવે...**' પોતાનો રાગ અને હરખને આત્મા પોતાની પર્યાયમાં પોતાથી ભોગવે છે. એ સમયે કર્મના ઉદયને ભોગવે, કર્મના ઉદયને પણ આત્મા ભોગવે '**તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...**' '**તો તે જીવ, પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી...**' પોતાના રાગની પણ ક્રિયા થઈ, હરખની ક્રિયા પણ થઈ, કર્મ કરવાની ક્રિયા પણ થઈ અને ભોગવવામાં કર્મની ક્રિયા ભોગવી.

'**પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...**' બે ક્રિયાનો એક પ્રસંગ થતાં '**સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી),...**' સ્વની અસ્તિ પોતામાં અને પરની અસ્તિ પરમાં, એવી બેની અસ્તિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પોતાના હરખ-શોકને ભોગવે, એમ કર્મને પણ આ ભોગવે. તો કર્મને ભોગવવાની ક્રિયા એ કર્મમાં છે. તો અસ્તિત્વ એનું રહ્યું નહિ. હું એને ભોગવનાર થયો. એને ભોગવનાર એ તો રહ્યો નહિ. સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આવું તે વીતરાગનું વ્યાખ્યાન આવું હશે? ઓલા તો કહે, આમ કરો... આમ કરો.. આમ કરો... કાંઈક સમજાય પણ ખરું. એ વિના આ બધું પંચ કલ્યાણક કરશે? નાના ગામમાં શી રીતે થાશે? આ શેઠિયાએ સોંપી દીધું એને, જાવ. કરો તમે. અમે તો કલકત્તા રહેનારા ક્યાં અમને અહીંયાં ગામમાં સૂઝ પડે. અરે..! આ ભારે ભ્રમ, ભાઈ! પરની ક્રિયા કરતો નથી એમ કહે છે. મંડપ-બંડપ બાંધવા... સમજ્યા? એમાં ગોળા-બોળા લટકાવવા. ગોળા હોય છે ને? ગોળા હોય છે ને કાચના.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...લઈ જવા છે.

ઉત્તર :- લઈ જવા છે, લ્યો. તારાચંદ! .. એને માટે રાખ્યું છે? એને બોલાવ્યા છે? ક્યાં ગયા ચીમનભાઈ? લ્યો, આ તમને નાખે છે ત્યાં. આહાહા..!

અરે..! ભગવાન! શું કહે છે? ભાઈ! આત્માનો વિકલ્પ જે પર્યાય એ તો આત્માના પર્યાયના અસ્તિત્વમાં, એનો કર્તા આત્મા. પણ જે પર પરમાણુની અવસ્થા આદિ છે એની અવસ્થાનો કરનાર તો રજકણની મોજૂદગીમાં એ રજકણ થાય છે. આત્માને કારણે પરની ક્રિયા થાય છે અને પરની ક્રિયા આત્મા કરે અને ભોગવે તો બે દ્રવ્યની ભિન્નતાનો લોપ થઈ જાય છે. અનેકતા અનેકપણે છે એમાં અનેકતા એક થવાથી અનેકતાનો લોપ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓને, કેટલું કહ્યું!

'**પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતાં...**' બેની એક્તાનો પ્રસંગ આવતાં '**સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી), અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્માને અનુભવતો થકો...**' ભગવાન આત્મા એક સ્વરૂપે છે. રાગાદિ કરો કે હરખ આદિ ભોગવો, એ પરનો પણ કર્તા અને પરનો ભોક્તા. તો અનેકદ્રવ્યસ્વરૂપ એક આત્મા. પોતાના એક દ્રવ્યસ્વરૂપ ન રહ્યો. અનેક પરનો પણ કર્તા અને ભોક્તા. તો અનેક દ્રવ્યસ્વરૂપ એક આત્માનો અનુભવ કરતો થકો '**મિથ્યાદષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મતની બહાર છે.**' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જૈન પરમેશ્વર તીર્થંકર દેવાધિદેવ એના જ્ઞાનથી આ વિપરીત માને છે તો એ સર્વજ્ઞની આજ્ઞાથી બહાર છે. ઓહોહો..!પાછા ચોર કોટવાળને દંડે. પરની ક્રિયા ન કરી શકે? સમજાણું કાંઈ? અહીં કહે છે કે પરની ક્રિયા એ કરે તો અનેક દ્રવ્યસ્વરૂપ એક દ્રવ્યમાં અનુભવ થવાથી, અનેકની પૃથક્તાનો લોપ થવાથી સર્વજ્ઞની આજ્ઞાથી બહાર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉપાદાન...

ઉત્તર :- શબ્દ પડ્યો છે ને અંદરમાં ઉપાદાન. પણ ઉપાદાનનો અર્થ નિશ્ચયથી પરનું નહિ. વ્યવહારથી એમ બોલવામાં આવે છે કે નિમિત્ત છે તો અહીંયા થયું. એનો અર્થ કે એમ છે નહિ. નિમિત્ત છે તો એનું જ્ઞાન કરાવવાનું એવું કથન આવ્યું છે. આહાહા..! બહુ ગડબડી, ભારે ગડબડી. ગોપાલજી! સમજાય છે કે નહિ? આ કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા નથી. અહીં તો ના પાડે છે. ઈશ્વર તો કર્તા નથી પણ તું બીજા દ્રવ્યનો કર્તા નથી. આહાહા..! બીજા દ્રવ્યનો કર્તા માનો તો ઈશ્વર કર્તા માનો બેમાં ફેર શું રહ્યો? સમજાણું કાંઈ? જગતની ચીજનો ઈશ્વર કર્તા થયો એમ માનનારો અને તમે કહો કે મારાથી પરનું કાર્ય થયું, તો એ બેની માન્યતામાં ફેર શું રહ્યો? બાબુલાલજી!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- આણે જડને માન્યું, પેલાએ ચેતનને માન્યું.

ઉત્તર :- ચેતનને માન્યું. એનો ઈશ્વર કર્તા ચૈતન્ય અને તારો કર્તા જડ. મારા વિકારને કરનાર કર્મ. તારો ઈશ્વર કર્મ, એનો ઈશ્વર ચૈતન્ય.

મુમુક્ષુ :- પેલા તો કલ્પિત છે. અમારે તો સાચા છે.

ઉત્તર :- ખોટામાં પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! 'કર્મ રુલાવે...' શું કહેવાય? મદારીનું કાલે કોણ કહેતું હતું? એ મદારી શું કીધું?

મુમુક્ષુ :- કર્મ મદારી છે.

ઉત્તર :- કર્મ મદારી છે અને આત્મા વાંદરો છે.

મુમુક્ષુ :- એ ક્યાં પણ એમ થાય છે?

ઉત્તર :- એ કહે છે, એ લોકો કહે છે. એ કહે છે. એ લોકો પ્રરૂપણા ઈ જ કરે પાધરી. ભાઈ! કર્મ તો મદારી છે અને આત્મા વાંદરો છે. દોરી આમ ખેંચે તો આમ આવે... આમ ખેંચે તો આમ આવે.. આમ ખેંચે તો આમ આવે.. શરાફજી! સાંભળ્યું છે કે નહિ એવું?

મુમુક્ષુ :- કર્મ નાચ નચાવે...

ઉત્તર :- કર્મ જેમ નાચ નચાવે એમ નાચવું, ભાઈ! જાદુગરની જેમ પુતળી હોય. જાદુગરની પુતળી હોય છે ને પુતળી? એની દોરી હોય ને.. આમ કરે તો પુતળી આમ ચાલે. પુતળી હોય છે ને ૨૫-૫૦ એવી. એ તો નિમિત્ત શું હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે. પરથી આત્મા નાચે એમ ત્રણ કાળ ત્રણ લોકમાં છે નહિ. તો પર અને સ્વ એક હોવાથી અનેકતારૂપ દ્રવ્યનો લોપ થવાથી, ભગવાને અનેક કહ્યું એનો લાપ થાય છે તો તે સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. અથવા એના જ્ઞાનના સત્યથી એ બહાર છે. એ મિથ્યાદષ્ટિ છે, જૂઠી દૃષ્ટિ છે, પાપ દૃષ્ટિ છે, દુઃખ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞના મતની બહાર છે. લ્યો! અહીં તો ત્યાં સુધી કહ્યું. ભગવાનના જિન પરમેશ્વરના માર્ગથી બહાર છે. પરદ્રવ્યની ક્રિયા મેં કરી અને પરદ્રવ્યથી મારામાં થયું એ સર્વજ્ઞની આજ્ઞાથી બહાર છે. એ વીતરાગ માર્ગમાં એવી દૃષ્ટિ નથી. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૧, રવિવાર તા. ૩૦-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૫-૮૬, પ્રવચન-૧૭૨**

જે વાત ટીકામાં ચાલી એનું ભાવાર્થમાં થોડું કહે છે. કર્તાકર્મ અધિકાર છે.

'**ભાવાર્થ :- બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' આત્મા પોતાની પર્યાયની ક્રિયા કરે છે અને કર્મ આદિ પદાર્થ પોતાની પર્યાયરૂપી ક્રિયા કરે છે. '**બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' એક દ્રવ્ય પોતાની ક્રિયા પણ કરે અને પરની ક્રિયા પણ કરે એમ કદી બનતું નથી. '**જડની ક્રિયા ચેતન કરતું નથી,...**' કર્મબંધનની પરમાણુમાં જે કર્મની પર્યાય થાય એ આત્મા નથી કરતો.

મુમુક્ષુ :- આત્મા પર પ્રભાવ પાડે.

ઉત્તર :- પ્રભાવ-બ્રભાવ પાડતા નથી ત્રણ કાળમાં. કંઈક નાખતા હશે થોડું. એમાં થોડું નાખતા હશે. આહાહા..! જુઓ! કાલે તો ઘણું આવ્યું છે. કાલે તો આખી ટીકા ચાલી હતી.

'**બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે.**' જો ન હોય તો અનંત પદાર્થ અનંતપણે રહી શકતા નથી. એક પદાર્થની પર્યાયમાં બીજી પર્યાય જો કાંઈ કરે તો એ પદાર્થ ક્રિયા વિના રહે. તો એનો અર્થ એ થયો કે પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું. તો પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. એમ એક દ્રવ્ય બીજા (દ્રવ્યની) પર્યાય કરે તો બે દ્રવ્ય એક થઈ જાય છે. આમ આમ મળીને જે અનંત છે એ અનંત એક થઈ જાય છે. અનંત અનંતપણે છે એવી અનંતતા એમાં રહેતી નથી. સમજાણું કાંઈ?

'**જડની ક્રિયા ચેતન...**' અહીંયાં તો કર્મની મુખ્યતા છે. શરીરની ક્રિયા આમ ચાલે છે એને પણ આત્મા નથી કરતો. સમજાણું કાંઈ? અને '**ચેતનની ક્રિયા જડ કરતું નથી.**' આત્મા રાગ અને દ્વેષ જે કરે છે એ જડ કર્મ નથી કરાવતું. ચૈતન્યની ક્રિયાને... બધું આવી ગયું વચ્ચે. આત્મા.. અહીંયાં વિકારની વાત છે, હોં! અહીંયાં અત્યારે નિર્વિકારની વાત નથી. અજ્ઞાનીની વાત છે.

મુમુક્ષુ :- વ્યવહારને દૂષણ..

ઉત્તર :- વ્યવહારને દૂષણ (નહિ), અજ્ઞાનીને દૂષણ દે છે. અજ્ઞાનીની વાત છે. જ્ઞાનીની વાત નથી. જ્ઞાની તો રાગ કે વિકલ્પથી ભિન્ન છે એમ આત્માને જાણે છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાને જેમ કર્મ, શરીરથી ભિન્ન છે એમ જાણે છે. એમ રાગથી ભિન્ન અનુભવે છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણે છે. તો એને કર્મબંધનની ક્રિયામાં નિમિત્તપણું થવું એને હોતું નથી. સમજાણું કાંઈ? નવા કર્મબંધનમાં નિમિત્ત જે થાય છે એ નિમિત્તવાળો પોતાની ક્રિયા કરે છે એમ કહે છે. પણ કર્મબંધનની ક્રિયા એ કરે એમ બનતું નથી. અને કર્મનો જે ઉદય છે એ આત્માને રાગની ક્રિયા કરાવે એમ બનતું નથી. '**ચેતનની ક્રિયા જડ કરતું નથી.**' આત્મામાં વિકારરૂપ પર્યાયનું પલટવું થાય છે. એ વિકારરૂપ પલટવાની ક્રિયામાં એ ચૈતન્યની ક્રિયા છે. પોતાના અસ્તિત્વમાં, પોતાની મોજૂદગીમાં પોતાથી (થાય છે). એ જડની મોજૂદગીને કારણે ચૈતન્યમાં રાગ-દ્વેષ ક્રિયા થાય એમ કદી ત્રણ કાળમાં વસ્તુની સ્થિતિમાં હોતું નથી. સમજાણું કાંઈ?

'**જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને...**' જે કોઈ પુરુષ શબ્દે આત્મા. '**એક દ્રવ્યને બે ક્રિયા...**' આત્મા પોતાના રાગ-દ્વેષની ક્રિયા પણ કરે અને કર્મ બંધનની પર્યાયના બંધનમાં પણ પોતાનો અધિકાર રાખે. અને કર્મ કર્મના ઉદયની ક્રિયા કરે અને પોતાના (આત્માના) રાગની ક્રિયાને પણ એ કર્મ કરે. એમ '**બે ક્રિયા કરતું માને તે મિથ્યાદૃષ્ટિ છે,...**' કહો, સમજાય છે? આ વેપાર-ધંધા આદિ કરે છે કે નહિ? કોણ કરે છે ત્યારે આ? બાબુલાલજી! આ લખે છે ને, રાજેન્દ્રજી નથી જાતા? નામુ લખે છે કે નહિ?

મુમુક્ષુ :- એ તો પુદ્ગલ લખે છે.

ઉત્તર :- પુદ્ગલને ખબર હશે કે કઈ રીતે અક્ષર વાંચવા. પુદ્ગલને ખબર છે? પણ ખબર હોય તો જ દ્રવ્ય હોય, તો તો ચૈતન્ય દ્રવ્ય સિવાય જડ દ્રવ્ય હોય જ નહિ, એમ થઈ જાય. એ અક્ષરની પર્યાય જે થાય છે એ પોતાની ક્રિયામાં પરિણમન થઈને પરમાણુની થાય છે. એ કલમથી પણ નહિ અને શરીરથી પણ નહિ.

મુમુક્ષુ :- રાગથી?

ઉત્તર :- રાગથી તો ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? રાગ છે તો આત્મા રાગની પણ ક્રિયા કરે અને અક્ષર લખવાની ક્રિયા કરે, બેને એક માનનારો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભારે જગતને આકરું પડે, હોં! આ બધા મોટા મોટા હથિયાર ઉપાડે છે ને.

મુમુક્ષુ :- એન.સી.સી. હમણા આવે.

ઉત્તર :- એન.સી.સી. ચાલે છે, હમણા ગયા હતા, આંબલા ગયા હતા. ૧૪૦૦-૧૬૦૦.. સમજાણું કાંઈ?

કહે છે કે એક તત્ત્વ છે એવા અનંત તત્ત્વ જગતમાં છે. અનંત આત્મા છે, અનંત પરમાણુ છે, અસંખ્ય કાળાણું છે, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છે. ભગવાને જ્ઞાનમાં આવું અસ્તિત્વ-મોજૂદગી જ્ઞાનમાં જોઈ છે. તો જેટલા અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે, એ ભિન્ન ભિન્ન પોતાની પર્યાયરૂપી ક્રિયાને વર્તમાન પલટીને કરે છે. એ બીજા દ્રવ્યની પણ કરે તો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બે દ્રવ્ય એક થઈ જવાથી અનંતનું અસ્તિત્વપણું નહિ રહેવાથી એ જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. અસત્ય દૃષ્ટિ છે, પાપ દૃષ્ટિ છે, દુઃખ દૃષ્ટિ છે. સ્વભાવની હિંસા કરનારી દૃષ્ટિ છે. ભારે વાત! સમજાણું કાંઈ?

અહીં તો કેટલાક કહે કે લ્યો! સોનગઢવાળા કહે છે કે એ પરદ્રવ્યનું કાંઈ નથી કરતો. આ મોટા ગઢ તોડી નાખે છે, મોટી રેલ કાઢે છે અંદરથી કોતરીને. એક જણાએ એમ લખ્યું હતું. સમજાણું કાંઈ? તો ત્યાં તાળા કેમ લગાવે છે? એમ જો હોય તો તાળા કેમ લગાવે છે? ઝેર ખાય નહિ? મરી જાય નહિ .. આવા દાખલા આપે લ્યો. અરે..! ભગવાન! તને આ કલ્પના ક્યાંથી આવી? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એક સમયમાં ચૈતન્યસૂર્ય અસંખ્ય પ્રદેશે અનંત પ્રગટ થયો છે. એવો ચૈતન્ય ઝળહળ જ્યોતિ ભગવાન પર્યાયમાં પ્રગટ થયો, એ ભગવાનની વાણીમાં એમ કહેવું એ પણ નિમિત્તનું કથન છે. ભગવાન પોતાના અનંત આનંદની પર્યાયને પણ કરે-અનુભવે અને વાણીની પર્યાયને પણ કરે એમ ત્રણ કાળમાં બની શકતું નથી.

મુમુક્ષુ :- ભગવાનને પણ એ સિદ્ધાંત લાગુ પડે?

ઉત્તર :- બધાને લાગુ પડતો હશે કે નહિ? ભગવાનને લાગુ પડે અને બીજાને ન લાગુ પડે? જુદું જુદું છે? ભાઈ! અશક્ય છે.

એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની ક્રિયા કરવાની શક્તિ જ નથી. શક્તિ નથી. અસમર્થ છે. સમજાણું કાંઈ? છતાં કોઈ અજ્ઞાની આવું માને કે હું મારી ક્રિયા પણ કરું, શરીરની પણ કરું અને કર્મ બંધનની પર્યાયની પણ કરું. અને કર્મના ઉદયની ક્રિયા કર્મમાં પણ થાય અને કર્મની ક્રિયા મને રાગ કરાવે, એમ છે. રાગની ક્રિયા કર્મ કરાવે. એમ માનનારને સર્વજ્ઞ આજ્ઞાથી બહાર મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. મૂળ પાઠમાં છે કે નહિ? '**जिणावमदं**' સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ, જુઓ! '**બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે છે એમ માનવું તે જિનનો મત નથી.**' એનો અર્થ-સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાનમાં એવું ભાસ્યું નથી. અર્થાત્ તારા જ્ઞાનની પર્યાયમાં પણ આવું વિપરીત ભાસન તેં કર્યું હોય તો જ્ઞાનનો સ્વભાવ એવો નથી. તારું જ્ઞાન પણ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે. તો એ જ્ઞાન પણ પોતાની પર્યાય કરે અને પરની કરે અને પરની કરે અને પોતાની પણ કરે એમ જ્ઞાન જાણતું નથી. જ્ઞાનનો સ્વભાવ એવો નથી. અને એવો છે નહિ અને એમ જાણે છે (તો એ જીવ) પોતાના જ્ઞાનની આરાધના છોડીને વિરાધના કરે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞની આજ્ઞા (આ છે). તો કહે, સર્વજ્ઞની આજ્ઞા કોને ખબર છે? પણ સર્વજ્ઞની આજ્ઞાનો અર્થ તારો જ્ઞાનસ્વભાવ, એ સ્વભાવ છે સર્વને જાણનાર. રાગ ને ખરેખર પરની ક્રિયા.. અહીં તો હજી અજ્ઞાનીનું લીધું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરની ક્રિયા કરનારું જ્ઞાન એમ છે જ નહિ. જ્ઞાન તો રાગની ક્રિયા કરનાર છે નહિ. પણ અહીંયાં તો પોતાનું અસ્તિત્વ અજ્ઞાની રાગમય જોવે છે, રાગમય જોવે છે, જ્ઞાનમય આત્મા એમ જોતો નથી. હું જ્ઞાનસૂર્ય છું, ચૈતન્યબિંબ છું. એવો પ્રભુ અખંડાનંદ ચૈતન્ય સૂર્ય પ્રકાશમયની મૂર્તિ છું. એમ નહિ જોનારો રાગને જ (પોતાનું અસ્તિત્વ માને છે). ક્યાંક તો પોતાનું અસ્તિત્વ માનવું પડશે. તો તે બાહ્યદૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પને, રાગને પોતાનો માને છે. તો એને પણ કહે છે કે તારી ક્રિયા રાગની હોય, પણ તું કર્મની ક્રિયા કરે, હાથ હલાવે, દુનિયાની દયા પાળો, બીજાની હિંસા કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. એમ માનનાર સર્વજ્ઞ જ્ઞાનથી બહાર છે. અથવા તારા જ્ઞાનની યથાર્થ દૃષ્ટિથી બહાર છે. વિપરીત દૃષ્ટિ છે. આહાહા..! કપુરભાઈ! શું હશે આ બધા તમે ડાહ્યા તો ઘણા સંસારના વેપાર બધા ધામધુમ કરે છે ને ઉથલપાથલ કેટલું કરે છે, લ્યો! અહીં કહે છે કે કાંઈ કરતા નથી. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! પદાર્થ પૃથક્ હોય એ પૃથક્ પદાર્થ પૃથક્ ક્યારે રહી શકે? કે પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે ક્રિયા કરે તો પૃથક્ રહી શકે. કર્તા એને કહીએ કે સ્વતંત્રપણે પોતાની પર્યાયને કરે એને સ્વતંત્ર કર્તા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શેઠી! શું કર્યું અત્યાર સુધી? વેપાર તો કર્યો ને હીરા-માણેકનો? નથી કર્યો? આહાહા..!

અહીં તો કહે છે કે પ્રભુ! તને ખબર નથી. એક આંગળીમાં અનંત પરમાણુ છે. તો એક એક પરમાણુ પોતાની પર્યાયના સ્વકાળમાં ક્રિયા કરે છે. એ બીજા પરમાણુની ક્રિયાને અડતો નથી, કરતો નથી. અડતો નથી તો કરતો નથી અને કરતો નથી તો ભિન્ન રહે છે. એવી રાગથી ભિન્ન પડેલી આત્માની દૃષ્ટિ એ પરની ક્રિયા મારી નહિ અને મારી ક્રિયા રાગની અને પરની નહિ એમ ભિન્ન ભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ? સોભાગભાઈ! લોકો તો અત્યારે તો મોટા મોટા આમ કર્યા.. આમ કર્યા. એક દ્રવ્યનું બીજા દ્રવ્ય ન કરી શકે તો એવા સોનગઢિયાને હોસ્પિટલમાં મોકલો કહે. પાગલની હોસ્પિટલમાં. ત્યાં સુધી લખાણ આવ્યું હતું. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ એમ ન દેખ, એમ ન કહેવાય. સમજાય છે કાંઈ? એમ ગાળ ન દેવાય આત્માને. આહાહા..!

ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ ખરેખર તો રાગનો કર્તા પણ નથી. પણ તારી શક્તિનું ઉલ્લંઘન કરીને તું રાગનો કર્તા થા તો અજ્ઞાનપણે સ્વતંત્ર છો. પણ એનાથી આગળ જઈને પરની ક્રિયા પણ હું કરી શકું છું એમ છે નહિ. એ પાગલ છે એમ કહે છે અહીંયાં. આહાહા..! સમજાણું કાંઈ?

**'એમ માનવું તે જિનનો મત નથી.'** આહાહા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! કુંદકુંદાચાર્ય સંત મુનિઓએ કરુણા કરીને વિકલ્પ આવ્યો એનો પણ કર્તા નથી. ભાઈ! તારી મોજૂદગીમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારો અધિકાર છે અને પરની હયાતીમાં એનો અધિકાર છે. એના અધિકારમાં તારી આજ્ઞા બિલકુલ કામ નહિ આવે. અને તારી હયાતીમાં પરનું કાર્ય બિલકુલ નહિ કરે. સમજાણું કાંઈ? કોણ છે? છોટાભાઈ છે? આહાહા..! સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું? આહાહા..!

અહીં તો કહ્યું...

**जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।**
**दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं।।८५।।**

આહાહા..! અહીં દાખલો આપવો પડ્યો છે. ઓલામાં આવ્યું હતું, ભાઈ! '**सव्वण्हुणाणदिट्ठो**'. સવારમાં. ભગવાને તો એમ દીઠું છે, પ્રભુ! ભગવાને તો એમ તને જોયો છે ને. જ્ઞાન દર્શન ઉપયોગની મૂર્તિ તને જોયો છે. તો તું રાગ અને શરીર ક્યાંથી થઈ ગયો? અહીં કહે છે કે '**जिणावमदं**' વીતરાગના અભિપ્રાયથી...

'**હવે ફરી પૂછે છે કે બે ક્રિયાનો અનુભવ કરના પુરુષ મિથ્યાદષ્ટિ કઈ રીતે છે?**' પ્રશ્ન થયો. ભગવાન! શિષ્ય ગુરુને પૂછે છે કે એક પદાર્થ આત્મા પોતાના રાગને પણ કરે અને કર્મની પર્યાયને કરે અથવા કર્મ કર્મની પર્યાયને કરે. પર્યાય એટલે અવસ્થા. અને રાગને પણ કરે. એમ માનનાર મિથ્યાદષ્ટિ કઈ રીતે છે? વધારે સ્પષ્ટ કરે છે.

**ज्म्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति।**
**तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति।।८६।।**

નીચે હરિગીત.

**જીવભાવ, પુદ્‌ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,**
**તેથી જ મિથ્યાદષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.**

'**ટીકા :-**' ૮૬ની ટીકા. '**નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ...**' એમ માને છે કે.. જરી ઝીણી વાત છે. એણે સ્વતંત્રતાનો કદી સ્વીકાર કર્યો નથી. અનંત કાળથી.. આ દુનિયા કહે છે ને હમણા સ્વતંત્ર થયા.. સ્વતંત્ર થયા. ધૂળમાં પણ સ્વતંત્ર થયો નથી. સાંભળ તો ખરો. સ્વતંત્ર કહેવો કોને? કહે છે ને? ભાઈ! આ રાજ મળ્યું, સ્વતંત્રતા મળી. શું મળ્યું? કોને મળ્યું? સાંભળ તો ખરો. પોતાનો આત્મા ચિદાનંદ સ્વરૂપ પોતાની દષ્ટિમાં આવે ત્યારે પોતાને સ્વતંત્રતા મળી ત્યારે તેને પોતાનું રાજ મળ્યું. બાબુલાલજી! બાકી તો બધા ભિખારા હેરાન છે. મળ્યું શું મળ્યું તને? શું મળ્યું? ધૂળ મળી?

સ્વતંત્ર ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પણ જ્યાં સુધી રાગ અને દ્વેષને કરે છે અને મને મળ્યું એમ માને છે, ત્યાં સુધી પરાધીન મિથ્યાદષ્ટિ મૂઢપણાનું વેદન કરે છે. સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુ, જેની પ્રભુતાની શક્તિનો પાર નથી. એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રભુતાની શક્તિમાં પ્રવેશ કરવાથી એનો પત્તો મળે કે હું તો ચૈતન્ય આનંદ અને જ્ઞાતા-દ્રષ્ટાનો ભંડાર છું. એવું ભાન (થયું) એ આત્મા સ્વતંત્ર થયો, સુખી થયો, એણે દુઃખનો નાશ કર્યો. બાકી બધી વાતું ધૂળધાણી છે. સમજાણું કાંઈ? કપુરભાઈ! કેમ હશે? આ બધા તમને સુખી બહુ કહે છે માણસો. લ્યો! છ-છ ભાઈઓ એક સાથે, ભેગી દુકાન ને લાખો રૂપિયાની પેદાશું ઘણી ઘણી. દુનિયા કહે સુખી. ધૂળમાંય સુખ નથી. એમ હશે? માલચંદજી!

ભગવાન! તારા આત્મામાં આનંદ છે, પ્રભુ! જે આનંદ શોધે છો. તે આનંદથી ખાલી ન હોય. ભાઈ! ખબર નથી. જે સુખને શોધે છે, એ શોધનારો સુખથી ખાલી નથી. આહાહા..! સમજાણું કાંઈ? જે જ્ઞાન પરથી થાય એમ માને છે એ અંતર જ્ઞાનથી પૂર્ણ (છે) ખાલી નથી. આહાહા..! ચૈતન્ય ભંડાર ભર્યો છે. ભગવાન! તને ખબર નથી. કેવળજ્ઞાનનો તો પુંજ પડ્યો છે અંદર. આમ માગ્યા માગણ, માગણ ભિખારી. લાવ. શરીર અનુકૂળ રહો, આ અનુકૂળ રહો. અનુકૂળ રહે તો પણ તને શું? એ તો જડની પર્યાય છે. સમજાણું કાંઈ?

પોતાના ચૈતન્ય સ્વભાવનું ભાન ન હોય તોપણ અહીંયાં કહે છે કે તારી પર્યાયની સ્વતંત્રતાની તને ખબર ન પડે ત્યાં સુધી તારી દૃષ્ટિ વિકાર ઉપર રહેશે. પરસંયોગ ઉપર બહિર્દૃષ્ટિ રહેશે. હું મારી પણ ક્રિયા કરું અને જડની ક્રિયા પણ કરું. બહિર્દૃષ્ટિ રહીશ. સમજાણું કાંઈ? એવું માનનાર કદી જ્ઞાતા-દ્રષ્ટાનો પુરુષાર્થ કરી શકતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? બે દ્રવ્યની ક્રિયા. હું મારી પણ કરું છું... જે '**નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ...**' મારી દશા મારા અધિકારમાં છે અને જડની ક્રિયા પણ હું કરું છું. અને જડની પર્યાય જડથી થાય છે અને જડની પર્યાયથી મારામાં વિકાર થાય છે. જડને કારણે મારે રખડવું પડે છે, પરિભ્રમણ કરવું પડે છે. એમ માનનારા. લ્યો! અહીં તો મોટી વાત કરે. નહિ. આઠ કર્મથી આત્મા રખડે છે. અહીં ભગવાન ના પાડે છે.

મુમુક્ષુ :- એ તો નિશ્ચયથી...

ઉત્તર :- વ્યવહાર વ્યવહાર કેવો? એ તો કથનની શૈલી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ ..

ઉત્તર :- ગોમ્મટસારમાં કાંઈ બીજું લખ્યું છે? એમ કે એમ કહે છે લોકો. સમયસારમાં આમ કહે છે. પણ સમયસાર કહો કે ગોમ્મટસાર, બધી એક જ વાત છે. એ તો સાર છે તત્ત્વનો. ત્યાં નિમિત્ત પ્રધાનથી કથન છે કે જ્ઞાનાવરણીયથી આત્માનું જ્ઞાન રોકાયું. એ તો કથન છે. એવી ચીજ નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની ચીજ છે. તો તો એમ થયું કે કર્મ જ્ઞાનાવરણીય કર્મની પર્યાય જ્ઞાનાવરણીય કરે અને પોતાના જ્ઞાનની હિનતા પણ જ્ઞાનાવરણીય કરે. બે ક્રિયા થઈ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાન આત્મા પોતાના જ્ઞાનની હીણી ક્રિયા નબળાઈની કરે એમ માને તો બરાબર છે. પણ કર્મની ક્રિયા પણ આત્મા કરે અથવા કર્મ પોતાની પર્યાયને પણ કરે અને જ્ઞાનની હીણી ક્રિયા પણ કર્મ કરે. જ્ઞાનની હીણી ક્રિયા પણ કર્મ કરે અથવા દર્શનની હીણી ક્રિયા પણ દર્શન કરે (અર્થાત્) દર્શનાવરણીય કર્મ. સમજાણું કાંઈ? મિથ્યાત્વની પર્યાય પણ દર્શનમોહનીય ક્રિયા કરે. તો તો એ દ્રવ્ય એનું કરે. બે દ્રવ્ય એક થઈ ગયા. આહાહા..!

'**નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ (અર્થાત્ એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા) આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પોતે (આત્મા) કરે છે...**' અહીં તો એ લેવું છે ને. આત્મા પોતાનો રાગ-દ્વેષ પણ કરે અને સાથે કર્મબંધનની ક્રિયા પણ કરે. '**તેથી તેઓ મિથ્યાદષ્ટિ જ છે એવો સિદ્ધાંત છે.**' લ્યો! તેથી તેની દૃષ્ટિ અસત્ય છે. પાપદૃષ્ટિ છે, જૂઠ દૃષ્ટિ છે, દુઃખ દૃષ્ટિ છે. લ્યો! આહાહા..! ભારે તકરાર. એવી તકરાર. એ તો ઉપાદાનથી ના પાડી છે અહીંયાં. ઉપાદાનથી કહ્યું છે, પણ નિમિત્ત... પણ નિમિત્તનો અર્થ શું? નિમિત્ત નિમિત્તની ક્રિયા કરે છે, ઉપાદાન પોતાની ક્રિયા કરે છે. શું બે ક્રિયા પોતાથી થાય છે? ભારે વાત, ભાઈ! એક કહે, લ્યો. આ લાકડી પડી. ઉપડવા દયો. હાથ વિના ઉપડશે? સાંભળ તો ખરો. તે સમયમાં એ ક્રિયા પરમાણુની એવી થવાના કારણે એ રજકણે કરી છે, આંગળીથી થઈ જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું દેખાય છે? જુઓ. આ બે છે કે એક છે? બે આંગળી અને એક લાકડી ત્રણ છે. તો ત્રણ વચ્ચે ત્રણની ક્રિયા ત્રણથી થાય છે કે ત્રણની ક્રિયા એકથી થાય છે? આ આંગળીની ક્રિયા આંગળીમાં, આ આંગળીની આ આંગળીમાં અને એની ક્રિયા એનામાં થાય છે.

મુમુક્ષુ :- .. શું કામ છે, જુઓને શું થાય છે?

ઉત્તર :- પણ જોવે છે એનો અર્થ શું? આ ત્રણ છે કે એક છે? આ એક અને બે. ત્રણ છે કે એક છે?

મુમુક્ષુ :- એ તો દલીલ આવી.

ઉત્તર :- પણ ત્રણમાં ત્રણ રહીને ક્રિયા થાય છે કે ત્રણેની એક થઈને ક્રિયા થાય છે? એને જોવામાં જ આવતું નથી. એનું જોવાનું જ ખોટું છે. ત્રણ છે એમ જોવે છે અને કહે છે કે આ આંગળીએ કર્યું. તો શું આ નથી? આ છે તો એની ક્રિયા એણે કરી, આંગળીએ શું કર્યું? ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું એવું સંતો કહે છે, ભાઈ! જે કોઈ ખરેખર... એમ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને ખરેખર. દ્વિક્રિયાવાદીઓ એમ માને છે કે અમે વ્યવહારથી કહીએ છીએ ને. પણ વ્યવહારનો અર્થ શું? છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. છે તેમ યથાર્થ જાણવું એનું નામ નિશ્ચય છે. તો નિશ્ચયથી દ્વિક્રિયાવાદીઓ એમ માને છે કે આત્માના પરિણામને.. લ્યો! એમ માને તો નિષ્ક્રિય થઈ જશે. કેટલાક વળી એમ કહે છે. એમ માનશે તો નિષ્ક્રિય થઈ જશે. પણ પરથી તો નિષ્ક્રિય જ છે. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? એમ માને કે કંઈ કરી શકતો નથી, કરી શકતો નથી તો હાથ ઉઠાવવો, કોઈ ક્રિયા વેપાર અને ધંધા અને પરની દયા કાંઈ કરી શકતો નથી તો કોઈ નહિ કરે. કરે છે કોણ? એ તો કહે છે. દેહની ક્રિયા દેહમાં થવાવાળી થાય છે, જડથી. તારામાં રાગની ક્રિયા રાગથી પોતામાં થાય છે. રાગની ક્રિયાથી દેહ ચાલ્યો એમ છે નહિ. દેહ ચાલ્યો તો જીવ બચી ગયો એમ છે નહિ. એ દ્રવ્ય ભિન્ન છે, દેહ ભિન્ન છે, આ રાગ ભિન્ન છે. આહાહા..! ભારે વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..માણસોને ગુંચવણ થઈ જાય.

ઉત્તર :- ગુંચવણ નીકળી જાય છે એમ કહે છે. મફતનો મૂઢ થઈને ગુંચવણમાં પડે છે.

'**આત્માના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને...**' અહીંયાં પરિણામ રાગ-દ્વેષના લેવા, હોં! નહિતર ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯માં લીધા હતા એ શુદ્ધ પરિણામ લીધા હતા. અહીં તો હજી અજ્ઞાનીની સ્વતંત્ર પર્યાય સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કહે છે કે માટે એક વસ્તુ બીજી વસ્તુની ક્રિયા પણ કરે અને પોતાની પણ કરે અને એ ચીજ પોતાની પણ કરે અને પરની કરે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! બે વચ્ચે અંતર છે એની તને ખબર નથી. તો બે ક્રિયાની ભિન્નતાનો જેને ભાસ નથી, એને રાગથી ભગવાન ભિન્ન છે એનો ભાસ થતો નથી. કેમ કે એ તો એક ક્ષેત્રમાં અને એક સમયમાં પોતાના અસ્તિત્વમાં ઉત્પન્ન થનારો રાગ છે. આ પરદ્રવ્યની ક્રિયા તો એક સમયમાં (થાય છે) પણ પરક્ષેત્રમાં પરમાં ઉત્પન્ન થનારી ક્રિયા છે. તો પરમાં ઉત્પન્ન થનારી ક્રિયા પોતાથી થતી નથી એટલી ભિન્નતા ભાસે નહિ, એને પોતામાં રાગ ઉત્પન્ન થાય છે એ પોતાનો નહિ એવો ભાસ કદી થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... આની સાથે મેળ ખાય?

ઉત્તર :- બધા સાથે મેળ ખાય છે. ચરણાનુયોગમાં કથન કર્યું છે એવું. જોઈને ચાલવું, જીવ હોય તો પગ ઉંચો કરવો. એ તો કથન છે. એટલો તીવ્ર રાગ ન કરવો એવું કથન છે એમાં. શું પગ ઊંચો નીચો કરી શકે છે આત્મા? વળી ચરણાનુયોગનું અમારે પૂછે છે ભાઈ. સાડા ત્રણ હાથ ધોંસરા પ્રમાણે નજર રાખવી. અને કોઈ એમ હોય તો આમ કરવું, આમ પગ કરવો. એ તો રાગની પ્રમાદતાને છોડવાની વાત છે. એ કરી શકે છે એવી વાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ?

**'એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.'** આહાહા..! જુઓ! આચાર્ય કેટલી (સ્પષ્ટતા કરે છે). **'એક દ્રવ્ય વડે...'** આત્મા વડે. રાગ પણ આત્મા કરે અને શરીરને પણ ચલાવે અને કર્મબંધનની ક્રિયા કરે એમ ન ભાસો. અને કર્મ પોતાની પર્યાય પણ કરે અને આત્માને વિકાર પણ કરાવે. **'એક દ્રવ્ય વડે બે દ્રવ્યના પરિણામ કરવામાં આવતા ન પ્રતિભાસો.'** આહાહા..! સમજાણું કાંઈ? ન પ્રતિભાસો. એમ છે નહિ માટે એમ ન દેખ, ભાઈ! તારી સ્વતંત્રતા લુંટાઈ જાય છે. આહાહા..!

**'જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ...'** જુઓ! **'જેમ કુંભાર ઘડાના સંભવને અનુકૂળ પોતાના (ઈચ્છારૂપ અને હસ્તાદિકની ક્રિયારૂપ) વ્યાપાર પરિણામને (-વ્યાપારરૂપ પરિણામ)-કે જે પોતાથી અભિન્ન છે...'** રાગાદિની પર્યાય અને હસ્તાદિક. અહીંયા કુંભારને લેવો છે, હોં! એની પર્યાય કુંભારના આત્માથી એક છે, રાગાદિ અભિન્ન છે. **'અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...'** કુંભાર પોતાની રાગાદિ પર્યાયને, હું ઘડો કરું એવી રાગાદિ ક્રિયાને **'પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી...'** પરિણતિ લીધી ને. ફરવું-પલટવું. **'ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસે છે,...'** કુંભાર પોતાના રાગને કરે છે એમ પ્રતિભાસે છે.

**'પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને (ઘડારૂપ પરિણામને) -કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી;...'** એમ કહે છે અહીંયાં તો. શું કહે છે? શું કહ્યું? કે કુંભાર ઘડાની ઉત્પત્તિને અનુકૂળ. નિમિત્ત છે ને? પોતાની રાગાદિની ક્રિયા વ્યાપારના પરિણામને કરતો અભિન્ન છે પર્યાય, **'અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો પ્રતિભાસતો નથી;...'** વેપારી દુકાન ઉપર બેઠો હોય તો વેપારીની રાગાદિની પરિણતિ એનાથી થાય છે, રાગથી અભિન્ન છે એમ ભાસે છે. પણ એ વેપારી ખજૂર વેચે છે, રોટલી આપે છે, દાળ-ભાત દે છે કે ચોખા દે કે કપડા દે છે, એવી ક્રિયા એને ભાસતી નથી. એ ક્રિયા સ્વતંત્ર થાય છે, એનાથી નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? આરે.. આ ભારે પણ. આવું સાંભળ્યું ન હોય (એટલે એમ થાય) આવું કેવું હશે? ક્યાંનું હશે આ? વીતરાગ માર્ગ હશે આ?

સર્વજ્ઞ ભગવાને તો સર્વજ્ઞ ભગવાને તો આમ કહ્યું, આમ કરો, પરોપકાર કરો, દયા પાળો એમ કહ્યું. વળી પાછું આ ક્યાંથી કહ્યું એમણે? એય..! કપુરભાઈ! સાંભળને, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરની દયા નથી, (કહી) તારી દયા રાખ. તારી દયા પાળ એમ તને કહ્યું છે. પરને નહિ મારવાનો ભાવ તું કર, નહિ મારવાનો તો તારો શુભભાવ છે. એને વ્યવહાર દયા કહેવામાં આવે છે. નિશ્ચયથી તો રાગ પણ હિંસા છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે! લોકોને એમ થાય, અરેરે..! ભગવાનનો... ભાઈ! ભગવાનનો માર્ગ આ છે.

ઘડાને અનુકૂળ કુંભારની પોતાની ઈચ્છાના ક્રિયાના પરિણામ પોતાથી અભિન્ન છે. એ પરિણામ કહ્યા. અને પોતાથી અભિન્ન પરિણતિ છે, પરિણતિ પલટે છે. ક્રિયા કરવામાં આવે છે. એનો કર્તા પ્રતિભાસે છે. અહીં તો કહે છે, કુંભાર પોતાના પરિણામને કરતો પ્રતિભાસે છે અમને તો. ઘડાના પરિણામ કરે એમ અમને પ્રતિભાસતું નથી. બરાબર છે? એય..! ભીખાભાઈ! શું છે આ?

'**પરંતુ ઘડો કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં...**' જુઓ! અહંકારથી ભરેલો. હું ઘડો બનાવું છું. બાઈ કહે કે હું રોટલી કરું છું. ઓલો કહે, હું દાળ, ભાત, શાકને બરાબર (ચાવીને ખાઉં છું). પેટમાં દાંત નથી તો દાંતથી બરાબર પાતળું કરીને ખાઉ છું. કહે છે, ભગવાન! એમ તો ભાસતું નથી. તારામાં તો રાગ ક્રિયા ભાસે છે. એ ક્રિયા તો એમાં થાય. એ ક્રિયા રાગે કરી એમ ક્યાંથી તું જોવે છે? જોવે છે ક્યાંથી? અનેકમાં એક ક્રિયા થઈ એમ જોયું ક્યાંથી? અનેક અનેકપણે રહીને અનેકની ક્રિયા ભિન્ન ભિન્ન કરે છે એમ પ્રતિભાસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટીથી અભિન્ન છે...**' જુઓ! '**છતાં પણ (તે કુંભાર) પોતાના વ્યાપારને અનુરૂપ...**' જોયું? ઘડાને અનુકૂળ કુંભારના પરિણામ અને કુંભારના પરિણામને અનુરૂપ ઘડાની પર્યાય. નૈમિત્તિકને અનુરૂપ કહ્યું છે, નિમિત્તને અનુકૂળ કહ્યું છે. શું (કહ્યું)? ઘડાની પર્યાય છે એ નૈમિત્તિક અને કુંભારની પર્યાય છે તે એને અનુકૂળ. અને કુંભારની પર્યાયને અનુરૂપ ઘડાની પર્યાય પોતાથી થાય છે. આ પર્યાયની અપેક્ષાએ અનુરૂપ અને આ ઘડાની પર્યાયની અપેક્ષાએ રાગની પર્યાય અનુકૂળ. સમજાણું કાંઈ? અનુકૂળ અને અનુરૂપ ભિન્ન ભિન્ન છે એમ બતાવે છે.

'**કે જે માટીથી અભિન્ન છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...**' કોણ? ઘડો. ઘડાની પર્યાય માટીના પરિણામથી થાય છે. પલટવાથી થાય છે-માટીના પલટવાથી થાય છે. એ કુંભારને કારણે ઘડો થતો નથી. આહાહા..! '**તેને-કરતો પ્રતિભાસતો નથી;...**' ઘડાની પર્યાય કુંભાર કરે છે એમ પ્રતિભાસતું નથી. રોટલીની પર્યાયને લોટ કરે છે. સ્ત્રીનો રાગ રોટલીની પર્યાયને અનુકૂળ છે. પણ એ અનુકૂળને રોટલીની પર્યાય અનુરૂપ છે. ઈચ્છા છે કે રોટલી આમ થાય. આ એને અનુકૂળ છે, એને આ અનુકૂળ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ એને અનુરૂપ છે. અનુકૂળતાને અનુરૂપ એ રોટલી થાય છે, પોતાને કારણે. અનુરૂપને નિમિત્ત છે તો એને અનુકૂળ કહે છે. પણ કોઈની ક્રિયા કોઈ કરે છે એમ છે નહિ. લ્યો, લાખ વર્ષ માટી પડી હોય પણ કુંભાર આવ્યા વિના ઘડો બને છે? લાખ વર્ષ માટી પડી હોય, લ્યો. પણ સાંભળ તો ખરો. જ્યારે માટીના દ્રવ્યમાં ઘડાની પર્યાયનો ક્રમ આવવાનો છે તો તે જ સમયે ઘડાની પર્યાયને કરનાર માટી છે. કુંભાર નિમિત્ત અનુકૂળ હોવા છતાં કુંભાર કર્તા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...સંતોષકારક ન કહેવાય.

ઉત્તર :- સંતોષકારક ન કહેવાય. શું કહે છે? શેઠિયા! એ કહે છે કે બરાબર સંતોષકારક ખુલાસો નથી. સામે દેખાય છે કરે છે, તમે ના પાડો છો. માટે સંતોષકારક જવાબ નથી. નથી તો સાંભળો.

રોટલી છે, ઘડો છે એ ઘડાની પર્યાય છે એ માટી કર્તા થઈને વ્યાપ્ય થઈને પ્રસરીને થઈ છે કે કુંભારનો રાગ પ્રસરીને થઈ છે? કહો, રાગ પ્રસરીને ઘડાની પર્યાય થઈ છે? રાગ પ્રસર્યો. તો આત્માએ પોતાની પર્યાયમાં કર્યો છે. એ તો પોતાના અસ્તિત્વમાં છે. અને માટીની પર્યાય ઘડાના વર્તમાનકાળના અસ્તિત્વમાં છે. માટીની પર્યાય ઘડો એ તો માટીના અસ્તિત્વમાં છે. શું રાગના અસ્તિત્વમાં છે? રાગની મોજૂદગીમાં એ છે? બેયની મોજૂદગી ભિન્ન ભિન્ન છે. આંધળો થઈને દેખે નહિ. આંધળો થઈને દેખે નહિ. આંખ મીંચીને અમે જોતા નથી.પણ આંખ ખોલ તો ખરો. સમજાણું કાંઈ? મોટી ચર્ચા અત્યારે આ ગડબડ... ગડબડ... ગડબડ... સોનગઢને નામે માથે નાખ્યું બધાએ, હોં! પણ આ ભગવાનને કહે ને, ન્યાં ભગવાન પાસે જા. ભગવાન પાસે જાય શેનો?

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્માની વાણીમાં, એના જ્ઞાનમાં આવ્યું, એવું સંતોએ અનુભવ્યું અને કહે છે કે પ્રભુ! તું તારા રાગને કરે છે. તો એ રાગ કર્મના બંધનમાં અનુકૂળ છે. અને તારા રાગથી કર્મબંધનની પર્યાય અનુરૂપ છે. અનુરૂપ અને અનુકૂળ હોવા છતાં એકબીજાને કર્તાકર્મ સંબંધ છે એમ છે નહિ. આહાહા..! એય..! વિજયમૂર્તિ! શું છે? અત્યાર સુધી ૧૯ વર્ષ કાઢ્યા ત્યાં. આ દૃષ્ટાંત થયું. હજી તો દૃષ્ટાંત આકરું પડે. દૃષ્ટાંત અને કથન. આ તો દૃષ્ટાંત થયું. સિદ્ધાંત તો બીજો કહેવો છે. સમજાણું કાંઈ?

'**તેવી રીતે આત્મા પણ...**' હવે સિદ્ધાંત લે છે. '**અજ્ઞાનને લીધે...**' અહીં તો એ વાત લેવી છે ને. '**પુદ્‌ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ...**' જુઓ! જે આઠ કર્મની પર્યાય પોતાના કાળે પર્યાય કર્મરૂપ થાય છે એ સ્વકાળ પુદ્‌ગલનો છે. એને અનુકૂળ. આત્માના અજ્ઞાનરૂપ રાગાદિ પરિણામ એ પર્યાયમાં અનુકૂળ હો. '**પોતાના પરિણામને-**' એ અજ્ઞાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા નવા કર્મબંધનની પર્યાયમાં અનુકૂળ થઈને પોતાની પર્યાયને-પરિણામને **'કે જે પોતાથી અભિન્ન છે...'** એ વિકાર પરિણામ આત્માથી અભિન્ન એક છે. અહીં આ સિદ્ધ કરવું છે, હોં! સ્વભાવ સિદ્ધ નથી કરવો. સમજાણું કાંઈ? બીજે ઠેકાણે કહે કે રાગ અને આત્મા ભિન્ન છે. એ બીજું તત્ત્વ તો આસ્રવ અને આત્માથી ભિન્ન બતાવવું છે. અહીંયાં તો સ્વ અને પરથી ભિન્ન બતાવવું છે.

પહેલા હજી પરથી ભિન્ન માન્યા વિના આસ્રવથી આત્મા ભિન્ન થાય એમ કદી બની શકતું નથી. સમજાણું કાંઈ? શું માલચંદજી! અહીં કહે છે, અભિન્ન છે. પહેલા કહેતા હતા, આત્માથી રાગ ત્રિકાળ ભિન્ન છે. શું આત્મા રાગરૂપ થયો? સવારે તો એમ આવે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ. અનુપયોગ સ્વરૂપ રાગ, ઉપયોગસ્વરૂપ ચૈતન્ય બે એક થયા? પ્રકાશ અને અંધકાર એક થાય છે? એમ ભગવાન ચૈતન્યજ્યોત અને રાગ અનુપયોગ અચેતન અંધકાર. શું પ્રકાશ અને અંધકાર એક થાય છે? એ તો વિકારથી ભિન્ન બતાવવા માટે આત્માનું પૂર્ણ સ્વરૂપ અસ્તિત્વ પરથી (ભિન્ન) છે એ બતાવવાની વાત છે.

અહીંયાં તો અજ્ઞાની પરની ક્રિયાથી પણ પોતાને ભિન્ન નથી માનતા, પોતાના રાગની ક્રિયાથી પણ પરને ભિન્ન નથી માનતો, એને કહે છે કે રાગ તારાથી અભિન્ન છે. સમજાણું કાંઈ? ભાવ જે કર્યો જ્ઞાનાવરણીય બાંધવામાં અનુકૂળ. છે ને? જ્ઞાનની અંતરાય પાડે, જ્ઞાનની અશાતના કરે, યથાર્થ જ્ઞાનનો વિરોધ કરે, સત્ય જ્ઞાન ચાલતું હોય એને રોકે. આમ નહિ-આમ નહિ એમ કરી (રોકે). એવો પ્રાણી અજ્ઞાની પોતાના પરિણામથી, અશાતના કરનારા પરિણામથી એ આત્મા અભિન્ન નામ એક છે. અને નવા કર્મ બાંધવામાં એના પરિણામ અનુકૂળ છે. અનુકૂળ નિમિત્ત છે. પણ અનુકૂળ હોવા છતાં એ કર્મની પર્યાય જીવે કરી એમ ત્રણ કાળમાં નથી. ઓહોહો..! સમજાણું કાંઈ?

**'આત્મા પણ અજ્ઞાનને લીધે પુદ્‌ગલકર્મરૂપ પરિણામને...'** પુદ્‌ગલ કર્મરૂપ પરિણામ. જડની પર્યાય થાય એ. **'અનુકૂળ પોતાના પરિણામને-કે જે પોતાથી અભિન્ન છે...'** જે રાગ-દ્વેષ, અજ્ઞાન આત્માથી આત્માના પ્રદેશમાં અભિન્ન છે. **'અને પોતાથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી...'** પૂર્વની પર્યાય પલટીને પોતાની **'અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...'** કરવામાં આવે છે વિકાર. **'તેને કરતો પ્રતિભાસો,...'** વિકાર આત્મા કરે છે એમ અજ્ઞાનીને પ્રતિભાસો. સમજાણું કાંઈ? ઓહો..!

**'પરંતુ પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ...'** મેં કર્મ બાંધ્યા, મેં કર્મ બંધન કર્યું, મેં જ્ઞાનાવરણીય બાંધ્યું, મેં દર્શનાવરણીય બાંધ્યું, મેં અંતરાય બાંધ્યો એવા **'પુદ્‌ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો હોવા છતાં**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પણ (તે આત્મા) પોતાના પરિણામને અનુરૂપ...**' જે વિકારી પરિણામથી એને કર્મબંધન પર્યાય છે, એ વિકારી પરિણામથી અનુરૂપ છે. સમજાણું કાંઈ? અનુકૂળ-અનુરૂપ સમજ્યા? નિમિત્તને અનુકૂળ કહે છે અને સામેની નૈમિત્તિક દશાને અનુરૂપ કહે છે. બસ, એટલું સમજી લેવું. જેમ રોટલી હોય છે એ રોટલીને અનુકૂળ સ્ત્રીનો રાગ. બસ. અને રાગને અનુરૂપ રોટલીની પર્યાય. એટલું. સમજાણું કાંઈ?

જુઓ! આ લાકડી ઉપડે છે. લાકડી. તો લાકડીની પર્યાય છે એમાં આંગળીની પર્યાય નિમિત્ત-અનુકૂળ (છે) અને આંગળીની પર્યાય એને અનુરૂપ, એ ઉપડવાની પર્યાય અનુરૂપ છે. આ ઉપડવાની પર્યાયને આંગળીની પર્યાય અનુકૂળ અને આંગળીની પર્યાયને અનુકૂળ છે તો એનાથી આ પર્યાયની અપેક્ષાએ અનુરૂપ. કારણ કે એમાં આવી પર્યાય છે તો આ અનુરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાય છે કે નહિ?

'**પોતાના પરિણામને અનુરૂપ...**' વિકાર જેવો કર્યો, પરની અપેક્ષાએ તારો વિકાર અનુકૂળ અને તારા પરિણામની અપેક્ષાએ જે પર્યાય ત્યાં થાય છે તેને અહીંયાં અનુરૂપ કહે છે. '**અનુરૂપ એવા પુદ્‌ગલના પરિણામને-કે જે પુદ્‌ગલથી અભિન્ન છે...**' કર્મની પર્યાય કર્મથી અભિન્ન છે, એકમેક છે '**અને પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.**' એ કર્મની પર્યાય તેં કરી એમ ન પ્રતિભાસો. એમ કર્મની પર્યાયે તારો રાગ કર્યો એમ ન પ્રતિભાસો. સમજાણું કાંઈ?

કુંભારનું દૃષ્ટાંત દઈને આખી ચીજનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ બતાવ્યો. નિમિત્ત નૈમિત્તિક સંબંધ હો, પણ એનાથી કર્તાકર્મ છે એ બીજી ચીજ છે. નિમિત્ત નૈમિત્તિક જુદી ચીજ છે, કર્તાકર્મ જુદી ચીજ છે. આ તો નિમિત્ત છે તો કર્તા છે, એણે બનાવ્યું એમ લગાવી દીધું. જો ભાઈ! આત્મામાં જ્ઞાનની પર્યાય હીણી થાય છે એ જ્ઞાનાવરણીયના ઉદય વિના થાય? શું પોતાના જ્ઞાનની હીણું કરવાનો ભાવ હોય કોઈને? એય..! માલચંદજી! માલ શું છે એમાં? કહો. વિકાર કરવાનો ભાવ છે કે કર્મ કરવાનો ભાવ છે? વિકાર કરો તો કરો. વિકાર તારી પર્યાયમાં થાય છે. પણ શું કર્મની પર્યાય પણ તું કરે છે? એમ છે નહિ.

ત્યારે કહે કે અમારી વિકારી પર્યાય અમારાથી થઈ, અમે શું કરીએ? કર્મનો ઉદય આવ્યો તો થઈ. ભગવાન કહે કે કર્મના ઉદયની ક્રિયા તો એમાં થઈ. તારી હીણી ક્રિયામાં એનો અધિકાર ક્યાં આવ્યો? ભલે ચાહે તો જ્ઞાનની હીણી પર્યાય છે એને અનુકૂળ, એને અનુકૂળ જ્ઞાનાવરણીયનો ઉદય છે અનુકૂળ નિમિત્ત. અને એને અનુરૂપ અહીં જ્ઞાનની હીણી પર્યાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનની હીણી પર્યાય કરવામાં તારી પર્યાયને અનુકૂળ કર્મનો ઉદય અનુકૂળ કહેવામાં આવે છે. અને એ ઉદયને અનુરૂપ તારી જ્ઞાનની હીણી પર્યાય કહેવામાં આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ જ્ઞાનની હીણી પર્યાય કર્મે કરી અને કર્મના ઉદયનો ભાવ તેં કર્યો એમ છે નહિ. મોટી ચર્ચા ચાલી, આ તો મોટી ચર્ચા. સમજાણું કાંઈ?

એમ ચારિત્રમોહનો ઉદય. અહીં રાગને કરનાર પ્રાણી એને ચારિત્રમોહનો ઉદય અનુકૂળ છે, અનુકૂળ છે. નિમિત્ત છે એટલે અનુકૂળ છે. પણ એ ચારિત્રમોહે રાગ કરાવ્યો એમ નથી. અને એ અનુકૂળ છે એને અનુરૂપ અહીંયાં રાગ થયો. ઉદયને અનુરૂપ રાગ થયો. પણ અહીંયાં રાગને અનુકૂળ પણ એને આ અનુરૂપ. અનુરૂપ થયો તો ઉદયે રાગ કરાવ્યો એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ દર્શનાવરણીયમાં, એમ અંતરાયમાં, એમ દર્શનમોહમાં લેવું.

અજ્ઞાની મિથ્યાત્વના પરિણામ કરે એમાં દર્શનમોહનો ઉદય નિમિત્ત હો, અનુકૂળ હોય. અને એ અનુકૂળથી અનુરૂપ અહીંયાં મિથ્યાત્વના પરિણામ છે. પણ મિથ્યાત્વના પરિણામ જીવે કર્યા એમ દર્શનમોહના ઉદયે પણ કર્યા એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! આ જુઓ. રામ-લક્ષ્મણ. લક્ષ્મણને છ-છ મહિના સુધી (ખભે ઉપાડ્યા). મહાવિવેકી હતા, જ્ઞાની હતા. છ મહિના સુધી. કહો, ભાઈ! ભોજન કરોને, ભાઈ! લક્ષ્મણ! લક્ષ્મણ! ભાઈ! આવશ્યકનો ટાઈમ થયો છે ને. બોલે નહિ. ભાઈ! બીજા કહે કે મહારાજ! એ કેમ બોલે? એ તો મરી ગયા. મારો ભાઈ મરી જાય? તારી મા મરી જાય ને તારો બાપ. રામચંદ્રજી જેવા મહાપુરુષ જે મોક્ષગામી એ ભવમાં મોક્ષ જાય. અરે..! જગત તો જુઓ!. ત્યારે કહે શું? કહે છે કે બેયને પ્રેમ ઘણો ને. બે ભાઈ વચ્ચે ઘણો પ્રેમ. રામ-લક્ષ્મણ જેવી અને વાસુદેવ-બળદેવ જેવી પ્રીતિ જગતમાં નથી. ઘણી હતી. સમજાણું ને? નામ પડ્યું ઓલા દેવે. લક્ષ્મણજી બેઠા હતા ને સિંહાસન ઉપર. દેવ પરીક્ષા કરવા આવ્યા. દેવોને ત્યાં ચર્ચા થઈ. રામ-લક્ષ્મણ વચ્ચે એટલો પ્રેમ છે કે એક ક્ષણ પણ લક્ષ્મણ રામનો વિરહ સહન નથી કરી શકતા. અરે..! એમ હોય. રાજા તો એવા ત્રણ ખંડના ધણી, સુંદર સુંદર શરીર, હીરા-માણેક જેવા શરીર હોય એના. એક એક અવયવ સુંદર. એવા રાજા. બે ભાઈ વચ્ચે આટલી પ્રીતિ! અમે નથી માનતા. ચાલો.

આવ્યા. વાસુદેવ-બળદેવ. બધાના બંગલા તો જુદા હોય ને રહેવાના. રામચંદ્રજીના બંગલામાં દેવે કોલાહલ કર્યો. કોલાહલ મચાવ્યો. અહીંયાં આવીને કહ્યું, લક્ષ્મણજી! રામચંદ્રજી સ્વર્ગવાસ સિધાવ્યા. આ શબ્દ જ્યાં સાંભળ્યા, ભાઈ... રામ! સાંભળી શક્યા નહિ. પૂરું બોલી શક્યા નહિ. એ કાંઈ કર્મના ચારિત્રમોહના કારણે નહિ. સમજાણું કાંઈ? જુઓ! એને મોહનો ઉદય આવ્યો એટલે એને એમ થયું. અને રામે છ મહિના સુધી ફર્યા તો ચારિત્રમોહનો ઉદય આવ્યો માટે આમ કર્યું. એમ છે જ નહિ, એમ કહે છે. એમ છે જ નહિ. પોતાને કારણે રાગ છે, કર્મનો ઉદય એને અનુકૂળ હોય. અનુકૂળ છે તો એની અપેક્ષાએ રાગ થયો એને અનુરૂપ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહો. પણ એ કારણે રાગ થયો અને રાગ થયો તો ચારિત્રમોહનો ઉદયને આવવું પડ્યું એમ વસ્તુ સ્થિતિમાં છે નહિ. એ ૮૫માં કહ્યું. સમજાણું કાંઈ? ભારે ભાઈ! કર્મ અને આત્મા વચ્ચે મોટી ગડબડી. એને માટે ખુલાસો .. કરવો પડયો. કર્મે મોટા મોટા માંધાતાને મારી નાખ્યા છે.

મુમુક્ષુ :- ભાવકર્મ...

ઉત્તર :- ભાવકર્મ મારે? પોતે પોતાને મારે. બહુ ગોત્યું એમ કહે છે. ભાવકર્મ મારે? પોતે પોતાને મારી નાખતો હશે? મારનાર તો બીજો હોય. પોતે ગળે ફાંસો ખાય? ભગવાન! પોતે પોતાને ગળે ફાંસો ખાય છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક સાધુએ પોતે ગળે ફાંસો ખાધો. સાધુ. સ્થાનકવાસી સાધુ હતા ને. ગળાફાંસો ખાધો. મુંઝાઈ ગયો માણસ. રેશમની દોરી હતી, રેશમની દોરી. રાખે ને ખાનગી? તો મુંઝાઈ ગયા હતા. અમારી પાસે આવ્યા હતા પહેલા. અમને દેવા. એમ કે મહારાજ કોઈ પણ અમારી પાસે લે તો અમારું કલ્યાણ.. એમ બહુ પ્રેમ હતો ને સંપ્રદાયમાં. પાછળ ત્યાં જઈને બારણા બંધ કરીને લટકી ગયો. જ્યાં ખોલે ત્યાં.. આહા..! કરવું શું? દોરી છોડી દયો, ભાઈ. પોલીસમાં કોઈ કહેશો નહિ. પોલીસને કહેશો નહિ. શેઠિયા બધા ભેગા થયા. પાટે બેસાડી દીધા. અને સુતારને કહ્યું પાલખી બનાવો. નહિ, એ જ કહી ગયો હતો, હોં! મરતા કહી ગયો હતો એ. સુતારને કહ્યું, આજ ક્યાંય જઈશ નહિ. આજ તારું કામ પડશે. કારણ કે મરવું હતું ને. એમ થયું છે, હોં! નામ-ઠામ બધું છે. નામ-ઠામ-ગામ બધું છે. પણ એ કહે, આજ જશો નહિ, હોં! ભાઈ! એને ખબર હતી મર્યા પછી મારી પાલખી બાંધવી પડે ને. વાણિયાએ બારણું ઉઘાડ્યું.. હાય-હાય, જો આ બહાર પડશે તો આપણું પોકળ જશે. આ વાણિયાના ગુરુ! વાણિયાએ ફાંસો ખાધો! બાંધી રાખી. આમ થઈ ગયેલું ને. જોવે તો અહીં ઓલું થઈ ગયેલું. રેશમની દોરી લગાવી હતી ને. છોડી, બરાબર બાંધી આમ બેસાડી દીધા. પાલખી. જય જય નંદા, જય જય .. એય..! પંડિતજી! જાવ સમાધિમરણ. ક્યાં ગયા નથી ને કોઈ ઓલા? ચીમનભાઈના કોઈ નથી? છોટાભાઈ છે ને એના. સમજાણું કાંઈ? લ્યો ઠીક! ખબર હતી. બહાર જ્યાં આમ પાલખીમાં બેસાડ્યા અને ઉપાડ્યા અને ધૂપ જ્યાં આપ્યા હજારો માણસો જય જય નંદા. થઈ ગયું પંડિત મરણ. એ મરવાનો ભાવ કર્યો એ કર્મએ કર્યો કે નહિ? કેટલું જોર આવ્યું. એક ક્ષણ પહેલા તો કાંઈ નહોતું, બીજા ક્ષણે એવો ભાવ આવ્યો મરવાનો. તો કર્મનું ઘણું જોર આવે અંદરથી તો રોકી શકે નહિ. કોનું જોર છે? સાંભળ તો ખરા. તારી વિકારી મૂઢતાની પર્યાય કરવામાં તારો કર્તા તું છો. કર્મના ઉદયને અનુકૂળ રૂપ નિમિત્ત કહેવામાં આવે છે. અને એ નિમિત્તને અનુરૂપ ત્યાં પરિણામ એને કારણે થયા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, કર્મને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, ભિન્ન ક્રિયાની પરિણતિનો કર્તા ન પ્રતિભાસો. ઓહોહો..! આચાર્ય કહે છે. અરે..! ભાઈ! તારી પર્યાયનો કર્તા તું પ્રતિભાસો. પણ તારાથી ભિન્ન ઘડો, રોટલી, દાળ-ભાત, શાક, મકાન, ઝવેરાત... શું કહેવાય? ઝેવર. બરાબર આમ દાગીના હોય. કડા, વીંટી. એ ક્રિયાનો કર્તા તું નથી. સમજાણું કાંઈ? એ ક્રિયા એમાં થઈ છે. એ ક્રિયાને તારો રાગ નિમિત્ત અનુકૂળ કહો. અને રાગને અનુરૂપ એ ક્રિયા કહો. પણ એ તારા રાગથી ત્યાં થયું અને થવાનું છે માટે અહીં રાગ કરવો પડ્યો એમ વસ્તુમાં છે નહિ.

અહીં તો આચાર્ય કહે છે કે એમ ન પ્રતિભાસો. બીજા દ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યથી થાય. કોઈપણ જડ-ચૈતન્યમાં. એક ચૈતન્યમાં બીજા ચૈતન્ય કે જડમાં એમ ન પ્રતિભાસો. આહાહા..! આચાર્ય દિગંબર સંત (કહે છે), ભાઈ! એમ ન હો, હોં! કેમ કે વસ્તુનું સ્વરૂપ એમ નથી. એવી શ્રદ્ધા પહેલી કરવી પછી રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવો એ ધર્મ છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૨, સોમવાર તા. ૩૧-૧૦-૧૯૬૬**
**ગાથા-૮૬, શ્લોક-૫૧, પ્રવચન-૧૭૩**

... અને એ પરિણામને અનુરૂપ કર્મની પર્યાય છે. સમજાણું કાંઈ? શું કીધું? ધર્મચંદજી! શું કહ્યું આમાં? કે જેવા કર્મના પરિણામ છે, એ વિકાર કરે તેને અનુકૂળ છે. એમ કહ્યું કે નહિ?

મુમુક્ષુ :- ફેરવી નાખી બાજી.

ઉત્તર :- એમ નહિ. એમ નથી કહ્યું.

અહીં તો કહ્યું. અહીંથી આત્માથી લેવી છે વાત. આત્મા પોતાના ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક સ્વભાવને પોતે ભૂલીને જે કાંઈ અજ્ઞાનપણે રાગ-દ્વેષ-પુણ્ય-પાપ વિકાર કરે એ પરિણામ નવા કર્મ બંધાય તેની પર્યાયને અનુકૂળ છે. અને એ પરિણામને અનુરૂપ નવા કર્મ બંધાય એ પરિણામને અનુરૂપ છે. અરસ-પરસ. નિમિત્તને અનુકૂળ કહેવું. અનુકૂળ. કૂળ એટલે કાંઠો. નદી ચાલે છે ને નદી? બે કાંઠા હોય ને કાંઠા. શું કહેવાય? કિનારા. બસ. કિનારો-કાંઠો. અનુકૂળ. કર્મની પર્યાય પુદ્‌ગલમાં વર્તમાન તેના સ્વતંત્રપણે કર્તા થઈ જ્ઞાનાવરણીયપણે, દર્શનાવરણીયપણે, મોહનીયપણે, આયુષ્યપણે બંધાય. એને જીવના વિકારી પરિણામ અનુકૂળ છે. એટલું. છતાં, એ અનુકૂળ પરિણામ હોવા છતાં જીવ પોતાના પરિણામનો કર્તા છે એમ કર્મની પર્યાયનો પણ કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? અને એ પરિણામને અનુરૂપ જ કર્મ બંધાય છે. જેવા પરિણામ વિકાર હતા તેને અનુરૂપ જ ત્યાં પરમાણુની પર્યાય કર્મમાં થાય. એવા પરિણામને અનુરૂપ તે હોવા છતાં એ પુદ્‌ગલની પર્યાયનો કર્તા આત્મા નથી. સમજાણું કાંઈ?

જુઓ! આ ભાષા નીકળે છે ને ભાષા? એની પરમાણુની પર્યાય છે. એને અનુકૂળ જ્ઞાનનો અહીં પર્યાય કે ઈચ્છા એને અનુકૂળ છે. અને એ ઈચ્છાને અનુરૂપ ભાષાની પર્યાય છે. છતાં તે ભાષાની પર્યાયનો કર્તા ઈચ્છા કે જ્ઞાન છે નહિ. કહો, સમજાય છે કાંઈ? સોભાગ્યભાઈ! અહીં જ્ઞાનમાં ખ્યાલ આવ્યો જ્ઞાન લ્યોને. કે આ ભાષા આમ નીકળે છે. સમજાય છે? તો એ ભાષા નીકળે છે એનું અહીં જ્ઞાન છે. અને જ્ઞાનમાં એવું છે કે આવી ભાષા નીકળે છે. છતાં એ ભાષાની પર્યાયને એ જ્ઞાન એવું છે કે આવું બોલવું છે એટલે એવી ભાષા થાય છે જડમાં. માટે તે જ્ઞાનના પરિણામ કે રાગ એને અનુકૂળ કહેવાય. પણ એથી ભાષાની પર્યાયનો આત્મા કર્તા છે એમ નથી. અથવા ભાષાની પર્યાય છે એ ઈચ્છાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનને અનુરૂપ ભાષા નીકળે છે. જેવું ધારું એવું કેમ નીકળે છે? એમ નથી કહેતા? માંસ ખાવા યોગ્ય નથી. એ ભાષા નીકળી, જુઓ! હવે અંદરમાં પણ એમ છે કે માંસ ખાવા યોગ્ય નથી એવો ભાવ. એ ભાવને અનુરૂપ ભાષા ભલે હો. ભાષાને એ ભાવ અનુરૂપ હો. ભાષાને ભાવ અનુકૂળ છે. અને ભાવને ભાષા અનુરૂપ હો. પણ છતાં ભાષાની પર્યાયનો કર્તા છે નહિ. વસ્તુસ્થિતિ આ છે. આ અનુરૂપ અને અનુકૂળ મૂકીને બહુ સરસ વાત કરી છે. સમજાય છે? બે-ચાર ઠેકાણે ભાઈ આવે છે નહિ આપણે? પ્રવચનસારમાં આવે છે, પંચાસ્તિકાયમાં આવે છે. બે-ત્રણ ઠેકાણે આવે છે. સમજાય છે કાંઈ? ઉપાધિને અનુરૂપ નથી આપણે લખ્યું? ઉપાધિ જે ઉદય છે એને અનુરૂપ અહીંયાં વિકાર થાય છે. વિકાર નવા કર્મને અનુકૂળ છે પણ ઉપાધિને અનુરૂપ અહીં વિકાર થાય છે. ત્યાં એવી શૈલી લીધી. સમજાણું કાંઈ?

અહીં તો સ્વતંત્ર એક સમયમાં બેની દશા થવા છતાં એક પર્યાય બીજાને અનુકૂળ અને એ પર્યાય આ પર્યાયને અનુરૂપે ત્યાં થાય. છતાં કોઈ કોઈનો કર્તા છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? શેઠી! ઈચ્છા અંદર થઈ કે આ હીરો ઉપાડ્યો. હીરો.. હીરો. હિરાની પર્યાય તે થઈ એને આ ઈચ્છા અનુકૂળ કહેવાય. પણ ઈચ્છા છે માટે હીરાની પર્યાય ઊંચી થઈ અને આમ થઈ છે એ ઈચ્છાનું કાર્ય નથી.

મુમુક્ષુ :- ઈચ્છા વિના તો ન થાય ને.

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ નથી ને. તું ન હોત તો આ પ્રશ્ન કેમ થાત? એમ કીધું હતું ને એક ફેરી? (સંવત) ૨૦૦૬ની સાલમાં પ્રશ્ન કર્યો એક જણે. આત્મા રાગ ન કરે તો તો ન બંધાત ને. માટે એટલા તો પરમાણુ પરાધીન છે ને. એ પ્રશ્ન થયો હતો છઠ્ઠી સાલમાં. શું કીધું સમજાણું?

આત્મા વિકાર કરે છે માટે બંધાય છે ને? અને વિકાર ન કરે તો બંધાત નહિ ને? એમ પ્રશ્ન ૨૦૦૬ની સાલમાં રાજકોટ થયો હતો. (એને) કીધું, પણ તું ન હોત તો આ જાણત કોણ? એમ કહે ને. પણ હવે છે એનો પ્રશ્ન શું? અહીં રાગ છે અને ત્યાં કર્મની પર્યાય થાય છે. છે અને ન હોત તો? પણ પ્રશ્ન જ ક્યાં એ છે? રાગ છે, દ્વેષ છે એની તો સિદ્ધિ અહીં પહેલી કરવી છે. એ છે. ન હોત તો? પણ ન હોત તો પ્રશ્ન જ ક્યાં છે અહીં?

એટલે જ્યારે જે સમયે જે જીવે જેટલા પ્રમાણમાં વિકાર કર્યો તેટલા જ પ્રમાણને અનુરૂપ કર્મની પર્યાય થવા છતાં તે કર્તા આત્મા એનો છે નહિ. સમજાણું કાંઈ? એક આ લાડવો છે લ્યો, લાડવો. લાડવો સમજ્યા? લાડવો. હવે એને અનુકૂળ શું છે? કે આમ ભીંસ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરવી એ અનુકૂળ છે. ભાંગવો. લાડવો ભાંગવો. ભાંગવો કહે છે ને? ટૂકડા. આમ કરવું એને અનુકૂળ છે. એટલે આ પર્યાય એને અનુકૂળ છે. પણ છતાં આ પર્યાયથી લાડવો ભાંગ્યો છે એમ છે નહિ. ક્યાં ગયા અમારા? વયા ગયા? ગયા? સમજાણું કાંઈ? દાખલો તો સ્પષ્ટ થવા માટે છે. સમજાણું ભાઈ?

આ રોટલી છે જુઓ, રોટલી છે ને રોટલી. એ થાળીમાં આવી. રોટલી છે. એ કટકા થવાની પર્યાયને આંગળીની પર્યાય અનુકૂળ કહેવાય, પણ એ અનુકૂળ થતાં... આંગળીની પર્યાય એને અનુકૂળ અને આંગળીની પર્યાયને અનુરૂપ કટકા થાય છે. કારણ કે આમ થાય તો ત્યાં અનુરૂપ જ થાય છે. છતાં એ આંગળીની પર્યાયે રોટલીના કટકા એવું કાર્ય કરે છે એમ છે નહિ. ભારે વાત, ભાઈ! એય..! વિજયમૂર્તિ!

અહીં તો સિદ્ધાંત કહેવો છે. પછી એના દૃષ્ટાંત તો જેટલા સિદ્ધ થાય એટલા દૃષ્ટાંત લઈ લેવા. એય..! છોટાભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં કાંઈ? બેઠા છે. બે ભાઈઓ ભેગા બેઠા છે જોડે. કહો, સમજાણું આમાં? આ સમજાણું કે એક રૂપિયો છે. હવે રૂપિયો લ્યો ભાઈ પૈસાવાળાને માટે. રૂપિયો શું કહેવાય? અત્યારે રૂપિયો રોકડો ક્યાં છે. નોટ છે નોટ. એક હજારની નોટ આમ છે. ગલ્લામાં. ગલ્લો કહે ને? હવે એમાંથી આપવી છે. આમ નોટ નીકળી. એ નોટની તે સમયની એની આકૃતિ આમ બીંડેલી હોય ને બીંડેલી? આમ થઈને પહોળી થાય. પહોળી થાય ને આમ? બીંડલું વાળ્યું હોય. એ પહોળી કરીને આપે, ખુલ્લી કરીને આપે. ૨૦-૨૦, ૨૫-૨૫નું બીંડલું પડ્યું હોય એને ખોલીને આપે. એ હજારની નોટની તે પર્યાય તે કાળે તે રીતે પોતાને કારણે થઈ છે. એને સામા પ્રાણીની ઈચ્છા અનુકૂળ કહેવાય અને ઈચ્છાને અનુરૂપ તે પર્યાય ત્યાં થાય છે. છતાં તે ઈચ્છા એની કર્તા છે કે એ થવાની ક્રિયા માટે એને ઈચ્છા થાય છે. એમ નથી. આહાહા..! બે અરસપરસ સમજાણું બે? રાજેન્દ્રજી!

જો એ પર્યાય ત્યાં થાય છે માટે ઈચ્છા થાય છે તો તો એ કર્તા અને આ ઈચ્છા કર્મ થઈ ગયું. અને ઈચ્છા કર્તા અને એ પર્યાય ત્યાં થાય તો આ કર્તા અને એ કર્મ થઈ ગયું. એમ છે નહિ. પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ પરતંત્રતા બતાવતું નથી. બેયની સ્વતંત્રતા પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? કહો, માલચંદજી! આહાહા..! ભારે વાત, ભાઈ!

એ રોટલી (લેવા) બરાબર હાથ ત્યાં જાય રોટલી કરવા. રોટલી પછી એ જે કાંઈ ચટણી હોય કે શાક હોય લ્યોને શાક. ન્યાલભાઈ! શાકની બંધી હોય એને બીજું આવે. કઠોળ. આ તો દાખલો સમજવો છે ને. ઓલાએ શાક નાખ્યું. એ નહિ. લાવો ચણા. મગની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દાળ નાખો, મગની દાળ. મગની દાળ અહીં પડી છે એ આમ રોટલીથી આમ (લે). એ દાળના પરમાણુને એ રીતે ક્ષેત્રાંતર થવાની અવસ્થા અને અહીંથી રૂપાંતર થવાની અવસ્થા...કારણ કે ક્ષેત્રાંતર થઈ એમ તે ક્ષણે પહેલી અવસ્થાથી રૂપાંતર પણ થઈ છે. એ ક્ષેત્રાંતર અને રૂપાંતરની અવસ્થાને આની આંગળી અને ઈચ્છા અનુકૂળ નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ અનુકૂળ છે માટે તેનું કાર્ય આમ થાય છે એમ નથી. એય..! વિજયમૂર્તિજી! આવ્યું હતું તમારે ક્યાંય સિદ્ધાંતમાં? નહોતું આવ્યું? દર્શન આચાર્ય છો ને તમે તો. આ પંડિતજી છે. ઓળખો છો? પંડિત તો પંડિતને ઓળખે ને. સમજાણું કાંઈ? એમ કહે છે આમાં. આહાહા..!

જુઓ! '**પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે...**' શું? રજકણ ઓલા જ્ઞાનાવરણીયના, દર્શનાવરણીયના, મોહનીયના અને આયુષ્યના પરિણામ થવાના કાળ છે જીવને અને ત્યાં આયુષ્ય બંધાવાના રજકણનો કાળ છે. આયુષ્ય બંધાણું, ફટ. એક નિગોદના જીવ લ્યોને. એક અંતર્મુહૂર્તમાં કેટલા ભવ? કેટલા ભવ? ૧૮. એ તો અંતર્મૂહૂર્તમાં. એક શ્વાસમાં અઢાર ભવ. હવે એ શ્વાસમાં અઢાર ભવ. એમાં એક ભવના જે પરિણામ છે તે કાળે તેને ઓલા રજકણો આયુષ્ય બંધાવાના છે એ પરિણામને કાળે આયુષ્યના રજકણ બંધાય. આના જે ભાવ છે એ અનુકૂળ છે અને આ ભાવને અનુરૂપ જ ત્યાં એ બંધાય છે. છતાં આના ભાવ તે આયુષ્યની પર્યાયના કર્તા નથી અને આયુષ્યની પર્યાય આ રાગને ઉત્પન્ન કરાવે છે અને આયુષ્ય બંધાવું છે માટે અહીં રાગને થવું પડે છે એમ નથી. આયુષ્યને બંધાવું પડે છે. ઘણા કહે છે ને? લ્યો, તમે ઉપાદાનથી જો કહો, તો અમે એમ કહીએ છીએ... વળી એમ પ્રશ્ન આવ્યો હતો. (સંવત) ૧૯૯૫માં. ઘણાં પ્રશ્ન આવે ને. અમે એમ કહીએ છીએ કર્મના પરમાણુ વર્ગણામાં કર્મ થવાની યોગ્યતા છે એટલે અહીંયાં જીવને રાગ કરવો પડશે. અરે..! ભગવાન! શું તું કહે છે? એમ કે તમે કહો છો ને ઉપાદાન સ્વતંત્ર છે. શેઠી! જે રજકણમાં આયુષ્ય થવાની, બંધાવાની યોગ્યતા છે ત્યારે બંધાશે. એટલે આ જીવને તે વખતે આયુષ્ય જે બંધાય એને અનુકૂળ ભાવ વિકાર કરવો જ પડશે. ઉપાદાનની સ્વતંત્રતા છે એને બંધાવાની. માટે અહીં તમે કહો છો ઉપાદાન ત્યાં સ્વતંત્રતા અહીં રાગ એને કરવો પડશે. એમ નથી, સાંભળ ને! સમજ તો ખરો.

અહીં તો જેના ભાવ આયુષ્ય બંધાવાના જેને થયા, એને આયુષ્ય જે રજકણો બંધાય તેને એ ભાવ અનુકૂળ હોવાથી નિમિત્ત કહેવામાં આવે છે અને એના પરિણામને અનુરૂપ જ ત્યાં આયુષ્ય બંધાય છે. નિગોદને આયુષ્ય કોનું બંધાય? તિર્યંચનું. કે બહુ સારા પરિણામ હોય તો મનુષ્યનું. એને કાંઈ દેવનું કે નારકનું આયુષ્ય તો હોય નહિ. જુઓ હવે. એને એ રજકણ દેવને બંધાવાના અને... સમજાય છે ને? અને નારકીના બંધાવાના રજકણો એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય જ નહિ ત્યાં. સમજાણું કાંઈ? ફક્ત મનુષ્ય આયુષ્ય બંધાવાના યોગ્ય રજકણ હોય એને કારણે. અહીં જીવને મનુષ્યના ભાવ હોય. મનુષ્ય થવાની યોગ્યતા. એ ભાવ ઓલા રજકણને નિમિત્ત કહેવામાં આવે. અને એ ભાવને અનુરૂપ ત્યાં આયુષ્ય બંધાય છે. એવું ત્યાં મનુષ્યનું આયુષ્ય બંધાયું (અને) નિગોદમાંથી બહાર આવે છે. સમજાણું કાંઈ? જુઓ! આમાં પણ એમ કહે છે, ત્યાં કર્મ મંદ પડ્યા માટે બહાર આવે છે એમ નથી. એના પોતાના શુભભાવને કારણે પોતાનું કાર્ય કરે છે એથી બહાર મનુષ્યપણામાં આવે છે. સમજાણું આમાં?

કહે છે કે જે પુદ્‌ગલથી અભિન્ન કર્મની પર્યાય છે અને '**પુદ્‌ગલથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે તેને-કરતો ન પ્રતિભાસો.**' એ જડની પર્યાયને આત્મા કરે એમ દેખો નહિ. પણ ભાઈ સાહેબ! અમે સૂક્ષ્મ દેખતા નથી અને ન ભાસો, ભાસો ક્યાંથી તમે લાવ્યા? ન્યાયથી તો કહે, એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! પણ અમે દેખતા નથી. ન પ્રતિભાસો (તમે કહો છો) તો એમાં અમને ક્યાંથી દેખાતો હતો? પણ ભાન નથી? તને કહીએ છીએ કે પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યના રજકણો તેની પર્યાયે પરિણમે છે. તે કાળે તારા ભાવ સ્વતંત્ર તું કરે છો. એ ભાવ ફક્ત નવા બંધનમાં નિમિત્ત કહેવાય છે. નિમિત્ત છે માટે ત્યાં પરમાણુની પર્યાય થાય છે એમ તું ન માન. એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? આરે..! એય..! ...! બહુ ઝીણું, હોં! ઓલાની દયા પાળવાની. ઓલો જીવ બચવાનો છે ને, બચવાનો છે ને.

મુમુક્ષુ :- એને ઓછું સંભળાય છે.

ઉત્તર :- સંભળાય છે ઓછું? અહીં નજીક બેસો. અહીં આવો અહીં. અહીં આવો. અહીં. અહીં સાંભળવા આવ્યા, નજીક બેસો. અહીં આવો. સમજાય છે કાંઈ?

જીવે દયાના ભાવ કર્યા. શુભભાવ. એથી ત્યાં જીવને બચવાની પર્યાય બની. એમ ત્રણ કાળમાં નથી એમ કહે છે. જીવ અને શરીરનો સંયોગ તેને આયુષ્ય પ્રમાણે રહેવાનો હતો એ પ્રમાણે તેની સ્થિતિ ઊભી રહી. એ કાળે તેને અહીં ભાવ હતા એને નિમિત્ત અનુકૂળ કહેવાય. પણ એ દયાના ભાવથી ત્યાં જીવ બચ્યો છે એમ વાત ત્રણ કાળમાં છે નહિ. આરે..! આરે..! ભારે જૈનદર્શન. આ સેવાવાળાના ભાવ બૂડી જાય છે ઊંધા, કહે છે.

મુમુક્ષુ :- .. વિકારી ભાવ કેમ કરે?

ઉત્તર :- કરે અજ્ઞાનથી. પોતાને ભાન નથી માટે. જુઓને! અહીં લખ્યું છે ને. મિથ્યાદૃષ્ટિ... જુઓ!

મુમુક્ષુ :- અજ્ઞાનને લીધે..

ઉત્તર :- અજ્ઞાનને લઈને અહીં વાત એ છે ને. .. વાત છે જ ક્યાં? આ લખ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જુઓ! **'આત્મા પણ અજ્ઞાનને લીધે પૂર્વ કર્મ પરિણામ...'** અહીં અજ્ઞાનની વાત છે. જ્ઞાની છે એ આત્માના ભાનવાળો છે. એથી એને રાગ થતો નથી એમ જ અહીં છે. જરી થાય છે તે જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. પણ અજ્ઞાની, જેને રાગ અને રાગનું કર્તવ્ય મારું છે, એમ મૂઢ માનનારના રાગના પરિણામ નવા કર્મને અનુકૂળ છે. છતાં નવા કર્મના પરિણામનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? સ્વતંત્ર બે પરિણામ છે. અહીં તો અજ્ઞાનીની વાત છે. જ્ઞાનીને કર્મબંધનની વાત છે જ નહિ. સમજાણું કાંઈ? ક્યાં ગયા? ભાઈ ગયા લાગે છે, નહિ? અનેકાંત. જમુભાઈ ગયા? અમદાવાદ ગયા, ઠીક.

હવે ભાવાર્થ જુઓ. ભાવાર્થ છે ને ભાવાર્થ? ૮૬નો ભાવાર્થ. **'આત્મા...'** ૮૬ ગાથા. એનો ભાવાર્થ. **'આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;...'** જુઓ! આજ્ઞા કરી, આદેશ કર્યો ભગવાન કુંદકુંદાચાર્યે. આહાહા..! એ તો પાઠમાં આવ્યું છે ને, એ પ્રમાણે. **'આત્મા પોતાના જ પરિણામને...'** પોતાના પરિણામ શબ્દે રાગ-દ્વેષ અને અજ્ઞાનને. અહીં શુદ્ધભાવની વાત નથી. **'કરતો પ્રતિભાસો;...'** પોતે પોતાના વિકારના પરિણામને કરતો દેખ. **'પુદ્ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.'** અરે..! પણ આ બધા વેપાર-ધંધા કેટલા કરતા હશે. તમે છએ ભાઈઓ ભેગા થઈને ધમાધમ કરતા હશો. બલુભાઈ ગયા બિચારા. આ ધંધા, લાખોના. મોટી ઉથલપાથલ. ત્રણ કાળમાં આત્મા કરી શકતો નથી. આંખનું ફરવું એ આત્માનું કર્તવ્ય ત્રણ કાળમાં નથી. કારણ કે રજકણો જગતની ચીજ છે આ. અને રજકણોમાં આમ તેમ થવું તે પર્યાયનો કર્તા એ રજકણ છે. ભલે તારી ઈચ્છા ત્યાં અનુકૂળ રૂપે હો. અહીં માખી બેઠી. આમ થયું. સમજાણું? ઉડાડવા માટે. પણ એ પર્યાયની ઈચ્છા તને થઈ, માટે પાંપણની પર્યાય આમ થઈ એમ ત્રણ કાળમાં નથી. આરે..! આરે..! એ પર્યાયને ઉડાડવાની ઈચ્છા જે હતી એ અનુકૂળ હતી. પણ અનુકૂળમાત્રથી તે ક્રિયાનો કર્તા ઈચ્છા છે એમ ત્રણ કાળમાં નથી. સમજાણું કાંઈ? નહિતર લોપ થઈ જશે એમ કહેશે છેલ્લે હમણા. નહિતર અનંત દ્રવ્યની સ્વતંત્રતાના અસ્તિત્વનો, એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કરે તો બીજા દ્રવ્યનો સ્વતંત્રપણાનો લોપ થઈ જાય છે. આહાહા..!

બીજી ભાષાએ કહીએ તો ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્ છે. પ્રત્યેક પર્યાયમાં દરેક દ્રવ્ય. તો દ્રવ્ય જ્યારે પોતાની વર્તમાન પર્યાય ઉત્પાદ પર્યાયને કરે છે એ ઉત્પાદ પર્યાયને બીજો જો કરે તો ઉત્પાદનો ત્યાં અભાવ થઈ, દ્રવ્યનો અભાવ થઈને દ્રવ્યના સ્વરૂપનો લોપ થઈ જાય છે. બહુ આકરી વાત. જૈનવાળાને જૈનને સાંભળવી મુશ્કેલ પડે એવી કઠણ વાત છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલી એને ન્યાય ને લોજીકથી બેસે એવી. એમ નહિ કે ઘચડપચડ અને બેસાડી દેવી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુ છે કે નહિ? તું એક જ છો કે બીજી ચીજ છે કે નહિ? છે તો અનેકપણે અનંત છે કે નહિ? તો અનેકપણે અનંતની જે ક્રિયા સમય સમયમાં ઉત્પાદની થાય, તે ઉત્પાદનો કર્તા તે રજકણ અને તે દ્રવ્ય છે. ભલે તે ઉત્પાદને અનુકૂળ એની ઈચ્છા ને રાગ હો, છતાં રાગ તેનો કર્તા છે એમ હોય તો બે દ્રવ્યનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? કહો, ભાઈ ભીખાભાઈ! ભીખ માગવાનું રહેતું નથી આમાં ક્યાંય. આહાહા..!

જુઓને! એક વાત ટીકામાં કેટલી મૂકી દીધી છે, હોં! ન ભાસો. આહાહા..! આદેશથી કહે છે, હોં! ભગવાન સંતો દિગંબર મુનિ ભાવલિંગી સંત છે. આહાહા..! આનંદમાં ઝુલે છે, જગતને જ્ઞેય તરીકે ભાસે છે. કહે છે, ભાઈ! આ જગતમાં ચાહે તો તું વિકારની પર્યાયને, નિગોદથી માંડીને અત્યાર સુધી તેં વિકારના પરિણામ ક્ષણે ક્ષણે કર્યા, હો. એનો કર્તા છે. કેમ કે સ્વતંત્રપણે વિકાર કરે તે કર્તા કહેવાય છે અને કર્તાનું વિકારી પરિણામ તે તેનું ઈષ્ટ છે, એ તારું કાર્ય છે. પણ કર્મે તે ઈષ્ટ કાર્ય કરાવ્યું છે એ વાત નથી અને તેં વિકારી પરિણામ કર્યા માટે કર્મબંધનની પર્યાયને થવું પડ્યું એમ છે નહિ. પણ રાગ ન કરે તો બંધન ન થાત ને. કહો, માલચંદજી! પણ પ્રભુ! એવી વાત જ ક્યાં છે કે અહીં ન થાય? ન થાય એ જીવની અહીં વાત જ લીધી નથી. અહીં તો થાય એવા જીવની વાત લીધેલી છે. ન થાય તેનો પ્રશ્ન જ નથી. તો તો એને કર્મબંધનને યોગ્ય પરમાણુ હોય જ નહિ એને. અહીં તો અજ્ઞાનીની વાત લીધી છે.

અનાદિથી ચાલ્યું આવે છે પોતાના સ્વરૂપનું અભાન અને અભાનમાં જે વિકાર પુણ્ય-પાપના કરી રહ્યો છે એવા જીવની વાત અહીંયાં લીધી છે. એ તો અનાદિથી છે. હવે છે એમાં નથી એમ કેમ? નથી તો દૃષ્ટિ ફરી જશે ત્યારે એની. દૃષ્ટિ ફરી જશે એટલે એને વિકાર પણ છે નહિ અને વિકારનો સ્વામી નથી એટલે નવા કર્મને નિમિત્ત થાય એવું એનામાં છે નહિ. ભારે તકરાર. મૂળ તો પરાધીન સિદ્ધ કરવું હોય. જુઓ! વિકાર કર્યો તો કર્મને આવવું પડ્યું ને. અરે..! પ્રભુ શું કહે છે તું? એ માટે તો આ વાત છે. એ કર્મને થવાને લાયકના કાળે કર્મ થયા છે. ત્યારે આ વિકારી પરિણામને અનુકૂળરૂપે નિમિત્ત કહેવાય છે. જો એનો કાળ નહોતો, નહોતું થવાનું હતું અને થયું, તો તો રાગ એનો કર્તા અને એ કાર્ય એનું થાય છે. એ નાશ કરવા માટે તો આ વાત કરે છે. એમ છે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાય છે કે નહિ? શરાફજી! સમજાય છે કે નહિ? ઝીણું પડે છે આમાં? એય..! નેમિદાસભાઈ!

**'આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો;...'** કેમકે વસ્તુનું સ્વરૂપ એ રીતે છે. પણ **'પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.'** કેમ કે વસ્તુનું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપ એમ છે નહિ. એમ લેવું. સમજાણું? **'આત્માની અને પુદ્‌ગલની-બન્નેની ક્રિયા એક આત્મા જ કરે છે...'** આત્મા પોતાના રાગને કરે, દ્વેષને કરે. એક મુઠ્ઠી મારી કો'કને. લાફો મારે એમ કહે છે ને? તો લાફાની ક્રિયા અને આત્મા રાગની ક્રિયા બે આત્માએ કરી, જૂઠી વાત છે. માલચંદજી! વળી એક પંડિત તો એમ કહેતો હતો કે અરે..! તમે આ.. વિદ્યાર્થીને મારતો હતો. પણ આ તમે મારો છો. તમે ગોમ્મટસાર ભણ્યા નથી. કીધું, કેમ? ગોમ્મટસારમાં કહ્યું છે, ચારિત્રમોહનો ઉદય આવે તો વિકાર થયા વિના રહે નહિ. બહુ સારું ભણ્યા ગોમ્મટસાર. સમજાણું? એની કોરથી વાત આવી હતી, એની કોરથી કાંઈક. હતું ને કોણ? ગુલાબચંદભાઈ હતા? ગુલાબચંદભાઈ હતા. કોણ પંડિત હતો? હશે કો'ક. નથી આવ્યા અહીંયાં અત્યારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સાચી વાત. તમે કહેતા હતા તે દિ'. (સંવત) ૨૦૦૦માં. ખબર છે ને. અહીંથી સાંભળીને ગયેલા. પછી ત્યાં વિદ્યાર્થીને મારતો હતો. એવો ક્રોધમાં .. પંડિતજી! આ શું કરો છો? તમે ગોમ્મટસાર શીખ્યા છો? શીખ્યા વિના વાતું કરો છો. ગોમ્મટસારમાં લખ્યું છે કે ચારિત્રમોહનો ઉદય આવે તો વિકાર કરવો પડે. બહુ સારી વાત શીખ્યા. તમે ગોમ્મટસાર શીખ્યા જ નથી. અરે..! ભગવાન! પણ વિકાર તું કર અને કર્મને માથે નાખ. કાળા કેર આવા અન્યાય તારે ઘરે કેમ આવ્યા? ભણ્યા ને આ પરિણામ આવ્યા તારા? સમજાણું? એ શીખ્યા કહેવાય ત્યારે. ભાઈ! જ્ઞાનની હીણી દશા થાય એ તમે તમારી મેળાએ માનો એમ નહિ. ગોમ્મટસાર શીખો તો તમને ખબર પડે. એ ગોમ્મટસાર શીખ્યા વિના ઓલું બનારસીદાસનું એવું થઈ પડ્યું હતું. ભાઈ! વળી ઈ દાખલો આપે છે.

'કરણી કો રસ મીટ ગયો, ન ભયો આત્મસાદ, ભઈ બનારસકી દશા જૈસે ઊંટ કે પાદ.' ઊંટનો પગ ભાંગી જાય ને પછી જીવે નહિ. બિચારો મરી જાય. બીજો ત્યાં .. ઊંટનો પગનો એવો સ્વભાવ છે. આપણે જોયું હતું ત્યાં, નાગ્નેશમાં. નાગ્નેશમાં જોયું હતું. ઊંટ રસ્તામાં. જુવાન ઊંટ હતો. જુવાન ઊંટ બેઠો હતો ત્યાં. અમે રાણપુરથી નાગ્નેશ જતાં. આપણે નાની ઉંમરમાં એટલે કાંઈ ખબર નહિ. કીધું, આ ઊંટ જુવાન છે ને કેમ પડ્યું? કે એનો પગ ભાંગી ગયો. હવે? પગ આડો હોય ને આમ. પગ ભાંગ્યા પછી ચાલી શકે નહિ. થઈ રહ્યું. મરે છૂટકો. એમ કહે છે ત્યાં કે જુઓ! આ 'કરણીનો રસ મીટ ગયો, ભયો ન આત્મસાર...' શુભ પરિણામ કરવાનો રસ ગયો અને આત્માનો અનુભવ થયો નહિ. 'ભઈ બનારસી કી દશા...' આ તો ઘણા વર્ષ પહેલા... 'ભઈ બનારસીકી દશા જૈસે ઊંટ કે પાદ.' જુઓ! સમજ્યાને? પાદની બીજી ભાષા છે, બીજો અર્થ છે. પણ આ અર્થ લઈએ છીએ. કહો, સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અરે..! ભાઈ! એ ગોમ્મટસાર શીખ્યા પછી એને સમજણ પડી. એમ કહે છે પાછા એને. ઓલા રૂપચંદજી આવ્યા હતા ને. પંડિત રૂપચંદજી. એને અહીં ગોમ્મટસાર... એ તો એને એકાંત થઈ ગયેલું. વિકાર-બિકાર આત્મા કરતો જ નથી. આત્મામાં વિકાર છે જ નહિ. અને આપણે કપડા-બપડા છોડી દીધા, નગ્ન સાધુ થઈ ગયા. કપડા છોડી દીધા. કપડા છોડીને બે-ત્રણ મિત્રો હતા. પછી ઓરડીમાં નગ્ન થઈ ગયા. બસ! થઈ ગયા સાધુ. પણ એમ નગ્ન હોય એ સાધુ ન હોય. બરાબર. જુઓ! આ અમારે કહે છે. .. પ્રમાણે, હોં! (સંવત) ૧૯૯૫ની સાલમાં અહીં હું હતો. ૯૫ની સાલમાં રાજકોટમાં. વાત તો અમારી ત્યાં નિકળે, મુનિ નગ્ન હોય છે. નગ્ન વિના મુનિ હોઈ શકે નહિ. તો નગ્ન એટલે બહારમાં નગ્ન નહિ, અંદરમાં ત્રણ કષાયનો અભાવ થઈ જેને અનુભવ થયો છે. આનંદના જેને ઉભરા આવે છે અંદરથી. ઉભરા સમજો છો? ઉફાન. આનંદના ઉભરા. એની દશા નગ્ન થયા વિના રહે નહિ. પણ એકલા નાગા થઈને ફરે એમાં શું? ઓલા નાગા થઈને ફરતા ઓરડીમાં. આ પણ આવ્યા હતા એક ફેરી. સૂતો હતો હું, આમ આવ્યા સવારમાં. અરે..! આ કોણ નગ્ન? .. હતો. કીધું, આમ નગ્ન સાધુ ન થવાય. એ જાણે કે જુઓ આ કપડા છોડી દીધા. આ દાખલો આનો પોતાનો. કીધું, તમે મોક્ષમાર્ગ(પ્રકાશક) વાંચો. એમ લૂગડા કાઢ્યે સાધુ (ન થવાય).

અમે નગ્નપણું કહીએ છીએ એ તો આત્માના ભાન (થયા છે), જેને પ્રથમ આત્મા નિર્વિકલ્પ અનુભવ થયો છે અને પછી સ્વરૂપમાં સ્થિરતાના આનંદના ઉભરા આવી ગયા છે. જેને વસ્ત્ર લેવાનો વિકલ્પ હોતો નથી. જેને વસ્ત્ર આમ લઉં કે આમ મૂકું એ ભૂમિકામાં એવો રાગ જ હોતો નથી. સમજાય છે કાંઈ? વિજયમૂર્તિજી! એ ભૂમિકામાં વસ્ત્ર લઉં કે મૂકું એવો રાગ એની ભૂમિકામાં હોય જ નહિ. એવી જેની અંતર દશાની રમણતા થઈ છે એને પુદ્ગલની નગ્ન દશા કર્યા વિના થઈ ગઈ છે. ઈચ્છા થઈ માટે કપડું ઉતરે છે એમ નથી એમ કહે છે. ભલે કપડું ઉતરવાની પર્યાયને ઈચ્છા અનુકૂળ છે. છતાં ઈચ્છા થઈ માટે કપડું નીચે ઉતરે છે એમ નથી. વાંધા ભારે. સમજાણું કાંઈ?

પાંચમા ગુણસ્થાનમાં કે ચોથા ગુણસ્થાનમાં વિકલ્પ થાય. ત્યાં આવે ને. એ વિકલ્પ આવ્યો કે નગ્ન (થાઉં). પણ એ નગ્ન દશા થઈ છે એ વિકલ્પ આવ્યો માટે ત્યાં નગ્ન દશા થઈ, વિકલ્પ કર્તા અને નગ્ન જડની અવસ્થા ખુલી થઈ ગયેલી તે કાર્ય, એમ છે નહિ. પણ તે કાળે તેની શરીરની નગ્ન દશા તેને રાગ અનુકૂળ હતો નિમિત્ત. અને એને અનુરૂપ ત્યાં દશા થઈ ગઈ. છતાં એ રાગ તે નગ્ન દશાનો કર્તા નથી અને નગ્ન દશા થવાની દેહમાં હતી માટે અહીં રાગ આવ્યો છે ઉતારવાનો, એમ નથી. આરે..આરે..! ભારે. બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એમ કાંઈ ખેંચીતાણીને માને એ કાંઈ વસ્તુસ્થિતિ નથી. સમજાણું

કાંઈ?

જ્યાં અંતર દશા. આહાહા..! વીતરાગને ઝુલે ઝુલે, એને માટે વસ્ત્ર અને પાત્ર લેવાના વિકલ્પને અવકાશ ક્યાં છે? એ ભૂમિકામાં એ રાગ હોઈ શકે જ નહિ ત્યાં. એથી તે દશા પણ નગ્ન સહજ પરમાણુ ઉપરના કપડા નીકળી જાય. એ કપડા ઉતારે કહેવું એ વ્યવહારના કથન છે. આહાહા..! આવ્યા હતા ને અમારે ચાંદમલજી એક ફેરી. ઉદયપુરમાં હતા ને ચાંદમલજી નહિ? બ્રહ્મચારી. વાત કરતા ઓલી વાત કરે. .. વળી જ્યાં .. ધૂન ચડે બે-ત્રણ દિ'. પણ કથાનુયોગમાં કહ્યું છે, હોં! ભગવાન તીર્થંકરે વસ્ત્રો ઉતાર્યા અને કપડા ઉતાર્યા. ત્યાં તો વાત સાચી લાગે. પણ ક્યાંથી આવ્યું પાછું આ? સમજાણું? કપડાનું ઉતરવું એવું જે જડની પર્યાયનું કાર્ય એ આત્માને ઇચ્છાને આધીન છે? ઇચ્છા અનુકૂળ કર્તા અને એ કપડાના ઉતરવાનું રજકણનું ક્ષેત્રાંતર થઈને નીકળી જવું એવું કાર્ય ઇચ્છાને આધીન છે નહિ. શેઠી! આ તમે બધા એમ ને એમ જીંદગી ગાળી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મેં કીધું સવળું કાંઈક બોલે છે બીજું. એ તો સવળું બોલે એવા છે અમારા મીઠાલાલજી, હોં! હવે તો આવી ગયા કે નહિ? ભાઈ! એમ ભૂલ અનાદિથી થતી આવે છે. એ કાંઈ નવી નથી.

એ જ અહીં કહે છે કે બાપા! તારા કપડા ઉતરવાનો અધિકાર પણ તારો નથી. શું તું કહેવા માગે છો? સમજાણું કાંઈ? આ હાથ ઊંચા થાય ને આમ. મુનિ પાસે જઈને હે પ્રભુ! અધિકાર ભાઈ આવે છે ને ચરણાનુયોગમાં? પ્રવચનસાર. મહારાજ! મને દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો. એમ કહે હોં! ચરણાનુયોગમાં છે. પ્રભુ! દ્રવ્યલિંગ અને ભાવલિંગ (આપો). દ્રવ્યલિંગ નગ્ન દશા, ભાવલિંગ નિર્વિકારી દશા, નિર્વિકારી દશા. સમજાય છે? .. આ વસ્તુ.. આપી એમ કહે છે. ચરણાનુયોગના કથન એવા આવે. કોઈ કોઈના અપાતા હશે. કોઈ કોઈની પર્યાય નિર્વિકલ્પ આને થઈ એને ગુરુએ આપી છે? નગ્નદશા કરી એ આત્માએ કરી છે? ગુરુએ નગ્નદશા કરાવી છે? પણ થઈ છે તેનું જ્ઞાન કરાવવા આ જાતના નિમિત્ત નૈમિત્તિક સંબંધના કથનો આવે છે. આહાહા..! ભારે વાત ઝીણી. સમજાણું કાંઈ?

કહે છે, **'આત્માની અને પુદ્ગલની બંનેની ક્રિયા એક આત્મા જ કરે છે એમ માનનારા મિથ્યાદષ્ટિ છે.'** અસત્યદષ્ટિ છે. સત્યના સ્વીકારનો એને નકાર છે. પરની પર્યાય પરમાં થાય છે એને કારણે. એને આ કહે છે કે મારે કારણે થઈ. સમજાણું કાંઈ? મેં આને આહાર આપ્યા, મેં આને પાણી આપ્યા, એથી આ સુખી થયો. મૂઢ છો કહે છે. મિથ્યાદષ્ટિ છો પાપી. એ પુદ્ગલની પર્યાયની ક્રિયાનો કર્તા પુદ્ગલ છે. જવું-આવવું આમ આહારનું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને તું માને છો કે મારાથી આ ક્રિયા થાય છે, તું રાગનો કર્તા ખરો અજ્ઞાનથી. પણ એ રાગ છે માટે આહાર-પાણી એની પાસે જાય છે, એવી ક્રિયાનો કર્તા રાગ છે નહિ. ભગવાનભાઈ! જુઓ! આવું બધું સાંભળ્યું હતું ત્યાં ભાવનગરમાં? નહોતું સાંભળ્યું?

અરે..! પ્રભુનો માર્ગ, બાપા! એ 'વીરના માર્ગ છે શુરાના કાયરના કામ નથી ત્યાં.' જ્યાં-ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન. અમે આ કર્યા.. અમે આ કર્યા... અમે આ કર્યા. ભાઈ! જગતના પદાર્થો છે એની પરિણતિની ક્રિયા થાય એમાં તું કહે છે કે મેં કર્યું. બાપુ! વસ્તુનો લોપ થઈ જાય છે. વીર પરમાત્મા, સંતો પોતે (કહે છે), જુઓ નીચે.

'**જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી...**' મહાસિદ્ધાંત જયચંદ્રપંડિતે પણ... '**જડ-ચેતનની એક ક્રિયા હોય...**' આત્મા રાગને કરે અને શરીરની અવસ્થાને પણ કરે, આ બોલવાની અવસ્થાને કરે. એમ બે જો હોય '**તો સર્વ દ્રવ્યો પલટી જવાથી...**' પોતાનું રૂપ પર્યાયનું પરમાં નાખે અને પરની પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય અને એ પર્યાય વિનાનું થતાં તું પણ પર્યાય વિનાનો (થઈ જાય). પરને કારણે તારી પર્યાય થાય, તારી પર્યાયને કારણે પરમાં થાય. સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ થઈ જાય-**' ભાષા જુઓ! આમ આખો દૃષ્ટિમાં લોપ થઈ જશે. દૃષ્ટિમાં લોપ થશે. વસ્તુ તો જેમ છે એમ છે. આહાહા..! સમજાણું કાંઈ? સાત તત્ત્વો છે ને સાત તત્ત્વો? તો સાત તત્ત્વ પણ ક્યારે રહેશે? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. હવે અજીવ કર્મ છે. એ અજીવ રહ્યું. હવે એ તત્ત્વને લઈને અહીં વિકાર થાય. તો આસ્રવતત્ત્વ તો અજીવને લઈને થયું. તો બે તત્ત્વ એક થઈ ગયા. બે તત્ત્વની જુદાઈનો લોપ થાય છે એમ કહે છે. અને આસ્રવતત્ત્વ છે માટે અહીં આત્માને ધર્મ થાય, કષાય મંદ છે માટે સંવર થાય. તો સંવર સ્વ આશ્રયે થવાની પર્યાય રાગથી થઈ એટલે સંવરનો નાશ કર્યો, આસ્રવને આસ્રવનું કામ બંધનું છે એનો નાશ થઈ નિર્જરાનું કામ કર્યું. આસ્રવની સત્તાનો નાશ, સંવરની સત્તાનો નાશ, અજીવની સત્તાનો નાશ, અજીવે આનું કામ કર્યું એટલે અજીવ પોતાનું કામ કરતું બંધ થઈ ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિતર કરો (નક્કી) અહીંયાં આપણે ક્યાં... અહીં તો એય..! રાજેન્દ્રજી!

સાત. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સાતની સ્થિતિ આ રીતે છે. નહિતર સાત રહેતા નથી. એકબીજાની ક્રિયા બીજામાં ઘૂસાડવાથી સાત તત્ત્વ રહેતા નથી. સાતનો લોપ થઈ જાય છે. એમ બધાનો લોપ થઈ જાય છે એમ કહેવા માગે છે. આહાહા..! વિજયમૂર્તિજી! .. દુનિયા પાસે આવું મૂકાય? હવે સાંભળને! મૂકે કોણ? મારગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ આવો છે ત્યાં વળી મૂકવું અને બુકવું, ભાષા એવી જ આવે. ભાષા એવી આવે છતાં ભાષાનો કર્તા આત્મા કે દિ' હતો? જુઓ! વિચારીને બોલવું, હોં! સભાને જોઈને બોલવું. બહુ સારી વાત છે. એય..! રાજેન્દ્રજી! સભા જોઈને બોલવું. ભગવાન! શું કહે છે તું? ભાઈ! સભાને જોઈને બોલવું એટલે ભાષાની ક્રિયા આત્મા એનો કર્તા છે નહિ. એ મારગ કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? આહાહા..!

એને ચૈતન્ય અને જડની પર્યાયની સ્વતંત્રતાનો પણ જ્યાં સ્વીકાર નથી, તેને પર્યાય વિનાનું આખું દ્રવ્ય અખંડાનંદ પ્રભુ, જે અવ્યક્ત છે, વ્યક્ત જે પર્યાય છે તેની સ્વતંત્રતાની જ્યાં ખબર નથી, એને અવ્યક્ત ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદનો દૃષ્ટિ અને અનુભવ થાય, (એમ) ત્રણ કાળમાં બની શકે નહિ. એ માટે પહેલી આ વાત કરે છે કે જે પ્રગટ છે, દેખાય છે, થાય છે, એમાં પણ તું ગડબડી કરે છો. અહીંનું ત્યાં અને ત્યાંનું અહીં. તો પછી પર્યાય એક સમયની... ત્રિકાળ ભગવાન સચ્ચિદાનંદ મૂર્તિ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... જેમાં અનંતા પરમાત્મા પડ્યા છે, અરે..! પ્રભુ! એનો સ્વીકાર કઈ રીતે તું કરીશ? સમજાય છે કાંઈ?

જેની પરાશ્રય દૃષ્ટિ છે, મારો વિકાર પરને લઈને અને પરની ક્રિયા મારે લઈને, એવી જેની પરાશ્રય દૃષ્ટિ છે, એને એકલો ચૈતન્ય આનંદઘન સ્વઆશ્રય દૃષ્ટિ છે એવો કરવાનો અવકાશ રહેતો નથી. સમજાણું કાંઈ? તમારે મુંબઈમાં ગુજરાતી બહુ ચાલતું હશે. સમજાણું આમાં? પ્રગટ પર્યાય... જુઓને! એ વાત કરે છે. પ્રગટ પર્યાય, એને અનુકૂળ હોવા છતાં તે પર્યાય તેને કારણે થઈ તે સમયે. આમ જ કેમ થયું? જ્ઞાનાવરણીયના ભાવ કર્યા અશાતનાના તો જ્ઞાનાવરણીયમાં રસ મુખ્ય પડ્યો. એમ તો આવે કે નહિ શાસ્ત્રમાં? ભાઈ! અને બીજા કર્મમાં રસ મંદ પડે.

મુમુક્ષુ :- તત્ત્વાર્થ સૂત્રમાં આવે છે.

ઉત્તર :- આવે ને. બંધાય તો એકસાથે કર્મ બંધાય છે. કર્મ તો એકસાથે બંધાય છે ને સાતેય. એક આયુષ્ય વળી કોઈ વખતે બંધાય. તો અહીંયાં જ્ઞાનાવરણીયની અશાતનાના પરિણામ કર્યા-સમ્યગ્જ્ઞાનના વિરાધનાના, તો જ્ઞાનાવરણીયમાં રસ વધારે પડે. બીજામાં રસ મંદ પડે. સમજાણું? એનું કારણ તો આ પરિણામ ખરા કે નહિ? ભાઈ! એ કાળે એવી જ રીતે રસ પડવાની પરમાણુમાં પોતાને કારણે ઉપાદાનતા હતી. અને આનો ભાવ એને નિમિત્તરૂપે અનુકૂળ હતો. પણ એથી તે કાર્ય તેમાં થયું, આને લઈને થયું એમ ત્રણ કાળ અને ત્રણ લોકમાં વસ્તુની મર્યાદામાં નથી. ભગવાને જોયું નથી, વસ્તુમાં છે નહિ, આગમ ફરમાવતા નથી. .. માનતા નથી, આવી ગયું ને સર્વજ્ઞમાં. સમજાણું કાંઈ? કો'કને કરી દઈએ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કો'કને કરી દઈએ, અમે કરી દઈએ. ધૂળેય કરતો નથી. મૂઢતા છે, સાંભળને!

મુમુક્ષુ :- કેટલી?

ઉત્તર :- પારાવાર મૂઢતા. પારાવાર એટલે દરિયો પારાવારને કહે છે. પંડિતજી! પારાવારને દરિયો કહે છે ને. આપણે પ્રવચનસારમાં આવી ગયું ને. કુંદકુંદાચાર્ય પારાવાર સંસારનો અંત જેને આવી ગયો. એવા ભગવાન કુંદકુંદાચાર્ય. પારાવાર. એમ આત્મા પરદ્રવ્યની ક્રિયા હું કરું, સુખી કરું, દુઃખી કરું, જીવાડું... સમજાય છે? મારી શકું, બચાવું, રક્ષણ કરું...

મુમુક્ષુ :- ધર્મ પમાડું.

ઉત્તર :- ધર્મ પમાડી દઉ બીજાને. બીજાને ઉગારી દઉં, બીજાને જીવાડી દઉં, બીજાને સહાય કરી દઉં, એવી જેની માન્યતા છે તેના પરિણામમાં પારાવાર મિથ્યાત્વના પરિણામનું બંધન છે. માલચંદભાઈ!

મુમુક્ષુ :- ધર્મ કેટલો થાય?

ઉત્તર :- અધર્મ પૂરો થાય. ત્યાં વળી ધર્મ ક્યાંથી આવ્યો?

બાપુ! વીતરાગની વાણી સાંભળવામાં પણ બહુ પાત્રતા જોઈએ. નહિતર તો એને કંટાળો લાગે. અરે..! એમ કહે ત્યાં તો ભગવાનનું ... આવે. ભગવાનનું કીધું ખોટું. વસ્તુમાં એમ ન હોય. ગુરુ કહે ઈ ખોટું, શાસ્ત્ર કહે એ ખોટું. એવું થઈ જાય અંદરથી. સમજાણું કાંઈ? એ વાત એવી છે. કહે છે... શેઠિયા!

**'જડ-ચેતનની એક ક્રિયા હોય તો સર્વ દ્રવ્યો પલટી જવાથી સર્વનો લોપ...'** તારી દૃષ્ટિમાં થાય. આમ. સર્વનો લોપ એટલે હું આત્મા જ નથી સ્વતંત્ર. અને જગતના પદાર્થો મારા જ્ઞાનમાં જેમ છે તેમ જાણવા જોઈએ. એમ મારે જાણવું નથી. ભાઈ! એમ છે અહીં લોપનો અર્થ. હું એક જ્ઞાનસ્વરૂપ છું એમ તારે જાણવું નથી. એનો લોપ થઈ જાય છે અને જગતના તત્ત્વો એને કારણે કામ કરી રહ્યા છે. એને ઠેકાણે, કરી રહ્યા એને એમ મારે જાણવું નથી. હું એને કરું, એનું આ કરે, એમ આવ્યું. એ તો જ્ઞાનનો લોપ થઈને નિગોદનું આરાધન કરે છે. આહાહા..! ..ભાઈ! કલકત્તામાં તો ક્યાંય ન મળે આ વાત.

સર્વજ્ઞ પરમેશ્વરનો અભિપ્રાય આ છે, ભાઈ! પરમેશ્વરનો અભિપ્રાય આ છે. વસ્તુની મર્યાદા એ છે. શાસ્ત્રને એ કહેવું છે. એમાંથી એક વાતને ફેર કરતાં બધો ફેર થઈ જાય. દેવની શ્રદ્ધા રહેતી નથી. સર્વજ્ઞ તો આમ જાણે છે.. જ્યાં જ્યાં થાય એને. તો તું પણ જ્યાં જ્યાં થાય તેને જાણી શકે. આમ છે, અહીં આ કર્યું, અહીં આમ કર્યું. એ .. કેમ .. સમજાણું કાંઈ? એવો મિથ્યાદૃષ્ટિ **'સર્વનો લોપ થઈ જાય-એ મોટો દોષ ઊપજે.'** આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- મોટો એટલે મિથ્યાદર્શન.

ઉત્તર :- મોટોનો અર્થ મિથ્યાત્વ. સત્‌નું અસત્ય કરી નાખ્યું તે.

**'હવે આ જ અર્થના સમર્થનનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**यः परिणमति स कर्ता यः परिणामो भवेत्तु तत्कर्म।**
**या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया।।५१।।**

'**જે પરિણમે છે તે કર્તા છે,...**' આ મહા સિદ્ધાંત. પરમાણુ પરિણમે. એનો એ કર્તા એ પરમાણુ છે. આત્મા રાગપણે પરિણમે તો એનો કર્તા આત્મા છે. સમજાય છે કાંઈ? જે પરિણમે છે, પલટે છે, બદલે છે, બીજા રૂપ રૂપે ધારણ કરે છે તે કર્તા છે. બીજો કોઈ કર્તા નથી. કર્તા પરિણામી દ્રવ્ય. એ હિન્દીમાં એમનું કાવ્ય છે. બનારસીદાસનું. '**જે પરિણમે છે તે કર્તા છે,...**' ત્યાં એમ કહ્યું છે 'કર્તા પરિણામી દ્રવ્ય.' દરેક રજકણનો, દરેક આત્માનો,.. આ શ્લોકનો જ એ શ્લોક છે. 'કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયકી ફેરની, વસ્તુ એક ત્રય નામ.' બનારસીદાસે પણ હિન્દીમાં પણ ઘણો સિદ્ધાંતને ગોઠવ્યો છે. ભાષાની પર્યાયમાં જ એવું આવ્યું છે.

'**જે પરિણમે છે તે કર્તા છે,...**' શું કીધું? આ લાકડી છે ને? જુઓ! ઊંચી થાય છે. તો એ પરિણમે છે એ? કે આંગળી પરિણમે છે ત્યાં? ક્યાં? આંગળી આંગળીમાં પરિણમે છે. એ પરિણમે છે તે પરમાણુ એનો કર્તા છે. આંગળી નહિ, ઇચ્છા નહિ, આત્મા નહિ. એમ આત્મા રાગરૂપે પરિણમે છે, વિકારરૂપે પરિણમે છે, મિથ્યાત્વરૂપે પરિણમે છે એનો કર્તા એ આત્મા છે. કર્મ નહિ. આહાહા..! સ્વતંત્રતા. હજી એને સિદ્ધમાંય સ્વતંત્રતા (બેસતી નથી). પૂર્ણ સદા સ્વતંત્ર એકાંત મિથ્યા છે. ગજબ વાત કરે છે ને! આમાં એણે લખ્યું છે. સ્વતંત્રતામાં આવ્યું છે. ... ધર્માસ્તિ નથી માટે ઉપર જતા નથી માટે પરતંત્ર. ભગવાન! તારે ક્યાં સુધી પરતંત્ર માનવું છે? એ કહે ને. એ પોતાની પ્રસિદ્ધિ કરે છે. આહાહા..! અરે..! પ્રભુ! આવા માર્ગમાં માંડ મનુષ્યપણું મળ્યું, ભાઈ! એમાં લુંટાઈ જાય છે, બાપા! આ કાળ નહિ મળે ફરીને, હોં! એ કરવાના કાળે આ બૂડવાના ભાવને .. આપે. બાપા! ... થઈ જશે. સમજાણું કાંઈ?

કહે છે, એક મહા સિદ્ધાંત. કોઈપણ રજકણ, કોઈપણ આત્મા, કોઈપણ કાળાણુ, ધર્માસ્તિ આદિ, જે પરિણમે, બદલે-બદલે-બદલે તે કર્તા. તો આ શરીર આમ થાય એમાં બદલ્યું કોણ? પરમાણુ બદલ્યા છે. કે આત્મા બદલ્યો એને લઈને? અને રાગમાં પલટવું થયું એ આત્મા પલટન કરે છે કે કર્મ પલટન કરે છે? આહાહા..! સમજાણું કાંઈ?

'**જે પરિણમે છે...**' એટલે કર્તા પરિણામી, પદાર્થ તે પર્યાયનો કર્તા. '**(પરિણમનારના)**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**જે પરિણામ છે...**' બદલનારનું જે પરિણામ એટલે કાર્ય છે, બદલનારની વર્તમાન વ્યાપ્ય જે કાર્ય દશા છે તેને કર્મ કહેવાય છે. આ કર્મ જડ-ફડની અહીં વાત નથી, બધાની વાત છે. એ આત્મા.. સિદ્ધ ભગવાન છે ને? સિદ્ધ ભગવાન. એ પૂર્ણ જ્ઞાનાનંદપણે પરિણમે છે એ પરિણમનનો કર્તા સિદ્ધ ભગવાન છે. અને અનંતજ્ઞાન-દર્શનના પરિણામ તે સિદ્ધનું કર્મ છે. કર્મ એટલે કાર્ય. અહીં તો અજ્ઞાનીની વાત છે. પણ બધામાં આમ છે. સિદ્ધ ભગવાન પરિણમે છે પોતાની અવસ્થાપણે. એ કર્તા. અને તે અવસ્થા ત્યાં રહી છે ઊર્ધ્વ સ્થાનમાં, તે ક્ષેત્રમાં તે સમયની જે અવસ્થા તે તેનું કર્મ છે. ધર્માસ્તિને લઈને એનું કર્મ છે, ધર્માસ્તિ આગળ નથી માટે ત્યાં કર્મ એનું અટક્યું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! ધર્માસ્તિ આગળ નથી એટલે સિદ્ધ જાતા નથી. પહેલા સાંભળ તો ખરો. પરિણમે છે તે કર્તા અને પરિણામીનું પરિણામ તે તેનું કર્મ. હવે ધર્માસ્તિનું પરિણામ અહીં છે? ધર્માસ્તિ નથી માટે આગળ નથી જતા, .. એમ છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છતાં અધર્માસ્તિનું કાર્ય એનામાં રહ્યું. અહીં તો પોતે સ્થિરરૂપી પરિણમન અને જેટલા શાંતિ આદિના પરિણામનું પરિણમન તે તેનું કાર્ય. બસ. સમજાણું કાંઈ? એ અધર્માસ્તિએ એનું કાર્ય કરાવ્યું નથી. ત્યાં સુધી ધર્માસ્તિ, અધર્માસ્તિ .. એમ છે? અરે.. ભગવાન! પહેલી ચર્ચા થઈ હતી. (સંવત) ૨૦૦૧ની સાલમાં. શેઠ આવ્યા ને? (ત્યારે) જીવંધરજીની સાથે અહીં આવ્યા હતા. ધર્માસ્તિકાયનો અભાવ છે માટે આગળ જતા નથી. અરે..! ભગવાન! પણ ક્યાં સુધી સ્થાપવું છે તમારે? શું કરવું છે? માટે નિમિત્તની પ્રધાનતા જગતમાં છે.

એક ફેરી લોહચુંબકનો દાખલો આપ્યો. લોહચુંબક હોય ને લોહચુંબક. લોહચુંબક .જુઓ આ લોહચુંબક. જુઓ! આ સોય હોય તો લોહચુંબક ખેંચે છે. જુઓ! એનું કાર્ય. પછી મૂકી ટોપી. લ્યો, આ મૂકી ટોપી. હવે લોહચુંબક નહિ ખેંચે. અરે..! ભગવાન શું કહે છે? એ લોહચુંબકે જ સોયને ખેંચી છે. માટે લોહચુંબક નિમિત્ત છે એનું કાર્ય ખેંચવાનું છે. તમે કહો કે નિમિત્તથી ત્યાં કાર્ય થતું નથી. એમ નહિ.

અહીં ભગવાન કહે છે કે એ સોય પોતે પોતાના પરિણામની કર્તા છે. અહીંયાં આમ ખેંચાઈને આવી એના પરિણમનની કર્તા સોય છે અને સોયનું અહીં આવવું એ એનું પરિણામરૂપી કર્મ છે. એ લોહચુંબકને લઈને નહિ. મોટી ચર્ચા ચાલી હતી. એય..! .. કેટલા દોકડા? લ્યો. નિમિત્તના કેટલા દોકડા? પચાસ દોકડા નિમિતના અને ઉપાદાનના (પચાસ). ભાઈ હતા નાથુલાલ. એ એમ કહે .. એ બાંધી લેશે. પચાસ દોકડા નિમિત્તના કાર્યમાં અને પચાસ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દોકડા ઉપાદાનના કાર્યમાં. અહીં તો કહે છે, સોએ દોકડા પોતાના પરિણામના કામના છે. (સંવત) ૨૦૦૧ની સાલમાં. પહેલા શેઠ આવ્યા ને જ્યારે. ત્યારે ચર્ચા ચાલતી. ૨૦૦૧ની સાલ. વર્ષ થયા ૨૧. સાડી એકવીસ. ચૈત્રમાં આવ્યા હતા ને. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**(પરિણમનારના) જે પરિણામ છે તે કર્મ છે...**' હવે કર્મનું થવું એ પુદ્ગલનું પરિણામ છે, એ પુદ્ગલનું કાર્ય છે. આત્મા રાગરૂપે પરિણમે તો રાગનો કર્તારૂપ પરિણામી, અને રાગ અને દ્વેષ, દયા આદિના પરિણામ તે તેનું કર્મ નામ કાર્ય. એ કાર્ય નહિ કર્મનું અને કર્મની પર્યાયનું નહિ કાર્ય આ રાગનું. કહો, રામસ્વરૂપજી! એમ છે કે નહિ એમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. નિયમ તો એ જ હોય. નિયમ કાંઈ બીજા ફરે? કોઈપણ પદાર્થને વિષે નિયમ તો સત્ય હોય તે નિયમ રહે. અનિયમ થઈ જાય? આહાહા..!

એક જણો કહે, લ્યો, આ ચશ્માને ચડાવો નહિ જોઈ. આંખે નહિ દેખાય. ખબર નથી પ્રત્યક્ષ? નિમિત્તની પ્રધાનતાથી જ્ઞાન ઘટી જાય છે, લ્યો. ઘણાં ઘણાં પ્રશ્નો આવે. માણસો બિચારાને કાંઈ ખબર નથી તત્ત્વની. અરે..! કોણ કરાવે? સાંભળ તો ખરો. આ પર્યાય અહીંથી અહીં થઈ એ આત્માને લઈને થાય છે? આંગળીને લઈને થાય છે આ? બાપુ! તને તત્ત્વની ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ બોલાવે, કોણ આવે? એને કારણે એ આવે, આને કારણે અહીં થાય. ખબર ન મળે. આહાહા..! આ શરીરને લાવે. શરીરને લાવ્યા કે નહિ? તમે અહીં સાંભળવા આવ્યા. તમે કલકત્તાથી કેમ આવ્યા? શરીરને લઈને આવ્યા છો. ના. અહીં કહે છે કે શરીરના એક એક પરમાણુ પરિણમનાર તેના પરિણામનો કર્તા છે અને તે પરિણામ તે પરમાણુનું કર્મ છે. એ આત્માનું કાર્ય છે નહિ. આરે..! આ વાત.

'**અને જે પરિણતિ છે તે ક્રિયા છે;...**' એ પલટી ને ક્રિયા. અવસ્થા બદલી તે. અવસ્થાથી અવસ્થાંતર થયું. પહેલા આમ લાકડું હતું અને પછી આમ કેમ થયું? પણ એ તો અવસ્થાંતર થયું. એ અવસ્થાંતર થયું તો એ ક્રિયાનો કર્તા એ પરમાણુ છે. '**એ ત્રણેય વસ્તુપણે ભિન્ન નથી.**' એ વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૩, મંગળવાર તા. ૦૧-૧૧-૧૯૬૬**
**શ્લોક-૫૧-૫૨-૫૩, પ્રવચન-૧૭૪**

કર્તાકર્મ અધિકાર છે. કળશ ૫૧મો ચાલે છે ને? શું કહ્યું અહીંયાં? કોઈપણ પદાર્થ આત્મા કે પરમાણુ જે છે એને કર્તા કેમ કહેવો? કે પરિણમે છે તે કર્તા. જે પરિણમે છે તે કર્તા. આત્મા વિકારપણે પરિણમે તો એ આત્મા તેનો કર્તા. કર્મ, પુદ્ગલ કર્મપણે પરિણમે તો પુદ્ગલ તેનો કર્તા. અને પરિણમનારનું જે પરિણામ છે તે કર્મ. બદલનારનું જે કાર્ય-વ્યાપ્ય છે તે તેનું કામ. આત્મા પોતાને ભૂલી... અહીં અજ્ઞાનીની વાત છે ને? રાગ-દ્વેષ, મિથ્યાત્વ, મોહ અને રાગ-દ્વેષ એવા પરિણામ પરિણમનારના પરિણામ છે. પરિણમનાર આત્મા એના એ મોહ અને રાગ-દ્વેષ પરિણામ છે. તો એ આત્માનું કર્મ નામ કાર્ય અને કર્તવ્ય છે. સમજાય છે કાંઈ? અને જે પરિણતિ છે તે ક્રિયા છે. પૂર્વની અવસ્થા પલટીને અવસ્થા નવી થઈ એ ક્રિયા છે.

‘**એ ત્રણેય, વસ્તુપણે ભિન્ન નથી.**’ ત્રણે વસ્તુમાં અભેદથી કહીએ તો ત્રણે એક છે. ભેદદષ્ટિએ કહીએ તો ત્રણ કહેવાય છે પર્યાયથી. પણ એના ને એના ઉપચારથી, વ્યવહારથી કહીએ તો ત્રણ. વસ્તુ કહીએ તો એક. કહો, સમજાય છે કાંઈ? વસ્તુપણે ભિન્ન નથી. ‘કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ, ક્રિયા પર્યાયકી ફેરની, વસ્તુ એક ત્રય નામ.’ કોઈપણ પદાર્થના ત્રણ અંશો ઉપચારથી તેનામાં તેને લાગુ પડે. પણ પરનો કર્તા તો ઉપચારથી પણ ખરેખર લાગુ પડતો નથી. સમજાણું આમાં?

‘**ભાવાર્થ :- દ્રવ્યદષ્ટિએ પરિણામ...**’ વસ્તુ દષ્ટિએ જોઈએ તો આત્માના વિકારી પરિણામ અને પરિણામી અભેદ છે. એમ દરેક દ્રવ્ય. અહીં તો આત્માની વાત છે. આત્મા પોતે દ્રવ્ય-વસ્તુથી જોઈએ તો પરિણામી બદલનાર આત્મા અને બદલીને થાય એવા મોહ અને રાગ-દ્વેષ ભાવ એના પરિણામ. એ બધું એક છે. પ્રદેશભેદ નથી. વસ્તુ બે કે ત્રણ પદાર્થ નથી. વસ્તુથી જોઈએ તો પરિણામ-પરિણામીના બે સત્ત્વ નથી, બે સત્તા નથી, બે હોવાપણે નથી. સત્તા તો એક જ છે. સત્તા... સમજાય છે કાંઈ? હોવાપણે તો એક છે. હોવાપણાનો જે ગુણ છે એ તો એક જ છે. પછી એના બદલવાના પરિણામ હો કે બદલનાર હો, હોવાપણું તો એકનું જ છે. બીજી સત્તા ત્યાં કાંઈ કામ કરતી નથી. સમજાણું કાંઈ?

‘**પર્યાયદષ્ટિએ ભેદ છે.**’ વ્યવહારથી જોઈએ તો ત્રણ ભેદ ઉપચારથી દેખાય. આત્મા કર્તા, પર્યાય બદલે તે ક્રિયા, પરિણામ થયું તે કર્મ. એ તો એકની એક વસ્તુ. પણ ભેદથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોઈએ તો ત્રણ છે. '**ભેદદષ્ટિથી તો કર્તા, કર્મ અને ક્રિયા ત્રણ કહેવામાં આવે છે પણ અહીં અભેદદષ્ટિથી પરમાર્થ કહ્યો છે કે કર્તા, કર્મ અને ક્રિયા-ત્રણેય એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...**' અથવા એક દ્રવ્યની ત્રણ એક ચીજ છે. એમ. કહો, સમજાણું આમાં? '**પ્રદેશભેદરૂપ જુદી વસ્તુઓ નથી.**' એટલે કે આત્મામાં મોહ અને રાગ-દ્વેષ પરિણામ (થાય) એના કાંઈ પ્રદેશો જુદા (નથી). અહીં પ્રદેશ જુદા (નથી), ભાઈ! અહીં સિદ્ધ કરવું છે એ. સંવરના પ્રદેશ જુદા એ બીજી ચીજ છે. અહીં તો હજી પરપદાર્થથી જુદી સત્તાની સિદ્ધતા કરે છે. પહેલા આ ન નક્કી કરે એને વિકારના પરિણામો પર પ્રદેશભેદ છે, વસ્તુના સ્વરૂપમાં નથી એવી એને દષ્ટિ થાય નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક જ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં? કઈ અપેક્ષાએ? અત્યારે તો અહીં વિકારની અપેક્ષાએ વાત છે. પરથી ભિન્ન પડવાની અપેક્ષાએ વાત છે. પોતાની પર્યાયની જ્યારે વાત કરે ત્યારે પર્યાયને ગૌણ કરીને દ્રવ્યનો આશ્રય કરવો એ તો પરમાર્થ દષ્ટિનો વિષય છે. આ તો હજી પરથી ભિન્ન કરવાની વાત છે. શું કહ્યું?

અહીંયાં તો કર્મના ઉદયના પરિણામ તેનો કર્મ કર્તા છે અને તેનું પલટવું તે પુદ્ગલની ક્રિયા અને એના પરિણામ છે. એ સિદ્ધ (કરવું છે). આત્મા પોતાના મોહ-રાગ-દ્વેષના પરિણામનો કર્તા અને એ પરિણામ તેનું કર્મ, બસ! એટલી અહીં વાત છે. અહીં ઓલો જે '**भूदत्थमस्सिदो खलु**' એ વાત નથી અત્યારે. એ અહીં દ્રવ્યદષ્ટિ નથી. અહીં તો દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્યદષ્ટિ એટલે વસ્તુ. વસ્તુના ત્રણ અંશો. અભેદદષ્ટિએ જોઈએ તો ત્રણ એક છે એમ અત્યારે કહેવું છે. ઓલી જે દ્રવ્યદષ્ટિ છે એ બીજી વાત છે. જે સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્યદષ્ટિ, એ તો પર્યાયને નિર્મળ હો કે વિકારી, બેયને ગૌણ કરીને એકલો ચિદાનંદ જ્ઞાયકભાવસ્વરૂપ, તેનો આશ્રય કરવો એથી તેને દ્રવ્યદષ્ટિ વસ્તુની કહેવામાં આવે. એ બીજી વાત છે. અહીં દ્રવ્ય એટલે પરદ્રવ્યથી જુદો એવી દ્રવ્યદષ્ટિ. સમજાણું કાંઈ?

'**ત્રણે એક દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે,...**' એ અહીં સિદ્ધ કરવી છે. પ્રત્યેક અનેક અનેકપણે રહે છે, અનેક એકપણે કોઈ થતાં નથી એટલું સિદ્ધ કરીને પરથી પૃથક્પણું સિદ્ધ કરે છે. કહો, સમજાણું કાંઈ?

'**ફરી પણ કહે છે કે :-**' બીજો શ્લોક જુઓ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**एकः परिणमति सदा परिणामो जायते सदैकस्य।**
**एकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः।।५२।।**

ભાષા જુઓ! મૂળ પાઠ છે, જુઓ! અમૃતચંદ્રાચાર્ય. '**વસ્તુ એક જ સદા પરિણમે છે,...**' આત્મા પોતાના વિકારી કે અવિકારી પરિણામપણે વસ્તુ પોતે પરિણમે છે. સમજાણું કાંઈ? '**વસ્તુ એક જ...**' એમ છે. '**સદા પરિણમે છે,...**' રજકણ એક પોઈન્ટ, એક રજકણ, રજકણ સદા પોતાથી પરિણમે છે. સમજાણું કાંઈ? આહાહા..! અનંતને અનંત કહેશે આગળ. અનેકરૂપ થવા છતાં એક જ વસ્તુ. વસ્તુ અનેક થઈ જતી નથી. એક વસ્તુ પરિણમતા એક વસ્તુ સત્તા છોડીને અનેક સત્તા થતી નથી. વસ્તુ એટલે ભગવાન આત્મા કે રજકણ પરમાણુનો એક જ સદા પરિણમે છે. સદા પરિણમે છે. ત્રણે કાળ વસ્તુ પોતે સદા એક જ પરિણમન કરે છે. પરિણમે છે એટલે બદલે છે. સમજાણું આમાં? બીજી ચીજને લઈને બદલે છે કે બીજી ચીજને બદલાવે છે, એ વસ્તુમાં છે નહિ. કેટલું સ્પષ્ટ! છતાં ગડબડી એટલી બધી ચાલે છે. સમજાણું કાંઈ? વસ્તુ આત્મા કે એક એક રજકણ એક જ સદા પરિણમે છે. પરિણમનારમાં વસ્તુ બે થઈને, બે ભેગા થઈને નહિ, વસ્તુ એક જ પરિણમે છે. રાગ-દ્વેષ મોહરૂપે થાવ કે વીતરાગ પર્યાયપણે થાવ, વસ્તુ તો એક જ પોતે પોતાથી સદા થઈ રહી છે. ... શું કરવું? વિકાર કર્મથી થાય છે ને? ક્યાં નાખવું? સમજાય છે કાંઈ?

'**એકના જ સદા પરિણામ થાય છે...**' પહેલી વસ્તુ કીધી. વસ્તુ આત્મા એક જ સદા પરિણમે છે. એકપણે, એકલો, એક થઈને, એક રહીને પરિણમે છે. બીજો બેકલો થઈને, બીજાનો સાથ લઈને પરિણમે છે એમ નથી. આહાહા..! મોહ, રાગ-દ્વેષપણે પરિણમો કે મોક્ષમાર્ગપણે થાવ કે સિદ્ધપણે થાવ પણ આત્મા એક જ સદા પરિણમે છે. એમાં બીજા દ્રવ્યનો સહારો, સાથ છે નહિ, એમ કહે છે. અસ્તિથી અહીં વાત કરે છે. બીજું નથી એનો અર્થ આવી જાય. '**એકના જ સદા પરિણામ થાય છે...**' ભગવાન આત્માના એકના જ મોહ-રાગ-દ્વેષ આદિ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ પરિણામ થાય છે. એકના પરિણામ થાય છે. એ સદા પરિણામ થાય છે. પરમાણુ છે એક એક પોઈન્ટ. એક એક પરમાણુ સદા એક જ સદાપણે, પોતાપણે પરિણમે છે અને એકના જ સદા પરિણામ, એક રજકણના પરિણામ સદા એકના જ થાય છે. બીજા રજકણને લઈને અહીં થાય છે, આ પરિણામને લઈને બીજામાં થાય છે એમ વસ્તુમાં છે નહિ. ભારે વળી સિદ્ધાંત. સમજાણું?

'**(અર્થાત્ એક અવસ્થાથી અન્ય અવસ્થા એકની જ થાય છે)...**' વસ્તુ આત્મા હો કે પરમાણુ હો, બદલતા એક વસ્તુની એક અવસ્થાથી અનેરી અવસ્થા થવી એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુની થાય છે. કાંઈ બીજી વસ્તુ એમાં ભળીને થાય છે એમ છે નહિ. સમજાણું કે નહિ? **'અને એકની જ પરિણતિ-ક્રિયા થાય છે;...'** આત્મા હો કે પરમાણુ હો કે ધર્માસ્તિ હો. સમજાય છે? એકની જ પરિણતિ... **'એકની જ પરિણતિ-ક્રિયા થાય છે;...'** એક પરમાણુ, એક સમયમાં ચૌદ બ્રહ્માંડ વિંધીને ચાલ્યો જાય, તો કહે છે, એ પરમાણુની એકની જ પરિણતિ તે પહેલી અહીં સ્થિર હતી અને આમ ગતિ થઈ. એ એકની જ ક્રિયા પોતાથી થાય છે. બીજી કોઈ ચીજની અંદરમાં મદદ અને સહાય છે નહિ.

નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે. કહો, સમજાણું આમાં? આત્મા સ્વર્ગમાં જાય તે કાળે રસ્તામાં પણ સદા પોતાની પરિણતિની ક્રિયાને જ એ આત્મા કરે છે. એ કર્મની ક્રિયા આને કરીને ખેંચી જાય છે સ્વર્ગમાં, એમ નથી. કહો, સમજાણું આમાં? શું કહ્યું? આ દુનિયાથી તો બહુ વિરૂદ્ધ છે ભાઈ આખું.

એક પોઈન્ટ જે છે આ રજકણ, આ તો ઘણા પોઈન્ટ રજકણનો આ પિંડ છે, એનો પોઈન્ટ એક રજકણ છે. સર્વજ્ઞ પરમેશ્વર ભગવાને અનેક તત્ત્વો અનેકરૂપે પૃથક્પણે પરિણમતા જોયા. એમ એ ભગવાન ફરમાવે છે કે એક જ અવસ્થારૂપે એકની જ પરિણતિ ક્રિયા (થાય છે). દરેક રજકણ અવસ્થારૂપે બદલે, એકની જ ક્રિયા થાય છે. બીજો રજકણ જોડે થાય છે માટે અહીં ક્રિયા થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ હોવા છતાં તેને ભૂલે તો પ્રથમ અવસ્થા હોય વિકારની એથી બીજી અવસ્થા થાય એ અવસ્થાનો કરનાર પરિણતિનો ક્રિયા કરનાર આત્મા છે. આહાહા..! પહેલી જે અવસ્થા વિકારની હતી અને બીજે સમયે બીજી વિકારની થઈ. ભાઈ! આ ક્રિયામાં આમ લેવું જરી. એકની જ પરિણતિ ક્રિયા થાય. આત્મા પહેલે સમયે કોઈ તીવ્ર રાગરૂપ હો અને બીજે સમયે મંદ રાગરૂપ પરિણમે તો એકની જ ક્રિયા છે. પૂર્વની પર્યાયને કારણે નહિ, કર્મને કારણે નહિ. એ ક્રિયા જ એકની સ્વતંત્ર રાગરૂપે થવું, મોહરૂપે થવું એ ક્રિયા એક જ આત્માની સ્વતંત્ર થાય છે. પરને લઈને નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- (નિમિત્ત) ક્યાંય ન આવ્યું.

ઉત્તર :- નિમિત્ત ક્યાં નથી? કયે કાળે સમય પર્યાય નથી અને કયે કાળે નિમિત્ત (નથી)? અહીં નિમિત્તની વાત છે જ નહિ. સમજાણું કાંઈ?

જુઓ! આ લાકડી છે ને? આ લાકડી છે એ જગતનું તત્ત્વ છે. અનંતા રજકણનો સમૂહરૂપે સ્કંધ છે આ પિંડ. હવે આ જે લાકડી છે, કહે છે કે આમ છે અને આમ થાય છે. એ ક્રિયા એકલું દ્રવ્ય પોતે પોતાથી કરે છે. આ આંગળીને લઈને નહિ, એને તો કર્મ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બર્મ છે નહિ. સમજાણું કાંઈ? એ એકની જ ક્રિયા છે. રજકણોના સ્કંધની આમ ઊંચી-નીચી થવી એ રજકણોની ક્રિયા સ્વતંત્ર પોતાનું પલટન કરીને ક્રિયા કરે છે. બીજો એમ કહે કે એને મેં આમ કર્યું, કહે છે કે તારી ભ્રમદશા, અજ્ઞાનદશા, મૂઢદશા છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું ને શું કહ્યું? એકની જ પરિણતિ ક્રિયા થાય છે. અરે..! આ જગતથી ઊંધી (વાત). હાથમાં બંદુક લીધી ને બંદુક? કહે છે કે એ બંદુક નીચે હતી અને આમ ઊંચી થઈ, એની ક્રિયા બંદુકના સ્કંધે સ્વતંત્ર એકે કરી છે. જોડે માણસનો હાથ અડ્યો માટે એમ થઈ છે એમ નથી.

મુમુક્ષુ :- કે દિ'ની વાત છે આ?

ઉત્તર :- કે દિ'ની? અત્યારની. એય..! વકીલ! શું છે? વકીલને ઈચ્છા થઈ, ઈચ્છા-ઈચ્છા. એ ઈચ્છાની ક્રિયાની પરિણતિ પહેલી બીજી ઈચ્છા હતી અને બીજી (થઈ) એની ક્રિયાનો કર્તા એ આત્મા છે. એ ઈચ્છાને લઈને વાણી નીકળી એમ નથી. વાણીના રજકણોનું હોવાપણું ભિન્ન છે. એથી પહેલી વાણીની અવસ્થામાં-પુદ્‌ગલમાં શબ્દ વર્ગણારૂપ અવસ્થા હતી એની બદલીને ભાષા વર્ગણા પર્યાય થઈ એનો પરિણમનાર એ પરમાણુઓ છે. આત્મા નહિ. આત્મા ભાષાનો કર્તા ત્રણ કાળમાં છે નહિ. ભારે વાત!

વાંધા આવ્યા ઓલા, શેના? એય..! શું કીધું આ મોટરમાં નાખે એ? પેટ્રોલ. એ પેટ્રોલનું વ્યાખ્યાન આવ્યું હતું ને પહેલું? વસ્તુ વિજ્ઞાનસારમાં આવ્યું હતું. પેટ્રોલથી મોટર ચાલતી નથી. એમ ચર્ચા થઈ, મોટી ચર્ચા થઈ હતી. પેટ્રોલથી મોટર ચાલતી નથી. કેમ? મોટરનો એક એક પોઈન્ટ રજકણ જે છે એ પોતાની પૂર્વ અવસ્થાને બદલીને ક્રિયારૂપ પરિણતિ રૂપે એ પરમાણુ પોતે કરે છે. ક્ષેત્રાંતર થવું એની ક્રિયાનો કર્તા એક એક રજકણ પોઈન્ટ છે. બીજો રજકણ નહિ. અને એનો ત્યાં એ શું કીધું એ? પેટ્રોલ. પેટ્રોલ-ફેટ્રોલ નહિ.

મુમુક્ષુ :- ટાંકીમાં છે ને.

ઉત્તર :- ટાંકીમાં પણ નથી, રજકણ રજકણમાં છે. ..ભાઈ! આ વકીલાતમાં પણ આવું નહિ હોય. ગપ્પા માર્યા હશે કેટલાય. એ કહે, ના ન પડાય. ગપ્પા માર્યા હોય.

અહીં તો કહે છે, બાપુ! ભાઈ! શાંત થા, ધીરો થા. જગતના અનંત તત્ત્વ છે એ એક સત્તા પલટીને બીજી સત્તામાં જાય તો બીજાની ક્રિયા અને તેના પરિણામને કરે, પણ પોતાની સત્તા છોડીને એક સત્ત્વ, પોતાનું હોવાપણું છોડીને બીજાના હોવાપણે જો થાય અથવા એક ફિટીને અનેક થાય તો બીજાના પરિણામની ક્રિયા કે પરિણતિની ક્રિયા આ કરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એમ તો કોઈ દિ' બનતું નથી. સમજાણું કાંઈ? .. શું છે આ? મુંબઈમાં આ હતું?

અરે..! ભાઈ! તને ખબર નથી, બાપુ! સત્ય છે એ સત્ છે, એ સત્ છે. રજકણ પણ સત્ છે. આત્મા પણ સત્ છે. સત્‌નું સત્ત્વ તે સત્ય છે. અને તે સત્ પોતાના બદલવાના પરિણામને કે બદલતી ક્રિયાને કરનારું તે દ્રવ્ય છે. એનું નામ સત્ છે. બીજું સત્ એને કાંઈ કરે તો એ સત્ બીજા સત્‌રૂપે થાય તો થાય એમ કોઈ દિ' બનતું નથી. ભારે જગતથી ઊંધું ભાઈ! સમજાણું કાંઈ? લ્યો, આ બધા .. કરે ત્યાં ઓલા માસ્તર કહે આમ કરો... આમ કરો... આમ કરો... ... સમજાણું? કેમ શેઠી ન આવ્યા? કહો, સમજાણું આમાં?

ભાઈ! ભગવાનને કહે કે ભગવાન આમ કહે છે. પેટ્રોલનો એક એક રજકણ, એક એક પોઈન્ટ... પેટ્રોલ તો બહુ સ્થુળ ચીજ છે. સમજાણું? કંકુ હોય ને કંકુ નહિ? કંકુ નથી? કંકુ લાલ. પાતળું હોય છે ને ઝીણું. એકદમ ઝીણું પાતળું. હવે એક કંકુ અહીં પડ્યું હોય. એમાંથી એક સોય, સોય નહિ પણ સળી-સળી. સળી છે ને સળી? પાતળી સળી. આમ અડાડીને લઈ લે. પછી દસ શેર પાણીમાં નાખે. લાલ થાય, એ બીજું મારે કહેવું છે હજી. એના ભાગ પડી ગયા. સ્કંધના રજકણ ભિન્ન-ભિન્ન પડી ગયા. એમાં પણ એક સળી પાછી પાણીમાંથી લે તો પણ એમાં અનંતા રજકણના સ્કંધ એમાં આવ્યા છે. કંકુ સમજો છો ને કંકુ? દસ શેર પાણી. એમાંથી એક સળી ઉપાડી. તો એમાં પણ ભિન્ન ભિન્ન અનંત રજકણોનો સ્કંધ આવ્યો છે. હવે એ રજકણ સ્કંધને પણ ભિન્ન કરી નાખો. ઘણા પાણીમાં નાખો તો ભિન્ન ભિન્ન થઈને એક એક રજકણ ભલે એના ખ્યાલમાં ન આવે અને છૂટો ભલે ન પડે, પણ ઘણું સૂક્ષ્મપણું એમાં થઈ જાય. એનાથી પણ જ્ઞાન દ્વારા એમ નિર્ણય કરવો કે એમાં પણ જ્યાં સુધી બે ભાગ પડે ત્યાં સુધી એનો પરમાણુ જુદો છે. પછી એના બે ભાગ ન પડે એવો જે પોઈન્ટ એક રહે એને ભગવાન પરમાણુ કહે છે.

એ પરમાણુની બદલવાની ક્રિયા તે પરમાણુ દ્રવ્ય કરે છે. બીજા જોડે રહેલા પરમાણુને લઈને પલટે છે એમ છે નહિ. એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? ભારે વાત જગતને. આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે. સર્વજ્ઞના ઘરનું વિજ્ઞાન છે. આ વિજ્ઞાન સમજ્યા વિના એને કોઈ દિ' શાંતિ મળે એવી નથી. જ્યાં-ત્યાં હું કરું અને હું કરું અને મેં કર્યા અને આ કર્યા. એણે મને કરાવ્યું અને મેં આને કર્યું. સત્‌નું સ્વરૂપ એમ નથી અને એમ માને તેની દૃષ્ટિ અસત્ય છે. અસત્ય છે એટલે પાપદૃષ્ટિ છે. અસત્ય છે એટલે એનું નામ દુઃખદૃષ્ટિ છે. એવી દૃષ્ટિથી એને દુઃખ થાય છે પણ એની એને ખબર નથી. સમજાણું કાંઈ? એક તત્ત્વ બીજા તત્ત્વનું કરે, પલટાવે એવું માને એની માન્યતા અસત્ય છે. અસત્ય છે તેથી દુઃખરૂપ છે. એ દુઃખરૂપ છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહાહા..! જુઓને,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલું કેટલું!

**ભાવાર્થ :- 'એક વસ્તુના અનેક પર્યાયો થાય છે;...'** એક રજકણ હો કે એક ભગવાન આત્મા (હો), તેના અનેક પર્યાયો નામ અવસ્થાઓ નામ રૂપાંતર દશાઓ થાય છે. '**તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા,...**' અવસ્થાનું નામ અવસ્થા, દ્રવ્યનું નામ દ્રવ્ય એમ '**સંજ્ઞા, સંખ્યા,...**' અવસ્થા અનેક દ્રવ્યો. '**લક્ષણ,...**' અવસ્થાનું લક્ષણ એક સમય રહેવું, ત્રિકાળ વગેરે. '**પ્રયોજનાદિકથી જુદા જુદા પ્રતિભાસે છે...**' શું કહે છે? એક આત્મા અને એના રાગ-દ્વેષના પરિણામ. તો પરિણામને રાગ-દ્વેષના પરિણામને પરિણામ કહેવું, આત્માને દ્રવ્ય કહેવું એવા નામભેદ પડે, સંજ્ઞાભેદ પડે. સમજાય છે? લક્ષણભેદ પડે, સંખ્યાભેદ પડે. પરિણામ અનેક, પરિણામી એક. એમ પડવા છતાં '**એક વસ્તુ જ છે,...**' વસ્તુ જુદી નથી. સમજાણું કાંઈ?

આ આંગળી છે. જુઓ! આ આંગળી. એની ભિન્ન ભિન્ન અવસ્થાઓ થાય. અવસ્થા આમ થાય... આમ થાય... આમ થાય. એ અનેક અવસ્થા થવા છતાં અને એ અવસ્થાનું નામ અવસ્થા, પરમાણુનું નામ દ્રવ્ય, એમ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન તે નામભેદ, સંજ્ઞાભેદ હોવા છતાં એ રજકણ અને તેની અવસ્થા એક સ્વરૂપે છે. બીજાને કારણે અવસ્થા છે કે બીજાને કારણે સત્ રહ્યું છે એમ છે નહિ. આત્માને કારણે આમ આંગળી ચાલે છે એમ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- જીવતો જીવ રહે તો...

ઉત્તર :- જીવતો જીવ એના ઘરમાં રહ્યો. અહીં ક્યાં ગરી ગયો છે આમાં? પેલા વળી એમ કહે છે, 'જીવતા જીવથી ધર્મની ક્રિયા થાય.' અરે..! ભગવાન! જીવતા શરીર, જીવીત શરીરથી થાય. આહાહા..! ભાઈ! આ શરીરનો પોઈન્ટ એક એક પરમાણુ છે એ પરમાણુની ક્રિયા ભલે એનું નામ પાડો ક્રિયા પર્યાય, પરિણામ, દ્રવ્ય. પણ એક એક પોઈન્ટના એવા નામ હોવા છતાં તે તે વસ્તુ તેની સત્તાના એક ભાગથી બે સત્તા થઈ નથી. અને બીજાને લઈને થઈ નથી. આત્માને લઈને આંગળી ચાલે એ વાત ત્રણ કાળમાં સાચી નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- નિશ્ચયનય કહ્યો.

ઉત્તર :- વળી વ્યવહાર ક્યો હતો? એય..! વકીલ! અનેકાંત-એક પોતાથી થાય છે અને પરથી થતું નથી. એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ભાષા આત્મા બોલે નહિ. એની ભાષાની પર્યાયના પરિણમનમાં એને બીજા કર્મનો ઉદય આને આવ્યો ભાષાનો માટે ભાષાની પર્યાય પરિણમે એમ નથી એમ કહે છે અહીં તો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- નામકર્મ...

ઉત્તર :- નામકર્મ એને ઘરે રહ્યું. નામકર્મ પણ ઘણા રજકણના પિંડની એક અવસ્થાનું નામકર્મ છે. એમાં કર્મનો એક એક પોઈન્ટ કર્મપણે પરિણમ્યો છે એ પોતાની પરિણતિની ક્રિયા પૂર્વથી બદલીને, વર્ગણા રૂપે હતી તેને પરિણમીને કર્મરૂપ પર્યાય થઈ. એક એક પરમાણુ પોતાની ક્રિયામાં પરિણામરૂપે પરિણમેલો સ્વતંત્ર છે. બીજા પરમાણુને લઈને નહિ, આત્માના રાગને લઈને નહિ. ભારે વાતું! કહો, સમજાણું આમાં?

કર્મ જેને જ્ઞાનાવરણીય કહીએ, એ જ્ઞાનાવરણીયના અનંતા સ્કંધ રજકણના પિંડ છે. અસ્તિ જગતમાં જેમ દેખાય છે ને આ વસ્તુ? અંદર રૂપી સૂક્ષ્મ રજકણનો પિંડ છે. એ માંહ્યલા એક એક રજકણ જ્ઞાનાવરણીય અને જ્ઞાનના આવરણરૂપે પરિણમેલો છે. એક એક પરમાણુ પોઈન્ટ સ્કંધમાં ભિન્ન ભિન્ન પરિણમેલો છે. સમજાણું કાંઈ? જ્ઞાન હિણું આત્મા પોતાની પરિણતિની ક્રિયાથી કરે એ પરિણતિનો કર્તા આત્મા. પરમાણુમાં એ આમાં નિમિત્ત થવું છે એવી જે અવસ્થા એનામાં છે, એ અવસ્થાની ક્રિયાનો કરનારો એ પરમાણુ. એ અવસ્થાની ક્રિયાનો કરનાર આ રાગ નહિ અને રાગની ક્રિયાનો કરનારો કર્મના પરમાણુનો પર્યાય નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એક એક પોઈન્ટ અને એક એક દ્રવ્ય સ્વતંત્ર-સ્વતંત્ર, તે-તે સમયના પોતાની ક્રિયાના પરિણામને કરે. એ એક ફીટીને બે કોઈ દિ' થતો નથી માટે બીજાનું કામ કરે નહિ. એમ સિદ્ધ કરવું છે. આહાહા..! આ તો જ્યાં-ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન. અમે આનું કર્યું... અમે આનું કર્યું... અમે આ દેશનું કરીએ. લ્યો, દેશ માટે મરો. આના માટે કરો... આના માટે કરો...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો પોતાના માટે કહે છે. મરવાનું નહોતું કહ્યું ત્યાં. કે કદાચિત દેહ છૂટવાનો પ્રસંગ પણ પ્રતિકૂળતાનો આવે તોપણ સ્વરૂપની દૃષ્ટિના અનુભવ કરવામાં ખસીશ નહિ. એમ. સમજાણું કાંઈ? આ દુનિયા તો ગાંડા જ કહે, હોં! એક ફેરી પેલા કહેતા હતા. આ સોનગઢવાળાને મૂકો ગાંડાની હોસ્પિટલમાં. સાંભળ તો ખરો, એકવાર આવ તો ખરો તને ખબર પડે. તું પાગલ છો કે આ પાગલ છે?

એક ફેરી બન્યું હતું, નહિ? (સંવત) ૧૯૮૭ની સાલ. ઓલા વનેચંદ. વનેચંદ મોદી હતા એક. પોરબંદરમાં જજ હતા, જજ. આ મંગુબેનના.. મંગુબેન છે કે નહિ? મંગુબેન છે કે નહિ અહીં? એના બાપ હતા. નોકરી હતી મોટી. આ મહારાજ કહે છે બધું હંબક લાગે છે. સાચી વાત. આવો તો ખરા, આવો તો ખરા. પંદર દિ' આવો તો ખરા અમારી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાસે. તમે ત્યાં કોર્ટમાં ધમાલ રચાવો ને આમ છે ને તેમ છે ને ઢીંકણા છે. આવો અમારી પાસે પંદર દિ'. એ તો ઓલા જજ હતા હોં ત્યાં. છે ને એમના દીકરા ત્યાં મોહનલાલ ડોક્ટર મોટા. મુંબઈમાં .. મોદી. આખા મુંબઈ .. ત્યાં આઠ દિ'. અહીં આવી ગયા છે એક ફેરી. ત્યાં પણ વ્યાખ્યાનમાં આવતા. એ કહે, મહારાજ! આ બધી વાતું તમે કરો છો. સુધરેલ માણસ. એના બૈરાને પ્રેમ હતો, હોં! લૌકિક સંપ્રદાય તરીકે. પંદર દિ' સાંભળો. પછી તમારું હંબક છે કે અમારું હંબક છે તમને સિદ્ધ કરી દઈએ. સાંભળવા આવ્યા. અરે..! બાપુ! આ તો અમારું હંબક નીકળ્યું કહે. તમે એમ ને એમ અદ્ધર (હાંકે રાખો).

મુમુક્ષુ :- નરમ માણસ.

ઉત્તર :- નરમ માણસ. નરમ માણસ. એને વહુને બહુ પ્રેમ હતો. સંપ્રદાયની દૃષ્ટિએ સામાયિક, પોષા ... આ મંગુબેનની બાને બહુ. આ જરીક સુધરેલ. દ્રવ્ય એટલે શું કહેવું? આ ભણ્યા હોય એમ.એ. ને એલ.એલ.બી. પૂંછડા વળગ્યા એટલે જાણે સુધરેલ થઈ ગયા. સમજ્યાને? અમે જાણે બુદ્ધિવાળા અને આ બધા ધર્મની વાતું કરે એ બધા છે બધા. સાંભળો પછી કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવા જુવાળ ચડે છે ને. એવો જુવાળ-જુવાળ. ભૂત વળગે છે એને. આ તો બિચારા પછી નરમ માણસ હોં. સાચી વાત, મહારાજ!

બાપુ! આત્મા જુદી ચીજ છે, કર્મ જુદી ચીજ છે. જગતની ચીજો જુદી છે. એને તમે સમજ્યા વિના એમ ને એમ અમે આમ કરીએ ને અમે આમ કરીએ અને અમે આમ કોર્ટમાં ચુકાદા આપીએ છીએ. તું આપે છો ચુકાદો? આપ્યા. એય..! વકીલ!

મુમુક્ષુ :- એને ક્યાં...

ઉત્તર :- એ પણ કરે છે ને? પૈસા લે છે ઓલાના આમ કરે ને તેમ કરે. કંઈક મારે છે ગપ્પા એ પણ. કહો, સમજાણું આમાં?

કહે છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોકનું પ્રત્યક્ષ જ્ઞાન હતું. એ જ્ઞાનમાં ભગવાને અનંત પદાર્થ અનંતપણે પૃથક્ પૃથક્ દેખ્યા. એને અહીં ભગવાન ફરમાવે છે કે એ પૃથક્ પૃથક્ જે પદાર્થ છે એ તેની અનંત સંખ્યામાં રહીને, તેની પરિણતિના પરિણામનો પરિણમનાવનાર તે એક એક દ્રવ્ય છે. સમજાણું કાંઈ? કહો, રામસ્વરૂપજી! પેલાને લાગે, આ સોનગઢવાળા.. પણ ભગવાન! સાંભળને. આ સોનગઢનું નથી, આ તો ભગવાનના ઘરનું છે. આ તો સોનગઢથી આવ્યું ને. અત્યાર સુધી આવું નહોતું. અત્યાર સુધી નહોતું પણ શું છે એ તો નક્કી કર. ઓલા તો લાકડા ખોસે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આનાથી આ થયું અને આનાથી આ થયું. અહીં ભગવાન ના પાડે છે. સંત કહે છે. સમજાણું કાંઈ?

એક વસ્તુ આત્મા હો, કે પરમાણુ વસ્તુ છે ને? ભગવાન આત્મા પદાર્થ છે ને? અનંત-અનંત શક્તિનો પિંડ પ્રભુ છે આત્મા. તો એક વસ્તુ અને પરમાણુ પોઈન્ટ પણ એક વસ્તુ છે. એની અનેક દશાઓ થાઓ, અવસ્થાઓ થાઓ, રૂપાંતર થાઓ. '**તેમને પરિણામ પણ કહેવાય છે...**' પર્યાયને તેને પરિણામ પણ પરિણામ. સમસ્ત પ્રકારે નમ્યો છે પરિણામમાં. પરિણામ. આખું દ્રવ્ય પર્યાયરૂપે પરિણમ્યું છે.

'**અને અવસ્થા...**' અવસ્થા. એ અવસ્થાયીની એક દશા છે. આત્મા કે પરમાણુ અવસ્થાયી-કાયમ રહેનાર. એની વર્તમાન દશાને અવસ્થા કહેવામાં આવે છે. એવો સંજ્ઞા લક્ષણે આ ભેદ હોવા છતાં... સમજાય છે? વસ્તુ એક જ છે. એ પર્યાય, એ પરિણામ અને વસ્તુમાં કાંઈ ત્રણ સત્તા નથી. ત્રણ સત્તા નથી, ત્રણ હોવાપણે નથી. ભેદના કથનથી એના ત્રણ પ્રકાર કહેવામાં આવે છે. '**એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.**' વસ્તુ તરીકે અભેદ, નામ તરીકે, સંજ્ઞા તરીકે ભેદ એવી જ વસ્તુની સ્વતઃ, સ્વતઃ સ્થિતિની એની મર્યાદા છે. કોઈ ભગવાને પણ કાંઈ કરેલી નથી.

'**વળી કહે છે :-**' ૫૩.

**नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत।**
**उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा।।५३।।**

આ વજન છે અહીંયાં. અહીં વજન છે. '**स्याद्यदनेकमनेकमेव**' સમજાય છે? અનેક તે અનેકરૂપે જ રહે છે. આહાહા..! સિદ્ધાંત અહીં મહાસિદ્ધાંત છે એ.

'**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' આત્માના રાગ પરિણામ અને આ હાથનું આમ થવું, એ બે દ્રવ્યો એક થઈને પરિણમતા નથી. રજકણ અને આત્મા એક થઈને રાગરૂપ થતા નથી. આત્મામાં રાગરૂપ, મોહરૂપ થવું, બે દ્રવ્યો એક થઈને થતાં નથી. કર્મ અને આત્મા બે ભેગા થઈને રાગરૂપે થાય, મોહરૂપે થાય એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કારણ વિના કાર્ય ન થાય.

ઉત્તર :- એ કારણ એ તો નિમિત્તનો એક ઉપચાર કારણ છે. વાસ્તવિક એક જ કારણ છે. સમજાણું કાંઈ?

'**બે દ્રવ્યો...**' આત્મા અને કર્મ. બે આત્મા, એક રજકણ અને બીજું રજકણ. એવા બે દ્રવ્યો મળીને '**એક થઈને પરિણમતાં નથી,...**' કેમ કે એક સત્તા બીજી સત્તારૂપે થાય તો બે દ્રવ્ય ભેગા થાય. એમ તો થતું નથી. બહુ ટૂંકા સિદ્ધાંતો છે પણ બધા અનંત પદાર્થને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભેદ કરીને બતાવનારા છે. આહાહા..! **'બે દ્રવ્યો...'** એટલે આત્મા અને કર્મ **'એક થઈને પરિણમતાં નથી,...'** આત્મા અને કર્મ બે ભેગા થઈને રાગ અને મોહ-દ્વેષપણે થતાં નથી. અને આત્મા ને કર્મ ભેગા થઈને કર્મની પર્યાયરૂપે થતાં નથી. સમજાય છે કાંઈ?

**'બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...'** અહીં તો પરિણમતાં નથી એમ પહેલું સિદ્ધ કર્યું છે ને. દ્રવ્ય. બે વસ્તુ એક થઈને પરિણમતી નથી. દ્રવ્ય બે જુદી રહે છે. એમ. હવે બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી. આત્મા અને આ આંગળી, બે ભેગા થઈને આ આંગળીનું ચાલવું થતું નથી. બે દ્રવ્યો. સમજાય છે? **'બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી....'** આત્માએ આના પરિણામ જડના કર્યા. બે દ્રવ્યનું એક પરિણામ. આત્માએ આત્માના છોડીને જડના પરિણામ કર્યા અને પોતાના પરિણામ કર્યા નહિ. એમ બે દ્રવ્યોના એક પરિણામ હોતા નથી. બે દ્રવ્યના પરિણામ જુદાં જુદાં સ્વતઃ ભિન્ન હોય છે. આત્માના પરિણામ આત્માના અને કર્મના પરિણામ કર્મના. બે ભેગા થઈને પરિણામ હોતા નથી.

એ કર્મ દ્રવ્ય, કર્મનો ઉદય પદાર્થ અને આત્માના વિકારી પરિણામ. બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી. આહાહા..! કર્મનો ઉદય પણ એક દ્રવ્ય છે જગતના રજકણોની કર્મ અવસ્થા. અને આત્મા બે થઈને એક પરિણામ થતું નથી. બે ભેગા થઈને મોહ-રાગ-દ્વેષ થતાં નથી. આહાહા..! ભારે વાત! આટલી તો સ્પષ્ટતા કરી. અરે..! ગોમ્મટસારમાં લખ્યું હોય ને મોહથી આ થાય, જ્ઞાનાવરણીયથી આ થાય. જ્ઞાનાવરણીયને લઈને જ્ઞાન હીણું પડે. ધવલમાં લખ્યું નિમિત્તનું જ્ઞાન કરાવવા.

મુમુક્ષુ :- ધવલ ક્યાં...

ઉત્તર :- ધવલ બધું બહાર જ હતું. ક્યાં નહોતું? બધી ચીજો બહાર હતી. એ તો હવે વિસ્તારથી બહાર આવ્યું. ધવલ કોઈ ભણ્યું નહોતું માટે શીખ્યા. પંડિત ભણવાની વ્યાખ્યા શું? બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી એવું ભણ્યો તે ભણ્યો કહેવાય. ચાહે સો શાસ્ત્ર હો. દ્રવ્યાનુયોગ હો, કથાનુયોગ હો, ચરણાનુયોગ હો. પણ બે દ્રવ્યનું એક પરિણામ થાય એવું ક્યાંય ત્રણ કાળમાં લખ્યું હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- .. કર્મ અને આત્મામાં...

ઉત્તર :- એ તો નિમિત્તથી કથન અભિન્ન કર્યું. એક જ છે. વ્યવહારથી અભિન્ન એટલે કે છે નહિ. પણ સંયોગ દેખીને અભિન્ન કહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈનમાં એ કર્મનું લાકડું ગરી ગયું છે મોટું. શરાફજી! પહેલેથી કર્મ... કર્મ. પણ હવે કર્મનો રજકણ કર્મમાં, તારા પરિણામ તારામાં. એમ લે ને. મફતનો મંડે છે શું કરવા? આહાહા..! અહીં જુઓને!

**'બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...'** કર્મ દ્રવ્ય અને આત્મદ્રવ્ય બે ભેગા થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જીવના વિકારી પરિણામ થતાં નથી. આ શું છે આ કહે છે ઈ? સુજાનમલજી! શું છે? કર્મથી થાય છે, કર્મથી થાય છે ને. અનાદિની વાત છે.

અહીં તો કહે છે બે દ્રવ્યનું એક પરિણામ નથી. આત્મા અને લાકડાનું બે થઈને આ એક પરિણામ થાતું નથી. આ ઉંચું થયું એનું પરિણામ અને આત્મા બે થઈને થાતું નથી. એના પરિણામ એનાથી થયા અને આત્માના પરિણામ આત્માથી થયા. અથવા આંગળીના પરિણામ આ પરિણામ, પરિણામ એટલે પણમવું, થવું. એ આંગળીના પરિણામનું અને આના પરિણામનું બે દ્રવ્ય ભેગા થઈને એકનું પરિણામ થાય એમ નથી. આ ભેગો થયો માટે આ પરિણામ થયું એમ નથી. અડ્યા વિના થયું? ભેગું થયા વિના થયું? ભળ્યું છે કે નહિ? ના. ભેગુંને શું કહે છે? ઈકઠા.

'**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' વિકારી પરિણામમાં બે દ્રવ્ય એક થઈને પરિણમતા નથી. બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી. કર્મ અને આત્મા બે થઈને વિકારી પરિણામ થતાં નથી. અથવા કર્મ અને આત્મા બે થઈને કર્મની પર્યાય થતી નથી. પણ અહીં રાગ થયો ત્યારે કર્મની પર્યાય થઈને? રાગ ન કર્યો હોત તો?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કર્મના પર્યાયનું .. આનું આધિનપણું થવું પડ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ભાષા શીખ્યા તમે. એમ નહિ. પણ રાગ છે પછી પ્રશ્ન શું? રાગપણે પરિણમ્યો. અહીં તો પરિણામ કહેવું છે. રાગપણે પરિણમ્યો છે. કર્મ કર્મપણે પરિણમેલું છે. એમાં બે દ્રવ્યનું એક પરિણામ થાય છે, કર્મ અને આત્મા ભેગા થઈને વિકારી થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- રાગ રાગમાં જાય કે કર્મમાં જાય?

ઉત્તર :- રાગમાં જાય. આત્મામાં જાય. અત્યારે ક્યાં કર્મની વાત છે. અહીં અત્યારે વળી રાગ જુદો એમ નથી. ક્યાંનું ક્યાં સાંભળો છો, સમજો તો ખરા. રાગ થાય આત્મામાં થાય છે. આત્મા એનો કર્તા છે એમ અહીં સિદ્ધ કરવું છે. કર્મમાં નહિ. અહીં તો હજી પરદ્રવ્યથી ભિન્ન ચતુષ્ટય છે તેનું અહીં સિદ્ધ કરે છે. પહેલું ઓલું શીખ્યા. કહેશે આગળ. તમે પહેલા કહેતા હતા રાગ પુદ્‌ગલના પરિણામ. વળી અહીં કહો છો કે રાગથી આત્માને દુઃખ થાય, બંધન થાય. આ શું તમારી વાત છે?

મુમુક્ષુ :- પુદ્‌ગલના પરિણામથી બંધ થાય?

ઉત્તર :- પુદ્‌ગલના પરિણામ.. એ કહેશે હોં આગળ. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાઈ! અહીં તો આત્મા-વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ આત્મા (છે). પણ તે આત્મા પોતાને ભૂલીને મિથ્યા ભ્રમ, રાગ-દ્વેષ, ઈન્દ્રિયોમાં સુખ છે, વિષયમાં સુખ છે, પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે એવી માન્યતા ઊભી કરે છે એ જીવના પરિણામમાં અભેદપણે જીવ પોતે કરે છે. એમ સિદ્ધ કરવું છે. એ મિથ્યાભ્રમ અજ્ઞાનીનો અજ્ઞાની પોતે ઊભો કરે છે. એ પરિણામમાં બીજો જોડે કર્મ અને બે થઈને એ પરિણામ થાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

આ પાણી છે ને પાણી, જુઓ! પાણીમાં જેવો રંગ નાખો એવો ત્યાં ઉત્પન્ન થાય. ધોળું પાણી છે. ધોળું પાણી એ પરમાણુના સ્કંધ-પિંડની એક દશા છે. તો હવે કહે છે કે એમાં જે નાખો એવી અવસ્થા થાય એમ વાત નથી. જે નખાયેલી ચીજના પરમાણુ ભિન્ન છે, પાણીના પરમાણુ ભિન્ન છે. ત્યાં આગળ જે લાલ આદિ પર્યાય દેખાય અંદર નાખે તો, તે તે રજકણો પોતે જ પોતાની લાલ પર્યાયપણે પરિણમેલા છે. સમજાય છે કાંઈ?

હળદર અને ફટકડી-ખાર લાલ થાય છે કે નહિ? બે ભેગા થઈને લાલ થાય છે કે નહિ? શાક ખાય ને શાક. મોઢામાં સડી ગયું હોય ને અહીં. ડાઘ પડી જાય ડાઘ. મીઠું લગાડે તો લાલ થઈ જાય. સાબુ લગાડે તો લાલ થાય. તડકે નાખે તો સુકાઈ જાય. તો એ લાલ થયું કે નહિ? આ રજકણો આના હતા પીળા, શાક પીળું. એને અડ્યો ખાર. ખાર એટલે પીળાની રાતી અવસ્થા થઈ કે નહિ? કહો. પહેલી અવસ્થા પીળી હતી. બીજે ક્ષણે રાતી થઈ એ પોતે જ પરિણમીને થઈ છે. જોડે ઓલો ખાર આવ્યો માટે અહીં રાતી થઈ છે, બે દ્રવ્ય ભેગા થઈને રાતી અવસ્થા થઈ છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના માટે તો દાખલો આપીએ છીએ. આ તો હમણાં ગયા. એ માટે દાખલો આપીને આ વાતને (કહેવાય છે). એય..! હિંમતભાઈ!

ભાઈ! આ તો પદાર્થ વિજ્ઞાન સર્વજ્ઞના ઘરનું અને વસ્તુના સત્‌ના તત્ત્વનું. ભાઈ! એ રીતે ન માન ત્યાં સુધી તારી ભ્રમણા બેને એક માનવાની નહિ ટળે. ત્યાં સુધી જુદો છો એની પ્રતીત તને નહિ થાય. અને પછી વળી રાગથી ભિન્ન પાડવામાં તો સ્વભાવમાં રાગ નથી અને ભિન્ન પાડ ત્યારે સમ્યગ્દર્શન થાય. આહાહા..! પણ હજી તો વિકાર જ જ્યાં પરને લઈને થાય એવી જ્યાં માન્યતા છે, એને તો વિકારથી પર જુદો એવી માન્યતા કોઈ રીતે હોઈ શકે નહિ. આહાહા..! એ માટે તો આ સિદ્ધ કરે છે અહીંયાં.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- પ્રયોજન હોય? વસ્તુ સ્વરૂપ એવું છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

જ્યાં સુધી અજ્ઞાનપણે પોતાના વીતરાગી પરિણામ છોડી દઈને સ્વભાવનો આશ્રય છોડી દઈને. એમ. નિમિત્તના લક્ષે વિકારના પરિણામ કરે, એ પરિણામનો કર્તા પરિણતિની ક્રિયાનો કર્તા સ્વયં એકલો આત્મા છે. એકલો છે. બીજો જોડે નહિ. કહો, સમજાણું કાંઈ? દાખલો આપે છે ને લોકો? આવે છે ઓલામાં. દીકરો એકનો ન હોય. મા અને બાપ બેનો હોય. આવે છે ને સમયસારમાં? 'જયસેનાચાર્ય'ની ટીકામાં આવે છે. વાંચ્યું છે ને પહેલેથી. આ તો ઘણા વખતથી (ચાલે છે). એમાં આવે છે લ્યો, બેનો હોય.

મુમુક્ષુ :- ફટકડીનો દાખલો એમાં છે.

ઉત્તર :- હા, ફટકડીનો દાખલો એમાં જ છે. એમ વિકાર થાય તે બે ભેગા થઈને થાય. કર્મ અને આત્મા. આમ બહાર લખાણમાં આવે છે.

મુમુક્ષુ :- એ વાત પણ સાચી અને આ પણ સાચી.

ઉત્તર :- બે સાચી હોય નહિ. એક સાચી હોય. એય..!

મુમુક્ષુ :- અનેકાંત..

ઉત્તર :- અનેકાંત એટલે એક જ સાચું અને બીજું સાચું હોય નહિ. એનું નામ અનેકાંત છે. આ પણ સાચું અને આ પણ સાચું, ફુદડીવાદ છે આ તે?

અહીં તો બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી. ખાર અડ્યો પીળાને માટે પીળા રજકણો લાલરૂપે થયા આને કારણે એમ નથી. તે તે પોઈન્ટના રજકણો જે વર્તમાન સ્થુળપણે, પીળી અવસ્થાપણે પરિણમેલા રજકણો હતા એ બીજે ક્ષણે પોતે જ લાલપણે પરિણમવાની ક્રિયામાં કર્તા એ સ્કંધ છે. જોડે મીઠું અડ્યું માટે લાલ થયું છે એમ છે નહિ. બે ભેગા થઈને લાલ થયું એમ છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બેનો કોઈનો છે નહિ દિકરો. મફતનો દિકરો કે દિ' હતો? એની માનો કે દિ' હતો અને બાપનો કે દિ' હતો? એ તો આત્મા છે અને એનું શરીર ભિન્ન છે. એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ?

આત્મા પરનું લક્ષ કરે છે એથી વિકાર થાય તે નિમિત્તને અને ઉપાદાનનું પ્રમાણજ્ઞાન કરાવવા એ વાત કરી છે. અહીં નિશ્ચયથી વાત છે. એ પ્રમાણજ્ઞાન કરાવવા કે જોડે કોણ નિમિત્ત હતું એનું જ્ઞાન કરીને કહ્યું કે વિકાર બેથી થયા. એટલે થયો છે એકથી. નિમિત્તનું જ્ઞાન કરાવવા સાથે વાત કરી છે. સમજાણું કાંઈ? કહો, વજુભાઈ! તમે અને રાજા બે ભાગ (રાખીને) કામ કરતા હતા કે નહિ મકાનનું? મોટરમાં દરરોજ જાતા હતા રખડવા. અહીંથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં. હવે ત્યાં ઓલો થાક લાગ્યો હોય તો શું કરે? ઓલો કહે, ચાલ તો ચાલવું પડે અહીં. આ છોકરાઓ કહેતા હતા. કેટલું અહીં થાય? આંબલા. ત્રણ માઈલ. અરે..! અમને ડુંગરામાં હલવી હલવીને થડ કાઢી નાખ્યો. ત્રણ ગાઉ. આ છોકરાઓ આવ્યા છે ને આમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. એ. મેં કીધું, અહીં તો ત્રણ માઈલ છે. અહીંથી પોણા કલાકનો રસ્તો. પોણા કલાકનો. પોણા કલાક શું સમજાણું? આ ત્રણ.. પા કલાક એક કલાકનો બે .. તો કહે ડુંગરમાંથી ત્યાં લઈ ગયા હશે ઓલા પાણી, બંધ જોવા. ત્યાંથી .. ડુંગરમાં ઉપાડ્યા. ત્યાં લઈ ગયા અદ્ધર. ..

સાંભળ ભાઈ! એ રજકણે રજકણે પોઈન્ટ જે ક્ષેત્રાંતર થવાની પર્યાય થઈ તે તે રજકણને કારણે થઈ. ઈચ્છાને કારણે નહિ, આત્માને કારણે નહિ. અને આત્માની ગતિ થઈ આમ આમ ગતિ કરવાની પર્યાય તે તે પરિણતિની ક્રિયાનો કર્તા તે પરિણામનો ભગવાન આત્મા છે. શરીર આમ જોડે ચાલ્યું માટે શરીરના કારણે અહીં જીવમાં ગતિના પરિણામ થયા એમ છે નહિ.

જુઓ! આ આંગળી. આંગળીમાં આત્માના પ્રદેશ છે આત્મા છે અંદર. એટલે આંગળી આમ ચાલી એના પરિણામમાં આત્માના પ્રદેશ પણ કામ કર્યા અને આમ પણ બે થઈને આ કામ થયું એમ નથી. આમાં આત્માના પ્રદેશ છે. છે કે નહિ આત્મા અંદર? એ આમ આમ થયું એટલે આ પરિણામની ક્રિયામાં આત્માના પ્રદેશ અને આ બે ભેગા થઈને ચાલવાનું આ કામ થયું એમ નથી. પ્રદેશમાં તે કાળે ક્ષેત્રાંતર થવાની પરિણતિનો કર્તા તે આત્મપ્રદેશ છે. અને શરીરની આ પર્યાયનો કર્તા તે પરમાણુ છે. બે ભેગા થઈને આ ક્રિયા થઈ છે એમ છે નહિ.

મુમુક્ષુ :- બેય સાથે...

ઉત્તર :- સાથે એટલે? એક ક્ષેત્રે. એક ક્ષેત્રે એટલે? ભિન્ન ભિન્ન. એના ક્ષેત્ર પણ જુદા છે. આત્માનું ક્ષેત્ર જુદું, આનું ક્ષેત્ર જુદું. સ્વ ક્ષેત્રમાં સૌ રહેલા છે. આત્મા સ્વક્ષેત્રમાં છે. આ પરક્ષેત્ર પરમાણુમાં આત્મા નથી. પરમાણુની પહોળાઈ રૂપી ક્ષેત્રમાં આત્માનું ક્ષેત્ર નથી. આ શું કહે છે? એના માટે તો વાત કરે છે પણ એને.. આ તો સિદ્ધાંતો એકલા છે.

'**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' સમજાણું કાંઈ? આ બે સ્વતંત્ર થાય છે. એક એક રજકણની પર્યાય સ્વતંત્ર, આની સ્વતંત્ર. આત્માને કારણે નહિ. અને આત્માના પ્રદેશ આમ થાય છે, એ આંગળી ચાલે માટે આત્માના પ્રદેશ આમ થાય છે એમ નહિ. સમજાણું કાંઈ? એય..! પ્રવિણભાઈ! ઓલા રામ... રામ... રામ... કરો. સહેલું સટ. ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રામ કરે? તારો રામ તો જો તું કોણ છો? આહાહા..! સમજાણું કાંઈ? આ તો મહાસિદ્ધાંતો છે. કુંચીઓ છે. ચાર પૈસાની શેર તો મણના અઢી રૂપિયા. એ પછી દાખલાઓ છે આ બધા.

એમ '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' એટલે કે કર્મ અને આત્મા મળીને વિકાર થતો નથી. અથવા આત્મા અને કર્મ મળીને કર્મની જ્ઞાનાવરણીય (અવસ્થા થઈ), જ્ઞાનાવરણીયની કર્મમાં અવસ્થા થઈ એ આત્મા અને કર્મ બે પુદ્‌ગલ ભેગા થઈને થઈ એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? જુઓ! આ હોઠ હલે છે. એ હોઠના રજકણો આમ હલે છે અને અંદર અંદર આત્માના પ્રદેશ છે. માટે હોઠની પર્યાય થઈ અને આત્મા પ્રદેશ બે ભેગા થઈને આ હોઠની અવસ્થા કરે છે એમ નથી. અથવા હોઠની અવસ્થા આમ કરે છે, થાય છે માટે આત્માના પ્રદેશ અંદરમાં એ ક્ષેત્રે ક્ષેત્રાંતર થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એ તો એના ઘરમાં થાય. એમાં થાય. આને લઈને શું છે? એને પોતાનું પોતામાં થાય. કહો, ભીખાભાઈ! દાખલા પણ કઠણ પડે માણસને.

જુઓ! '**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' આહાહા..!

મુમુક્ષુ :- એમાં આટલું બધું લખ્યું છે?

ઉત્તર :- લખ્યું છે કે નહિ? એય..! આ પાટણી રહ્યા.

'**બે દ્રવ્યો એક થઈને...**' થતાં નથી. થતાં નથી એટલે દશારૂપે થતાં નથી. દ્રવ્યની વાત કરી હોં! દ્રવ્યની. પછી બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી એમ કહ્યું. આહાહા..! ભારે વાત, ભાઈ! આ જીભ અને ભાષા વર્ગણા, બે ભેગા થઈને ભાષા પર્યાય થાય છે એમ નથી. હોઠ ન હલાવો જોઈ, જીભ ન હલાવો જોઈ, ભાષા નીકળશે? પણ કોણ હલાવે, સાંભળને. જીભ જીભના પરિણામની પરિણતિને કરે, જીભના રજકણો જીભની પરિણતિને કરે. આત્મા એના પરિણામને કરે? અને જીભના પરિણામથી ભાષાની પર્યાય થાય? તો જીભે અને ભાષાવર્ગણાએ બે ભેગા થઈને ભાષાની પર્યાય કરી. એય..! કેમ હશે? નટુભાઈ! આમાં શરમાઈને હા પાડવું પડતું નથી ને?

આ વસ્તુ આવી ભગવાન બાપુ! કહે છે કે પ્રભુ પ્રભુતાનો ભરેલો ભગવાન, એને ભૂલીને પામરતા કરે તો પણ પ્રભુ પામરતાનો કર્તા એ આત્મા જ છે. સમજાણું કાંઈ? અને એ પરિણામમાં બે દ્રવ્ય ભેગા થઈને પામરતા કરે છે એમ છે નહિ. ગજબ વાતું! જ્ઞાનાવરણીયનો ઉદય આવ્યો એથી જ્ઞાનની હીણી અવસ્થા, એ અને આ ભેગા થઈને થઈ? ના. ત્યારે? જ્ઞાનની હીણી અવસ્થાના પરિણતિની ક્રિયાનો કરનાર એ જીવ. એ કાળે કર્મના ઉદયના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામની પરિણતિનો ક્રિયા કર્તા એ પરમાણુ છે. બે ભેગા થઈને પરિણામ થાય છે એમ વસ્તુની સ્થિતમાં છે નહિ.

આમ જુદા જાણ્યા વિના સત્‌નો સ્વીકાર થઈ શકશે નહિ. આવી સત્યતાનો સ્વીકાર ન હોય એને રાગ વિનાનું ચૈતન્ય ભિન્ન છે એવા સત્‌નો સ્વીકાર હોઈ શકે નહિ. અને એ ભિન્ન ભાસ્યા વિના આત્માને સમ્યક્ સત્ અને દર્શન થશે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૪, બુધવાર તા. ૨-૧૧-૧૯૬૬**
**શ્લોક-૫૩-૫૪-૫૫, પ્રવચન-૧૭૫**

૫૩મો કળશ ચાલે છે, ૫૩. '**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' આ એકલા નિયમો, સિદ્ધાંત (છે).

મુમુક્ષુ :- પ્રભાવ નથી પાડતા એવું ક્યાં આવ્યું?

ઉત્તર :- પ્રભાવ નથી પાડતો એમાં ક્યાં... પ્રભાવ પાડે છે એવું ક્યાં આવ્યું અને નથી પાડતો એવું ક્યાં આવ્યું? બે દ્રવ્ય ભિન્ન છે. એમાં સૌના પરિણામને સૌ કરે છે. પ્રભાવ શું હશે? પર્યાય હશે? ગુણ હશે? દ્રવ્ય હશે? દ્રવ્ય-ગુણ તો ન કહેવાય. પર્યાય હશે. પર્યાય અંદર ગરતી હશે? બીજા દ્રવ્યની પર્યાયમાં એક પર્યાય પેસતી હશે? સંક્રમણ થાય છે?

મુમુક્ષુ :- વિલક્ષણતા ...

ઉત્તર :- વિલક્ષણતા ક્યાંથી આવે?

કહો, '**બે દ્રવ્યો એક થઈને પરિણમતાં નથી,...**' કર્મ અને આત્મા બે ભેગા થઈને વિકાર કરતા નથી, એમ કહે છે. અથવા કર્મ અને આત્મા ભેગા થઈને પોતાની પર્યાય અને કર્મની પર્યાય બે ભેગા કરતા નથી. કહો, સમજાણું આમાં? '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' બે પદાર્થની એક અવસ્થા બનતી નથી. બે પદાર્થ ભેગા થઈને એક અવસ્થા થાય એમ થતું નથી. એ કાલે આવ્યું હતું ઘણું. દૃષ્ટાંત આપ્યા હતા ને. '**બે દ્રવ્યોનું એક પરિણામ થતું નથી...**' કર્મ અને આત્મા બેનું એક પરિણામ થાય એમ કોઈ દિ' બનતું નથી. વિકારના પરિણામ એ બે દ્રવ્યના ભેગા થઈને એક પરિણામ થાય એમ થતું નથી.

મુમુક્ષુ :- દિકરાનો દાખલો આપ્યો હતો.

ઉત્તર :- એ દિકરાનો દાખલો આપ્યો હતો એ પ્રમાણનો આપ્યો હતો, એ તો પ્રમાણ (માટે કહ્યું હતું). ઉપાદાન અને નિમિત્ત બે પ્રમાણનું કામ કહેવું હોય ત્યારે એમ કહે. અહીં તો એકલા નિશ્ચયની વાત કરે ત્યારે આમ કહે. વ્યવહારની વાત કરે તો નિમિત્તનું જ્ઞાન કરાવે. પ્રમાણનું જ્ઞાન કરાવે ત્યારે બેય સાથે છે એમ કહે. સમજાણું કાંઈ? કહો.

નિશ્ચયનું કથન, વ્યવહારનું કથન અને પ્રમાણનું કથન. ત્રણ પ્રકારના કથન હોય શાસ્ત્રમાં. આ તો નિશ્ચયનું યથાર્થ દૃષ્ટિનું કથન છે. જ્યારે નિમિત્ત આવું હોય ત્યારે નિમિત્ત હોય. શાસ્ત્રમાં આવે કે બે કારણથી પર્યાય થાય. ત્યાં સમજવું કે બે કારણનું પ્રમાણજ્ઞાન (કરાવવું છે). ખરેખર બે કીધા ત્યાં વ્યવહારનય થઈ ગયો. પ્રમાણ જ વ્યવહારનયનો વિષય છે ખરેખર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આરે..! આરે..! ભારે. સમજાણું? બે થઈ ગયા ને? એક અને બે. પંચાધ્યાયીમાં પ્રમાણને વ્યવહાર-સદ્ભુત વ્યવહારનયનો જ વિષય કીધો છે. સમજાણું કાંઈ? એમ બરાબર છે એ વાત.

અહીં તો એક એક દ્રવ્ય પોતાના સ્વકાળે જે કાર્ય કાળ છે તે તે તત્ત્વના દ્રવ્યનો કાર્ય કાળ છે તે કાળે તે પરિણમન પોતાથી કરે છે. બે દ્રવ્યનું એક પરિણામ થતું નથી. કર્મ અને આત્મા ભેગા મળીને વિકાર કરતા નથી. આત્મા અને કર્મ ભેગા મળીને જ્ઞાનાવરણીયની પર્યાય કરતા નથી. આત્મા અને કર્મ ભેગા થઈને અંતરાય કર્મ બાંધતા નથી. આત્મા અને કર્મ ભેગા થઈને આયુષ્ય કર્મ બે ભેગા થઈને બાંધતા નથી.

મુમુક્ષુ :- પાંચ માણસ ભેગા થાય તો..

ઉત્તર :- એકેય ભેગા થતા જ નથી ને કોઈ દિ'. એ તો ઘણા દાખલા આપ્યા હતા. .. આપ્યો હતો એક ફેરી. આ .. છે એકલાથી ઊંચી ન થાય. પણ દસથી ઊંચી થાય. પણ દસ કહેવા કોને? અહીં દસ ભિન્ન ભિન્ન રહ્યાં એટલે દસ ભેગા ક્યાં થયા છે? એ તો ઘણાં વર્ષ પહેલા દાખલો ..માં આપ્યો હતો. કેંચી એક માણસ પણ ઊંચી થતી નથી પણ દસથી ઊંચી થાય એમ કહેવું, પણ દસ તો પ્રત્યેક ભિન્ન ભિન્ન છે. એમાં દસ ભેગા કે દિ' થયા કે દસથી ઊંચી થઈ? વાત એવી છે જરી. સમજાણું કાંઈ? એ તો એ દ્રવ્યના રજકણોની વર્તમાન.. એ આમાં આવશે જુઓ! '**બે દ્રવ્યોની એક પરિણતિ-ક્રિયા થતી નથી;...**' અવસ્થા બદલવાની વાત છે. આ મનુષ્યો અને એ કેંચી બે ભેગા થઈને એક અવસ્થા ઊંચી થવાની થતી નથી, એમ કહે છે. રાજેન્દ્રજી! ભારે પણ.

મુમુક્ષુ :- માણસો એકલા કરે છે એમ ને?

ઉત્તર :- માણસની પર્યાય માણસમાં, એની પર્યાય એનામાં. અહીં તો સ્પષ્ટ થઈને વાત આવે છે. હવે એમાં કાંઈ ગડબડ-ફડબડ છે નહિ. એ તો ઘણા વર્ષથી આ તો કહેવાય છે. .. હતી તે દિ' કહ્યું હતું. આ કેંચી એકથી ઊંચી થઈ નથી. દસથી ઊંચી થઈ નથી. એને કારણે તેની પરિણતિની ક્રિયા પલટતી પોતાને કારણે ઊંચી થાય છે. શેઠી!

મુમુક્ષુ :- એ ઇજનેર સાહેબને પૂછવું પડશે.

ઉત્તર :- ઈજનેર આ રહ્યા. ઈજનેરે ઘણાં ગપ્પા માર્યા હતા પહેલા.

મુમુક્ષુ :- .. તો ત્યાં પડી રહે.

ઉત્તર :- કોણ ઉઠાવે? ઉઠાવે કોણ અને પડી રહે કોણ? જે તેનો કાર્ય કાળ છે, પરિણતિ ક્રિયાનો, તે પલટવાની ક્રિયાનો કાળ તેને એકલું દ્રવ્ય પોતાની ક્રિયાને કરે છે. શેઠી! આ તો વીતરાગી નિયમો છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! ખુબી ક્યાં છે અહીંયાં હવે આમાં? ત્રણ વાત કીધી કે બે દ્રવ્યો એક થઈને પલટતા **નથી**, બે દ્રવ્યનું એક પરિણામ **નથી** અને બે દ્રવ્યની એક ક્રિયા **નથી**. હવે કારણ આપે છે. મહાસિદ્ધાંત કહે છે. '**અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' જુઓ! આ મહાસિદ્ધાંત છે. અનેક છે તે અનેક રહીને જ કામ કરે છે. અનેકમાં એક ભળીને કામ કરે છે એમ છે નહિ. એમ સિદ્ધાંત છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કહ્યું? જુઓ! '**स्याद्यदनेकमनेकमेव सदा**' જુઓ! '**અનેક દ્રવ્યો તે સદા અનેક જ છે,...**' આ સિદ્ધાંત છે એમાં. અનંત રજકણો, અનંત આત્માઓ, કાળાણુઓ અસંખ્ય, ધર્માસ્તિ (એક). એ અનેક અનેકપણે રહીને પોતાના પરિણામને અને ક્રિયાને કરે છે. કોઈ દિ' અનેક છે તે ક્યાંય ભળી જાય તો તો અનેકપણું રહેતું નથી. એ નીચે ખુલાસો કરશે. માથે આવી ગયું છે. સમજાણું? માથે પણ એક ઠેકાણે આવી ગયું, જુઓ! લોપ થઈ જશે. સર્વનો લોપ થઈ જાય એમ આવ્યું. સમજાણું? ભાવાર્થમાં. અહીંયાં આવશે. હજી આવશે. ૫૩ના ભાવાર્થમાં આવશે હજી. પહેલામાં આવ્યું હતું, હવે આમાં આવશે.

શું કીધું? જુઓ! આ વારંવાર ઘૂંટવાની આ ચીજ છે. મૂળ વાત પૃથક્ પૃથક્ પર્યાય... દરેક દ્રવ્ય પોતાના કાર્ય કાળે કાર્યરૂપે પરિણમે છે તે કાર્યમાં બીજા દ્રવ્યને કારણે પરિણમન છે એમ છે નહિ. ચાહે તો સંસારપર્યાય હો, ચાહે તો મોક્ષપર્યાય હો. '**કારણ કે અનેક દ્રવ્યો છે...**' એમ ભાષા છે ને. '**અનેક દ્રવ્યો છે તે સદા અનેક જ છે,...**' આત્મા અને રજકણ તે અનેક છે તે અનેક જ છે. એ અનેક અનેકપણે પૃથક્ પૃથક્ રહીને પોતપોતાના પરિણામની અને પરિણતિની ક્રિયાના કર્તા તે તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

અનેક એક થઈને કામ કરે તો અનેકપણું રહેતું નથી. તેથી ખુલાસો કરે છે, જુઓ! '**પલટીને એક થઈ જતાં નથી.**' કર્મની પર્યાય પલટી. ત્યારે કોઈ કહે કે પણ જુઓને, કર્મમાં જ્ઞાનાવરણીયય નામ પડ્યું, દર્શનાવરણીય નામ પડ્યું, મોહનીય નામ પડ્યું, આયુષ્ય, નામ, ગોત્ર આદિ પડ્યા. એ પરમાણુમાં એ નામ પડ્યાનું ક્યાં હતુ? એ તો આત્માને કારણે પડ્યું કે નહિ? ના. આવે છે, ભાઈ! અનુભવપ્રકાશમાં આવે છે કે જુઓ! આ તારે કારણે નામ પડ્યા ત્યાં. એવું આવે છે. સમજાણું? નામ પડ્યાનો અર્થ કે તેં રાગ-દ્વેષ તારામાં કર્યા ત્યાં વર્ગણાના નામ પરમાણુ હતા, એનું નામ કર્મ પર્યાય નામ પડ્યું. જ્ઞાનાવરણીયય. પાછું એમાંય નામ. મતિજ્ઞાનાવરણીયય, શ્રુતજ્ઞાનાવરણીયય, મનઃપર્યયજ્ઞાનાવરણીયય. એ પર્યાય કર્મને યોગ્ય થવાને લાયકાતના કાર્ય કાળે તે પર્યાયના નામ પડ્યા છે. આત્માને કારણે નહિ.

મુમુક્ષુ :- .. આત્માના નામ પણ પડ્યા.

ઉત્તર :- એ ત્યાં નિમિત્તથી વાત કરી છે. એમ કહ્યું. તેથી .. પાછું છે. સમજાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કે નહિ? આત્માવલોકનમાં છે કે જો તારે લઈને નામ પડ્યા. મૂકને પડતું. એમ કહે છે.

વાત તો એનું નામ પણ જ્ઞાનાવરણીયય પડ્યું એ એની પરમાણુની વર્તમાન પર્યાયની યોગ્યતાને લઈને પડ્યું છે. આહાહા..! એ વર્ગણા જે છે એ મતિજ્ઞાનાવરણીયયપણે પરિણમવાને લાયક જેટલા રજકણો છે તે મતિજ્ઞાનાવરણીયયપણે એના કાળે પરિણમ્યા છે. કેવળજ્ઞાનાવરણીયયપણે પરિણમવાનો તેનો તે પરમાણુનો કાળ હતો તો એ પણે પરિણમ્યા છે. આત્માને લઈને નહિ. બાપુ! સ્વતઃસિદ્ધ વસ્તુ એવી છે. એમાં કોઈનો સાથ કે હાથ લાગુ પડે એવો નથી. સ્વતંત્ર વસ્તુ છે. આહાહા..!

'**પલટીને એક થઈ જતાં નથી.**' બે આંગળી ભેગી થઈને આ લાકડું ઉપાડ્યું છે કહે છે. એકે ઉપડે નહિ. આમ આમ કરે. બે થઈને ભેગું થયું કે નહિ? ના ના. એ આંગળીની પર્યાય આંગળીએ પરિણતિની કરી. આની પરિણતિ એની અને આની એની ભિન્ન-ભિન્ન છે. અનેક તે અનેક રહીને ટકી રહ્યા છે. ભારે ભ્રમ લોકોને. સંયોગના દેખનારા એમ જ કહે કે આ સંયોગ આવ્યો તેથી, આ સંયોગ (આવ્યો તેથી થયું). ભાઈ! એના સ્વભાવની પર્યાયને સૂક્ષ્મ દૃષ્ટિથી જુઓ તો તે પરિણતિ તેની પોતાની પોતાથી સ્વતઃસિદ્ધ થયેલી અકૃત્રિમ છે. કોઈ તેને કરનારો છે નહિ.

'**ભાવાર્થ :- બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે,...**' લ્યો, સર્વથા. અહીં સર્વથા આવ્યું. નહિ. સર્વથા ન કહેવું. અરે.. પ્રભુ! સર્વથા ન કહેવું ત્યારે શું? સિદ્ધને સર્વથા સિદ્ધ ન કહેવાય. કથંચિત્ નારકી કહેવાય. એ તો પૂર્વની અપેક્ષાએ કથન કરવું એ જુદી વાત છે. વર્તમાન અપેક્ષાએ તો સિદ્ધ તે સિદ્ધ જ છે. વર્તમાન નારકી છે એમ છે નહિ. શું થાય? એનામાં ગુણ અને પર્યાય હોય એનું અનેકાંત હોય. એનામાં ન હોય એનું અનેકાંત ક્યાંથી લાવવું?

કહે છે કે બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે. કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન. મહાસત્તાનું જ્યાં વર્ણન કર્યું પ્રવચનસારમાં, સ્વરૂપ અસ્તિત્વ અને શું કહેવાય? સાદશ અસ્તિત્વ. ત્યાં કીધું કે, છે. એ અપેક્ષાએ બધા ભેગાં. છે એમાં ભેગાનો અર્થ-એક છે અને એક નથી એમ થાય. એક છે અને એક નથી. એમ નથી. છે બધું. એ તો સંગ્રહપણે છે... છે... છે... છે... એમ. સમજાણું કાંઈ? એથી કરીને એક દ્રવ્યને બીજા દ્રવ્યથી એકપણું થઈ ગયું... આ પણ છે... આ પણ છે... આ પણ છે... આ પણ છે... છે એમાંથી કોઈ નથી એમ થાય? એ અપેક્ષાએ સત્‌માં બધું સમાઈ જાય. પણ દરેક દ્રવ્યનું સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન-ભિન્ન છે. બે શ્લોક લીધા છે ને. સ્વરૂપ અસ્તિત્વ, સાદશ્ય અસ્તિત્વ. આચાર્યે તો ઘણી સ્પષ્ટ વાત લીધી છે, વનનું દૃષ્ટાંત આપીને. આંબાનું વન કરીને (કહે છે). બીજા ઝાડ હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભલે પણ આંબાનું વન છે. એમ બધા પદાર્થો સત્‌માં સમાઈ જાય છે. સમાઈ જાય છે એનો અર્થ કોઈ નથી એમાં બાકી રહેતું. છતાં એ દરેકનું સત્ દરેક ભિન્ન ભિન્ન છે.

**'બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે,...'** ચિદ્‌વિલાસમાં ત્યાં સુધી લીધું છે અને એમ છે ૧૬૧ ગાથામાં. એક પર્યાય બીજી પર્યાયને મળતી નથી. ભાઈ! એમ લીધું. ઝીણી વાત છે. એક પર્યાય બીજી પર્યાય એની ને એની સાથે મળે નહિ. ભિન્ન ભિન્ન સત્ છે એનું. એક એક પર્યાયનું સ્વતંત્ર સત્ છે. બીજી પર્યાય સાથે એનો મેળ ખાય નહિ. **'બે વસ્તુઓ છે તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે.'** આત્માના પ્રદેશ અસંખ્ય ભિન્ન છે, પરમાણુના પ્રદેશ એક એક અથવા કર્મના અનંત એમ ભિન્ન પ્રદેશ છે.

**'બન્ને એક થઈને પરિણમતી નથી,...'** સમજાણું? બહાર લોટે છે, બહાર. શંકરના બાવા નથી આવતા? શંકરના બાવા નથી આવતા? બાંધીને. ડમ ડમ. એક હાથમાં ટોકરી રાખે પછી એક રાખે લાકડું. પછી આમ ફેરવે. ટોકરો હોય ને ટોકરો મોટો. પછી લાકડું ફેરવે. ત્યાં ઓલી અંદરની હોય ને? લોલક. .. થાય. લાકડું હેઠે આવ્યું... માગવા આવે છે ને? દુકાન ઉપર માગવા આવતા. અતિથિ કહેવાતા એ બાવા. એ .. પીંડલો બાંધે અને મોટો આમ માગવા નીકળે. અતિથિ. એક હાથે ટોકરો અને એક હાથે લાકડી. થોડી વાર લાગે તો .. આમ આમ કરે. બહાર બહાર હોં! ટોકરો આવડો હોય અને બહાર .. ઓલું લોલક બહાર અડે અને લોલક આમ આમ થાય. જુઓ! એને લઈને થયું કે નહિ? એને અડતું નથી હોં અંદર. આ લોહચુંબકનો પથરો આદિ હોય ને. દુકાન ઉપર માગવા આવે. જોયા છે કે નહિ? હવે નહિ આવતા હોય. અમારી દુકાન હતી ત્યાં બહુ આવતા. આમ આમ વગાડે. સીસમની લાકડી હોય. એ ટોકરી આવી હોય. ટોકરીમાં અડાડે અને નીચે અડાડે ટોકરીમાં. ત્યાં ઓલું અંદરનું લોલક ખળભળાટ કરવા લાગે. થનગન..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લોલક હોય ને. ટોકરીનો. ઘંટી. ઘંટડીની અંદર હોય ને. શું કહેવાય તમારી ભાષામાં? ટોકરીમાં અમથું આપણે ટોકરી વગાડે એમાં હોય ને. ટોકરી વગાડે ત્યાં અંદર હોય ને. એમ લાકડું નીચે અડાડે ત્યાં અંદર લોલક હલે અંદર. ઈ લાકડાને લઈને થાય છે? સાથે લાકડું ખેંચી લે તો કાંઈ નથી થાતું, લ્યો. એય..! વજુભાઈ! જોયું છે કે નહિ? તમે તો ઈજનેરના ધંધા કર્યા હોય એટલે ન જોયું હોય.

અહીં તો કહે છે કે બંને એક થઈને પરિણમતી નથી. એ અંદરનો ટોકરો હોય ને ટોકરીનો અંદર, એ એની પોતાની પર્યાયથી ત્યાં આમ આમ થઈ રહ્યું છે. લાકડું પોતાને કારણે થયું છે. એકબીજાને અડ્યું જ નથી. શું કીધું? એકબીજાને અડ્યા જ નથી. એ તો ત્રીજી ગાથામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવી ગયું છે. દરેક દ્રવ્ય પોતાના અનંત ધર્મને ચુંબે છે. છતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યને કદી ચુંબતું, છુતું, અડતું નથી. આહાહા..! અડતું નથી ને ઊંચું થાય. ગાંડા જ કહે કે નહિ? એય..! અહીં અડતું જ નથી. વીંછી શરીરને અડતો જ નથી. શરીરની પર્યાય આત્માને અડતી નથી.

મુમુક્ષુ :- .. રાડ નાખે.

ઉત્તર :- એ રાડ નાખે છે તે કાંઈ ઓલાને કારણે નથી. રાડ રાડને કારણે છે અને દુઃખ દુઃખને કારણે છે. દુઃખમય દશાનું પરિણમન, છતાં એને આકુળતા લાગે છે. એ કારણે નહિ. વિંછી કરડ્યો એને કારણે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો જગતથી ગજ જુદા છે. જ્ઞાનીના ગજે જો તો ખબર પડે. ગજ ગજ એટલે સમજ્યાને? માપ માપ.

‘**બન્ને એક થઈને પરિણમતી નથી,...**’ ત્રણ કાળ ત્રણ લોકમાં બે પરમાણુ એક થઈને પલટતા નથી. બે આત્મા એક થઈને રહેતા નથી, પરિણમતા નથી. આત્મા ને એક રજકણ પણ બે ભેગા થઈને પલટતા અને પરિણતિ કરતા નથી. ‘**એક પરિણામને ઉપજાવતી નથી...**’ બે પદાર્થ એક દશાને-એક અવસ્થાને ઊપજાવતા નથી. ‘**તેમની એક ક્રિયા હોતી નથી-એવો નિયમ છે.**’ આવો ત્રિકાળી નિયમ છે.

‘**જો બે દ્રવ્યો એક થઈને પરિણમે...**’ જુઓ! હવે સિદ્ધાંત મૂક્યો. ‘**તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**’ પૃથક્તાના પદાર્થ પૃથક્ બીજી ચીજની સાથે ભેગા થઈને પરિણમે તો બેનું એકપણું થતાં, બેનું બેપણું ન રહેતાં, બેનું એકપણું થતાં બેનું બેપણું ન રહેતા એનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? ‘**બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.**’ એ ૫૩ થઈ. ૫૪.

**नैकस्य हि कर्तारो द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य।**
**नैकस्य च क्रिये द्वे एकमनेकं यतो न स्यात्।।५४।।**

જુઓ! અહીં એ આવ્યું. પેલું અનેકપણું તે અનેકપણું છે (એમ હતું), અહીં એક તે અનેક થતું નથી. એમ સિદ્ધ કરે છે. ‘**એક દ્રવ્યના બે કર્તા ન હોય,...**’ હવે અહીં આમ કહેવું છે. ઓલા બે દ્રવ્ય થઈને એક દ્રવ્યના પરિણામના બે કર્તા ન હોય. કર્મની પર્યાય અને આત્મા બે થઈને એ પર્યાય કર્મની કરે એમ ન હોય. એક દ્રવ્યના પરિણામના બે કર્તા ન હોય. કર્મની પર્યાયનો આત્મા કર્તા અને કર્મ કર્તા એમ બે હોય નહિ. અથવા જીવના વિકારી પરિણામનો આત્મા કર્તા અને કર્મ કર્તા બે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

‘**એક દ્રવ્યના બે કર્તા...**’ દ્રવ્ય શબ્દે અહીં પરિણામ લેવું, હોં! ‘**વળી એક દ્રવ્યનાં બે કર્મ ન હોય...**’ પરિણામી લેવું છે ને. પરિણામી દ્રવ્ય. ‘**એક દ્રવ્યના બે કર્મ ન**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**હોય.**' એક તત્ત્વના બે કાર્ય ન હોય. કર્મ પોતાના ઉદયભાવની પર્યાય કરે અને જીવના વિકારને પણ કરે એમ ન હોય. એમ જીવ પોતાના વિકાર પરિણામને પણ કરે અને ભેગા કર્મની પર્યાયને પણ કરે. એમ એક દ્રવ્યના બે કાર્ય-બે કર્મ હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ઘણું પાકુ કર્યું.

ઉત્તર :- કેટલું ફેરવ્યું! ઓલામાં બે દ્રવ્ય એક થઈને અને આ એક દ્રવ્ય બે થઈને એમ કહ્યું. માથે છે. '**એક પરિણામના કર્તા ન દ્રવ્ય..**' એ ભાઈનું છે, બનારસીદાસ 'દો હી પરિણામ એક દ્રવ્ય ન ધરતું હૈ.' 'એક કર્તૃ તે દોહી દ્રવ્ય ન કબહુ કરે. દોહી કર્તૃ તે એક દ્રવ્ય ન ધરતું હૈ.' એ આમાં છે. આમાં શ્લોકનું છે. આના શ્લોકનું છે. સમજાણું કાંઈ? હિન્દી છે હિન્દી. પંડિતની ક્યાં વાત છે? આ તો કળશ અમૃતચંદ્રાચાર્યના છે. એ તો એનું હિન્દી કર્યું છે. આવા ને આવા ઓલા કહે, પંડિતનું છે, એમ કરીને આ કાઢી નાખે. આપ્તનું નથી. પણ આ આપ્તના બાપ છે આ. કોણ છે આ? સંત મુનિ આપ્ત (છે). સમ્યગ્દૃષ્ટિ પણ આપ્ત કહેવાય છે. સમજાય છે? જેના (વચન) હિત માટે કબુલ કરવામાં આવે તે આપ્ત પુરુષો છે. ઓલામાં લીધું છે. ચોથા, પાંચમા, છઠ્ઠા સુધી આપ્ત ગણ્યા છે, ભાઈ! આ શું કહેવાય? ભાવદિપીકા. ભાવદિપીકામાં લીધું છે એ દીપચંદજીએ. પણ ન્યાયથી સત્ય છે કે નહિ એમ નક્કી કરવું જોઈએ ને. એમ કાઢી નખાય કાંઈ. સમજ્યાને? પરમાર્થ વચનિકા બનારસીદાસે બનાવ્યું. કેવું છે જુઓને! આગમ પદ્ધતિ ને કર્મપદ્ધતિ .. વસ્તુ લીધી છે. વસ્તુની સ્થિતિ .. ધર્મ નથી. વસ્તુના સ્વભાવમાંથી અંતરમાં ... છે એને એ ..

'**એક દ્રવ્યના બે કાર્ય ન હોય...**' આત્મા રાગને કરે અને બીજાને બચાવે. શું હશે? વિજયમૂર્તિ! દયાના ભાવ કરે જીવ અને પરને બચાવવાનું કામ કરે .. બે કામ કરે કે નહિ એક દ્રવ્ય?

મુમુક્ષુ :- માખીને પાણીમાંથી ન કાઢવી?

ઉત્તર :- કોણ કાઢે? શેઠી!

અમારે એક હતા. બોકડો રસ્તામાં હોય ને સાધુ નીકળે અને રાડ પાડતો હોય તો ઉપાડી લેવો અને પાંજરાપોળમાં મૂકી દેવો. નહિતર સાધુને અનુકંપા નહિ રહે. એ એમ કહેતા. પંડિતજી! સમકિતનું લક્ષણ છે ને. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા. ત્યાં લગાવી દેતા. જંગલમાં સાધુ નીકળે સાધુ. બોકડા આમ નાખી દે છે ને આ લોકો ભરવાડ. બોકડા હોય છે ને. બકરી હોય તો રાખે. બોકડો હોય તો નાખી દે. નાખી દે હોં! થોરમાં નાખી દે. અમે જોયેલું, હોં! રાડું પાડતો હોય. બકરો નાનું બચ્ચુ હોય .. એનું દૂધ પી જાય મફતનું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે એ ભરવાડ ત્યાં નાખી દે. એમાં સાધુ નીકળ્યા હોય અને જો નજરે પડે તો ઉપાડી લેવો અને પાંજરાપોળમાં મૂકવો. નહિતર અનુકંપા સમકિત નહિ રહે. આવા ને આવા. કેવા લાકડા! એય..! હતા. જીવરાજજી મહારાજ એમ કહેતા. હું તો (સંવત) ૧૯૭૧માં બેઠા હતા ને ભેગા અમે. ૭૧ની સાલ. આ .. અપાસરે. ૭૧. ૫૧ વર્ષ થયા. આ વાતું કરે. અરે..! કીધું, આને ક્યાં (ખબર છે).

સાધુ તે કોને કહેવા? બાપા! ભાઈ! બોકડો ઉપાડીને મૂકે. નહિતર અનુકંપા અંગ જાય. સાધુ વહોરવા જાય અને જો પાણીમાં માખી દેખાય તો ફટાક હાથ નાખી ઉપાડી લેવી. નહિતર અનુકંપા જશે, સમકિત નહિ રહે. પંડિતજી! આમ છે. અમે તો આવું સાંભળ્યું છે. એવાનો પરિચય થયો. અરે..! ભગવાન! શું કરે છે આ? સચેત પાણી. એમાં અસંખ્ય જીવ મરે. પાણીમાં પાછા લીલફુગ હોય. લીલફુગ હોય છે ને? લીલફુગ-કાય. કાય જીવો છે, હોં અંદર. ભલે ગળીને નાખ્યું હોય તો પણ અંદર કાય હોય. જો માખી પડી હોય તો ઉપાડી લેવી. નહિતર એને સમકિત ન રહે. સમજાય છે?

એક જણ તો હતા, એય..! તમારો કાકો. અભેચંદભાઈ. અભેચંદભાઈને? એના કાકા હતા. ચોમાસામાં ખાડામાં માખી પડી હોય ને જ્યાં. બધે જઈ જઈને કાઢી આવે. એના કાકા. અમારે તો બધા કેટલાય ઠેકાણે... આખા ચોમાસામાં ખાડામાં માખી પડી હોય ચારે કોર. કહો, સમકિતના લક્ષણ. એ તો વિકલ્પ છે. અને તે તે ક્રિયા થવાની એ તો શરીરની થવાની એ તો એને કારણે છે. આત્મા કરે છે આમ? લઈને આમ ક્રિયા કરે? બે ના પાડે છે, જુઓ!

'**એક દ્રવ્યના બે કર્મ ન હોય...**' શુભભાવ હોય, એથી દેહની ક્રિયા આમ કરે અને માખીની ક્રિયા ઊંચી થાય આને લઈને, એમ હોઈ શકે નહિ. ભારે! જગતથી જુદું છે, ભાઈ! વીતરાગ માર્ગ એવો છે. એમને તો ખબર નથી બિચારાને કાંઈ. ઈશ્વર કર્તા માન્યા અને .. ઊંધું. આ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કોઈ બૌદ્ધે કાંઈક કર્યું, વેદાંતે કાંઈક માન્યું અને કો'કે કાંઈક માન્યું. કલ્પનાના ઘોડા ચડાવ્યા. આ તો વસ્તુસ્થિતિ આવી ત્રિકાળ વસ્તુ છે.

મુમુક્ષુ :- બધાની સંધિ કરીને ભગવાને કીધું છે.

ઉત્તર :- સંધિ કરી જ નથી. એમ કહે છે. પંડિતો કહે છે, બધાનું એક એક આનું લીધું.. આનું લીધું. એમ હશે ભગવાનને? ભગવાન તો પહેલા ત્રણ જ્ઞાન લઈને આવે છે. સમજાણું કાંઈ? સ્વતંત્ર દ્રવ્યનો સ્વભાવ એવો જાણ્યો સમ્યગ્જ્ઞાનમાં, દર્શનમાં, આનંદમાં અથવા કેવળજ્ઞાનમાં એવો ભગવાને કહ્યો છે. વાણીમાં આવ્યો છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાંધા ઉઠાવે છે ને અત્યારે. પરની દયાના પરિણામ છે એને કોઈ પુણ્ય કહે અને હિંસા કહે તો એ નહિ. ભગવાન .. જીવનો સ્વભાવ છે. જીવનો સ્વભાવ છે. આવું અન્યમતિ સાંભળશે તો એમ કહેશે કે અરે..! અરે..! પણ અન્યમતિને ભાન કે દિ' હતું. સાંભળને. તારે શું કામ છે? બીજાના જીવને બચાવવાનો ભાવ એ ધર્મ છે. એ પાકી અહિંસા છે. ત્યારે વળી અહીં કહે, પુરુષાર્થસિદ્ધિમાં કહ્યું છે કે રાગ માત્ર હિંસા છે. પરનો એટલો ભાવ હિંસા છે. તો કૈલાસચંદજીએ લખ્યું કે ભાઈ! રાગ હિંસા છે. ઓલો કહે કે નહિ. જૂઠું છે તમારું. અરે..! ભગવાન! પંડિત પંડિત વચ્ચે વાંધા. અરે..! ભગવાન! એય..! વિજયમૂર્તિ! તમારે તો કોઈ વાંધા ઉઠ્યા નહિ. એક કોર પડ્યા રહ્યા. આ વાંધા ઉઠે છે બધા સાથે.

અરે..! આવું બાપા આમ ન હોય, ભાઈ! એ મશ્કરીયું થાય છે, બાપા! માની મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? એ ચૈતન્યના સ્વભાવ, જડના સ્વભાવ સ્વતંત્ર છે, પ્રભુ! એ રાગનો વિકલ્પ ઉઠ્યો છે ને. ભાઈ! હો. પણ એ છે, સ્વરૂપમાંથી નિકળેલી દશા છે. એ અમૃતમાંથી નીકળ્યો છે, ભાઈ! એને તું એમ ન કહે, એમ ન કહે. બાપુ! એ સ્વભાવ આત્માનો છે એમ ન કહે. આહાહા..!

**'એક દ્રવ્યનાં બે કાર્ય ન હોય...'** કર્મ શબ્દે કાર્ય. આત્મા આત્માનું કાર્ય કરે વિકારનું અને કર્મ બાંધે. આત્મા રાગ કરે અને પરની દયાના કામ કરે, આત્મા રાગ કરે અને પરને બચાવવાના કામ કરે, આત્મા રાગ કરે અને ઉપદેશનું કામ કરે, આત્મા રાગ કરે અને બીજાના સમજાવવાના કાર્ય કરે. શું છે ધર્મચંદજી! સ્પષ્ટ તો કરવું પડે ને એનું. રાજેન્દ્રજી! આહાહા..! બાબુલાલજી! ના પાડે છે. ભગવાન! બાપુ! એમ છે નહિ, હોં! વસ્તુના સ્વરૂપની મર્યાદામાં એમ નથી. આવી ગયું છે ને પહેલું આપણે? વસ્તુની સ્થિતિમાં આવી ગયું છે. વસ્તુસ્થિતિ આવી ગઈ છે. સમજાણું? વસ્તુસ્થિતિ એમ નથી એમ આવી ગયું છે ક્યાંક. શેમાં? ૮૫? ક્યાંક આવ્યું છે. વસ્તુસ્થિતમાં એમ નથી એમ આવ્યું છે, હોં! હશે ક્યાંક. ઓલું પુસ્તક જુદું હતું અને આ પુસ્તક જુદું છે ને. ત્યાં ચિહ્ન કર્યા હતા.

મુમુક્ષુ :- ૮૫.

ઉત્તર :- હા. એ. ૭૯. **'વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે...'** જુઓ! એ. **'આમ વસ્તુસ્થિતિથી...'** છે વચમાં જુઓ. આ તો તે દિ' હિન્દી વાંચ્યું હતું ને. **'આમ વસ્તુસ્થિતિથી જ...'** એમ કહે છે. **'ક્રિયા અને કર્તાનું અભિન્નપણું તપતું હોવાથી,...'** દરેક દ્રવ્યની પર્યાયરૂપી ક્રિયા અને કર્તા તે દ્રવ્ય એ અભિન્ન તપે છે, અભિન્ન શોભે છે. પરને કારણે છે નહિ. પછી કહે કે, એવું હશે તો કો'ક કો'કને મારશે પછી વાંધો નહિ આવે. અરે..! ભગવાન! શું કહે છે તું? હાથ ઊંચો કરવો એ આત્માની ક્રિયા નથી પણ મારશે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી ક્યાંથી? આહા..! આત્મા રાગ પણ કરે મારવાનો અને દેહની ક્રિયા પણ કરે, એમ એક દ્રવ્યના બે કર્મ નથી-બે કાર્ય નથી. કહો, નેમચંદભાઈ! રાડ નાખે એવું છે, હોં! બહાર બધા. તમે હાલો હાલો કરો છો પણ આ બધું આવું છે. ત્યાં રોકાજો અને અહીં રોકાજો. હવે ભાઈ આવવા દો ને એને .. ત્યાંથી ચાલ્યા આવશે. કહો, સમજાણું આમાં?

એક દ્રવ્યના બે કાર્ય નથી. એય..! વજુભાઈ! વળી પાછા દલાલી કરે. કેટલાક જાત્રામાં નથી આવ્યા માટે એની .. અમે તો સમેદશીખર છીએ. વચમાં જેને જાવું હોય એ બીજે જાય, અમારે તો નથી જવું. અહીં તો સમ્મેદશિખરની આ વળી થઈ ગયું તે થઈ ગયું. અહીં ક્યાં હવે જવાના? આપણા ભાવ તો મંદ પડી ગયા. એય..! શેઠી! શેઠીને પાછું કહ્યું હતું આણે. શું કહેવાય? આદર્શનગર. .. કેવા? મુલાતનવાળા. એમ કે માગણી છે .. એ નવમાં છે જે હોય તે. આ દલાલી કરવા આવે પાછા. આગ્રાની ને ફલાણીની ને ઢીકણાની. એનું ગામ ખરું ને. આહાહા..!

મુમુક્ષુ :- રસ્તામાં આવતું હશે?

ઉત્તર :- રસ્તામાં ક્યાં આવે છે? ક્યાંય આવતું નથી. રસ્તામાં જ્ઞાન આવે છે.

'**એક દ્રવ્યના બે કર્મ ન હોય...**' આહાહા..! આ શાસ્ત્રો, આ શબ્દો આમ ટ્રેડમાર્ક રજિસ્ટર થઈ ગયેલા છે. વીતરાગ માર્ગના ટ્રેડમાર્ક. એ ફરે નહિ. ત્રણ કાળમાં ફરે નહિ. ઓલાના રજિસ્ટર ફરી જાય, દસ-દસ હજારના મોટા સ્ટેમ્પ લઈને હોય છે ને મોટા કરોડોના ઓલા. આ કોઈ દિ' ત્રણ કાળમાં ફરે નહિ. આહાહા..! શું સિદ્ધાંત પણ શું સિદ્ધાંત!! આહાહા..! શું તેની સ્વતંત્રતા! શું તેના વચનોની ગંભીરતા! શું પદાર્થની કથનની પૃથક્તા અને ભેદ બતાવવાની કળા! અલૌકિક છે!!

ભગવાન અમૃતચંદ્રાચાર્ય હજી તો ૯૦૦ વર્ષ પહેલા થયા છે, હોં. ભાઈ! આમ છે ને. બે પદાર્થ એક કામ કરે? બે ભેગા થઈને કામ કરે? બે એક કરે? એમ કેમ બને? બે એક કરે તો બે એક થઈ જાય એટલે બે રહેતા નથી. તો તો વસ્તુનો નાશ થઈ જશે, ભાઈ! આહાહા..! આંખની પાંપણ ફરવી, પલક. કહે છે કે આત્મા ઈચ્છા કરે અને પાંપણને આમ કરે તો બે કામ આત્મા ન કરે. સમજાણું કાંઈ? પાંપણ કહે છે ને? શું કહે છે? ઈચ્છાથી તો આમ થયું. આમ થાય... આમ થાય. ભાઈ! એમ નથી. તને ખબર (નથી), ભાઈ! આત્માની સત્તામાં એની પર્યાયમાં તો એક વિકલ્પ છે, બસ. પણ એ વિકલ્પપણે પરિણમ્યો અને આને પણ પરિણમાવે, એક દ્રવ્ય બે પરિણામ કરે, ત્રણ કાળમાં રહે નહિ. થાય નહિ. નહિતર એ દ્રવ્યનો નાશ થઈ જશે. તારી દૃષ્ટિમાં, હોં! વસ્તુ તો વસ્તુ રહેશે. આહાહા..! આવો સમયસાર દીવડો પૂજ્ય છે. સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અને એક દ્રવ્યની બે ક્રિયા ન હોય;...'** પલટવામાં બે દ્રવ્ય ભેગા થઈને એક પલટવાની ક્રિયા કરે એમ ન હોય. સમજાણું કાંઈ? આહાહા..! માણસ દસ ભેગા થઈ અને ક્યાંયથી ઉપાડે, એમ બે ભેગા થઈને ક્રિયા ન હોય. બે ગાડા હાંકતો નથી કોઈ. પેટ્રોલથી મોટર ચાલે એમ ન હોય. એમ કહે છે. પેટ્રોલ પોતાની પરિણતિની ક્રિયા કરે અને મોટરની પર્યાયની કરે, એમ એક દ્રવ્યની બે ક્રિયા ન હોય. ભાઈ! એમ ન હોય. એ વસ્તુ વિજ્ઞાનસારમાં આવ્યું હતું, (સંવત) ૨૦૦૨ની સાલમાં. હજી વાંધો ચાલે છે. વસ્તુ વિજ્ઞાનસાર દસ હજાર પુસ્તક છપાવ્યા હતા. પાંચ હજાર ગુજરાતી અને પાંચ હજાર હિન્દી. એમાં આવ્યું હતું આ. એય..! રાડે રાડ. બ્રહ્મચારી કહે, લ્યો! સોનગઢવાળા કહે છે કે મોટર એને લઈને ચાલે. મોટરમાં બેઠો હતો એ. મોટર એને લઈને ચાલે. પેટ્રોલને લઈને નહિ. આપણે બેઠા છીએ આપણી મેળાએ. મોટર આપણને હલવે છે નહિ. બાપા! એમ નથી, ભાઈ! એ તારા રજકણ જે આમ ફરે છે ને, એની ક્રિયાનો રજકણ એ ક્રિયા, મોટરની પર્યાય નહિ. મોટરની પરિણતિ મોટર કરે અને તને હલાવવાની પર્યાય પણ એ કરે, એક દ્રવ્ય બે ક્રિયા કરે નહિ.

મુમુક્ષુ :- .. આટલા બધા માણસોને ઉપાડી જાય છે.

ઉત્તર :- કોઈ ઉપાડી જતું નથી. કોણ કહે છે ઉપાડે છે? તે તે રજકણનો પર્યાય ત્યાં ત્યાં તેને કાળે તે ક્રિયા એક દ્રવ્ય કરે, અને તેના ડબ્બાના રજકણોનો એક એક ડબ્બાનો રજકણ પોતાના પરિણામની પરિણતિની ક્રિયા કરે. ડબ્બો માણસને લઈ જતો નથી, માણસ ધક્કો મારીને બે ક્રિયા કરી શકતો નથી. ગાંડા જ કહે, હોં! ગાંડા જ કહે. એય..! આ મોટા ડુંગરા તોડીને રેલ કાઢી. હેઠેથી. છે ને રસ્તામાં આવતી હતી કેટલેક ઠેકાણે. અંદરથી રેલ નિકળે. ઉપર ચાલે મોટર અને હેઠે ચાલે રેલ. તમારે આગ્રામાં પણ છે કે નહિ? આગ્રામાં બે. બે પુલ છે. આગ્રામાં નદી ઉપર. રેવા છે ને? શું કહેવાય? જમના. એના ઉપર બે પુલ. ઉપર શું ચાલે? રેલ. ઉપર રેલ ચાલે અને હેઠે મોટરું ચાલે. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. એક જણો એમ કહેતો, એક પંડિત. એ પુલ છે ને પુલ? આમ પુલ જાય છે. એના ઉપર એક લાખ મણનો એક ખટારો જાતો હોય, ખટારો. તો એ વખતે પુલની મચક ખાય. એક દાણો કાઢી જાય તો એટલી મચક ઓછી ખાય. એટલો એમાં એકબીજામાં છાયા એકબીજાની પડે છે. અષ્ટ સહસ્રીમાં એવું લખ્યું છે. અમે અહીં પૂછ્યું હતું. નામ આપતા નથી. તમારા જેવા મોટા બીજા છે. હજી છે મોજૂદ. આવું આ શીખ્યા નથી. એ એમ કહેતા હતા. ત્યાં સુધી એણે કીધું. છાયા. નહોતા આપણે પૂછયું? કે પંડિતજી! આવું ક્યાં છે? અરે..! અષ્ટ સહસ્રીમાં છાયાવાદ (છે). છાયા સમજ્યાને? એકબીજાના. જેમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે આરસપહાણ છે ને આરસપહાણ? એના ઉપર પગ મૂકો પગ. તો પગની ગરમી આરસ શોષી લે છે અને આરસની ઠંડી પગ શોષી લે છે. એકબીજામાં છાયા પડે છે એકબીજાની. કહો, સમજાય છે? અહીં કહે છે કે એમ નથી. આરસપહારણનો એક એક પરમાણુ પોતાની પરિણતિની ક્રિયા કરે અને શરીરના નીચે તળિયામાં એક એક રજકણ પોતાની ક્રિયાને કરે. એ ક્રિયા એને અડતી નથી આરસપહાણને કે એની ઠંડી ચૂસે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ!

આ ભેદ નામ અનેકને અનેકપણાને સિદ્ધ કરવાની વાત છે. સમજાણું કાંઈ? અનેક જીવ અનંત છે, અજીવ અનંત છે. તો અનંતપણે અનંત કેમ રહેશે? એક એક દ્રવ્ય પોતાની ક્રિયાનો કર્તા હોય તો અનંત અનંતપણે રહેશે. પણ બીજામાં ભળીને બીજાનું કામ કરે અને પોતાનું કામ કરે તો ઓલો કામ કર્યા વિનાનું દ્રવ્ય રહ્યું તો એ દ્રવ્યનો નાશ (થાય), પર્યાય વિનાના દ્રવ્યનો નાશ થયો. કામ એટલે પર્યાય, કામ એટલે પર્યાય, કામ એટલે કાર્ય, કાર્ય એટલે દશા. પર્યાય વિહુત્તં દ્રવ્યં. પર્યાય વિહુત્તં દ્રવ્યં. જો પર્યાય એને આ કરે એ પર્યાય વિનાનું દ્રવ્ય થયું એટલે દ્રવ્ય રહી શક્યું નહિ. સમજાણું કાંઈ? કહો, જયંતિભાઈ! ક્યાં હશે આમાં? કહો! ન્યાં હશે આ વાત? નથી? રજનીશમાં કેટલી હશે?

બાપુ! આ તો માર્ગ સર્વજ્ઞનો છે, ભાઈ! બધી વાતું ઘણા કરે છે. આમ કરો, વિકલ્પ તોડો. પણ વિકલ્પ તોડે પણ અસ્તિ શું છે? નાસ્તિ નાસ્તિ કરે પણ અસ્તિ તત્ત્વ કેવડું અને કેટલું અને કેટલા? સમજાણું? બસ! વિકલ્પ છોડી દ્યો. શૂન્ય થઈ જાઓ. પણ શૂન્ય થઈને શેમાં (જાય)? પરથી શૂન્ય. પણ પોતાથી અશૂન્ય ચીજ શું છે? સમજાણું કાંઈ? આ એની અહીં વાત ચાલે છે. એક એક પદાર્થ પોતાથી અશૂન્ય છે અને પરથી શૂન્ય છે. પ્રવચનસારમાં છે સપ્તભંગીમાં. સપ્તભંગીમાં એમ લીધું છે. પરથી શૂન્ય અને સ્વથી અશૂન્ય. અશૂન્ય એટલે પોતાના સ્વભાવ-ગુણથી ભરેલું તત્ત્વ છે. ભગવાન આત્મા અનંત ગુણથી ભરેલો એના એક એક ગુણની પરિણતિ સ્વતંત્ર કામ કરે છે. પરમાણુમાં અનંત ગુણો રંગ, ગંધ, સ્પર્શ આદિ. જેટલા આત્માના એટલા જ ગુણો રંગ, ગંધ, સ્પર્શ આદિ, જેટલા આત્માના એટલા જ ગુણો એમાં સંખ્યાએ. ભિન્ન ભલે જાત હોય. અહીં ચેતન તો ત્યાં (જડ). એ દરેક ગુણ પોતાની પરિણતિની ક્રિયા કરે, પરને લઈને નહિ. પરદ્રવ્યને લઈને નહિ, પણ એની ગુણની પરિણતિ, એક ગુણની પરિણતિ બીજા ગુણની પરિણતિને (લઈને) નહિ. આહાહા..! એ આગળ વિશેષ લઈ જશે. સમજાણું કાંઈ?

ભાઈ! હોવાવાળો પદાર્થ પલટ્યા વિના કેમ રહે? અને પલટવાની ક્રિયા ન કરે તો એ પલટવાની ક્રિયા વિનાનું દ્રવ્ય, દ્રવ્ય રહી શકે નહિ. આહા..! કેટલો એને સંતોષ થઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાય. આ બીજાના કામ કર્યા માટે મોટો. આના ન કર્યા એટલે હલકો. એ બધું કાંઈ રહેતું નથી. બહુ વ્યાધિ આદિ થઈ હોય અને પછી આવે.. લ્યો, આપણે બાપુ બધું કર્યું છે. હવે મરીએ તો વાંધો નથી. શું કર્યું? પાઠશાળાઓ કરી, ધર્મશાળાઓ કરી, કન્યાશાળાઓ કરી, ધર્મશાળા કરી, ફલાણું કર્યું. હવે આપણે બધું કર્યું છે. હવે મરીએ તો વાંધો નથી. આહાહા..! કહો, ક્યાં ગયા શિવલાલભાઈ? સમજાણું કાંઈ? જગતના આ ધંધા. આહાહા..! અરે..! ભગવાન! તેં શું કર્યું? ભાઈ! એ બધા પદાર્થોની તે કાળે તે પર્યાયના કાર્ય તો તે તત્ત્વના છે. હવે આપણે ઘણું કર્યું. હવે મરવામાં આપણને સંતોષ (છે), મરી જાઈએ તો વાંધો નહિ. કહો, આ ભારે. મલૂકચંદભાઈ! શું છે? કહો.

અહીં કહે છે, **'એક દ્રવ્યની બે ક્રિયા ન હોય;...'** પલટવું એક દ્રવ્યને બે ભેગા થઈને એક દ્રવ્ય બે ક્રિયા કરે નહિ. આહાહા..! બે ક્રિયા ન હોય. .. શું પણ એમાં સમજાણું? પલટે છે ને, બદલ્યું ને. આ આવ્યું તો અહીં બદલ્યું. પાણી ઠંડુ હતું એનું ઉષ્ણ થયું. એ અગ્નિ આવી એટલે ઉષ્ણ થયું. ના. એ પાણીના રજકણો ઠંડી અવસ્થાને પલટીને ઉષ્ણ થયા એ ક્રિયા પાણીના પરમાણુએ કરી છે. અગ્નિએ કરી નથી. અગ્નિએ કરી નથી. એક દ્રવ્યની બે ક્રિયા ન હોય. અગ્નિ પોતાની ઉષ્ણતાની ક્રિયા પલટવાની કરે અને એ ઠંડા પાણીને ઉષ્ણ બનાવે. આરે..! દ્દષ્ટ ઈષ્ટને વાંધો આવે છે.

એક જણો એમ કહેતો હતો. એક પંડિત એમ આવ્યા હતા. શું દ્દષ્ટ ઈષ્ટ લાગે છે? દેખાય છે ને. શું દેખાય છે? અનેક છે એમ અનેક દેખાય છે. અનેક છે અને અનેકનું પરિણમન છે એમ દેખાય છે. એને ઠેકાણે આને લઈને થયું એ તો તમારી દૃષ્ટિનો દોષ છે. અનેક છે કે નહિ? આ ને આ. આ ને આ. પાણી-અગ્નિ... પાણી-અગ્નિ... પાણી-અગ્નિ. અનેક છે કે નહિ? અનેક છે એમ અનેકપણે દેખાય છે. અહીં પલટવું થયું, અહીં પલટવું થયું. તો આને લઈને અહીં પલટવું થયું એમ ક્યાંથી થયું? અનેક છે તે અનેક દેખાય છે. અહીં પલટે તો અહીં પલટે. સૌને કારણે છે. એમ દૃષ્ટિ બેને એક માનવાની છે તે અનેકને અનેક જોતો નથી. દૃષ્ટિમાં દોષ છે એનો. વિજયમૂર્તિ! બરાબર છે? આહાહા..! જુઓ! પછી શું કહે છે? જુઓ!

**'एकमनेकं यतो न स्यात्' 'કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.'** જો પોતાની સત્તા બદલીને પરસત્તારૂપ થાય, પોતાના હોવાપણાનો અભાવ કરીને બીજા હોવાપણે દ્રવ્ય થાય, તો તો પરની ક્રિયા કરે. પણ કોઈ દિ' પોતાની સત્તાનો અભાવ થાય નહિ. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થઈ જાય તો બીજા દ્રવ્યની ક્રિયા કરે. એમ તો ત્રણ કાળમાં બનતું નથી. દ્રવ્ય દ્રવ્યપણે રહીને, પર પરપણે રહીને પોતાની ક્રિયાના કર્તા તે પ્રત્યેક પદાર્થ

છે. કહો, સમજાણું આમાં? કહો, આમાં દિકરાનું પોષણ કરે છે આત્મા. એમ કહે છે, લ્યો! શાસ્ત્રમાં એવું આવે. આચાર્ય પોષે, શિષ્યોને આમ કરે. જુઓ! એવું આવે છે. એણે શીખવ્યું, એણે પોષ્યું, એને આમ કરવું, અને જો એની ભૂલ ગુરુ ન ટાળે તો એ ગુરુ દોષવાળો છે. એવું પણ આવે છે, ભગવતી આરાધનામાં. એમ કે એની ભૂલ જે છે જે કાંઈ તત્ત્વની, તો ગુરુએ એને બતાવી દેવી જોઈએ. જો આ તારી ભૂલ છે. ન બતાવે તો ગુરુ ત્યાં શું કરવા બે જણા તમે માન્યા છે કે આ ગુરુ અને આ શિષ્ય છે. એય..! પણ એ તો કહે છે કે એની પર્યાય એનામાં અને ઓલી પર્યાય વિરુદ્ધ કરતો હોય ત્યારે એને કહે કે આમ છે એને આમ કર. એ કરે છે તો ઈ. ત્યાં તો નિમિત્ત સંબંધ સિદ્ધ કરવો છે ને. ભગવતી આરાધનામાં છે. જો શિષ્યનો દોષ વિપરીત માન્યતા કે અસ્થિરતાનો હોય, ગુરુ તરીકે જો ત્યાં બેઠો હોય એના ખ્યાલમાં ઓલાને અને આને. તો એને પ્રસિદ્ધ બતાવી દેવું જોઈએ. ભાવમાં એના ખ્યાલ આવવો જોઈએ. વાણી નીકળી, ન નીકળે એ જુદી વાત છે. ખ્યાલ એને આવવો જોઈએ કે આ ભૂલ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત! છતાં ભૂલનો કર્તા તે તે અને આ પોતાની પર્યાયનો કર્તા આ. બે થઈને એક ક્રિયા કરે એમ છે નહિ. સમજાણું કાંઈ? છગનભાઈ! કેમ હશે આ? બધા કાર્યવાહકો થઈને ઘણા કામ કર્યા હતા, વાંકાનેરમાં. શું કહેવાય એ બધા? કાર્યકરો. ગામદીઠ કાર્યકર હોય ને કાર્યકર. કાર્યકર એમ ભાષા હોય છે. અત્યારે આ બધા પંચાયત ને એ બધું હોય છે ને. કાર્યકર્તા. શેના? કે આના કામ કરે, પંચાયતના કરે, ફલાણાના કરે, ઢીંકણાના કરે. અહીં કહે છે કે કાર્યકર્તા પરનો ત્રણ કાળમાં (નથી). પોતાનું કાર્ય કરે અને પરનુ કાર્ય કરે? બે કાર્ય કરે? જગતથી ઊંધું ભારે, ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..!

'**કારણ કે એક દ્રવ્ય...**' પાઠમાં છે ખરું ને. '**एकमनेकं यतो न स्यात्**' '**એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થાય નહિ.**' એક સત્તા પલટીને બીજી સત્તારૂપ થાય તો બીજાનું કામ કરે. એ પોતાની સત્તા પલટીને બીજારૂપ થતું નથી કોઈ તત્ત્વ માટે બીજાનું કોઈ કામ કરી શકતું નથી. એટલે એક પોતાનું કામ કરે અને એક પરનું કરે એમ છે નહિ. લ્યો! કેટલા શ્લોકો ઊંચા! બહુ સરસ. અરે..! એક એક વાતને એક જ શ્લોકને એક જ ભાવને બરાબર જાણેને, એક ભાવ જાણે તો બધા ભાવોના ન્યાય આવી જાય. કહો, સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ પ્રમાણે ઉપરના શ્લોકોમાં નિશ્ચયનયથી અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો.**' શુદ્ધ એટલે દ્રવ્યની અપેક્ષાએ, હોં! ઓલો શુદ્ધ નહિ.

મુમુક્ષુ :- ત્રિકાળી શુદ્ધ નહિ?

ઉત્તર :- ત્રિકાળી શુદ્ધ નહિ. આવી છે ને વાત પ્રવચનસારમાં. વિકારનો કર્તા જીવ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ શુદ્ધ નિશ્ચયનયથી છે. કર્મ છે એ કરાવે એમ કહેવું એ અશુદ્ધ નિશ્ચયથી છે. ૧૮૯-૯૦ ગાથામાં આવે છે, પ્રવચનસાર. એ અપેક્ષાએ વાત છે. ઓલો શુદ્ધદ્રવ્યાર્થિક નહિ. એ તો શુદ્ધ દ્રવ્યનો આશ્રય અને રાગાદિ એનામાં નહિ, એ અહીં વાત નથી. પછી કહેશે આગળ એના ફળ લેવા. '**અથવા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી વસ્તુસ્થિતિનો નિયમ કહ્યો.**' શુદ્ધદ્રવ્યાર્થિક એટલે એક જ દ્રવ્ય અને પરને કાંઈ સંબંધ નથી. પરના સંબંધથી કહેવું એ બધું અશુદ્ધનયનું કથન છે.

'**આત્માને અનાદિથી પરદ્રવ્યના કર્તાકર્મપણાનું અજ્ઞાન છે...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ તો જાણનાર-દેખનાર છે. છતાં તેને શરીરની ક્રિયા કરું, દેહની ક્રિયા વાણી કરું, કર્મ બાંધુ એવું એને કર્તાપણાનું અજ્ઞાન છે. '**તે જો પરમાર્થનયના ગ્રહણથી...**' એ સ્વરૂપ છે દૃષ્ટિ, હોં! હવે ત્યાં અંદર. '**પરમાર્થનયના ગ્રહણથી એકવાર પણ વિલય પામે તો ફરીને ન આવે, એમ હવે કહે છે :-**' લ્યો! આમાંથી કહેતા હતા એ. ભિંડના નંદલાલ બ્રહ્મચારી. આમાંથી. એકવાર પણ સમ્યક્ થાય પછી ક્યાં જાય? અહીં તો ક્ષાયિકની અને અપ્રતિહત દૃષ્ટિની વાત લીધી છે. આમાંથી કહે. '**तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत् तत्किं ज्ञानघनस्य बन्धनमहो...**'

મુમુક્ષુ :- જ્ઞાન ચાલુ રહેવું જોઈએને.

ઉત્તર :- ચાલુ રહે તો. સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. એનો એ દાખલા આપતા. રૂપિયો દેખ્યો એકવાર પછી ક્યાં જાય? અરે..! હાલ્યો જાય, ખ્યાલમાં પણ ન રહે કે રૂપિયો છે કે કાંકરો. પણ એકવાર ચૈતન્ય ભગવાન પરથી ભિન્ન છે એમ દૃષ્ટિ કરતાં રાગથી પણ ભિન્ન પડી જાય છે. સમજાણું? એકવાર ભાન થઈને. મૂળ અર્થકાર કહેશે સમ્યક્ ક્ષાયિક કહેશે. બીજી ભાષાએ અપ્રતિહત્ પુરુષાર્થ...

દ્રવ્યદૃષ્ટિમાં અપ્રતિહત પુરુષાર્થથી એકવાર પણ રાગ અને પરથી પૃથક્ થયો એવી અપ્રતિહત દૃષ્ટિ. એની એ દૃષ્ટિ ચાલુ રાખી કેવળજ્ઞાન લીધે છૂટકો. પણ કોઈ મિથ્યાત્વમાં (આવી) વચમાં પડી જાય તો ત્યાં એવો ને એવો રહે છે અંદર દૃષ્ટિમાં (એમ નથી). ચર્ચા થઈ. એ લોકોને ત્યાં ચર્ચા કરતા હશે. રાજેન્દ્રજી! નંદલાલજી બ્રહ્મચારી આવ્યા હતા. ... કલકત્તામાં મોટી ચર્ચા થઈ હતી. આત્મા એક વાર સમ્યક્ પામ્યો પછી પડે નહિ. અરે..! પડી જાય તો પાછો નિગોદમાં પણ જાય. અને નિગોદમાં ક્યાં એને ખબર છે કે હું સમકિત પામ્યો હતો. એ તો કેવળજ્ઞાની જાણે છે કે આને એક વાર સ્પર્શ કર્યો હતો. બાકી તો ગૃહિત મિથ્યાદૃષ્ટિ થઈને કસાઈખાના માંડે. સમજાય છે? મોટી ચર્ચા અહીં પણ થઈ હતી, હોં! મેં કીધું, વાત ખોટી છે. ના એકદમ વાત નથી. વસ્તુની સ્થિતિ એમ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એકવાર થયેલું આત્માનું ભાન ભૂલી જાય પછી એને ભાન રહ્યા કરે જ્ઞાન સમ્યક્, એમ છે નહિ. સમજાણું કાંઈ? ભલે અર્ધપુદ્‌ગલ સંસાર થઈ ગયો. સમજાય છે? પણ એને ખબર નથી. મૂઢ થઈ ગયો. અહીં તો આચાર્યની ગતિ જ બીજી છે. '**मोहखलु जादि तस्स लयं**' નાશ... નાશ.. નાશની જ વાત. સમજાણું કાંઈ?

'**એક વાર પણ વિલય પામે તો ફરીને ન આવે,...**' સમજાણું? પાછળ છે ને? બીજું છે ને? પરિપક્વનું નહિ? ડિટડેથી પાક્યું ફળ. ડિટડું સમજ્યાને? ડિટડું હોય ને? ડિટડું ગળી ગયું. પછી કાંઈ ચોંટે એવું છે ત્યાં? ફળ ચોંટે? એમ એકવાર યથાર્થ ભાન થઈ ગયું અને એની એ દશા રાખી તો ફરી એને રાગની એક્તા થાય નહિ. એમ કહેવું છે. એને બંધન થતું નથી.

**आसंसारत एव धावति परं कुर्वेऽहमित्युच्चकै-**
**र्दुर्वारं ननु मोहिनामिह महाहङ्काररूपं तमः।**
**तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत्**
**तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः।।५५।।**

'**આ જગતમાં...**' આ સંસાર અનાદિથી '**મોહી (અજ્ઞાની) જીવોનો પરદ્રવ્યને હું કરું છું એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર...**' જુઓ! પરદ્રવ્યની ક્રિયા હું કરું અને મારી ક્રિયા પરદ્રવ્ય કરે એમ બેય ભેગું છે. '**પરદ્રવ્યને હું કરું છું એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ...**' દેખો ભાષા! '**અજ્ઞાનાંધકાર-**' પાછું લીધું જોયું! ઓલા કહે છે કે પરને જીવાડી-મારી શકાય છે. ફક્ત એનો અહંકાર કરવો નહિ. એવો અર્થ કરે છે. ભાઈ! ઓલા કહે છે કે અનાસક્તિએ કામ કરવું. આ કહે છે કે પરનું કરી શકાય છે પણ અહંકાર ન કરવો. બેય એક જાતના છે. અનાસક્તિએ તું કરી શકતો નથી પરનું પછી પ્રશ્ન ક્યાં? સમજાણું કાંઈ? અનાસક્તિએ કરવું. એક જણા મેળવતા હતા ઓલા મગનલાલ દસ્તુરી. આ સમયસારમાં એમ કહ્યું છે. કીધું એમ નથી. અનાસક્તિએ કરવું એમ નથી. કરી શકાતું જ નથી. અનાસક્તિએ કરવું તો અનાસક્તિ કહેવી અને વળી પરનું કરવું, બે ક્યાં રહ્યું? સમજાણું કાંઈ? કો'કનું કાંઈ કરીએ, આમ કરીએ, ભલું કરી દેવું. સમજાણું? અને કોઈ દુઃખી હોય એના આંસુ લુછવા, બે પૈસા દેવા, કપડા દેવા, દાન દેવા એમ આપણે કરવું. આસક્તિ ન કરવી. અહીં તો કહે છે કે એ પરદ્રવ્યનું કરવું એ જ મિથ્યાત્વરૂપી મહાઆસક્તિ છે. કહો, કરી શકાતું જ નથી. શરાફજી! કેમ હશે આ?

'**પરદ્રવ્યને હું કરું છું...**' એની પર્યાયને હું કરું છું '**એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ...**' ભાષા કેવી! સમજાય છે? '**અજ્ઞાનાંધકાર કે જે અત્યંત દુર્નિવાર છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે અત્યંત દુર્નિવાર છે. **'दुर्वारं'** **'आसंसारत'** **'અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.'** નિગોદથી માંડીને, હોં! એવી દષ્ટિ અંતરની સ્વભાવથી છૂટી અને પરનું કરવું એવો ભાવ અનાદિનો અજ્ઞાનીને ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? જુઓ! આમાં એમ નથી લીધું ક્યાંય કે કર્મને લઈને અજ્ઞાન છે. એનો પોતાનો અહંકારરૂપ અજ્ઞાન અંધકાર છે. પોતાના દોષને કારણે છે. સમજાણું? એને જો એકવાર પણ આત્માની અંતર દષ્ટિ કરીને નાશ કરે તો કેવળજ્ઞાન થયા વિના રહે નહિ. એ વાત વિશેષ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૫, ગુરુવાર તા. ૩-૧૧-૧૯૬૬**
**શ્લોક-૫૫-૫૬, ગાથા-૮૭, પ્રવચન-૧૭૬**

આ કર્તાકર્મ અધિકાર. સમયસાર. એનો ૫૫મો કળશ છે કળશ. **'આ જગતમાં મોહી (અજ્ઞાની) જીવોનો...'** જુઓ! અહીં તો એ શબ્દ છે. અજ્ઞાની જીવોનો. **'પરદ્રવ્યને હું કરું છું'** કેટલાક કહે છે કે પરદ્રવ્યને હું કરું છું એ કરી શકે તો છે. પણ એનો અહંકાર કરવો નહિ. એમ કહે છે. બીજાને જીવાડવું, મારવું, સુખી-દુઃખી કરવું એવું જીવ કરી શકે છે.

મુમુક્ષુ :- એ તો દયાધર્મનો ઉપદેશ ...

ઉત્તર :- દયાધર્મ એ તો શુભભાવની વાત પ્રમાદ ન થાય એવો ભાવ આવે શુભભાવ એમ કહે છે.

અહીં તો અહંકાર કરવો એની અહીંયાં વ્યાખ્યામાં કહ્યું છે કે અજ્ઞાની જીવોનો પરદ્રવ્યને હું કરું છું. એમ અહંકાર શબ્દ છે. મોહી શબ્દ છે ને? **'मोहिनामिह महाहङ्काररूपं तमः'** છે ને ભાઈ? અજ્ઞાની જીવોનો એવો અહંકાર છે કે હું પરદ્રવ્યને કરું છું, કર્મને બાંધું છું, શરીરની ક્રિયા કરું છું, બીજાને જીવાડું, મારું, સુખી-દુઃખી કરું એમ હું કરી શકું છું. **'એવા પરદ્રવ્યના કર્તૃત્વના...'** એવા પરપદાર્થના કર્તૃત્વનો. પરનું કરે એવો આત્મામાં કર્તૃત્વ ધર્મ નથી. સમજાય છે કાંઈ? આત્માનું પોતે કરે એવો એનામાં કર્તૃત્વ ધર્મ છે.

મુમુક્ષુ :- નિમિત્ત તરીકે કરે.

ઉત્તર :- એ નિમિત્ત તરીકે કરે એનો અર્થ શું? કે ઉપચારથી કથન છે. પરિણમનાર તે કરે.. પરિણમનાર તે કરે, પરિણમે તે કરે એ તો પહેલો શબ્દ આવી ગયો પહેલી ગાથામાં. **'परिणमति स कर्ता'** મહાસિદ્ધાંત. જે પલટો ખાય તે કર્તા. નિમિત્ત કાંઈ આ કાર્યમાં પલટો ખાતો નથી. વસ્તુ તો એમ છે.

**'(અજ્ઞાની) જીવોનો...'** એ કર્મબંધન, શરીર-વાણી-મનની ક્રિયા, આ બધા કામ. કહે છે ને ઘણા? દેશના કરું, કુટુંબના કરું, ઘરના કરું, ગામના કરું, નાતના કરું. એય..!

મુમુક્ષુ :- મંદિરના કરે.

ઉત્તર :- મંદિરના. પણ એ તો ત્યાં હતા કલકત્તે મંત્રી હતા. અહીં મોટા પાંજરાપોળના અધિકારી છે પોરબંદરમાં. છે કે નહિ? કરી શકે છે કે નહિ?

મુમુક્ષુ :- .. કરતા હશે?

ઉત્તર :- એ વિના ત્યાં તમને રોકતા હશે? કે આવો કાકા અહીં પાંજરાપોળ જોઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાવ. પાંજરાપોળ જોઈ જાવ.

અહીં કહે છે, ભાઈ! વાત તો એવી છે કે જે ક્ષણે જે દ્રવ્યની પર્યાયનું કાર્ય થાય તે કાળે ભલે નિમિત્ત હો, પણ તે નિમિત્તથી એ કાર્ય નથી થતું કાંઈ. પરિણમનાર જે પરિણમે છે તે તેનો કર્તા છે. પર જીવના સુખદુઃખની પરિણતિનો તે પરદ્રવ્ય કર્તા છે. આત્મા એનો કર્તા નથી. કહે છે કે ભાઈ! આ વાણી આદિ અને શરીર આદિની પર્યાય કે કર્મ બંધનનું અહીં તો મુખ્યપણું એ છે ને, કાંઈક વિકાર પરિણામ થયા માટે કર્મ બંધાય છે એવો અજ્ઞાનભાવ છોડી દે હવે. કહે છે. આહાહા..!

તારી સામું જો ભાઈ તું કોણ છો. સમજાણું? એ તો આ હું છું તો આ બંધાય છે એનો અર્થ કે તારી હયાતી એને લઈને, એની હયાતી તારે લઈને. પણ હું છું તો જ્ઞાતા-દૃષ્ટાના આનંદના પરિણામ છે. એમ તો જો કોઈ દિ'. સમજાણું કાંઈ? હું છું તો મારા પરિણામ વિકારના થાય એ જુદું. અને પરના કામ થાય. એ તો પર ઉપર એનું લક્ષ છે એટલે એને થાય છે કે હું છું તો આ થાય છે. અને હું છું તો એ થાય છે એટલે વિકારના પરિણામ પણ હું છું તો થાય છે. એમ દૃષ્ટિ મિથ્યાત્વમાં એ ભાવ થાય છે. સમજાણું કાંઈ?

'**એવા પરદ્રવ્યના કર્તૃત્વના મહા અહંકારરૂપ...**' ભાષા કેવી છે, જુઓને! '**मोहिनामिह महाहङ्कारारूपं तमः**' જુઓ! એ અહંકારરૂપ અજ્ઞાન સિદ્ધ કરે છે. '**મહા અહંકારરૂપ અજ્ઞાનાંધકાર કે જે અત્યંત દુર્નિવાર છે...**' અનંત પુરુષાર્થથી ટળી શકે છે. સાધારણથી ટળી શકતો નથી. એમ કહે છે, હોં! દુર્નિવાર એટલે વારી શકાય નહિ એમ નહિ. અહીં શબ્દ તો એમ છે લ્યો, ભાઈ! ઘણો પ્રયત્ન જોઈએ. એમ કહે છે. દુર્નિવાર વારી શકે નહિ તો તો અનંતા ટાળીને મુક્તિને પામ્યા. કેમ કે અનાદિથી આ કર્યું... આ કર્યું... આ કર્યું... આ કર્યું. પોતે એક અને અનંત પદાર્થની પર્યાયની ઉપસ્થિતિમાં હોય જ્યાં જ્યાં, ત્યાં ત્યાં અનંતને હું કરું... હું કરું... હું કરું... એવું લપ ગરી ગયું છે અંદર, એને ટાળવું એ મહાપુરુષાર્થ માગે છે. એમ કહે છે.

દુર્નિવારનો અર્થ? સમજાણું? '**અત્યંત દુર્નિવાર છે...**' દુર્નિવાર છે ને પણ? અશક્ય છે એમ તો નથી ને? અશક્ય છે એમ તો નથી ને. તો કહે છે કે ભાઈ! '**અનાદિ સંસારથી ચાલ્યો આવે છે.**' કોણ? જે અજ્ઞાનરૂપી અંધકાર. ભગવાન ચૈતન્ય સ્વભાવને ભૂલી અને પરના કાર્ય હું કરું એમ જે દૃષ્ટિ છે એવું અજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે. નિગોદથી માંડીને ચાલ્યું આવે છે એમ કહે છે. નિગોદથી, એકેન્દ્રિયની પર્યાયથી, જે નિત્યનિગોદથી માંડીને આ ચાલ્યું આવે છે.

આચાર્ય કહે છે.. ઓહોહો..! અહો..! પાઠમાં તો '**द्भूतार्थपरिग्रहेण**' છે. '**द्भूतार्थपरिग्रहेण**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એના ત્રણ અર્થ કર્યા. એક '**પરમાર્થનયનું અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક અભેદનયનું...**' ત્રણ કર્યા જુઓ! ચાર શબ્દનો એકાર્થ છે. ભૂતાર્થનયનું. ભૂત નામ છતો ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે. એને પકડવાની જે નય દૃષ્ટિ છે. ભૂતાર્થનયથી જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ સત્ છે એને પકડવાની દૃષ્ટિથી. એક વાત. '**પરમાર્થનયથી....**' એનો ને એનો અર્થ છે બીજો. ભૂતાર્થ છતો પદાર્થ જ્ઞાયકસ્વરૂપ છે, ભાઈ! એ છતો આત્મા ભાવ તે શુદ્ધતાને કરે. અશુદ્ધતાને કરે એ પણ સ્વભાવમાં નથી તો પરનું કરે એ તો ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ?

એકવાર ચૈતન્યના શરણને જો, ભાઈ! છતો જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ધ્રુવ, એવા આત્માને ભૂતાર્થ છતા પદાર્થને ગ્રહવાથી અથવા પરમાર્થનયના ગ્રહણથી. ઓલો વ્યવહારનય છે, પર્યાયનય છે એ નહિ. શુદ્ધદ્રવ્યાર્થિક એમ એની બીજી ભાષા લીધી. શુદ્ધ દ્રવ્યસ્વરૂપ, જ્ઞાયક ચિદાનંદ એને ને એને અભેદનય કીધી. અભેદનય. ઓલા ભેદ પડે છે કે આનું કરું અને રાગ કરું એ બધો ભેદ પડે છે. સમજાણું કાંઈ?

'**એક વાર...**' એમ છે ને? એક વાર. અંતર્મુહૂત. એનો અર્થ કર્યો છે. એક વાર અંતર્મુહૂર્ત માત્ર. આમ અનાદિથી ચાલ્યું આવે છે એની સામે આ કાળ છે. અનાદિથી અજ્ઞાનનો અંધકાર (ચાલ્યો આવે છે) પરનું કરું... પરનું કરું... પરનું કરું... કરી શકતો નથી અને કરું એવો જે અજ્ઞાન અંધકાર એકવાર ભૂતાર્થનય. ભૂતાર્થનય (ગ્રહણ કર.) આમ પર ઉપરના લક્ષે તો અનંત કાળ ગયો. અને આ જો ભૂતાર્થનયનું ગ્રહણ કર તો એક વારે તારો અંત આવી જાય સંસારનો. સમજાણું કાંઈ? અનાદિ નિગોદથી માંડીને અજ્ઞાન અંધકાર (ચાલ્યો આવે છે). એ ભગવાન ચૈતન્ય સ્વરૂપ પોતાની સત્તાને છોડીને પરસત્તામાં જતો નથી. છતાં તેને કરું છું એવું જે અજ્ઞાન, પોતાનું દ્રવ્ય છોડીને બીજા દ્રવ્યમાં ભળતો નથી, છતાં તેનું કરું એવું જે અજ્ઞાન. એવા સ્વદ્રવ્યમાં એકાકાર એક વાર તો થા, એમ કહે છે. સમજાણું કાંઈ?

અહો..! '**પરમાર્થનયનું...**' ભગવાન આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક સત્... સત્... સત્... સત્... સત્... સત્.. શાશ્વત સત્ વસ્તુ છે એની સામું એક વાર તો જો. શુદ્ધદ્રવ્યાર્થિકનો પરમાર્થદૃષ્ટિનો વિષય એક વાર તો કર. એના '**ગ્રહણ કરવાથી જો તે એક વાર પણ નાશ પામે...**' અર્થાત્ અંતર્મુહૂર્તમાં તે નાશ પામે. આત્માના અંતર ઉપયોગ ચૈતન્યની એકાગ્રતાથી અનાદિનું અજ્ઞાન અંતર્મુહૂર્તમાં નાશ પામે. '**તો જ્ઞાનઘન આત્માને ફરી બંધન કેમ થાય?**' એકદમ અપ્રતિહત ભાવ લીધો છે. સમજાણું? ભગવાન દ્રવ્ય સ્વભાવ, ગુણ સ્વભાવથી કોઈ દિ' ચ્યુત થયો નથી. દ્રવ્ય સ્વભાવ અને ગુણ સ્વભાવથી ચ્યુત થયો નથી. પર્યાયમાં પરને લઈને ચ્યુત છે. તો આ દ્રવ્ય-ગુણનો આશ્રય જો કર તો દ્રવ્ય-ગુણ જેમ ચ્યુત થતા નથી તો એને ગ્રહણ કરેલી દૃષ્ટિ તે પછી ચ્યુત થશે નહિ. એમ મૂળ કહે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'એક વાર પણ નાશ પામે...'** પણ નાશ પામવાનો ઉપાય કહ્યો. હોં! ઓલો નાશ પામે એમ નહિ. ભૂતાર્થનયનું ગ્રહણ કરવાથી એમ શબ્દ છે ને? ન્યાય તો આપ્યો છે ને. ભાઈ! કર્મ એની મેળાએ નાશ પામે, મિથ્યા ભ્રાંતિ એમ નહિ. એનો ઉપાય અને કારણ આપ્યું છે. ભૂતાર્થનયને ગ્રહણ કરવાથી. ભગવાન એક વાર શુદ્ધ ચૈતન્ય છે ને ભાઈ! એની અંતર એક વાર દૃષ્ટિ ગ્રહણ કરવાથી. બસ. સમજાય છે? **'તે એકવાર પણ નાશ પામે તો જ્ઞાનઘન આત્માને...'** આત્માનું વિશેષણ (આપ્યું). કોણ છે આત્મા? એ તો જ્ઞાનઘન છે. ચૈતન્ય વિજ્ઞાનપિંડ છે. અનાકુળ આનંદનો રસકંદ છે. એવા આત્માને **'ફરી બંધન કેમ થાય?'** અબંધ સ્વભાવી દૃષ્ટિ થઈ, એને અબંધ સ્વભાવી વસ્તુની દૃષ્ટિ થઈ એને હવે બંધ પરિણામ ફરીને કેમ થાય? એકદમ અપ્રતિહત ભાવની વાત કરી છે. સમજાણું કાંઈ? જ્ઞાનઘન ભગવાન આત્મા, એને રાગની ઉત્પત્તિ જ કેમ થાય? એમ કહે છે. સમજાય છે? જ્યાં સ્વભાવ જ્ઞાનઘન આત્મા કીધું ને? જ્ઞાનઘન આત્મા વસ્તુ રસકંદ આત્મા, જ્ઞાનનો રસરૂપ આત્મા, એને આમ પકડવાથી જ્ઞાનઘન આત્માને ફરીને બંધન કેમ હોય હવે? સમજાણું કાંઈ?

**'(જીવ જ્ઞાનઘન છે માટે યથાર્થ જ્ઞાન થયા પછી જ્ઞાન ક્યાં જતું રહે?'** વસ્તુનું ભાન (થયું), સૂર્ય ઉગ્યો, આ તો ઉગ્યો અને આથમે, આ તો ઉગ્યો એ આથમે નહિ. એવી વાત છે. સૂર્ય ઉદય થયો એ તો અસ્ત થાય છે. આ ઉદય થયો એ અસ્ત નથી થતો એવું જોર આચાર્ય કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાનઘન છે તે **'ક્યાં જતું રહે? ન જાય. અને જો જ્ઞાન ન જાય તો ફરી અજ્ઞાનથી બંધ ક્યાંથી થાય? કદી ન થાય.)'** જુઓ! અમૃતચંદ્રાચાર્યનું જોર. એ વસ્તુની સ્થિતિનું જોર (છે). ભૂતાર્થને પકડ્યો અને હવે પછી અભૂતાર્થની દૃષ્ટિ થાય અને બંધન થાય નહિ, એમ કહે છે. સમજાય છે? એનો અર્થ એવો નથી કે કોઈ પાછો ભૂલી જાય તો પાછું એવું ને એવું જ્ઞાન રહે. એમ અહીં નથી. ભૂલી જાય જ નહિ એમ જ અહીં અર્થ છે. એવા અર્થમાં જ અહીં વાત કરી છે. સમજાણું કાંઈ? પાછી એમાંથી ચર્ચા કાઢે કે ભૂલી જાય તો પણ એને એવું ને એવું જ્ઞાન રહે પર્યાયમાં. એ વાત અહીં છે જ નહિ. ભૂલી જવાની વાત જ નથી. એ વાત આસ્રવના અધિકારમાં કરે કે ભાઈ! એકવાર પણ જ્ઞાનથી, શુદ્ધનયથી ચ્યુત થાય તો ફરીને કર્મ બાંધે. આવે છે ને? આસ્રવના અધિકારમાં આવે છે. છેલ્લે મૂળ ગાથા છેલ્લી આવે છે. મૂળ ગાથા છેલ્લી આવે છે ને. શુદ્ધનયથી ચ્યુત થાય તો ફરીને કર્મ બાંધે. એ શુદ્ધનયનો અર્થ? અનુભવ જે દૃષ્ટિ કરી એમાંથી ચ્યુત થઈને વળી રાગની એક્તાનો ભાવ થાય તો બંધન પામે. એ તો એક જાણવાની વાત છે.

અહીં તો વસ્તુની સ્થિતિ કર્તાકર્મનો એકવાર પણ પર સાથેનો સંબંધ તૂટ્યો અને ભગવાન

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા અસંગનો સંબંધ થયો એ સંબંધ કોણ તોડે હવે? એણે તોડ્યો હતો પોતાનો પરની સાથે કર્તા (થઈને). એણે જોડી દીધો. હવે જોડનાર પાછો ખસે નહિ. એમ વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ભાવાર્થ :- અહીં તાત્પર્ય એમ છે કે-અજ્ઞાન તો અનાદિનું જ છે...**' જોયું! એ કાંઈ નવું નથી. અનાદિનું પ્રવાહ રૂપે, હોં! નવું... નવું... નવું... નવું... સમયે સમયે નવું નવું થાય. પણ પ્રવાહરૂપે અનાદિનું છે. '**પરંતુ પરમાર્થનયના ગ્રહણથી,...**' જુઓ! ભાષા છે. ભૂતાર્થનો અર્થ જ પરમાર્થ કીધો. પરમાર્થનય વસ્તુ પરમપદાર્થ ભગવાન આત્મા એના સ્વભાવને પકડવાની અંતર દૃષ્ટિ દ્વારા '**દર્શનમોહનો નાશ થઈને,...**' લ્યો, અહીં તો દર્શનમોહના નાશની વાત છે. લ્યો! ઓલા કહે છે કે આ અધિકાર તો કેવળી અને બારમા ગુણસ્થાનની, ફલાણા ગુણસ્થાનની વાતું કરે છે એય..! બાબુલાલજી!

મુમુક્ષુ :- એ તો પંડિતનું લખેલું છે.

ઉત્તર :- પંડિતનું લખ્યું છે પણ આ પાઠમાં શું છે? પાઠમાં શું છે? મોહનો નાશ થાય એકવાર. એમ છે.

મુમુક્ષુ :- મોહનો નાશ તો બારમે થાય.

ઉત્તર :- અહીં દર્શનમોહની વાત છે. હા એ કહે છે. અરે..! મુનિ પોતે કહે છે ને પ્રચુર સ્વસંવેદનથી અમારો વૈભવ ઉત્પન્ન થયો છે. એમ તો કહે છે ને. રાજેન્દ્રજી! કહે છે ને પાંચમી ગાથામાં. તો કેમ બારમા ગુણસ્થાનની વાત છે? ત્યારે એ કહે છે ને આ બધું શું છે? અમારો વૈભવ અમે સમયસારમાં કહેશું. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं**' પ્રમાણ કરજે, ભાઈ! એમ કરીને. '**जदि दाएज्ज**' પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण घेत्तव्वं**' કોઈ એવા શબ્દોની શૈલી આદિમાં ખ્યાલ તારો આવી જાય, એનો ખ્યાલ અહીં ન હોય તો એટલું પકડીશ નહિ. અમારે તો અંતરમાં વસ્તુના અનુભવની દૃષ્ટિ કરાવવી છે. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે કે પ્રચુર સ્વસંવેદનથી અમારો વૈભવ ઉત્પન્ન થયેલો છે. તો બારમા ગુણસ્થાનની વાત છે ઈ? અરે..! ભગવાન! ત્યારે શું કહે છે? આ ચોથાવાળાની, પાંચમાવાળાની વાત નથી.

મુમુક્ષુ :- મુનિ..

ઉત્તર :- મુનિ છઠ્ઠે છે. એ છઠ્ઠે તો અહીં મુનિ છે માટે. બાકી વાત સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની જ વાત છે આમાં. સમજાણું કાંઈ? નિર્જરાના અધિકારમાં શું કહે છે? જુઓ! સમ્યગ્દૃષ્ટિ સચેત-અચેતને ભોગવે છે. તો કોણ સચેત ભોગવતો હશે મુનિ? શિષ્ય આદિને કહે છે. પણ સચેતમાં સચેત, અચેત બધી વાત છે ત્યાં. સમ્યગ્દૃષ્ટિ છે એ સચેત-અચેતની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્રિયા ભોગવતો તો નથી પણ એને બીજો ભોગવે એમ માને છે ને. સમજાણું કાંઈ? દેખે છે ને. પોતે એકકોર કહે છે કે પરને આત્મા ભોગવે નહિ. વળી ત્યાં કહે કે સચેત-અચેત સમ્યગ્દષ્ટિ ભોગવે. ઉપભોગ ઈન્દ્રિયં. લ્યો! સામા માણસ દેખે છે ને આ ભોગવે છે, એ દૃષ્ટિએ એમણે વાત કરી છે. સમજાણું કાંઈ?

ભાઈ! સમ્યગ્દષ્ટિ, આત્માનું ભાન છે એને આવો સંયોગ હોવો, પણ દૃષ્ટિ ચૈતન્ય અબંધ વસ્તુ ઉપર દૃષ્ટિ છે. એથી એના અબંધ પરિણામ સમ્યગ્દર્શનનું એટલું જોર છે કે એવા સંયોગમાં આવતા છતાં તેને બંધ થતો નથી. તેને નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ કોની વાત છે? સચેત-અચેતને ભોગવે એની તો વાત છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એને આત્માનું સમ્યગ્દર્શન શું એનું માહાત્મ્ય નથી. એટલે જાણે સમ્યગ્દર્શન એટલે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી, નવ તત્ત્વની શ્રદ્ધા કરવી. એમ ન હોય. બાપુ! આત્માના ભાન થતાં તો અનંતા ગુણના અંશ વ્યક્ત થાય. એમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ભેગો ન આવે તો એ સમ્યગ્દર્શન નથી. એમ કહે છે. આહાહા..! ભાઈ! તને તારા એક દ્રવ્યનો ભૂતાર્થનો સ્વીકાર થયો. જુઓને!

એક સમયમાં અનંત ગુણનો પિંડ એવો ભગવાન આત્મા, એક ક્ષણવાર પણ જો આદર થઈ ગયો તો કહે છે કે એ અનંતા ગુણના અંશનો આનંદ આદિનો સ્વાદ પર્યાયમાં આવ્યો. એ આવ્યો એ જાય ક્યાં હવે? સમજાય છે? માએ દિકરો પ્રસવ્યો. પણ એ કાંઈ પેટમાં પાછો જાય? એમ કહે છે કે ન જાય. પંડિતજી! આચાર્યનું જોર છે. આહાહા..! ઈ પ્રસવ્યો ઈ પ્રસવ્યો, હવે પાછો ફરે નહિ. આહાહા..!

કહે છે કે, ચૈતન્ય ભગવાન એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ પરનો અહંકાર આ કરું.. આ કરું... આ કરું... આ કરું.. જે અનંત કાળનું અનંતનું અનંત મિથ્યાત્વ હતું, અનંત કાળનો અનંત બેહદ મિથ્યા અભિપ્રાય હતો, એક વાર ભૂતાર્થ ભગવાન ચિદાનંદમૂર્તિ આત્મા, એને ગ્રહણ કરે તો એટલી તાકાત અંતર્મુર્હૂતમાં છે કે અનંતા ગુણોનો અંશ પ્રગટ થઈને આત્માના આનંદનો એને સ્વાદ આવે. અતીન્દ્રિયનો સ્વાદ આવે. ત્યારે એને પરની ભ્રાંતિ ટળીને આત્મા સમ્યગ્દર્શનને પામે. એમ કહે છે. અરે..! ભગવાન! અરે..! આ તો સમ્યગ્દર્શન તો કેવી સ્થિતિ કરી મૂકી જાણે. સમજાણું?

ચંદ્રનો બીજ છે એ ચંદ્રનો બીજ છે ને? ચંદ્ર આખો છે એની બીજ છે ને? એનો ભાગ છે ને? તો એના ભાગમાં બધા ભાગો આવી ગયા કે નહિ? એના પ્રકાશના અંશમાં બધો ભાગ આવી ગયો છે અંદર. ભલે થોડો પણ છે તો એ માયલો બધો ભાગ છે. એ બીજ વધીને જ પૂનમ થવાની છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ ભગવાન આત્મા એક ક્ષણમાં ચૈતન્યમૂર્તિ આનંદકંદ ધ્રુવ સ્વરૂપ, એનો આશ્રય કરે તો એને ક્ષણમાં સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગે. એ બીજમાં ચંદ્રના બધા જેટલા અંશો જેમ બીજમાં દેખાય છે અને એ બીજ બીજને દેખાડે, પણ બીજ આખા ચંદ્રને દેખાડે છે, હોં! જોઈ છે બીજ? બીજ વખતે આખો આકાર દેખાય. એ ધાબુ એટલું એ ત્રણને દેખાડે છે એ. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય સ્વરૂપ. ભગવાન કહે છે કે એકવાર પરના અહંકારથી છૂટ, તો અહીં અહંકાર આવશે તને, એમ કહે છે મૂળ તો. આમ જે અનંતો અહંકાર આ કરું.. આ કરું... પરદ્રવ્યનું કરું એવો અનંતો અહંકાર છે, એ છોડ અને ભૂતાર્થનો અહંકાર આ હું છું (એમ) એકવાર જો દૃષ્ટિ કર તો એવી તને દૃષ્ટિ થશે કે અનંતા ગુણની શક્તિની વ્યક્તતાનો અંશ તને પ્રગટ થશે. એ પ્રગટ્યો એ પ્રગટ્યો. એ પૂર્ણ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે. એમ કહે છે. વચ્ચે પડવા-ફડવાની વાત અહીં છે નહિ. આહાહા..! કહો, સમજાણું આમાં?

અરે..! ભગવાનના ભેટા થયા એ તે ભગવાન પાસેથી ખસે? એમ કહે છે. જુઓને કેટલું..! અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલા મહા સંત દિગંબર (થયા). વસ્તુ સ્થિતિ છે, બાપુ! દ્રવ્ય સ્વરૂપ જ જ્યાં દૃષ્ટિમાં આવ્યું, એ દૃષ્ટિમાં દોલત ભાળી. આખી પુંજી અનંત આનંદનો કંદ જ્ઞાયકભાવ. હવે એ દોલત કેમ દૃષ્ટિમાંથી ખસે? એમ કહે છે. સમજાણું કાંઈ?

પરમાર્થ સ્વરૂપ ભગવાન આત્મા, એને ગ્રહણ કરવાથી આ નાશ થાય છે. લ્યો, આ એક એનો ઉપાય. કષાયની મંદતાથી નાશ થાય દર્શનમોહનો, કોઈ નિમિત્તથી, ભગવાનના દર્શનથી (એમ નથી). કહો! બીજે બધે તો આવે છે ભગવાનના દર્શનથી આમ થાય, શાતા-અશાતાના બહુ દુઃખ નારકીના હોય તો એનાથી થાય. પંડિતજી! આવે છે કે નહિ? જાતિસ્મરણથી થાય, ... લબ્ધિથી થાય. એ બધા નિમિત્તના કથન છે, ભાઈ! કોનાથી લક્ષ છૂટ્યું હતું એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. પણ છૂટીને ગયો છે અહીં ભૂતાર્થદૃષ્ટિમાં. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, જો એને એકવાર દૃષ્ટિમાં ગ્રહણ કરે તો દર્શનમોહનો નાશ થઈ '**એકવાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઊપજે...**' અહીં તો ત્યાં સુધી લીધું લ્યો પંડિતજીએ. જયચંદ્ર પંડિતે બરાબર લીધું છે. '**તો ફરી મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ નહિ આવતાં મિથ્યાત્વનો બંધ પણ ન થાય.**' મૂળ બંધન એને ગણ્યું છે. અજ્ઞાનનો, મિથ્યાત્વનો બંધ એને બંધન ગણ્યું છે. '**મિથ્યાત્વ ગયા પછી સંસારનું બંધન કઈ રીતે રહે? ન જ રહે અર્થાત્ મોક્ષ જ થાય...**' કહો, સમજાણું આમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'ફરીને વિશેષતાથી કહે છે :-'

**आत्मभावान्करोत्यात्मा परभावान्सदा परः।**
**आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते।।५६।।**

ભગવાન **'આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે...'** સામાન્ય વાત છે. સમજાય છે? પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ, કામ-ક્રોધ આદિના વિકારને કરે. આત્મા પરનું કાંઈ કરી દે શરીર, કર્મનું, વાણીનું અને કુટુંબનું એ ત્રણે કાળમાં કરી શકતો નથી. સમજાણું કાંઈ? **'આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે....'** કેમ બરાબર હશે આ? આ દુકાન ઉપર બેસીને આ બધી વ્યવસ્થા કરે છે ને. કોણ કરે છે? બાબુલાલજી! કોઈ કરતું નથી? એય..! મલૂકચંદભાઈ! કોણ કરે છે? ભગવાન તો ના પાડે છે. એ તો કરે છે ત્યાં બેઠો પોતાના રાગ-દ્વેષને. એ હરામ આ હાથને ફેરવી શકે. એય..! ચંદુભાઈ! કેમ હશે? એણે બહુ કાપડ-બાપડ ફેરવ્યા છે આખો દિ'. અહીં તો ના પાડે છે, લ્યો.

ભગવાન કહે છે કે ભાઈ! તું કર તો તારી સત્તામાં, તારી હયાતીમાં, તારી મોજૂદગીના ક્ષેત્રમાં તું રાગ-દ્વેષ અને વિકાર આદિ કર. પણ પરનું કાંઈ કરી શકે એમ છે નહિ. **'પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...'** પાછું એમ લીધું છે અહીં તો. જે પર શરીર, વાણી, મન, કર્મ એ એની પર્યાયને કરે. જડ પદાર્થો એની દશાને કરે, તું તારી દશાને કર. બે ભેગા થઈને કાર્ય કરે એમ છે ક્યાં? આહાહા..! હોશિયાર માણસ તો પોતાનું પણ કરે અને પરનું પણ કરે તો હુશિયાર કહેવાય કે નહિ? કેમ હશે? ચંદ્રકાંતભાઈ! લ્યો! એ કહે છે ... બે કામ કરતા હશે ત્યાં? સુમનભાઈ નથી કરતા ત્યાં? દસ હજારનો પગાર છે. લ્યો. આમ કરો.. આમ કરો.. આ તેલનું આમ કરો, પેટ્રોલનું આમ કરો. એસોમાં છે ને? તો કરતા હશે કે નહિ પરનું? કર્યા વિના રૂપિયા આપે કોણ એને? પણ એ એની પર્યાય એમાં થાય એમ કહે છે. પૈસા આવવા-જવાની, કર્મ બંધનની જે પર્યાય છે એ તો પરભાવ પોતે પરદ્રવ્ય કરે છે. તારે લઈને એમાં ક્યાં થાય છે? સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! શું હશે આ?

અહીં તો એ કર્યું. કરેની પછી વાત લીધી. **'આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે...'** એકેન્દ્રિયથી માંડીને અનાદિનો પોતાની પર્યાયમાં પોતે ઘાલમેલ કરે. પણ પરમાં શરીર, વાણી, મનમાં અને પરમાં ત્રણ કાળમાં કરી શકે નહિ. **'પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...'** એ પણ પરદ્રવ્ય પોતાની પર્યાય વિનાનું છે નહિ. શરીર, વાણી, મન આ બધી ચીજો જડ, માટી. ક્ષણે ક્ષણે એની અવસ્થાને તે દ્રવ્ય કરે. એમાં તારો અધિકાર નથી.

**'કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે...'** જુઓ! આમ કહે છે. અસ્તિ સિદ્ધ કરે છે. જીવ પોતાની રાગ-દ્વેષ આદિ દશાને કરે. એ તો પોતાના ભાવ પોતે આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ કાંઈ પર નથી. પર નથી કે જેથી ન કરી શકે. કારણ કે પોતાના ભાવ એટલે પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત, શુભાશુભભાવ. એ પોતાના ભાવો છે તે તો પોતે જ છે. આત્મા જ છે. એની દશા તે એની જ છે. '**પરના ભાવો છે તે પર જ છે.**' શરીર, વાણી, મન આ બધી માટી, આ મકાન, ધંધા આદિ એ બધા પરપદાર્થ છે. એની અવસ્થાનું બદલવું થવું એ પરપદાર્થ કરે છે. આત્મા એને કરતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી એનો અર્થ શું થયો? કરે આ કરે છે. એટલે આ એનું કરે, તું તારું કર. એનો અર્થ કે એનું તું કર નહિ અને તારું એ કરે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનેકાંત છે ને.

ઉત્તર :- અનેકાંત આ. તારા ભાવને તું કર અને પરના તું કર નહિ. એનું નામ અનેકાંત છે. પરના પણ કરે અને પોતાના પણ કરે, બે કરે? કહો, સમજાણું આમાં? અહીં તો અસ્તિ કરી છે. ભાઈ! કેમ કરે? પોતાના ભાવ પોતે છે માટે. એમ.

જીવ છે એમાં અનંત ગુણ છે. એની અનંતી પર્યાય જે અવસ્થા થાય તે પોતાના ભાવ છે. તો પોતે પોતાના ભાવ પોતે છે તો કરે. પોતે છે તો કરે. એમ. અને પર વસ્તુ પર છે તો પરવસ્તુના ભાવ પર કરે. જુઓ! આ શરીરની અવસ્થા ચાલે છે આ. કહે છે કે એ તો શરીરની અવસ્થા ભાવ છે. કોનો? કે શરીરનો. પોતાના ભાવ પોતે કરે, એના ભાવ એ કરે. કારણ કે એ પોતે જ છે. આમ આમ થવું, હાલવું, ચાલવું, આમ થવું એ બધું રજકણ જ છે. એ આત્માથી થાય છે એમ નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં એમ નથી. અજ્ઞાનીને મૂઢને ભ્રમ પડી જાય છે કે આ મારાથી થાય છે. બાબુલાલજી! આહાહા..!

જુઓ! કેવી રીતે વાત કરી. ઓલી બધી કરી પછી આમ કહ્યું. '**આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે અને પરદ્રવ્ય પરના ભાવોને કરે છે;...**' ભાવ એટલે પર્યાય. '**કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે...**' અહીં પર્યાયની વાત લેવી છે ને? કરે છે લેવું છે. દ્રવ્ય-ગુણ ક્યાં કરે છે? દ્રવ્ય-ગુણ તો છે સદાય. આત્મા વસ્તુ છે તો એની પર્યાયને એ કરે. શરીરની આ પર્યાય તો જડની છે. આ જડની પર્યાય તે જડરૂપ છે. તો જડનો ભાવ જડ કરે. આત્મા કરે નહિ. ના ના, વ્યવહારે કરે.

મુમુક્ષુ :- વ્યવહારે કરે, નિમિત્ત તરીકે કરે.

ઉત્તર :- નિમિત્ત તરીકે કરે. પણ એનો અર્થ એ નથી. એ કરે એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. કરે શું? ધૂળ કરે? અમારે એક હતા અહીં લીલાધરભાઈ એમ કહેતા હતા. કાગળ લખ્યો હતો. સોનગઢના... આ શું કહેવાય? કમ્પાઉન્ડમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરે અને પુણ્યથી ધર્મ થાય એ આ કમ્પાઉન્ડમાં નથી. આ કમ્પાઉન્ડની બહાર છે. એય..! ઘણા વર્ષ પહેલાં લીલાધરભાઈ હતા ને. (સંવત) ૨૦૦૧ની સાલમાં ગુજરી ગયા. ૨૦૦૧ની સાલ. ૨૧ વર્ષ થયા. આમ તો વૈષ્ણવ પહેલા હતા અને પછી અહીં થઈ ગયું હતું ને. હુશિયાર હતા હોં! સમજવાળા. આ વાત સાચી છે. એક પદાર્થ બીજા પદાર્થનું કરે અને પુણ્ય શુભભાવથી ધર્મ થાય એ આ કમ્પાઉન્ડની બહાર છે. બાબુલાલજી! એવા હુશિયાર હતા. આ તો હજી આને ભાન ન મળે. સાધુના નામ ધરાવે તો મેં પરનું કરી લીધું. પરની દયા પાળીએ. કહે છે કે પણ પરની દયાના પરિણામ, તું પરિણામ તારા ભાવને કર, શુભભાવને. પણ એ જે બચવાની પર્યાયને તો એ કરે ત્યારે થાય. તારાથી ત્યાં થાય છે? સમજાણું કાંઈ? અહીં તો હજી જીવને બચાવી દેવા છે, રાખી દેવા છે, રક્ષણ કરવું છે. મૂઢ છો કહે છે.

મુમુક્ષુ :- પોતાનું રક્ષણ...

ઉત્તર :- તને તારું ભાન નથી. તું શું કરે છો એની તને ખબર નથી. અને બીજામાં શું થાય છે એને લઈને એની તને ખબર નથી અને બીજાનું કરવા હાલી નીકળ્યો. કરો, દેશનો સુધારો કરો. શું આ પંચશીલ ને શું કહે છે બધા? પંચશીલ કહે છે? શું કહે છે? યોજના. આમ તળાવો કરો, આમ ફલાણું કરો. ધૂળેય કરતો નથી, સાંભળને હવે.

એક એક દાણો... દુનિયા પણ નથી કહેતી કે ખાનારનું નામ દાણે દાણે છે? આવે છે કે નહિ તમારે? એનો અર્થ શું? મહોરછાપનો અર્થ શું? એક એક દાણામાં ખાનારનું નામ છે-મહોરછાપ. એનો અર્થ શું? એ તો કાઠિયાવાડમાં પણ બોલે છે. એ રજકણ જે છે અનંત રજકણના પરમાણુ જે સ્થાને પોતાની પર્યાયથી થવાનું મળે એટલે થશે. તારે કારણે નહિ. આહા..! કેમ કરવું? ધર્મચંદજી! પણ દેખાય છે ને. આ રોટલો ઉપાડીને ખાય છે. કહે છે, ના. એ તું ખાતો નથી. પણ તું તારા રાગને કર. પણ એ રોટલાની પર્યાય ઊંચી-નીચી થાય એ પર્યાયનો કર્તા એ પરમાણુ છે. કારણ કે એનો એ ભાવ છે. એનો એ કરે અને તારો તું કર. ભારે આકરું જગતથી. હોં! વીતરાગમાર્ગની વાતની ખબર ન મળે. અને માની બેઠા કે અમે વીતરાગને માનીએ છીએ. માનતો જ નથી તું. વીતરાગને માનતો નથી. દ્રવ્યનું સ્વરૂપ શું એને માનતો નથી. ગુરુ શું કહે છે એના હૃદયના અભિપ્રાયને જાણતો નથી. અને શાસ્ત્રને શું કહેવું છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? જુઓને!

'**આત્મા તો સદા...**' ત્રણે કાળની વાત કરી દીધી. '**પોતાના ભાવોને કરે છે...**' કેમ? '**કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે...**' એમ. પોતાની દશા જે રાગ-દ્વેષ વિકારી એ પોતે કરે. એમ સિદ્ધ કરવું છે ને? અને પરની દશા તે પરભાવ છે. પરની

દશા શરીરનો સંયોગ એને રહેવો કે વિયોગ થવો એ આત્માને આધીન નથી. આહાહા..!

હમણાં કો'કનું આવ્યું હતું ને? જૂનાગઢના સહસ્રા વનની વચમાં બાઈ અને છોકરાને મારી નાખ્યા. એ અવસ્થા તો જડની થવાની. ભાવ એણે કર્યો. ભાવથી ક્રિયા થાય એમ નથી એમ કહે છે અહીં. એય..! તંબોળી! ભાવ કરે. પણ એ પરના શરીરના કામ કરે અને પરને મારવાની ક્રિયા એ કરી શકે નહિ એમ કહે છે. પોતાનો ભાવ છે તે પોતે છે માટે કરે. પરનો ભાવ તે પર છે માટે તે કરે, તું ન કર. એમ કહે છે. ભારે વાત! આહાહા..!

આવું પરમસત્ય વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવે કહેલું, એને સાંભળવા મળે નહિ, ઈ બેસે કે દિ' એને? એ વાત થઈ. હવે ૮૭ ગાથાના ઉપોદ્‌ઘાતમાં પંડિતજી લખે છે. ૮૭ ગાથા શરૂ કરવી છે ને. આ ૮૬ પૂરી થઈ. સમજાણું આમાં? આમાં સિદ્ધાંત સિદ્ધ છેલ્લો શું કર્યો? સમજાણું? કે દરેક આત્મા પોતાની પર્યાયને કરે. કેમ કે તે પર્યાય પોતે સ્વરૂપે છે. એ કાંઈ પરસ્વરૂપે પર્યાય નથી. પર્યાય એટલે અવસ્થા. પરપદાર્થ તેની પર્યાયને કરે. કેમ કે તે પર્યાય તે પદાર્થ સ્વરૂપે છે. કેટલી સીધી વાત છે. કહો, સમજાણું આમાં?

ત્યારે હવે પોતે ... '**(પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને...**' આ શરીર, વાણી, મન એની જે આ ક્રિયાઓ થાય એને હું કરું, એને આપે તો અજ્ઞાન કહ્યું. '**જે એવું માને તે મિથ્યાદષ્ટિ છે; પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતા...**' આત્મા પોતાના ભાવને છોડીને શરીર, વાણી, મન અને પર આ કુટુંબ, કબીલા, નાત, દેશ એનું કરે, એમ માને એ તો મિથ્યાદષ્ટિ છે. જૈન નથી. એને વીતરાગ માર્ગની શ્રદ્ધા નથી. કહો, સમજાણું કાંઈ?

'**ત્યાં આશંકા ઊપજે છે...**' આશંકા ઊપજે છે, હોં! શંકા એમ નહિ. આશંકા-મારે સમજવું છે, મહારાજ! આપ શું કહો છો આમાં? કઈ રીતે ઘડ બેસાડો છો? કાંઈ ઘડ મને બેસતી નથી. વાત આપની ભલે સાચી હો પણ મને સમજાતી નથી. એનું નામ આશંકા. આ તમારી વાત ખોટી છે એમ કહે તો શંકા. '**ત્યાં આશંકા ઊપજે છે કે-આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે?**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના સ્વભાવને ભૂલી અને પરનું કરું... પરનું કરું... પરનું કરું... એવા મિથ્યાત્વભાવને કરે તો એ મિથ્યાત્વભાવ છે શું? સમજાણું કાંઈ? પહેલા તો તમે એમ કહ્યું હતું કળશમાં કે પોતાના ભાવ છે એ. હવે પોતાના ભાવમાં મને શંકા પડે છે. સાંભળો!

'**આ મિથ્યાત્વાદિ ભાવો શી વસ્તુ છે?**' આત્મામાં ઊલટી માન્યતા, વિપરીત માન્યતા કે પરનું કરું, પરને મારું, પરને જીવાડું, પરને સુખી-દુઃખી કરું, પરને પૈસા આપું, પરને આ લઉં, પરના દુઃખ ટાળું એવી કર્તાબુદ્ધિ એ તો અજ્ઞાન અને મૂઢ દશા છે. કેમ કે તે કરી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શકતો નથી. તો એ શી ચીજ છે? એ મિથ્યાત્વભાવ... પછી તો આ બધું પૂછ્યું, મિથ્યાત્વ, અવ્રત, કષાય, એ તે શું ચીજ છે? એટલો પ્રશ્ન પહેલો. '**જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં રાગાદિ ભાવોને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા તે કથન સાથે વિરોધ આવે છે;...**' આપ તો પહેલા કહી ગયા છો કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ વિકલ્પ એ બધા પુદ્‌ગલ પરિણામ છે. એમ કહી ગયા છો પહેલાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- યાદ રાખ્યું.

ઉત્તર :- યાદ રાખ્યું છે એણે એટલું. એ વાત પંડિતજીની મેળવવી છે ને. એટલું યાદ રાખ્યું એવો શિષ્ય રાખ્યો.

પહેલા તો એમ કહેતા હતા કે આ પુણ્ય-પાપ, કામ-ક્રોધ એ શુભાશુભ રાગ થાય ને એ બધા પુદ્‌ગલ પરિણામ. આત્માના હોય? આત્મા તો નિર્વિકારી ચિદાનંદ સ્વરૂપ છે. એ વિકારી પરિણામ એમાં ક્યાંથી આવ્યા? માટે વિકારી પરિણામ પુદ્‌ગલના છે એમ કહેતા આવ્યા છો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઘણું. એ જ કહ્યું જીવમાં અને અજીવમાં બેયમાં.

પહેલા રાગ-પુણ્ય-પાપની દશા પુદ્‌ગલના પરિણામ કહ્યાં. તે કથન સાથે વિરોધ આવે '**અને જો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે...**' સમજાણું કાંઈ? જો પુદ્‌ગલના જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલો આ વિરોધ આવે. પહેલા ના પાડી હતી એની સાથે. અને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે. બે વાત કરી. '**તો જેમની સાથે જીવને કાંઈ પ્રયોજન નથી...**' રાગ-દ્વેષ, પુણ્ય-પાપ જીવના નથી અને પુદ્‌ગલના કહો તો આત્માને કાંઈ સંબંધ નથી તેની સાથે. તો '**તેમનું ફળ જીવ કેમ પામે?**' રાગ-દ્વેષ જો જીવના નથી અને પુદ્‌ગલના (હોય) તો જીવને સુખ-દુઃખના ફળ ક્યાંથી આવે? રાગ-દ્વેષ પરિણામ પુદ્‌ગલના (હોય) તો આત્માને એનું ફળ કેમ આવે? પરનું ફળ આત્મામાં કેમ આવે? તમે તો ના પાડી છે કે પરનું ફળ આત્મામાં આવે નહિ. સમજાણું કાંઈ? એટલું પણ યાદ રાખ્યું એવો લીધો છે શિષ્ય. લ્યો!

આપ એમ કહો છો કે આત્મા સિવાય પર વસ્તુ શરીર, વાણી, મન, કર્મ આદિ પરપદાર્થ છે બધું. બાયડી, છોકરા, કુટુંબ, દેશ. એનું હું કરું છું, એને હું સુખી-દુઃખી કરું, એને મદદ કરું છું, મારાથી એ બધા નભી રહ્યા છે, એનાથી હું નભી રહ્યો છું એમ જે માને તેને આપ તો મિથ્યાદૃષ્ટિ કહો છો. ઝીણું છે હોં, ચંદુભાઈ! ક્યાં મુંબઈનું વાતાવરણ અને ક્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સોનગઢનું. ઓલા તો આખો દિ' હું.. હું.. હું.. કરતો હોય. આહાહા..!

તો પછી એ વસ્તુ શું પણ? એ તે વસ્તુ શું? આત્મામાં મિથ્યાદષ્ટિપણું, અજ્ઞાનપણું એ ચીજ શું? જો એ ચીજને તમે જીવની ચીજ કહો, તો પૂર્વે પુદ્‌ગલની ચીજ કીધી હતી. પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા. અને જો એને તમે પુદ્‌ગલના પરિણામ કહો તો જેને આત્મા સાથે પરિણામનો સંબંધ નથી એ પરિણામનું ફળ જીવને કેમ આવે? કહો, બરાબર છે? આ એની ગાથા કહે છે. લ્યો. '**આ આશંકા દૂર કરવાને હવે ગાથા કહે છે :-**)'

**मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।**
**अविरदि जोगो मोहो कोहादीया इमे भावा।।८७।।**

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને,**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.**

'**ટીકા :- મિથ્યાદર્શન,...**' એટલે વિપરીત માન્યતા અને મિથ્યાદર્શન એક અજીવ. એના બબ્બે પ્રકાર છે એમ કહે છે. '**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ જે ભાવો છે તે પ્રત્યેક, મયૂર અને દર્પણની જેમ,...**' મોર અને દર્પણ જેમ જુદા છે, એમ મોર શબ્દે અજીવ અને દર્પણ શબ્દે જીવ. સમજાણું કાંઈ? જુઓ! આમાં ગોટો વાળે છે અંદર. આમાં નીકળશે. મિથ્યાશ્રદ્ધા એક જીવભાવ છે અને એ, મિથ્યાદર્શનમોહ કર્મની એક પર્યાય છે. અવિરતિ-આત્મામાં આસક્તિનો ભાવ છે અને એમાં ચારિત્રમોહનો એક ઉદયભાવ તે અવિરત ભાવ જડમાં. ઈત્યાદિ જે ભાવ અને અજ્ઞાન. અહીં સ્વરૂપનું બેભાન એ અહીં દશા, જ્ઞાનાવરણીય આદિનો ઉદય તે જડની દશા. એક એકના બબ્બે પ્રકાર. સમજાણું કાંઈ?

'**ઈત્યાદિ જે ભાવો છે.**' ભાવો એટલે પર્યાય છે આ. પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત. '**તે પ્રત્યેક,...**' એટલે તે દરેક. દરેક એટલે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ, કષાય, યોગ આદિ. સમજાય છે? યોગ અને મોહ બધું .. આદિ બધું લીધું છે પાઠમાં. એ '**મયૂર અને દર્પણની જેમ, અજીવ અને જીવ વડે ભાવવામાં આવતા હોવાથી અજીવ પણ છે અને જીવ પણ છે. તે દષ્ટાંતથી સમજાવવામાં આવે છે :- જેમ ઘેરો વાદળી, લીલો, પીળો આદિ (વર્ણરૂપ) ભાવો કે જેઓ મોરના પોતાના સ્વભાવથી મોર વડે ભાવવામાં આવે છે...**' મોર છે ને આ મોર. આમ અરિસો છે. આમ મોર છે. ધ્યાન રાખજો એક સમયમાં બે (છે).

જે '**ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ ભાવો...**' એટલે પર્યાયો. '**કે જેઓ મોરના પોતાના...**' સ્વભાવની પર્યાયમાં છે. એના ભાવમાં છે. '**મોર વડે ભાવવામાં આવે છે...**' એના વડે થયેલી પર્યાય મોરની મોરની પર્યાય મોરમાં છે અને એનાથી બનાવાય-

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય છે. એવો તો મોર જ છે. મોરની આ લીલી, પીળી જે આ બધી અવસ્થા એ મોરથી ભવાય છે, થાય છે માટે તે બધું મોર જ છે. મોર કહે છે ને તમારે?

**'અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે તેઓ દર્પણ જ છે;...'** જુઓ ખુબી! દર્પણમાં... મોર અહીં છે. એ મોર અહીં નથી ગયો. અહીંયાં તો દર્પણની સ્વચ્છતાને કારણે જે અંદર લીલો, પીળો રંગ દેખાય છે એ તો દર્પણના સ્વચ્છતાનો વિકાર છે. એ દર્પણરૂપે છે. મોરરૂપે નહિ. મોરરૂપે નહિ. મોરના કારણે નહિ. સમજાય છે કાંઈ? અહીં પણ જુઓ! કર્તાકર્મમાં અધિકાર ભિન્ન પાડે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ જુદો અને કર્તા કર્મ જુદો. સમજાય છે કાંઈ?

કહે છે કે .. આદિ મોરથી બનાવાય તે મોરમાં અવસ્થા રહી ગઈ. ત્યાં. અને દર્પણમાં જે દેખાય છે તે મોર નથી. એ ઘેરો વાદળી, લીલો ભાગ પર્યાય જે દેખાય છે એ દર્પણની સ્વચ્છતાની વિકારમાત્રથી દર્પણ વડે થવામાં આવતા દર્પણ વડે ભાવવામાં આવે છે. મોર વડે નહિ. મોર વડે થઈ નથી અવસ્થા. આહાહા..! કર્તૃકર્મ ભિન્ન બતાવવા છે. આ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધને કર્તૃકર્મમાં નાખી દે છે, મોર વડે થયું છે ત્યાં. મોર વડે નહિ માટે કહે છે, દર્પણ વડે ભાવવામાં આવે છે. મોર વડે તો એની પર્યાય ત્યાં ભાવ થવામાં આવે છે.

દર્પણમાં જે લીલી, પીળી અવસ્થા (દેખાય છે) એ તો દર્પણ વડે જ થવામાં આવે છે. મોર વડે નહિ. ત્યારે મોરને નિમિત્ત ને નૈમિત્તિક કહેવાય. મોર વડે થાય તો તો કર્તાકર્મ બે થાય. એમ છે નહિ. માટે દાખલો આ લીધો છે. સમજાણું કાંઈ? આના અર્થમાં પણ ગોટો વાળે છે, હોં! ગાથા સમયસારના ગોટા. જુઓ! આમાં મોરને લઈને ત્યાં (થાય છે). મોર હટાવો જોઈએ, ત્યાં રહેશે ઈ? હટાવે કોણ?

મુમુક્ષુ :- અજ્ઞાની.

ઉત્તર :- અરે..! કોણ હટાવે? અજ્ઞાની હટાવી શકે નહિ. માને.

એ કાળે મોરની અવસ્થા જે લીલી, પીળી આદિ પાંખુ આમ થાય છે એ મોરની અવસ્થાથી થયેલી મોરરૂપ છે. મોરની અવસ્થાથી થયેલી મોરરૂપ (છે). અહીં દર્પણમાં એવા રંગની અવસ્થાથી દર્પણથી ભાવવામાં-પર્યાયરૂપ પરિણમવામાં આવવાથી તે દર્પણરૂપ છે. એના વડે થયેલી તે દર્પણરૂપ છે. મોર વડે એ થયેલી છે નહિ. સમજાણું કાંઈ? ભારે ભાઈ! દાખલો એવો કે એ દાખલો બેસવો કઠણ છે. સમજાણું?

અરિસો હોય ને અરિસો? એક ચકલું હોય. ચકલું બહુ ફરે. ચકલા હોય છે ને. એ સામે ચકલું બેઠું. એટલે વળી ઊંચે ચડે, ઊંચે ચડે એટલે પેલું પણ ઊંચું આવે. આ જાણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઊંચું ચડ્યું. ત્યાં તો અરિસાની અવસ્થા એવી થાય. ઊંચે કોણ આવે ત્યાં? સમજાણું કાંઈ? આમ અરિસો હોય ને અરિસો? ચકલો આમ ચાંચ મારે. એક વાર અમે બહુ જોયું હતું. શું નામ તમારા? ચાંચિયા. ચાંચિયા ગામમાં ગયા હતા ને તો અરિસો હતો .. ચકલા આવીને આમ આમ કરે. ક્રોધ (કરે). ઓલો સામો આમ નડે, બરાબર સામો દેખાય. એ તો અરિસાની અવસ્થા છે. આ ચકલાને લઈને નહિ. એ વાત જ ખોટી અહીં સિદ્ધ કરવી છે. એ ત્યાં પણ આમ જ્યાં આવતો હતો ત્યાં અરિસાની અવસ્થા તે કાળે આમ પોતાને કારણે તે અરિસાની પર્યાયથી ભાવવામાં આવેલી પર્યાય ચકલાના પ્રતિબિંબ રૂપે પોતે થાય છે. ચકલાને કારણે નહિ.

મુમુક્ષુ :- અરિસો પોતે થાય છે?

ઉત્તર :- અરિસો એ અવસ્થાને ધારણ કરે છે. ભાવવામાં આવે છે. જુઓને! શું કીધું? '**(દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે...**' આ કેટલી..

મુમુક્ષુ :- ... દર્પણ છે.

ઉત્તર :- હા, પણ તેથી કહે છે. એના ભાવમાં આવે તે દર્પણ જ છે. પેલો ઉપોદ્‌ઘાત કર્યો હતો ને? સદા આત્મામાં. આત્મા સદા પોતાના ભાવોને કરે. એ ઉપોદઘાત કર્યું હતું ખરેખર. અમૃતચંદ્રાચાર્યની શૈલી એવી છે. ઉપોદઘાત થઈ ગયો શ્લોકનો. સમજાણું કાંઈ?

આત્મા આત્માના ભાવને કરે છે. કેમ કે તે ભાવ આત્મા જ છે. પરવસ્તુ પરની પર્યાયને કરે છે. કેમ કે તે પરપર્યાય પરરૂપ જ છે. એમ અહીંયાં કહે છે કે મોરની અવસ્થાને મોર કરે માટે મોરરૂપ જ છે. અરિસાની અવસ્થા અરિસો પોતે ભાવવામાં આવતા કરે માટે તે અરિસો જ છે, મોર નહિ. મોર વડે થયેલું નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દુનિયાથી તો કાંઈક જુદું જ છે.

ઉત્તર :- દુનિયાથી તો આ વીતરાગ માર્ગ જ જુદો છે. એય..! વિજયમૂર્તિજી! પ્રભુ વીતરાગનો માર્ગ આખી દુનિયાથી જુદી જાત છે. તેથી તો આ દાખલો કર્તાકર્મનો નિષેધ કરવા આ દાખલો આપ્યો છે. કર્મની પર્યાય કર્મમાં, આની પર્યાય આમ સાથે ને સાથે (થાય). છતાં કર્મ આનો કર્તા નહિ, આ એનો કર્તા નહિ એ સિદ્ધ કરવા માટે તો આ દાખલો આપ્યો છે. આહાહા..!

કર્તાકર્મ અધિકારમાં... સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત. .. મોર હોય તો ત્યાં અરિસાની અવસ્થા થાય. બાપુ! આ હોય તો આ હોય. એ તો કર્તાકર્મ થઈ ગયું. એમ નથી. ભાઈ! તને ખબર નથી. એ મોરની અવસ્થાનું ભાવવું, થવું કે આમ થવું ને આમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થવું, પાંખ એની પહોળી થઈ ને આમ થઈ, એ બધી એની અવસ્થાને ભાવનારો એ મોર છે. માટે એની અવસ્થા મોરરૂપ છે. આ અરિસો જ પોતાની ભાવના એટલે પર્યાયરૂપે પરિણમતો તે અરિસો જ છે. મોર નહિ, મોરને કારણે નહિ. આહાહા..! દર્પણ જ છે પછી પ્રશ્ન ક્યાં? ભાષા કેટલી કરે છે, જુઓને!

'**મોરના પોતાના સ્વભાવથી...**' જે રંગ આદિ ત્યાં મોરમાં દેખાય તે '**મોર વડે ભાવવામાં આવે છે...**' મોરની અવસ્થારૂપે થઈ છે. મોરે પોતે અવસ્થા બનાવાય-થાય છે. એ મોર જ છે. '**(દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા)...**' દેખો! ઓલો બિંબ અને આ પ્રતિબિંબ. છતાં બિંબનું એ કાર્ય નહિ. '**ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ...**' પર્યાયો. ભાવ એટલે પર્યાયો. '**કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે...**' વર્તમાન દર્પણ વડે, વર્તમાન દર્પણની પર્યાય વડે '**ભાવવામાં...**' એટલે થવામાં, બનાવવામાં, થાય છે, આવે છે, થાય છે. '**તેઓ દર્પણ જ છે;...**' દૃષ્ટાંત જ કઠણ છે હજી. બાબુલાલજી! આહાહા..! આમ આમ કરે ત્યાં એમ એમ થાય. કેમ નથી? આ કર્તા અને કર્મ કેમ નથી? કહેશે, લ્યો. સમજાણું? મોર આમ આમ કરે. આ શું કહેવાય? કળા કરે, કળા. તો ત્યાં દેખાય ઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે નહિ એમ કહે છે. આહાહા..! તારી પર્યાય તારાથી, એની પર્યાય એનાથી. નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય એથી શું થઈ ગયું? આનાથી આ અને આનાથી આ એમ ક્યાં છે? આહાહા..! ઉત્પાદનું સ્વતંત્રપણું. મોરની અવસ્થામાં ઉત્પાદરૂપે થાય તે પર્યાય તે મોરરૂપ છે. કારણ કે ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં તે સત્ છે. અરિસો પોતે પોતાની પર્યાયરૂપે પરિણમે છે માટે ઉત્પાદ થયેલો તે અરિસાનો ઉત્પાદ છે. મોરને લઈને ઉત્પાદ નહિ. સમજાણું કાંઈ? કહો, છગનભાઈ! આહાહા..!

અરે..! ભાઈ! તને પૃથક્ પૃથક્‌ની સત્તાની હજી ખબર ન મળે અને પૃથક્‌પણું પરથી કેમ કરવું એ તો ક્યાંથી ખબર પડે? એમ કહે છે. આહાહા..! સમજાણું? આ દાખલામાંથી એમ કાઢે. અહીં સિદ્ધાંત સિદ્ધ કરવો છે કે કર્તાકર્મપણું નથી. એમ સિદ્ધ કરવા એ માટે આ દાખલો આપ્યો. ત્યાં એમાંથી કર્તાકર્મ કાઢે લ્યો. જુઓ! મોર હતો તો ત્યાં આ થઈ. આમ આમ થાય છે કેમ? ભાઈ! તને ખબર નથી, બાપુ! એ તો ભાવનો એ સમય છે. બે એક સમયે છે. પણ બે એક સમયે આને લઈને આ અને આને લઈને આ, એમ નથી. આહાહા..! કહો, ભીખાભાઈ! ગાંડા જ કહે હોં! બીજાને. ભગવાનને ગાંડા કહે, જા!

ભગવાન કહે છે કે અનંત દ્રવ્ય છે. અનંત દ્રવ્યનો વર્તમાન સમયનો ઉત્પાદ તે અનંત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દ્રવ્યનો અનંત દ્રવ્યમાં પોતાથી છે. એ પોતે છે એટલે પોતે જ છે. પોતાથી છે તો પોતે જ છે. સમજાણું કાંઈ? આ તો દૃષ્ટાંત છે હોં! હજી. પછી સિદ્ધાંત કહેશે. દૃષ્ટાંતમાં જ જ્યાં વાંધા ઉઠે ત્યાં સિદ્ધાંત કેમ બેસે એને? આહાહા..!

જુઓ! આંખમાં પણ આ બધા આકાર દેખાય છે હોં! અંદર જોયું? કીકીમાં. ઓલો ગોળો હોય ને ગોળો. .. શું કહે છે? લીલા-પીળા ગોળાને. ગોળા-ગોળા. આ બધું એમાં દેખાય હોં! તો કહે છે કે એ પર્યાય તે આની છે કે એની છે? બારી બારી જેવું દેખાય, સરિયા દેખાય, ગોળા મોટા દેખાય. કહે છે કે ભાઈ! એ તો ગોળો તે ભાવે તે પર્યાયે પરિણમેલો તે ગોળો છે. આ પર્યાયે પરિણમેલા તે પર છે, પરની પર્યાયે પરિણમેલો તે પર છે. એને લઈને ત્યાં પર્યાય થઈ છે એમ છે નહિ.

ઘરમાં એવા ગોળા હોય છે ને. આપણે અહીં છે. પ્રવચન મંડપમાં છે. એ તો બીજું, એ તો હાંડ્યું છે હાંડ્યું. પીળા અને લીલા ને આવે છે ને મોટા મોટા. આમ દેખે. આ આંખની કીકી એવી છે આમ, જુઓ! બીજો દેખે ને તો એમાં બીજું દેખાય. અહીંનો પર્યાય પરિણમેલો આ રજકણનો ભાવની પર્યાયથી પરિણમેલો. ભાવ એટલે એની પર્યાયથી પરિણમેલો આ છે. આ જે બહાર છે એની પર્યાયથી પરિણમેલો એ છે. સમજાણું કાંઈ? આ ભારે. નિમિત્ત નૈમિત્તિક ચીજ અને કર્તાકર્મ ચીજ, મોટો ઉગમણો-આથમણો ફેર છે.

કહે છે કે '**તેવી જ રીતે...**' તેવી જ રીતે, તેવી જ રીતે. એમ છે ને? '**एव; तथा**' એમ છે ને. '**मुकुरन्द एव; तथा**' '**મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ ઈત્યાદિ ભાવો કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે...**' ખુબી જુઓ! જે દર્શનમોહ જ્ઞાનાવરણીયનો ઉદય અવિરતી આદિ ભાવ પર્યાય, '**કે જેઓ અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી...**' દેખો ભાષા! હજી એનો વિસ્તાર કરવો પડશે. અહીં વખત થઈ ગયો. અજીવના પોતાના દ્રવ્ય સ્વ.. સ્વ.. સ્વ.. '**દ્રવ્યના સ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે તેઓ અજીવ જ છે...**' કર્મના ઉદયમાં પર્યાય પરિણમે તે બધી અજીવ છે, જીવમાં પરિણમે તે પોતાની જીવ છે. એ અજીવને લઈને છે નહિ. એમ વિશેષ સિદ્ધ કરશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૬, શુક્રવાર તા. ૪-૧૧-૧૯૬૬**
**ગાથા-૮૭-૮૮-૮૯, પ્રવચન-૧૭૭**

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, અવિરતિ ભાવ અને કષાય આદિ છે ને? એટલા શબ્દો છે અંદર. કષાય અને જોગ. આત્મામાં જે પરિણામ ઉત્પન્ન થાય છે એ આત્મરૂપ અને આત્મા જ છે. એમ સિદ્ધ કરવું છે. અને કર્મ પર્યાયમાં જે ઉત્પન્ન થાય છે એ કર્મરૂપ જ છે અને કર્મ જ છે. એ વાત અહીંયાં સિદ્ધ કરે છે. આ મોટી ગડબડ છે ને અત્યારે તો? કે કર્મને લઈને આત્મામાં વિકાર થાય છે, કર્મને લઈને આત્મામાં વિકાર થાય છે. એ વાત જૂઠી છે એમ અહીં સિદ્ધ કરે છે.

મોર અને દર્પણનું દૃષ્ટાંત આપ્યું. મોર અને દર્પણ. મોર છે એ પોતાની પર્યાયમાં પરિણમે છે. પંચરંગી અવસ્થાને પોતાની પર્યાયમાં પરિણમન કરતો મોર જ છે. મોરની અવસ્થા મોર જ છે. અને અરિસામાં જે દેખાય છે મોર જેવી પર્યાય, એ મોર નથી. એ અરિસાની પર્યાય જ છે તો અરિસો જ છે. સમજાણું કાંઈ? દર્પણમાં જે મોર દેખાય છે આમ આમ આમ લાલ જેવો, એ મોર નથી. એ તો અરિસાની સ્વચ્છતાની અવસ્થારૂપ અરિસો જ છે. સ્વચ્છતામાં વિકારરૂપે અરિસો જ છે. કહો, બરાબર છે? કે મોરને લઈને ત્યાં છે? વ્યવહારે બોલાય એમ. એમ છે નહિ. એમ છે જ નહિ.

મોરની અવસ્થા. અહીં ભાષા કઈ કહેવી છે, જુઓને! '**मिच्छत्तं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं।**' છે પર્યાય. પણ એને જીવ-અજીવ જ કીધા છે. પર્યાયને જ જીવ-અજીવ કહેવામાં આવ્યું છે. દૃષ્ટાંત આપ્યું ને? '**અને (દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા) ઘેરો વાદળી, લીલો, પીળો ઈત્યાદિ ભાવો કે જેઓ (દર્પણની) સ્વચ્છતાના વિકારમાત્રથી દર્પણ વડે ભાવવામાં આવે છે.**' દર્પણ વડે બનાવવામાં આવેલ, થયેલો દર્પણની પર્યાયરૂપ એ છે. દર્પણ જ છે. કહો, બરાબર છે? એ મોરની પર્યાય નથી. દર્પણમાં મોરની પર્યાય નથી. મોરની નહિ? આ દેખાય તો છે અંદર. સમજાણું કાંઈ? કેરી હોય કેરી. એ આમ દેખાય. તો કેરીની અવસ્થા કેરીરૂપ છે અને અરિસાની અવસ્થા અરિસારૂપ જ છે. કેરીરૂપ થઈ નથી. સમજાણું કાંઈ?

'**તેવી જ રીતે...**' આ દૃષ્ટાંત આવ્યું હતું કાલે. '**મિથ્યાદર્શન,...**' દર્શનમોહ. મિથ્યાદર્શન-દર્શનમોહ. એ મોહની પ્રકૃતિની પર્યાય છે. મિથ્યાદર્શન પ્રકૃતિ મોહ, એની થનારી, થતી, થવાની પર્યાય, દર્શનમોહની પર્યાય મિથ્યાત્વરૂપ દર્શનની છે. '**અજ્ઞાન,...**' જ્ઞાનાવરણીયનો ઉદય એ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકૃતિના ઉદયના પરિણામ અજીવ જ છે. '**અવિરતિ,...**' ચારિત્રમોહના ઉદયનો પાક કર્મમાં (આવે) એ અજીવની પર્યાય અજીવ જ છે. '**ઈત્યાદિ ભાવો...**' ક્રોધાદિ લેવા, જોગ. જડમાં નામ કર્મનો ઉદય થઈને અંદર દ્રવ્ય જોગ કંપનમાં નિમિત્ત થાય છે એવી જડની ક્રિયા જડરૂપ છે. અને કષાય, ક્રોધનો ઉદય હોય જડમાં એ ક્રોધ અજીવ છે. એ '**અજીવના પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે...**' એ અજીવ પરમાણુ પ્રકૃતિરૂપ પોતાના સ્વભાવરૂપ પર્યાયમાં '**પોતાના દ્રવ્યસ્વભાવથી અજીવ વડે ભાવવામાં આવે છે...**' એ પરમાણુ પ્રકૃતિ દ્વારા થયેલા અજીવ જ છે. સમજાણું કાંઈ?

મિથ્યાદર્શન. આત્મામાં વિપરીત માન્યતા. પાપ પરિણામ એ ઠીક છે, પુણ્ય પરિણામ એ મારું સ્વરૂપ છે એવી જે મિથ્યાદૃષ્ટિની વિપરીત માન્યતા. એ આત્માની પર્યાયમાં આત્મા જ છે. બાબુલાલજી! દર્શનમોહનું નિમિત્ત છે. કર્તાકર્મનો નિષેધ કરવો છે. પણ દર્શનમોહનો ઉદય વિપાક-પાક છે એ જડની પર્યાય છે. અને અહીંયાં મિથ્યાદર્શનની વિપરીત માન્યતા, પોતાનો આનંદ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપની માન્યતા છોડીને, હું સુખી-દુઃખી છું, હું રાગી છું, હું વિકારી છું, હું વિકારમય છું એવી માન્યતાના પરિણામ જીવની પર્યાયમાં મિથ્યા અભિપ્રાય હોવાથી જીવ જ છે. એ જીવની પર્યાય મિથ્યાદર્શન જીવ જ છે. સમજાણું કાંઈ?

પહેલા તો રાગાદિને મિથ્યાદર્શનને પુદ્‌ગલ પરિણામ કહ્યા હતા. એનો તો આ ઉત્તર આપે છે. સમજાણું કાંઈ? પહેલા કહ્યું હતું એ તો જીવનો સ્વભાવ શુદ્ધ બતાવવા, એમાં નિમિત્તના લક્ષે ઉત્પન્ન થનારા વિકાર જીવસ્વભાવ નથી એ બતાવવા પુદ્‌ગલ પરિણામ કહ્યું હતું. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો પોતાની સત્તામાં-પોતાના અસ્તિત્વમાં થનારી પર્યાય મિથ્યાદર્શનરૂપ ભાવ, મિથ્યાશ્રદ્ધા એ પોતાની પર્યાય હોવાથી, પોતાની બનાવેલી હોવાથી, પોતામાં થઈ હોવાથી આત્મા જ છે. મિથ્યાદર્શન આત્મા છે. લ્યો! ઓહોહો..! સમજાણું કાંઈ? '**અજીવ વડે ભાવવામાં આવે છે...**' અજીવ વડે, પ્રકૃતિ વડે, એના વડે થયું એ અજીવ.

અને મિથ્યાદર્શન '**ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં આવે છે...**' જુઓ! જીવ વડે વિકારમાત્રથી, '**ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે ભાવવામાં...**' બનાવ્યું, થયું. એ મિથ્યાદર્શન જીવની દશા છે, જીવની પર્યાય છે તો જીવ જ છે. સમજાણું કાંઈ? આ મોટો ગોટો જૈનમાં ચાલે છે અત્યારે જૈનના નામે. સમજાય છે કાંઈ? અમારે (સંવત) ૧૯૭૧થી ઝઘડા ચાલે છે મોટા. ૭૧ની સાલ. ૫૧ વર્ષ થયા. અમારે ત્યાં હતા એક. એ કહે કે, નહિ કર્મ નહિ. એમ રાખો કે બહુ તો કર્મના ૪૯ દોકડા અને આત્માના ૫૧ દોકડા. એટલું રાખો. દોકડા સમજો છો? ટકા. ઘણાં વર્ષ પહેલા ચર્ચા થઈ હતી. જૈનદર્શનમાં તો કર્મ જ પ્રધાન છે. અન્યમાં ઈશ્વર કર્તા પ્રધાન છે. તો અહીં તો ઈશ્વરકર્તા કર્મ જડ થઈ ગયો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો જડ પ્રધાન થયું જૈનમાં. સમજાણું કાંઈ? એમ છે નહિ. નિમિત્ત જુદી ચીજ છે અને એ કર્તા છે, કરાવે છે, બનાવે છે એ જુદી ચીજ છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો બેનો ફેંસલો કરી નાખ્યો છે.

ભગવાન! જડની અજીવની પર્યાય એનાથી થઈ છે દર્શનમોહ પરમાણુમાં પોતાની પર્યાયથી અજીવથી બનેલો દર્શનમોહ અજીવ છે-જડ. અને આત્માથી થયેલો વિકાર મિથ્યાદર્શનનો પોતાની ભાવનાથી-પર્યાયથી બનેલી દશા મિથ્યાદર્શન આત્મા છે. સમજાણું કાંઈ? આમાં ગડબડ કાંઈ ચાલે એવું નથી.

'**અજ્ઞાન,...**' સ્વરૂપના જ્ઞાનનો અભાવ, જ્ઞાનનો અભાવ એ આત્માની પર્યાય પોતાથી હીણી દશા, વિપરીતદશા જ્ઞાનની એમ આત્માએ કરેલી, ભાવનાથી, પર્યાયથી બનેલી એ અજ્ઞાન જ આત્મા છે. અજ્ઞાન જ આત્મા છે. '**અવિરતિ,...**' અંદર આસક્તિ ભાવ. કોઈ કહે કે ભાઈ! ચારિત્રમોહનો ઉદય છે તો અવિરતિ છે. જ્યાં સુધી ચારિત્રમોહના ઉદયની તીવ્રતા છે તો આ વિષયવાસના અને અત્યાગ ભાવ આત્મામાં થાય છે. એમ નથી. વિજયમૂર્તિજી! શું છે? અત્યાર સુધી આ કર્મથી થાય છે.. કર્મથી થાય છે.. એમ કહેતા હતા કે નહિ? એમ છે નહિ.

'**અવિરતિ,...**' આત્માનો.. '**ભાવો વડે...**' શું કહે છે? ચૈતન્યના ઈત્યાદિ જે ભાવ, '**ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે...**' આત્મા વડે, આત્માથી '**ભાવવામાં આવે છે...**' એ ભાવના પર્યાયરૂપ હોવાથી '**તેઓ જીવ જ છે.**' આ તો પહેલેથી, કર્મને લઈને મને મિથ્યાદર્શન, કર્મને લઈને અજ્ઞાન અને કર્મને લઈને મને આસક્તિ, કર્મને લઈને મને ક્રોધ (થાય છે). સમજાણું કાંઈ? દૃષ્ટાંત નહોતું દીધું? એક ઠેકાણે વિદ્યાર્થીને એક પંડિતે ધબ્બો માર્યો. ધબ્બો સમજ્યા ને? શું કહે છે? લાફો. લાફો કહે છે અમારે.

મુમુક્ષુ :- હમારે યહાં ચાંટા બોલતે હૈં.

ઉત્તર :- ચાંટા, થપાટ. તમે ગોમ્મટસાર જોયું છે? ગોમ્મટસારમાં એમ લખ્યું છે કે ચારિત્રમોહનો ઉદય આવે તો આત્માએ ક્રોધ કરવો પડે. તને ગોમ્મટસારનું જ્ઞાન ક્યાં છે? બહુ સારું શીખ્યા. આ ગોમ્મટસાર શીખ્યા. ગોમ્મટસારમાં એમ છે જ નહિ. એવું ગોમ્મટસારમાં લખ્યું પણ નથી અને કહ્યું પણ નથી.

અહીં તો કહે છે કે આત્મા પોતાની પર્યાયમાં પોતાની ભાવવામાં આવેલી, બનાવેલી, થયેલી ક્રોધાદિ પર્યાય છે. એ ક્રોધાદિ પર્યાય જીવ જ છે. કર્મનો ઉદય આવ્યો તો અહીં ક્રોધ પર્યાય થઈ એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એવો બચાવ કરે. પણ શું કરીએ? ભાઈ! ત્યાગ (થતો નથી). અમારે કર્મનું એટલું જોર છે. ક્રમબદ્ધમાં એવું અમારે આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું કરીએ? દોષ કોનો તારો છે કે પરનો છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**અવિરતિ ઈત્યાદિ ભાવ...**' નામ પર્યાય. અહીં ભાવ નામ પર્યાય લેવી છે. '**કે જેઓ ચૈતન્યના વિકારમાત્રથી જીવ વડે...**' જુઓ! જીવ વડે. કારણ બતાવ્યું ને. વડે કોને? અજીવ વડે એમ નથી. ગોમ્મટસારમાં એમ લખ્યું છે કે વિકાર આત્મા કરે, કર્મ વિકાર કરાવે. પણ એ તો નિમિત્તનું કથન છે. પરિણમે આત્મા, પરિણમાવે કર્મ. એ તો નિમિત્તનું કથન (છે). ટોડરમલની ટીકામાં લખ્યું છે ગોમ્મટસારમાં. સમજાણું કાંઈ? અહીંયાં પણ આવશે. ..માં આવી ગયું છે.

કહે છે, એટલું તો પહેલા નક્કી કર કે મારો અપરાધ મારી પર્યાય મારાથી થાય છે અને હું એનો કર્તા છું. કર્તાકર્મ છે. સમજાણું કાંઈ? અહીં તો અજ્ઞાનીની વાત ચાલે છે ને? અજ્ઞાનીની સ્વતંત્રતા, નિગોદમાં પણ, નિગોદમાં પણ જીવ પોતાની વિપરીત પર્યાયના ભાવનો કર્તા છે. કર્મ દર્શનમોહની પર્યાય જડની જડમાં થઈ. આત્માની આત્મામાં થઈ. નિગોદમાં પણ કર્મનું જોર છે તો મિથ્યાદર્શનની પર્યાય છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? કોઈ એમ કહે છે કે જ્યાં સુધી ક્ષયોપશમ અસંજ્ઞીપણાનો હોય ત્યાં સુધી તો કર્મનું જોર છે. નહિ? રાજેન્દ્રજી! ક્ષયોપશમ જ્યારે વિશેષ સંજ્ઞી થાય ત્યારે તો પોતાના પુરુષાર્થનું કામ કરે. પણ બિચારા પ્રાણી એકેન્દ્રિય. નહિ મન, નહિ વાણી નહિ, એક શરીર .. નહિ ... એને તો કર્મનું એટલું જોર! નદીના પુરનું દૃષ્ટાંત આપે છે ને. મોક્ષમાર્ગ પ્રકાશક. નાવ ચાલતી હતી. પણ પુરનું એવું જોર આવ્યું કે બહાર નિકળવામાં અથડાય માથે. બહાર નિકળે ક્યાંથી? એ તો નિમિત્તનું કથન છે.

અહીંયાં તો કહે છે કે સમય સમયની વિપરીત માન્યતા હોય, આસક્તિ હોય કે અત્યાગભાવ હોય, અજ્ઞાનભાવ હોય, તારી પર્યાયથી પરિણમીને આત્મા કરે છે. એને આત્મા કરે છે તો આત્મા જ છે. અહીં તો એક જ કહે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :-...**' આ કેમ નક્કી કરાવે છે? કે જીવતત્ત્વમાં વિકારી પર્યાય છે એ તારાથી તારામાં થાય છે એટલો નિર્ણય કરાવવો છે. અજીવ કર્મ તો નિમિત્ત માત્ર છે. જો અજીવથી આસ્રવ થતો હોય તો આસ્રવતત્ત્વ ભિન્ન નથી રહેતું. સમજાણું કાંઈ? સાત તત્ત્વ છે ને ભિન્ન ભિન્ન? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જો અજીવથી આસ્રવ થાય તો અજીવ અને આસ્રવ એક થઈ ગયા. અને આસ્રવ શુભભાવથી સંવર થાય તો આસ્રવ અને સંવર એક થઈ ગયા. સમજાણું કાંઈ? એમ છે નહિ. આહાહા..!

કર્મ-કર્મ. યોગ્યતા આત્માની ખરી, પણ જેવો કર્મનો ઉદય આવે એ પ્રમાણે જીવને પરિણમવું પડે છે. ડિગ્રી ટુ ડિગ્રી પરિણમવું પડે. ત્યાં સુધી કહે છે લોકો. એમ આવ્યું છે, પુસ્તક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવ્યું હતું. પંડિતો આનો જવાબ દ્યો. જવાબ નહિ પણ એમ કરે સંમતિ આપો કે આ બરાબર છે. ડિગ્રી ટુ ડિગ્રી.

અહીં કહે છે ભગવાન આચાર્ય કે ડિગ્રી ટુ ડિગ્રી પર્યાય પરની પરમાં પરને કારણે છે. પોતાની પર્યાય પોતાને કારણે છે. પરને કારણે બિલકુલ ડિગ્રી ટુ ડિગ્રી છે નહિ. શરીરમાં તાવ આવે છે. થર્મોમિટરમાં એ પ્રમાણે આવે છે કે નહિ? ડિગ્રી ટુ ડિગ્રી આવે છે કે અહીં ૧૦૪ અને ત્યાં ૧૦૩ હોય? છતાં એને કારણે એ અને આને કારણે આ છે. અહીં ઊનું-ઉષ્ણ થયું તો ત્યાં એટલું ચડ્યું એમ નથી. આહાહા..! અહીં ઉષ્ણતા છે તો ડિગ્રીમાં એટલી ત્યાં થર્મોમિટરમાં ચડે એને શું કહેવાય? પારો. એ પારો ચડે છે એ આને કારણે નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. તાવની ગરમીની પર્યાયપણે પરિણમનારા તો આ પરમાણુ છે. અને એની પર્યાયમાં પરિણમનારા એ છે. અહીંયા છે તો ત્યાં છે એમ છે જ નહિ. એમ કહે છે. આહાહા..! ભારે વાત, ભાઈ! જીવ અને અજીવ બે તત્ત્વ ભિન્નની માન્યતા હજી તો કરાવે છે. જીવ અને અજીવ આમ માને કે અમે જુદા (માનીએ છીએ). પણ અજીવની પર્યાયથી જીવની પર્યાય થાય તો અજીવની પર્યાયને જીવ માન્યો. સમજાણું કાંઈ?

'**પુદ્ગલના પરમાણુઓ પૌદ્ગલિક મિથ્યાત્વાદિ કર્મરૂપે પરિણમે છે.**' લ્યો! પોતાને કારણે હોં! ત્યાં કર્મ (પરિણમે છે). અહીં રાગ કર્યો માટે નહિ. '**પુદ્ગલના પરમાણુઓ...**' રજકણ '**પૌદ્ગલિક મિથ્યાત્વાદિ...**' દર્શનમોહ, ચારિત્રમોહ વગેરે '**કર્મરૂપે પરિણમે છે.**' પર્યાય થાય છે. '**તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે...**' જ્ઞાનમાં એ જડની પર્યાય ખ્યાલમાં આવે છે એમ લેવું. '**તે મિથ્યાત્વાદિ અજીવ છે;...**' સમજાણું કાંઈ? સ્વાદ આવે છે (એટલે) અનુભવ-વેદનમાં આવે છે એ પ્રશ્ન નથી ત્યાં. ખ્યાલમાં આવે છે કે આ અંદર મિથ્યાદર્શનની પર્યાય સૂક્ષ્મપણે જે અજીવ છે એ જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે. '**જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે તે મિથ્યાત્વાદિ અજીવ છે;...**' એ અજીવની પર્યાય છે.

'**અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે તેથી તેઓ જીવ છે.**' સમજાય છે કાંઈ? એક પ્રશ્ન તો એવો આવ્યો હતો. એક પ્રશ્ન તો એવો આવ્યો હતો ત્યાં ભાઈ. કઈ સાલ? (સંવત) ૧૯૮૩-૮૩. ઓલો જિનવિજય છે ને એક? દેરાવાસી. પહેલા જુદા હતા. સાધુ હતા. જિનવિજય. શાસ્ત્ર એક હતું. ત્યાં અમને શાસ્ત્ર આપ્યું હતું. ... હતા. આ ૮૩ની વાત છે. હવે તો એમને પણ યાદ ન હોય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


૩૯ વર્ષ (થયા). એમાં એમ લખ્યું હતું. જિનવિજય સાધુ શ્વેતાંબરના. અત્યારે તો સાધુપણું છોડી દીધું. બહારની આ લૌકિક નીતિ ને બધું... શું કહેવાય? પુરાતત્ત્વ. પુરાતત્ત્વ શોધન એવું કરતા. પછી પુસ્તક બનાવ્યું પુરાતત્ત્વનું. એક પુસ્તક બનાવ્યું હતું. એ પુસ્તક ત્યાં આવ્યું હતું. અમારે ત્યાં શેઠની એ શ્રદ્ધા અને આ પુસ્તક એવું આવ્યું કે કર્મ પણ એક પદાર્થ છે. તો પદાર્થની પર્યાય જ્યાં સુધી એને પરિણમવા લાયક છે એ પરિણમશે. આત્માને વિકાર કરવો જ પડશે. અહીં તો ઘણા પ્રશ્નો આવતા હતા ને. બહુ પ્રશ્ન (આવ્યા). આ તો ૮૩ની વાત છે. સમજાણું કાંઈ? એણે લખ્યું છે, કર્મથી જ બધી વાત. બસ. કર્મની પર્યાય... કેમ કે અજીવ સ્વતંત્ર પદાર્થ છે. તો અજીવ પદાર્થમાં પોતાની પર્યાયથી જ્યારે પરિણમન ભિન્ન થઈ જાય ત્યારે આત્મા ધર્મ કરી શકે. એણે તો આખું પુસ્તક લખ્યું હતું, આખું પુસ્તક છે. લાવ્યા, એમણે આપ્યું.

એમ ત્રણ કાળમાં નથી. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ જિનેશ્વરદેવ એમ ફરમાવે છે અને એમ છે કે કર્મની પર્યાય કર્મમાં, જડમાં જડને કારણે પોતાની પર્યાયની યોગ્યતાથી થાય છે. અને જીવ પોતાના પરિણામના વિકારને કારણે પોતાનો કર્તા થઈને વિકાર મિથ્યાદર્શન-અજ્ઞાન-રાગ-દ્વેષના પરિણામ કરે છે. નિમિત્ત બીજી ચીજ છે અને કર્તા બીજી ચીજ છે. સમજાણું કાંઈ? મોર છે તો અરિસામાં એવી પર્યાય થઈ. એ તો કર્તાકર્મ થઈ ગયું. એમ છે નહિ. એમ કર્મનો ઉદય છે તો વિકાર કરવો પડે. એ તો કર્તાકર્મ થઈ ગયું. એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? કેટલી ચર્ચા મૂકી છે પણ. કોણ જાણે એ કર્મ કરાવે તો કામ ઠીક થાય તો એને સખ આવે. તો એને નિરાંત થાય. હાશ. બાપુ! કાંઈ આપણને દોષ કરવાના ભાવ હોય? કર્મના એવા ઉદય આવે છે... શું કાંઈક કહે છે? ભોમાંથી ભાલા. ભોમાંથી ભાલા સમજો છો? અમારી ભાષા છે. ભોં નામ જમીનમાંથી ભાલો નિકળે. લોઢું નિકળે. એવી કોઈ ભાષા હશે તમારે. અમારે તો ભોમાંથી ભાલા એમ છે. ભાઈ! અમે ધાર્યું નહોતું. ભોમાંથી ભાલા નિકળે છે. ભાલો ભાલો હોય ને લોઢાનો? લોઢાનો ભાલું હોય છે ને? જમીન ખોદતા હતા, એમાંથી ભાલો નિકળ્યો. ખુંચી ગયું. ભોમાંથી ભોલા નિકળે છે, શું કરવું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. ભાષા ફેર હિન્દી. એમ અમે શું કરીએ અમારા કર્મનું એવું જોર આવી જાય છે. અગિયારમા ગુણસ્થાનથી પડે છે તો ઈ શું? પડવાનો ભાવ છે એને? તમે સમજો તો ખરા. એય..! શેઠી! અગિયારમા ગુણસ્થાનથી પડે છે. કર્મનો ઉદય આવે લોભનો, ફટ પડવું પડે. અહીં ભગવાન ના પાડે છે કે એમ છે જ નહિ. સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ક્યારે વળી મોડા કેમ આવ્યા? પાછળ બેઠા. એ એમ છે નહિ ત્રણ કાળમાં.

પોતાની પર્યાયમાં લોભરૂપ પરિણમનનો સ્વકાળ છે તો પરિણમે છે. ત્યાં લોભનો ઉદય ત્યાં સામે પર્યાય જડમાં થઈ છે. જડની પર્યાય જડમાં, ચૈતન્યની પર્યાય ચૈતન્યમાં. આહાહા..! ભારે પણ જ્યાં ત્યાંથી (લઈ આવે). એક ઓલા આર્યકુમારની વાત આવે છે, ભાઈ! આર્યકુમાર હતા. કેટલા વર્ષ આમ હતા પણ પાછા પડ્યા. ભોગાવળી કર્મને લઈને. અરે..! ભોગાવળી કર્મનો ઉદય હોય તો પડવું પડે. ભગવાન કહે છે કે મૂઢ છો. તને તત્ત્વની કાંઈ ખબર નથી. કહો, જેઠાલાલભાઈ! સાંભળ્યું છે કે નહિ એવું? ભોગાવળી કર્મ તીર્થંકરને ભોગવવા પડે. શું કરવા? ત્રણ જ્ઞાન લઈને આવ્યા, ક્ષાયિક સમકિત લઈને આવ્યા અને છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તી પરણ્યા. શાંતિનાથ, કુંથુંનાથ, અરનાથ. એ ભોગવવા યોગ્ય કર્મ તો ભોગવવા પડે. તીર્થંકરને ભોગવવા પડે. રાજેન્દ્રજી! એમ કહે છે. અમે તો ઘણા વર્ષથી સાંભળતા આવીએ છીએ ને.

અહીં ભગવાન કહે છે કે તારી વાત તદ્દન પાખંડ અને ખોટી છે. એવી વાત છે નહિ. એય..! તંબોળી! રામજીભાઈ! કેમ હશે આ? ભોગાવળી કર્મનું સાંભળ્યું છે કે નહિ તમે? કેટલા વર્ષથી? બહુ સાંભળ્યું છે? એ વકીલ છે. આહાહા..! એ વિરજીભાઈ હતા ને? પંડિતજી! હમણાં ગુજરી ગયા ને. ૯૩ વર્ષની ઉંમરે. ૯૩ વર્ષે. અમે ગયા હતા ને ત્યાં. એ પણ વકીલ. સમજાણું કાંઈ? અરે ભગવાન! ક્યાં ક્યાંની વાત! પછી એક ઓલી વાત કરે છે. એ આર્દ્યકુમાર નહિ. કો'ક સમજ્યાને. ઘરમાં ગયા પછી ઓલો સૂતો હતો. પછી છોકરો.. બાર દોરા બાંધ્યા સુતરના. સુતર હોય ને સુતર. ખાટલા ઉપર. કહે છે કે જુઓ! .. રાખ્યો હતો. ભ્રષ્ટ થયેલો સાધુ થઈને પછી સ્ત્રી રાખી હતી. બાર વર્ષે ઉપડશે કહે હવે તમારે. બાર દોરા વિંટ્યા. દોરા સમજો છો? સુતરનો દોરો. સુતરનો દોરો. બાર વર્ષ એમ ને એમ પડ્યો રહ્યો. એવું કર્મનું જોર આવ્યું કે બાર વર્ષ કર્મના જોરે રહેવું પડ્યું. ભગવાન ના પાડે છે. એવી વાત ત્રણ કાળમાં છે નહિ.

પોતાની વિકારી પર્યાય કરનારો આત્મા સ્વતંત્ર થઈને (કરે છે). કર્તાની વ્યાખ્યા એ છે. સ્વતંત્ર થઈને પરની અપેક્ષા રાખ્યા વિના... સમજાણું કાંઈ? નિશ્ચયથી પોતાને કારણે પોતામાં આત્મા વિકાર કરે છે અને કર્મની પર્યાય કર્મથી નિશ્ચયથી એને કારણે થાય છે. સમજાણું કાંઈ? ભારે ગડબડ અત્યારે જૈનના નામે મોટા ગોટા. મોટા ગોટા. કર્મ જડ, માટી ધૂળ એ આત્માને રઝળાવે-રખડાવે. ઓલાને અન્યને ચૈતન્ય ઈશ્વર રખડાવે. રખડાવેને શું કહે છે? રખડાવે. આને કર્મ રખડાવે. ભગવાન ના પાડે છે. તારી મૂઢતા છે. એવું અમે કહ્યું નથી, એવું અમે માન્યું નથી, એવું અમે જાણ્યું નથી. સમજાણું કાંઈ? કહો, નેમિદાસભાઈ! બધું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંભળ્યું હતું કે નહિ ત્યાં? કર્મ.. આવે છે ને? શું પહેલો બોલ એનો? કર્મ કરાવે રાંક. 'કર્મે રાજા કર્મે રાંક, કર્મે વાળ્યો આડો આંક.' એ શ્લોકો બોલતા લોકો હોં! 'કર્મે રાજા કર્મે રાંક, કર્મે વાળ્યો આડો આંક.' એ રાજા રાંકનો સંયોગ આવે એ જુદી વાત છે. પણ જીવને વિકાર કરાવે, કર્મને લઈને વિકાર થાય, એ કહે છે કે ત્રણ કાળમાં સત્ય વાત નથી. સમજાણું કાંઈ? એ અજ્ઞાનીની વિપરીત માન્યતાને લઈને કર્મનું જોર આપે છે. પણ મારું વિપરીતપણું છે માટે મારામાં વિકાર થાય એમ એ સ્વીકારતો નથી. એ સ્વીકારતો નથી તે અસત્યને જ માને છે. કહો, સમજાય છે કાંઈ?

'**અહીં એમ જાણવું કે :- મિથ્યાત્વાદિ કર્મની પ્રકૃતિઓ છે તે પુદ્ગલદ્રવ્યના પરમાણુ છે.**' એ તો પરમાણુ અજીવતત્ત્વ છે જડ. '**જીવ ઉપયોગસ્વરૂપ છે.**' ભગવાન આત્મા જાણન-દેખન ઉપયોગસ્વરૂપ છે. આહાહા..! સમજાણું? જાણન-દેખન ભગવાન આત્મા, જાણન-દેખન ઉપયોગસ્વરૂપ છે. '**તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ...**' એટલે વિપાક આવે તેનો આકાર ખ્યાલમાં આવી જાય કે આ છે. '**અજ્ઞાનીને અજ્ઞાનને લીધે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી...**' એ જડની પર્યાય.. અહીં એમ લેવું છે, ભાઈ! સ્વાદરૂપ પરિણમી ગયો છે એમ નથી લેવું. અહીં તો પરિણમી ગયો એ તો અજ્ઞાનમાં નાખવું છે. એ જડની પર્યાય ખ્યાલમાં અંદર આવે છે અને મારી પર્યાય ભિન્ન જ્ઞાનની પર્યાય (છે). એવું ઉપયોગનું ભેદજ્ઞાન નથી '**તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે.**' એ જડની પર્યાયનું લક્ષ કરીને આકાર એ લક્ષમાં આવ્યો તો એ જડની પર્યાય મારી છે એમ માને છે.

'**જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય અર્થાત્ જીવભાવને જીવ જાણે અને અજીવભાવને અજીવ જાણે...**' સમજાણું કાંઈ? પરથી ભિન્ન થયો તો રાગથી પણ ભિન્ન થઈ ગયો. પોતાની પર્યાય પરથી ભિન્ન થતાં જ પોતાને સમ્યગ્જ્ઞાન થયું. તો રાગની જે પર્યાય થાય છે એ પોતાની નબળાઈથી પોતાને કારણે થાય છે એમ જ્ઞાની જાણે છે. કહો, સમજાણું કાંઈ? જ્ઞાની એમ નથી જાણતા કે અમારો ઘણો પ્રયત્ન છે પણ ચારિત્રમોહના ઉદયને કારણે અમે ગૃહસ્થાશ્રમનો ત્યાગી કરીને ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી. એમ નથી? ભાવના કોને ન હોય ચારિત્રની? લ્યો. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? એય..!

મુમુક્ષુ :- .. એમ હોય છે.

ઉત્તર :- .. લ્યો, એ પણ સાધુ થવા આવ્યા હતા અમારી પાસે. સાધુપણું અમે નથી આપતા. બ્રહ્મચર્ય લો, તો એ નહિ લે. પછી થયું કંચન અને પછી થયા પૈસા. બેય થયા. કંચન અને કાંચન. બેય. એ પોતાના અપરાધને કારણે હશે કે પરને કારણે હશે? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભારે વાત! જ્યાં હોય ત્યાં સાંભળે જૈનને નામે. જૈન તો એમ કહે બાપા! કર્મ આત્માને રખડાવે, કર્મ આત્માને રખડાવે. જ્યાં હોય ત્યાં ત્યાગી પંડિતને નામે.

અહીં છ દિ' સુધી ચર્ચા (ચાલી). ભાઈ ચિદાનંદની સાથે. આઠ હતા ને? ... દ્રવ્ય-ગુણ શુદ્ધ. આત્મા દ્રવ્ય એટલે શુદ્ધ ચિદાનંદ. ગુણ શુદ્ધ. પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? છ દિવસ સુધી રાત ને દિવસ ચર્ચા. સાંભળો! કીધું, થોડા દિવસ સાંભળો પછી ... આવી ક્યાંથી? પર્યાયમાં પોતાને કારણે કર્તા થઈને ઉત્પન્ન થઈ છે. એય..! શેઠી! ચારે કોરથી એ સાંભળ્યું હોય. ચોમાસામાં બે જણા રહ્યા હતા. નહિ? ચિદાનંદજી. એ તો બરાબર કહે છે, હોં! એ બરાબર કહે. કર્મથી-ફર્મથી નહિ. એ સાંભળેલું ખુબ. પંડિત છે ને? રાજેન્દ્ર. શું કહેવાય એ? મથુરા. એણે એક વાર લખ્યો હતો લેખ. અહીં આવ્યા હતા ત્યારે વાત તો કર્મની કરી. પુસ્તક બનાવ્યું હતું. ..પરિહાર નામનું પુસ્તક બનાવ્યું હતું. એમાં પણ એ લખ્યું, નિમિત્તપ્રધાન બધી વાત. પછી અહીં ચર્ચા ખુબ થઈ હતી. પછી એણે વાંચ્યું સમયસાર. મેં નક્કી કર્યું છે કે સમયસાર આદિ વાંચીને કે વિકાર કર્મથી જ થાય છે. જાવ. અરે..! ભગવાન! સમજ્યા? હમણાં ગુનામાં એવી વાત કરતા હતા. અહીંયાં પણ એમ કહેતા હતા. ... પરિહાર નામનું પુસ્તક બનાવ્યું, ચારસો પાનાનું પુસ્તક બનાવ્યું છે. એમાં પણ એ લખ્યું છે. બધું નિમિત્ત પ્રધાન.. નિમિત્ત પ્રધાન.

અહીં ભગવાન કહે છે કે એમ ત્રણ કાળમાં નથી. નિમિત્ત ત્યારે માનવું,... એમ કહે છે કે લોકો કે નિમિત્ત ત્યારે માન્યું કહેવાય કે નિમિત્તની કોઈ નિયામકતા છે કે નહિ? એની કોઈ નિયામકતા, નિમિત્તની પ્રસિદ્ધિ. નિમિત્ત છે છે એમાં પ્રસિદ્ધિ ક્યાં આવી? એની નિયામકતા છે અને વિકાર કરવો પડે તો નિમિત્ત (કહેવાય). ઉપાદાન તો પરિણમે એ બરાબર. પણ નિમિત્તની કોઈ નિયામકતા ખરી? કોઈ એની સામર્થ્યતા ખરી? કોઈ પરમાં અસર કરે, અસર કરે એવી કોઈ નિમિત્તતા ખરી? અને નિમિત્ત કહેવું એને? સમજાણું કાંઈ? પાઠમાં-શાસ્ત્રમાં શું આવે છે? ઘાતિકર્મ. ઘનઘાતિ વળી એક શબ્દ પડ્યો છે વધારે. ઘનઘાતિ ચાર. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. ચાર ઘનઘાતિ છે. તો ઘનઘાતિ એનામાં કરતું હશે કે આત્મામાં કરે? એવું નિમિત્ત જોઈને એવો ભ્રમ થઈ ગયો છે લોકોને.

અહીં તો કહે છે કે ઘનઘાતિ કર્મની પર્યાય કર્મથી થનારી જડમાં છે. તારી પર્યાય તારાથી જ્ઞાનની હીણી દશા, દર્શનની હીણી દશા, દર્શનની વિપરીત દશા, કમ એટલે ઉપયોગની. સમજાણું કાંઈ? અને દર્શનની વિપરીત દશા, ચારિત્રની વિપરીત રાગાદિ દશા એ બધી તારાથી, તારા કારણે, તેં સ્વતંત્ર થઈને કરી છે તો તારી પર્યાયમાં થાય છે. તો એને અમે જીવ જ કહીએ છીએ. સમજાણું કાંઈ? જ્યાં સુધી આવી શ્રદ્ધા નહિ કરે ત્યાં સુધી એને પર્યાયની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વતંત્રતાની કબુલાત નથી. અને પર્યાયની સ્વતંત્રતાની કબુલાત નથી એને દ્રવ્યની સ્વતંત્રતાની દૃષ્ટિ કદી થતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

એક જણો વળી ત્યાં સિદ્ધને કર્મ નથી માટે વિકાર થતો નથી. .. ત્યાં ઈડર. ઈડર. રાતે ચર્ચા (થઈ) અને ઘણા દિ' ત્યાં રહેલ. પછી ઘણા માણસ બિચારા કહે, હા વાત સાચી છે. કર્મ તો જીવ પોતે વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય. નહિ. સિદ્ધને કર્મ નથી તો વિકાર નથી. અહીં કર્મ છે તો વિકાર છે. રાજેંદ્રજી! ખબર ન મળે માણસને. સમાજ એવો અત્યારે ભોળો ભટ્ટ થઈ ગયો બિચારો. કાંઈ ભાન ન મળે. વાણિયા તરીકે સંસારમાં વિચિક્ષણ કરે અને અહીં વિચારમાં કાંઈ નહિ. બરાબર છે, કર્મને લઈને વિકાર થાય. હવે કર્મ વિના વિકાર થતાં હશે? સાંભળને! ભગવાન ના પાડે છે, લે. વિકાર તારાથી થાય ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. વિકાર કર્મથી કરાવે તો કર્મ થઈ ગયું ઉપાદાન અહીંનું કાર્ય કરનારું. એમ છે નહિ. સમજાણું કાંઈ? મૂળ શ્રદ્ધા મિથ્યાદર્શનની વિપરીત, પહેલેથી વિકાર કર્મ કરાવે. હવે એ શ્રદ્ધા પલટે કે દિ' અને આત્માનું જ્ઞાન કરે કે દિ'? સ્વાધીન તો છે નહિ. સમજાણું કાંઈ? એ કર્મને આધીન માને તો તારું જ્ઞાન પણ કર્મ આધીન થઈ ગયું. તું સ્વતંત્ર કરનારો તો રહ્યો નહિ.

મુમુક્ષુ :- તારું જ્ઞાન સાચું શી રીતે?

ઉત્તર :- તારું જ્ઞાન સાચું શી રીતે? તું દલીલ કરે છો, સાચી શી રીતે કરે છો? સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીયના ઉદયને કારણે અમારા જ્ઞાનની હિનતા થાય છે. લ્યો! સાચી વાત છે કે નહિ? બિલકુલ સાચી નથી. શું સાચી નથી? જ્ઞાનની યોગ્યતાથી જ્ઞાન થાય છે. એમ કહે છે હીણી દશા. નહિ કર્મથી થાય છે. એ સાચી વાત છે. પોતાના જ્ઞાનને કારણે પોતાની યોગ્યતાથી હીણી દશા કરે, એમ કહે છે એ બિલકુલ સાચું નથી. ભારે ભારે ગડબડ. મૂળમાં તીવ્રતા. સમજાણું કાંઈ? એય..! મોહનભાઈ! વાણિયાને વેપારમાં વાંધા કાળા બજાર. અહીં કાળા બજાર થઈ ગયા. આહાહા..! શેઠી! દાંત કાઢે છે.

**'અજ્ઞાનીને અજ્ઞાનને લીધે...'** સમજ્યા? **'ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે.'** લ્યો!

**'હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે?'** એમાં તો ખુલાસો કર્યો હતો ને. અહીં ખુલાસો વિશેષ કરે છે. ૮૮માં હોં. એ ટીકામાં કર્યો હતો. હવે મૂળમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।**
**उवओगो अण्णाणं अविरदि मिच्छं ज जीवो दु।।८८।।**
**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે.૮૮.**

બસ, એટલી ગાથા છે. બે એક સાથે નથી. સમજાણું કાંઈ? ટીકા. શબ્દાર્થ લ્યો, પહેલા અન્વયાર્થ. '**જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે તે તો પુદ્ગલકર્મ છે;...**' મિથ્યાત્વ એટલે દર્શનમોહ, અજ્ઞાન એટલે અજ્ઞાન ભાવ, જ્ઞાનાવરણીય એટલે ઉદયભાવ, યોગ ત્યાં નામ કર્મ આદિ ભાવ. સમજ્યા? અવિરતિ એટલે આસક્તિ, ચારિત્રમોહનો ઉદય. એ '**અજીવ છે તે તો પુદ્ગલકર્મ છે; અને જે અજ્ઞાન,...**' આત્માનું અજ્ઞાન છે, વિપરીત જ્ઞાન અથવા અલ્પ જ્ઞાન છે એ આત્માની પર્યાય છે, આત્માથી થાય છે, આત્મામાં છે. આત્માએ સ્વતંત્રપણે કરી છે. કર્તાની વ્યાખ્યા ઈ-સ્વતંત્રપણે કરે તે કર્તા. '**અવિરતી અને મિથ્યાત્વ જીવ છે તે તો ઉપયોગ છે.**' ઉપયોગસ્વરૂપ છે, લ્યો. ઉપયોગ એટલે ઉપયોગ પરિણામ છે ને એ? સમજાણું કાંઈ?

'**ટીકા :- નિશ્ચયથી...**' ખરેખર તો '**મિથ્યાદર્શન,...**' દર્શનમોહની પ્રકૃતિ કર્મની જડ અવસ્થા અને '**અજ્ઞાન,...**' જ્ઞાનાવરણીયનો ઉદય જડ અવસ્થા '**અવિરતિ...**' ચારિત્રમોહનો જડ પાક એને યોગ્ય નામ કર્મનો ઉદય અને ચારિત્રમોહનો ઉદય. '**ઈત્યાદિ અજીવ છે તે તો, અમૂર્તિક...**' જુઓ! આટલું કહે છે. '**અમૂર્તિક ચૈતન્યપરિણામથી અન્ય એવું મૂર્તિક પુદ્ગલકર્મ છે;...**' એમ સ્પષ્ટ કરવું છે. સમજાણું કાંઈ? એ વિકારી જડ પર્યાય કર્મની, એ અમૂર્તિક ચૈતન્ય પરિણામથી અન્ય મૂર્તિક પુદ્ગલ જડની પર્યાય મૂર્તિક છે. સમજાણું કાંઈ? અને મિથ્યાદર્શન આત્માની પર્યાયમાં અજ્ઞાન દશા આત્માની દશામાં, આસક્તિ દશા આદિ જીવ છે.

'**મૂર્તિક પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.**' કર્મનો ઉદય જે મૂર્તિક પર્યાય છે એનાથી આ ચેતનનો વિકારી જીવના પરિણામ પુદ્ગલ કર્મથી અન્ય છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયમાં ૬૨મી ગાથામાં લીધું છે. અભેદકરણ છે આત્મા. પોતે કર્મ અને જીવના વિકાર બેયની વાત લીધી છે. આત્મા જ પોતાના ષટ્કારકથી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-ષટ્કારકથી આત્મા જ પોતાનું મિથ્યાદર્શન, અજ્ઞાન, રાગ-દ્વેષ, કષાયભાવ ષટ્કારકથી પોતાથી જ આત્મા કરે છે. આહાહા..!

જડની પર્યાયમાં ત્યાં ષટ્કારક લીધા છે, હોં! કર્મની પર્યાય પોતાથી ષટ્કારકથી દર્શનમોહરૂપે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચારિત્રમોહરૂપે ષટ્કારક કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એમાં થાય છે. આત્માને કારણે એમાં નહિ અને એના કારણે આત્મામાં નહિ. સમજાણું કાંઈ? અંદર બેસવું જોઈએ. આમ અંદર કહે, બેસતું નથી. પણ આવી દલીલ આવે એટલે શું કરીએ? એ કેમ થાય પણ? કર્મ ન હોય અને વિકાર કર્મને લઈને થાય એ પહેલેથી જૈનને ગળથુથીમાં મળ્યું હોય. ગળથુથી સમજ્યા? ગળથુથી સમજ્યા? જન્મઘુટી. જન્મઘુટી તમારામાં કહે છે. અમારે ગળથુથી કહે. પહેલેથી અમને એ પ્યાલો પાયો અને એ તમે કહો એ અંદર મને બેસે નહિ, ભાઈ! આહાહા..!

ચર્ચા થઈ હતીને? (સંવત) ૧૯૬૪ની સાલમાં. પાલીતાણા. તમે કહો છો કે આત્મા પોતાના વિકારથી રખડે છે. ભગવાન પરમોપકારી સર્વજ્ઞદેવ કહે છે, આઠ કર્મને કારણે જીવ રખડે છે. કરો ચર્ચા. કોની સાથે ચર્ચા કરે? સમજાણું કાંઈ? ૨૦૦૬ની સાલમાં પાલીતાણામાં મોટી ચર્ચા થઈ. મેં તો કહ્યું, નહિ. જીવ પોતાના વિકાર ભાવકર્મથી રખડે છે. ભાવકર્મ પર્યાય કરે છે માટે. (સામે કહ્યું), નહિ, દ્રવ્યકર્મ હોય તો ભાવકર્મ થાય છે. દ્રવ્યકર્મથી આત્મા રખડે છે. એય..! ૧૯૮૩ની સાલમાં ૨૦ જણા આવ્યા હતા, બ્યાવરથી સ્થાનકવાસી. ત્યાં ચાલે છે ને ..માં સ્થાનકવાસીનું ગુરુકુળ છે. એ લોકો આવ્યા. અમારે ચર્ચા તો અંદર ચાલતી હતી ત્યાં એ આવ્યા. તો એને એણે પૂછ્યું, કેમ ભાઈ દ્રવ્યકર્મથી ભાવકર્મને? કહે હા. ભાવકર્મથી દ્રવ્યકર્મ? કહ્યું હા.

મુમુક્ષુ :- પંચાસ્તિકાયમાં લખ્યું છે.

ઉત્તર :- શું લખ્યું છે?

મુમુક્ષુ :- પંડિતજીએ મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે.

ઉત્તર :- પણ એ કહેવું છે કે ભાવકર્મમાં નિમિત્ત દ્રવ્યકર્મ છે. અને નવા બંધનમાં નિમિત્ત ભાવકર્મ છે એ બતાવવું છે. કરે તો. સમજાણું કાંઈ? પણ દ્રવ્યકર્મથી ભાવકર્મ, ભાવકર્મથી દ્રવ્યકર્મ. શું કરવું છે તારે હવે? દર્શનમોહ કર્મથી મિથ્યાત્વ અને મિથ્યાત્વને લઈને નવો દર્શનમોહ (બંધાય). તો તારો આરો કદી આવતો નથી.

મુમુક્ષુ :- દર્શનમોહ માર્ગ આપે ત્યારે થાય ને.

ઉત્તર :- વાત જ ખોટી છે. તારી મિથ્યાત્વની પર્યાય ટાળવામાં, વ્યય કરવામાં તારી જ તાકાત છે. પરને કારણે છે જ નહિ. એની યોગ્યતા એ સમયે પર્યાય નાશ થવાની છે તો એ નાશ થાય છે. એમાં શું છે? તારો મિથ્યાત્વ સ્વભાવ જે તું કરે છો એ સ્વભાવની દૃષ્ટિથી તું જ નાશ કરી શકે છે. પરને કારણે છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે મિથ્યાદર્શન, પોતાના આત્મામાં જે વિપરીત પર્યાય છે, અજ્ઞાન છે, આસક્તિ છે તે જીવ છે. શું? મૂર્તિક જે પુદ્ગલકર્મ કહ્યો ઉદયનો, જે પહેલો બોલ લીધો, તેનાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અન્ય ચૈતન્ય પરિણામનો વિકાર છે. પોતાના અસ્તિત્વમાં વિકાર કરે છે અને રહે છે. એ કંઈ જડ કર્મથી થતો નથી. ઓહોહો..! મોટા મોટા ત્યાગીના નામ ધરાવનારાના માથા ફરી જાય. તમને કાંઈ ખબર નહિ. જે માથે કહે હા. નહિ? અત્યાર સુધી શું કર્યું છે? પણ તને.. ઓલા વાત કરતા હતા ને?

બે છોકરાઓ હતા. એક હતો આઠ વર્ષનો અને એક હતો બાર વર્ષનો. તો બાર વર્ષના છોકરાને ઓલા આઠ વર્ષના છોકરાએ માર્યો. તો બાર વર્ષના છોકરાએ પથરો તો માર્યો પણ બરાબર સામે ગયો નહિ. એટલે એની મા પાસે જઈને કહે છે, હે બા! મને માર્યો. કોણે? ફલાણાએ. (મા કહે છે), ઈ આઠ વર્ષનો અને તું બાર વર્ષનો. તું ઢગો છો? ઢગો એટલે તું મૂઢ છો? બાર વર્ષનાને આઠ વર્ષનો મારી જાય?

એમ અહીં ભગવાન પાસે આવીને કહે, હે ભગવાન! મને કર્મે મારી નાખ્યો. ઢગો છો? મૂઢ છો? ઢગો એટલે શું સમજ્યા? મુરખ-મુરખ. ઢ ઢ નથી આવતો? ઢ.

એક વકીલે પ્રશ્ન કર્યો. કોર્ટમાં હોં, કોર્ટમાં. .. વાત હતી તો કહે, કોણ છે? તો કહે કક્કાનો ચૌદમો અક્ષર. ચૌદમો? કેટલામો છે? ઓલા ગોતવા માંડ્યા. કક્કાનો ચૌદમો અક્ષર છે ને ઢ. ક, ખ, ગ, ઘ... .. ઢ. અમારે મુરખ કહે છે. ઢ એટલે મુરખ. કોર્ટે એમ કહ્યું હોં! કોણ છે એ માણસ? સાહેબ! કક્કાનો ચૌદમો અક્ષર. ક, ખ, ગ, ઘ.. પેલા કહે, પણ આ શું કહે છે? ગણવા માંડ્યા બધા. આને ઢ કહેતા લાગે છે.

એમ અહીં ભગવાન કહે છે, જડ કર્મને લઈને તને દોષ ઉત્પન્ન થાય, મિથ્યા શ્રદ્ધા કર્મને લઈને થાય, મને આસક્તિ વિકારની ટળતી નથી, કર્મના જોરને લઈને ટળતી નથી. ઢગા! કર્મને જોર આપીને તું અજીવને ધણી માની બેઠો છો? તારી દશા તારા કારણે થાય છે. એટલી તને કબુલાત નથી? એમ કહે છે. મુરખ છો?

**'પુદ્ગલકર્મથી અન્ય એવો ચૈતન્યપરિણામનો વિકાર છે.'** સમજાણું કાંઈ?

**'હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો?'** થયો ક્યાંથી પણ? દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, અંદર ખાણમાં વિકાર નથી. શુદ્ધ ગુણ છે એમાં વિકાર નથી. તો પર્યાયમાં-અવસ્થામાં-અંશમાં આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ? ૮૯.

**उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स।**
**मिच्छत्तं अण्णाणं अविरदिभावो य णादव्वो।।८९।।**
**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા.૮૯.**

ટીકા જુઓ. કેટલી વાત આચાર્યે સ્પષ્ટ કરવા કહી છે!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ટીકા :- જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...**' (આ) ભાષા. ખરેખર તો નિશ્ચયથી પોતાના નિજશક્તિથી જ. નિજરસ-નિજશક્તિથી સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત સ્વરૂપ, સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે. '**તોપણ...**' હવે કહે છે. આ વિકાર કેમ થાય છે ઈ કહે છે. '**(આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...**' મોહકર્મના નિમિત્તનો સંયોગ ઉપર લક્ષ જવાથી '**અન્ય-વસ્તુભૂત મોહ સાથે...**' જડની વાત કરે છે, હોં! આમ સંબંધ ન કર્યો, આમ સંબંધ કર્યો માટે ઉત્પન્ન થાય છે. એમ કહે છે.

'**વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો,...**' આત્મા જાણન-દેખન ઉપયોગવાળો આત્મા, એને '**ઉપયોગનો, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' લ્યો! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જાણન-દેખન ચૈતન્ય ઉપયોગસ્વરૂપ હોવા છતાં અને પોતાના નિજ સ્વભાવથી જ સ્વચ્છતા અને સ્વભાવની શક્તિરૂપથી પરિણમનની સામર્થ્યતા હોવા છતાં પણ, કર્મના સંગમાં પડેલો આત્મા મોહની સાથે સંયોગ હોવાથી આત્માના ઉપયોગનું મિથ્યાશ્રદ્ધા (રૂપ પરિણમન થાય છે). શુભભાવ એ ધર્મ છે, પાપભાવમાં મજા છે. પરનું હું કરી શકું છું, પરથી મને મદદ મળે છે. એવું મિથ્યાદર્શન, મિથ્યાભાવ અને અજ્ઞાન પોતાના સ્વરૂપમાં જ્ઞાનની કમી અથવા વિપરીત જ્ઞાનનો ભાવ અને અવિરતી-આસક્તિભાવ. '**એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' ઉપયોગના ત્રણ પ્રકારના પરિણામવિકાર એમ લીધું છે.

ભગવાન આત્મા જાણન-દેખન ઉપયોગસ્વરૂપના ત્રણ પ્રકારના પર્યાયરૂપ વિકાર છે. ઉપયોગમાં વિકાર કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મ કેમ થાય એ કેમ પહેલા કહેતા નથી અને આ વાત કેમ પહેલા કરો છો? પણ પહેલા તારી દિશા.. વિકાર ક્યાંથી થાય છે એ નિશ્ચય થયા વિના કર્મથી થાય... કર્મથી થાય... તો તારે ધર્મ ક્યાં કરવો એ રહ્યું ક્યાં? સમજાણું કાંઈ? તેથી કહે છે કે તારો વિકાર તારાથી થાય છે. મોહકર્મના નિમિત્તનો સંગ તેં કર્યો. સમજાણું કાંઈ? સ્તુતિમાં પણ આવે છે, 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ બિચારે કૌન? એ તો જડ, માટી, ધૂળ. એને તો ખબર નથી કે અમે ચીજ શું છીએ જગતની? 'ભૂલ મેરી અધિકાઈ. અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' અગ્નિનો સંગ કરે છે તો લોઢા ઉપર ઘણ પડે છે.

ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ અસંગપદાર્થ, મોહકર્મના નિમિત્તનો સંગ કરે છે તો વિકાર થાય છે તો ઘણ નામ દુઃખ ભોગવવું પડે છે. સમજાણું કાંઈ? ભાષા પણ એવી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાનાવરણીય કહ્યું, લ્યો! કર્મ શું કહ્યું? જ્ઞાનાવરણીય. કરો અર્થ જ્ઞાનાવરણીયનો. વ્યુત્પતિવાળા લાવો. જ્ઞાનાવરણીય કર્મ. જ્ઞાનને આવરણ કરનારું કર્મ. લ્યો, સીધો અર્થ શું છે? અહીં કહે છે કે અમે એમ કહ્યું જ નથી. જ્ઞાનાવરણીય કર્મ કહ્યું એમાં અમે એવું કહ્યું જ નથી. તારી પર્યાય તારાથી હીણી પરનું લક્ષ કરવાથી જે થઈ એ તારાથી થઈ છે. જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહે છે. સમજાણું કાંઈ? પહેલો શબ્દ જ એવો છે શાસ્ત્રમાં, લ્યો! જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય. ... મોહ. એ આવે છે ધવલમાં હોં! પ્રશ્ન કર્યો છે કે મહારાજ! મોહથી ... કર્મથી મુંઝાણો તો કર્મ આવી ગયું. ભાઈ! ઉપચારથી. મોહ.. પોતાના સ્વભાવમાં પોતાની ભૂલથી રખડે છે. પણ ઉપચારથી, કર્મથી મોહ.. એમ કહેવામાં આવે છે. આવો પાઠ છે ત્યાં કર્મથી લીધો છે. પેલા કહે, જુઓ! આમાં લીધું. પણ ત્યાં ઉપચારથી કહ્યું છે. વ્યવહારનયથી કહ્યું છે કે મોહકર્મ મોહય... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .... ખુલાસો કર્યો છે.

ઉત્તર :- ખુલાસો કર્યો છે ને કે મોહ તો ઉપચારથી કહ્યું છે. એમ છે. યથાર્થમાં મોહ નથી. ઉપચારથી કહ્યું છે. આવી ગયું છે, એમાં આવી ગયું. સમજાણું કાંઈ? ઓહો..! ઝઘડો તો મોટો ઝઘડો પણ આ. સમજાય છે? આહાહા..!

એને જો એની પોતાની નિજ પર્યાય, પોતાની પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે એમ જો સિદ્ધ કરે તો પોતાની પર્યાયમાં વિકાર કરનાર પણ હું અને વિકારને તોડનાર પણ હું. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં ગાથા આવી છે. શુદ્ધ નિશ્ચયનયથી... શુદ્ધ નિશ્ચયનયથી. પોતાનો આત્મા પોતાથી વિકાર કરે છે એ શુદ્ધનિશ્ચયનય છે. લ્યો! વિકારને શુદ્ધ નિશ્ચયનયમાં નાખ્યો. સમજાણું કાંઈ? અને અશુદ્ધનિશ્ચયથી કર્મથી વિકાર થયો. અશુદ્ધનિશ્ચય. વ્યવહારનય એમ નથી લીધું.

મુમુક્ષુ :- બીજું દ્રવ્ય છે માટે.

ઉત્તર :- બીજું દ્રવ્ય છે માટે અશુદ્ધ. સ્વદ્રવ્યની પર્યાય છે માટે શુદ્ધ. વિકાર કરે એ શુદ્ધ દ્રવ્યની પર્યાય પોતાની છે એમ કહે છે ત્યાં. એનો અર્થ કે પરની અપેક્ષાએ નથી અને પોતાથી વિકાર થાય છે. કેટલાક કહે છે કે .. રોકાવું પડે, એ વાત તો બરાબર છે કે નહિ? અઘાતિકર્મથી .. રોકાણું, એ તો બરાબર છે કે નહિ? અનંતવીર્ય પ્રગટ્યું, અનંત કેવળજ્ઞાન પ્રગટ થયું. અહીં ના પાડે છે કે ના. એ જોગનું કંપન પોતાની પર્યાયમાં પોતાને કારણે છે. સમજાણું કાંઈ? અને કેટલી કે વિકારની પર્યાય કર્તાકર્મ આદિની અશુદ્ધ ભાવ પોતાની પર્યાય પોતાથી છે. જડની પર્યાય જડથી છે. અઘાતિકર્મથી કેવળી રોકાયા છે એ વાત સાચી નથી. એય..! વિજયમૂર્તિજી! શું કરવું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અમારે તો વળી એમ કહેતા, ભાઈ! કેવળીએ પણ રખડવું પડે. કર્મને લઈને જ્યાં-ત્યાં આંટા મારવા પડે. આંટા સમજ્યા ને? એક ગામથી બીજે ગામ. એ કર્મ ખપાવવા. કર્મ ખપાવવા માટે કેવળીને પણ હજારો ગાઉ વિહાર કરીને ઉપદેશ દે ત્યારે કર્મ ખપે. ભારે પણ લાકડા તે. પોતાની પર્યાયની વિકૃત અવસ્થા પોતાથી છે. એ ક્રમે ક્રમે પોતાથી નાશ થાય છે. નિમિત્ત તો નિમિત્તને કારણે નાશ થાય છે. અઘાતિ કર્મને કારણે કેવળી રોકાણા છે એ વાત સાચી નથી. આહાહા..! ભારે વાતું ભાઈ! અગિયારમા ગુણસ્થાનેથી પડે એ સાચું નહિ? કર્મને લઈને. આ કર્મને લઈને અટક્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પોતાને કારણે છે. સંજ્વલની તીવ્રતા હોય તો છઠ્ઠું ગુણસ્થાન. સંજ્વલનની મંદતા હોય તો સાતમું ગુણસ્થાન. લ્યો, એમાં થાય છે. પણ એ તો તારી પર્યાયની તીવ્રતા. પુરુષાર્થ તીવ્ર ઊંધો. અથવા મંદ પુરુષાર્થ હોય, તે એને કારણે નહિ. એમ કહે છે. અરે..! ભગવાન! આહાહા..! જ્યાં હોય ત્યાં લાકડા લગાવી દે.

ઓલાએ કહ્યું હતું હોં! એક વાર. મૂઢ છો? એમ કહ્યું હતું. જ્ઞાનાનંદ કેવા? દિપચંદજીને. છઠ્ઠે ગુણસ્થાને જુઓ આમાં લખ્યું તીવ્ર સંજ્વલનનો હોય તો છઠ્ઠું આવે, .. મંદ હોય તો સાતમું આવે. આ ક્યાંથી લાવ્યો? મૂરખ! જ્ઞાનદર્પણમાં લખ્યું છે. જ્ઞાનદર્પણમાં લખ્યું છે. આવું ક્યાંથી લાવ્યો? તીવ્ર સંજ્વલનને કારણે છઠ્ઠું અને મંદ સંજ્વલન જડને કારણે સાતમું? પોતાની પર્યાયમાં એટલી પુરુષાર્થની તીવ્રતા ઉલટી છે તો છઠ્ઠું છે, મંદ... નિમિત્તમાત્ર છે. જડની પર્યાય નિમિત્તમાત્ર છે. તારું કર્તાનું કાર્ય થયું અને તું એને કર્તાનું કાર્ય બનાવે છે? શું કરીએ? ગોમ્મટસારમાં એમ લખ્યું જ્ઞાનાવરણીય. આમાં એમ લખ્યું. એક કડી આવી ગઈ, ૭૬.

જેમ માટી ઘડાને બનાવે. એ માટી વ્યાપક અને ઘડો વ્યાપ્ય છે. એમ કર્મ વ્યાપક અને વિકાર પર્યાય વ્યાપ્ય છે. એમ આવી ગયું પહેલા. એય..! એમ પહેલા આવી ગયું. પણ એ તો સ્વભાવ દૃષ્ટિની વાત કરે છે. સ્વભાવની જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો સ્વભાવ વ્યાપક અને સ્વભાવની પર્યાય નિર્મળ એનું વ્યાપ્ય થાય છે. વિકાર વ્યાપ્ય પોતામાં ન રાખીને, પરમાં નાખી એને જ્ઞેય કરીને પોતામાં જ્ઞાતા રહેવું, એમ કહ્યું છે. અહીં આમ લખે, ત્યાં એમ લખે તો બેય ઠેકાણે મજબૂત થઈ જાય એને. કર્મથી થાય છે, કર્મથી થાય છે. સમજાણું કાંઈ? કહે છે કે '**મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...**' ઉપયોગના ત્રણ પરિણામ છે. એનું દૃષ્ટાંત આપશે લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૭, શનિવાર તા. ૫-૧૧-૧૯૬૬**
**ગાથા-૮૯-૯૦, પ્રવચન-૧૭૮**

કર્તાકર્મ અધિકાર ચાલે છે. ૮૯ ગાથા. પૂછ્યું છે શું? કે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ '**ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો?**' '**कुत**' સમજાય છે? વિપરીત માન્યતા, જ્ઞાન વિપરીત અને વિપરીત રાગ-દ્વેષનું આચરણ. એ થયું ક્યાંથી? વસ્તુ સ્વભાવ તો એવો નથી. એમ પ્રશ્ન થયો. એનો ઉત્તર કહે છે.

'**ટીકા :- જોકે નિશ્ચયથી પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે,...**' મૂળ તો આ કહે છે. ખરેખર તો આત્મા અથવા દરેક વસ્તુનું પોતાના શુદ્ધ સ્વરૂપને નિજશક્તિથી જ. સર્વ વસ્તુઓનું- દરેક પરમાણુ, દરેક આત્મા, એના પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ પરિણમન-સ્વભાવભૂત એવું સ્વરૂપનું પરિણમન (થવું) એવું સમર્થપણું છે. '**તોપણ...**' આ કેમ ઊભું થયું? એમ કહે છે. સમજાણું કાંઈ? દરેક આત્માનું કે દરેક પદાર્થ. સામાન્ય વ્યાખ્યા કરી પહેલી. દરેક પદાર્થનું પોતાના શુદ્ધ સ્વભાવ નિજશક્તિના રસથી દરેક વસ્તુનું પોતાના સ્વભાવભૂત સ્વરૂપ પરિણમવું એવું સમર્થપણું છે. '**તોપણ (આત્માને) અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી,...**' આમ શબ્દ મૂક્યો છે, જુઓ! છે ને પાઠમાં '**मोहज्जुत्तस्स**'. કર્મ નામ મોહકર્મનો અન્ય વસ્તુનો સંબંધ અનાદિનો નિમિત્તરૂપે આત્મામાં છે.

'**આત્માના ઉપયોગનો,...**' ભગવાન આત્મા એના જાણવા-દેખવાના વેપારના ઉપયોગનો '**મિથ્યાદર્શન,...**' વિપરીત માન્યતા. આત્માના આનંદથી ઊલટી માન્યતા. '**અજ્ઞાન...**' સ્વરૂપના બોધથી ઊલટું જ્ઞાન '**અને અવિરતિ...**' આસક્તિરૂપી વિકાર. '**એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' એમ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર છે. નિમિત્તના સંબંધે આત્મા ત્રણ પ્રકારના પરિણામ વિકારરૂપ થાય છે. સ્વભાવનું સામર્થ્ય તો સ્વભાવનું સામર્થ્ય થવું તે છે ખરેખર તો. એમ કહે છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપે પરિણમવું એ જ એનું સામર્થ્ય છે. વસ્તુને સિદ્ધ કરીને (કહે છે), છતાં અનાદિ કર્મના સંયોગના સંગે આત્મામાં ત્રણ પ્રકારના પરિણામનો વિકાર આત્મામાં ઉત્પન્ન થાય છે. સમજાય છે? એનો કર્તા ઉપયોગ છે એમ સિદ્ધ કરશે ૯૦માં. સમજાણું કાંઈ? અને ઉપયોગ કર્તા છે એટલે આત્મા કરે છે. એમ બેય અભેદથી વાત કરશે.

મુમુક્ષુ :- ...જ્ઞાનઉપયોગ, દર્શનઉપયોગ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ના. ઉપયોગ આચરણરૂપ લેવો અહીંયાં. જ્ઞાન દર્શનનો ઉપયોગ છે પણ આચરણમાં ગયું એનું ઉંધાઈમાં. અસ્થિરતા. ઉપયોગ નહિ. જ્ઞાનદર્શન ઉપયોગરૂપ પરિણમન હોવા છતાં એવું પરિણમન કરતો નથી અને નિમિત્તને આધીન થઈને ઉપયોગ નામ અશુદ્ધ આચરણરૂપી પરિણમન કરે છે. એ ઉપયોગ લેવો અહીંયાં. એ તો પ્રવચનસારમાં આવે છે ને? ઉપયોગના.. જ્ઞાન દર્શન... છતાં એના ને એના અશુદ્ધ ઉપયોગ કીધો છે. ૫૭-૫૮ ગાથા. પ્રવચનસારમાં. ઉપયોગ દર્શન ભિન્ન. એ શૈલી અહીં છે. છે ને? આહાહા..! એ વાત થઈ ગઈ છે પહેલી. ૧૫૫. લ્યો.

**अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो।**
**सो वि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि।।१५५।।**

એ આચરણમાં લઈ લીધું છે. એવી રીતે અહીંથી લીધું. કે

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે.૧૫૫.**

એટલે આ આચરણનો ઉપયોગ લઈ લીધો. ઓલો જાણવા-દેખવાનો લીધો, આ આચરણનો લીધો. ઉપયોગના બે પ્રકાર છે. એ દ્રવ્યસંગ્રહમાં લીધું છે. સમજાય છે? ઉપયોગના બે પ્રકાર છે. એક પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન. એ વેપાર જાણવા-દેખવાનો ઉપયોગ અને એક આચરણરૂપ ઉપયોગ. શુભ અને અશુદ્ધ અને શુભ અને અશુભ ને શુદ્ધપણે પરિણમવું એ આચરણરૂપ ઉપયોગ છે. અને જાણવા-દેખવાનો વેપાર એ આચરણ નહિ, એ ફક્ત જાણવા-દેખવાના કાર્યરૂપ છે. અહીં જાણવા-દેખવાના પરિણામને આચરણમાં મૂકી દીધા છે. આહાહા..! ૫૮માં મૂક્યું છે એ પ્રમાણે. સમજાય છે કાંઈ?

આમ ચૈતન્ય ભગવાન તો આમ જ્ઞાન દર્શન... કહેશે ૯૦માં તો પાછું. અનાદિથી તો શુદ્ધ સ્વસ્વભાવભૂત શુદ્ધ ઉપયોગમય છે. અનાદિ જ્ઞાન દર્શન, હોં! છતાં... અને તેનું શુદ્ધ રૂપે પરિણમવું એ જ એની ખરેખર તો તાકાત છે. છતાં મોહના સંગમાં વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં '**આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.**' એટલે આચરણના વિકારની વાત છે આ. જાણવા-દેખવાનો સ્વભાવ અને જાણવા-દેખવાના શુદ્ધપણે પરિણમવું એવો એનો સ્વભાવ હોવા છતાં.. રાજેન્દ્રજી! એ શૈલી છે. નહિતર આચરણરૂપ ઉપયોગ અને જાણવા-દેખવારૂપ ઉપયોગ જુદી વસ્તુ છે. જાણવું-દેખવું એ કાંઈ શુભ-અશુભ અને શુદ્ધતા નથી. એ કાર્ય નથી. પણ જાણવા-દેખવાનો વેપાર જ્યારે આચરણમાં જાય છે (એટલે કે) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષના પરિણમનમાં (જ્યારે) ત્યારે આચરણરૂપ અશુદ્ધ ઉપયોગ થઈ ગયો. એને ઉપયોગ કીધો. આચરણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

'**અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે...**' પાઠમાં '**मोहज्जुत्तस्स**'ની વ્યાખ્યા કરી. આ '**मोहज्जुत्तस्स**' આમ સ્વભાવ સહિત છે પણ છતાં નિમિત્ત સહિત છે તેના લક્ષે. આમ '**અનાદિથી અન્ય-વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, આત્માના ઉપયોગનો,...**' એટલે જાણવા-દેખવાના આચરણનો '**મિથ્યાદર્શન,...**' સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન આનંદનું થવું જોઈએ એને ઠેકાણે વિપરીત માન્યતારૂપ ઉપયોગનું આચરણ થાય છે. મિથ્યાજ્ઞાન એટલે સ્વરૂપનો ઉપયોગ જોઈએ એને ઠેકાણે રાગ-દ્વેષને જાણવાનું કામ કરે છે. '**અને અવિરતિ...**' આસક્તિ. સ્વરૂપમાં સ્થિરતા જોઈએ એને ઠેકાણે આસક્તિનો આચરણરૂપ ભાવ થાય છે.

'**એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે. ઉપયોગનો તે પરિણામવિકાર,...**' હવે ઉપયોગનો આચરણનો જે પરિણામવિકાર '**સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ,...**' દૃષ્ટાંત આપે છે. '**સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ, પરને લીધે (-પરની ઉપાધિને લીધે) ઉત્પન્ન થતો દેખાય છે.**' લ્યો! આ .. આવ્યું ને. પરની ઉપાધિને લીધે. નિમિત્તની ઉપાધિનો આશ્રય કર્યો માટે ઉત્પન્ન થાય છે. આમ આશ્રય કરતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પરસ્પર છે ને. પરસ્પર થયું ને. નિમિત્ત તો છે ને પરસ્પર.

મુમુક્ષુ :- .. કરે છે.

ઉત્તર :- એ કરે છે-બરે છે નહિ. એ કરે છે પોતે. જુઓ! એ આવશે અહીંયાં. અહીં તો વાત સિદ્ધ કરે છે, જુઓ!

**एदेसु य उवगो तिविहो सुद्धो णिरंजणो भावो।**
**जं सो करोदि भावं उवओगो तस्स सो कत्ता।।९०।।**

સમજાણું? અહીં તો હજી વાત સિદ્ધ કરે છે. ઉત્પન્ન થયું એટલું. પણ કર્તા છે એ વાત ત્યાં સિદ્ધ કરશે. સમજાણું કાંઈ? અહીં તો કર્તા કર્મ સિદ્ધ કરવું છે. મોહનું નિમિત્ત મોહ એના વિકારનો કર્તા નથી. પરિણમે તે કર્તા. એ વાત તો પહેલી સિદ્ધ કરીને ચાલ્યા આવે છે. પરિણમે તે કર્તા. એટલે આત્મા મોહના સંગમાં પોતે પરિણમે છે. એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણરૂપ પરિણમે (છે). પરિણામવિકાર તે ઉપયોગ ત્રણ પ્રકારે થયો. એ એના પોતાના કર્તાનું કાર્ય છે. કહો, એ ... થયું કે નહિ? પરને લીધે છે ને? '**परतोऽपि प्रभवन् दृष्टः**'

મુમુક્ષુ :- '**परतोऽपि प्रभवन् दृष्टः**'

ઉત્તર :- હા છે ને છે ને. '**परतोऽपि प्रभवन् दृष्टः**' એ પરથી ઉત્પન્ન થયો. સ્વના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આશ્રયથી થયો નથી એમ કહે છે. સ્વના શુદ્ધ સ્વભાવે (આશ્રયે) તો એકલું શુદ્ધ પરિણમનનું સામર્થ્ય છે. પણ પરના લક્ષે ઉત્પન્ન થયેલો આવો જે ઉપયોગ મિથ્યાદર્શન એનો કર્તા ઉપયોગ છે એમ સિદ્ધ કરશે હોં! ઉપયોગ (કહીને) પછી ઉપયોગ અને આત્મા એક છે એમ ગણીને અભેદ ગણશે. ૯૦માં કહેશે.

'**તે સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :-**' જુઓ! હવે ન્યાય આપશે. '**જેમ સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં,...**' શું કહે છે? સ્ફટિકનું બદલવું તો સ્વચ્છપણે થવું એવો એનો સ્વભાવ છે. કાળા, રાતા, લીલા, ફૂલપણે પરિણમવું એવો એનો મૂળ સ્વભાવ નથી. '**સ્ફટિકની સ્વચ્છતાનું સ્વરૂપ-પરિણમનમાં (અર્થાત્ પોતાના ઉજ્જ્વળતારૂપ સ્વરૂપે પરિણમવામાં) સમર્થપણું હોવા છતાં, કદાચિત્...**' જુઓ! કોઈ વખતે એમ છે ને. પર્યાય બતાવવી (છે). ત્રિકાળ નહિ.

'**(સ્ફટિકને) કાળા, લીલા અને પીળા એવા તમાલ, કેળ અને કાંચનના...**' જુઓ! મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિના ત્રણ કહેવા છે ને. કાળા, લીલા અને પીળા. એવા '**તમાલ, કેળ અને કાંચનના પાત્રરૂપી આધારનો સંયોગ હોવાથી, સ્ફટિકની સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...**' એ લાકડું આમ (છે). સમજાય છે? કાળા, રાતા, ફૂલ આમ મૂકશો, આમ રહેશે તો એ લાકડામાં નહિ પડે એ. કારણ કે લાકડામાં એ યોગ્યતા નથી. સ્ફટિકમાં એવી યોગ્યતા છે. સમજાણું? એની પોતાની યોગ્યતાને કારણે ત્રણ પ્રકારના કાળા, લીલા અને પીળાપણે પરિણમે છે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- આમાં તો આધારનો સંયોગ...

ઉત્તર :- હા. આધારનો સંયોગ છે ને. એમાં રહ્યો છે તો એમાં દેખાય છે કે નહિ?

મુમુક્ષુ :- યોગ્યતા તો એની..

ઉત્તર :- એ યોગ્યતા જ છે એની. લાકડાનું મૂકો જોઈ. કેમ થાતું નથી. એની પર્યાયની યોગ્યતા છે. કર્તા એ છે. એ સ્ફટિકની પર્યાય જ એની કર્તા કાળા, પીળા, લીલાની છે. કહો, રાજેન્દ્રજી!

આધાર... છે ને? '**પાત્રરૂપી આધારનો સંયોગ...**' સંયોગ કીધો છે કે શું કીધું છે? '**આધારનો સંયોગ હોવાથી,...**' સ્ફટિકમાં પોતામાં '**સ્વચ્છતાનો, કાળો, લીલો અને પીળો એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે,...**' સ્ફટિકમાં કાળા આદિ પરિણામ એની પર્યાયની યોગ્યતાથી દેખાય છે. લાકડામાં નહિ દેખાય. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દૃષ્ટાંત નહોતો આપ્યો? દિવાસળીનો આપ્યો હતો ને. દિવાસળી છે ને દિવાસળી? લાકડીમાં અગ્નિ દેવાની તાકાત નથી. બીડી પીવે તો અહીં સળગે અને અહીં લાકડું કોરું હોય. ઊનું ન થાય, ઉષ્ણ ન થાય. અને લોઢું હોય ચાર હાથ લાંબુ. અગ્નિ એટલી હોય એટલી. આખું ઊનું થઈ જાય છે. કારણ? અગ્નિ કારણ હોય તો તો લાકડું પણ થવું જોઈએ. અગ્નિ કારણ હોય તો બીડી પી શકે જ નહિ. અહીં સળગે એવું આ બાજુનું લાકડું ઊનું ધગધગતું (થઈ જાય), હાથ પકડી શકે નહિ. એનો વાહક સ્વભાવ નથી. અને લોઢાનો વાહક (સ્વભાવ છે). બેય અગ્નિ છે. આમ ચાર તસુ રહેશે ચુલામાં તો .. અહીં પકડાશે નહિ. એવી એની પોતાની લાયકાત છે. અગ્નિને કારણે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠંડુ તો પોતાને કારણે થયું. કીધું ને. એનો વાહક સ્વભાવ છે. આ પણ ઠંડુ રહ્યું. લાકડું અહીં ઠંડુ રહ્યું. અહીં સળગે અને અહીં ઠંડું રહ્યું. અહીં રહ્યું અને અહીં ગરમી થઈ ગઈ. કોને કારણે? કે પોતાની પર્યાયને કારણે. સમજાણું કાંઈ? એમાં કાંઈ ફેરફાર થાય એવો નથી.

'**ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે, તેવી રીતે...**' આ તો દૃષ્ટાંત છે, હોં! ભગવાન '**(આત્માને) અનાદિથી...**' જુઓ! ઓલી સાધારણ વાત કરી હતી. મોહ સાથે સંયુક્તપણું સાધારણ હતું. હવે એના ત્રણ પ્રકાર પાડ્યા. '**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ...**' એમ પાછું. ત્રણ પ્રકાર પાડ્યા, ભાઈ! પહેલું એક હતું ને સાધારણ. નિમિત્ત હોં! મોહ, અન્ય વસ્તુનો મોહ. હવે એના ત્રણ (ભેદ) પાડ્યા પાછા. સાધારણ જે મોહ કહ્યો હતો, એને કહે છે કે '**અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો,...**' હવે આત્મા આવ્યો અહીંયાં. અન્યવસ્તુભૂત કીધી.

'**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' ત્યાં મિથ્યાદર્શનનો પરિણામ જડનો. અહીંયાં મિથ્યાદર્શનના પરિણામ આત્માનો. ત્યાં અજ્ઞાન જ્ઞાનાવરણીયનો. અહીં પોતાનું અજ્ઞાન પોતાના પરિણમનનું. ત્યાં ચારિત્રમોહનો ઉદય, અહીંયાં અવિરતિના પરિણામ. '**એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ..

ઉત્તર :- કર્તા હવે પછી કહેશે. અહીં તો પરિણામ વિકાર આમ થયો એમ કહે છે. કર્તા કહેશે ૯૦માં. સ્પષ્ટ કરશે. કહો, સમજાણું આમાં?

અનાદિથી સંયોગનો નિમિત્તના સંબંધે વિકાર કરતો આવે છે. નિમિત્તના સંગે. સ્વભાવનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સંગ એણે કર્યો નથી. એમ સિદ્ધ કરે છે. ભગવાન શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે જેનો સંગ હોવો જોઈએ એને, પોતાના આત્માના આનંદનો સંગ જોઈએ, એને ઠેકાણે આ નિમિત્તનો સંગ અનાદિથી (કર્યો છે). એમ નથી કે પહેલો પર્યાયમાં શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો. એમ કહેવું છે અહીં. એ કહેશે અર્થમાં એ. માટે અનાદિથી એમ જાણવું. મૂળ તો કહે છે, પર્યાયમાં અશુદ્ધતા છે એ થઈ ક્યાંથી? દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. એમાં જ વાંધા ઉઠે છે ને. દ્રવ્ય-ગુણ શુદ્ધ! પર્યાયમાં અશુદ્ધતા આવી ક્યાંથી? એમ કહે છે. આવી આ સંગ કર્યો માટે આવી. એમ કહે છે.

મુમુક્ષુ :- અનાદિથી ...

ઉત્તર :- એ અનાદિ જ છે પણ અનાદિથી સંગ કર્યો છે ને. અનાદિનો છે ને. અનાદિથી મોહનો સંબંધ છે કે નહિ? કે મોહનો સંબંધ નહોતો અને પહેલો એકલો શુદ્ધ હતો પર્યાયમાં? બસ! પર્યાયમાં અશુદ્ધ કેમ? કે અનાદિ મોહના સંગને લઈને. બસ. કહો, સમજાય છે? નિગોદમાં પણ એમ. એમ કહે છે. નિગોદના જીવને પણ દર્શનમોહ આદિ જે અન્યવસ્તુભૂત ત્રણ, એના સંગે થયેલો પરિણામ વિકાર મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ ભાવ એ પરિણામ ત્રણ પ્રકારે એના છે એમ દેખવો. સમજાણું કાંઈ? અહીં તો દેખવો એમ કીધું ને જુઓને અહીં?

'**અવિરતી એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' ઓલો તો કીધું એ નિમિત્તપણું વાત કરી. ઓલામાં એમ કહ્યું છે, જુઓને! સ્ફટિકમાં પણ. પરિણામ વિકાર દેખવો. ત્યાં ઓલા કાળા, રાતા, પીળાને ન દેખવો. સમજાણું કાંઈ? કાળા, રાતા, પીળા, આધાર ભલે પાત્ર હોય એનું, પણ અહીં થયું છે એને દેખ. કે અહીં એના કાળા, રાતા, પીળાની પર્યાય થઈ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો એવી આ તો છે અલૌકિક. લોકોને એમ બેસતું નથી. કર્મને લઈને થાય.. કર્મને લઈને થાય.. એવું લાકડું (ઘુસી ગયું છે એટલે માણસને) કઠણ પડે છે.

મુમુક્ષુ :- ચોંટી બહુ ગયું છે.

ઉત્તર :- ચોંટી ક્યાં ગયું છે? માન્યું છે એણે.

મુમુક્ષુ :- રાગનો સંયોગ હોવાથી..

ઉત્તર :- હા, સંયોગ હોવાથી. સ્વભાવ હોવાથી નહિ. સંયોગ કર્યો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શું થયું? આ તો સંયોગ કર્યો, સંયોગમાં લક્ષ ગયું તો આ ત્રણ પ્રકારના પરિણામ દેખવા. એમ લખ્યું છે, જુઓ! પરિણામ તારા થયા એમ દેખવા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- સંયોગે કર્યું એમ નથી લખ્યું.

ઉત્તર :- એમ નથી લખ્યું. એ ખુલાસો આવશે ૯૦માં. ૯૦માં એ કહેશે. '**कर्तृत्वं दर्शयति**'. જુઓ! '**अथात्मनस्त्रिविधपरिणामविकारस्य कर्तृत्वं दर्शयति-**' ૯૦માં એ લખ્યું છે. કર્તા કોણ? આ તો હજી સ્થિતિ બતાવી. કેમ થયું? થયું કેમ આમાં? વસ્તુનો સ્વભાવ પરિણમન હોય એવું એનું સામર્થ્ય છે. સ્વભાવ ચૈતન્યનો અથવા દરેક વસ્તુનો સ્વભાવ શુદ્ધપણે પરિણમવું (એવો છે). સ્ફટિકનું પણ નિર્મળપણે થવું એવો જ એનો સ્વભાવ છે. છતાં તેને કાળા, રાતા, પીળા ફૂલના આધારમાં રહેલું (છે) તેથી ત્યાં ઝાંયપણે ત્રણ પ્રકારે પરિણમે છે એવા પરિણામવિકાર સ્ફટિકનો દેખવો. એમ આત્માનો સ્વભાવ શુદ્ધપણે, આનંદપણે, પવિત્રપણે પરિણમવું એવું એનું સામર્થ્ય છે. છતાં મોહના સંગે એના ત્રણ ભેદ પાડીને મિથ્યાદર્શન, અજ્ઞાન, જ્ઞાનાવરણીયનો ઉદય આદિ અને અવિરતિ એવો જેનો સ્વભાવ. કોનો? અન્યવસ્તુભૂત. '**એવા અન્યવસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી, આત્માના...**' સંયોગ છે માટે અહીં થાય છે એમ નહિ. કરે છે માટે થાય છે. એમ છે. એ આમાંથી લે છે આ ગાથામાં. આવ્યું હતું. પહેલા આવ્યું હતું. જુઓ! આ લખ્યું આમાં. આ જ ગાથા મૂકી હતી એ લોકોએ. મોહનો સંયોગથી આત્મા.. પણ સંયોગથી કર્તા કોણ? મોહ કર્તા કે આત્મા કર્તા? એ તો અહીં સિદ્ધ કરવું છે. કહો, સમજાણું આમાં? તેથી ત્રણ પ્રકાર કહ્યા સામે. પણ એને દેખવું એમ ન કહ્યું. સમજાણું?

'**અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે એવા અન્યવસ્તુભૂત મોહ...**' જડ એનો '**સંયોગ હોવાથી, આત્માના ઉપયોગનો,...**' સ્વચ્છતાના ઉપયોગનો '**મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખવો.**' એનો વિશેષ ખુલાસો ૯૦માં બહુ સરસ આવશે.

'**ભાવાર્થ :- આત્માના ઉપયોગમાં આ ત્રણ પ્રકારનો પરિણામવિકાર અનાદિ કર્મના નિમિત્તથી છે.**' જુઓ! છે? પોતાના સ્વભાવથી નથી. પણ કર્મના સંગથી એ છે. '**એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે.**' એમ કહે છે અહીં. સિદ્ધ તો એ કરવું છે. સમજાણું? '**એમ નથી કે પહેલાં એ શુદ્ધ જ હતો અને હવે તેમાં નવો પરિણામવિકાર થયો છે. જો એમ હોય તો સિદ્ધોને પણ નવો પરિણામવિકાર થવો જોઈએ. પણ એમ તો થતું નથી. માટે તે અનાદિથી છે એમ જાણવું.**' લ્યો! ભગવાન ચૈતન્ય શુદ્ધ ઉપયોગી પરમાનંદરૂપે થવું એવો જ એનો સ્વભાવ છે પણ દુઃખરૂપ દશા (પણે પરિણમે છે). ત્રણે દુઃખરૂપ છે, હોં! સમજાણું? એ અતીન્દ્રિય આનંદ ભગવાન, અતીન્દ્રિય આનંદપણે થવું એ જ એનું સામર્થ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને સ્વરૂપ તો એ જ છે. પણ મોહના ત્રણ પ્રકારના સંગે તેને ત્રણ પ્રકારના પરિણામ વિકારરૂપ થતાં જીવમાં પરિણામ વિકાર થાય છે (એમ) દેખો. તારાથી થાય છે, નિમિત્તના સંગે. અશુદ્ધ પહેલો નહોતો અને અશુદ્ધ પછી થયો એમ છે નહિ. એમ સિદ્ધ કરવું છે અહીં.

**'હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છે :-'** જુઓ! એ કર્તૃત્વ (કહે છે). ઓલો તો થયો કેમ એટલું થયું. પોતાથી થતો નથી. સ્વભાવના સંગે એ વિકાર થતો નથી. સ્વભાવનો સંગ અને સ્વભાવનું સામર્થ્ય તો શુદ્ધપણે, આનંદપણે થવું એ જ એનું છે. પણ આ ત્રણ પ્રકારના દુઃખરૂપ પરિણામ છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણ. એ સ્વભાવથી વિરુદ્ધના દુઃખરૂપ ભાવ છે. એ સંયોગી જડના સંગે દુઃખના પરિણામ એણે પોતે ઉત્પન્ન કર્યા છે. પોતે. સંયોગથી ન હોય. અહીં તો વ્યવહારનું નામ આપ્યું. લ્યો, ૯૦.

**'एदेसु'** જુઓ! ભાષા. એની સાથે સંબંધ કર્યો. **'उवओगो तिविहो'** એટલું. **'सुद्धो णिरंजणो भावो।'** એ જુદો પાછો. **'जं सो करेदि भावं' 'जं सो करेदि भावं' 'जं सो करेदि भावं' 'उवओगो तस्स सो कत्ता'** લ્યો! સમજાય છે? કર્તા કર્મમાં ઈ તો સિદ્ધ કરવું છે. સંયોગ એને કર્તા અને આ કર્મ વિકારરૂપ એનું કાર્ય એમ તો છે નહિ. એમ તો અહીં સિદ્ધ કરવું છે. એના માટે આ ગાથા લીધી છે. હવે એમાંથી આ ૮૯ ગાથામાં આવ્યું હતું છાપામાં. પત્રો કહેવાય એમાં. જુઓ! આ **'मोहज्जुत्तस्स'** મોહને લઈને જીવમાં વિકાર થયા. કર્મને લઈને ના પાડતા હતા. આ રહ્યું. ભગવાન એની પણ બલિહારી છે ને.

ભાઈ! તને પરાધીન થવું કેમ ગોઠે છે આટલું? એ મને હેરાન કરે. એને લઈને મારામાં દુઃખ થાય. તો કહે, હા. પણ આનંદ તારામાં હોય એ ઊંધો પડ્યો. આ ત્રણે પરિણામ દુઃખના છે. મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન, રાગ, અવિરતિ દુઃખના પરિણામ છે. એ દુઃખના પરિણામ જ્યાં આનંદ હોય ત્યાં ઊલટા પરિણામ થાય. ત્યાં આનંદ છે? મોહમાં આનંદ છે? સમજાણું કાંઈ? આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એ તો અતીન્દ્રિય આનંદપણે પરિણમવાનું સામર્થ્ય છે એમ કહે છે. પણ એના સ્વભાવના સંગનો અનાદિથી ભૂલેલો, મોહના સંગે ચડેલો એના દુઃખરૂપ ત્રણ પ્રકારના પરિણામ દુઃખરૂપ છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, પરને દેખવું એકલું અને મિથ્યાચારિત્ર એ દુઃખરૂપ પરિણામ વિકાર (છે). અહીં અજ્ઞાનીને કહે છે, કે સ્વતંત્ર તારા પરિણામમાં થાય એમ તું જો પહેલું. આવું નક્કી કર્યા વિના ટાળવાનો પુરુષાર્થ તને જાગશે નહિ. સમજાણું કાંઈ? આ પણ બતાવવાનો હેતુ તો વીતરાગતા છે, ભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દરેક શ્લોકમાં, આખા શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. પંચાસ્તિકાય. છેલ્લું. શાસ્ત્રતાત્પર્ય અને સૂત્રતાત્પર્ય. સૂત્રતાત્પર્ય તો ગાથાદીઠ કહે છે. પણ આખો સરવાળો એનું તાત્પર્ય દરેકમાં વીતરાગતા છે. આ કહીને પણ તેના તરફથી ઉપેક્ષા કર અને સ્વભાવની અપેક્ષા કર એમ એમાં કહેવાનું છે. આહા..! વિજયમૂર્તિજી! સમજાણું કાંઈ? આમ કર્યું લ્યો. આમ થાય તો વિકાર થાય. બસ! એટલું? એમ કહીને (એમ કહેવું છે) કે તું કર્મના સંગે વિકાર પરિણામ કરે છો, ભાઈ! એ તું કર્તા થઈને કરે છો. એટલે એ છોડવાનું સામર્થ્ય પણ તારામાં છે. તું વલણ આમ કર, ભાઈ! આમ વલણ કર્યું છે, આમ કર. એ બતાવવા આ વાત છે. કર્મ તને કરાવે, કર્મ તને રખડાવે માટે રખડ્યા કર એમ બતાવવાનો હેતુ છે? સમજાણું કાંઈ?

આખા શાસ્ત્રનો સાર, સર્વજ્ઞની વાણી દિવ્યધ્વનિ ચાર અનુયોગની કોઈપણ ભાવ કહેતાં ભગવાનને પરની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા કરાવવાનો હેતુ છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આવે છે ને છ ઢાળામાં. લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો. બાપુ! આ બધું કહેવામાં પણ ભાઈ! તારો જ કર્તાપણાનો ભાવ કર્મના સંગે (થયેલો છે). એ તો નિમિત્ત છે. તારા વિકારનું કરવું એવું કર્તાપણું જડમાં છે? એવું એનામાં છે? તારું કર્તાપણું વિકારપણે પરિણમવું એવો ધર્મ તારામાં છે. પરમાં છે નહિ. પરમાં હોય તો કરાવ્યા જ કરે. પણ સ્વદ્રવ્યનો ધર્મ પરમાં શી રીતે હોય? એના કર્તાનો ધર્મ એનામાં હોય. એના પરિણમનનું થવું એવો કર્તાધર્મ જડમાં હોય, પણ તારા વિકારનો કરવાનો કર્તાધર્મ જડમાં હોય, એક દ્રવ્યના પરિણામ પરમાં હોય એમ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ માટે તો આટલી ગાથાઓ કેટલી કર્તાકર્મની તો ઓહોહો..! ૭૬ તો ગાથા. જીવમાં પણ એ, જીવ આ અને જીવ આ નહિ. સર્વવિશુદ્ધ (અધિકારમાં) એ માંડી બધી ઘણી. વાંધા આખા એટલે.

મુમુક્ષુ :- બંધ અધિકારમાં એ જ છે.

ઉત્તર :- બંધ અધિકારમાં એ, આસ્રવમાં એ, પુણ્ય-પાપમાં એ, બધી વાત જ આખી (ઈ કહેવી છે).

ભાઈ! તું શુદ્ધ ચૈતન્ય છો ને, બાપુ! એ તારા પરને સંગે ભાઈ! આ દુઃખના પરિણામ તેં કર્યા છે, હોં! એ કોઈએ કર્યા નથી. ભાઈ! એટલું તો નક્કી કર. તો તને દુઃખના પરિણામ ટાળવાનો અવસર રહેશે. નહિતર અવસર નહિ રહે. એમ કહે છે. આહાહા..! ભૂલ હું કરું છું તો ભૂલ ટાળવાનો પ્રસંગ રહે. ભૂલ કર્મ કરાવે એટલે ઈ છૂટે ત્યારે એને ઉપદેશ દેવો કર્મને? ભાઈ સાબ! છૂટી જા. એને હવે દુઃખથી ટળવું છે. એને મિથ્યાદર્શન, અજ્ઞાનથી ટળવું છે, ભાઈ! ખસી જા. એમ છે?

આત્માને કહે, બાપુ! તારા કર્મના સંગે તારામાં પરિણામ (થાય છે). દેખવું એમ શબ્દ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવ્યો ને? દેખ તારા અસ્તિત્વમાં તારા વિકારના પરિણામ તારાથી તારા થાય છે એમ જો, એમ માન, એમ જાણ. એમ જાણીને અંદર સ્વભાવમાં આવી જા. આહાહા..! પર્યાયદૃષ્ટિ છોડ, સંયોગદૃષ્ટિ છોડ. એ છોડવા માટે આ વાતને સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? સંયોગદૃષ્ટિથી થાય છે માટે એમ રાખ્યા કરજે, એ માટે આ વાત કરે છે?

આવો આત્મા બાપુ! ચૈતન્યમૂર્તિ છે ને ભાઈ! આ મનુષ્યદેહ મળ્યા એમાં આવા કાળ, એમાં આવો ભાવ જો પ્રગટ ન કર્યો, વિકાર પરિણામ તારાથી છે એમ નક્કી કરીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કર, સ્વભાવની સંભાળ કર. એ કરવા માટે આ બધો ઉપદેશ છે. જેઠાલાલભાઈ! આહાહા..! જુઓને! આ મરી જાય છે માણસો. હેરાન.. હેરાન થઈ જાય. કેટલી વાત સાંભળીએ છીએ. આહાહા..! જુઓને! અહીંયાં જૂનાગઢમાં કહે છે, બાયડીને મારી નાખી, છોકરાને મારી નાખ્યો. કાપી નાખ્યા. લ્યો, અરર..ર..! આવા ભવ! અરે..! આ ભવમાં આવા પરિણામ! બાપુ! તારે શું કરવું છે? ભાઈ! આહાહા..! એક વિષયની વાસનાના પ્રેર્યા. જેની સાથે વિષય લીધો એને મારી નાખું. મારી નાખ્યો તો મારી નાખ્યો પાછો ઓલો છોકરો હતો એને મારી નાખ્યો. છોકરો મા મા કરશે. અને કાં તો ઉઘાડું પાડશે કે એય... મારી માને મારી નાખી કાં રાડુ પાડશે. એને મારી નાખ્યો. આ તે કોઈ પરિણામ! આ મનુષ્યદેહમાં આ! અરે..! ભાઈ! આવો મનુષ્યદેહ બાપા! એને માટે છે આ? આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ક્યાં જાવું એને ક્યા સ્થાને ઊપજવું?

અહીં કહે છે, ભાઈ! તારા આવા પરિણામ એ તેં તારા લક્ષને છોડ્યું છે અનાદિથી, હોં! એ ત્યાંથી જ આવ્યું છે ને પહેલેથી. ઉદાસીન અવસ્થા છોડી પોતાની નિર્મળ દશા ઉત્પન્ન થવી જોઈએ,... ૬૯ અને ૭૦, એને ઠેકાણે તેં કર્મના સંગે આ વિકારની દશા ઉત્પન્ન કરી, ભાઈ! એને લઈને તું દુઃખી છો. સમજાણું કાંઈ? એ .. કહે છે, જુઓ! નીચે હરિગીત.

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

પાછો યાદ તો એનો એ કર્યો છે હોં અંદર શુદ્ધ. જે ભાવ કંઈ પણ. જે ભાવ. છે ને? '**करेदि**' છે ને? '**जं सो करेदि**' જેવો કરે ભાવ '**उवओगो तस्स सो कत्ता**' તેનો કર્તા થાય. પાછો એમ નહિ કે કર્મ કરાવે અને નિમિત્તના સંગે ડિગ્રી ટુ ડિગ્રી થાય. એમ નહિ. '**जं सो करेदि भावं**' જેવો તું કર તેવા ભાવનો કર્તા થા. સમજાણું કાંઈ? આહાહા..! કોણ જાણે કેવી રીતે એ ગોઠે છે ને એને. કર્મને કારણે વિકાર થાય તો તો કહે સાચું કહેવાય. સમજ્યાને?

એક જણ એમ કહેતા હતા કે જો વિકાર કર્મને કારણે ન થાય એમ માને. મારે કારણે

થાય તો તો જ્ઞાની કર્તા થયો તો એ જ્ઞાની રહેતો નથી. અને કર્મને કારણે થાય તો એને નિમિત્તથી થાય એ વાત એને નડે છે. વળી એનો તર્ક કરે. આવ્યો હતો તર્ક, ભાઈ! ઘણાં તર્ક આવે. સોનગઢને નામે તર્ક આવે ઘણાં. એક જણે એવો તર્ક મૂક્યો કે એ લોકોને જો વિકારનો કર્તા આત્મા ઠરાવે તો તો આત્મા જ્ઞાની છે. વિકારનો કર્તા આત્મા છે નહિ એમ શાસ્ત્રમાં કહે છે. અને વિકારનો કર્તા આત્મા ન ઠરાવે તો તેને કર્મને કારણે વિકાર થાય છે. જ્ઞાની વિકારનો કર્તા નથી. ધર્મી વિકારનો કર્તા નથી. માટે કર્તા ને કર્મ ઠરાવવું એને વાંધો આવે. નિમિત્તથી કર્તા થઈ જાય તો એ વાંધો આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સર્પે.. એ દાખલો આવ્યો છે એનો. અરે..! ભગવાન! શું કરે છે તું? એવું આવ્યું હતું. છાપામાં આવ્યું હતું. છાપામાં ઘણું આવે છે, ભાઈ! સોનગઢને નામે ખુબ આવે છે. એને બેઠું હોય ઈ કહે ને. શું કરે? એ તો એના પરિણામની જવાબદારી તો એને છે ને? એવું જે પરિણમ્યું છે દ્રવ્ય એમાં બીજું કરે શું ઈ? એને એ સમયમાં એ જ રુચે અને ગોઠ્યું. આ.. આ.. આ.. આ...

ભાઈ! અહીં તો કેમ કહે છે કે પહેલો તું વિકાર તારાથી થાય છે, પરથી ભિન્ન છો એનો તો નિર્ણય કર. પછી વિકાર તારો સ્વભાવ નથી એમ સ્વભાવની દૃષ્ટિ કરીને વિકારનો કર્તા છોડી દે. છોડી દે એટલે એ કર્તા પછી કર્મ છે એનું એમ નથી કાંઈ. સમજાણું કાંઈ? સ્વભાવની દૃષ્ટિ થતાં એ તો ચૈતન્ય આનંદની ખાણ છે. એનું વ્યાપ્યપણું વિકારમાં કેમ હોય? શુદ્ધ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ થતાં એ વ્યાપક એવો ભગવાન આત્મા નિર્મળાનંદ દશાની વ્યાપ્ય અવસ્થાનો કર્તા થાય. પણ વિકારનો કર્તા નથી માટે અહીં કર્તા કર્મને ઠરાવવું અને આત્મા રહ્યો જુદો, એમ રહી શકે નહિ. સમજાણું કાંઈ? ભારે ઝઘડા!

અમારે સંપ્રદાયમાં એમ ચાલતું. ઉપાદાન નિમિત્ત છે કે નહિ શાસ્ત્રમાં? નહિ. એવું બે વળી ક્યાંથી આવ્યું? વિભાવનો અનુભવ છે કે નહિ? એમ પૂછ્યું હતું એકવાર. ઘણા વર્ષ પહેલા હોં! (સંવત) ૧૯૮૦ સાલની પહેલા. કીધું, આ શાસ્ત્રમાં વિભાવ અને અનુભવ આત્માનો એ શબ્દ છે. (તો કહ્યું), એ આપણે હોય નહિ, એ વેદાંતને હોય. એય..! હિંમતભાઈ! એના ગુરુ. કહો, સમજાણું? એમ ઘણાં બધા પ્રશ્ન કર્યા હતા એક ફેરી, હોં! ૮૦ની ૭૮ની સાલ પહેલા. પહેલા અનુભવ-અનુભવ આ થાય છે એ અનુભવ શું છે કાંઈ શબ્દ શાસ્ત્રમાં? આપણે હોય નહિ, એ તો વેદાંતનું. અરે..! આ ભારે ભાઈ કીધું. આત્મા આનંદસ્વરૂપ છે એને અનુસરીને થવું એનું નામ અનુભવ. અને વિકાર-કર્મને અનુસરીને થવું એનું નામ વિકાર. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ટીકા :- એ પ્રમાણે...**' એમ છે ને? '**एदेसु**' છે ને? '**एदेसु**' શબ્દ પહેલો પડ્યો છે ને. '**એ પ્રમાણે...**' એટલે માથાની સંધિ કરી છે. '**અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે...**' અન્યવસ્તુભુત જડની સાથે, હોં! મોહ એટલે. '**સંયુક્તપણાને લીધે...**' એની સાથે સંબંધપણાને લીધે. '**પોતાનામાં ઉત્પન્ન થતાં...**' જુઓ! પોતામાં ઉત્પન્ન થતાં એટલે ઉત્પન્ન થતાં પોતામાં તે તેનું કાર્ય અને તેનો તે કર્તા છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? '**અન્યવસ્તુભૂત...**' મોહ અન્યવસ્તુ છે એમ સિદ્ધ કરે છે. છે સામે જડકર્મ, મોહકર્મ. એની સાથે સંબંધપણાને લીધે. '**સંયુક્તપણાને લીધે પોતાનામાં ઉત્પન્ન થતા જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે...**' અશુદ્ધ .. અનેક ભાવપણાને પામતો થકો. એમ લેવું. વચમાં ઓલું નાખવાનું છે જરી. '**सुद्धो णिरंजणो भावो।**' શું કહેવું છે? કે પૂર્વે કહ્યું કે સ્ફટિકને કાળા, રાતાના પ્રસંગમાં એને કાળી, રાતી ઝાંય દેખાય છે. એના પરિણામ ત્રણ પ્રકારના વિકારીને દેખવા. એમ ભગવાન આત્મા નિર્મળાનંદ શુદ્ધ ચૈતન્ય હોવા છતાં એને કર્મના સંગે તેના પરિણામમાં ત્રણ પ્રકાર વિકારી પરિણામ જોવા. થાય છે.

એ પ્રમાણે. '**આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિભાવરૂપ પરિણામવિકારો તેમના નિમિત્તે (-કારણથી)-**' એટલું. '**જોકે પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન, અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે એક પ્રકારનો છે...**' જુઓ! શું કહે છે? આમ થાય છે છતાં વસ્તુ કેવી છે એમ કહે છે પહેલી? ત્રિકાળ. ત્યાં પણ એમ કહ્યું હતું પહેલું. '**નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ-પરિણમનમાં સમર્થપણું છે, તોપણ...**' ત્યાં પણ એમ લીધું હતું.

અહીં પણ કહે છે. તોપણ લેશે. '**જોકે...**' ભગવાન આત્મા '**પરમાર્થથી...**' ખરેખર '**તો ઉપયોગ શુદ્ધ,...**' જુઓ! ઉપયોગ શુદ્ધ. સમજાય છે? '**નિરંજન,...**' શુદ્ધ અને નિરંજન. ત્રિકાળી હોં! '**અનાદિનિધન વસ્તુના...**' પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ નિરંજન, શુદ્ધ નિરંજન. એટલું. '**અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણે...**' ચૈતન્યમાત્રભાવપણે '**એક પ્રકારનો...**' ઉપયોગ અનાદિનો છે. સમજાણું કાંઈ? શું કીધું? અહીં જરી ઉપયોગ શબ્દ વાપર્યો છે ને. પણ એ ત્રિકાળ ઉપયોગ, નિત્ય ઉપયોગ છે ને નિત્ય. ત્યાં કહ્યું ને '**चसव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**'. એ તો જ્ઞાન-દર્શનનો પિંડ છે આખો. જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ આત્મા ભગવાન છે. સમજાણું?

ચૈતન્ય ચમત્કાર સૃષ્ટિને ખ્યાલમાં આવતો નથી. શ્રીમદ્ લખે છે. સમજાણું? સૃષ્ટિને-જગતને ચૈતન્ય ચમત્કાર મહાપદાર્થ છે. ચૈતન્ય ચમત્કારની એને મહિમા આવતી નથી. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું છે? કારણ કે એક સમયની અવસ્થાનો પરિચય અને એક સમયની દશાનો બહારના વલણનો અભ્યાસ. એટલે એક સમયની અવસ્થા વિનાનો આખો પદાર્થ મહાન પદાર્થ અખડાનંદ ભગવાન કોણ છે? એના ઉપર એની દૃષ્ટિ જતી નથી. એની એને મહિમા જ આવતી નથી. બહાર જ આમ આમ ફર્યા ફર. ગોળો આખો ચૈતન્યપિંડ પ્રભુ છે, એની વર્તમાન અવસ્થાના વલણવાળી દશા છે. અવસ્થાનું (મુખ) આમ જાય તો આમ જાય. રાગ ઉપર જાય, સંયોગ ઉપર જાય. અવસ્થાનું લક્ષ જાય તો આઘું ક્યાં જાય? અંદરમાં તો જાતું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ છે તો ઉપયોગ શુદ્ધ. ઉપયોગ હોં! '**શુદ્ધ, નિરંજન અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત...**' વસ્તુનું સર્વસ્વભૂત, સર્વ-સ્વભૂત '**ચૈતન્યમાત્રભાવપણે...**' ભગવાન એકલો ચૈતન્યમાત્રભાવપણે '**એક પ્રકારનો છે...**' એ વસ્તુ તો એક જ પ્રકારની ચૈતન્ય શુદ્ધભાવ એક પ્રકારની છે. પણ એ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિભાવરૂપ પરિણામવિકારરૂપ તેમના કારણથી, નિમિત્તથી, આવો હોવા છતાં પણ '**અશુદ્ધ,...**' હવે પર્યાયની વાત છે. આવો હોવા છતાં પર્યાયમાં અશુદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

'**પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ, નિરંજન,...**' આ વિચાર એક ફેરી ચુડામાં... ઓલા દરબાર છે ને? તમારા દરબારના ઉતારામાં ઉતર્યા હતા ને, (સંવત) ૧૯૯૯માં. ત્યારે આ ગાથાનો વિચાર ચાલતો હતો તે દિ' ત્યાં. આ ઉપયોગ કહે છે. ઓલું આવે છે ને? કારણ...

મુમુક્ષુ :- કારણ વિપર્યાસ...

ઉત્તર :- ના, ના એ નહિ. કારણશુદ્ધપર્યાય. એ ત્યાં વિચાર આવ્યો હતો. ૯૯ની સાલમાં. દરબારગઢમાં ઉપર ઉતર્યા હતા ને. આ ગાથા ત્યાં ચાલતી હતી. વાંચનમાં નહોતી ચાલતી. અંદર ચાલતી હતી. અહીં તો અનાદિઅનંત એક વાત કરે છે. અનાદિઅનંત. ઉપયોગ અનાદિઅનંત એમ છે ને?

'**પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ નિરંજન, અનાદિ...**' એકરૂપ, અનાદિઅનંત. '**વસ્તુના સર્વસ્વભૂત...**' પાછું આખું લીધું છે ને? વસ્તુના સર્વસ્વભૂત '**ચૈતન્યમાત્રભાવપણે...**' ભગવાન આત્મા ચૈતન્યમાત્ર, ચૈતન્યમાત્રભાવપણે ધ્રુવ શુદ્ધ. ધ્રુવ હોં! '**એક પ્રકારનો છે...**' એ ભગવાન આત્માનો ઉપયોગ ત્રિકાળ એક પ્રકારનો છે. સમજાણું કાંઈ? '**તોપણ-**' પરિણામવિકારો તેમના નિમિત્તે અશુદ્ધ. એમ છે ને? ભાઈ! માથેથી લેવું છે ને પાછું? એને કારણે એમ. આમ શુદ્ધ ઉપયોગ ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ ત્રિકાળ એકરૂપ સ્વભાવ છે જેનો. છતાં.. જુઓ! પોતામાં ઉત્પન્ન થતાં જે આ ત્રણ મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતીભાવરૂપ પરિણામ વિકારો તેમના કારણે. જુઓ! આને કારણે એમ કીધું ભાઈ પાછું. સમજાણું કાંઈ? ઓલું તો નિમિત્તભૂત કીધું પહેલું. અન્યવસ્તુ. બસ એટલું. હવે ઉત્પન્ન થતાં એવા પરિણામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેમને કારણે. એમ. સમજાણું કાંઈ? મોહના, જડના સંગના સંયુક્તથી ઉત્પન્ન થતાં પોતાના... પોતાના એટલે અપના. થોડી ભાષા હિન્દી થોડી થોડી સમજવી. થોડું થોડું સમજે. એ ત્રણ. ઉત્પન્ન થતાં જે ત્રણ પરિણામવિકારો, ઉત્પન્ન થતાં જે ત્રણ પરિણામવિકારો તેમના નિમિત્તે. એમ. તેમના નિમિત્તે એટલે તે કારણે શું થયું? અશુદ્ધ થયો. એ અહીં લઈ લેવું.

ભગવાન આત્મા શુદ્ધ નિરંજન એકલો પરમાત્મા છે. છતાં એને મોહકર્મના સંયુક્તપણાથી ઉત્પન્ન થતાં મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર એટલે અવિરતિ એવા પરિણામ ઉત્પન્ન થાય તેમના કારણે આવો જે આત્મા શુદ્ધ છે તે અશુદ્ધ થાય છે. એ '**અશુદ્ધ, સાંજન અનેકભાવપણાને પામતો થકો...**' સમજાણું? જુઓ! ઓલો ઉપયોગ શુદ્ધ છે ત્રિકાળ તો અહીં અશુદ્ધ થયો. શુદ્ધ નિરંજન છે તો સાંજન થયો. ઓલો ત્યાં એક પ્રકારનો છે તો અનેકભાવપણાને પ્રાપ્ત થયો. સામે સામે ત્રણ શબ્દ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરમાર્થથી તો ઉપયોગ શુદ્ધ નિરંજન ત્રિકાળ. અનાદિઅનંત વસ્તુનું સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણાનો ઉપયોગપણે એક પ્રકારનો છે. તોપણ પરના સંયુક્તપણાને લીધે પોતામાં ઉત્પન્ન થતાં આ જે મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન, અજ્ઞાન અને અવિરતિભાવ તેવા પરિણામવિકારો તેમના કારણે અશુદ્ધ (થાય છે). એ તો પરિણામવિકાર પોતે છે તો તેને કારણે અશુદ્ધ થયો એમ કહે છે. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજા વિશેષણો બતાવવા છે ને.

ઉત્તર :- બતાવવા છે ને. બધું સમજાવવું છે ને એને આખું. એ પરિણામવિકારો તેમને કારણે અહીં અશુદ્ધ થયો છે. શુદ્ધ છે તે અશુદ્ધ પર્યાયમાં થયો, નિરંજન છે તે સાંજન થયો અને એક છે તે અનેકભાવપણાને પામ્યો. પર્યાયમાં '**અનેકભાવપણાને પામતો થકો...**' દેખો! અનેકભાવપણાને પામતો થકો. એ કર્તાનું કર્તૃત્વ બતાવે છે. છતાં પામતો થકો. પોતે પર્યાય પરિણામવિકારો તેને કારણે અશુદ્ધ... સમજાય છે? એ '**અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને,...**' ઓલો એક પ્રકાર છે એ અનેકભાવપણાને પામતો થકો ત્રણ પ્રકારનો થઈને પર્યાયમાં. '**પોતે અજ્ઞાની થયો થકો...**' જોયું! છે ને પોતે? સ્વયં અજ્ઞાની થયો થકો. સમજાણું કાંઈ? પોતે પોતાને ભૂલી, ભગવાનને ભૂલી પોતે પરિણામના વિકારથી... સમજાય છે? અશુદ્ધ, સાંજન અને અનેક ભાવને પામતો ત્રણ પ્રકારના થઈને પોતે અજ્ઞાની થયો થકો. પોતે અજ્ઞાની થયો થકો. સ્વયં. કર્મને લઈને નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કર્મ તો પુદ્ગલ છે.

ઉત્તર :- એથી અહીં કહ્યું ને. અનેક થયો થકો કર્તાપણાને પામતો. એમ. એ પરિણામના કારણે શુદ્ધ છે તે અશુદ્ધ, સાંજન, અનેકપણાને પામતો તે ત્રણ પ્રકારનો થઈને સ્વયં અજ્ઞાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થયો થકો '**કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને...**' વિકારરૂપ પરિણમીને '**જે જે ભાવને પોતાનો કરે છે...**' જોયું! ભાષા જુઓ! જે જે પર્યાયને પોતાના કરીને ત્યાં ઊભો છે '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' ઉપયોગ કર્તા છે એમ કીધું. આહાહા..! સમજાણું આમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઊભી કરી, પોતે પોતાથી કરી અને એવો કર્તા થઈને ઉપયોગ ઊભો કર્યો છે. એમ કહે છે. સમજાય છે વાત? આ તો હજી ભૂલ કેમ થઈ એની વાત કરે છે. એ ભૂલ સ્વતંત્ર તારાથી થઈ માટે ટાળનારો તું સ્વતંત્ર છો, ભાઈ! કર્તા જ્યારે ભૂલનો સ્વતંત્ર છે. કર્તાની વ્યાખ્યા સ્વતંત્રપણે અજ્ઞાની થયો-કરે છે એ જ કર્તા થઈને જ્ઞાની થયો થકો શુદ્ધભાવને કરે. આહાહા..! સમજાણું?

'**પોતે અજ્ઞાની થયો...**' જુઓ! છે ને? '**स्वयमज्ञानीभूतः**' '**કર્તાપણાને પામતો,...**' કર્મને કારણે નહિ. પોતે કર્તાપણાને પામતો અજ્ઞાનભાવ. '**વિકારરૂપ પરિણમીને જે જે ભાવને...**' જે જે વિકાર પરિણામ. જે જે. મિથ્યાદર્શન, અજ્ઞાન પ્રકારના પણ ઘણા પ્રકાર છે ને? એમાં જે જે ભાવને પોતાનો કરે છે. પોતાની પર્યાયમાં કર્તા થઈ કરે છે '**તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' લ્યો! કર્મ એનો કર્તા નથી. સંયોગી ચીજ એની રચનાર નથી. સમજાણું કાંઈ? પાઠ પણ છે ને. '**जं सो करेदि**' '**तस्स**' '**तस्स**' તેનો તે કર્તા. પાઠ એવો ચોખ્ખો છે લ્યો. '**तस्स**' કર્તા. કહો, બરાબર છે?

વિકાર મિથ્યાદર્શનનો કર્તા કોણ? દર્શનમોહનો ઉદય કર્તા ખરો કે નહિ એનો? અજ્ઞાનભાવનો કર્તા તો બીજા શાસ્ત્રમાં આવ્યું છે, કહે છે. બીજા શાસ્ત્રોમાં તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા માટે.

મુમુક્ષુ :- એ તો દ્રવ્યાનુયોગનું શાસ્ત્ર છે.

ઉત્તર :- દ્રવ્યાનુયોગ શાસ્ત્ર હોય કે ગમે તે શાસ્ત્ર હોય નહિ. કાંઈ ઊંધી વાત કરતા હોય ત્યાં? બીજા શાસ્ત્રમાં બીજી ઊંધી આનાથી ઊલટી હોય?

મુમુક્ષુ :- અનેકાંત..

ઉત્તર :- અનેકાંત એટલે? આનાથી થાય, આનાથી થાય. એ તો નિમિત્તના કથન છે. સમજાય છે? વ્યવહારના નિમિત્તનું પ્રસિદ્ધિપણું બતાવવા અને એ પણ નિમિત્ત પ્રસિદ્ધ એમ બતાવે છે કે ત્યાં એક બીજો પ્રસિદ્ધ આત્મા ઊંધું કરનારો છે એમ બતાવે છે. આમ મિથ્યાદર્શનનો ઉદય એમ કહેતા ત્યાં એક મિથ્યા પરિણમન ઊંધા કરનારો ત્યાં નૈમિત્તિક છે એમ સિદ્ધ કરે છે. આનાથી એમ નહિ. પણ એમ બતાવે છે કે ત્યાં ઊલટી શ્રદ્ધાવાળો છે. સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**વિકારરૂપ પરિણમીને...**' જુઓ! થઈને. કર્તાપણાને પામતો એવો '**જે જે ભાવને પોતાનો કરે છે...**' જે જે પ્રકારનો તે પ્રકારે તે તે ભાવનો '**જે જે ભાવને પોતાનો કરે છે તે તે ભાવનો તે ઉપયોગ કર્તા થાય છે.**' એમાં તો કર્મને લઈને થાય છે, કર્મમાં ડિગ્રી ટુ ડિગ્રી થાય છે, બધી વાત ઉડી જાય છે. બધી વાત ઉડી જાય છે આમાં. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ :- પહેલાં કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.**' જુઓ લાવ્યા. પંડિતજી લાવ્યા. જયચંદ્ર પંડિત. શરૂઆત ત્યાંથી કરી. કર્તા પરિણામી દ્રવ્ય. એ પહેલો શ્લોક હતો ને. '**પહેલા કહ્યું હતું કે જે પરિણમે તે કર્તા છે.**' અહીં કીધું ને? કર્તાપણે પામતો વિકારરૂપ પરિણમે છે.

મુમુક્ષુ :- થોડો ફેરફાર છે.

ઉત્તર :- એકાંત... પહેલો છે ને. સમજાણું કાંઈ?

કર્મને લઈને વિકાર થાય... કર્મને લઈને વિકાર થાય. ત્યાં ગયા હતા ને ઓલા પણે ત્યાં બે મિનિટ બેઠા ત્યાં પ્રશ્ન કર્યો. ફતેપુરની આની કોર નહિ? નામ હતું ને બીજું? તલોદ નહિ. આપણે ગયા હતા ને ત્યાં? સવારમાં જાવું નહોતું? તલાદ. સ્ટેશન. ત્યાં એક હતો કો'ક. (એણે પૂછ્યું), કર્મને લઈને થાય છે કે નહિ? કોણ જાણે લાકડા એવા. હજી તો બે મિનિટ જ, હોં! ફક્ત ત્યાં. માંગળિક સંભળાવો. કર્મને લઈને વિકાર થાય છે કે નહિ? કીધું, ભાઈ! એ વાત અત્યારે રહેવા દો. એવું લાકડું ગર્યું છે ને. વાતાવરણ એવું કરી મૂક્યું છે ને. જાણે કર્મને લઈને વિકાર થાય તો એ સાચો માણસ કહેવાય. અને કર્મને લઈને વિકાર નહિ, પોતાથી થાય વિકાર (એમ કહે) એ ખોટો કહેવાય. એવું વાતાવરણ (થઈ ગયું છે). બાબુલાલજી! સાંભળ્યું છે અનાદિથી. એ વાતાવરણ એવું કરી મૂક્યું છે ને. આપણે જૈનદર્શનમાં કર્મની જ પ્રધાનતા છે. આત્માની પ્રધાનતા છે કે કર્મની પ્રધાનતા છે? આત્માની અહીં તો વીતરાગ સ્વભાવની પ્રધાનતા છે. દૃષ્ટિમાં પ્રધાનતા તો એની છે. જુઓને! લખ્યું છે ને ભાઈએ નહિ? જયચંદ્ર પંડિતે શરૂઆતમાં લખ્યું છે. ઉપોદઘાત. લોકમાં બહુ જાણે ક્રિયાકાંડની પ્રધાનતા થઈ ગઈ માટે આ શાસ્ત્રમાં આ રીતે વસ્તુની સ્થિતિ બતાવી છે.

મુમુક્ષુ :- .. જૈનમાં તો...

ઉત્તર :- જૈન તો કર્મની ક્રિયા. એક જણો કહેતો હતો, ઓહો..! આવી વાત છે તમારા જૈનમાં? તમે કહો છો એવી? મેં કીધું, જૈનમાં જ એવી વાત છે. બીજે એવી હોય નહિ. ઓલા જાણે કે આ કંદમૂળ ખાવું નહિ અને આ ખાવું. આવી વાત છે ત્યાં. જાત્રા કરવી શેત્રુંજયની. આવી વાત છે જૈનમાં. ભોગીભાઈ! જૈનમાં આત્મા જ્ઞાનાનંદ છે એમાં રમવું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અને ઠરવું એવી વાત છે? એવી? એનું નામ ધર્મ? આ જૈનધર્મ એમ કહે છે? એક જણો આવ્યો હતો, પંડિત વેદાંતી. જૈનધર્મ આમ કહે છે? જૈન ધર્મ જ એમ જ કહે છે. એવું વસ્તુનું સ્વરૂપ છે. આત્મા અખંડાનંદ શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ, એનો અનુભવ કરવો, દૃષ્ટિ કરી ઠરવું એમ જૈન કહે છે. આ તો વચ્ચે..

મુમુક્ષુ :- ગુરુકુળવાળા એક મહેમાન આવ્યા હતા... તમારે હોય?

ઉત્તર :- હા. સચ્ચિદાનંદ હોય? આ ઓલો આવ્યો નહોતો તમારો? રાવળ. એ કહે, ૐ તમારે હોય? ઓલો નહિ? દિવાન. વઢવાણનો દિવાન. હરિભાઈ દિવાન. ત્યાં તો વ્યાખ્યાનમાં આવતા. અહીં આવ્યો હતો. ૐ તમારે હોય? ૐ એટલે આત્માનું સ્વરૂપ બતાવે છે એ તો. સમજ્યાને? ૐ બે પ્રકારે ઓમ છે. એક વિકલ્પરૂપ ૐ અને એક આત્માનું સ્વરૂપ ૐ. બે પ્રકારે. બનારસીદાસમાં આવે છે. સમજાય છે કાંઈ? અરે..! આ તે શું વાત! એવી રીતે વાતાવરણ ઘડી નાખ્યું છે ને. એને જ્યાં સત્ય વાતની વાત (કરે તો કહે), એ નહિ. એમ નહિ. કર્મથી થાય. કર્મ મંદ પડે તો આપણે ... આવે છે ને. પણ કર્તા પોતે છે એમાં પ્રશ્ન ક્યાં આવ્યો હવે? જુઓ!

‘**પરિણમે તે કર્તા છે. અહીં અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**’ પછી આત્મા કહેશે, પછી આત્મા કહેશે. ‘**અજ્ઞાનરૂપ થઈને ઉપયોગ પરિણમ્યો...**’ કાંઈ આત્મા દ્રવ્ય તો આખું અજ્ઞાનરૂપ થાતું નથી. ‘**તેથી જે ભાવરૂપ તે પરિણમ્યો તે ભાવનો તેને કર્તા કહ્યો.**’ વિકારી પરિણામ જે પ્રકારે મિથ્યાદર્શન, અજ્ઞાન આદિ કર્યા તે ભાવનો તેને કર્તા કહ્યો. ‘**આ રીતે ઉપયોગને કર્તા જાણવો.**’ અત્યારે પાઠમાં તો એ શૈલી છે ને.

‘**જોકે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી આત્મા કર્તા છે નહિ,...**’ શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ તો વિકારનો કર્તા આત્મા નથી. એ તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થતાં દ્રવ્ય સ્વભાવમાં વિકાર નથી માટે તેનો કર્તા એ નથી. ‘**તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી...**’ પહેલા તો ઉપયોગને કર્તા જાણવો એમ કીધું. પણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી ‘**અશુદ્ધદ્રવ્યાર્થિકનયે...**’ પર્યાય છે ને અશુદ્ધ દ્રવ્યાર્થિક? પર્યાયથી લીધું. અશુદ્ધદ્રવ્યાર્થિકનય એટલે પર્યાય. એ નયે ‘**આત્માને પણ કર્તા કહેવામાં આવે છે.**’ ખરો ત્રિકાળી દ્રવ્ય કર્તા હોય તો કોઈ દિ' છૂટે નહિ. નિત્ય કર્તૃત્વ રહે. પણ અશુદ્ધ દ્રવ્યાર્થિક પર્યાયદૃષ્ટિએ એને અશુદ્ધ દૃષ્ટિ કહો, વ્યવહારનય કહો કે પર્યાયનય કહો. એ આત્માને પણ કર્તા કહેવામાં આવે. એમાં કાંઈ દોષ છે નહિ. આમ જો નિર્ણય કરે તો સ્વતંત્રપણે સ્વભાવની દૃષ્ટિ અનુભવ કરે તો એને આનંદ આવે. એ માટે આ વાત કરે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો વદ ૮, રવિવાર તા. ૬-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૧, પ્રવચન-૧૭૯**

આ કર્તાકર્મ અધિકાર સમયસારનો છે. ૯૦ ગાથા પૂરી થઈ. ૯૧. આ શું વર્ણવે છે? કે આત્મા પોતાનો શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય છે એને ભૂલે છે. આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ એનું છે. એને ભૂલે છે ત્યારે વિપરીત માન્યતા, વિપરીત જ્ઞાન અને વિપરીત રાગ-દ્વેષ આચરણરૂપે પરિણમે છે. સમજાય છે? એ દુઃખરૂપ દશારૂપે થાય છે.

મુમુક્ષુ :- દુઃખ કોણ આપે?

ઉત્તર :- પોતે. દુઃખ આપે કોણ? પોતાનો આનંદ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવની ખાણ છે આત્મા તો. અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. એને ભૂલીને વર્તમાન દશામાં મિથ્યા અભિપ્રાય, હું પરનું કરી શકું છું અને પરને લઈને મારામાં કાંઈક વિકાર થાય છે. એવો જે પરમાં સ્વપણાનો અભિપ્રાય-અભિમાન, એને લઈને એનામાં ત્રણ પ્રકારનું પરિણમન, મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને રાગ-દ્વેષનું પરિણમન, એ જીવ પોતે પોતાની ભૂલથી કરે છે. ત્યારે કર્મના પરિણામથી કર્મ પોતે સ્વયમેવ પોતાને કારણે થાય છે.

મુમુક્ષુ :- સ્વયમેવ પોતાને કારણે થાય?

ઉત્તર :- હા. સ્વયમેવ કર્મના રજકણો પોતાના કારણે જ કર્મરૂપી પર્યાયને ધારણ કરે છે. આત્માએ વિકાર કર્યો માટે ધારણ કરે છે એમ નહિ. સમજાણું કાંઈ?

અહીં પોતે ભૂલ્યો તેથી તેના પરિણામમાં વિપરીતતા થઈ. એને પૂર્વનું કર્મ નિમિત્ત છે એ અહીં સિદ્ધ નથી કરવું. અહીં તો નવા કર્મ તે ક્ષણે જેટલા પ્રમાણમાં વિપરીત માન્યતા, રાગ-દ્વેષ અને અજ્ઞાન કરે છે એટલા પ્રમાણમાં સામે આઠ કર્મનું પરિણમન થઈને કર્મરૂપ દશા થાય એનો આત્મા કર્તા નથી. એમ સિદ્ધ કરવું છે. રતિભાઈ! પછી આ રજકણોનો પર્યાય વિકાર થાય તે જ કાળે કર્મ કર્મરૂપે પરિણમે, છતાં તે વિકારી પર્યાયનો કર્તા ખરો, પણ કર્મને કરે અને કર્મને બાંધે એનો એ કર્તા આત્મા નથી. સમજાણું? તો પછી આ આત્મા સિવાય બાહ્ય ચીજો ક્ષણે ને પળે એને કારણે પરિણમીને બદલી રહી છે. ત્યાં અજ્ઞાનીનો એ અભિપ્રાય (છે કે) આ હું કરું છું... આ હું કરું છું... આ હું કરું છું. એ પરમાં પોતાપણાની બુદ્ધિ છે એ જ અનાદિની દુઃખદાયક બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

આ પરના કામ કરું, શરીરના, વાણીના, બીજાને સુખી કરી શકું, દુઃખી કરી શકું, પૈસા મેળવી શકું, પૈસા વાપરી શકું. એ જીવ મૂઢ છે. પરવસ્તુ સ્વતંત્ર છે, તારાથી જુદી, જુદી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ચીજની જુદી અવસ્થા એને કારણે થાય, એને અજ્ઞાની કહે છે મારાથી આ થાય છે. એવી પરમાં અહંપણાની બુદ્ધિ છોડાવવા આ વાત કરે છે. સમજાણું કાંઈ? ડોક્ટર-બોક્ટર હશે ને? આ ડોક્ટર રહ્યા ને. એય..! ઈંજેક્શન-બિંજેક્શન આપે સરખું. આપી શકે કે નહિ? આમ બરાબર રગ ઝાલીને.

મુમુક્ષુ :- એક તો વળી બીજી રીતે આપે, કોઈ બીજી રીતે આપે. બધા સરખા તો આપતા નથી.

ઉત્તર :- આપતા જ નથી અહીં તો કહે છે. એ મૂઢ મફતનો અંદર વચમાં (અભિમાન કરે છે). એ જડની અવસ્થા જડમાં થાય. કારણ કે એ ચીજ જગતની ચીજ છે આ જગતની. રજકણો આ વસ્તુ જગતનું અસ્તિ તત્ત્વ સત્ છે અને એની અવસ્થાનું આમ થવું એ એને કારણે થાય છે. એને કારણે થતાં પણ અજ્ઞાનીને ભ્રમ પડે છે કે આ શરીર મેં હલાવ્યું અને એ શરીરને લઈને આમાં ક્રિયા થઈ. એ પરપદાર્થના અહંપણાનું અભિમાન છોડાવવા વાત કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કહે છે, પંડિતજી! એ ઘરનું નથી. એ બીજા કહે છે. આમ થાય છે એ કરી શકે છે પણ એણે અભિમાન ન કરવું. એમ કહે છે. એમ નથી.

ભાઈ! આ વાણીનો લવો વળવો એ ક્રિયા તારી નથી. તને ખબર નથી. આહાહા..! તું કોણ અને તારી સત્તાના હોવાપણામાં શું થાય છે અને બીજાના હોવાપણામાં તારા રાગને કાળે બીજાના હોવાપણામાં શું થાય છે એની તને ખબર નથી. એથી જ્યાં ત્યાં પરપદાર્થની અવસ્થાનું મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું. એવી પરમાં તારી બુદ્ધિ રોકાઈ ગઈ છે એટલે સ્વમાં બુદ્ધિ આવતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ માટે આ વાત કરે છે.

અંદર કર્મને એની વાત કરવામાં કે પરદ્રવ્યના રજકણો પણ તારા મિથ્યાશ્રદ્ધાના કાળે, તારા મિથ્યાજ્ઞાનને કાળે અને તારા રાગદ્વેષના પરિણમનના સ્વતંત્ર કાળે એ રજકણો સ્વતંત્ર થઈને તેને કારણે કર્મરૂપ અવસ્થા થાય છે. તો પછી તું એનો કર્તા નથી અને તારા કર્યા વિના એ કર્મ થાય, તો તું જગતની બીજી ચીજનો કર્તા થાય તો બીજામાં કાર્ય થાય એમ છે નહિ. એય..! રતિભાઈ! ભારે આકરું.

આમ ભગવાનની પૂજા કરેને આમ સ્વાહા. ભક્તિ કરે લ્યોને. મોઢેથી સ્તુતિ બોલે. ભગવાન આવા છે. તો કહે છે કે આ જડની પર્યાય, ભાઈ! તને ઈચ્છા રાગ થયો, રાગરૂપે તું પરિણમ્યો પણ એથી આ ભાષાની સ્તુતિનું સ્તવન આ ભાષા દ્વારા અહીં હોઠ હલે એ ક્રિયા તેં કરી એમ નથી.

મુમુક્ષુ :- સ્વાહા તો બોલ્યો ને.

ઉત્તર :- સ્વાહા એ બોલ્યો જ નથી. એય..! ભોગીભાઈ! અરે..! ભાઈ! તત્ત્વની તને ખબર નથી. સ્વાહા એવો એક અવાજ, એક અવાજ એ છે કે નહિ? તો છે એની અવસ્થા તો દેખાય છે. તો એ અવસ્થાનો ધરનાર તત્ત્વ છે એ રજકણોથી તે અવસ્થા થઈ છે. આત્માથી નહિ. આહાહા..! ભાઈ! આ તો મણમાં આઠ પાંચ શેરીની ભૂલ. કહે છે કે તારો ભાવ નિમિત્ત છે તો ભાષાની પર્યાય ભાષાને કારણે થાય છે. તારા કર્યા વિના. એ આવશે અહીંયાં. સમજાય છે કાંઈ?

અનેક તત્ત્વ કહેવા અને એમ માનવું કે એ મારા સિવાયના તત્ત્વોની દશા મારા રાગને કાળે એવી થાય માટે એનો હું કર્તા. ભાષા જુઓ! શેઠીએ પ્રશ્ન શું કર્યો? ભાવને અનુસારે ભાષા. પણ ભાવને અનુસારે એટલે શું? ભાવનું હોવાપણું આત્માના અસ્તિત્વમાં રહ્યું અને ભાષાનું હોવાપણું જડની પર્યાયમાં રહ્યું. એમાં રાગને લઈને ભાષા થઈ એમ છે ક્યાં? સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં હમણાં જ શબ્દ આવ્યો હતો. લોકસ્થિતિ, નથી આવતું? લોકસ્થિતિ જ એવી કોઈ છે. આવે છે એમાં, હોં! છે ને ક્યાંક? કેટલામું પાનું કહ્યું હતું? કેટલામું? એ જ છે લ્યો. એ જ આવ્યું. લ્યો, આમાં કાંઈક પડ્યું હતું. કો'કનો કાગળ પડ્યો હતો.

'**આ લોકસ્થિતિ જ એવી છે કે...**' દોઢ લીટીનો છે. લીટી સમજો છો? પંક્તિ-પંક્તિ. એ વર્ષ છે ૨૫, પત્ર છે ૨૧૭. આમાં. મોટામાં ૨૯૧. સોભાગભાઈ સાયલામાં હતા. એના ઉપર બહુ પ્રેમ હતો અને સોભાગભાઈને આના પર બહુ પ્રેમ હતો. બહુ પ્રેમ, બેયને એકબીજાને. એના ઉપર લખ્યું છે. '**પરમ પૂજ્ય શ્રી સોભાગ્ય...**' એમાં શ્રીમદ્‌ના પોતાના શબ્દ છે. આ તો જૂના પત્રમાંથી ગોતીને મૂક્યું છે, હોં! વજુભાઈ! જૂના પત્રો હતા ને ઓલા પચ્ચીસ. દામુ નહિ? દામજીભાઈ. ૮૭માં ત્યાં ચોમાસુ હતું ને અમારું. પોરબંદર. ત્યાં ઓલા દામજીભાઈ આવ્યા નહોતા મોટા કોથળા ભરતા? ..નું બહુ પૂછતા હતા. મોટા આવા ગુંજા રાખતા. અમારે આ પુસ્તકમાંથી પાને પાને શ્રીમદ્‌ના વાક્ય શું છે એ જોવા છે. એ આ બધા લખી લીધા છે, જુઓ એમાં. આમાં તો નથી. પણ એમાંથી લખી લીધા.

'**આ લોકસ્થિતિ જ એવી છે કે તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે.**' ૨૫ વર્ષની ઉંમરે જુવાન અવસ્થામાં આત્મજ્ઞાન થયેલું છે. સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ થયું હતું. સમજાય છે કાંઈ? એટલે આ તો કોઈને એમ થાય કે આ જુવાન અવસ્થામાં આવું થાતું હશે? એટલે જરી આ વાત (કરી). સમજાણું કાંઈ? આ માંસ હાડકા મજબૂત હોય, સાંઢિયા જેવા, બળદ જેવા શરીર હોય એમાં તે કાંઈ ધર્મ હોતો હશે? બૈલ બૈલ જેવા શરીર. સાંઢિયા અમારે કહે છે. આ તો બળદ. બૈલ જૈસા. સાંઢ કહે અમારે એને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંઢ. બળદને સાંઢ કહે છે. મોટો બળદ હોય છે ને. સાંઢ જેવું શરીર હોય. ઓહોહો..! પાંચ-છ મણનું શરીર અને માંસ લટકતું હોય. હવે એને કહે, ધર્મ, આવા જુવાન માણસને? ધમ.. ધમ.. ધમ ચાલતો હોય. અરે..! સાંભળને હવે. આ તો હાડકા છે જડ માટી ધૂળ છે. આ આત્મા છે? આત્મા એનાથી ભિન્ન છે એવું ભાન આઠ વર્ષની ઉંમરે કેવળજ્ઞાન થઈ શકે છે. સમજાણું કાંઈ? આત્મા પોતે શરીરથી ભિન્ન, રાગથી ભિન્ન એવું ભાન (થઈને) આઠ વર્ષે કેવળ પામીને આઠ વર્ષે તો મુક્તિને પામે છે. જુવાન-ફુવાન કે દિ' હતો? જુવાની તો આ જડની દશા છે. માટી ધૂળની છે.

અહીં કહે છે કે અરે..! આ લોકસ્થિતિ જ એવી છે. શું? જુઓ! આ કાગળ અહીં પડ્યો છે ને. જુઓ! આ વિના ઉપડે? એમ દેખે ને? જુઓ! ઈચ્છા થઈ તો ભાષા થઈ. એય..! શેઠી! ભાવ અનુસાર ભાષા. **'આ લોકસ્થિતિ જ એવી છે કે એમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.'** સંયોગથી દેખનારને રચના એવી છે કે મિથ્યાશ્રદ્ધા જ થાય. એને અસત્યની ભાવના (થાય). નહિ. આનાથી આ થયું... આનાથી આ થયું... આનાથી આ થયું. એય..! મલૂકચંદભાઈ!

**'સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.'** પછી એક બીજો પત્ર તરત એક લીટીનો છે. **'લોકસ્થિતિ આશ્ચર્યકારક છે.'** બસ, એટલો જ પત્ર છે. **'લોકસ્થિતિ આશ્ચર્યકારક છે.'** જ્યાં-ત્યાં જગતના પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાથી થઈ રહ્યા છે. ત્યાં જોડેવાળો જીવ છે એને એમ છે કે હું છું તો આ બધું થાય છે. એવી જ કોઈ લોકસ્થિતિ આશ્ચર્યકારક અને અસત્યનું ભાવન કરાવવાવાળી છે. આહાહા..! હાથ આમ કરે. હાથ ઉપાડવો હોય તો આમ ઉપાડે. આ કહે છે કે હાથ ઉપડ્યો છે એ તારે કારણે નહિ એમ કહે છે. એય..! આ શું કહે છે આ?

ભાવને અનુસારે આ શરીરની પર્યાય થતી નથી. બીજાને મારવાનો એણે વિકલ્પ કર્યો. રાગ. રાગ. એની મર્યાદા એટલી. કે દ્વેષ (કર્યો). પણ એથી શરીરે આમ કર્યું, આમ માર્યું. એ વાત ત્રણ કાળમાં સાચી નથી. આ ભારે વાત, ભાઈ! આ ડોક્ટરો તો બધા ખોટા જ પડતા હશે. ખોટા પડી ગયા? આખી દુનિયા ઊંધી છે અહીં તો એ કહે છે. મોટા માંધાતા પણ નામ હજી સાધુ નામ ધરાવે એ તો એ કહે છે કે જેમ જગતને ઈશ્વરે કર્યું એમ કોઈ માને અને આ જૈનમાં રહેલા સાધુ નામ ધરાવનારા એમ માને કે છ કાયના શરીરની દયા અમે પાળી શકીએ છીએ. તો જેમ ઈશ્વર કર્તા જગતનો નથી, એમ આ દયા પાળવાનો કર્તા નથી. છતાં મિથ્યાદૃષ્ટિ માને છે તો બેય એક જાતના મિથ્યાત્વના વર્ગમાં બેઠા છે. સર્વવિશુદ્ધ અધિકારમાં. જુઓ! આટલી લીટીમાં તો કેટલું મૂક્યું છે! ૨૫ વર્ષની ઉંમર છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લ્યો. વર્ષ ૨૫. સમજાય છે? એ સાલ કઈ છે? જુઓ. મુંબઈ, ૩૦.. ૪૯ની સાલ. વજુભાઈ! એમાં એમ કહે છે કે તને રાગ થાય છતાં તું બોલી શકતો નથી. એમ કહે છે. અને બોલવાની પર્યાય થઈ માટે એનો કર્તા તું છો એમ છે નહિ. એમ કહે છે એમાં. વાંચતા આવડતું નથી. એય..! ચંદુભાઈ! ઓલું દેજો. કાંઈક આવ્યું હતું. ઓલું નહિ? .. આવે છે ને દ્રવ્યસંગ્રહમાં. એણે માંગ્યું છે. ત્યાં દ્રવ્યસંગ્રહ વંચાતું હશે. નાનામાં છે. અને દ્રવ્યાનુયોગ તર્કણા છે ને? એમાં એ શબ્દ છે. દ્રવ્યાનુયોગ તર્કણા છે.

અહીં તો પરમાત્મા કહે છે એવું સંતો કહે છે અને એ રીતે વસ્તુની સ્થિતિ છે. આત્માને ત્રણ પ્રકારના પરિણામ વિકારનું કર્તાપણું હોય. માથે શબ્દ છે. ૯૧ ઉપર. '**ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય...**' આત્મા જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય આનંદનો કંદ, એની પોતાની સંપદાને ભૂલી અને પરપદાર્થમાં સુખબુદ્ધિ છે, દુઃખબુદ્ધિ કલ્પના કરીને એ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા(ચારિત્ર) રાગ-દ્વેષ રૂપે દુઃખદશા રૂપે થાય છે. એનું કર્તાપણું હોય. '**ત્યારે પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે...**' એ કર્મના રજકણોની પર્યાયમાં એ જ કાળે તે પરિણમવાનો સ્વતઃ કાળ અને સ્વતઃ સ્વભાવ છે. '**એમ કહે છે :**' ગાથા.

**जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स भावस्स।**
**कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं।।९१।।**

નીચે હરિગીત.

**જે ભાવ જીવ કરે અરે! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

આટલી તો સ્પષ્ટતા મૂકે (છે). પણ હજી કહે કે ના, એ આત્મા કરે કર્મને. આત્મા પરદ્રવ્યને કરે, આત્મા પરદ્રવ્યને કરે.

મુમુક્ષુ :- નિમિત્ત તરીકે.

ઉત્તર :- પણ નિમિત્ત એટલે શું? નિમિત્ત એટલે કરે નહિ એનું નામ નિમિત્ત. કરે તો નિમિત્ત કહેવાતું નથી. નિમિત્ત કર્તા કહેવાય એનો અર્થ કે પરમાણુ એની પર્યાય કરે છે ત્યારે રાગને નિમિત્ત કર્તાનો આરોપ દેવાય છે. પણ કર્તા બે થઈને કાર્ય થાય છે એમ છે નહિ. એ તો પહેલી વાત ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! પોતાના સિવાય જડ અન્ય પદાર્થની દશાનું અભિમાન એને પરનું કર્તાપણું બોલાવે છે. હું આનો કર્તા... હું આનો કર્તા. ભાઈ! ચૈતન્યની જાતને તું ભૂલ્યો છો. અને જેમાં જે દશા થાય છે તે તારા કર્તા વિના થાય છે. જેઠાલાલભાઈ! આહાહા..!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ટીકા :- આત્મા પોતે જ...**' દેખો ભાષા! '**આત્મા પોતે જ...**' પોતે એટલે સ્વયં. એમ સમજવું. તમારી બહુ ભાષા... '**તે પ્રકારે પરિણમવાથી...**' તે પ્રકારે પરિણમવાથી. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને આચરણ રાગ-દ્વેષ. તે પ્રકારે થવાથી '**જે ભાવને...**' એટલે પર્યાયને. '**ખરેખર કરે છે...**' જે પર્યાયને વિકારી. અહીં અજ્ઞાનીની વાત છે, હોં! જ્ઞાનીની અહીં વાત નથી. અજ્ઞાની વિકારનો કર્તા થાય છે ત્યારે તેને કર્મનું બંધન થાય છે એ કર્મના રજકણો સ્વયમેવ એને કારણે બંધાય છે. તારા કર્તા સિવાય. એમ કહે છે. જૈનમાં તો એવું હોય અપ્પા કત્તા વિકત્તા દોહાણિય.. જેવા આત્મા કર્મ કરે એવા ભોગવે, લ્યો ભાઈ! અહીં તો કહે છે કે જડકર્મ તે કર્યા જ નથી ને, ભોગવે શું ધૂળ? તેં કર્યા વિકારના પરિણામ અને તું ભોગવ તારા હરખ-શોકના વિકારી ભાવ. પરને કરે અને પરને ભોગવે આત્માની સત્તાની મર્યાદામાં ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ૧૦૨માં આવશે. કરે તે એક સમયમાં.. આમાં આવશે આગળ.

'**આત્મા પોતે જ તે પ્રકારે...**' પોતે કેમ કહ્યું? કે કર્મના નિમિત્ત વિના પોતાને જ કારણે. '**(તે-રૂપે) પરિણમવાથી...**' એમ છે ને પાઠમાં? દેખો! '**आत्मा ह्यात्मना तथापरिणमनेन यं भावं किल करोति**' '**જે ભાવને...**' વિકારી ભાવને '**ખરેખર કરે છે...**' જુઓ! ખરેખર નિશ્ચયથી. '**ખરેખર કરે છે તેનો તે કર્તા થાય છે-**' જીવમાં વિકારી પરિણામ જે જાતના કરે છે તે જાતના પરિણામનો તે અજ્ઞાની તેનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? '**સાધકની જેમ;...**' દાખલો આપે છે. '**સાધકની (અર્થાત્ મંત્ર સાધનારની) જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...**' સાધકની જેમ. સાધક પછી કહેશે હમણાં. '**તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં,...**' જેમ આત્માનો ભાવ નિમિત્તભૂત થતાં '**પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે.**' સાધકની જેમ. હમણા મંત્ર સાધકની વાત કરશે. '**સાધકની જેમ; તે (આત્માનો ભાવ) નિમિત્તભૂત થતાં, પુદ્ગલદ્રવ્ય કર્મપણે સ્વયમેવ (પોતાની મેળે જ) પરિણમે છે. આ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે :-**' દૃષ્ટાંત જ આકરો પડશે હજી.

'**જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે...**' આ ધ્યાન એટલે સાચા ધ્યાનની વાત નથી. આ તો ખોટા ધ્યાન કરે છે ને બીજાને સર્પ ઉતરે, સ્ત્રીનું આમ દુઃખ થાય. એ પોતે જ રાગરૂપે પરિણમતો ધ્યાન નામ એકાગ્રતાનો કર્તા થાય છે. '**અને તે ધ્યાનભાવ...**' અજ્ઞાનીનો રાગભાવ કે આને સર્પ ઉતરી જાય. સમજાય છે ને? વીંછી ઉતરી જાય. એવું થાય છે. એ અજ્ઞાનીનો રાગભાવ '**સર્વ સાધ્યભાવોને...**' સામે જે સાધ્ય છે એનું એને. '**(અર્થાત્ સાધકને સાધવાયોગ્ય ભાવોને)**

**અનુકૂળ હોવાથી...**' ત્યાં કહેશે. નિમિત્ત કહેવું છે ને એટલે. '**નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઉતરી જાય છે,...**' સર્પના મંત્ર કરે છે ને ઓલો મંત્ર? મંત્રનો વિકલ્પ એની પાસે રહ્યો અને ઝેર ઉતરી જાય આ સાધકના મંત્રના કર્તા (થયા) સિવાય ત્યાં ઝેર ઉતરી જાય. એ ઝેર ઉતરવાનો કર્તા આ નથી. સમજાણું કાંઈ? આ વિંછીના મંત્ર થાય છે કે નહિ? રામજીભાઈ કરતા હતા ઓલા ગપ થોડા. આમ આમ કરતા હતા. એ તો ત્યાં (ઝેર) ભેગું થયેલું હોય ને એને આમ આમ કરે એટલે છૂટા પડી જાય. બીજા જાણે કે આ મંત્ર જપે છે. કહો, સમજાણું આમાં? કહે છે... એય..! શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એ જ કહે છે અહીંયાં. મંત્ર જપવાની ક્રિયા શબ્દની એ નહિ. એનો વિકલ્પ જે છે તેનો એ કર્તા. એ કર્તા સિવાય સર્પનું ઝેર ત્યાં ઉતરી જવું તેના કારણે તે (ઉતરે છે), આ કર્તા (થયા) સિવાય ઉતરી જાય છે. ત્યારે એને નિમિત્ત કહેવાય છે. કરતો નથી, કરતો નથી તો તો નિમિત્ત રહ્યું નહિ.

મુમુક્ષુ :- મંત્રનું બળ ક્યાં પહોંચ્યું?

ઉત્તર :- મંત્રબળ એની પર્યાયમાં. પહોંચે ક્યાં? એને ઉતરવાની યોગ્યતા હતી ત્યાં. પહોંચે-ફહોંચે ક્યાં? સમજાણું કાંઈ? એવો જ કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે આ જ્યાં આમ કરે ત્યાં આગળ ત્યાં ઉતરે, છતાં આના કર્તા સિવાય ત્યાં ઉતરી જાય છે. આણે મંત્રનો ભાવ કર્યો માટે ઝેર ઉતરી જાય એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓને.

'**નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે,...**' ઘણા દેખીએ છીએ ને. એને ઉતરવાનો સમય છે એ. ઝેરની પર્યાયને બદલવાનો એ સમય છે. એને કારણે એ બદલે છે, આના મંત્રને કારણે નહિ. ભારે વાત! આ જ વાત. હજી દાખલો બેસવો કઠણ.

મુમુક્ષુ :- આમ ઘસ્યું માટે નહિ?

ઉત્તર :- બિલકુલ નહિ. ઘસે કોણ? આંગળી શું રામજીભાઈની છે તો ઘસે? ઓલા હોય છે ને? મૂળ તો એક તો વિંછી કરડ્યો હોય ને, ત્યાં ઝાઝા રજકણ પડ્યા હોય ને. એટલે જરી રાખ ચોપડી આમ આમ કરે તો છૂટા પડે. ઓલો જાણે કે મંત્ર છે... મંત્ર છે.. ત્યાં ઓલાને એમ લાગે હળવું હોય એટલે ઉતરી ગયું લ્યો. શેઠી!

અહીં તો કહે છે... સિદ્ધ શું કરવું છે? ભાઈ! તું તારી સત્તાના ક્ષેત્રમાં ઊલટી પર્યાયને કર. પણ એથી કર્મના રજકણો બંધાય એ તારા કર્તા સિવાય બંધાય છે. તારું કર્તાનું એ

કાર્ય નથી. આહાહા..! અહીંયાં દાખલો આપીને સિદ્ધ તો એ કરવું છે. વ્યાપેલું ઉતરી જાય. જુઓ! ઓલો મંત્ર જપે એના ભાવ. એ તો એની પાસે રહી ગયો. ત્યાં કાંઈ જાતો નથી. પણ કુદરતનો એવો મેળ છે કે એને ત્યાં ઉતરવાનો કાળ હોય છે ત્યારે આવું એક નિમિત્ત (હોય છે). પણ છતાં આના કર્તા સિવાય ત્યાં ઉતરી જાય છે. આ ભારે!

મુમુક્ષુ :- જોર તો ઘણું કરે છે.

ઉત્તર :- ધૂળમાંય જોર નથી. જોર ક્યાં આવ્યું એમાં?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કોનું થયું? શેમાં થયુ? શેમાં થયું? એમાં થયું. એણે કર્યા વિના થયું. એણે તો પોતાની પર્યાય કરી છે.

મુમુક્ષુ :- નિમિત્તે કાંઈ નથી કર્યું?

ઉત્તર :- એ વાત માટે તો આ દૃષ્ટાંત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને, દાખલો જ આકરો. એમ કહે છે.

આ અમૃતચંદ્રાચાર્ય મહારાજ લોકને દૃષ્ટાંત આપીને સિદ્ધાંત સહેલો પડે સમજવા એ માટે દૃષ્ટાંત આપ્યો છે. ભાઈ! આ મંત્ર જપવાવાળાની દશા તો ત્યાં રહી ગઈ અને સર્પ ઉતર્યું, ઝેર ઉતર્યું ત્યાં. તો આણે એને ઉતાર્યું છે? આને લઈને ત્યાં ઉતર્યું છે? અહીં તેથી કહે છે '**સાધક કર્તા થયા સિવાય...**' આમ શબ્દ છે. એ મંત્રનો જપનાર કરનાર થયા સિવાય. કોનો? પરનો કર્તા હોં! એના ભાવનો કર્તા છે એ. ઝેર ઉતરવાની ક્રિયાના કર્તા સિવાય ત્યાં ઉતરી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? દવાની પર્યાય ત્યાં રોગ મટવાની પર્યાયને નિમિત્ત હો. પણ એ દવાની પર્યાય કર્તા (થયા) વિના ત્યાં રોગની પર્યાય મટી ગઈ છે.

મુમુક્ષુ :- .. ઉતારવી..

ઉત્તર :- ન ઉતારે તો ઉતારવી પડશે. ધર્મચંદજી! કેમ કે દવાના રજકણોનું અસ્તિત્વ જુદું છે અને શરીરની નિરોગ અવસ્થા અને રોગ અવસ્થાનું અસ્તિત્વ જુદું છે. એટલે અહીંયાં દવાના પરમાણુઓ નિમિત્ત હોવા છતાં, તે દવાએ કર્તા થયા સિવાય ત્યાં આગળ રોગની અવસ્થા પલટી છે તેનો કર્તા દવા નથી. કહો, જેઠાલાલભાઈ! શું હશે આ? દુનિયા સાથે આખો મેળ ન મળે. વાંધા ઉઠાવે. નહિ આમ છે, એય આમ છે. અમે આમ માનીએ છીએ, અમે કરીએ તો થાય. ભગવાન કહે છે કે તારા કર્યા વિનાના થાય છે. સાંભળને હવે તું.

મુમુક્ષુ :- દવાથી કાંઈ થાતું નથી?

ઉત્તર :- દવાથી રોગ મટતો નથી એમ કહે છે. એ દવાના કર્તા વિના મટ્યો છે. એમ કહે છે. કરો નક્કી.

મુમુક્ષુ :- જ્ઞાન કરે...

ઉત્તર :- જ્ઞાન કરે, કોણ કરે? એ તો જ્ઞાન એની પાસે રહ્યું.

મુમુક્ષુ :- અનુકૂળ દવા...

ઉત્તર :- અનુકૂળનો અર્થ શું? એ તો કહે છે. અનુકૂળ છે. પણ અનુકૂળ હોવા છતાં એ નિરોગ અવસ્થાનું પરિણમન તે રજકણે કર્યું છે. દવાના રજકણે કર્તા થયા સિવાય. કરો નક્કી. એય..! રતિભાઈ! શું હશે? આ બધા સંચા તમે મોટા લોઢાના કરો છો ને.

મુમુક્ષુ :- ઈ તો છોકરા કરે છે.

ઉત્તર :- હજી ઈ પણ હજી કરે છે. છોકરા એના હુકમ વિના કરે છે? એ એના હાથમાં બધું રાખે. સમજાણું કાંઈ? એ પડાઈ ઉડે બધી પણ હાથમાં દોર હોય. એમ કાંઈ છોકરાને મૂકી ન દે બધું. કહો, સમજાણું આમાં? આ વાત ભારે, ભાઈ!

આ ભગવાન આમ કહે છે, હોં! દવાના રજકણો તે કાળે રોગને મટવાને અનુકૂળ હોવા છતાં પણ, દવાના કર્તા થયા સિવાય રોગની અવસ્થા ત્યાં તેને કારણે મટી છે. અહીં તો મટે ત્યારની વાત કરી છે ને. ન મટે તો થઈ રહ્યું. દવા ખાય ને મરી જાય. તો પછી ડોક્ટરે એ દવા આપી અને દવાથી ત્યાં મટ્યું એ વાતમાં માલ એકેય દોકડો સાચો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- આરામ થઈ જાય.

ઉત્તર :- આરામ કોને કહેવો? એ રજકણની અવસ્થા તે સમયે પોતાને કારણે પરના કર્તા થયા સિવાય તે પરિણમી જાય. કરો નક્કી. અહીં જુઓ કર્તા થયા સિવાય.

મુમુક્ષુ :- .. ઉપાદાન કર્તા ને.

ઉત્તર :- નિમિત્ત કર્તા તો આરોપનું કથન છે. વસ્તુ ક્યાં હતી? બે ધર્મ છે એકમાં? ઉપાદાન કર્તાનો ધર્મ અને નિમિત્તમાં આનું કરી દે એવો નિમિત્તમાં ધર્મ? નિમિત્ત પણ એનું તો ઉપાદાન છે ને? એનો પોતાને પરિણમવાનો ધર્મ એક અને આને પરિણમાવી દે એવો ધર્મ એમાં છે? બહુ ગાથાઓ કેટલી લીધી છે? આ મોટા વાંધા જ આખા છે ને આ અત્યારે? મૂળ વાંધા. એય..! નહિ. એય..! વ્યવહારને એ માનતા નથી. પણ આ વ્યવહાર એટલે? કે આ નિમિત્ત છે એટલું જાણવું એનું નામ વ્યવહાર. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્તા-ફર્તા છે નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ઓલું અંતર કર્તા અને આ બાહ્ય કર્તા.

ઉત્તર :- બાહ્ય વ્યાપ્તિ દેખીને એને કર્તા વ્યવહારથી ઉપચારથી કહ્યું છે એટલે યથાર્થમાં છે નહિ. એમ નક્કી કરો. કરો નક્કી નહિતર. અહીં તો એમ નથી કે એમ ને એમ ચાલે. એમ ન ચાલે.

આ રોટલો છે ને રોટલી લ્યો દાળ, ભાત. અહીં ભૂખ લાગી ભૂખ. અંદર અગ્નિ હતી ને. તૃષા લાગી તો પાણી પીધું. પાણીને કારણે આ તૃષા મટી છે એમ નથી એમ કહે છે. એય..! શશીભાઈ!

મુમુક્ષુ :- પાણી પીવું કે ન પીવું?

ઉત્તર :- પણ પીવે કોણ? અરે..! ભગવાન! અહીં ભગવાન કહે છે કે પાણીના રજકણ જુદા છે અને આ જઠરાગ્નિના પરમાણુઓ જુદા છે. તો આ જુદાને કારણે અહીં ક્ષુધા મટી અને તૃષા મટી, એમ નિમિત્ત કર્તા સિવાય ત્યાં મટી ગઈ છે એને કારણે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો એ દાખલામાંથી દૃષ્ટાંત દીધા છે. આ નોકર્મનો દાખલો આપ્યો છે. આપવો છે કર્મનો. શું કરે? દાખલો એવો ને એવો ક્યાંથી આપે એને?

મુમુક્ષુ :- કર્મનો દાખલો હોય જ ને.

ઉત્તર :- દાખલો શેનો હોય?

ભાઈ! તારું અભિમાન છે એમ કહે છે. ભાઈ! તું તારી ચીજની મર્યાદા છોડી અને તું પરની ક્રિયાના કાળમાં તારી ઉપસ્થિતિમાં એ દેખાય માટે તું એનો કર્તા, (એ) તો તારા કર્તા વિના ત્યાં થયું છે એમ માન. તો તારી દૃષ્ટિ પરના અભિમાનની ઊડી જશે અને ચૈતન્ય કોણ છું એ દૃષ્ટિ કરવાનો અવકાશ રહેશે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? હવે પાંચ-પાંચ હજાર, દસ હજાર માણસ જમાડવા હોય તો એક હોશિયાર માણસને ગોતે કે નહિ? કહો. વ્યવસ્થા કરનારો સરખો હોય. આ મલૂકચંદભાઈની વાત ચાલતી હતી, લ્યો. કલકત્તાવાળા કહે, ઓલા એક રસોયાનુ કામ.... એ મલૂકચંદભાઈએ કીધું. એ રસોડાના ઉપરી હતા. બધું કરતા હતા ને ત્યાં મોઢા આગળ જઈને.

મુમુક્ષુ :- .. ભેગા હતા.

ઉત્તર :- ભેગા હતા. એ તો એના ઓલા છોકરાના નામે કહે. એમના દિકરા ઓલા કરોડપતિ છે? હા. ત્યાં રસોડામાં બધે કામકાજ એ કરતા મોઢા આગળ રહીને. કલકત્તે એ આવ્યા હતા, નહિ મોઢા આગળ?

અહીં તો કહે છે કે ત્યાં રસોડાની જે પર્યાય જે થવાની છે મેસુબ કે જે (થવાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય), એ પર્યાયમાં આ રાગનું અનુકૂળ નિમિત્ત હોવા છતાં રાગના ભાવે કર્યા વિના તે પર્યાય થઈ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુકૂળતા..

ઉત્તર :- અનુકૂળતા. નિમિત્તને અનુકૂળ જ કહેવાય. નિમિત્તને અનુકૂળ છે છતાં અનુકૂળ નિમિત્તના કર્તા થયા સિવાય ત્યાં થઈ છે. એમ નક્કી કરે. નિમિત્તને અનુકૂળ અને નૈમિત્તિકને અનુરૂપ. એ તો પહેલા સિદ્ધાંત આવી ગયો છે. સમજાય છે?

'**સ્વયમેવ ઉતરી જાય છે,...**' એ મંત્રની પર્યાયનો કર્તા, તે સર્પનું ઝેર ઉતર્યું તેનો એ કર્તા નથી. એનો કર્તા એ નથી. આહાહા..! ત્યારે કહે, એની પાસે શું કરવા જાવ છો? સાંભળને હવે, જાય કોણ? એ તો શરીરની ક્રિયા ત્યાં થવાની હોય તો થાય. અને તે પ્રકારે ત્યાં ઝેરના ઉતરવાનો સ્વકાળ છે ત્યારે તે પરિણમે છે. એમ છે. આહાહા..!

મુમુક્ષુ :- વહેલામોડું...

ઉત્તર :- આઘુંપાછું થાય નહિ. એને ઉતરવાની વાર હોય ત્યારે ઓલો ત્યાં હોય પણ નહિ. અને કદાચિત તે કરવા જાય તો ઓલો ઉતરે પણ નહિ, ત્યાં ઉતરવાનું નથી તે. મરી ગયા નહિ? આ શું કહેવાય તમારે લીંબડીનું? શું કહેવાય? પાંદડી. પાંદડી ને? સર્પ કરડે તો પાંદડી.. પાંદડી કરવું તો ઉતરી જાય. કંઈક મરી ગયા એમાં. એ ખોટો પડ્યો એ પાછો. એ વખતે જરી પુણ્યનો ઉદય હશે તો (ચાલ્યું). પાંદડી કરવું, એમ કહે. સર્પ કરડે... બાવો હતો ને ત્યાં રહેતો. અમે નીકળ્યાને રસ્તે ત્યાં. પીલુના. પીલુના. ઝાડ એટલે પીલુ. પીલુના ઝાડ. બહુ પીલુ નિકળે. ત્યાં રહેતો બાવો. કોઈ સર્પ આકરો કરડે તો... બહુ ચાલ્યું હતું, થોડા દિ' ચાલ્યું હતું. પાંચ-દસ વર્ષ ચાલ્યું. બંધ થઈ ગયું. પાંદડી પાંદડી કરવું. ઈ એમ કહેતો હતો. પાંદડી એવો શબ્દ રાખતા હતા. એ સર્પ કરડે તો પાંદડી કરવું. તો તમારે સર્પનું (ઝેર) નહિ ચડે. ત્યાં હું આવી જઈશ. મને બોલાવવો, એમ કહે. કેટલી વાર થાતું હતું અને કેટલી વાર મરી પણ જાય. એવો આકરો સર્પ હોય અને ત્યાં મરવાની સ્થિતિ જ હોય. વિંછીથી મરી જાય છે ને. એવા કડક વિંછી હોય, કડક વિંછી. વીંછી, વિંછી. ચાર કલાકમાં, છ કલાકમાં (મરી જાય). એ ઝેરના કર્તા (થયા) સિવાય ત્યાં દેહની સ્થિતિ પૂરી થઈ છે એમ કહે છે. કહો, રાજેન્દ્રજી! શું થયું એમાં? ઝેરની પર્યાય ત્યાં અનુકૂળ છે દેહને છૂટવાને કાળે. પણ અનુકૂળ હોવા છતાં એ ઝેર (કર્તા થયા) વિના એની દેહસ્થિતિ છૂટી છે. દેહસ્થિતિ છૂટવાનો કર્તા ઝેર નથી એમ કહે છે.

મુમુક્ષુ :- અનુકૂળ...

ઉત્તર :- અનુકૂળ એને કહીએ, નિમિત્તને અનુકૂળ કહીએ. નહિતર કર્તા ન કહીએ. અનુકૂળ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહીએ કેમ? કે એ કાળે એમ છે અને આ કાળે અહીં થાય છે. એને કારણે, હોં! સામાને કારણે. માટે અનુકૂળ કહે છે. માટે આના કર્તા, નિમિત્તના કર્તા વિના ત્યાં પર્યાય થઈ છે. આહાહા..! કાળ પ્રત્યે ... છે. એ તો આવે છે ને? ભાઈ! કાળ તો બધાની કાળ પ્રત્યે જ ... હોય ને. એક સમયે બધું પરિણમી રહ્યું છે. એમાં શું? આહાહા..! ભારે વાત ભાઈ! સમજાણું કે નહિ?

આમ ટોપી પહેરે છે. પાછી સરખી ન હોય તો આમ જરી ખેંચવી પડે છે કે નહિ? કારણ કે નહિતર કાંઈક આમ ઊંચી રહી જાય, આમ રહી જાય. બે (છેડા) તાણવા પડે કે નહિ? કહે છે કે સાંભળ! કહે છે કે એ ઈચ્છા એણે કરી. બસ. ઈચ્છાના કર્તા સિવાય એ ટોપીની પર્યાયને આંગળી અડી (નથી). આંગળીની અવસ્થા પણ ઈચ્છાના કર્તા સિવાય થઈ છે. અને આંગળીના કર્તા (થયા) સિવાય એ ટોપીની અવસ્થા આમ થઈ તે આંગળીના કર્તા સિવાય (થઈ) છે. એ ટોપી આમ થઈ એમાં આંગળી અનુકૂળ ખરી. પણ એ અનુકૂળ કર્તા સિવાય ટોપી આમ થઈ છે એમ અહીંયાં કહેવા માગે છે. આહાહા..!

મુમુક્ષુ :- નિમિત્તથી કર્યું અને કર્તાપણું નથી એમ થયું.

ઉત્તર :- બે વાત. ભારે વાત, ભાઈ! કહો, ભીખાભાઈ! શું કરવું હવે? ગુરુ વિના જ્ઞાન ન થાય, લ્યો.

મુમુક્ષુ :- આપ સમજાવો.

ઉત્તર :- સમજાવવું છે? ઠીક!

જ્યારે સામે જ્ઞાન સમ્યક્ થાય છે ત્યારે ગુરુની વાણી અનુકૂળ નિમિત્ત કહેવાય. પણ એ વાણી છે તો ત્યાં જ્ઞાનનું કાર્ય થયું, એ વાણીના કર્તા સિવાય ત્યાં શિષ્યનું જ્ઞાન કાર્ય થયું છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહે છે ને. નિમિત્ત અનુકૂળ છે એટલું. પણ એનાથી કાર્ય થયું છે એમ નથી. નક્કી કરો, ભાઈ! આ પરનું અભિમાન છે એને. આ તો સૂક્ષ્મ વાત છે. સર્વજ્ઞ પરમાત્માએ જોયેલા તત્ત્વો અને એ તત્ત્વો એમ કહો કે છે. અનેક છે. તો અનેક તત્ત્વનું કાર્ય અનેકનું ભિન્ન ભિન્ન થતાં નિમિત્ત અનુકૂળ હોવા છતાં તેનાથી તે કાર્ય થાય તો તે તત્ત્વ રહેતા નથી. તત્ત્વ ભિન્ન એક થઈ જાય છે. આનાથી આ થયું... આનાથી અહીં થયું.. તો બે તત્ત્વ એક થઈ જાય અને સર્વ તત્ત્વની અનેકતાનો લોપ થાય. સર્વ તત્ત્વની અનેકતાનો લોપ થઈને એક છે અને પછી એક પણ રહેતું નથી.

મુમુક્ષુ :- સિદ્ધાંતનું મૂળ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- મૂળ છે? આહાહા..! ભારે વાત, ભાઈ! બહુ ગળે ઉતરવું આ. સમયસારને વાંચીને પણ કેટલાક ઊંધા પડે છે. આમ કહ્યું છે, એમાં આમ કહ્યું છે.

કહે છે, એ સાધક કરનારો ઓલો મંત્રનો જપનાર ભાવ એની પાસે રહ્યો. એ '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય (સર્પાદિકનું) વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે...**' કહો. એવો ઓલો મંત્ર જપવાનું અનુકૂળ નિમિત્ત એટલું જ હોં! પણ એવો જપે ને ઓલી સ્ત્રીઓ ધુણવા માંડે. એના કાર્યને એ કરે છે. આ મંત્રના કર્તા સિવાય ત્યાં કાર્ય થાય છે. કહો, સમજાણું આમાં? '**સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે...**' જંટિયા તાણે ને કરે છે ને પછી? ઘણા તો ખોટા હોય છે હોં! પણ આ તો કોઈ વખતે થવાનું હોય. પણ ઢોંગ કેટલાક તો કરે. પોતાનું ઘરમાં ચાલતું ન હોય ને. દિયર હુશિયાર હોય, વર સાધારણ ધણી હોય અને એમાં હલવવા માટે કરે ઢોંગ અનેક પ્રકારના. અમે તો ઘણા ઢોંગ જોયા છે બધાયના. આ તો અહીંયાં આવી વાત હોય ત્યાં શું છે એમ કહેવામાં આવે. કોઈ વખતે મંત્ર એવો હોય અને એને થવાનું હોય ત્યાં. મંત્રથી થયું નથી. આહાહા..! ભૂતડા એ ભૂત.. ભૂત...

મુમુક્ષુ :- .. એની યોગ્યતાથી થયું છે.

ઉત્તર :- એની યોગ્યતાથી થયું છે. સમજ્યા? સ્ત્રીની યોગ્યતાથી થયું. એય..! આ રહ્યા રતિભાઈ જુઓ! એમના મુનિમ છે. એમને મુનિમ છે પ્રાણભાઈ. એમને ઘરે સ્ત્રી છે. કોઈ દેવી આવે છે ને પૈસા આપી જાય છે. સોળ હજાર રૂપિયા થોડા થોડા (કરીને) આપી જાય. ૨૫, ૫૦, ૧૦૦, ૨૦૦ કટકે કટકે આપે. આવે. દેખાય નહિ. બોલે. જુઓ! ઓલા પણે પૈસા પડ્યા છે. ૫૦, ૨૫ લે. .. લઈ લે. કોણ જાણે કેવી છે? આને પુણ્યનો ઉદય છે અને યોગ એવો છે. લ્યો! કેમ ભાઈ! સાચી વાત છે ને? એ તો પાછા કહે. જુઓ! તમે કોણ છો? અમે કોઈને માનતા નથી વીતરાગ સિવાય. અમે વીતરાગ સિવાય કોઈને નમન કરતા નથી. કોણ છો? અમે તો વંદન નમન ન કરીએ. એટલું કરે જ્યારે આવવાનું કરે ત્યારે ધૂપ કરે અને દીવો કરે એટલું. પગે નહિ લાગીએ અમે. લ્યો! કરતા કરતા સોળ હજાર રૂપિયા આપ્યા. આ નોરતામાં આવી હતી. નોરતામાં આવ્યા હતા. નોરતામાં અહીં આવ્યા હતા. કીધું, કેટલા રૂપિયા આવ્યા? પાંચસો રૂપિયા આવી ગયા. પાંચ દિ'માં. પાંચસો આવ્યા. આ નોરતામાં.

મુમુક્ષુ :- ખડકલો હજી ગણવાનો બાકી છે.

ઉત્તર :- હા, એ કહેતા હતા કે એક ખડકલો આવ્યો છે પણ ગણ્યો નથી. એ તો કોઈ માને નહિ. એના છોકરાને દુકાન છે મોટી. આને તો નોકરી સાધારણ. પહેલાના છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનો નોકર છે, એનો દીકરો છે. મોટરના.. શું કહેવાય? મોટી દુકાન છે. અમે ગયા હતા ત્યાં. એ ભૂતના કર્યા સિવાય પૈસા ત્યાં આવે છે એમ કહે છે. અરે..! ભગવાન! આ બે દાખલા સાચા નજરે જોયા હમણાં. નહિતર આપણે તો કોઈ માનતા નથી.

આપણે આ પોપટભાઈ, લીંમડી. પોપટભાઈ. એને સાળા, એના સાળા જે ત્યાં છે. ગોવામાં ચાલીસ કરોડ રૂપિયા અત્યારે. ચાલીસ કરોડ રૂપિયા અને એક લાખની પેદાશ એક દિવસની. ઓલું શું માંગી કે કાંઈક કહેવાય છે ને લોઢું? મેંગેનિઝ નિકળે છે એક લાખનું દરરોજ. પચાસ હજાર જાય મજૂરીમાં, પચાસ હજાર ઘરે ધૂળ ભેગી થાય. એ ધૂળના રજકણોએ આના પુણ્યના કર્તા સિવાય આવે છે. એ સિદ્ધ કરવું છે. ઓહોહો..! સમજાણું કાંઈ? એની પાસે જે પુણ્ય રજકણ પડ્યા છે એ રજકણ નિમિત્ત છે અનુકૂળ લક્ષ્મી આવવાને. પણ એ નિમિત્તના કર્તા સિવાયના રજકણો પોતાને કારણે ત્યાં આવે છે. એમ ભગવાન અહીં ફરમાવે છે. આહાહા..! એના જ બનેવી અહીં લીંમડીમાં છે. એ કહે છે કે મારા ચાલીસ હજાર રૂપિયા ગયા. બબ્બે હજારનો આખો કબાટ ભર્યો હોય. આ શું કહેવાય? લોઢાનું. સ્ટીલ-સ્ટીલ. આખું સ્ટીલનું ભર્યું હોય. તાળું ઉઘાડીને જ્યાં જોવે ત્યાં ખાલી. એ કાંઈ માને નહિ કોઈને. ઈ તો માનતા નહિ. પણ એ મકાન એવું હતું. પોપટલાલ ... કબાટમાં કપડા ભરેલા. કપડા. તાળુ દીધેલું. તાળું ખોલ્યું તો કાંઈ ન મળે. બનેલું. લગભગ ચાલીસ હજારની મુડી. પછી મકાન વેંચી નાખ્યું. મકાન વહેમીલું હતું. કો'ક હશે ભૂતડું-બુતડું. પણ એ ભૂતડાના કર્યા વિના ઓલી પર્યાય ગઈ એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- ...પાપના ઉદય એના...

ઉત્તર :- પાપના ઉદયથી ગયા એમ પણ નહિ. આહાહા..! એનો અશાતાનો ઉદય હતો એ કર્તા થયો માટે રજકણ અહીંથી પૈસા ગયા એમ નથી. એ પાપના ઉદયના નિમિત્ત પૈસાને જવાને અનુકૂળ છે. પણ એ ઉદય કર્તા થયા સિવાય પૈસા ગયા એ વાત પોતાના કર્તાથી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- અનુકૂળતાનું ...

ઉત્તર :- અનુકૂળનો અર્થ અનકૂળ છે એટલું. ગતિ કરે એટલે કે ધર્માસ્તિને નિમિત્ત કહે છે. પણ નિમિત્તકર્તા સિવાય આણે સ્વયં ગતિ કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ભારે મોટો ગોટો જ અહીં છે ને.

ગતિ જીવ કરે કે પુદ્ગલ, એને અનુકૂળ ધર્માસ્તિ છે. તો ધર્માસ્તિ અનુકૂળ કહેવાય. પણ એ અનુકૂળ હોવા છતાં, એ નિમિત્ત હોવા છતાં એ નિમિત્ત કર્તા થયા સિવાય જીવ અને પરમાણુએ પોતાની પર્યાય કર્તા થઈને સ્વયં ગતિ કરી છે. આહાહા..! તેથી સ્વયં શબ્દ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પડ્યો છે ત્યાં પણ, પંચાસ્તિકાયમાં. સ્વયં પરિણમે ત્યારે ધર્માસ્તિને નિમિત્ત કહેવામાં ગતિ કરે છે. આહાહા..! આ તે ભગવાનની વાણી! પૃથક્‌ને અનુકૂળ કહે, છતાં પૃથક્ પૃથક્‌નું કરે નહિ આ તે મહાસિદ્ધાંત છે. સમજાય છે કાંઈ? જેઠાલાલભાઈ! આ તો મુદ્દાસર આવ્યા છે. પાગલ કહે, હોં! પાગલ કેટલાક કહેતા હતા. સોનગઢિયા પાગલ થયા છે. એને હોસ્પિટલમાં મોકલો. ભગવાન! ધીરો થા, બાપુ! એમ રહેવા દે, ભાઈ! તને વસ્તુનો અનાદર થાય છે. એ વસ્તુ એમ નથી. તું માન એમ નથી. તને ભ્રમ ગરી ગયો છે. તું જાણે કે હું ડાહ્યો છું ને, હોશિયાર છું ને, આ બધું કરું છું માટે આમ થાય. એમ નથી, બાપા! એમ નથી, ભાઈ! આહાહા..! દુકાનના થડે હોશિયાર માણસ બેઠો હોય. થડો કહેવાય ને? શું કહેવાય એ? બરાબર વેપાર ચાલે સરખો. છોકરાને બેસાડ્યો હોય તો કાંઈ ન ચાલે, લ્યો. મલૂકચંદભાઈ! છતાં કહે છે કે વેપારનું ચાલવું અને થવું એને કારણે થાય છે. આ નમાલો બેઠો માટે નિમિત્ત પ્રતિકૂળ હતું માટે ત્યાં કાર્ય થયું છે એમ છે નહિ.

મુમુક્ષુ :- હુશિયાર છોકરાને બેસાડે.

ઉત્તર :- કોણ બેસાડે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પોતાને કારણે છે, એમ કહે છે. ધર્માસ્તિકાય નિમિત્ત નથી માટે એ વ્યવહારનું કથન છે. પોતે જ પોતાના કારણે પરિણમનનો કર્તા, ત્યાં રહેવાના પરિણમનનો કર્તા તે સિદ્ધ ભગવાનનો આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? જગતને તત્ત્વોની વ્યવસ્થાની ખબર ન મળે. અને તત્ત્વોની અવસ્થા પોતાની કલ્પનાએ માને એવો અનાદિનો ભ્રમ થઈ ગયો છે.

કહે છે, '**સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના...**' અહીં ઓલો મંત્ર જપે એનું સાધ્ય ઓલું છે એટલું. આને અનુકૂળ કહેવાય. પણ આ મંત્રના કર્તા થયા સિવાય સ્ત્રી ત્યાં ધૂણે અને માથા ફોડે. એનો કર્તા એની દશા છે. આની દશા નહિ. '**બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...**' દેખો! આહાહા..! ભક્તામર પ્રણિત મૌલિ મણિ પ્રભાણાં. આમ શબ્દ ઉપડ્યા હતા. એ વાણીના કર્તા સિવાય ત્યાં તાળા તૂટી ગયા એમ કહે છે. ૪૮ તાળા કહે છે ને? રાજાને. શું કહેવાય આ રાજા? માનતુંગાચાર્ય. માનતુંગાચાર્ય. ૪૮ ઓલામાં. ... ભક્તામર બોલીએ તો આપણા દુઃખ ટળે. મુરખ છો, સાંભળને!

અહીં તો કહે છે કે એ વખતે એવો જ કોઈ વિકલ્પ ઉઠ્યો કે અરે..! પ્રભુ! આ શું છે આ? આમ સ્તુતિ ઉપાડી છે. એ સ્તુતિનો વિકલ્પ છે એ તૂટવાને માટે અનુકૂળ છે. છતાં એ વિકલ્પ કર્તા થઈને એ તાળા તૂટ્યા છે એ વાતમાં કાંઈ માલ નથી. સમજાણું કાંઈ? આ અગ્નિનું પાણી થયું. સીતાજીને અગ્નિમાં બેસાડ્યા હતા ને. અગ્નિનો ... લે. રામચંદ્રજી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, .. લે. ઘરમાં નહિ આવ. રાવણને ત્યાં ગઈ, લોકો અપવાદ કરે છે. પણ અરે..! સતી છું એ આપના હૃદયમાં નથી? લોકનો અપવાદ છે. રાજનો વિકલ્પ હજી ટળતો નથી. ટળે તો તો મને બરાબર ખાતરી છે પણ રાજનો વિકલ્પ છે ને સમાજ પ્રત્યે. બતાવવું પડશે. અગ્નિમાં પડ. લક્ષ્મણ કહે છે, હે ભ્રાત! હે બંધવ! રહેવા દ્યો આ, રહેવા દ્યો. નહિ. પ્રજા પ્રતિકૂળ છે. પ્રજામાં ઘેર ઘેર ક્લેશ છે. રાવણની રાખેલી સ્ત્રીને રામ રાખે? અમારી સ્ત્રી ક્યાંક જાય પાંચ વર્ષ અને અમે રાખીએ એમાં વાંધો શું? પ્રતિકૂળ થાય છે. રાજની વ્યવસ્થાનો રાગ મારો તૂટતો નથી. મારો રાગ રાજનો તૂટતો નથી. માટે આ સ્થિતિ એમ નહિ રહી શકે. આહાહા..! પુરુષોત્તમ પુરુષ છે ને.

લક્ષ્મણ કહે છે, તાત! પ્રભુ! આ ન હોય. લક્ષ્મણ! આહાહા..! પડવું પડશે. પડ્યા. એકદમ... શીલને પ્રતાપે થયું હશે ને ત્યાં? એમ કહે છે. એનું પુણ્ય ત્યાં ભલે અનુકૂળરૂપ નિમિત્ત હો. પણ પુણ્યના કર્તા થયા સિવાય તે કાર્ય અગ્નિનું પાણી થયું એ આના કર્તા થયા સિવાય થયું છે. આ વીતરાગનો માર્ગ એવો કોઈ અલૌકિક સ્વતંત્ર છે. એની અંદરમાં ઘડ બેસાડવી. આમ તાળા ફડાક.. ફડાક... ફડાક.. તૂટ્યા, હોં! કહે છે કે ભલે એના ધ્યાનનો વિકલ્પ છે તે એને અનુકૂળ હો. પણ એ અનુકૂળના કર્તા થયા સિવાય તાળા તૂટી ગયા છે. આરે..! આ તે ગાંડા જ કહે કે નહિ? એય..! ભોગીભાઈ! અરર..!

ઓલા મુનિ કેવા? વાદિરાજ. વાદિરાજને કોઢ હતો. શ્રાવકે કહ્યું રાજાને. વંદન કરવા જાય છે મુનિને દરરોજ. રાજા પાસે ચાડી કરી. ચાડીને શું કહે છે? ચુગલી કરી. મહારાજ! એનો ગુરુ તો કોઢવાળો છે. આપને દરરોજ અડે છે ને ભ્રષ્ટ કરશે. મહારાજ! મારા ગુરુને કોઢ નથી, હોં! એમ કહેવામાં આવ્યું. ગયા મહારાજ પાસે. પ્રભુ! મારાથી આમ કહેવાણું છે. ભગવાન!... એણે જ્યાં સ્તુતિ ઉપાડી. હે નાથ! જેના પેટમાં આવો છો ત્યાં એના શરીર સાફ થઈ જાય. આપ જ્યાં આવો ત્યાં સોનાની નગરી થાય. પ્રભુ! અમે તમને યાદ કરીએ અને આ શરીર આવું રહે? એમ સ્તુતિનો ભાવ ઉપડ્યો છે, ત્યાં એ પરમાણુ આ સ્તુતિના વિકલ્પના કર્તા થયા સિવાય પરમાણુ પલટી ગયા છે. આ એમ સિદ્ધ કરે છે અહીં. સમજાણું કાંઈ? એ બધી વાતું કરે કે એ આમ છે. સાંભળ તો ખરો હવે. ફડાક .. થોડો રહી ગયો. રાજા પગે લાગવા આવ્યો. મહારાજ! આ માણસો કહેતા કે આપને કોઢ છે. પણ આ તો કોઢ નથી. ભાઈ! એની વાત સાચી હતી. ..કોઢ તો છે પણ .. આમ થયું છે, હોં! કર્તા-બર્તા આત્મા એનો નથી. આહાહા..!

આ તો જ્યાં હોય ત્યાં જડના અભિમાન, વાણીના, કામના, કાર્યના. પ્રભુ! તારું કરવા ક્યારે તું ફુરસદ લઈશ હવે? આમાં જ્યાં હોય ત્યાં હું કરું.. હું કરું.. એના અભિમાનમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વરૂપની દૃષ્ટિ કરવાનો અવસર ક્યાં છે તને? સમજાણું? જેની પરાશ્રય બુદ્ધિ પડી છે એને સ્વઆશ્રય બુદ્ધિ થવાનો અવસર છે નહિ. આહાહા..! એ માટે આ વાત સિદ્ધ કરે છે, હોં! સમયસાર જેવા અધ્યાત્મ શાસ્ત્રમાં આ વાત કાંઈ મફતમાં નથી. સમજાણું? રસિકભાઈ! શું હશે આ? વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય. આ નિમિત્તથી થાય કે વ્યવહારથી થાય, એ થાતું નથી એમ કહે છે.

‘**બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...**’ ફડાક ફડાક. સમજાણું? પેલી છે ને કોણ? મહાવીર ભગવાન ભિક્ષા માટે ગયા. ચંદના. ચંદના-ચંદના, ચંદના સતી. ફટ. કોને કારણે? બાપુ! તે કાળે તે પરમાણુની તે પર્યાયનો કર્તા તે છે. ભાઈ! આ પણ સ્વકાળમાં અસ્તિત્વ સાથે દેખીને આને લઈને આ થયું. એ ના પાડે છે, બાપુ! એમ નથી, હોં! સમજાણું કાંઈ? લોકો ચમત્કાર બહુ ભાળે ને ચમત્કાર. ચમત્કારને લઈને પરમાં થયું એ વાત ખોટી છે એમ કહે છે. સમજાણું કાંઈ? ‘**બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...**’ એ સાધકના કર્તા થયા સિવાય ઝેર ઉતરી જાય છે, સ્ત્રી વિડંબનાને પામે છે અને ઓલાનું બંધન તાળા આદિ તૂટી જાય છે. જુઓને!

‘**તેવી રીતે...**’ લ્યો! સમજાણું? ‘**જેમ સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે અને તે ધ્યાનભાવ સર્વ સાધ્યભાવોને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, સાધક કર્તા થયા સિવાય વ્યાપેલું ઝેર સ્વયમેવ ઉતરી જાય છે,...**’ ‘**તેવી રીતે...**’ આ તો દૃષ્ટાંત હતો હજી તો. આ તો દૃષ્ટાંત. ‘**આ આત્મા અજ્ઞાનને લીધે...**’ જુઓ! અજ્ઞાનને લીધે. પોતાની શુદ્ધ આનંદકંદની સંપદાની એને ખબર નથી. હું એક અતીન્દ્રિય આનંદનો પરમાત્મા છું. મારું સ્વરૂપ જ અતીન્દ્રિય આનંદ... આનંદ... આનંદ... આનંદ (છે). જેવો સિદ્ધને આનંદ છે એવો જ મારો આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો હું સાગર છું. અતીન્દ્રિય આનંદના છોળ મારે એવો સાગર છું. ભરતી આવે એવો. ભરતી. બાઢ-બાઢ. એવી જેની ખબર નથી. એવો અતીન્દ્રિય પ્રભુ ભગવાન આત્મા એની જેને અંતરમાં દૃષ્ટિ, રુચિ, આશ્રય, અવલંબન નથી એવા અજ્ઞાની જીવ.. ‘**અજ્ઞાનને લીધે...**’ એટલે કે પોતાના આનંદ ને શુદ્ધ સ્વરૂપના અભાનને લીધે ‘**મિથ્યાદર્શનાદિ ભાવે...**’ ખોટી માન્યતા. મેં પરના કાર્ય કર્યા. પરથી મારામાં થયા, પાપભાવમાં મીઠાશ, પુણ્યભાવથી ધર્મ એવો જે મિથ્યાત્વભાવ, એવું જે મિથ્યાજ્ઞાન, એવું જે મિથ્યાચારિત્ર. એ ‘**પોતે જ પરિણમતો થકો...**’ ભગવાન પોતાને ભૂલીને વિકારરૂપે થાય છે.

અહીં કર્મની વાત લેવી નથી અત્યારે. નિમિત્તપણું ભલે હો. સમજાય છે? આમાં એમ છે. પોતે અહીં પરિણમે છે. દર્શનમોહ આદિનું નિમિત્ત અનુકૂળ છે. પણ અનુકૂળ છે એના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તા થયા સિવાય આ પરિણામ થયું છે. રાગ થવામાં ચારિત્રમોહનો ઉદય નિમિત્ત છે, અનુકૂળ છે. પણ એ ઉદયના કર્તા થયા સિવાય એ પરિણામ થયા છે. સમજાણું કાંઈ? '**મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે...**' લ્યો! અજ્ઞાની પોતાના ભાવનો કર્તા થાય છે. ત્યારે કર્મ એની મેળાએ બંધાય છે. એ વાત હજી સિદ્ધ કરશે બાકી વાત...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો વદ ૯, સોમવાર તા. ૭-૧૧-૧૯૬૬**
**ગાથા-૯૧-૯૨, પ્રવચન-૧૮૦**

... સાધકજીવ સર્પના ઝેરને ઉતારવામાં અનુકૂળ એવું જે વિચાર કે ધ્યાન કરે, એ વિચાર જેને સામે સર્પ ઉતરવામાં ઝેર, સ્ત્રીને વિડંબના થવામાં કે બંધનને તૂટવામાં એ પરિણામ અનુકૂળ નિમિત્ત છે. છતાં એ પરિણામના કર્તા સિવાય સામે કાર્ય થાય છે.

મુમુક્ષુ :- મંત્ર બોલે એટલે આ ઉતરી જાય.

ઉત્તર :- એને કારણે ત્યાં ઉતરે. આને કારણે નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- ભલે એને કારણે..

ઉત્તર :- ઉતરી જાય તો એને કારણે ઉતરવાનો એનો પર્યાય છે એ કાળનો.

મુમુક્ષુ :- બધાયને ઉતરી જાય?

ઉત્તર :- જેને ઉતરવાનો પર્યાયનો કાળ હોય એને ઉતરે. શેઠી! કાલે તો દાખલા ઘણાં આપ્યા હતા. માનતુંગાચાર્ય, વાદીરાજ, સીતાજી. એ બધું તે કાળે ત્યાં એ પર્યાયને.. માણસને એવું લાગે આ તો બધું નિયત થઈ ગયું. એમ જ છે. તે કાળે તે પર્યાય થવાનો એનો કાળ છે અને આનો આ ભાવ તે એને નિમિત્ત તરીકે અનુકૂળ છે. પણ આ ભાવ થયો માટે ત્યાં થયું એમ નથી. તો તો આ કર્તા અને એ કાર્ય થાય છે. એમ હોઈ શકે નહિ. વાત એવી જરી ઝીણી છે વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મહેનત ..

ઉત્તર :- મહેનત એની પાસે રહી. શું મંત્ર કરે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે છે ને. આ રામજીભાઈને પૂછોને. શું કરતા હતા? વિંછી ઉતારતા હતા ઘણાં. અહીં ગામમાં પહેલા.

મુમુક્ષુ :- અહીં વિંછી ઘણા હતા.

ઉત્તર :- હતા પહેલા અહીં વિંછી. વિંછી અહીં બહુ નીકળતા પહેલા. આ તો બધું જંગલ હતું. બધું જંગલ હતું. આ તો હવે જરી માણસો.. નહિતર તદ્દન જંગલ. બહુ વિંછી. કનુભાઈના મકાનમાં પણ વિંછી હતા ત્યાં. મોટા મોટા આવડા આવડા. બેઠો તો આવડો પડ્યો. ક્યાં ગયા તમારા નથી આવ્યા? ત્યાં કેમ બેઠા છો? એને નવરાશ ન મળે.

કહે છે કે એ પોતે પરિણમતો ધ્યાનનો કર્તા એ થાય. પણ એ કર્તાના પરિણામ સામે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે કાર્ય થાય તેને અનુકૂળ ગણાય. પણ અનુકૂળ છે અને એને અનુરૂપ એ કાર્ય છે ત્યાં. જેમ ભક્તામર પ્રણિત ભગવાને કહ્યું માનતુંગાચાર્યે, મુનિએ. એનો એ વિકલ્પ એ જાતનો સામે તૂટવાને નિમિત્ત તરીકે અનુકૂળ છે અને એના એ વિકલ્પને ત્યાં એ કાર્ય થવું તે અનુરૂપ છે.

મુમુક્ષુ :- .. ક્યાં તૂટતા હતા?

ઉત્તર :- એનો પ્રશ્ન જ ક્યાં છે. કહો, સમજાય છે કાંઈ? એ તૂટવાને આ અનુકૂળ છે અને આના વિકલ્પને એ અનુરૂપ છે. બરાબર? રાજેન્દ્રજી! આ અમારે પંડિતજી છે ને. આ છોટા પંડિત છે. આ મોટા પંડિત છે, આ નાના પંડિત છે, લ્યો!

મુમુક્ષુ :- મધ્યમ પંડિત.

ઉત્તર :- એ તો આપણા પંડિત. એ આપણા અહીંના છે. એ મધ્યમ નહિ, એ તો મુખ્ય પંડિત પણ અહીંના કહેવાય. કહો, સમજાય છે કાંઈ?

'**સ્વયમેવ ઊતરી જાય છે,...**' જુઓને! ભાષા શું છે? સામે '**વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...**' ભાષા જુઓને! કેટલું સ્પષ્ટ કર્યું છે! સ્વયમેવ. પણ માણસને આમ નિમિત્ત છે ને માટે ત્યાં થયું. અને ઓલા શાસ્ત્રમાં આવે ને બે? ઉભય નિમિત્ત શું...? પંડિતજી! ઉભય નિમિત્ત.. બહુ આવે છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં. બાહ્યાભ્યંતર એ. બસ ઈ. બાહ્યઅભ્યંતર બે હોય.

મુમુક્ષુ :- બાહ્ય અભ્યંતર હોય જ છે.

ઉત્તર :- એ હોય જ છે. હોય છે તો એ પ્રમાણનું જ્ઞાન કરવા ત્યાં વાત ચલાવી છે. પણ જે કાળે જેનો પર્યાય થવાનો છે તે તેનું ઉપાદાન કારણ ખરેખર એ જ છે. ત્યારે બાહ્ય વ્યાપ્તિ સંબંધ બીજા નિમિત્ત સાથે છે. એમ છે માટે એમ કહ્યું. પણ એ નિમિત્ત છે માટે અહીં કાર્ય થયું છે એમ નથી.

મુમુક્ષુ :- તો કર્તાકર્મ થઈ જાય.

ઉત્તર :- તો કર્તાકર્મ થઈ જાય. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટાંત કહ્યો. આ મોટો નિમિત્ત-ઉપાદાનનો ભ્રમ છે ને. આ લખાણમાં બહુ આવ્યું. ઓલા આમ કહે છે અને ઓલા આમ કહે છે. જુઓ! આ બે લખાણ શાસ્ત્રમાં છે. ભાઈ! છે, બધી વાત છે. પણ એના કાર્ય કાળે કાર્ય થાય કે કાર્ય કાળ વિના કાર્ય થાય? એનો કાર્ય કાળ નહોતો અને કાર્ય થાય અને નિમિત્તે કાર્ય કાળ બનાવ્યો છે એમ છે? નિમિત્ત હો. અસદ્ભુત વ્યવહારનયનું કથન છે. અસદ્ભુત વ્યવહારનયનું. છે, એક નિમિત્ત છે.

'**તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે...**' જુઓ! અહીં તો મૂળ પોતાના સ્વરૂપનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાન નથી તેને લઈને '**મિથ્યાદર્શનાદિભાવે...**' ઊંધી માન્યતા, વિપરીત શ્રદ્ધા, વિપરીત અભિપ્રાય, વિપરીત જ્ઞાન, વિપરીત-સ્વરૂપથી ઊંધું આચરણ રાગ-દ્વેષ '**પોતે જ પરિણમતો થકો...**' પોતે જ વિકારપણાને પામતો થકો '**મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે...**' લ્યો! જીવ તો પોતાના પરિણામનો અજ્ઞાનભાવે કર્તા થાય છે. અજ્ઞાનભાવે હોં! એ પછી ૯૨માં એ ખુલાસો કરશે. સમજાણું કાંઈ?

'**અને તે મિથ્યાદર્શનાદિભાવ...**' જીવે કરેલા. નિગોદમાં હો કે પંચેન્દ્રિય તરીકે નવમી ગ્રૈવેયક ગયેલો સાધુ મિથ્યાદર્શનના પરિણામે પરિણમેલો, એ પોતાના પરિણામરૂપે પરિણમતો પોતાના પરિણામનો તે કર્તા થાય છે. '**તે મિથ્યાદર્શનાદિભાવ...**' ભાવ એટલે પર્યાય. '**પુદ્ગલદ્રવ્યને...**' એટલે નવા કર્મને પરિણમવાને '**અનુકૂળ હોવાથી...**' પરિણમવાને અનુકૂળ એટલે નિમિત્ત હોવાથી '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર...**' એમ ભાષા લીધી. '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય...**' ભાષા તો જુઓ! ઓલામાં એમ કહ્યું હતું ધ્યાનનો કર્તા થાય તે. ધ્યાનનો કર્તા થયા સિવાય. સાધક કર્તા થયા સિવાય એમ છે ને ત્યાં પણ? ભાઈ! આ તો મહાસિદ્ધાંત છે, બાપુ! નિમિત્ત નૈમિત્તિક ચીજ જુદી અને કર્તાકર્મ એ વાત જ જુદી. લોકો નિમિત્ત નૈમિત્તિકને કર્તાકર્મ લગાવી દે છે. એ માટે આ ખુલાસો આચાર્ય મહારાજ સ્પષ્ટ કરીને કહે છે. ભાઈ! તારા પરિણામનો તું કર્તા ખરો અને તે તારા પરિણામ નવા કર્મની પર્યાય તેને કારણે પલટીને, વર્ગણા પલટીને કર્મરૂપ થાય એને આ તારા પરિણામ નિમિત્ત, અનુકૂળ ખરા. પણ અનુકૂળને એ પર્યાય પરિણમે તે અનુરૂપ ખરી, છતાં આ પરિણામના કર્તા સિવાય પુદ્ગલ પોતાની મેળાએ પરિણમે છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ સાફ છે.

ઉત્તર :- બહુ સાફ છે. જુઓ! આપણા પંડિતજી કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તાદાત્મ્ય નથી. એમાં નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો સાફ છે. આમાં ક્યાં... ન્યાયથી જોવે ને. ન બેસે એવી વાત જ ક્યાં છે આમાં? કર્તાકર્મ થઈ જાય છે, બસ એટલું. અને પૂર્વનો ઓલો આગ્રહ પકડેલો છે ને માટે આ મારે આ વાત સિદ્ધ કરવી. એમ ન જોઈએ. વસ્તુ સત્ કેમ સિદ્ધ થાય? એમ જોઈએ. કેમ? વિજયમૂર્તિ! ચાહે તો વસ્તુ કેવી રીતે સિદ્ધ થાય? અને આચાર્યોએ કઈ રીતે સિદ્ધ કરી છે? એમ પોતાની દૃષ્ટિને લેવી જોઈએ. મેં આમ માન્યું માટે આમ આમાંથી સિદ્ધ થવું જોઈએ, એમ આગ્રહ હોવો જોઈએ નહિ. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, '**આત્મા કર્તા થયા સિવાય...**' ભાષા તો જુઓ અમૃતચંદ્રાચાર્યની! અને પાઠમાં એ જ છે ને. '**कम्मत्तं परिणमदे जं कुणदि भावमादा कत्ता**' પોતાના ભાવને '**कम्मत्तं परिणमदे**' એનો અર્થ કાઢ્યો કે આત્મા કર્તા સિવાય '**कम्मत्तं परिणमदे**' ત્યાં કર્મ પરિણમે છે. '**तम्हि सयं पोग्गलं दव्वं**' મૂળ પાઠ છે એમાં. સમજાણું કાંઈ? '**આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.**' એના પર્યાયના સ્વકાળના કાર્યકાળે તે પોતે પરિણમે છે. એને આ પરિણામ અનુકૂળ હો. અનુકૂળ હોવાથી તે પરિણામ એને કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અસરમાં કર્તા?

ઉત્તર :- અસર-ફસર નહિ. કાંઈ નથી. અસર કોણે કો'કે કીધું ને? કોણે અસર કીધું? આહાહા..! અસર-ફસર ન મળે. અસરની વ્યાખ્યા શું? અસર એટલે શું? કે આ પર્યાય ત્યાં આગળ આમ અડે છે એને? કે સ્પર્શે છે કે આમ પલટાવી દે એમ અસર છે? શું આવે છે? અસર-ફસર કાંઈ આવતું નથી. સહાયક, હેતુ એવા શબ્દ આવે છે. એ તો બરાબર છે.

મુમુક્ષુ :- સહાયક આવે છે.

ઉત્તર :- સહાયક એટલે સાથે રહેલું. કહો, સમજાણું કાંઈ? કાલે દાખલો આપ્યો હતો.

મુમુક્ષુ :- વિલક્ષણતા ...

ઉત્તર :- વિલક્ષણતા આવતું નથી. એ આવે ભલે. એ વિલક્ષણતા આવે છે એનો અર્થ કે વ્યવહારથી કથન છે. લક્ષણતા પોતાથી આવે છે ત્યારે નિમિત્તનું કથન અસદ્‌ભુત વ્યવહારનયથી કહેવાય છે. એમ છે નહિ. લ્યો સમજાણું! ..

આ પાથરે એને શું કહેવાય? ચટાઈ. ચટાઈ અગ્નિથી બળે છે એ વિલક્ષણતા આવી ચટાઈમાં. લ્યો આપણે દાખલો. એ દાખલો આવ્યો હતો પહેલા. આવ્યો હતો વીસ વર્ષ પહેલા. સમજાણું કાંઈ? કે જુઓ! આ ચટાઈ છે. લ્યો, ચટાઈ એને મેળાએ બળશે? અગ્નિ હશે તો બળશે. બળશે શું કહે છે? જલના. અહીં કહે છે કે એ ચટાઈને પોતાને ઉષ્ણરૂપે પરિણમવાનો કાર્યકાળ છે એને અગ્નિ નિમિત્ત રૂપે અનુકૂળ છે. પણ અનુકૂળ હોવા છતાં તેને અગ્નિરૂપે અહીં પરિણમવું એનો એ અગ્નિ કર્તા નથી.

મુમુક્ષુ :- ન હોય તો ન બળે.

ઉત્તર :- પણ એ પ્રશ્ન જ ક્યાં છે? આ ન હોય તો? પ્રશ્ન કરનાર ન હોય તો? આહાહા..! એ કહે છે.. પણ તું ન હોત તો આ સમજત કોણ? હવે છો માટે સમજ. એમ આ થાય છે એમ જાણ. કહો, જેઠાલાલભાઈ! આહાહા..! કેમ સમજાય છે કે નહિ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચંદુભાઈ! પુસ્તક રાખ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- દેખાયનો અર્થ શું? બે પદાર્થ દેખાય છે. અગ્નિ અને ચટાઈ બે દેખાય છે. હવે બેમાં અગ્નિની ક્રિયા ત્યાં થાય, ચટાઈની ક્રિયા અહીં થાય. હવે અહીં થવામાં ઓલી ચીજ નિમિત્ત છે અનુકૂળ. પણ એને લઈને એ થયું એ ક્યાંથી એણે જોયું?

મુમુક્ષુ :- એ નહોતો ત્યારે નહોતું..

ઉત્તર :- પણ એનો અર્થ પહેલા બીજી પર્યાય હતી. બીજી પર્યાયને અનુકૂળ બીજું દ્રવ્ય હતું. ત્યાં પણ પર્યાય પલટે છે ને? નિમિત્ત પણ ઉપાદાન છે એની પર્યાય પલટે છે અને આની પલટે છે. સમજાણું કાંઈ? જગતથી ભાઈ આખું વીતરાગનું અનંત તત્ત્વનું સ્વરૂપ પૃથક્ પૃથક્ એ વાત સર્વજ્ઞ માર્ગમાં જ હોય. બીજા એક આત્માને માનનારા કાં આત્મા નહિ માનનારા, કાં સર્વવ્યાપક માનનારા બધામાં આ વસ્તુ હોઈ શકે નહિ. વાસ્તવિક પદાર્થ સર્વજ્ઞે કહેલો-જોયેલો તે આ રીતે છે એને આમ સિદ્ધ કરે છે. એમ તું નક્કી કર અનુભવથી એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ! પછી તાત્પર્ય લેશે.

'**ભાવાર્થ :- આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે,...**' મોહ. '**કોઈ સાથે રાગ કરે છે,...**' પ્રેમ. '**કોઈ સાથે દ્વેષ કરે છે;...**' મોહ, રાગ અને દ્વેષ ત્રણ લીધા. મમત્વ એટલે આ મારું એમ મિથ્યાભાવ. '**તે ભાવોનો...**' એટલે તે પર્યાયનો '**પોતે કર્તા થાય છે.**' સ્વયં. '**તે ભાવો નિમિત્તમાત્ર થતાં,...**' તે પર્યાયો અનુકૂળ નિમિત્તમાત્ર થતાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી...**' પોતે પોતાની પર્યાયથી, તે પર્યાયથી, હોં! દ્રવ્ય તો છે કાયમ. '**કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે.**' જુઓ! આવ્યું. '**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે. કર્તા તો બન્ને પોતપોતાના ભાવના છે...**' આહાહા..! કેટલી વાત લે છે! પણ બળજોરીથી એને કરાવવું છે અને નિમિત્તથી ત્યાં થાય.. બળજોરીથી. થાતું નથી. પણ એને માનવું છે. આ આવ્યું તો આ થયું. લ્યો, નહોતું ત્યારે નહોતું. પણ નહોતું ત્યારે બીજી અવસ્થા હતી. એ નહોતી બીજી ત્યારે એની પણ બીજી અવસ્થા હતી. અહીં નિમિત્તનો કાળ અને નૈમિત્તિકનો કાળ ભેદ છે કે અભેદ છે? કાળ તો એનો એ છે. આ આવ્યું અને અહીં થયું. એટલે એનો પ્રશ્ન શું? સમયભેદ છે? અહીં કાર્યકાળ છે ત્યારે નિમિત્ત છે, બસ! એટલી વાત. પણ તે નિમિત્તના કર્તા વિના કાર્ય થયું છે. આ મહાસિદ્ધાંત છે. સમજાણું કાંઈ? ચાહે અગ્નિના દાખલા, ચાહે કેટલાય દાખલા લ્યો. એય..! આમ લખ્યું, પેલાએ આ લખ્યું. મોટર એની મેળાએ ચાલે છે એમ કહે છે. ઓલા આમ કહે છે. વસ્તુવિજ્ઞાનસારમાં આવ્યું છે ને? વસ્તુવિજ્ઞાનસાર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પેટ્રોલ વિના (મોટર ચાલે છે). વળી એક જાણો એમ કહતો હતો પ્રરૂપણા કરતા કરતા કે સોનગઢની મોટર પેટ્રોલ વિના (ચાલે છે). આપણી મોટર પેટ્રોલ વિના ન ચાલે. ભગવાન! પણ તારે મોટર... આહાહા..! વળી પાછો ત્યાગી નામ ધરાવે, હોં! સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે. પણ મોટર કોઈની નથી. વળી તારી અને મારી શું? એ તો જડની છે. એ તો રજકણો પરમાણુની પર્યાય છે. એ પરમાણુની પર્યાય સ્વતંત્ર પોતાના કાર્ય કાળે આમ આમ ગુલાંટ ખાય છે, આમ આમ એના એક એક પરમાણુ, હોં! ક્ષેત્રાંતર (થાય છે). સમજાય છે? ત્યારે પેટ્રોલને નિમિત્ત કહો, અને પેટ્રોલ હોવા છતાં બેસી જાય છે અને ચાલતી નથી એનું કારણ શું ત્યારે?

મુમુક્ષુ :- બીજું કારણ.

ઉત્તર :- ખલાસ થઈ ગયું. એની પોતાની ક્ષેત્રાંતર ક્રિયા આમ થવાની એક રૂપાંતર થાય પણ ક્ષેત્રાંતર ક્રિયાનો થવાનો કાળ નહોતો તો ત્યાં ઉભી. બાપુ! આ વીતરાગ માર્ગ એવો છે કોઈ. સમજાણું કાંઈ?

જ્ઞાતા-દષ્ટામાં જ્ઞાનમાં આ આમ કેમ એમ નથી એમ કહે છે. આમ કેમ? કેમ શું? એમ તે છે તેમ. એમ જ્ઞાતા જાણે. આમ કેમ થયું? આ હતું તો કેમ આ ન થયું? એમ કેમ? એમ કેમ છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાતા દષ્ટા તરીકે જાણવું એ જીવનું કામ છે. એ સિવાય દખલ આડીઅવળી કરવી કે આનું આમ કેમ? આનું આમ થાય. એ બધો મિથ્યાભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે.**' પાછી ભાષા કેટલી છે! પાઠમાં બધે આવે છે ને. '**કર્મ તો બન્ને પોતપોતાના ભાવના છે...**' કર્તા. એ '**નિશ્ચય છે.**'

'**હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે...**' આ કર્મ એટલે વિકારી પરિણામ. હવે બદલી ગઈ વાત પાછી. સાંભળો. સમજાણું કાંઈ? ધ્યાન રાખજો, આ વિષય ઝીણો આવશે ૯૨ અને ૯૩. '**અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :-**' હવે ઓલા જડ કર્મની વાત નથી. પોતાનો વિકારીભાવ અજ્ઞાનથી ઉત્પન્ન થાય એને કર્મ કહેવામાં અહીંયાં આવે છે. ધ્યાન રાખજો. સમજાણું? એ કહે છે, લ્યો. જુઓ! છે ને '**अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह-**' આ બધું કહીને શું કહેવું છે? કહે છે. બાપુ! તારા વિકારી ભાવ, તારા સ્વભાવના ભાન વિના તને થાય છે. એ ભાવ અનુકૂળ હોવા છતાં કર્મ કર્મપણે પરિણમે છે એમ સિદ્ધ કરીને તને ત્યાંથી હટાવવો છે. સમજાણું કાંઈ? અમારે તાત્પર્ય તો એ કહેવું છે. એને કર્મની પર્યાય તે કાળે થાય તેને અનુકૂળ તારા પરિણામ મિથ્યાત્વ આદિના એ પરિણામ અજ્ઞાનથી થાય છે માટે એ અજ્ઞાન છોડ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપનું ભાન કર. એમ કહેવા માટે આ બધો અધિકાર છે. સમજાણું કાંઈ?

**परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करितो सो।**
**अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।**

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

'**ટીકા :-**' ૯૨ની ટીકા. '**અજ્ઞાનથી...**' એટલે કે પોતાનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાન, દર્શન અને આનંદ છે, એના અસ્તિત્વની સત્તાના સ્વીકાર વિના. સમજાય છે? પોતાની હયાતી, મોજૂદગી શુદ્ધ ચૈતન્યસ્વભાવે જીવ સ્વભાવ છે. એનો સ્વીકાર નહિ કરતાં અજ્ઞાનથી, ચૈતન્યના સ્વભાવના અભાનથી. '**આ આત્મા...**' જુઓ! '**આ આત્મા...**' એટલે પ્રત્યેક આત્મા એમ કહે છે. વાત સમજાય છે? '**પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય ત્યારે...**' એ આત્મા પરનો એટલે પુણ્ય-પાપના વિકારી પરિણામનો, રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપી કલ્પના તે વિકારી પરિણામ છે. અને પોતાનું ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ આનંદ છે, જ્ઞાન છે. જાણવાનો સ્વભાવ તે આત્માનો છે અને રાગ અને દ્વેષ, હરખ-શોક કલ્પના એ બધો પરસ્વભાવ છે. ભગવાન આત્માનો એ સ્વભાવ નથી.

છતાં '**અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો...**' રાગ-દ્વેષ તો દુઃખ અને અહીં એને જાણવાના પરિણામ બેમાં તફાવત-જુદાઈ ન જાણતો '**હોય ત્યારે...**' ન જાણતો હોય ત્યારે '**પરને પોતારૂપ કરતો...**' હરખ-શોકના ભાવ અને રાગ-દ્વેષના ભાવ એવા જે પર, સ્વભાવથી ભિન્ન, એને પોતારૂપ કરતો. માનતો. કરતોનો અર્થ માનતો. '**અને પોતાને પર કરતો,...**' અને પોતે જાણનાર જ્ઞાનાદિના પરિણામ એને રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે કરતો. સમજાણું કાંઈ? જુઓ! વાત ક્યાં મૂકી?

ત્યાં ઓલામાં કીધી, એકબીજાને નિમિત્ત નૈમિત્તિક સંબંધ. કર્તા-કર્મ નહિ. હવે અહીંયાં કર્તા પણ અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપના ભાન વિના એ રાગ-દ્વેષ અને હરખ-શોકની કલ્પના અને રાગ-દ્વેષ ખરેખર તો એ પુદ્ગલની દશા છે. એય..! શેઠી! એને અંતર ચૈતન્ય જ્ઞાયકપણે આમ પરિણમવું જોઈએ એમ ન માનતા, એ હરખ-શોક પરના લક્ષે ઉત્પન્ન થયેલા, તેને પોતાના માનતો અને પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તેને એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે થયો માનતો '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' પોતે ચૈતન્યના સ્વભાવના અભાનપણે થયો થકો. કર્તા કહેવો છે ને.

'**કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના વિકલ્પોનો કર્તા પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? છેલ્લું કહેશે એ '**વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને ભાઈ છેલ્લું? મૂળ એમ અહીં સિદ્ધ કરવું છે. ઝીણી વાત છે, હોં! સમજાણું કાંઈ? એની પોતાની જાતના નથી ને એ. હરખ-શોક, પ્રીતિ-અપ્રીતિ એ પરિણામ પોતાની જાતની નથી ચીજ. કાયમી અસલી ચીજ નથી. એ અસલી ચીજના ભાન વિના એ વિકારી પરિણામને પોતાના માનતો અને પોતાનું જ્ઞાનરૂપ તેને પરરૂપે ખતવતો, માનતો. બેને એક કરે છે-માને છે. ખરેખર થતું નથી, હોં! ખરેખર થતું નથી. માને છે પર્યાયમાં. સમજાણું કાંઈ? કેમ ઓલાએ લખ્યું છે ને એક પત્રમાં નહિ? એવું લખાણ નથી? દિગંબર આચાર્યોએ આમ માન્યું છે. એક આવ્યું છે લખાણ. એમણે થોડા થોડા શબ્દોમાં ઘણું (કહ્યું છે). ત્યાં છે એ? આમાં છે આમાં છે. આ બાજુ છે. .. વિકારરૂપ થયો. પંડિતજી! એવું લખ્યું છે. એણે માન્યું છે, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે. એ છે આમાં ક્યાંક છે જુઓ! નીકળે છે? આ બાજુમાં છે. હું આમ છું એમ માને છે. દિગંબર આચાર્યો. એમ છે ક્યાં? સમજ્યાને. આ બાજુ છે. ઓલો સવારનો અધિકાર હતો એ નીકળ્યો હતો. કાળ. ૩૬૯ છે. સવારમાં કહ્યું હતું ને. ..મહાપુરાણ પર્વ નવમે 'વર્ણિત વજ્રજંઘ આર્યકી કથા સે ઈસ વિષય પર સ્પષ્ટ પ્રકાશ પડતા હૈ. વજ્રજંઘ આર્યકો દો ચારણઋદ્ધિધારી મુનિઓંકો આતા હુઆ દેખકર જાતિસ્મરણ હોતા હૈ. ઔર વહ સ્નેહસે પ્લાવિત ચિત્ત હોકર પૂછતા. .. મુનિ સંબોધિતકર ઉસે સમજાતે હુએ અંત મેં કહતે હૈં, હે આર્ય! ઈસ સમય સમકિતકો ગ્રહણ કર. ઉસકે ગ્રહણ કરને કા યહ કાલ હૈ.' સવારમાં વાત હતી ને. 'ક્યોંકિ કાલલબ્ધિ કે બિના ઈસ સંસારમાં જીવોંકો સમ્યગ્દર્શનકી ઉત્પત્તિ નહીં હોતી.' એમાં લખ્યું છે. સમજાણું?

કાળ .. ભગવાને કરી ભાઈ! અહીંયાં ભિન્ન પાડીને તને બતાવ્યોને જીવસ્વભાવ. એવી જેની સત્તા છે ને. હવે કેમ નહિ ..? હવે કેમ નહિ સમજ? એમ કહે છે. આવ્યું? આ બાજુ છે. આ તો આને લગતી વાત હતી. ખ્યાલ આવ્યો. જુઓ અહીં. ૩૨. 'અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે. તે એવી રીતે કે જીવ શુદ્ધ સ્વરૂપી છે, તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે? પરંતુ તેને માનેલું છે કે હું બંધાણો છું. તે માનવાપણું વિચાર વડે કરી સમજાય છે. મને બંધન નથી. માત્ર માન્યું હતું. એ માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજવાથી રહેતુ નથી. અર્થાત્ મોક્ષ સમજાય છે. આ વાત શુદ્ધનયની અથવા નિશ્ચયનયની છે. પર્યાયાર્થિકનયવાળો એ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાનું છે. અમુક આચાર્યે, દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે.' જોયું! એ મૂળ ચીજ છે, હોં! આમ માન્યું છે.. માન્યું

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે.. વસ્તુ તો જેમ છે એમ છે. રાગપણે થયો એમ માને પણ કાંઈ વસ્તુ રાગપણે થાય છે? એમ કહે છે. આ લખાણ એમણે ૩૨માં વર્ષમાં છે. ૨૦મા પાને. અહીં એ આવશે હોં!

આ સમયસાર એમને પહેલું જ્યારે મળેલું, હાથથી લખેલું. હાથનું લખેલ. તે દિ' છપાણું નહોતું. પહેલું એમના તરફથી છપાણું. પછી ઓલા તરફથી વીરસેનાચાર્ય તરફથી. ભટ્ટારક. એનું પહેલું. એનું પહેલું. પણ આના હાથમાં આવેલું એ લખેલું. .. આમ બે-ચાર લીટી જ્યાં જોઈ. ઓહોહો..! પછી કહ્યું, ભાઈ! એક થાળી રૂપિયા લાવ. એક થાળી રૂપિયા. એ વખતે તો પાંચસો, ચારસો, પંદરસો.. ત્યાં કિંમત નહોતી. બે રૂપિયા, ત્રણ રૂપિયાની કિંમત. .. હોં. ઓલાને કહે છે, એક થાળી રૂપિયાની લાવ. જેમ ઝવેરીના હાથમાં હીરો આવે ને. એય..! શેઠી! આહાહા..! આ!

દાખલો આવે છે ને ઓલામાં? કે એક જણો ક્યાંક નિલમણિમાં રહેતો. નિલમણિમાં. પછી એક કંદોરામાં એકાદ મણિ રહી ગયેલું. કંદોરામાં એકાદ. ઓલો નહાવા પડ્યો ત્યાં આમ પાણી લીલું થઈ ગયું. એમાં ઝવેરી ઊભેલો. આ શું? આ તો નિલમણિ. એને બોલાવ્યો, ભાઈ! અહીં આવ. શું છે? શેઠ કહે અહીં આવ. આ મારે ઘરે જો હજાર સોના મહોરની હજાર વખારું છે. એક એક સોનામહોરની હજાર વખાર. વખાર સમજ્યાને? ગોદામ. આ એક મણિ દે અને આ તને દઉં આખું. હેં! આટલી બધી કિંમત? હું જ્યાં રહેતો ત્યાં તો આના ઢગલા હતા. પણ મેં તો કાંઈ કિંમત કરી નહિ. મને તો કાંઈ ખબર નહિ. કંદોરામાં એક રહી ગયેલો નિલમણિ. ઓલો ન્હાવા પડ્યો ત્યાં પાણી લીલું લીલું થઈ ગયું. ઝવેરી ઊભેલો. ઓહોહો..! ખાનગી બોલાવીને કહ્યું, મારા ઘરે આવ તું. જો આ એક એક સોનામહોરની ગોદામ ભરેલી છે. એવા એવા હજાર ગોદામ તને આપું. આ દે. આ નિલમણિ! ઝવેરી પરખે. સમજાય છે?

એમ આણે હાથમાં સમયસાર લીધું. એક લીટી આમ જોયું. રૂપિયા લાવ થાળી. થાળી સમજો છો ને? ખોબો ખોબો સમજ્યાને? બે-ત્રણ રૂપિયાની કિંમતના એકલા .. ભાઈ કહેતા હતા, મનસુખ નહિ? ગિરધરભાઈ. ગિરધરભાઈ આવ્યા હતા આપણે લીંબડીવાળા. એ તમારા બાપ કહેતા હતા કે મનસુખભાઈ બેઠા હતા. આ સમયસાર આહા..! આ તે કોઈ વાત! રતનની કિંમત જેમ ઝવેરી કરે, એમ હાથમાં જ્યાં પાના આવ્યા ત્યાં કિંમત થઈ ગઈ, ઓહોહો..! આ તે કાંઈ ચીજ શું! સમજાણું કાંઈ? પણ ઝવેરી પારખે. કાંઈ મુરખ ને કે ભરવાડને ખબર હોય નહિ. ભરવાડ સમજ્યા ભરવાડ? આ ગાયના ગોવાળ. બકરાને પાળનારા ગોવાળિયા. એને કાંઈ ભાન હોય? એ તો હીરો આવ્યો હોય તો કાણું પાડીને બકરીના ડોકમાં નાખે અને કાને જડી દે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં આચાર્ય કહે છે કે જુઓ તો ખરા. આહાહા..! કહે છે કે '**અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ મૂર્તિ ભગવાન અને રાગ-દ્વેષ ને વિકારી પરિણામ સુખ-દુઃખના એ પર, બેની વચ્ચેનો આંતરો ન જાણતો હોય ત્યારે '**પરને પોતારૂપ કરતો...**' પોતારૂપ કરે. માને છે હોં એ. કર્તા ઉપરથી ભાઈ અહીં તો. આપણે અંદર આવશે હજી. '**(પરિણમતો હોવાનું માનતો થકો)**' છે ને ભાઈ કૌંસમાં? નીચે છે. '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...**' એમ કૌંસમાં નાખ્યું છે. માનતો થકો હેઠે નાખ્યું છે.

એ વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્ય મહા પરમપદાર્થ મહારતન. એની માન્યતા એની નથી એટલે આ રાગ અને દ્વેષની હયાતી, એક સમયના કૃત્રિમ વિકારી અસ્તિત્વ ઉપર દૃષ્ટિ હોવાથી એને પોતાનો માનતો અને પોતાના આખા સ્વરૂપને એ રૂપે થયો એમ માનતો. સમજાણું કાંઈ? '**પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' એ વિકારી પરિણામનું કાર્ય મારું એમ તેને ભાસી જાય છે, ભાસ થઈ જાય છે. અજ્ઞાનથી. '**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :-**' હવે આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય એનો દાખલો આપે છે.

'**જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' જુઓ ભાષા! એક ટાઢી અને ઊની ચીજ છે. ટાઢી કહેવાય ને? ઠંડી. બરફ અને અગ્નિ. એ જેમ શીત-ઉષ્ણનું જ્ઞાન કરાવવામાં. અનુભવ એટલે જ્ઞાન. ટાઢી-ઊની ચીજ છે-ઠંડી અને ગરમ. એ અહીંયાં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. જ્ઞાન કરાવવામાં સમર્થ છે. '**ઉષ્ણનો અનુભવ...**' અનુભવ શબ્દે જ્ઞાન. .. કરાવવામાં નિમિત્ત. સમર્થ એટલે કરાવવામાં નિમિત્ત એટલું. '**એવી શીત-ઉષ્ણ પુદ્ગલપરિણામની અવસ્થા...**' ઠંડી અને ગરમ એ પુદ્ગલના પરિણામની, પુદ્ગલના પર્યાયની અવસ્થા, પરિણામની અવસ્થા '**પુદ્ગલથી અભિન્નપણાને લીધે...**' શીત-ઠંડી અને ગરમ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. પુદ્ગલથી એકમેક છે. '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' કહો, સમજાણું આમાં? આ દૃષ્ટાંત પાછો આકરો આવ્યો.

ઠંડી-ઉની ચીજ છે. અહીં આત્મા છે તો એ ઠંડી-ઊનીનું અહીં જ્ઞાન તો પોતાથી થાય છે. સમજાય છે? એમાં એ નિમિત્તપણું એવું છે. કારણ કે જ્ઞાન યથાર્થપણે જાણે ને. તો એ ઠંડી-ઊની છે એમ અહીં જ્ઞાન કરાવવામાં સમર્થ નામ નિમિત્તરૂપે શીત-ઉષ્ણ છે. એ શીત-ઉષ્ણ અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. અને તેનું અહીં જ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે. સમજાણું કાંઈ? બરાબર ધ્યાન રાખો. નહિતર પકડવામાં મુશ્કેલ પડશે.

'**શીત-ઉષ્ણનો અનુભવ...**' શબ્દે જ્ઞાન. એનું અનુસરીને થતું જ્ઞાન કરાવવામાં એ નિમિત્ત છે. '**એવી શીત-ઉષ્ણ...**' ઠંડી અને ગરમ '**પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક છે. પુદ્ગલથી અભિન્ન છે. ઠંડી-ઊની (અવસ્થા) પુદ્ગલથી અભિન્ન છે, પુદ્ગલથી તન્મય છે. '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ ઠંડી-ઉની દશા તો ભગવાન આત્માથી તો સદાય અત્યંત ભિન્ન છે. ભગવાન તો આત્મા ઠંડી-ઊનીના જ્ઞાનવાળો ખરો પણ ઠંડી-ઊની અવસ્થાવાળો થાય કોઈ દિ'? ઠંડી-ઊની તો જડ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' એટલે જ્ઞાન. શીત-ઉષ્ણ આ છે એ અહીં જ્ઞાન થાય છે કે આ ઠંડુ-ઊનું છે. આ ઠંડી-ઊની ચીજ છે. એના '**તે પ્રકારનો અનુભવ...**' કારણ કે તે પ્રકારનો અનુભવ ન થાય તો જ્ઞાન બીજું જાણે? જ્ઞાનનો સ્વભાવ છે કે જેવું છે એમ જાણવું. માટે તે પ્રકારનું જ્ઞાન. પાછું. તે પ્રકારનું ઠંડી-ઊની છે તે પ્રકારનું જ્ઞાન અહીં આત્મામાં થયું. સમજાણુ? તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે '**પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ પુદ્ગલની ઠંડી અવસ્થા અને ઉષ્ણ અવસ્થાથી અહીં જે જ્ઞાન થયું એ આ નિમિત્ત ભલે સમર્થ હો, પણ એ અવસ્થા પુદ્ગલથી એક છે અને તેનાથી પોતાનું જે શીત-ઉષ્ણનું જ્ઞાન થયું એ પુદ્ગલથી ભિન્ન છે. અને એ અવસ્થા જ્ઞાન આત્માથી અભિન્ન છે. અને આત્મા જે જ્ઞાનપણે થયું એ જ્ઞાન પુદ્ગલની અવસ્થાથી ભિન્ન છે. અત્યંત ભિન્ન છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત થયો હજી તો.

કોઈપણ અવસ્થા આ લાકડું, જુઓને! આ સુંવાળું છે આ સુંવાળું. તો જ્ઞાન પણ એમ જાણે કે આ સુંવાળું છે. એમાં નિમિત્ત સુંવાળાપણામાં. નિમિત્ત. એ સુંવાળાપણાની અવસ્થાથી આ લાકડુ અભિન્ન છે. પણ સુંવાળાપણાનું જ્ઞાન જે અહીં થયું પોતામાં, એ જ્ઞાનની પર્યાયથી સુંવાળાપણું ભિન્ન છે. અને એનું અહીં જ્ઞાન થયું એનાથી આત્મા અભિન્ન છે. કહો, સમજાય છે કાંઈ? બાબુલાલજી! સમજાય છે ને બરાબર?

જુઓ! આ સુખડ છે ને સુખડ? ખરેખર તો અડતું નથી, હોં! આ ભારે. આ આંખમાં પણ કાણુ નથી હોં! કાણું સમજ્યા? છિદ્ર નથી. આ બારીમાં કાણું હોય ને પછી આમ દેખે. છિદ્ર હોય ને બારીમાં? બારીને શું કહે છે? .. બારીમાં કાણું નથી. અહીં છિદ્ર નથી. ઔદારિક બંધનથી એવી પર્યાય બંધાણી છે એમાં બિલકુલ છિદ્ર નથી. ઔદારિક બંધન પ્રકૃતિ છે ને એક? એનું નિમિત્ત છે. અને આ રજકણ એવા બંધાણા એમાં છિદ્ર જરાય નથી. આમ રાખે તો જાણે. એટલું દેખાય ને? એમ નથી. એમ અહીંયાં છિદ્ર નથી. જ્ઞાન પોતાની પર્યાયથી જાણે છે. એને એમ લાગે કે અહીં કાણું છે ને કાણું? છિદ્ર. એમ છે નહિ. આખું બંધન ઔદારિક બંધન પ્રકૃતિ છે ને. બંધન સંઘાતન પ્રકૃતિ. રજકણ ભેગા થઈને બંધન થયું છે. એવું બંધન થયું છે કે ક્યાંય છિદ્ર નથી. એમાં આત્મા અંદર પડ્યો છે તો આમ કાણાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જોવે છે એમ નથી. આહાહા..! એ તો આત્માની સ્વતઃ પર્યાય.. આ ચીજ છે. નિમિત્ત હો, પણ જાણે છે પોતાની પર્યાયમાં છિદ્ર વિના, કાણા વિના. અંદરમાં બારી વિના. ખિડકી કહે છે ને તમારે? ધર્મચંદજી! એને ભ્રમ પડી ગયો જાણે. એક તો જાણે આમ થાય આમ.. કરું છું ને અંદર કાણું છે. વળી આમ. વાત જ ઈ છે કે એને અહીં આ આંખના રજકણોનું બંધન એટલું નિવડ છે બંધન, ઔદારિક બંધનમાં. .. એ આંખના રજકણો નિમિત્ત છે. જાણવાને અનુકૂળ છે. પણ આ નિમિત્તના કર્તા વિના એ જ્ઞાનની પર્યાય સ્વતંત્ર થાય છે. આહાહા..! સમજાણું? શેઠી! શેઠી જ્યાં દેખે હીરાને.

મુમુક્ષુ :- એકાકાર થઈને જોવે.

ઉત્તર :- એકાકાર શું થયું ત્યાં? અહીં કાણું છે તો આત્મા અંદરથી આમ જોતો હશે? અને આત્માના પ્રદેશ જે છે એ કાંઈ આ કાણામાંથી આમ દેખતો હશે! આહાહા..! કોઈ અદ્‌ભુત લીલા એની!

મુમુક્ષુ :- જાણે અંદરમાં બહાર તો જાણે નહિ.

ઉત્તર :- જાણવાની પર્યાય અંદરથી થાય છે, પોતાથી થાય છે. સમજાણું કાંઈ? અને છિદ્રના આશ્રય વિના. છિદ્ર છે નહિ પણ આશ્રય શું? આ છિદ્ર નથી એવું બંધન પાકું છે એને લઈને નહિ. એમ વાત છે અહીં તો. સમજાણું કાંઈ? આ અવસ્થા-છિદ્ર વિનાની અવસ્થા જીવના જ્ઞાનમાં નિમિત્ત હો, અનુકૂળ હો. પણ એ છે તો અહીં જ્ઞાનનું કાર્ય થાય છે એમ નહિ. એ ચીજના કર્તા સિવાય જ્ઞાનનું કાર્ય પોતાથી થાય છે.

એમ શીત અને ઉષ્ણ અવસ્થા જે છે ઠંડી-ગરમ પુદ્‌ગલની, એ અહીં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. નિમિત્ત છે. સમર્થ કીધું ને? '**અનુભવ કરાવવામાં સમર્થ...**' છે. કરાવવામાં સમર્થ છે. એટલે જ્ઞાન કરાવવામાં સમર્થ એટલે નિમિત્ત. સમજાણું કાંઈ? છતાં એ ઠંડી-ઊની અવસ્થા છે માટે અહીં જ્ઞાનનું કાર્ય થયું છે એમ છે નહિ. અને ઠંડી-ઊની અવસ્થા જે છે એ પુદ્‌ગલથી અભિન્ન છે. અને એ સંબંધીનું અહીં જ્ઞાન જે થયું એ જ્ઞાન પર્યાયથી ઠંડી-ઊની અવસ્થા તદ્દન અત્યંત ભિન્ન છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાણું આમાં? એય..! રસિકભાઈ! આરેરે..! આવી વાતું. ભગવાનનો માર્ગ જ કોઈ જુદી જાતનો છે. આમ તો કહેવાય અહીં કાણું છે. અહીં કાણા-બાણા છે અંદર? એ સાંભળવાનું કામ કરતું હશે? સમજાણું?

ભાઈ! તને ખબર નથી, બાપુ! તારું એવું સામર્થ્ય છે કે આખો પડદો આમ શરીરનો બંધારણ રૂપે અખંડ પડ્યો છે આમ. છતાં ભગવાન આત્મા જાણવાનું સ્વયં કાર્ય પોતાથી કરે છે. એને આ ચીજો પાંચ ઈન્દ્રિયો ભલે અનુકૂળ રૂપે નિમિત્ત કહો, પણ એ નિમિત્તના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્તા સિવાય જ્ઞાનનું કાર્ય પોતાથી થઈ રહ્યું છે. એમ શીત-ઉષ્ણની અવસ્થા, એનું જાણવાનું જે જ્ઞાન. એ શીત-ઉષ્ણની અવસ્થા જાણવામાં અનુકૂળ નિમિત્ત હોવા છતાં એ શીત-ઉષ્ણ અવસ્થા કર્યા વિના જ્ઞાન જીવે પોતાથી કર્યું છે. એ જ્ઞાનની અવસ્થા શીત-ઉષ્ણને જાણવાની આત્માથી એક છે. આત્માથી અભિન્ન છે. અને એ અવસ્થાથી શીત-ઉષ્ણની અવસ્થા અત્યંત ભિન્ન છે. અને શીત-ઉષ્ણની અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. બે ભેદ પાડ્યા. જેઠાલાલભાઈ! સમજાય છે કાંઈ? એય..! જીતુ! ક્યાં ગયો ઓલો આવ્યો નથી તારો? નથી આવ્યો એક? એ આવ્યો નથી. આહાહા..! જુઓ આ.

'**પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...**' એ દૃષ્ટાંત થયો. દૃષ્ટાંતમાં બેસવું આકરું પડે. '**તેવી રીતે તે પ્રકારનો અનુભવ...**' ધ્યાન રાખજો. '**તે પ્રકારનો અનુભવ...**' એટલે જ્ઞાન. '**કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...**' એ ખરેખર ચૈતન્યની અવસ્થા અહીં નથી ગણી. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના. આદિ શબ્દ છે ને? હરખ-શોક, રસ, રતિ, અરતિના પરિણામ થાય એ બધા પરિણામ ખરેખર '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' શું કીધું? જેવો રાગ છે તેવું જ અહીં જ્ઞાન થાય. જેવો દ્વેષ થયો તેવું જ અહીં જ્ઞાન થાય. જેવી કલ્પના સુખની (થાય) તેવું જ જ્ઞાન થાય. જ્ઞાન તો એવું ન થાય ત્યારે બીજું થાય? જેવી દુઃખની કલ્પના છે તેવું અહીં જ્ઞાન થાય. એટલે કે એ સુખ-દુઃખના અને રાગ-દ્વેષના પરિણામ એ આત્માને તે પ્રકારનો અનુભવ કરાવવામાં-જ્ઞાન કરાવવામાં સમર્થ (છે). સમર્થ શબ્દે નિમિત્ત. સમજાણું? સમર્થ એટલે એવું જ જ્ઞાન કરવામાં તે જ્ઞેય છે. એમ. એને માટે એ જ્ઞેય એવું જ જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. એવું જ જ્ઞાન કરાવવામાં. માટે એને સમર્થ કીધું છે. અનુકૂળ. પણ એવું જ જ્ઞાન થાય છે ત્યાં. દયાનો ભાવ હોય એમ છે ત્યાં એવું જ્ઞાન થાય? કે હિંસાનો ભાવ થાય છે એવું જ્ઞાન થાય? ક્રોધ હોય ત્યારે એમ જ્ઞાન થાય કે આ માયા છે? ક્ષમા છે કે માયા છે એમ થાય? થાય શેનું પણ? જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે જેવો ત્યાં ક્રોધ, માન, રાગ-દ્વેષ આદિ થયા તે પ્રકારનું જ્ઞાન થવામાં તે વસ્તુ નિમિત્ત અને સમર્થ નામ અનુકૂળ છે. સમજાણું કાંઈ?

આ મોઢામાં તીખાશ નથી આવતી? મરચું બહુ શાક-શાક. શાકને શું કહે છે? તરકારી. બહુ મરચા તીખા. મોઢું તીખું થઈ ગયું, તીખું. મોઢું તીખું થયું નથી. તીખું તીખામાં છે. પણ એ તીખાશ... તીખાશ છે ને? ચરપરાઈ. એ તીખાશ જે છે એ આત્મામાં જ્ઞાન કરાવવામાં સમર્થ નામ નિમિત્ત છે. તીખું તો જે જ્ઞેય છે, પ્રમેય છે. તો પ્રમેય તો પ્રમાણમાં તે પ્રકારે પ્રમેય થાય ત્યારે એને પ્રમેય કહેવાયને? એથી પ્રમેયથી જ્ઞાન થયું છે એમ નહિ. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ?

કહે છે, **'તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં...'** ભાષા જુઓ! તે પ્રકારનું જ્ઞાન કરાવવામાં સમર્થ. ભાઈ! એમ ભાષા છે. એય..! ઓલામાં હતું ને શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ. કરે છે એને નિમિત્તમાં એમ કહેવાય છે કે કરાવવામાં સમર્થ. ભાષા એમ છે.

મુમુક્ષુ :- કરાવવું, પરિણમાવવું.

ઉત્તર :- એ તો ભાષા એમ આવે. પરિણમાવે છે, કરાવે છે. એ તો નિમિત્તના અસદ્‌ભુતનયના કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંથી કાઢે, લ્યો. **'તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** છે. આહાહા..!

**'એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા...'** જે ચૈતન્યના સ્વભાવની પર્યાય નથી. જે ચૈતન્યના સ્વભાવની પર્યાય તો તે પ્રકારનું જાણે તે જ્ઞાનપર્યાય ચૈતન્યની છે. સમજાય છે કાંઈ? એવી **'પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...'** ખરેખર તો રાગ-દ્વેષ અને સુખ-દુઃખની પર્યાય એ તો પુદ્‌ગલના નિમિત્તના લક્ષે થયેલી નિમિત્તથી એકમેક છે. એનાથી અભિન્ન છે. આહાહા..! ક્યાં લાવીને મૂક્યો જુઓ! ઓલામાં તો હજી કહ્યું કર્મને અનુકૂળ તારા પરિણામ. સમજાય છે? માટે તે તારા પરિણામ થવા એ ત્યાં. અહીં કહે છે કે એ રાગ-દ્વેષના પરિણામ એ તારા નહિ, એ તો પુદ્‌ગલના છે. બંધનને અનુકૂળ થવાના પરિણામ જ તારા જાતમાં ન હોય. સમજાય છે? પરમાણુને બંધન થવાને અનુકૂળ જે પરિણામ એ તારી જાતના નથી. પુદ્‌ગલના છે. સમજાણું કાંઈ?

**'તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...'** ભાષા લેવી હોય તો એને જોરવાળું કરે. **'એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...'** ભાષા જુઓ! એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની પર્યાય ભગવાન આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે, આત્માથી અભિન્નપણાને લીધે તે પ્રકારનું જ્ઞાન. સમજાય છે? **'સદાય અત્યંત ભિન્ન છે...'** પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે રાગ-દ્વેષ. આત્માથી સદાય રાગ-દ્વેષ સુખ-દુઃખ પરિણામ અત્યંત જુદા છે. લ્યો! અત્યંત ભિન્ન. સમજાણું કાંઈ?

જેમ પરવસ્તુ અને આત્મામાં અત્યંત ભિન્નપણું છે. એ પર્યાયના પરના ભિન્નપણાના દ્રવ્યને સિદ્ધ કરવા. અહીંયાં વસ્તુનો ભગવાન કાયમી અસલી સ્વભાવનું નિજ એવું તત્ત્વ એવા ચૈતન્ય તત્ત્વથી રાગ-દ્વેષ-સુખ-દુઃખની પરિણતિ સદા અત્યંત ભિન્ન છે. સમજાણું કાંઈ? **'સદાય અત્યંત ભિન્ન છે.'** બે શબ્દ વાપર્યા છે. **'સદાય અત્યંત ભિન્ન છે.'**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'અને તેના નિમિત્તે થતો...'** જુઓ! ખુલાસો આમ કર્યો ભાઈ પાછો. ઓલું જે કરાવવામાં સમર્થ કીધું હતું ને? ભાઈ! એનો પાછો ખુલાસો કરી નાખ્યો. બસ, આમ કરી નાખ્યું. એટલે એનો ખુલાસો કરી નાખ્યો કે ઓલા કરાવવામાં સમર્થ છે એમ કહ્યું હતું ને? એ તો એ પ્રકારનું જ્ઞાન થવામાં એ પ્રમેયપણાની એવી તાકાત છે. એ જાતની પ્રમેયની એ પ્રમેય થવાની પ્રમાણમાં જ્ઞાનમાં એવું પ્રમેય જણાય એવી એનામાં તાકાત છે. આ એનો ખુલાસો કરી નાખ્યો.

**'અને તેના નિમિત્તે થતો...'** કોના નિમિત્તે? રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના જે પુદ્‌ગલથી અભિન્ન છે તેના નિમિત્તે અહીંયાં આત્મામાં જ્ઞાન થતું, તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે. રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનાના પરિણામ, એનું જ્ઞાન થવામાં આત્મા પોતે જ્ઞાનથી અભિન્ન છે. સમજાણું? **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** એ જાણવાના પરિણામ, રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામથી અત્યંત જુદા છે. **'અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** લ્યો! સમજાય છે? એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામ, એનું જે અહીં જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે. અને રાગ-દ્વેષ, સુખ-દુઃખ અહીં પાછા પુદ્‌ગલ લઈને. સમજાણું? પહેલા સમર્થ કહ્યું હતું, પછી એને નિમિત્ત કહ્યું, પછી એ **'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** એ સામાન્ય પુદ્‌ગલ કરી નાખ્યું. સમજાણું કાંઈ? તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. એટલે કે રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામ, જેને જ્ઞાન થવામાં-કરાવવામાં સમર્થ કહ્યું હતું તેને નિમિત્ત કહ્યું, આ તેને પુદ્‌ગલ કહ્યું. એવા પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. કોણ? તે સંબંધીનું થયેલું જ્ઞાન. તે રાગ-દ્વેષ, હરખ-શોક એવા પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ છે. એનાથી આ જાણપણું અત્યંત ભિન્ન છે. સમજાય છે કાંઈ?

આ તો સમયસાર છે. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા'. આવે છે કે નહિ? આવે છે ને. સ્તુતિમાં આવે છે? શેમાં આવે છે? સમયસારની સ્તુતિ એમાં આવે છે? શું આવે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ આવ્યું લ્યો. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ધીમે ધીમે ...

ઉત્તર :- ધીમે ધીમે ચલાવીએ છીએ આપણે. આપણે ક્યાં પ્રોફેસરની જેમ (બોલીએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છીએ). તારો પ્રોફેસર કેમ બોલતો હશે? ફટ ફટ બોલે એવું નથી અહીં તો. અહીં તો હળવે-હળવે (ચાલે છે).

'**રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ પુદ્ગલ પરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો જ્ઞાનનો અનુભવ...**' તે પ્રકારનું જ્ઞાન. જ્ઞાન તો તેવું જ થાય કે નહિ? સ્વપરપ્રકાશક. તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે-તે જ્ઞાન દશા આત્માથી એકમેકપણાને લીધે એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા..! એણે માન્યો છે ફેર. વસ્તુમાં એ છે નહિ. એ વસ્તુ મુક્તસ્વરૂપ જ છે. વસ્તુ એટલે જ્ઞાયક સ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. એને પોતાના સ્વભાવના અજ્ઞાનને લીધે મુક્તને, વિકારી છું એમ એણે માન્યું છે. સમજાય છે? વસ્તુ એમ નથી. આહાહા..! કહો. '**અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**' હવે બેનો પરસ્પર ફેર ન જાણે ત્યારે કર્તા થાય છે એ વાત જરી લંબાણથી છે. વખત થયો.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com